॥ ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ॥

પ્રગટ ભગવાનના દિવ્ય ઉપદેશપત્રો

આ ગ્રંથમાં દરેક પત્રો ભક્તોના કલ્યાણ માટે ખુબજ ઉપયોગી છે.



: લેખક :

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

M.A.,Ph.D., D.Phil., D.Litt.

: પ્રાપ્તિ સ્થાન :

પરમધામ સ્મૃતિ મંદિર-ગાદી સ્થાન, જુનાગઢધામ

: પ્રકાશક :

શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી (મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮)

© આ ગ્રંથના સર્વહક પ્રકાશકને આધિન છે. - પ્રકાશન : ઈ.સ.૨૦૨૪

અનાદિ શ્રી કૃષ્ણનારાયણ સંપ્રદાય

• સમગ્ર વિશ્વનું ગૌરવ •

• ભારત દેશનું ગૌરવ • દેવભાષા સંસ્કૃતનું ગૌરવ
• સંત સમાજનું ગૌરવ • પટેલ સમાજનું ગૌરવ

• વિદ્વત સમાજનું ગૌરવ •

• સાહિત્ય જગતનું ગૌરવ •

પ્રગટ ભગવાન
પરબ્રહ્મ અવતારી
અનાદિ
શ્રી કૃષ્ણનારાયણ



પ્રગટ ભગવાન
વિદ્યામૂર્તિ
શ્રી શ્વેતાયન વ્યાસ
હરિ

(પ્રાગટ્ય : ૨૧-૧૦-૧૯૦૫) **(સ્વધામ ગમન : ૨૮-૨-૧૯૮૬)**

પ્રગટ ભગવાન શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે આ પૃથ્વી પર પ્રગટ થઇ સંત સ્વરૂપે તીર્થધામ કાશી ક્ષેત્રમાં દેવભાષા સંસ્કૃતના વિદ્યાભ્યાસની દિવ્ય લીલા કરી ૫૭ જેટલા શ્રેષ્ઠ શાસ્ત્રોની રચના કરી તેમજ અનેક ધર્મકાર્યો કરી **''ન ભૂતો ન ભવિષ્યતિ''** એટલા પ્રાપ્ત કરેલ **ડિગ્રી-સર્ટીફીકેટો અને અભિનંદન પત્રો**ની સૂચી નીચે પ્રમાણે છે.

શ્રી ૧૦૦૮ આચાર્યવર્ય, **શ્રી વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ,** મહામહોપાધ્યાય, **ભારતભૂષણ,** દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, ન્યાયવૈષેશિકશાસ્ત્રી, સાહિત્યમનિષી સાંખ્યયોગતીર્થ, વેદાન્ततીર્થ, મીમાંસાતીર્થ, દાર્શનિકમાર્તણ્ડ, તાર્કિકવાચસ્પતિ,

ભારત મહાગુજરાત રાજય બહુસન્માનીત, ઉત્તરપ્રદેશ ભારતરાજય વિશેષસમ્માનીત

૫૭ જેટલા શ્રેષ્ઠ સંસ્કૃત-હિન્દી-ગુજરાતી શાસ્ત્રોના રચયીતા (M.A., Ph.D., D.Phil, D.Litt)

સમગ્ર વિશ્વનાં ધર્મગુરૂઓ- રાજકીય મહાનુભાવો- સંતો-મહંતો-મહામંડલેશ્વરો વિદ્વાન પંડિતો તેમજ દેશ-વિદેશની અનેક યુનિવર્સિટીઓ અને સંસ્કૃત મહાવિદ્યાલયોના સંચાલકશ્રીઓ દ્વારા **૫૦૦ જેટલા અભિનંદન પત્રો** દ્વારા વિશેષસન્માનીત

વિશ્વનો સર્વશ્રેષ્ઠ, અજોડ, વિશાળ, અદ્ભુત, દિવ્ય તેમજ કલ્યાણકારી મહાધર્મગ્રંથ **શ્રી લક્ષ્મીનારાયણ સંહિતા (૧,૨૬,૦૦૦ સંસ્કૃત શ્લોક)** જેવા શાસ્ત્રના રચયિતા શ્રીહરિ.

• લિ. શ્રી હરિ શરણાગતિ મંડળ-શ્રી કૃષ્ણપ્રકાશ સ્વામી (ગુરૂ : પૂજય સદ્ગુરૂ શ્રી આત્મપ્રકાશ સ્વામી) •

પ્રગટ ભગવાન શ્રી કૃષ્ણવલ્લભાચાર્ય મહારાજે સંસ્કૃત વિદ્યાભ્યાસ કરી પ્રાપ્ત કરેલ ડિગ્રી સર્ટીફીકેટોની વિગત

ક્રમ	ડિગ્રી-સર્ટીફીકેટો	ઉ.વર્ષ	ઇ.સ.	વિ.સં.
1	**ન્યાય મધ્યમાં** ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ એકઝામીનેશન-બનારસ	22	1926	1982
2	**ન્યાયવૈષેશિકશાસ્ત્રી** (M.A.) ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ એકઝામીનેશન-બનારસ	26	1930	1986
3	**દાર્શનિકપંચાનન** ટીકમણી સંસ્કૃત કિવન્સ કોલેજ-બનારસ	26	1930	1986
4	**સાંખ્યયોગતીર્થ** બંગાળ સંસ્કૃત એસોશિએસન-કલકતા	30	1934	1990
5	**ષડ્દર્શનાચાર્ય** ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ-કાશી	30	1934	1990
6	**વેદાન્તતીર્થ** બંગાળ સંસ્કૃત એસોશિએસન-કલકતા	31	1935	1991
7	**નવ્યન્યાયાચાર્ય** ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ-બનારસ	31	1935	1991
8	**મીમાંસાતીર્થ** બંગાળ સંસ્કૃત એસોશિએસન-કલકતા	33	1937	1993
9	**શ્રી વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ** સાર્વભૌમ સંસ્કૃત કાર્યાલય-કાશી	66	1970	2026
10	**મહામહોપાધ્યાય** શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્ય-દ્વારકા	72	1976	2032
11	**દાર્શનિકમાર્તણ્ડ** (D.Phil) શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્ય-દ્વારકા	72	1976	2032
12	**સાહિત્યમનિષી** (D.Litt) શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્ય-દ્વારકા	73	1977	2033
13	**તાર્કિકવાચસ્પતિ** (Ph.D.) શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્ય-દ્વારકા	74	1978	2034
14	**ભારત મહાગુજરાત રાજય બહુસન્માનીત** ગુજરાતના રાજયપાલ શ્રીમતી શારદા મુખરજી-ગાંધીનગર	74	1978	2034
15	**ભારતભૂષણ** શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્યજી-જયોર્તિમઠ બદ્રીકાશ્રમ હિમાલય	74	1978	2034
16	**ઉત્તરપ્રદેશ ભારત રાજય વિશેષસમ્માનીત** ઉત્તરપ્રદેશ સંસ્કૃત એકાદમી-લખનઉ	75	1979	2035

• પ્રસ્તાવના •



શ્રી કૃષ્ણપ્રકાશસ્વામી

ગુરૂ : પૂજ્ય સદ્‌ગુરૂ શ્રી આત્મપ્રકાશદાસજી સ્વામી

સર્વોપરી પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણે અનંત જીવાત્માઓનાં કલ્યાણાર્થે જે રીતે શાસ્ત્રોમાં દિવ્ય ઉપદેશો લખ્યાં છે તેજ રીતે પોતાને અતિ વ્હાલાં એવાં મુક્ત ભક્તોને પણ પત્રો લખીને કલ્યાણકારી દિવ્ય ઉપદેશો આપ્યાં છે.

આ દિવ્ય શાસ્ત્રમાં પત્રો દ્વારા જાણવા મળશે કે, "પ્રગટ ભગવાને પોતાનાં ભક્તો ઉપર કેટલી કૃપા વરસાવી, ભક્તોને સેવા ભક્તિનો કેવો અમૂલ્ય લાભ આપ્યો, પ્રગટ ભગવાનની આજ્ઞા શિરસાટે પાળી ભક્તોએ કેવો રાજીપો મેળવ્યો, પ્રગટ ભગવાને અંતરના કેવાં-કેવાં આશીર્વાદો ભક્તોને આપ્યાં, ભક્તો આલોક અને પરલોકમાં મહાસુખિયાં થાય માટે પ્રગટ ભગવાન કઈ રીતે અનેક પ્રકારની સલાહ-સૂચના આપતાં તેમજ ખૂબ જ સરળ અને સુંદર રીતે ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, સેવા, ઉપાસનાની સમજણ આપી સાથે પોતાનો સર્વોપરી પ્રગટપણાનો યથાર્થ મહિમા સમજાવતાં." આવી તો અનેક બાબતોની માહિતી આ પ્રસાદી પત્રોમાં છે. માટે જ તા. ૨૮-૭-૧૯૮૧ ની સાલના પત્રમાં સ્વયં પ્રગટ ભગવાને લખેલ છે કે, "આ તો પ્રગટનો વેદ ઉપદેશ છે." ઉપરાંત તા. ૩૦-૬-૧૯૭૮ ની સાલનાં પત્રમાં એમ પણ લેખલ છે કે, "આવું સારરૂપ લખાણ તે ફેલાવવું, પડ્યું ન રાખવું." તેમજ તા. ૯-૧૨-૧૯૭૮ ની સાલમાં એમ પણ લખેલ છે કે, "શ્રીહરિ શરણાગતિ મંડળને માટે આ ઉપદેશ છે."

બસ, પ્રગટ ભગવાને સ્વયં પ્રસાદી પત્રોમાં કહેલી આજ્ઞાનું પાલન કરવા માટે તેમજ તેમનાં વિશેષ રાજીપાર્થે, અનંત જીવાત્માઓનાં આત્યંતિક મોક્ષ માર્ગમાં સહાયરૂપ એવાં ''પ્રગટનાં દિવ્ય ઉપદેશપત્રો'' નામનાં આ શાસ્ત્રનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આ શાસ્ત્રના ધ્યાનપૂર્વક વાંચન તેમજ મનનથી ભક્તોને અંતરમાં અવશ્ય એવો અનુભવ થશે કે, ''આ ઉપદેશનાં પત્રો દ્વારા જાણે કે પ્રગટ ભગવાન બીજા ભક્તોનાં માધ્યમથી મારાં હિત માટે મને જ આશીર્વાદ કે ઉપદેશ આપી રહ્યાં છે કે શું ? તેથી જ આ અદ્‌ભૂત શાસ્ત્રનાં માધ્યમથી અનેક મુમુક્ષ જીવાત્માને અંતરમાં પ્રગટ ભગવાનના પ્રગટપણાનો અવશ્ય અનુભવ થાશે જ, એમાં કોઈ શંકાને સ્થાન નથી.

પ્રગટ ભગવાને શ્રીલક્ષ્મીનારાયણ સંહિતામાં સૌથી મહાનદાન તરીકે ''અભયદાન''ને સ્થાન આપ્યું છે, કારણ કે અભયદાનથી અનેક મુમુક્ષ જીવાત્માઓ પ્રગટ ભગવાન અને તેમનાં દિવ્ય પરમધામની પ્રાપ્તિથી મહાસુખિયાં થઈ શકે છે અને એ અભયદાન એ ધાર્મિક સાહિત્યોનાં માધ્યમથી પણ શક્ય બને છે માટે આ શાસ્ત્રનાં પ્રકાશનમાં સંપૂર્ણ સેવા કરનાર ''જેમનાં પર પ્રગટ ભગવાનને ખૂબજ હેત હતું, એવાં યશસ્વી ભક્તરાજશ્રી હરસુખભાઈ જેરામભાઈ મકવાણા / હસ્તે. ભાવેશભાઈ - મનીષભાઈ /સહપરીવાર (મૂળગામ : જામવણથલી, હાલ - પુના) તેમણે અનંત જીવાત્માઓનાં કલ્યાણાર્થે તેમજ પ્રગટ ભગવાનનાં વિશેષ રાજીપાર્થે સેવા કરીને અભયદાનનું મહાપુણ્ય પ્રાપ્ત કર્યું છે.''

પ્રગટ ભગવાને તા. ૧૯-૫-૧૯૭૯ નાં પત્રમાં લખ્યું છે કે, ''નાણાં મળશે પણ તક નહિં મળે'', તો આ વખતે યજમાનશ્રીએ અમૂલ્ય તક ઝડપી લીધી છે. તેમજ તા. ૨૮-૪-૧૯૮૨ ના પત્રમાં પ્રગટ ભગવાને એમ લખ્યું છે કે, ''અમોને રાજી કરે છે તેના જેવું મોક્ષ સાધન એકેય નથી.'' તો આ વખતે યજમાનશ્રીએ પ્રગટ ભગવાનને ખુબજ રાજી કરી પોતાનો મોક્ષ માર્ગ સુગમ કર્યો છે, તેમજ તા. ૨૮-૬-૧૯૭૯ નાં પત્રમાં પ્રગટ

ભગવાને એમ પણ લખ્યું છે કે, ''ઉત્સાહથી સેવા કરજો, જેટલું કરશો તેનું હજારોગણું મળશે'' માટે જ યજમાનશ્રીએ ખૂબજ પ્રેમભાવથી ઉત્સાહથી સેવા કરી છે તો પ્રગટ ભગવાન પોતાનાં વચન પ્રમાણે તેમને હજારોગણું આપશે, અને તેમનાં પર વિશેષ રાજી થઈ તેમના સર્વસંકલ્પો અવશ્ય પૂર્ણ કરશે.

આ શાસ્ત્રનાં પ્રકાશનનાં અતિગહન કાર્યમાં જે ભક્તો અમને ખૂબજ સહાયરૂપ થયાં છે તે સર્વ ભક્તો પર પ્રગટ ભગવાન ખૂબ જ રાજી થાય અને સર્વપ્રકારે તેમને મહાસુખિયા કરે તેવી અંતરની પ્રાર્થના સાથે પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની ૧૧૧ મી જન્મજયતિનાં મહામહોત્સવ નિમિત્તે આ ''પ્રગટનાં દિવ્ય ઉપદેશપત્રો'' (ભાગ-૧) નામનું કલ્યાણકારી શાસ્ત્ર તેમનાં દિવ્ય ચરણોમાં અમે અર્પણ કરીએ છીએ.

વિશેષ મહત્વની વાત તો એ છે કે, આ શાસ્ત્રમાં દિવ્ય કલ્યાણકારી ઉપદેશ પત્રો પરથી સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે, ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વરૂપે સ્વયં સર્વોપરી પરબ્રહ્મ અવતારી પરમધામાધિપતિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ, શ્રીશ્વેતાયન વ્યાસ હરિ આ સમે અનંત જીવાત્માઓના કલ્યાણાર્થે અનહદ કૃપા કરીને પ્રગટ થયા છે.

બસ હવે આ લોક તેમજ પરલોકમાં મહાસુખિયા થવાની ઈચ્છા ધરાવતાં મુમુક્ષુ જીવાત્માઓ આ પ્રગટ ભગવાનનો યથાર્થ પરિપૂર્ણ મહિમા સમજી તેમની શરણાગતિ સ્વીકારી તેમનીજ સેવા ભક્તિ કરે, એ જ આ દિવ્ય શાસ્ત્રના સારરૂપે સમજવાનું છે.

આ શાસ્ત્રમાં કુલ ''૫૦૦ પત્રોને તારીખ અને સાલ વાર ક્રમશઃ ખૂબજ સુંદર રીતે ગોઠવ્યા છે, અત્યંત ધ્યાનપૂર્વક આ કાર્ય કરવા છતાય કયાંય કોઈપણ પ્રકારની ભૂલ રહી ગઈ હોય તો અમોને ક્ષમા કરવા તેમજ પરત ધ્યાન દોરવા વિનંતી છે.

-લી. શ્રી કૃષ્ણપ્રકાશસ્વામી
જૂનાગઢધામ.

• શુભાશીર્વાદ •



સદ્‌ગુરૂ સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી

ગુરૂ : પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

કોઈપણ સંપ્રદાયનો વિકાસ હંમેશા તે સંપ્રદાયનાં ઈષ્ટદેવનાં વિવિધ શાસ્ત્રોના માધ્યમથી પણ થતો હોય છે, આ એક સનાતન સત્ય હકિકત છે. માટેજ સ્વયં પ્રગટ ભગવાને પણ પોતાનાં દિવ્ય જીવનકાળ દરમ્યાનનો ઘણો સમય અનંત જીવાત્માઓના કલ્યાણાર્થે માત્ર શાસ્ત્રોનીજ રચનામાં પસાર કર્યો છે.

પ્રગટ ભગવાનનો એજ સદ્‌ગુણ સંસ્કાર અમારાં કૃપાપાત્ર શિષ્ય શ્રી કૃષ્ણપ્રકાશસ્વામીમાં દેખાય છે.

કૃષ્ણપ્રકાશે ખૂબજ બુદ્ધિપૂર્વક લાંબીદ્રષ્ટિ રાખીને વિચાર કર્યો કે, પ્રગટ ભગવાનનાં સંકલ્પ પ્રમાણે ભવિષ્યમાં અનેક મુમુક્ષુ ભક્તો પ્રગટ ભગવાનની શરણાગતિ સ્વીકારશે ત્યારે એ વિશાળ ભક્ત સમુદાય પ્રગટ ભગવાનના તમામ સાહિત્યનાં દર્શન માટે તેમજ વિશેષ જ્ઞાન માટે પ્રગટ ભગવાનને મળેલા જૂનાં ભક્તોના ઘરે-ઘરે જઈ શકે તેવો કદાચ કોઈપાસે સંપૂર્ણ સમય ન હોઈ શકે. આ મહત્વની વાતનું અનુસંધાન રાખી કૃષ્ણપ્રકાશે ભક્તોને ઘરબેઠા જ પ્રગટ ભગવાનના દરેક કલ્યાણકારી સાહિત્યનો લાભ મળે તેથી જ ગામડાં અને શહેરોમાં નિવાસ કરતાં પ્રગટ ભગવાનને મળેલાં અનેક જૂનાં ભક્તોનાં ઘરે-ઘરે જઈ પ્રગટ ભગવાનનાં દિવ્ય જીવનને લગતું

ઘણું સાહિત્ય જેમ કે ‘‘પ્રગટ ભગવાનની ઓડીયો-વિડીયો કેસેટો, મૂર્તિના ફોટાઓ, પરચાઓ તેમજ પ્રસાદી પત્રો વગેરેનો ખૂબજ સારો સંગ્રહ કર્યો છે. એટલુંજ નહીં પણ ભક્તોની સહાયથી લાખો રૂપિયાના ખર્ચે એક પછી એક સુંદર રીતે આ સાહિત્યોનાં પ્રકાશનનું કાર્ય પણ ચાલુ રાખ્યું છે. અને આવતાં સમયમાં પણ અનેક નુતન દિવ્ય કલ્યાણકારી શાસ્ત્રો તેમજ ઓડીયો-વિડીયો સીડીનું પ્રકાશન કરવામાં આવશે.

આ તમામ નુતન દિવ્ય કલ્યાણકારી સાહિત્યો સર્વ ભક્તોને પ્રગટ ભગવાનનો યથાર્થ મહિમા સમજવા માટે, દિવ્ય આનંદની અનુભૂતિ માટે, આ લોક - પરલોકમાં મહાસુખિયા થવા માટે તેમજ આત્યંતિક મુક્તિ - પરમધામની પ્રાપ્તિ માટે ખુબજ ઉપયોગી થઈ પડશે.

આ રીતે કૃષ્ણપ્રકાશે પ્રગટ ભગવાનનાં તમામ સાહિત્યનો સંગ્રહ અને તેનાં પ્રકાશનનાં કાર્યથી શ્રીહરિ શરણાગતિ મંડળના વિકાસ માટેની એક યોગ્ય નવી શરૂઆત કરી છે. જે ખરેખર અભિનંદન અને આનંદને પાત્ર છે.

યોગ્ય સાધનોનો અભાવ, ધનનો અભાવ, મર્યાદિત સહયોગ, પ્રતિકૂળ દેશકાળ અને સમય-સંજોગોમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પણ કૃષ્ણપ્રકાશે હિંમતપૂર્વક પોતે કરેલ આયોજનને પૂર્ણ કરવાનો સફળ પ્રયત્ન કરેલ છે.

અનેક વર્ષોથી જે કાર્ય કોઈ કરશે જ તેની રાહ જોઈને પડ્યું હતું. તે કાર્ય ઘણાં ટૂંકા સમયમાં કૃષ્ણપ્રકાશે ઉત્સાહ પૂર્વક અણિશુદ્ધ કરવાનો સંપૂર્ણ પણે પ્રયત્ન કરેલ છે.

પ્રગટ ભગવાન પોતાના અપૂર્ણ રહેલા ધર્મકાર્યને પૂર્ણ કરાવવા માટે એમનાં કોઈ મુક્તને પૃથ્વી પર મોકલતાંજ હોય છે. જેની ખબર સમયાંતરે કોઈ અદ્‌ભૂત કાર્ય થાય ત્યારેજ પડે છે. બરાબર એવી જ એક ગોઠવણ આ અદ્‌ભૂત કાર્ય કરનાર કૃષ્ણપ્રકાશમાં પ્રામાણિત રીતે જોઈ શકાય છે.

પ્રગટ ભગવાને શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં સ્પષ્ટ રીતે લખ્યું છે કે, ''જેનું જીવન અને કાર્ય ભગવાનમય હોય તે અમારાંજ સંત છે.'' આ રીતે કૃષ્ણપ્રકાશ એ સીધી રીતે પ્રગટ ભગવાનના કુળ અને લોહીના સંબંધથી વારસદિક્ષાર્થી સંત છે. માટે જ મહાતીર્થધામ જૂનાગઢમાં રહેલ દિવ્ય ગાદીસ્થાન અને પરમધામ મંદિરને ખૂબ સારી રીતે સંભાળે છે અને તેના વિકાસ માટેનાં કાર્યો પણ કરી રહ્યાં છે. જેથી પ્રભાવિત થયેલાં શ્રીહરિ શરણાગતિ મંડળનાં અનેક બુદ્ધિશાળી અને મુમુક્ષુ ભક્તો પણ તેમની સાથે જોડાયાં છે, જેનો મને વિશેષ આનંદ છે.

મેં જોયું અને અનુભવ્યું છે કે કૃષ્ણપ્રકાશ સંકલ્પ કરે કે, ''પ્રગટ ભગવાનનું આ કાર્ય મારે કરવું જ છે'', તો પછી તે અતિ મહેનત કરીને પણ એ કામ સારી રીતે પાર પાડે છે. તેનો આ જ ગુણ, સમજણ, સંપ્રદાય-મંડળ પ્રત્યેની વફાદારી, અપૂર્ણ રહેલા કાર્યોને પૂર્ણ કરવાની તાકાત, તેમજ પ્રગટ ભગવાન પ્રત્યેની સર્વોપરી ઉપાસના-સેવા-ભક્તિ એ બતાવે છે કે, ''ભવિષ્યમાં પ્રગટ ભગવાનનાં અનેક સંકલ્પો એ જરૂર પુરાં કરશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.''

પ્રગટ ભગવાનની હયાતીમાં મેં ખુબ નાની ઉમરથી જ યથાશક્તિ સેવા કરીને મહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો છે અને હવે તો મારી ઘણી ઉમર થઈ હોવાથી માત્ર મહારાજની સેવા-ભક્તિમાંજ હું સમય પસાર કરૂં છું અને જૂનાગઢધામનાં વિકાસની સર્વ જવાબદારી કૃષ્ણપ્રકાશે ખુબ સારી રીતે સંભાળી લીધી હોવાથી હવે હું નિશ્ચિંત છું.

અંતમાં, પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના દિવ્ય ચરણમાં પ્રાર્થના કરીશ કે, સર્વેમાં અંતર્યામીરૂપે રહેલા વિશ્વંભર પ્રગટ પ્રભુ-કૃષ્ણપ્રકાશને અનેક સત્કાર્ય કરવા માટે ખૂબજ બળ, બુદ્ધિ અને જ્ઞાન આપે જેથી તેના સર્વ સંકલ્પ અવશ્ય પૂર્ણ થાય, એજ પ્રાર્થના સાથે અંતરના શુભ આશીર્વાદ.

- લી. સદ્‌ગુરૂ શ્રી આત્મપ્રકાશદાસજીસ્વામી
જૂનાગઢધામ.

પત્ર નં.-૧ **તારીખ : ૧૫-૭-૧૯૬૫**

જૂનાગઢ.

સેવક મોહનલાલ રતનશીભાઈ તથા તમારા સ્નેહી મિત્રો,

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી આશીર્વાદો વાંચશો.

સેવકનું નામ હરિલાલ રાખ્યું તે ઘણું જ સારૂં.

કામકાજ રાખ્યા છે, તેમાં વૃદ્ધિ થયા કરશે, લાભ રહેશે.

પાંચ-પાંચ માળા ચોમાસામાં વધારે ફેરવવી. પ્રત્યક્ષ ભગવાનને ભૂલવા નહીં, તન-મન-ધન ભગવાન માટે જ છે. આપણે તો વચ્ચેથી પોતાનું કરી બેઠા છીએ. બધુય ભગવાન અર્થે છે. ભગવાનને ધરીને પ્રસાદી જમવી અને ભજન કરવું. ભગવાનને અર્પણ થયા એટલે મોક્ષમાંજ છીએ. કારણ કે, અર્પણ થયેલને ભગવાન સાંચવે, સાંચવવા જ પડે માટે ધામમાંજ છીએ. એ જ.

વેલજીભાઈ, રણછોડભાઈ, રવજીભાઈ, મોહનભાઈ વિગેરેને સહકુટુંબને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૨ **તારીખ : ૨૪-૧૦-૧૯૬૫**

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

વેલજીભાઈ, રણછોડભાઈ, મોહનભગત તથા સેવક હોય તે બધાઓની ચઢતી કળા રહો. **નૂતન વર્ષે સુખ-સમ્પતિ, ધન-સમૃદ્ધિ વૃદ્ધિ પામો. ભજન ભક્તિ વૃદ્ધિ પામો, આનંદ ઉત્સવ શાંતિ વધો, કામકાજ રોજગાર મળતા રહો, અમીની તૃપ્તિ અનુભવો.**

ટચલી આંગળી મટી જાશે. છોકરાવને ઝાડા મટી જાશે. દાડમની છાલ જરા-જરા વાટીને ચમચી એક બે-ત્રણ દિવસ પાજો, ઝાડા મટી જશે.

મહાત્મય જાણ્યું છે તે બરાબર છે, ઓળખ્યા છે તે બરાબર છે, સેવા કરો છો અને કરતા રહેજો. ત્યાં ખીમજીભાઈ તથા ઓધવજીભાઈ તથા ભીમજીભાઈ તથા પરશોત્તમભાઈ તથા કેશવજી પૂંજાભાઈ તથા કેશવલાલ તથા ચમનલાલ તથા જે મળે તેમને અમારા નવા વર્ષના આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ કહેજો.

આસો વદ ૮ ના તમોને સંભાર્યા હતાં. અમારૂં ૬૦, સાંઠમું વર્ષ બેઠું. બધા ભજન-ભક્તિ કરજો.

ત્યાં પૂના જે-જે હશે તેમના કાગળો દિવાળીના આવશે. તેમાં પુરૂં શિરનામું હશે તેને આશીર્વાદના કાગળો લખશું. સર્વે સુખી થાઓ.

- કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચવા.

•❀•❀•❀•

પત્ર નં.-૩ **તારીખ : ૪-૬-૧૯૬૬**

જૂનાગઢ, સ્વામિનારાયણ મંદિર.

શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક બાલંભાવાળા મોહનભાઈ રતનશીભાઈને શ્રીજી મહારાજ સુખી રાખો. વેલજીભાઈ, રણછોડભાઈ તથા મોહનભાઈ વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો.

તમોને સર્વેને કામકાજ મળતા રહો, આનંદમાં રહો, ભજન કરજો. **ભગવાન અને સંતમાં તન-મન-ધનથી હેત બાંધવું, પાકી નિષ્ઠા કરવી. દિવ્યપણું ભાસે એવો નિશ્ચય રાખવો, સંશય ન રહે તેમ દીલને નક્કી કરવું. ધામમાં ભેગું રહેવું છે તો આંહી છેટું કેમ રેવાય માટે પોતાના આત્મામાં સન્તને વસાવવા. સન્તમાં ભગવાન બોલે ચાલે સુખ આપે, સન્તમાં વળગવાથી ભગવાનનો મહિમા વધતોને વધતો રહે તેમ રાખવું.** એ જ.

રૂપિયા ૧૦૧, આજે મળ્યા છે તેથી વધારે રાજી છીએ, **તમોને**

ધન્ય છે સેવા કરો છો, સુખી થાઓ વધારે સુખી થાઓ. બધૂંય પડ્યું રહેશે સેવામાં વપરાણું પોતા માટે વપરાણું તે સાર્થક, જે નથી સમઝતા તે ભૂલ્યા છે. ભૌતિક ચીજોથી દિવ્ય ધામના ધણીને રાજી કરી લેવા, વ્હાલામાં વાલી ચીજ પોતાના ઈષ્ટદેવને માટે અને સન્તને માટે જેણે કરી રાખી તે ધામમાંજ બેઠેલ છે. ભજન કરજો, સેવજો. એ જ.

મોહનલાલ રતનશીભાઈ બધાને જય સ્વામિનારાયણ કહેશો. અમો એક માસ જૂનાગઢ રોકાશું. એ જ. કાગળપત્ર લખતા રહેજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪ **તારીખ : ૨૭-૧-૧૯૬૭**

સ્વામિનારાયણ મંદિર જૂનું, ઉપલેટા.

સેવક મોહનભગત રૂ.મ. તમારા કુટુમ્બ સર્વેને અમારા જય શ્રીસ્વામિનારાયણ.

તમારો પત્ર તથા કવરો મળ્યા. પ્રાર્થના કાગળ મળ્યા.

તમારા માંગવા પ્રમાણે આશીર્વાદ આપ્યો છે. પુત્રવાળા થાઓ અને પોતાના ભક્ત માટે બધાયે ઘણા સારા આશીર્વાદો હોય છે, સારાવાના થાશે. એ જ. ભજન કરજો.

- શ્રી કૃ.વ.આ.નાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

•❀•❀•❀•

પત્ર નં.-૫ **તારીખ : ૨૯-૩-૧૯૬૭**

સ્વામિનારાયણ મંદિર-ભંડારને મેડે,
જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

ભગત સેવક મોહનલાલ રતનશી તથા વેલજી રવજી, રણછોડ રવજી તથા મોહનભગત તથા કુંવરજી મેપા સર્વે ઘણી-ઘણી મોજમાં, આનન્દમાં રહો. એવા અમારા આશીર્વાદો છે.

કામકાજ ધંધા રોજગાર મળતા રહો, કમાઓ, સેવાઓ કરો, ભજન-ભક્તિ કથાવાર્તા કરવા. સુખી રહો.

બધા હળી-મળીને કથાવાર્તા કરતા રહેજો.

(૧) નિયમ (૨) નિશ્ચય (૩) પક્ષ (૪) આજ્ઞા (૫) ઉપાસના અને (૬) એકાન્તિક સંતમાં હેત, આ બાબતમાં ચઢીયાતા રહેવું.

પ્રત્યક્ષ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનાં સ્વરૂપમાં (૧) કહે તેમ કરવું (૨) પરબ્રહ્મ ગુરૂપણું (૩) તન-મન-ધન કુરબાન (૪) અનુવૃત્તિ પાળવી (૫) કાયમ સંભારવા ભજવા અને (૫) સદા આકર્ષણ આ ક્રમથી ટુંકમાં જાણવાં વર્તવાં. એ જ.

જેણે પ્રત્યક્ષ ઓળખ્યા તેને બધો મુદ્દો હાથ આવી ગયો.

જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

-કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૬

તારીખ : ૧૧-૧૦-૧૯૬૭

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે,
જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક અમરસી ટપુભાઈ, જેરામભાઈ ડાયાભાઈ તથા પરશોત્તમ ડાયાભાઈ તથા વેલજીભાઈ રવજીભાઈ તથા મોહનભાઈ કરશનભાઈ તથા સર્વે હરિભક્તોએ અમારા આશીર્વાદો વાંચવા.

અમરસીભાઈને કહેજો કે તમારા **ઘરેથી (ધર્મપત્ની) બાર મહીનાની**

નોમુ ફળાહાર કરીને રહેવા માંડે તો પુણ્ય વધવા માંડે અને પુત્ર વાળા થાય જરૂર થાય. દસમને સવારે એક સીધુ કોઈ દેવમંદીરમાં આપવું અને દીકરાની માનતા કરજો. જે માનતા કરો તે અમારે પગે ધરવાની માનતા કરજો, ફળીભૂત થાશે. બે જીવ થાય ત્યાં સુધી નોમું રહેવીયું.

કામકાજ કરતા રહેજો, ભજન કરજો, ખુશીખબર લખતા રહેજો. એ જ.

-કૃ.વ.આ.



પત્ર નં.-૭ **તારીખ : ૩૦-૧૧-૧૯૬૮**

જૂનાગઢ.

સેવક રતિલાલ હંસરાજ **દિવ્ય દ્રષ્ટિથી જોવું, ધામના મુક્તપણે વરતવું અને બ્રહ્મરૂપે સમાગમ કરવો.** મોહન, વેલજી, મોહન, કુંવરજી વિગેરે **બ્રહ્મનિષ્ઠ ભક્તથી જ્ઞાન શીખવું અને ભગવાનમાં હેત વધારવું અને ધામમાં જવાય તથા સાથે રહેવાય તેવા રંગે રંગાઈ જવું, ભજન કરવું.** એ જ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, કહેવા.

ભગવાનને બધા ન ઓળખે, ઓળખવા અને ભજવા સેવવા એ આકરૂં કામ છે.

મોહન બે, વેલજી, દેવજી, કુંવરજી બધાને દરેક સેવકોને માલમ થાય જે ગીજર સારૂં કામ આપે છે, તેને વીજળી વધારે જોઈએ તે માટે એક મીટર અને ફીટીંગ સડક ઉપરથી નવું લેવા અરજી કરી છે, તેના ૧૫૦, દોઢસો રૂપિયા ભર્યા છે. તો તમો તે સેવા આવતે ઉનાળે કરજો. થોડું-થોડું ભેગું કરજો. એ જ.

ઉના પાણી નાહીને આશીર્વાદ આપીએ છીએ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૮

તારીખ : ૧૦-૩-૧૯૬૯

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે,
જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

ફુગાવાડી, સેવક હરિલાલભાઈ, સેવક રતિલાલ તથા વેલજીભગત તથા મોહનભગત તથા મોહનલાલ તથા કુંવરજીભગત તથા ટપુલાલભાઈ તથા દેવજીભાઈ એ **સર્વેને પ્રત્યક્ષ ભગવાન ચઢતી કળા રાખો, શ્રીજી મહારાજ હાજરોહાજર છે, તે તમારી રક્ષા કરતા રહો.**

પ્રગટ હોય તે દી કોઈ ન જાણે રમાપતિની રીત.

ભક્તચિંતામણિનો પાઠ કરવો, વચનામૃતો વાંચવા, તેમાં સંત મહિમાના....

પ્રથમનું-૫૯	લોયાનું - ૧૬	પ્રથમનું-૦૮
મધ્યનું-૨૧	છેલ્લાનું-૨૮	પ્રથમનું-૨૧
પ્રથમનું-૬૩	પ્રથમનું-૫૮	પ્રથમનું-૭૦
પ્રથમનું-૭૮	મધ્યનું-૬૩	સારંગપુરનું-૧૮
સારંગપુરનું-૧૭	મધ્યનું-૨૫	લોયાનું-૦૮
પ્રથમનું-૬૮	વરતાલનું-૧૪	વરતાલનું-૦૩
છેલ્લાનું-૩૫	મધ્યનું-૫૪	પ્રથમનું-૨૭
પ્રથમનું-૨૭	લોયાનું-૦૧	છેલ્લાનું-૦૫
પ્રથમનું-૫૬	મધ્યનું-૪૫	છેલ્લાનું-૧૪
વરતાલનું-૧૦	વરતાલનું-૧૧	પ્રથમનું-૨૮
મધ્યનું-૫૯	છેલ્લાનું-૧૪	પ્રથમનું-૬૭
વરતાલનું-૦૪	પ્રથમનું-૧૪	પ્રથમનું-૭૭

પ્રથમનું-૪૪	મધ્યનું-૪૮	પ્રથમનું-૭૩
છેલ્લાનું-૦૨	સારંગપુરનું-૦૭	પ્રથમનું-૬૭
છેલ્લાનું-૨૬	લોયાનું-૭૬	પ્રથમનું-૫૮
વરતાલનું-૦૫	છેલ્લાનું-૧૧	મધ્યનું-૨૭
લોયાનું-૧૭	છેલ્લાનું-૦૫	વરતાલનું-૧૫
વરતાલનું-૦૩	મધ્યનું-૨૭	પ્રથમનું-૫૫
		મધ્યનું-૦૭

બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેજો. ખુશીખબર લખજો. **આ કાગળમાં લખેલા વચનામૃતોના ફકરાઓ વાંચવા અને મહિમા સમઝવો.**

આજે અત્યારે સવારે જૂનાગઢની મોટી ધર્મશાળાના જીણોધ્ધારનું મુહૂર્ત આપણે હાથે કર્યું છે, છાપાઓમાં જાહેરાત મેલાશે. એ જ.



પત્ર નં.-૯ **તારીખ : ૧૦-૦૩-૧૯૬૯**

જૂનાગઢ.

સેવકો ભગવાનજી રાજાભાઈ વિગેરે. સેવક ધનજીભાઈ, વાલજીભાઈ, શાન્તિલાલભાઈ, ભગવાનજીભાઈ, વેલજીભાઈ, માવજીભાઈ, વેલજી બેચર, જયન્તિલાલ, ભગવાનજી, ભગવાનજી ચકુ, નારણ ચકુ, મગન હીરજી, પરશોત્તમ મનજી, કુંવરજી શીવલાલ, રામજી હીરજી, દેવશી વસ્તા, હરસુખલાલ ધનજી વિગેરેને જય શ્રીસ્વામિનારાયણ તથા આશીર્વાદો વાંચશો.

૫૦ નારણા ગામનાં, ૫૦ ત્યાનાં મળીને ૧૦૦ મોકલાવી દેજો. ૧. ધનજીભાઈ, ૨. વાલજીભાઈ, ૩. શાન્તિલાલ, ૪. ભીમજી રામજી કામ રાખ્યું તેમાં લાભ થાઓ, સુખી થાઓ, ભજન કરજો. **ભાગ કાઢતા રહો તો જય થાય, લાભ થાય અને કામ મળે.**

૧. ઘનશ્યામ મહારાજ ૨. સહજાનન્દ સ્વામી

મોટી મૂર્તિ લઈને મોકલાવશું. પૂજાની મૂર્તિ.

કંપનીના પૈસા મળી જાશે, ભજન કરજો. કાગળ લખજો. એ જ.

જૂનાગઢની મોટી જૂની ધર્મશાળાનું મુહૂર્ત જીર્ણોધ્ધાર આજે અત્યારે સવારમાં અમારે હાથે કર્યું છે, છાપાઓમાં બહાર જાહેરાત મેલાશે, ફાળાઓ પણ થાશે. એ જ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૦

તારીખ : ૯-૧૨-૧૯૬૯

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે,
જૂનાગઢ.

સેવક મોહનલાલ રતનશી **કથાવાર્તા, ભજન વધારે કરતા રહેજો. જ્ઞાનથી સુખી રહેવાય, કથા લાંબે કાળે સમઝણ આપે, ભગવાન રાજી થાય.** તમોને કામકાજ મળો, સુખી રહો. સંપ રાખજો. **પ્રત્યક્ષ શ્રીહરિને ધ્યાનમાં જમાડવા, દર્શન કરવા વિગેરેથી મોટી સિદ્ધિ થાય છે, અભ્યાસ ન કરે તેને કાંઈ ન સિદ્ધ થાય.**

ખોલીમાં માગશર સુદ પાંચમે રહેવા જજો. ચોપડીયો વિગેરે જેઠ મહીને સમૈયે વેચાતી મળે, અત્યારે ન મળે અથવા ગઢડાથી મગાવો તો કંઠીવાળો મોકલાવે અથવા મુંબઈના મંદિરમાં કોઠારે તપાસ કરાવો ત્યાં વેચાતી મળે છે.

ગઢડાનું શિરનામું - ભાયલાલ કંઠીવાળા, ગઢડા સ્વામીના, વાયા - બોટાદ, સૌરાષ્ટ્ર.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણા આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. બધા મંડળને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૧ **તારીખ : ૦૨-૦૧-૧૯૭૦**

જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક મોહનલાલ રતનશીને માલમ થાય જે તમારો પત્ર મળ્યો, સેવક હરિલાલ તથા સર્વે કુટુંમ્બને શ્રીજી મહારાજ સુખી રાખો. **તમારા માતૃશ્રીને શ્રીજી મહારાજે અક્ષરધામમાં સેવામાં રાખ્યા છે અને મુક્ત થઈને બેઠા છે.**

માં ધામમાં ગયા તે છોકરાઓને મોટી ખોટ ગણાય પણ ધાર્યું ભગવાનનું થાય. તમો સુખી રહેજો, ભજન કરજો, દર્શને નવરાશે આવજો, અમો જૂનાગઢ જ છીએ. એ જ.

બધાને જય સ્વામિનારાયણ કહેજો.

•❀•❀•❀•

પત્ર નં.-૧૨ **તારીખ : ૧૯-૦૧-૧૯૭૦**

જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ તમારા કુટુંબને-સ્નેહીને કહેશો તથા વાંચશો.

સેવક અમરશી ટપુ, કરશન ટપુ **કથા-વાર્તા કરજો, શ્રીહરિ પ્રત્યક્ષ છે તેને ખૂબ ભજી લેજો. મૂર્તિને થાળ જમાડવા - પૂજવા અને સત્સંગ સારો રાખવો તથા ધામના મુક્ત જેવી દિવ્યદ્રષ્ટિ કરીને ભક્તની પંક્તિમાં ભળીને રહેવું, માયા ન આડી આવે એવા બળીયા થાવું.**

રાજી છીએ, કામકાજ મળતા રહો, સુખી રહો, ફળ મળશે માટે હીંમત ન હારવી. **ખૂબ સંભારવા અને ક્રિયાઓ કરવી જેથી ભગવાન સંકલ્પ પૂરા કરે.** એ જ.

બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેજો.

•❀•❀•❀•

પત્ર નં.-૧૩ **તારીખ : ૨૬-૦૫-૧૯૭૪**

જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

ચિઠ્ઠી મળી. સગપણ થયું, તે જાણ્યું, સારૂં થયું, નસીબ સારૂં, ભગવાન સુખી રાખો, ભજન કરજો. જૂનાગઢ આવવાની જરૂરત નથી. બધાને આશીર્વાદ છે, સુખી રહો. અ.સ.વા.શા. વિગેરે બધા સુખી રહો. બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેજો. નસીબ સારાં છે. સારૂં થાશે, માથું દુ:ખતું મટી જાશે, કુસંગથી રક્ષા થાશે.

પૂજા તો ન્હરાવવા, ઘરેણા વસ્ત્ર પહેરાવવા, હાર-તોરા, ચન્દન, પૂષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, થાળ, તામ્બૂલ, જળ, આરતી, પ્રદક્ષિણા, દંડવત, સ્તુતિ, નમસ્કાર, ક્ષમા, અપરાધ વિસર્જન કરવા. એ રીતે માનસી પૂજા કરવી. બધુ માફ. સંભારવા તે દર્શન જાણવાં. ભજન વધારે કરવું. પ્રત્યક્ષ શ્રીહરિ છે તે રક્ષા કરો. એ જ.

ક. ભગવાનજીનો કાગળ છે. એક લહેરાથી તેને જવાબ લખ્યો છે. બે દિવસો થયા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર-ભંડારને મેડે

પત્ર નં.-૧૪ **તારીખ : ૧૪-૭-૧૯૭૦**

સેવક અમરશી ટપુ, ફૂગેવાડી પુના.

તમારો પત્ર મળ્યો.

ધ્યાન કરવા બેસવું, પાંચ મિનિટ મૂર્તિ સંભારવી. ઘણુ સુખ આવશે. મૂર્તિને હૃદયમાં દેખવી તો દર્શન થયા કરે. કામ-કાજ મળતા રહેશે. ભજન કરજો. મૂર્તિ હસ્તુ મુખ કવર લખશું ત્યારે તેમાં મોકલાવશું તે જાણશો.

તમો પત્ર લખો ત્યારે હસ્તુ મુખ મૂર્તિ સંભારી દેવી. કવરમાં મોકલાય. કામકાજ લખજો.

શ્રીયુત લાભશંકરભાઈનો ખુશી પત્ર આવ્યો છે. એ જ.

બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.



પત્ર નં.-૧૫ **તારીખ : ૧૭-૧૦-૧૯૭૦**

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે,
જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

તમો બધા સેવકો ખીમજી ટપુ, અમરશી ટપુ, વેલજીભાઈ, મોહનભાઈ, કુંવરજીભાઈ, મોહનલાલ વિગેરે તમોને તમારા કુટુમ્બ સહિત શ્રીજી મહારાજ સુખી રાખો.

રૂપિયા ૭૫ મળ્યા છે, રાજી છીએ.

તમારી પ્રાર્થના વારમવાર આવે છે, ભગવાન તમારામાં બેઠા છે તે પ્રાર્થના સાંભળે છે, ફળ આપશે. અમો આશીર્વાદ આપીએ તમારા સંકલ્પો પૂરા થાય. એ જ.

ગભરાવું નહિં, ભગવાનને કર્મફળ આપવાની બુદ્ધિ હોય છે, તેને ત્યાં અન્યાય નથી, માટે રાજી રહેવું.

- કૃ.વ.આ.



પત્ર નં.-૧૬ **તારીખ : ૯-૧-૧૯૭૧**

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સુખી થાઓ, સેવાઓ કરો, ભક્તિ કરો, આનન્દ માનો.

સેવકો ફુગેવાડી - અમરશીભાઈ, મોટાભાઈ, નાનાભાઈ, વેલજીભાઈ, મોહનભાઈ, મોહન રતનશી, કુંવરજી મેપા, રતિલાલ હંસરાજ તથા સર્વ હરિભક્તોને સાક્ષાત્ શ્રીહરિ રાજી રહો.

ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય, ભગવાન ભજો છો, સેવો છો, આનન્દ માનો છો, સમઝણ રાખો છો, હેત વધારો છો અને આત્મનિવેદી થયા છો. વધારે ભક્તિ કરજો. ધામમાં ભેળું રહેવું છે.

તમારા પત્રો મળે તેમાં ખાસ જવાબની જરૂર હોય તો દઈએ, નહીં તો આશીર્વાદ દઈએ.

તમોએ જૂનાગઢ આવવા અને કામકાજમાં ભળીને મજૂરી સેવા કરવા લખ્યું તો તે વખત આવશે ત્યારે જણાવશું, હજુ ઘણાં મહીનાઓની વાર છે માટે ઉતાવળ ન કરશો. ત્યાં કમાઓ, ભજન કરો, અને થઈ શકે તો સેવા ફાળો થોડો જાજો કરીને અમારા ઉપર મોકલશો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૭ **તારીખ : ૧૨-૦૨-૧૯૭૧**

જૂનાગઢ.

સેવક તુલસી મનજી મકવાણા તમારૂં દિલ શુદ્ધ થાય. દરરોજ દસ માળા વધારે ફેરવવી. હવે ફરીથી ખોટો વ્યવહાર ન થાય તેમ વરતવું. પશ્ચાતાપ કરવો. ભજન કરવું. સગાવ્હાલાનો સમ્બન્ધ ધર્મથી રહે છે. નાણાનો હિસાબ થઈ જાશે. કંઠી જીણી ૧ મોકલી છે. કવરમાં પણ ન મોકલાય.

પાપનો હિસાબ તો મર્યા પછી મળે છે. કલીકાળમાં પાપના ડુંગરા સળગે છે. લાગ આવે ત્યારે કાંઈ કોઈને મેલતા નથી માટે વધારે દરરોજ દસ માળા ફેરવવી કાં એક ટાણાં ૧ મહીનો કરવા.

શ્વાસ મટી જાશે, આદૂનો રસ ચામાં પીવો કાં કાળીજીરી નાખીને ચા પીવો. બન્ને ભાઈ સુખી રહો. કમાઓ, ખાઓ, **નબળો વ્યવહાર ન કરશો. સારો વ્યવહાર કરજો.** એ જ.

- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ના જય સ્વામિનારાયણ વાંચજો.

•❀•❀•❀•

પત્ર નં.-૧૮ **તારીખ : ૨૫-૦૩-૧૯૭૧**

જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક તુલસી મનજી તથા સેવકોને શ્રીહરિ સુખી રાખો.

એક એકાદશીનું મંડળ પૂરાવવું એટલે તમારૂં સમાધાન થઈ જાય. તે દેશમાં આવો ત્યારે કરજો.

ચઢીયાતો રંગ રાખજો, વધારે ભજન કરજો, કામકાજ મળશે. આનન્દમાં રહો, ખુશીખબર લખજો.

બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૯ **તારીખ : ૧-૪-૧૯૭૧**

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે,

જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

સેવક વેલજી રવજી, ઘનશ્યામ વિગેરે સુખી રહો. **વધારે ભક્તિ કરો, પ્રભુ ભજો, લીલા ચરિત્ર ગાઓ, ધામ માટે ભગવાનને ગમો, કામકાજ મળતા રહો, નવો-નવો ઉત્સાહ કરો. પ્રત્યક્ષનો મહિમા ઘણો છે. શ્રીહરિને ભજો.**

દયાળજીભાઈને માટે ૧ શિક્ષાપત્રી, ૧ ભૂમંડલીય, ૨૫ પૂજાના ફોટા, ૫ ચિન્હવાળા ફોટા આજે ટપાલ પારસલમાં રવાના કર્યા છે. મળ્યેથી મળવાના ખબર લખજો.

દયાળજીભાઈ, રતીલાલભાઈ, ઓધવજીભાઈ, તુલસીભાઈ, કુંવરજીભાઈ, અમરસીભાઈ, મોહનભાઈ બધાને જય સ્વામિનારાયણ.

પ્રગટને આશરે હજારો તરી ગયા. શ્રીહરિ પ્રગટ છે. ભજવા, રાજી રહેવું, સેવા કરવી, સંભારવા, હૃદયમાં રાખવા. બધાં નિર્મલ સત્સંગીઓ વધો અને ભજન કરો. કથા-વાર્તા કરો. વિરોધ ન કરવો. સારૂં કરવું. સંપ રાખવો.

- કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચવા.



પત્ર નં.-૨૦ **તારીખ : ૨૪-૦૫-૧૯૭૧**

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સન્તમંડળનાં ઘણાં-ઘણાં કરી આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક ડાયાભાઈ, જીણાભાઈ તથા ગોવિંદભાઈ, જેરામભાઈ, દેવરાજભાઈ, પરશોત્તમભાઈ, છગનલાલ, રમણિકલાલ તથા ઘરમંડળ નાના-મોટા તમામને શ્રીજી મહારાજ સુખી રાખો.

તમારી કંકોત્રી મળી.વાંચી આનન્દ થયો, તમારા પુત્રીઓ શાન્તા તથા મંજુલા બાઈઓ, સારા યશસ્વી રહો, સુખી હો. નિર્વિઘ્ન કામકાજ પતો અને સહકુટુમ્બ વધારે સુખી હો. **અમો ત્યાં મૂર્તિમાં છીએ એમ ધારીને પ્રત્યક્ષની અદબ મર્યાદા સાંચવીને કાર્ય કરજો.** શ્રીજીમહારાજ તમારી રક્ષા કરો અને સન્તો રક્ષા કરો. વધારે ભજન કરજો. વધારે ઉત્સાહથી ઉત્સવ ઉજવજો. એ જ.

ભક્તનું ધારવું તે ભગવાનનાં ધાર્યા ભેગુ જ હોય. તેમાં વિજય થાય છે. તમારો જય હો.

બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૧ **તારીખ : ૦૩-૦૭-૧૯૭૧**

જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં તથા સન્ત મંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક ખીમજી ટપુભાઈ તમોએ મોકલ્યા તે રૂ. ૧૦૦ મળ્યા. આશીર્વાદો આપ્યા છે. તમારા લખવા પ્રમાણે કરીએ પણ સ.સ્વા. નિર્ગુણાદાસજી સ્વામી જેતપુર બિરાજે છે. આહીં ક્યારેક પધારે છે.

સ.સ્વા.હરિપ્રસાદદાસજીનાં સન્ત દેવપ્રસાદ તથા ભણનારા વિગેરે ઉના બિરાજે છે. તો ત્રણ મંડળ ભેગા થવા સમય ન આવે. જેથી તમો ફરીથી અમોને લખો તે પ્રમાણે વ્યવસ્થા કરીએ. ચોખવટ લખજો.

ખીમજી ટપુભાઈને આશીર્વાદ, **સારા કામ કરો, કમાઓ, ધામમાં જવા માટે વાપરો.** સેવક વેલજી રવજી વિગેરે સર્વે સેવકોને અમારા આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ કહેવા. બધા સુખી રહો.

શનિવારે ધામધૂમ કરી હશે. વધારે ધામધૂમ કરજો, પૂજા કરજો, સત્સંગ કરજો. અષાઢ પૂનમ, ગુરૂ પૂનમે ઉત્સવ કરજો. સત્સંગ સમાજ વધજો. એ જ.

શ.શા.ગોપાળચરણદાસજી સ્વામી ત્યાં હોય તો અમારા જય સ્વામિનારાયણ કહેજો. ખુશી ખબર લખજો. હસ્તરેખા ચિન્હોનો ફોટો અમારો આજે છપાવવા અમદાવાદ આપેલ છે. તેની પાંચ હજાર રંગીન કોપી કઢાવી છે તૈયાર છે. તેનો ખર્ચ એક હજારથી ઓછો આવશે તે જાણવા માટે લખેલ છે. પાંચ દશ દિવસોમાં છપાઈને પારસલ જૂનાગઢ આવશે.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૨ **તારીખ : ૩૧-૦૮-૧૯૭૧**

જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક મોહનલાલ રતનશી તથા તમારા બાળ બચ્ચા સુખી રહો. ભક્તિ વધારે કરો. શ્રીજી મહારાજ રક્ષા કરતા રહો. કામકાજ મળતા રહો.

તમારી સમઝણ સારી છે. કથાવાર્તા કરવી. **ભગવાનમાં લગની લાગે ત્યારે આળસ નિંદ્રા ઓછી થઈ જાય છે.**

ગુરૂમંડળને જય સ્વામિનારાયણ કહેવા, વાંચવા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૩ **તારીખ : ૨૪-૦૯-૧૯૭૧**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક અમરશીભાઈ, ખીમજીભાઈ, કરશનભાઈ તથા ગુરૂભાઈ તથા કુટુમ્બ બધાંને અમારા આશીર્વાદો, શ્રીજી મહારાજ સુખી રાખો.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિમાં વધો. ભજન કરો. ઉપાસના ઉત્તમ રાખો, ભગવાન મળ્યા છે તે સારી રીતે ભજવા. તમારી ચઢતી કળા હો. સેવાઓ કરો, કમાઓ, આનન્દ માનો, **અખિલ ભૂમણ્ડલીયમાં ઘણો ઉપદેશ છે. કાગળમાં લખવો પડે તેમ નથી.**

રતિલાલ આનન્દમાં છે.સારા સમાચાર કીધા છે, **સત્સંગ વધે તેમ કરવું, ઘટે તેમાં નુકશાન. માટે મર્યાદા, ભક્તિ, સંયમ, નિયમ વગેરે વખણાય તેમ ભક્તિમાં વધવું.**

બધાને જય સ્વામિનારાયણ કહેજો.

•❀•❀•❀•

પત્ર નં.-૨૪ **તારીખ : ૦૧-૧૦-૧૯૭૧**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં બધા સત્સંગીઓને આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ કહેવા, વાંચવા.

સેવકો અમરશી ટપુ વિગેરેને ચઢતી કળા રહો, તમારા કુટુમ્બીઓ સુખી રહો. ઉત્સવ સારો કરવો. **વારંવાર કથા વાંચવાથી યાદ રહેવા લાગે. આરતી કરવી, ધૂન્ય કરવી, થાળ ધરવા, માનસી પૂજા કરવી, પ્રત્યક્ષ દર્શન થાય.**

તમોને શ્રીહરિ સદા સુખી રાખો. **ભજન ભક્તિ વધારો કરજો, કથાવાર્તા કરજો, જ્ઞાન શીખજો, ધામમાં બેઠા છો એમ સ્થિતિ કરજો.** એ જ.



પત્ર નં.-૨૫ **તારીખ : ૦૧-૧૧-૧૯૭૧**

જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય

સેવક અમરશી ટપુભાઈ તથા ગુરુભાઈ મંડળને અમારા આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

તમારી ભાવના, દર્શન, સમૈયા, ઉત્સવ, આનન્દ છે. તે તમો ત્યાં કરો છો. વધારે ભક્તિ કરવી. દેશમાં આવો ત્યારે દર્શન કરવા. **દેવ દર્શન, ગુરૂસેવા, ભજન-ભક્તિ, સત્કાર્ય કરવા. જેને ભાગ્યમાં ન હોય તેને પણ ભગવાન તો ઓળખતા હોય જેથી લાભ ન મળે તેનો શોક-હરખ ન કરવા.** એમ સમજણ જાણકારપણારૂપી દરવાજે ખબરદાર રહેવું. બધાને જય સ્વામિનારાયણ.

આજ્ઞા હોય તો દર્શને આવીએ એમ લખો છો. પછી તમારૂં ધ્યાન ન રખાય, સારી સરભરા ન થાય અને દુઃખ લાગે તો મૂળગામાંથી મરી જાઓ માટે કલ્યાણ ધારીને આગળ વધવું, સ્વાર્થ ન રાખવો. સ્વાર્થ ભૂંડુ કરે. એ જ.



પત્ર નં.-૨૬ **તારીખ : ૨૬-૧૧-૧૯૭૧**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો તથા તમારા કુટુમ્બને જય શ્રીસ્વામિનારાયણ કહેશો, ખુશી ખબર લખતા રહેજો.

સેવક ભગવાનજી રાજા તથા તમારૂં કુટુમ્બ સર્વે અતિ સુખી રહો. ભક્તિ કરો, કામકાજ કરો, આનન્દમાં રહો, હ.ક.સાજા રહો. **આ મનુષ્ય દેહ ભગવાન ભજવાનો છે, સમજણ ઉત્તમ રાખવી, ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરવો. પંચાળાનું સાતમું વચનામૃત વાંચવું, શ્રીહરિને દિવ્ય ભજવા. તે મૂર્તિમાં દિવ્યતા જોવી અને આનન્દમાં રહેવું.** મોટર લીધી તે સારું કર્યું. કરશનભાઈ લુવાર દ્વારા તે મોટરના રૂપિયા અમારે આવવાના છે, તે મોટર અમોએ વેચાતી લઈને કૂવામાં ગોઠવી હતી. તમોએ કેટલે રૂપિયે રાખી તે અમોને જણાવજો અથવા કરશનભાઈ આવશે ત્યારે ખબર પડશે.

કામકાજ મળતા રહો, બાળ બચ્ચા સુખી રહો. એ જ.



પત્ર નં.-૨૭ **તારીખ : ૦૫-૦૫-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક મોહનલાલ રતનશી તથા ગુરૂમંડળ બધા સુખી રહો. ૨૫ પહોંચ્યા, રસોઈ કરી જમાડશું. ઠાકોરજી રાજી થાશે.

હળીમળીને રહેજો. જે બોલવામાં વિખવાદ ન કરવો. ભજન કરવું. ભેદભાવ ન કરવો. સાથે ભજન કરો જેથી તમારામાં કુસંપ ન થાય. અમોને હરિભક્તિોનો વિખવાદ ગમતો નથી. જેથી અમો જુદૂં મંડળ રચતા નથી. બધાને ના પાડીયે છીએ. હેત હોય તે પૂજો, સંભારો, મળો.

બધાને જય સ્વામિનારાયણ કહેવા. બધા રાજી. એ જ.

અમો આવતી કાલે તા. ૬ થી એક અઠવાડીયું રાજકોટ રોકાશું.

- કૃ.વ.આ.



પત્ર નં.-૨૮ **તારીખ : ૨૨-૦૬-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં-ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક મોહનલાલ રતનશી તથા તમારૂં કુટુમ્બ સુખી રહો.**કથાવાર્તા કરજો. સત્સંગ વધારજો. કુસંગ ન થવા દેવો.** હરિલાલ હસમુખ વિગેરે ચઢતી કળા રહો.

લાલચુ સત્સંગ વધતો નથી અને વિજય થાય નહીં. સાચો સત્સંગ વધશે. વિજય થાશે. ભજનમાં બળીયા થવાય અને થાશો. સેવા તો બાલમુકુન્દ દાસજી સ્વામીના બ્લોકનો ત્રિરંગી બ્લોક કરાવવો છે અને છપાવીશું. બ્લોક તથા છપામણના મળીને હજારેક અંદાજ લાગે છે, પછી થાય ત્યારે ખર્ચની ખબર પડે. એ જ, તમારાં ઘર ચઢતી કળામાં હો.

ગુરૂમંડળ, ભીમ એકાદશી.



પત્ર નં.-૨૯ **તારીખ : ૨૪-૦૬-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સન્ત મંડળના ઘણાં કરી આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. તમોને શ્રીજી મહારાજ સુખી રાખો.

સેવક અમરશીભાઈ તથા તમારા ભાઈઓ, ગુરૂમંડળી તથા કુટુમ્બ તમોને બધાને શ્રીજીમહારાજ સુખી રાખો. ખુશી ખબર લખતા રહેવા. સાજા રહો, કામકાજ મળતા રહો.

સભામંડપનો બીજો માળ ઢાંકવાની તૈયારીઓ થઈ છે. **ભૂમંડળીમાં સત્સંગ વધારવાનો ઉપદેશ જ છે - વાંચવું.**

કેટલો સત્સંગ વધે છે તે તો વર્ષ ગયે-ગયે જણાતું જાય.

શ્રીજી મહારાજ સારૂં કરો, ભજન ભક્તિ કરજો, અમો દયાદ્રષ્ટિ હેતવૃત્તિથી સેવીએ છીએ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૦ **તારીખ : ૨૨-૦૭-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચશો.

સેવક અમરશી ટપુ તથા તમારૂં કુટુંબ સુખી રહો. તમોએ લખ્યું તે પ્રમાણે હવે ભગવાન તમારો સંકલ્પ પૂરો કરે તેમ માવજત કરવી. વળી તમે જે કામ માંડી વાળ્યું તે ઠીક કર્યું, દવા લેવી અને **સારો યોગ રાખવો જેથી સુખ-શાંતિ થાય, સંકલ્પ પૂરા થાય અને ભગવાન ભજાય, કામકાજ મળતા રહે. ભજન કરવું અને ભજન કરીને મોક્ષ મેળવવાનું તાન રાખવું. આ લોકના પદાર્થની વાસના ન રાખવી. સમઝણમાં સુખ છે. સત્સંગનો યોગ રાખવો.** એ જ.

બધાને જય સ્વામિનારાયણ કહેવા.

દેવપ્રકાશદાસજીને ચિત્ર ફોટાના બ્લોકો કરાવવા મુંબઈ મોકલ્યા છે. એક જણ તમો મુંબઈ તુરત જઈને ૫૦૦, આપી આવજો. ત્યાં થોડું રોકાશે અને અમોને કાગળ લખજો.

•❀•❀•❀•

પત્ર નં.-૩૧ **તારીખ : ૧૧-૦૮-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક શાન્તિલાલ તમો સકુટુમ્બ સુખી થાઓ. શ્રીજી મહારાજ તમારાં સારાવાનાં કરો. **પાંચ માળાઓ શ્રાવણમાં વધારે નિયમની ફેરવજો. બધુ સારૂં થાશે. મુંઝાવું નહિં, સૂર્ય ઊગે અને આથમે, તેવી રીતે ચઢતી-**

પડતી, સુખ-દુઃખ, સારૂં-નરસુ, લાભ-હાની થયા જ કરે છે. સંસારની ઘડતર તેવી જ છે. રંક રાજા થાય અને રાજા રંક થાય. માટે હિંમત રાખવી. ભગવાનની ભક્તિ મદદ કરે તે કરતા રહેજો.

કામકાજે સફળતા મળશે. જોઈ વિચારીને કામકાજ કરવા. આંધળુકીયા ન આદરવા. કામકાજમાં ધ્યાન પડશે. સારા આશીર્વાદ આપીએ છીએ, સુખી થાઓ.

હવે વર્ષો નબળાં આવશે. જેથી સંભાળીને વ્યવહાર ચલાવવો. મુંબઈ કોઈ સાથે રહીને કામ મળે અને કરો તો લાભ નહીં તો ગેરલાભ થાય. માટે વિચારીને જાવું. રાજકોટ કામ મળે તો વધારે સારૂં. વરસાદ તો ભગવાનની ઈચ્છા. એ જ.

જય સ્વામિનારાયણ વાંચવા, કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૨ **તારીખ : ૧૯-૦૮-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક રતિલાલ હંસરાજ વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો.

ભજન-ભક્તિ વધારે કરો. આ લોકના રીતરીવાજ ઓછા કરો. પરલોકના રીતરીવાજો વધારે પાળો, પળાવો. ધ્યાન, ભજન, સેવા, ભક્તિ કરતા રહો. નિયમ પાળો, શ્રીજીને ભજો, આનન્દમાં રહો, સુખી રહો.

આપણા સન્તોની સેવા કરજો. રાજી કરજો. પ્રેમજી માસ્તરને જય સ્વામિનારાયણ કહેજો. બધા મંડળને જય સ્વામિનારાયણ કહેવા.

તમારા કુટુમ્બોને શ્રીજી સુખી રાખો. એ જ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૩ **તારીખ ૨૩-૦૯-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિગેરેનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક અમરશી ટપુભાઈ તમારા તરફ મીઠી નજર છે. **ભજન-ભક્તિ વધારે કરતા રહેજો. હેત-પ્રીત, અક્ષરધામ વાસ્તે કરવાની આ લોકના સ્વાર્થ માટે નહીં, માટે તપાસ કરીને અન્તર્દ્રષ્ટિ તથા ભક્તિમાં રહેવું. કામકાજ પોતાની મરજી પ્રમાણે કરે તેનો જય થાતો નથી, ભગવાન ઉપર ઢોળે અને પોતાનું ધાર્યું કરે અને વાંકમાંથી નીકળી જાય તેવા ભગવાનને છેતરે તેનું ક્યાંથી સારૂં થાય માટે બ્રહ્મવેતા થાવું તો સાચા બ્રહ્મવેતા થાવું તો ભગવાન ભળે, ભક્તિ વધે, સત્સંગ વધે.** (અધૂરો પત્ર)

•❀•❀•❀•

પત્ર નં.-૩૪ **તારીખ : ૨૬-૦૯-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનાં ઘણાં કરીને જય શ્રીસ્વામિનારાયણ કહેજો.

સેવક દેવજી ભગત વિગેરેને શ્રીહરિ સુખી રાખો. બધાને જય સ્વામિનારાયણ કહેવા. ખેતરના નકશામાં નીચે મુજબ કરજો.

કૂવામા ——— સળ /// લસરડા હોય તે જગ્યા સારડો નાખો તો પાણી થાશે. ઠાકોરજીને ધરીને પાણી કૂવામાં ફેકજો જે ઠેકાણે પડે તે ઠેકાણે સારડો નખાવજો. શ્રીજી મહારાજ પાણી આપશે.

તમારા ગુરૂભાઈઓને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ કહેવા.

સમજાવવાનું બાકી નથી, **ડાહ્યા-ડાહ્યાને ઓળખાણ થાય, બીજા તરે ગાંડા ગણાય.** ભજન કરવું, કમાવું, સેવા ઉત્સવ કરવા, આનંદમાં રહેવું.

લીલો ભીનો રાફડો, રહેતો હોય ત્યાં કૂવો કરે તો પાણી ઘણું થાય.

•❀•❀•❀•

પત્ર નં.-૩૫ **તારીખ : ૨૯-૦૯-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક માવજી મનજી તથા સત્સંગીઓને શ્રીજી મહારાજ વધારે સુખી રાખો. તમારા કુળ, કુટુમ્બ, પરિવાર, સારી રીતે સુખી રહો. **કથા-વાર્તા, ભજન, સ્મરણ, કરતા રહો. ભગવાન ભજો અને અન્તરમાં વૃત્તિ રાખીને ભગવાનની મૂર્તિ ધારતા રહેવી. તેથી સુખ વર્તે ધામમાં શ્રીહરિ સાથે રહેવાય. આ લોકનું બંધન ન થાર.** કામકાજ કરતા રહો, નિર્લેપ રહો. ઉપાધિ ન વળગે. નિરૂપાધિ રહેવાય અને ભગવાન સાંભરે તેમ કરતા રહેવું.

બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

પત્ર નં.-૩૬ **તારીખ : ૦૪-૧૦-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક અમરશી તથા ગુરૂભાઈ મંડળની ચઢતી કળા હો. એક પંચાગ મોકલી આપશો. ફોટા માટે મહેનત ન કરવી, કરવી હોય તો આવતે વર્ષે કરવી. સ.સ્વા. બાળમુકુન્દદાસજીના બ્લોક ફોટા મુમ્બઈ છપાવાની તૈયારીમાં છે તે ફોટા તમો કહેશો તેટલા દિવાળી ઉપર આંહી આવી જશે તો મોકલાવી આપશું. **ભગવાનનો દ્રઢ આશરો, ભક્તિ, સેવા, ધ્યાન, પૂજા, સ્નેહ કર્યા કરવાં, વધારવાં અને ધામમાં જવાય એવો સત્સંગ કરવો.** બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૩૭ **તારીખ : ૧૩-૧૦-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક વાલજીભાઈ કેશવજીભાઈ વિગેરે સકુટુમ્બ તમો સુખી રહો.

શનિવાર તા. ૨૩-૯-૭૨ પુનમ, રાતના ૧૨ વાગ્યે, મીન રાશિના ચન્દ્રમાં છે. તેના અક્ષરો દ, ચ, ઝ, થ છે. દામજી, દીનેશ, દલસુખ, દામોદર, દયાળજી, દુર્લભજી, દેવજી, દિનકર વિગેરેમાંથી નામ રાખજો.

બન્ને સુખી થાઓ, ભજન કરો, આનન્દ કરો. વધારે ભક્તિ કરવી. **વિશેષ વિગત દિલમાં હોય તે આશીર્વાદ ફળે.** એ જ. આનન્દના કેફમાં રહેવું.

ભગવાન અને મોટા સન્તની ઓળખાણ મહાશાન્તિ આપે છે. તેને સંભારી ભક્તિ કરવી.

સેવક દેવજી કાનજીભાઈ વિગેરે સુખી રહો. નરેન્દ્ર કાનજીને શ્રીજી મહારાજ સુખી રાખો. **વધારે હેતપ્રીત ભક્તિથી ભગવાનને સંભારવા. મૂર્તિ ધારવી. ઉત્સવ કરવા અને પોતાના રક્ષક પ્રભુનો દૃઢ આશરો રાખવો.**

નિરમળાને રક્ષા બાંધજો. નહીં રોવે, ધાવશે.

બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.



પત્ર નં.-૩૮ **તારીખ : ૧૫-૧૦-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં તથા સન્ત મંડળનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. ઘણાં-ઘણાં આશીર્વાદો સાથે તમારા કુટુમ્બને જય શ્રીસ્વામિનારાયણ કહેજો તથા ભજન કરજો.

સેવક પરશોત્તમ શામજી ચોટલીયા તથા તમારાં બાળ બચ્ચા સુખી રહો, ચિરંજીવી હો. ભજન-ભક્તિ વધો. આનન્દમાં રહો, ખુશી ખબર લખતા રહેજો. સારૂં કમાઓ, સારૂં કરો, ચઢતી કળામાં રહો અને શ્રીહરિને ધારતા વિચારતા રહો. **ભગવાનમાં ચિત્ત જોડવા, જ્યારે-જ્યારે બીજું સાંભરે ત્યારે મૂર્તિને વચ્ચે લાવવી, સંભારવી એવો અભ્યાસ કરવો.**

૨૫ મની ઓર્ડરથી મળ્યા તેમાં પાંચ રૂપિયા મંદિરમાં તમારા નામે જમા કરાવ્યા છે. પહોંચ લીધી છે. અમારી પાસે રાખી છે. ૨૦ સેવામાં સ્વીકાર્યા છે.

ભા.સુ. ૧૪, શુક્રવાર તા. ૨૨-૯-૭૨, કુંભરાશિના અક્ષરો ગ, શ. ગોવિંદ, ગીરધર, ગોપાળ, શંભુ, શિવજી, ગિરીશ, શાંન્તિલાલ વિગેરે નામોમાંથી ઠીક લાગે તે નામ રાખજો.

બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૩૯ **તારીખ : ૧૬-૧૦-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં સારા આનન્દમાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક વાલજી કેશવજી ચોટલીયા તથા કુટુમ્બ સુખી રહો. તમારા કુટુમ્બ, પરિવાર, મિત્ર મંડળને જય શ્રીસ્વામિનારાયણ કહેજો. **પ્રત્યક્ષ શ્રીહરિનું ભજન અતિશય કરજો. ભક્તિથી ભગવાન રાજી થઈને તારે છે, તથા રક્ષા કરે છે.** રૂ. ૩૫, મનીઓર્ડરથી મળ્યા, સેવામાં અંગીકાર કર્યા છે. તમારા ખુશી ખબર લખજો. તમારો સત્સંગ રંગ ચઢતો રહો, બધાને સેવકોને આશીર્વાદ સાથે હેતથી જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.



પત્ર નં.-૪૦ તારીખ : ૦૪-૧૧-૧૯૭૨

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં નવા વર્ષનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક તુલસી મનજીભાઈ તથા ધનજી ચકુભાઈ વિગેરે સહકુટુમ્બ શ્રીજી મહારાજ સુખી રાખો.મુમ્બઈ કામ મળ્યું તે કરજો. ભગવાનની ઈચ્છા મુજબ કરવું. **જ્યાં લેણાદેણી ન હોય તે મેલી દેવું તો સુખી થવાય.** તમો મુમ્બઈ ગયા તે દિવસે ત્યાં કાન્દીવલીમાં સત્સંગીઓએ ઉત્સવ સમૈયો કર્યો હતો. એમ સમાચાર છે. દયાથી સુખી થાશો, શ્રીજીને વધારે ભજજો. એ જ.

ધીરજ રાખવી, ભાગ્યથી વધારે મળતું જ નથી.

બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૪૧ **તારીખ : ૨૬-૧૨-૧૯૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, કહેશો.

ઉરન, સેવક તુલસી મનજી વિગેરે સુખી રહો. તમારા પુત્ર, પરીવાર, કુટુમ્બ સુખી રહો. શ્રીજી મહારાજ સુખી રાખો. વધારે ભજન કરજો. મોહન, હસમુખ, ધીરજલાલ વિગેરે સુખી રહો. કથાવાર્તા કરતા રહેજો. કારીગરો સત્સંગ કરજો. શ્રીજી મહારાજ તમારી રક્ષા કરો. **પુસ્તક વાંચવા, કથા કરવી, જેથી સત્સંગ બલિષ્ઠ રહે. બોલીને ભજન કરવું, ઘાટ મટી જાય.**

જન્મતારીખ, રવિ આસો સુદ ૧૫, ૨૨-૧૦-૭૨ રાત્રે ૧૧।। વાગ્યે મેષ રાશિ બેઠેલી છે. તેના અક્ષરો અ, લ, ઈ. અરૂણા, ઈશા, લલિતા, લાડકી, લીખા, લક્ષ્મણા, લક્ષ્મી, ઈશ્વરી, અમૃત વિગેરેમાંથી નામ રાખજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૪૨ **તારીખ : ૦૮-૦૧-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજો તથા તમારા કુટુંબ, પરિવાર, મિત્રમંડળને જય સ્વામિનારાયણ કહેશો.

સેવક વાલજી કેશવજી, કથા વાંચતા-વાંચતા યાદ રહેવા મંડશે, જાજા પાઠ કરવા, ભજન કરજો, કમાજો, સારી ધારણા રાખજો. સારા વિચારો રાખજો. સેવાઓ કરતા રહેજો. સત્સંગ કરતા રહેજો.

ભોગવેલું ભૂલાઈ જશે, સંભારવું નહીં, હવેથી નામું લાભમાં સિલિક રહે તેવું કમાવા ધ્યાન રાખવું. **ધામમાં જવાય અને રહેવાય એવી ભક્તિ કરવી.** તેમો ઓળખો છો તે પ્રમાણે વર્તવું સમઝવું. એ જ.

સ્વાર્થનો સત્સંગ થાય તોય ઘણું સારૂં. ભગવાન પાણી આપશે. નવો કુવો ગળાવજો. પાણી આવશે. પ્રસાદીનું પાણી રેડીને ખોદવું.

કાગળમાં શિરનામું લખતા રહેવું, કવરમાં લખવું.

•❀•❀•❀•

પત્ર નં.-૪૩ **તારીખ : ૦૯-૦૧-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, કહેશો.

સેવક માવજી મનજી વિગેરે તમારૂં કુટુમ્બ સુખી રહો. બાબાનું નામ દિલસુખ પાડ્યું તે ઘણું સારૂં.

વચનામૃત એક સારૂં લાગે તે રોજ વાંચવું, બે મહિને કંઠે થઈ જાશે પછી બધું યાદ રહેવા મંડશે. તેમાં જે ઉપદેશનાં સારાં-સારાં હોય તે વાંચવા, સન્ત સમાગમનાં વાંચવા, ભજન કરજો. ઘર કુટુમ્બ બાબો ચીરંજીવી રહો, આનન્દમાં રહો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૪ **તારીખ : ૧૩-૦૧-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ઘણાં-ઘણાં કરી જય શ્રીકૃષ્ણનારાયણ વાંચશો તથા સર્વે શ્રીહરિ શરણાગતિ મંડળને જય શ્રીસ્વામિનારાયણ કહેશો.

તમારી ચઢતી કળા હો, **ભજન-ભક્તિ વધારે કરજો. જે જે કરશો તેનું અનન્ત ગણું ફળ મળશે. સત્ય વસ્તુને સમજ્યા પછી જે-જે કાંઈ સ્વલ્પ પણ સેવા ઉત્સવ ભજન થાય તે અનન્ત ગણું થાય માટે જે કરો છો તે ઠીક કરો છો. શ્રીહરિને ભજવા, સન્તને વધાવવા, સત્સંગ કરવો, ભગવાન અને સન્ત એ બે કલ્યાણકારી છે તથા જોવા જેવા તે બેજ છે. બાકી પદાર્થોમાં કાંઈ માલ નથી. ભગવાન અને સંત લેખે શું શું ન થાય ? ગામગરાસનો પણ ત્યાગ કરે તો બીજી શી વાત કહેવી. માટે તમોએ જે ફાળો ચાલુ કર્યો તે મંજૂર જ છે, કરજો. સારાવાના કરજો. કલેશ થાય તેમ ન કરજો. સુખ થાય તેમ કરજો.** ગુજરાતી પુસ્તકનું નામ 'અખીલ ભૂમંડલીય સાંપ્રદાયિક મુક્તિવ્યવસ્થા' કિમ્મત ૮ રૂપિયા, પોસ્ટ ખર્ચ જુદુ. બધાને જય સ્વામિનારાયણ કહેવા, વાંચવા.

તા. ૧૦-૧-૭૩ ના કાગળમાં છાપેલ શિરનામે આ પત્ર મોકલેલ છે. તેમાં હરિલાલ પહેલું નામ છે. તેથી હરિલાલ વેલજીનું શિરનામું મેળવી લખેલ છે. ખાસ શિરનામું પત્રમાં લખવું. આન્તર્દેશીયામાં તમોએ શિરનામું લખેલ નથી.

શ્રીહરિ શરણાગતિ મંડળ ગુરૂભાઈ સેવકમંડળ સંગઠન કરતા રહેજો.

હરિલાલ, શાન્તિલાલ, જેરામભાઈ, તુલસીભાઈ, કાનજીભાઈ, નાનજીભાઈ, હરિલાલભાઈ, મોહનભાઈ, નરસીભાઈ, રતનશીભાઈ, દેવરાજભાઈ, અમૃતભાઈ, અંબાલાલ, કેશવજી હરી તથા મધુ ડાયા, નથુભાઈ દયાળજીભાઈ, લક્ષ્મણ મીસ્ત્રી, પ્રેમજીભાઈ આદિકને હા સામેલ તે બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

હિન્દી વચનામૃતો, હિન્દી ગુણાતીતાનન્દસ્વામી વાતો (પાંચ પ્રકરણ) હિન્દી ગોપાળાનન્દસ્વામી વાતો (ત્રણ પ્રકરણ) - કોઈ મુમુક્ષુ હોય, પરસમ્પ્રદાયી તેને પણ દાનમાં આપવા ગોઠવણ રાખવી.

- કૃ.વ.આ.



પત્ર નં.-૪૫ **તારીખ : ૨૯-૦૧-૧૯૭૩**

સેવક તુલસી મનજી તથા તમારૂં કુટુમ્બ સર્વને શ્રીજી મહારાજ સુખી રાખો. વધારે ભજન કરજો.

ધનજીભાઈ, મોહનભાઈ, નાનજીભાઈ, હસમુખભાઈ આદિકને જય શ્રીસ્વામિનારાયણ કહેવા. ઉરનમાં કામધંધો મળ્યો તે ઘણું સારૂં. **વચનામૃતો વાંચતા રહેવા. ધીરે-ધીરે સમઝાશે. પોતાના અંગની વાત હોય તેમાં વધારે સમઝાય અને ઘડ્ય બેસે તથા રસ આવે માટે બધો પાઠ કરતો રહેવો દરરોજ વાંચવા. એકાન્તિકનો સંગ રાખવો. પ્રગટ શ્રીહરિ સર્વત્ર છે. અને સંભાળ રાખે છે. સત્સંગ વધતો જાય છે.** એ જ.

ચઢતો રંગ રાખવો.

- શાસ્ત્રીજી કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચવા.



પત્ર નં.-૪૬ **તારીખ : ૧૦-૦૩-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક અમરશી હંસરાજ વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો, આનન્દમાં રહો.

આત્મને બ્રહ્મરૂપે વરતાવવો, દેહરૂપે ન વરતાવવો તો ભક્તિ વધારે થાય અને શાન્તિ વરતે. દેહરૂપે વર્તે તેને બધૂં જોઈએ, ન મળે તેના ઉદ્વેગ

થયા કરે. માટે બ્રહ્મસત્તાએ વરતવું અને ભજન કરવું. ભગવાન અને સન્તોને સંભારતા રહેજો.

અમરશી ટપુનો કાગળ હતો તેને જય સ્વામિનારાયણ. મંડળને જય સ્વામિનારાયણ કહેવા. સ.સ્વામી બાલમુકુન્દદાસજીની છબીઓ મુમ્બઈથી છપાઈને આવી ગઈ છે.

- કૃ.વ.આ.



પત્ર નં.-૪૭ **તારીખ : ૧૦-૦૩-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક મોહનલાલ રતનશી પરમાર તથા હરિલાલભાઈ તથા પ્રાગજીભાઈ, શાન્તિલાલ, હરિલાલભાઈ, મોહનભાઈ, હરિભાઈ, જેરામભાઈ, અંબાલાલભાઈ, નાથાલાલભાઈ, અમૃતલાલભાઈ, કેશવજીભાઈ, દેવરાજભાઈ, નરસીભાઈ, દયાળજીભાઈ, મોહનભાઈ, પ્રેમજીભાઈ, રતનશીભાઈ તમોને સર્વને શ્રીજી મહારાજ સુખી રાખો. તમારા કુટુમ્બ પરીવાર સુખી રહો. કામકાજ કરતા રહો. કમાઓ. ભગવાન ભજો. **ભગવાનને અને સન્તને કાયમ સંભાર્યા કરવા. જોવા જેવા તો ભગવાન અને સાધુ બે જ છે. બીજુ બધુ તો જોવા જેવું નથી, પણ જીવને આસક્તિ હોય તેથી પરાણે જીવમાં પેસી જાય અને સુખ ન થાવા દે માટે કાયમ ભગવાન અને સાધુ ભેગા રાખવા.**

સાંજે ૧૦-૧૦ બુકોનાં બે પોસ્ટ બુક પોસ્ટ કરેલા છે. ૨૦ તે તમોને મળે એટલે તુરંત જ જવાબ લખજો.

૧ માં ૯ શિક્ષાપત્રીઓ
૧ અખિલ ભૂમંડલીય
૧૦

એમ બે પારસલમાં છે. ૧ માં દસ , ૨ માં દસ

નીચે પ્રમાણે શીરનામે મોકલેલ છે. બુક પોસ્ટથી મોકલેલ છે.

દિનેશ શાન્તિલાલ પરમાર - મોહનલાલ રતનશી પરમાર

ગુરૂનાનક બિલ્ડીંગ રૂમ નંબર-૧, હેમુ કલ્યાણી ક્રોસ રોડ નંબર-૩

મું. કાન્દીવલી, વેસ્ટ - મુમ્બઈ નં. ૬૭

મોકલનાર : શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.



પત્ર નં.-૪૮ **તારીખ : ૦૪-૦૪-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક મોહનલાલ રતનશી તથા પ્રાગજીભાઈ વિગેરે ૨૧ નંબર સર્વને જયશ્રી સ્વામિનારાયણ કહેશો. ખુશી ખબર લખજો. ભજન કરજો. કથાવાર્તા કર્યા કરજો. **ભગવાનને તથા સન્તોને સંભારવા. તેના ભેગું રહેવું છે. તેવા મુક્ત થાવું.દેહભાવ ટાળીને આત્મા બ્રહ્મમુક્તરૂપે વર્તવું.** એ જ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૪૯ **તારીખ : ૦૮-૦૪-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. બધાને જય સ્વામિનારાયણ પણ કહેજો.

સેવક વાલજી કેશવજી તથા નરેન્દ્ર દિનેશ વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો, વાંચવું. યાદ રહે તે રાખવું, ન રહે તો ભજન વધારે કરવું.

પાણી ઊંડા ઉતરી ગયા છે તેથી વધારે ખોદાણ થશે તો આવશે.

અમો રામનોમ પછી આદેશમાં બહાર નીકળવા ફરવા જવાના છીએ. હવે તમોને કઈ રીતે આવવાનું લખીએ. તમારી મરજી આવવું હોય તો આવજો. દિનેશ સાજો રહેશે.

ચાર હજારના સ્વપ્ના સેવવાનાં, મેળવવાના ભગવાન જાણે, બીજા દાખલા જોવા કેમ થયું છે. **સેવા તો ભાગ્ય સારાં હશે તો કરાશે. લાલચ તો કોઈ દી કામ દેતી નથી. જીવમાં ભજન કરવું. એટલે મૂંઝવણ મટી જાય. સુખી કેમ રહેવાય તેનો વિચાર કરવો.** એ જ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૫૦ **તારીખ : ૨૦-૦૪-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સુખી રહો, કામકાજ મળો. **ભજન વધારે કરો. પાંચમાળા વધારે ફેરવજો.**

સેવક પરશોત્તમ શામજી ચોટલીયા તમારૂં કુટુમ્બ, ઘરે માતાજી વિગેરેને શ્રીહરિ સુખી રાખો.

દીકરો તો સુખી થાવા હોય છે, આશા પૂરી કરવા આવે છે. હવે આવશે તે લાંબુ જીવશે, ભજન કરજો. ખુશી પત્ર લખતા રહેજો. **કથાવાર્તા કરવા, સાંભળવા વધારે શાન્તિ રહે.**

બીજા બાબાઓ આવશે, સુખી રહેવું, ચિન્તા ન કરવી, **મુક્ત જીવ જન્મ લઈ ધામમા ગયો. પ્રસાદી માત્ર તે જીવને જોઈતી હોય તે ધાવણ ધાવા આવે અને ભક્તને ઘરે દૂધ વિગેરે પીઈને ધામમાં જાય માટે અફસોસ ન કરવો. શાન્તિ રાખવી.** બીજા બાળ બચ્ચાંઓ થાશે. લાંબા જીવશે, રમાડજો. આનન્દમાં રહેજો. એ જ.

- કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચવા.



પત્ર નં.-૫૧ તારીખ : ૨૮-૦૫-૧૯૭૩

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક પરશોતમ તથા તમારા માતા-પિતાને શ્રીજી મહારાજ સુખી રાખો. ભજન વધારે કરજો, માળા ફેરવજો. **અખિલ ભૂમંડલીયમાં જ્ઞાન છાપેલ છે, કથાવાર્તા કરવી.** આનન્દમાં રહેવું, કામકાજ કરતા રહેવું. શ્રીજી મહારાજને ભજવા અને કેફ રાખવો. **બધૂંય ખોટું છે, ભગવાન સાચા છે. ભજજો.**

બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૨ **તારીખ : ૩૧-૦૫-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સમૈયામાં ભીડો હોય, ત્યાં ભજન કરવું. દેશમાં કામકાજે આવો ત્યારે દર્શન કરવાનો વિચાર રાખવો. કામકાજ પૂનામાં મળશે, મળતા રહેશે. **ભગવાન રક્ષા કરશે.** એ જ. બધા સુખી થાઓ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૩ તારીખ : ૧૭-૬-૭૩

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચજો તથા આશીર્વાદો વાંચજો.

ધનજીની સ્ત્રી તેમના પત્ની તમારા ભાણેજ વિગેરેને જય સ્વામિનારાયણ કહેવા. કાંદીવલી કામ ચાલૂ કરજો સારૂં થશે.

ઉરન - સેવક તુલસી મનજી, શ્રીહરિ સુખી રાખો. કામકાજ કરતા રહો. **ભગવાનને સંભારો. શાન્તિ વધે. જીવમાં ટાઢું રહે. સુખ લેતા રહેવું. હેતભજન સ્મરણથી સુખશાન્તિ વધે તે કરતું રહેવું.**

•❀•❀•❀•

પત્ર નં.-૫૪ **તારીખ : ૧૯-૦૬-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

સેવક મોહનલાલ રતનશી તથા હરિલાલ તથા હસમુખ, તમારા કુટુમ્બ સર્વને શ્રીજી મહારાજ સુખી રાખો. તમારી ચઢતી કળા હો, ભજન-ભક્તિ વધારે કરો, આનન્દમાં રહો. **મોટી મૂર્તિમાં ભગવાન શ્રીહરિનું સર્વોપરીપણું છે, દર્શન કરવા. તેમાં ભગવાનને પ્રત્યક્ષ જોતા રહેવા.**

સેવકની તબીયત સારી થઈ જશે. માથાનો દુ:ખાવો મટી જાશે, તાવ ઉતરી જશે. એક રૂપિયો મળ્યો છે. સારા આશીર્વાદ આપીએ છીએ. સુખી રહો. નીરોગી રહો, ભજન કરો. મોટી મૂર્તિ પારસલો જૂનાગઢ અમોને મળી ગયા છે.

સારા આશીર્વાદ બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૫ **તારીખ : ૦૮-૦૭-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. બધા કુટુમ્બીઓ સુખી રહો. અમો રાજી છીએ.

મુ. ચાવડા સેવક મગનલાલ હંસરાજભાઈ તથા વશરામબાપા તથા અમરશી ભગત તથા ટપુ ભગત સર્વે સુખી રહો. અમરશી ભગત કથાવાર્તા કરતા રહો. ઈંગ્લીશ વિષય સેલો લાગશે. વધારે ગોખજો.

ઘાટ સંકલ્પ ભગવાનનાં કરવા, જગતના ન કરવા એટલે અન્તર ચોકખુ થાય, ભગવાન સાંભરે. ભગવાનનાં દિવ્ય ચમત્કાર, લીલા ચરિત્ર સંભારવાં. શ્રીહરિ રાજી થાય. શ્રીજીની મૂરતિ સદા પ્રત્યક્ષ સંભારવી. એ જ.

- કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચવા.

પત્ર નં.-૫૬ **તારીખ : ૨૫-૦૭-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

વધારે ભજન કરવું, ભગવાન સંભારવા, જગતના ટોણાં તે વૈરાગ્ય ઉપજાવનારાં છે. જગતમાંથી વૃત્તિ તૂટે, પ્રગટમાં વૃત્તિ ચોંટે, શ્રીહરિ સાક્ષાત્ છે, તેને ભજવા, સંભારવા, રક્ષા કરશે, ધ્યાન રાખશે. તમો સારી સમઝણ વાળા છો અને વધારે દિવ્યપણે સમજણ રાખવી જેથી ઉપાસના ચોખ્ખી વધતી જાય. એ જ.

બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

પત્ર નં.-૫૭ **તારીખ : ૧૭-૦૯-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક મોહનલાલ રતનશી પરમાર તથા તમારા બાળ બચ્ચાંઓ સુખી રહો. કામ-કાજ કરતા રહો, મળતા રહો, સેવા કરતા રહો, વધારે ભક્તિ કરજો.

શ્રીહરિ શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેવા. **પ્રત્યક્ષ ભગવાન, પ્રત્યક્ષ સંત, પ્રત્યક્ષ સત્સંગીઓ, પ્રત્યક્ષ સત્સંગ, પ્રત્યક્ષ દર્શન, પ્રત્યક્ષ મહીમા આ બધુ આપણા ઈષ્ટદેવ શ્રીજી મહારાજને લઈને છે. માટે ઉત્સવ, સમૈયા, કથા-વાર્તા કરતા રહેજો. બળીયા સત્સંગીઓ થજો. આપણા સત્સંગની અંદર શ્રીજી મહારાજ અને તેના સન્તો પ્રત્યક્ષ બીરાજે છે, પરોક્ષ નથી. માટે ભજવા, આનન્દ આવશે.**

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૮ **તારીખ : ૨૧-૯-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

તમારા કુટુમ્બ પુત્ર પરિવારને આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ કહેવાં.

સેવક વાલજીભાઈ તમારૂ કુટુમ્બ વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો.

બીમાર નહીં થાઓ. બધાં સાજા રહેશો. જીવ નહિં મુંજાય. શ્રીજીને અને સંતને સંભારજો, માળાઓ ફેરવજો, ભજન કરજો.

મોટા બાપાના નામે ભાદરવામાં નારાયણ બલિ કરાવી નાખવું. અથવા ચૈત્રમાં કરાવવું. તેથી નડતર મટી જાય. તેનો જીવ સદ્‌ગતિએ જાય. નારાયણબલિ કરવાથી પાગલપણું વિગેરે નડતર મટી જશે. મગજ ફરી જવો મટી જશે. હેરાનગતિ મટી જશે.

તમોને કામકાજ મળતાં રહો, સુખી રહો, બરકત સારી રહેશે. સારા દિવસો જોશો. જપ ભલે જપાવ્યા. મુંબઈ જજો, ઉત્સવ કરજો પછી ખૂશી ખબર લખજો. એ જ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૯ **તારીખ : ૨૭-૦૯-૧૯૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક તુલસી મનજી, ઓધવજી ટપુ, ધરમશી મનજી તથા તમારું કુટુમ્બ સુખી રહો. સંપ રહો, સાથે કામ કરો. **સ્વાર્થ, કૂડ-કપટ, છેતરપીંડી, અહંભાવ ન આવવા દેશો તો તમારો સંપ સારો રહેશે અને ઘણો જ ફાયદો મેળવશો.**

બાધશો નહીં, કામ ખૂબ ઉપાડજો, સારાવાનાં થાશે. તમારા ધાર્યા પ્રમાણે સારાવાના થતા રહો. ચઢતી કળા હો, સુખી હો, સેવાઓ કરો, ભજન કરો, ઉત્સવ કરો, લ્હેરમાં વર્તો, આનન્દમાં રહો, કામકાજ ઘણાં મળશે, આશીર્વાદ.

બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃષ્ણવલ્લભાચાર્ય

•❀•❀•❀•

પત્ર નં.-૬૦ **તારીખ : ૧૪-૨-૧૯૭૪**

સુરત-૩, રામપુરા રોડ,
સ્વામિનારાયણ મંદિર.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવકો,

જેરામ ડાયા	આંબાલાલ ડાયા	જીવરાજ ડાયા
લાધા વીરા	મેપા નાનજી	વ્રજલાલ રણછોડ
નારણ જૂઠા	રતિલાલ મોહન	હરિલાલ ડાયા
કેશવજી હરિ	નથુ ગંગદાસ	દામજી દેવશી
મોહન ટપુ	મોહન	કેશવજી મનજી
પ્રાગજી ડાયા	રતિલાલ રવજી	વાલજી

હરિલાલ વેલજી	નરશી મનજી	અમૃતલાલ વાલજી
લક્ષ્મણ ડાયા	હરિલાલ મનજી	નારણ જેરામ
શાન્તિલાલ મોહન	પરસોત્તમ ડાયા	પ્રેમજી ટપુ
મોહન ડાયા	દેવરાજ ડાયા	નરસી ઘેલા
લાલજી મનજી	શાન્તિલાલ કેશવજી	મેપા ગંગદાસ
નાનજી મનજી	પરશોત્તમ મેપા	હરિલાલ મેપા
નાનજી ડાયા	ધનજી મેપા	નાનજી મેપા
		વેલજી મનજી

તથા નામો બાકી હોય તે બધા હરિભક્તો સહકુટુમ્બ પુત્ર પરિવાર સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

તમારા પત્રમાં જનરલ મીટીંગમાં ૧૯-૨-૭૪ માં કાંદીવલી હરિમંદિર કરવા ઉત્સાહ જણાવ્યો છે, તે શુભ સંકલ્પને ટેકો આપજો. **શ્રીહરિના ભજનમાં પછીથી જુદા-જુદા ભાગલા ન થાય અને દ્વેષ ન બંધાય તેમ કરજો. ગુરૂઓની ખેંચતાણથી મંડળો બાંધી મરે તે અમોને ગમતું નથી, તમો સંપ રાખો અને હરિમંદિર કરો તેમાં અમો રાજી પણ ફાળામાં ફાટા, ભેગા ભજનમાં ફાટા, જય બોલવામાં ફાટાં વિગેરે ડખા થાય તેવા માણસો ભેગા સંપીને રહે નહિં અને ધારેલા કામ થાય નહિં. ગતવર્ષોમાં ફાળા પૂજા સત્કારમાં પણ ફાટા પડેલા હતા, તો સમજીને કરજો, તમારા સંકલ્પ પૂરા થાઓ.**

ફાટામાં પોતપોતાના ગુરૂને બોલાવે અને ડખા ઉભા જ રહ્યા કરે તે ન કરવું. એ જ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૬૧ **તારીખ : ૧૮-૦૩-૧૯૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ તથા આશીર્વાદો વાંચજો.

શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો. ફોટા બીલ્લા બનાવજો. તમોને ગમે તેવા રૂપાળા બનાવવા. ડીઝાઈન તમારે ફોટા ઉપરથી કરાવી લેવા આજ્ઞા છે. તમારી રૂચિ પ્રમાણે કરજો. આનન્દમાં રહો, તમારી ચઢતી કળા હો, સુખી રહો. સેવા તમારે સમય-સમય ઉપર કર્યા કરવી. **અમો પરિપૂર્ણ બ્રહ્મ વર્તીએ છીએ. અમારે કોઈ વાતની તાણ નથી. અમારા સંકલ્પમાં બધું સર્જાય છે, માટે અધુરું નથી.** ૩૦ ભક્તોને વધારે આશીર્વાદ, રાજીપો, સુખી હો.

- કૃ.વ.આ.



પત્ર નં.-૬૨ **તારીખ : ૧-૪-૧૯૭૪**

જુનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશિર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક વાલજી કેશવજીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો.

નારાયણબલિ તીર્થમાં, નાશિક અથવા પૂનામાં દેવાલય હોય ત્યાં કરાવી લેજો.

નાશિક જાઓ તો બન્ને જણા જજો. **જીવ મુંઝાતો મટી જશે, નડતર મટી જશે, હેરાન નહિ થવાય, સારાવાના થશે.** દીનેશ પૂર્વનો યોગી હશે, તેથી કાનમાં છિદ્ર છે. બધું યાદ રહેશે, ભજન કરજો. વેલજી રવજી કહે તે સેવા ભજન કરજો.

- કૃ.વ.આ.



પત્ર નં.-૬૩ **તારીખ : ૪-૯-૧૯૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. ઘણાં રાજી.

સેવક કેશવજી હરિભાઈ તથા તમારૂં કુટુમ્બ સુખી રહો, બધાને જય શ્રીસ્વામિનારાયણ. જયન્તિલાલ, રમેશ, જગદીશ, હીતેન્દ્ર વિગેરે સુખી રહો, નિરોગી રહો. **ભજન કરો, ભગવાન સંભારો, સારાવાના હો.**

તમારો પત્ર મળ્યો. ૧૦૦૦ સેવાનો સંકલ્પ સારો કર્યો છે અને તે બાબતમાં તમો નીચે મુજબ કરો. નીચેના શીરનામે - મું. મોટી કુંકાવાવ, સૌરાષ્ટ્ર, જીલ્લો અમરેલી. સરપંચ લખમણભાઈ ભગવાનભાઈ સુખડીયાને પહોંચે. એ ઉપર પત્ર લખીને તેને આરસ સ્ટેચ્યુનો ખર્ચ - કેશવજી હરિભાઈ અમો આપવાના છીએ. તો તેની ગોઠવણી કેમ કરી છે તે જલ્દી જણાવો. તે પ્રમાણે અમો નાણાં આપવા તૈયાર છીએ વિગેરે-વિગેરે તમારે લખવું. બીજુ ખરડા બાબત ન લખશો. કાંઈપણ બીજી બાબત ન લખવી. શાસ્ત્રીજી પાસે ફાળો છે તેમ જણાવવું.

જવાબ આપે એટલે તેને સાથે રાખીને આરસ મૂર્તિ સ્ટેચ્યુ કરાવવા તમોએ જવું, ઓર્ડર કે ચૂક્તા જે કરવા હોય તે તમોએ એકલાએ કરવું. તો તે કામ પાર પડશે. માટે તે પ્રમાણે કરીને જેટલો ખર્ચ થાય તેટલો તમોએ ઉપાડી લેવો. પરબારા કાગળ પત્રથી વ્યવહાર કરીને સ્ટેચ્યુની બાબત તમો પાર પાડજો. આટલી ભલામણ છે. પછી જે થાય તે અમોને લખી જણાવવું. તમારૂં શિરનામું તેમને લખવું. એ જ.

જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૬૪ **તારીખ : ૦૬-૦૮-૧૯૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

આશીર્વાદો. **પ્રાર્થના પ્રમાણે ભગવાન તમારી સર્વેની રક્ષા કરશે. ભજન કરજો.** રાખડીના આશીર્વાદ.

સેવે તેને સુખ વધારે મળે અને દ્વેષ કરે તેને ન મળે. શ્રીજીને સંભારજો. સંપ રાખવો. અ.દ.અ.પુ. વિગેરે બધા સુખી હો. **ગુરૂભાઈ, ગુરૂબાઈ વિગેરે સુખી રહો.**

જય શ્રી સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૬૫ **તારીખ : ૨૯-૦૮-૧૯૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

પ્રાગજી ડાયાભાઈ ચૌહાણ શ્રીહરિ શરણાગતિ મંડળને શ્રીહરિ સુખી રાખો. બધાને ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

ફાળો સારી રીતે કરજો. વધારે ભજન કરજો. શ્રીહરિને સંભારવા. કામકાજ મળતા રહેશે. તમોએ ૫૦ ફોટા મળ્યા કે કેમ તે વાત લખી નથી, ભૂલી ગયા હશો.

સારૂં-નરસુ થયા કરે, ભજન કરવું. સારાવાનાં ભગવાનના હાથમાં છે. તે રાજી રહે તેમ સત્સંગ કરવો. નમ્ર થાવું અને રાજી રહેવું.

બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૬૬ તારીખ : ૨૮-૦૯-૧૯૭૪

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક ધીરૂભાઈ તમારા કુટુંબ સહિત સુખી રહો, ભજન ભક્તિ વધારે કરતા રહો, આનન્દમાં રહો. **વધારે ભગવાન અને સન્તમાં હેત રાખવું,**

તો અન્તકાળે સાંભરે ને મોક્ષમાં જરૂર જવાય. તે બે મોક્ષના દાતા છે. બાકી તો સંસાર ભ્રમણમાં નાખનારો છે, પાળશે તે ઉદ્ધરશે, બીજા કલિની પુષ્ટિ કરશે, સત્યયુગ વાળા સન્તને ઓથે ધામમાં જશે.

કળીના ચિન્હો - નદીયો સૂકાય, ભૂમિ નીરસ થાય, વૃષ્ટિ પછેડીવા થાય, માનવ વટલી જાય, વ્યવહારો મનધાર્યા બંધાય, ધર્મના પગ હણાય, વીશ વર્ષ સુધી જ આવરદાઓ રહે, મકાનો અને દરવાજા બારણા લય પામી જાય, રાજા લય થાય, વાસના વિહાર અને કીર્તન સરખાં વધતા રહે, એકેએક માણસ કલિયુગની મૂરતિ થઈને વરતે, તે કલિ જામ્યો કહેવાય. **જે ધર્મ પાળશે તેના હૃદયમાં ભગવાન વધારે રહેશે, તેને અવતાર સમજવા. અંશાવતારો ધર્મ-ભક્તિ પાળશે, પળાવશે. બાકી એક આરે થશે. ભક્તિમાં સમય કાઢવો.**

બધુ શાસ્ત્રોમાં પુરાણોમાં લખેલ જ છે. પ્રશ્ન ઉત્તરતો ચર્વિત ચર્વણ છે. આ જમાનામાં શુષ્કજ્ઞાનીઓનાં સાગરો રેલ્યા છે, પાર આવે તેમ નથી. એ જ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૬૭ **તારીખ : ૦૩-૧૦-૧૯૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

બધા સુખી રહો. સારાવાના હો, તમારી ચઢતી કળા હો, વધારે ભક્તિ કરજો.

અમરશી નાનજી રાઠોડ માટે ઉતાવળ ન કરશો. **આ જમાનો જલ્દી વાંસે પડી જવા જેવો નથી, માણસ મૂંઝાયા પછી ક્યાંય ઠેકાણું ન પડે ત્યારે સાન ઠેકાણે આવે પછી ઘરે આવે, માટે ચિન્તા ન કરવી.** તેમને લખવું. ઘરે આવશે. એ જ.

બળ આપ્યું છે - ભગવાનજીને પૂરતી મદદમાં રહેજો. તે સાથે કાગળ-પત્ર કરવા, લખવા. એ જ. ભગવાનજી લખે તેમ કરજો. આંહી અમારે ત્યાં કાંઈ પ્રકાશમાં આવે તેમ કરવું નથી. એ જ.

બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૬૮ **તારીખ : ૧૨-૧૦-૧૯૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં શ્રીહરિ શરણાગતિ મંડળ સર્વે તથા પ્રાગજીભાઈ, ડાયાભાઈ બધા ભાઈઓને ઘણાં આશીર્વાદો જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

બધા સુખી રહો. તમારા લખવા મુજબ અઠવાડીયુ થયું, પત્ર લખેલ છે. તે પહેલા પણ ૧ પત્ર પંદર દિવસો પહેલા લખેલ હતો અને આ તમારા પત્રમાં ભલામણ કરીએ છીએ.

ગોવિન્દભાઈને માલૂમ થાય કે, સેવા કરજો, વંચાવજો. **સેવા જીવ સોંપે ત્યાં થાય, બાકી વાતુ થાય.** કાંઈ ઉપરા-ઉપર કાગળ કામ ન કરે, કહી જો-જો. એ જ.

આપણો કોઈ ઉપર હક નથી.

•❀•❀•❀•

પત્ર નં.-૬૯ **તારીખ : ૦૧-૧૧-૧૯૭૪**

જૂનાગઢ.

મિસ્ત્રી ભગવાનજીભાઈ,

આવતું નવું વર્ષ આપને તમામ રીતે સુખકાર નીવડો. સારા કાર્ય કરો, સુખી થાઓ, ભક્તિ કરો, સરપંચ સાહેબને પણ આશીર્વાદો સાથે જય શ્રી સ્વામિનારાયણ.

તમો સારૂં કામ કરો છો અને સહાયપ્રદ પણ સારા છો. સગવડ સાંચવે છે તે જાણી ઘણો આનંદ, તમામને સુખીયા થવાના આશીર્વાદ.

તમો કામ કરો છો તેમાં પ્રવાહ ટેકો આપનારા સેવકોને ધન્યવાદ ઘટે છે. શ્રીહરિ તમામને સુખી કરો. વધારે ભક્તિમાં વધો. કામકાજમાં સચેત થવું. આવક અને હાજર પ્રમાણે કરવું.

યોગ્ય સમય પ્રમાણે ઉપદેશ વાક્યો પહોંચી જશે. મૂળ ટેકા સગવડ પ્રમાણે કાર્યમૂર્તરૂપ લ્યે.

મદદ આપનાર સેવકો જેવા બળથી સહાયતા પૂર્તિ કરતા હોય તે પ્રમાણે કામ કરવાનું હશે, વધારે બળ આપતા હશે તો તે પ્રમાણે ધારેલા કાર્યો પૂરા થશે. આ વાત મુખ્ય મુદ્દાવલી છે.

અમો તો આશીર્વાદ આપીએ, સરપંચ સાહેબનાં કાર્યો પૂર્ણપણાને પ્રાપ્ત હો.

- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, કહેવા.

•❀•❀•❀•

પત્ર નં.-૭૦ **તારીખ : ૧૬-૧૧-૧૯૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ઘણાં કરીને નવા વર્ષનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક વાલજી કેશવજી, તમારા કુટુંબ બધાને જય સ્વામિનારાયણ.

વધારે આનંદ હો, ધનલાભ હો, નિરોગી રહો, કામકાજ મળતા રહો, ભજન ભક્તિ કરો, બરકત રહેશે, સારો સમય દેખશો, ભગવાનને ભૂલવા નહિં.

દેવજી કાનજીની કંકોતરી ચાવડા ગઈ છે.

બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

•❀•❀•❀•

પત્ર નં.-૭૧ **તારીખ : ૧૪-૧૨-૧૯૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

શ્રીયુત નાથાલાલભાઈ તથા દિલુભાઈ વિગેરેને શ્રીહરિ સુખી રાખો.

કામકાજ જેટલે અંશે ઊંચી સ્થિતિએ ચાલતું હોય તેટલી સ્થિતિથી એક અંશ વધે તેવું પ્રભુનું આરાધન કરતા રહેવું.

ધર્મકાર્ય આપત્કાળ ન આવવા દે. ભજન આરાધના માયામાં ન રખડવા દે.

ફરજ, વફાદારી અને પરોપકાર એ સુમૂર્ત સારા મિત્રો છે.

કૃષ્ણાર્પણ, સ્વામિપક્ષ અને પરભક્તિ એ સુમૂર્ત સમર્થ દેવતાઓ છે.

મિત્રો, અભ્યુદય અને દેવતાઓ નિઃશ્રેયસ અર્પે.

ખુશી ખબર લખતા રહેશો.

- શુભચિન્તક, કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૭૨ **તારીખ : ૦૭-૦૨-૧૯૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક ક. ભગવાનજી રાજા તથા તમારા ચિરંજીવી હરિકૃષ્ણ વિગેરે સુખી રહો. **ભજન વધારે કરજો, શ્રીહરિ રક્ષા કર્યા કરશે. ભગવાનમાં ગૂલતાન રહ્યા કરવું, ભક્તિ મળી છે, ભગવાન ઓળખાણા છે અને શ્રીહરિનો આશરે કર્યો છે, તેના જેવું ઉત્તમ કોઈ નથી. તરી જવાશે, ભક્તિ કરજો.** જય સ્વામિનારાયણ.

ગુણ નિત્ય ગાવા, ધૂન્ય કરવી.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૭૩ **તારીખ : ૨૦-૦૨-૧૯૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

હરિભક્ત, પ્રાગજીડાયા વિગેરે સુખી રહો. તમારો પત્ર મળ્યો, તમોએ લખ્યું તેવું ન લખવું. સાદુ ચાલુ લખવું. અમો કાંઈ કહેતા નથી.

ભજન કરજો, માળા ફેરવજો, પરોપકાર કરજો, સેવાઓ કરજો તો સારી ચઢતી કળા થાશે.

ભજન કરો, ભક્તિ કરો. અમો કાંઈ લખશું નહિ, કાલ-કાળ સારો નથી, શ્રીહરિ બુદ્ધિ આપે તે પ્રમાણે ભજવામાં નિષ્ઠા રાખવી. એ જ.

સારાં કામ કરજો. **છલકાઈ ન જવાય તેમ સત્સંગ કરવો.** એ જ. **વાવલવું નહિ, ધીરજ રાખવી.**

સેવાથી રાજી. ભજન ભક્તિવાળો રાજીપો મેળવે છે.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૭૪ **તારીખ : ૨૫-૦૩-૧૯૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણા કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવકો, હરિભક્તો, હરિલાલ વેલજીભાઈ વિગેરે હરિભક્તો કાંદીવલી.

તમોએ દુકાન લેવા વિચાર કર્યો છે તે સારો વિચાર છે. તેથી અગવડતા મટી જાય માટે કરજો.

ચશ્મા સારા ત્યાંથી લેવા. આંહીથી નહીં, મોકલવાની મુશ્કેલી. **ભોજન, રસોઈ, સેવા, ચાકરી ભગવાન અને ભગવાનના ભક્તોના કરતા રહેવા, તે સત્કાર્ય છે. શ્રીજી મહારાજ રાજી થાય, સેવાનું ફળ રાજીપો અને સમૃદ્ધિ બન્ને મળે. સારૂં કરવુ, સારૂં મેળવવું.**

જીવમાં શાન્તિ રાખવી, આનન્દ માનવો. ભજન કરવું, નજર રાખનારા, દેખનારા શ્રીજી મહારાજ જબરા છે તે રક્ષા કર્યા કરશે. બધા બળવાળા હો.

જયશ્રી સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૭૫ **તારીખ : ૦૬-૦૮-૧૯૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક ક. ભગવાનજી રાજાભાઈ, હરિકૃષ્ણ સહિત બધા સુખી હો. ભજન કરજો. ભગવાન રક્ષા કરતા રહે. તમોએ બે રકમો લખી તે આવી ગઈ છે, એક રકમ વાલજી ચકુભાઈએ લખેલી તે ધનજી ચકુના નામથી આવી ગએલ છે. **હવે કાંઈ જરૂરત નથી, પડશે તો ભગવાનનાં કામ ભગવાન પૂરા કરશે.**

આરસ થાંભલાને છગન ભગત તથા ટપુલાલ કાનજી ચોડીને કમ્પલીટ કરી આવ્યા છે. **ઉત્સવ બાકી તે પ્રભુ ધારશે તેમ થશે. ખુશી ખુશી ખુશી.**

બધાને જય શ્રીસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૭૬ **તારીખ : ૧૨-૦૮-૧૯૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

જયકાર થાય એમ હંમેશ દાસના દાસ થઈને રહેવું, ભજન કરવું. હરિભક્ત પ્રાગજી ડાયા તમારા કુટુમ્બ સહિત સુખી રહો. વધારે સત્સંગ કરજો. એ જ.

બધાને જયશ્રી સ્વામિનારાયણ કહેવા.



પત્ર નં.-૭૭ **તારીખ : ૧૦-૦૯-૧૯૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

કાન્દીવલી શરણાગતિ મંડળ પ્રાગજીભાઈ, કેશવજીભાઈ, હરિલાલભાઈ, વીરજીભાઈ વિગેરેને શ્રીહરિ સુખી રાખો.

પૂનાથી વેલજી રવજીભાઈ સાથે સલાહ લઈને કરજો. **મજૂરી કરીને સેવા કરનારાઓને વધારે પડતો ભાર ન થઈ જાય તે ધ્યાનમાં રાખવું, ભગવાનનું કામ ભગવાન કરો.**

તીર્થ માટે તમો ઉત્સવ મૂર્તિ સ્થાપના નિમિત્તે કરવાના છો અને પૂના તથા મુમ્બઈના સેવકો મળીને કરવાના છો તો તેમાં તમો સર્વે મળીને સાવચેતીથી ઉત્સવ થાય તેમ કરવું. પણ નાણાથી કે ડખાથી કાંઈ મુશ્કેલી પડે તેમ વધારે ન કરવું. સાદૂં કરી લેવું. પૂના મુમ્બઈ મળીને કરજો. એ જ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૭૮ **તારીખ : ૧૩-૧૦-૧૯૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સર્વરીતના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. **તમારો થાક ઉતરી જાય, મૂંઝવણ મટી જાય, ઉત્સાહ હરખ વધે અને તીર્થના દર્શન થાય એવી માળા ફેરવાય છે.** બંને ભગત આંહી હાજર છે.

વધારે ભજન કરજો તો લખ્યા પ્રમાણે એક-એક અક્ષરવાળાઓને ભગવાન ધાર્યું પૂરૂં કરશે. વિગતવાર ફરી કાગળ આવશે. એ જ.

બધાને જય સ્વામિનારાયણ.

બધા સાજા થાશો, દુઃખ મટી જાશે. **ભગવાનનું કામ ભગવાન કરશે.**

- કૃ.વ.આ.



પત્ર નં.-૭૯ **તારીખ : ૧૭-૧૧-૧૯૭૫**

ભગવાનનો આનન્દ વર્તે છે તે બહુ સારૂં, પત્રમાં હેતનો સાગર ઠલવ્યો છે. તેવો જ આનન્દ રાખવો, દંડવત્‌ના આશીર્વાદો વાંચવા, **ભગવાનના રંગ ચઢાવવા,** હરિકૃષ્ણ સુખી હો, ભજન કરજો. **બધાને શ્રીહરિઃ શરણં મમ.** સુખી હો.

માંડ-માંડ થાક ઉતર્યો હશે. બ્રહ્માંડ ગજાવી દીધું. **હજુ બહુ જ મોટો વારો અવાશે, એવા ઉત્સાહો આકાશમાર્ગે દોડધામ કરી રહ્યા છે.**



પત્ર નં.-૮૦ **તારીખ : ૧૭-૧૧-૧૯૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં-ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

શરણાગત સેવકો, કેશવજી હરિભાઈ, પ્રાગજી ડાયાભાઈ, હરિલાલ વેલજીભાઈ તથા કાંદીવલી, થાણા, કોલંબા અને પારલાના શરણાગતિ મંડળના સભ્યો સેવકોને શ્રીજી મહારાજ સુખી રાખો. ચઢતી કળા હો.

તીર્થના પ્રતિષ્ઠિત મહોત્સવમાં જે જે આવ્યા હશે તથા હવે પછી જાય છે, બસમાં નીકળે છે, તેઓ બે મોઢે વખાણ જ કરે છે. કુંકાવાવ ગાજી ઉઠ્યું છે, ભક્તમંડળની નામ ધુન્ય જય જયકાર, કાઠિયાવાડમાં સુગન્ધિત પ્રસરી રહ્યા છે. ફાળો વખણાય છે. સ્ટેચ્યુ વખાણાય છે. સ્વયંસેવકો વખણાય છે. ફૂલેકું વખણાય છે. રખ-રખાવટ વખણાય છે, ભગવાનના ભક્તોએ ડંકો વગાડી દીધો છે. આ બધો યશ તમો સર્વેને છે.

શંકરાચાર્યજીએ સરપંચને કહેવરાવ્યું છે જે - શિક્ષણ સંસ્કાર ભવન કે કોલેજના ઉદ્‌ઘાટનમાં 'અમો' શંકરાચાર્ય જરૂર ફરીથી આવશું. આ ઉદ્‌ઘાટન ઘણે મોટે પાયે કરવાનો ઉત્સાહ તે તીર્થની જનતાને અને કાઠિયાવાડની જનતાને ઉપજ્યો છે, ફાળાઓ ચાલૂ છે, ભગવાનનું કામ ભગવાન કરો. ત્યાં સર્વે કામકાજે રહેજો.

ત્યાં ઉત્સવ મહોત્સવનો સ્મૃતિ ગ્રન્થ લખાવા માંડ્યો છે. સર્વ આનન્દમાં રહો, ભજન કરો, થાક આળસ ઉતારીને કામકાજે લાગો, લાભ મેળવો, ફરીથી તેઓની સૂચના મુજબ રહેજો. આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ, રવિવારે બધાને જય સ્વામિનારાયણ કહેશો.

સરપંચ સાહેબ અને પ્રિન્સિપાલ સાહેબ આંહી દર્શન કરી ગયા છે. ઉત્સાહમાં અતિશય છે.

•❀•❀•❀•

પત્ર નં.-૮૧ **તારીખ : ૨૩-૧૧-૧૯૭૫**

તમો સર્વે શ્રીહરિ શરણાગતિ મંડળ સર્વે સુખી રહો. તમોને ઘણાં પ્રકારના લાગેલા થાક ઉતરી ગયા હશે. સુખી રહો.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમઃ

વિક્રમ સંવત ૧૯૬૧ નું પંચાગ મંગાવીને તેમાં જોઈને નક્કી સમય લખી લીધેલ છે. તમો નીચે પ્રમાણે લખી લેજો.

વિક્રમ સંવત ૧૯૬૧ આસો વદ ૮ અષ્ટમી, શનિવાર. તારીખ ૨૧-૧૦(ઓક્ટોબર)-૧૯૦૫ બરાબર છે. વહેલી સવારે ૪॥ સાડાચાર વાગ્યા સુધી મિથુન રાશી છે તેના અક્ષરો ક.છ.ઘ. છે અને પછી કર્ક રાશી બેસે છે. તેના અક્ષરો ડ.હ. છે. કૃષ્ણ, ઘનશ્યામ, હરિ વિગેરે નામો બરાબર છે. સેવક છગન પણ બરાબર છે.

વહેલી સવારમાં જન્મ પ્રાક્ટ્ય હોવાથી અને હનુમાનજીનો વાર શનિવાર હોવાથી ત્યાગી બ્રહ્મચારીપણું બરાબર છે.

વાર એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધી મનાય છે તેથી શનિવારે ૪॥ થી ૬ વાગ્યા સુધી શુક્ર હોય, સૂર્યોદયે શનિ હોય તે પુણ્ય પવિત્ર સમય વિજયવાળો છે. **બધો મહોત્સવ અંજવાળા થયા પછી સૂર્યોદય વખતે કરવો અને ભગવાનને મિષ્ટાન્નો જમાડવા, જમવા, ધૂન્ય ભજન વિગેરે કરવા. દિવસ ઉજવવો.** એ જ.

શુક્ર, શનિ, રવિ નવરાશ પ્રમાણે ભેગા થવા પ્રમાણે ઉત્સવ કરવો.

•❀•❀•❀•

પત્ર નં.-૮૨ **તારીખ : ૨૮-૧૧-૧૯૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. બધાને જય સ્વામિનારાયણ કહેજો.

સેવક તુલસી મનજી, **દયાનો પગ મટી જશે, પ્રસાદીનું જળ ચોપડજો, જલ્દી સારૂં થાશે.** ધર્મેશ વિગેરે સુખી હો. ભાવેશ માટે શ્રીજી રક્ષા છે.

કામકાજ મળતા રહેશે, સુખી રહેશો. વધારે ભજન કરજો. બધાને શ્રીહરિ સુખી રાખો.

•❀•❀•❀•

પત્ર નં.-૮૩ **તારીખ : ૨૪-૧૨-૧૯૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

ખીમજીભાઈ, અમરશીભાઈ, કરશનભાઈ તમારૂં કુટુમ્બ સુખી રહો. **કથાઓ વાંચતા રહેજો. ભગવાનની વૃત્તિ ભક્ત ઉપર હોય જ, તેથી સુખી રહેવું. અભક્તનો વિશ્વાસ ભગવાન કરતા નથી માટે ખરા ભક્ત રહેવું અને ભજન કરવું.**

કામકાજ મળ્યા કરશે, ભજન કર્યા કરજ્યો. સાજા-નરવા રહેશો, સમજણ પ્રમાણે ભગવાન ભજજો, સુખી થશો.

બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૮૪ **તારીખ : ૨૦-૧-૧૯૭૬**

જૂનાગઢ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમઃ

સેવક રતિલાલ હંસરાજ, અમરશી હંસરાજ રાઠોડ, વેલજીભાઈ વિગેરે શરણાગતિ મંડળને આશીર્વાદ, જય સ્વામિનારાયણ. ખૂબ-ખૂબ-ખૂબ સુખિયા રહો. કમાઓ, આનન્દ કરો. ભગવાન ભજો.

આળસ નિદ્રા નહિં રહે, થોડી હોય તો ઊંઘ લેવી, **અખંડ સંભારજો. ભગવાન તો ભેળા જ હોય છે.** કામકાજ મળતા રહો, **અમારી દિવ્ય ભાવના વડે માયા ઉડી જાય.**

બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૮૫ **તારીખ : ૨૦-૧-૧૯૭૬**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમઃ

સેવક મીસ્ત્રી ભગવાનજીભાઈ તથા હરિકૃષ્ણ વિગેરેને શ્રીહરિ સુખી રાખો.

તમારો ખુશી પત્ર મળ્યો. ખુબ-ખુબ સુખી રહો, ભજન ભક્તિ કરતા રહો.

પ્લાસ્તર માટે તમોએ ધારેલ છે તે પ્રમાણે કરવું, પરાધીનમાં માલ નથી, હજુ પાયા ખોદ્યા છે. મફત કામ કરાવવાની તળયું નાખતા હોય છે.

ત્યાં આવેલાએ તમોને જે ૯૯ ટકા વાત કરી તે, તથા ઉત્સવ થઈ રહ્યા પછી પ્લાસ્તર મફત નહીં કરાવું એમ જેણે કહ્યું તે, ધ્યાનમાં રાખી રોજ ચાલતૂ હોય તે નક્કી લખાણ મંગાવી પછી પગ ભરવો, મભમ વાતે પછીથી મુશ્કેલી વેઠવી પડે. એ જ.

કેશવજી ભગતને તીર્થમાં દર્શન કરવા જવા કહેશું.

જમણે પડખે દુઃખતું હોય તો સારણ હોય તો ઓપરેશન કરાવવાથી જીંદગીભર નડતર મટે. પાકું તપાસાવીને ઓપરેશનમાં વાંધો નહિ. તેમાં ભય નથી.

બધાને જય સ્વામિનારાયણ.

- કૃષ્ણવલ્લભાચાર્ય

•❀•❀•❀•

પત્ર નં.-૮૬ **તારીખ : ૨૩-૦૨-૧૯૭૬**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

હરિભક્તો એ. ટી. પરમાર તથા કે. પી. મકવાણા તથા તમારા કુટુમ્બ પરીવાર સર્વેને શ્રીજી મહારાજ સુખી રાખો.

ભજન વધારે કરજો, કેટલું જીવાય અને કેમ થાય તેનો કાંઈ ભરોંસો નહીં. પ૦ મળ્યા, રાજી. ખુશી ખબર જાણી આનન્દ.

તમોએ સેવા ઘણી કરી છે, કરો છો અને હૃદયમાં ભગવાન ભેગા રાખો છો તો સારો આનન્દ આવે છે. એ જ.

બાબાનાં કેશ ત્યાં વિપ્રને સારૂં મુહૂર્ત જોવરાવીને ઉતરાવી લેજો. પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિ નજર રાખો, એવો આશીર્વાદ.

બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૮૭ **તારીખ : ૩૧-૦૩-૧૯૭૬**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લચાભાચાર્યજીનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

શ્રીહરજીભાઈ ગોખરવાળા તથા કાનજીભાઈ, હરજીભાઈ, શંભુભાઈ, હરદાસભાઈ તથા ડુંગરભાઈ, મુનેશ. હકુભા. ભગવાનજી, જગજીવન, રમેશ. ઘનશ્યામ, દિનેશ. સુરેશ તથા નાના મોટા બધાંને આશીર્વાદો અને જય શ્રીસ્વામિનારાયણ.

શ્રીહરિ જયન્તી રામનવમી ચૈત્ર સુદ ૯ શુક્રવાર, તા. ૯-૪-૭૬ ના દર્શને આવી શકાય તો આવજો, બાપાને આવી શકાય તો લાવજો અને ફોટાઓ બધાના પડાવેલા હોય તો તે લેતા આવજો. બધા સુખી રહો, ભજન કરજો, નાના, મોટા, આબાળ, વૃદ્ધ સર્વે ભગવાનને ભજજો. સુખી રહેશો. **વધારે ભજન કરજો. ભક્તિ કરનારની રક્ષા ભગવાન કરે છે, જીવને ભગવાનનો મુક્ત કરી રાખવો, બધું શ્રીહરિ ભગવાનનું છે, આપણે સાંચવવું અને ભગવાનને સોંપવું. ભગવાન સંભાળ રાખે.** એ જ.

ઘર કુટુમ્બ બધાંને જય સ્વામિનારાયણ, ખુશી ખબર લખવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૮૮ **તારીખ : ૧૫-૦૫-૧૯૭૬**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

કોલ્હાપુર-સેવક તુલસી મનજીભાઈ. ૫૧ એકાવન ગઈકાલે મળ્યા. સેવામાં અંગીકાર કર્યા, રાજી. તમો સુખી થાઓ, તુલસીને માલૂમ થાય બહુ તોફાન ન કરવું. શાન્તિથી ભજન કરવુ, કામે જાવું.

શ્રીજી રક્ષા માંદળીમાં કંઠમાં બાંધવી. કુસંપ વયો જશે, સારૂં થાશે. સુખી થાઓ, કુસંપને સવળે વિચારે મટાડવા શીખવું, સુખી રહેવાય. સારી બુદ્ધિ થાશે, કલેશ મટી જાશે. વધારે ભજન કરજો. ધર્મેશ, ભાવેશ બધા સુખી રહો.

બધાને જય સ્વામિનારાયણ કહેવા.

•❀•❀•❀•

પત્ર નં.-૮૯ **તારીખ : ૨૪-૫-૧૯૭૬**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક, વાલજી કેશવજી ચોટલીયા ભેંસદડવાળા, નરેન્દ્ર, દીનેશ બધા સુખી થાઓ.

પાસપોર્ટ આવી જાશે. ભગવાન સારૂં કરો. દરિદ્ર દૂર થાય. આશીર્વાદ. દીનેશ ડાયો થાય. દુબઈ જાય તેમને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૯૦ **તારીખ : ૩-૭-૧૯૭૬**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

ભાઈ ધીરૂભાઈ રામજીભાઈ બધા તમો વધારે સુખી થાઓ.

૧. બ્રહ્મા ૨. વિષ્ણુ ૩. મહેશ વૈરાટના શરીરમાં ૧. નાભિકમળ, ૨. હૃદયકમળ, ૩. લલાટકમળમાં થયા તેને પૃથ્વીની જરૂરત ન હતી, પછી પૃથિવ્યો થઈ તેમને સોંપાણી. વૈરાટના સાડાત્રણ કરોડ રૂવાડામાં એક એક એટલે સાડાત્રણ કરોડ પૃથિવીયું ઘૂંચવાએલી હોય છે. તેમાં બેસે અધિકાર પ્રમાણે કામ કરે. વાયુમંડળમાં બ્રહ્માણ્ડો ઉડે છે, એક-એક સોંપી દે છે.

ઉપનિષદો, ભગવાનો, અવતારો બધા ભગવાનના ધામો વર્ણવે છે. સમાધિવાળાઓ જાય છે, દેખે છે માટે ધામો છે.

તમારો કાગળ આવે તો અખિલ ભૂમણ્ડલીય વ્હી.પી.થી. મોકલવાશું. મનીઓર્ડર ન કરવું પડે. **પ્રસાદીની વસ્તુ-જ્ઞાન પુસ્તક જાણવું.** પુસ્તકની ૮ કિમ્મત છે અને ટીકીટ ૪/૫.૬ લાગે છે. એ જ.

બધાને જય સ્વામિનારાયણ કહેશો. ભગવાન વધારે ભજજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૯૧ **તારીખ : ૨૦-૯-૧૯૭૬**

જૂનાગઢથી શ્રીહરિના આશિર્વાદ.

સુખી થાઓ. ભજન કરજો. વેલજીભગતનો કાગળ આવ્યો છે, તમોએ બંને સંપેતરાં સોંપ્યા, તે પણ લખેલ છે, **મૂર્તિ આંહી ૧॥ કીલો વજન નકોર છે. આઠ ઈંચ નખ શિખા પર્યન્ત લાંબી છે.** તે તેમને ખબર લખ્યા છે, એ જ. કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચજો.

શ્રીજી રક્ષા ઘરને બારણે-૧ અને બીજી ખાટલા પથારીમાં-૨ બાંધજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૯૨ **તારીખ : ૨૪-૦૯-૧૯૭૬**

જૂનાગઢ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. શ્રીહરિ તમોને સુખી રાખો. ભજન ભક્તિ કરજો.

સેવક ભગવાનજી ભગત, જગજીવન ભગત, રતિલાલ ભગત, પરશોત્તમ ભગત, વશરામ ભગત, ધનજી ભગત, લાલજી ભગત, દેવજી ભગત, વેલજી ભગત, પ્રેમજી ભગત, નારાયણ જેરામ, આંબાલાલ, બચુ ધરમશી, જાદવજી ડાયા, રામજી કેશવજી, જીવરાજ ડાયા, નરોતમ ગોવિંદ, નારણ જેરામ, મોહનલાલ, રતિલાલ, હરિલાલ દેવશી, ચીમનલાલ હરિલાલ, વાલજી, રતિલાલ, કેશવજી વસ્તા તમો બધા સુખી થાઓ.

ભક્તો ભેગા થાય, ન થાય, નામ લખીએ તે ક્યારેક ભેગા થાય ત્યારે જય સ્વામિનારાયણ કહેવા. બધાના કાગળોમાં મસ્કતવાળા બધા નામ લખીએ છીએ. સંભારીએ અને આશીર્વાદ આપીએ, સુખી થાઓ, ભજન કરજો.

દુબઈથી પત્રો દયાળજી ભગત, પ્રાગજી ભગત આદિકના આવે છે. દુબઈમાં ૩૮ શ્રીહરિ શરણાગતિ મંડળ વિગેરે છે. તેમને બધાને આજે કાગળ લખ્યો છે.

પૂના, નાસિક, મુમ્બઈ છોકરાંઓની નજર રાખીએ છીએ. આનન્દમાં છે, **પરદેશી સેવકો તમો અમારા આશીર્વાદની દૃષ્ટિમાં છો. નજર રાખીએ છીએ. સુખી રહો. ભજન કરતા રહેવું.**

તીર્થના નવીન હમણાં કાંઈ નથી. ભાગવત પારાયણ ડોંગરેજી પાસે વંચાવવાના છે. જ્યારે નક્કી થાશે ત્યારે.

ત્યાં છૂટક છૂટક જ્યાં-જ્યાં જે હોય તેમણે જન્માષ્ટમી થઈ શકે તો ઉજવવી.

ડ્રાફ મોકલાવવાનું એડ્રેસ :

KOTHARI SWAYAM PRAKASHDASAJI

BANK OF INDIA LTD. JUNAGADH BRANCH

NAGARIK SAHKARI BANK, BARAT

મુમ્બઈ આવતી જન્માષ્ટમીએ ચિત્ર મૂરતિ પ્રતિષ્ઠા ઉત્સવ કરવાનાં છે. શ્રીહરિ શરણાગતિ મંડળ તે બધું કરશે.

તીર્થમાં તીર્થવાળા ભજન, કીર્તન, ઉત્સવ સાધારણ કરશે, આવતે વર્ષે અભિનન્દન વિગેરે કાર્યો થવા લાગશે. વેલજી ભગતે ભગવાનની મૂર્તિ માટે ગોઠવણ કરી છે, નક્કી થયે તમોને જણાવીશું. **ભક્તો અને ભગવાનના ચઢતા રંગ, ચઢતી કળાઓ છે. સુખી થાઓ, સારાવાના થશે, થતા જાય છે.**

દેહને દિવ્ય ગણવો, આત્મા મુક્ત ગણવો. ભક્ત ભગવાનનો પ્રિય પ્રાણ સમ્બન્ધ પાલવવો. લીલો-લીલો મીઠો-મીઠો સૌરભ સુગન્ધી રસદાર કરતો જ જવો. બધાને જય સ્વામિનારાયણ. આમાં ફૂલપાંખડીઓ નાખી છે, પ્રસાદી.

- ફૂ.વ.આ. જય સ્વામિનારાયણ વાંચવા, બધાને કહેવા.

પત્ર નં.-૯૩ તારીખ : ૨૨-૧૦-૧૯૭૬

સેવક હરિલાલભાઈ તથા **શ્રીહરિશણાગતિ મંડળ સર્વે નાના મોટા હરિભક્તોએ ભગવાનની પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવણી ધામધૂમથી કરી, તેથી ભગવાન ઘણાં રાજી થયા છે અને તમારા ઉપર પ્રસન્નતા કરી છે, ભગવાન શ્રીહરિની સેવા પૂજા દર્શન પાઠ કરતા રહેજો ભક્તિ વધારજો સુખી થાઓ.**

શ્રીહરિ શરણાગતિ મંડળે ૧૦૧ સેવા કરી તે હેમંત ભગતે અમોને આપી, રાજી થયા છીએ. તમો ચઢતી કળામાં રહો. સદા આનન્દમાં રહો. બીજી છુટક સેવાઓ પણ આપી છે. **આનન્દ ઉચ્છવ કરતા રહેવા.**

- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સ્વામિનારાયણમંદિર, જૂનાગઢ



પત્ર નં.-૯૪ **તારીખ : ૦૫-૦૧-૧૯૭૭**

જૂનાગઢ.

શ્રીહરિઃ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવકો દુબઈ, અજમાન - વાલજી કેશવજી ચોટલીયા, માવજી લક્ષમણ મકવાણા, નાનજી લખમણ મકવાણા, શાંતિલાલ દેવજી મેઘપર, મુંઝાશો નહીં. ઘણાં ઘણાં સુખી થાશો. **ખાધે-પીધે લોભ ન કરવો. ઠંડી કે ગરમીમાં કપડા વડે સુરક્ષિત રહેવું.**

અખિલ ભૂમંડળીય વાંચતા રહેજો. પૂજા-પાઠ કરતા રહેજો. કમાણી સારી છે, કંપની સારી છે. **ભગવાનનો રાજીપો છે તો લક્ષ્મીના ઢગલા છે. કૃપા વરસી છે.** બેંક કોઠારી સ્વયંપ્રકાશદાસજીના નામે ખાતુ નીચે મુજબ છે. **સેવાઓ જરૂર કરવી. નાણું ભગવાન લેખે થાય અને નિષ્પાપ નિર્ગુણ ચોખ્ખું થાય.**

બેંક-ડ્રાફ્ટ મોકલવા માટે

KOTHARI SWAYAM PRAKASHDASAJI

ખાતા No. ૧૦૬૭૪

10674 Bank of India Limited.

Diwan Chowk No. 3 Junagadh Branch.

Nagarika Sahkari Bank Saurashtra India.

બધાને જય સ્વામિનારાયણ કહેવા.

•❀•❀•❀•

પત્ર નં.-૯૫ **તારીખ : ૧૫-૦૧-૧૯૭૭**

શ્રી હરિઃ શરણં મમ

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

શ્રીહરિ શરણાગતિ મંડળ દિલુભાઈ તથા ધીરૂભાઈ તથા કાનજીભાઈ તથા સહકારીગરો, ઉદ્યમી ભક્તજનો તથા શ્રીયુત નાથાલાલભાઈ વિગેરેને શ્રીહરિ સુખી રાખો, ભગવાનને વધારે ભજતા રહેજો. જીવન સુખે જશે.

મસ્કત જનારાએ મસ્કત (પેટાગામ) ગયા પછી શિરનામું ચોખ્ખું લખવું. ઈંગ્લીશ અને ગૂજરાતીમાં સન્દેહ ન રહે. સુખી થશો. તમો ખૂશી આનંદમાં રહો, આશીર્વાદ-સાજાનરવા રહો.

શ્રીહરિની કૃપા વડે 'Mahamahopadhyay' ઈલ્કાબ એનાયત અમોને થયેલ છે. ઘણું જ સારૂં.

કુંકાવાવથી બસ નાગરિકો ઈલ્કાપત્ર અર્પણ કરવા આવેલા હતા.

જૂનાગઢની શિક્ષિત પ્રજાએ પણ જનરલ સભા કરી સન્માન આયોજન શોભાડી રાખેલ. તમોને બધાને જય શ્રીસ્વામિનારાયણ.

મ.મ. શ્રી કૃ.વ.આ.ના આશીર્વાદ.

-સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે,

જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

•❀•❀•❀•

પત્ર નં.-૯૬ **તારીખ : ૧૮-૦૧-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં-ઘણાં કરી આશીર્વાદો સાથે જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

દયાળજી ભગત, પ્રાગજી ભગત, નાથા ભગત, જેન્તી ભગત, દેવજી ભગત, રામજી ભગત, વીરજી ભગત **સર્વે નાના મોટા શ્રીહરિ શરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો. ચઢતી કળા હો, ભેગા થાવું, ભજન કરવું.**

જયંન્તીભાઈ માધાપરવાળાને કીર્તન કરતા આવડે છે. **સારાં કીર્તન કરવા. ભજન કરવું. રાજી થવાય. ખેંચતાણ મટી જાશે. સમ્પતિ વધશે. કીર્તનનું ફળ સારૂં મળતું રહેશે.**

બધા સુખી હો, આંહી બધા સુખી છે. ૫ મંડળમાં જમા કરાવજો. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ સૌરાષ્ટ્ર, મહાગૂજરાત.

•❀•❀•❀•

પત્ર નં.-૯૭ **તારીખ : ૨૪-૦૧-૧૯૭૭**

(વસંતપંચમી) જૂનાગઢ.

શ્રીહરિઃ શરણં મમ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીશ્વેતાયન વ્યાસને નમો નમઃ

શ્રીહરિ શરણાગતિ મંડળ આત્મનિવેદી સેવકો ભગવાનજી રાજા તથા જગજીવનભગત તથા રતિલાલ, પ્રેમજી તથા પરશોત્તમ શામજી તથા બાબુલાલ વસ્તા વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો.

કચ્છી ભગતો હજુ આવ્યા નથી. તમારો પત્ર, ફોટાઓ આપવા બાબતનો રાખી મેલ્યો છે. આવશે ત્યારે પત્રમાં લખવા મુજબ સગવડ કરી દેશું. બે મહિનાથી હેમંત ભગત, સન્ત મંડળ ગામડે ગયા છે, હુતાશનિ પહેલા આવશે.

રતિલાલ લાલજી દુબઈ ગયા છે. હજુ કાગળ પણ આવ્યો નથી, શિરનામું પણ આવ્યું નથી. તેમ કોઈ બીજાએ પણ લખ્યું નથી. **સાક્ષાત્ ભગવાનનું સુખ મળ્યા કરે તેવી સ્મરણ હેત ભક્તિ કર્યા કરવી.**

ભજન કરવું, દેશકાળ, સમાજ, વાતાવરણ પ્રમાણે રહેવું, ખાધા-પીધામાં શરીર બળ સાંચવવું, ઘણું કમાઓ, ઘણું વાપરો, તમારે ઘરે બધા સુખી છે. ભગવાન નજર રાખે. આશીર્વાદ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો. મળે તેને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ. સૌરાષ્ટ્ર ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૯૮ **તારીખ : ૨૭-૦૧-૧૯૭૭**

શ્રી હરિઃ શરણં મમ

જૂનાગઢથી લી. શ્રીકૃષ્ણનારાણનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

સેવક હરિલાલ વેલજી ચુડાસમા, મું. બહેરીન તમારો બીજો પત્ર મળ્યો. કરાંચીની સામે અરબસ્તાનમાં મસ્કતના ઓમન પ્રદેશમાં વીશેક જણ છે અને તેથી આથમણા દુબઈ પ્રદેશમાં સાઠેક જણા જૂદે-જૂદે શહેરોમાં ઠેકાણે વસેલા છે અને ઓમન સ્ટેટના દેશથી તમો ઉત્તરમાં બેહરીન નામે બેટમાં ગયા છે, ત્યાંથી આગળ એલહસા અને તેથી આગળ બગદાદ થઈને મુસાલ ગામમાં ચોટલીયા રામજી કાનજી ચાર જણા ગયા છે. મુંબઈથી તા. ૪-૧-૭૭ પ્લેનમાં રાતે ૧૧ વાગ્યે દુબઈ, પછી કુવેત, પછી બગદાદ બપોરે ૧૨ વાગ્યે પહોંચ્યા હતા, ત્યાંથી ટેક્સીમાં મુશાલ ગયા હતા. બગદાદથી ૪૦૦ કીલોમીટર મુશાલ દૂર છે. તેનું શિરનામું.

MOSUL (IRAQ) F.A.KETTANEH. CO SA

P.Bo. 114, MESON No. 136

RAMJI KANJI CHOTALIA

આ પ્રમાણે છે. કાગળ લખજો. આપણો કોઠારી સ્વયંપ્રકાશને નામે ડ્રાફ મોકલવો.

KOTHARI SWAYAM PRAKASHDASAJI

ખાતા નંબર 10674

Bank of India, L.T.D.

દિવાન ચોક, પોસ્ટ બોક્સ નં.૩ નાગરીક સહકારી બેન્ક, બ્રાન્ચ જૂનાગઢ બ્રાન્ચ, ભારત સૌરાષ્ટ્ર અને કવર શિરનામું અમારા નામે લખવું. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યને મળે, જૂનાગઢ. **તમો દૂર છો. એકલા છો. નજર રાખશું, શરીર સાંચવજો. ખાધે-પીધે સારી રીતે રહેવું. કાગળ-પત્ર લખજો. બધાને ભગવાન સુખી રાખો, મુંઝાવું નહીં, કમાવું. દેશ એવો વેશ, અને દેશકાળ પ્રમાણે ધર્મ, કર્મ અને રીતરીવાજ પ્રમાણે રહેણી-કરણી વરતવું. સુખી થાઓ. સુખી હો. ખબર લખતા રહેવા.** એ જ.

- કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચવા,

જૂનાગઢ.

પત્ર નં.-૯૯ **તારીખ : ૧૮-૧-૧૯૭૭**

શ્રી હરિ શરણ મમ

શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી થાઓ. તન-મન-ધન વડે ભગવાન, સંત, માવતર, કુટુંબને સેવો. ભક્તિ વધારો. જેવો દેશ તેવો વેશ, જેવો સમુદાય તેવું વર્તન, જેટલી નવરાશ તેટલું ભજન, જેટલી શ્રદ્ધા એટલું સત્કર્મ, જેટલો સંઘ તેટલો સત્સંગ, જેટલુ હેત તેટલું સંભારણું, જેટલું મહાત્મ્ય એટલું અર્પણ, જેટલો રંગ તેટલો આનંદ, જેટલું ખેચાણ તેટલું

વેચાણ, જેટલી સમજણ તેટલું આત્મનિવેદી, જેટલું નિજ માટે તેટલું જ ગુરૂ માટે, જેટલા આશીર્વાદમાં ધ્યેય તેટલા જ શરણાગતિમાં બલિદાન, જેટલું દેહની કમાણીમાં મારાપણું તેટલું જ જીવની કમાણીમાં અમારાપણું, જેટલું સ્ત્રી, પુત્ર, પરિવાર માટે દેશ પરદેશના દુઃખ વેઠાય તેટલા જ ભગવાન, સંત, ગુરૂ માટે કષ્ટ લેવાય. આ કહ્યા તે એકાંતિક ભક્તોના ધર્મો તમોને બતાવ્યા છે. તે ભાગવત ધર્મમાં ગણાય છે. અમોએ કહ્યું તે પ્રમાણે જ છે. તેમાં બીજા શાસ્ત્ર કે સદ્‌ગ્રંથ કે વચનની, સાંખની જરૂર નથી. ભગવાન તે ભગવાન, ભગવાન બોલ્યા તે શાસ્ત્ર, ભગવાને કહ્યું તે ધર્મ, ભગવાને સ્વીકાર્યું તે સેવા, ભગવાન જ્યાં રાખે ત્યાં ધામ, ભગવાન જ્યાં મોકલે તે સત્સંગ અને શુભ દેશ, ભગવાનનું ભક્તમંડળ તે આપણું કુટુંબ. આપણો સ્વાર્થ તે ભગવાન માટે, આપણું બધુંય ભગવાન માટે જ છે. અક્ષરધામમાં લઈ જવા માટે છે. માયાનું હશે તે પણ ભગવાનના યોગે કરીને ધામમાં વસવાટ કરશે અને ભગવાનની સેવામાં કામ આવશે.

આ લોકમાં પણ જેને દિવ્ય સમજણ થઈ તેને અધૂરૂં કાંઈજ નથી. ભગવાનનો રાજીપો વર્તતો રહે તેમ સેવાઓ કર્યા જ કરવી. તેમાં થાકવું નહી અને સંશય કરવો નહીં. થાક્યા અને સંશય થાય તે મુક્ત ભક્ત ન કહેવાય, સ્વાર્થી કહેવાય, જગતનો જીવ કહેવાય. મુક્ત મંડળનું સુખ લેવું, અંગ સેવાનો આનંદ માનવો અને લૌકીક બાધાઓ વળગવા ન દેવી. તો તમે અમારી ભેળા રહી શકશો. છેટું એટલું છેટું. પાસે એટલું પાસે, જેણે ભગવાનમાં તર્ક કુતર્ક કર્યા તેને માયાએ ઘેરી લીધા અને પાછા પડી ગયા અને શીશુપાળ જેવાના ગુણ ગાવા માંડ્યા અને ભગવાનને ભજવા, પૂજવામાં અવળા ઉતરવા લાગ્યા તેની કરેલી કમાણી ધૂળમાં ભળી ગઈ. ભગવાનની બાબતો, ઓળખાણો શાસ્ત્રોમાં લખી છે, તે પ્રમાણે ઓળખે તે ભક્ત અને ઓળખતા થકા ઝેર વરસાવે તો તે માયાનો જીવ. તેવા ઘણાય જોયા અને સોળના ભાવમાં વહ્યા ગયા. ભગવાનનું રૂવાડુંય હલ્યું નહીં.

આ યુગમાં સર્વોપરી ભગવાન શ્રીસ્વામિનારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ હાજરોહજૂર વર્તે છે. જે ખાટ્યા તે ખાટ્યા અને આઘા ભાગ્યા તે રહી ગયા. ભગવાને ભક્તોને ઘણું આપ્યું છે અને આપતાં રહેશે. ભક્તજનોએ પચાવવું જોઈએ. પચાવી લેશે તે ભવપાર ઉતરશે. બાકીના રખડપાટમાં જાશે. ઘણાય સ્વાર્થ માટે શરણાગતિ લ્યે છે અને પછી તું કોણ ને હું કોણ ? કારણ કે નાકમાં બીજી ગોળી હોય તે સારી સુગંધ લેવા ન દે. ભગવાનને તેવાની કાંઈ પડી નથી. આખી દુનિયા ઈ માયલીજ છે. ભજન કરજો, ભક્તિ કરજો, ભગવાન માટે બધુજ કરજો.

ભગવાને શું શું આપ્યું. શરીર, ધન, સત્સંગ, સમજણ, ભોગ, આનંદ આપ્યો છે તો તેને આપણે પણ આપતું જ રહેવું. ભગવાનને નથી આપતો તેને કાંઈ રહેવાનું નથી. જમ ઉપાડી જાય અને હાય હોય થાય. માટે ખબરદાર થઈ શરણાગતિ મંડળ ભક્તિ કર્યા કરજો. કુંજ પરદેશ હોય તો પણ નિજ બચ્ચાને સેવે, ભગવાન ગમે ત્યાં હોય પણ ભક્તને સેવે. ભક્તજનો ચમત્કાર-દર્શન વગેરેની તાણ રાખે. ભગવાન તો મરજીમાં આવે તેમ વર્તે. એ જ. રાજી રહેવું.

તમો દુબઈમાં અત્યાર સુધીમાં ૬૦ જણા ગયા છો. આની નકલ ઉતારીને બાર મહીનામાં જ્યાં-જ્યાં ભેગા થાવ ત્યાં-ત્યાં, ત્યારે-ત્યારે ઉત્સવમાં વાંચવી, તો ઉપદેશનું ભાન રહે.

નવું-નવું પણ આ જૂનું લખ્યું તે નવું જ છે. આટલું વરતશો તો તમારા ઉપર કાળ, કર્મ, માયા, આદિકનો ભાર નથી. નહિં વર્તો તો કાળના ઝપાટામાં, કર્મના ઝપાટામાં છેવટે સ્વભાવના ઝપાટામાં અવરાઈ જાશો અને ભગવાનનું સુખ ભજન વિખુટું થઈ જાશે. માટે ખબરદાર રહેવું.

દુબઈમાં જન્માષ્ટમી ૨૦૩૨ માં એકવીશ જણાએ ઉજવી હતી. રાજી. ભજન કરજો. તા. ૧૭-૧-૭૭ નો દેવજી કાનજીનો પત્ર મળ્યો. પ્રાગજી ડાયા, હરિલાલ મેપા, શામજી હિરજી, શાંતિલાલ તથા કુંવરજી તથા નાનજી

મનજી તથા મોહનભાઈ તથા નટુભાઈ તથા દયાળજીભાઈ તથા રતિલાલભાઈ તથા બાકીના શરણાગતિ મંડળને સર્વેને પણ જય સ્વામિનારાયણ કહેવા.

પ્રાગજી ભગતનો સ્વભાવ ધોખો કરવાનો છે, ધોખો ન કરવો. ભગવાન ઉપર ધોખો કરે તેને ભગવાન અર્થે કરી કરીને મરી ગયા, તોય ભગવાન કાંઈ સામુ પણ જોતા નથી. એવો ધોખો કરવાનો પ્રસંગ થઈ જાય ત્યારે આનંદ માનવો, ભગવાન કરતા હશે તે ઠીક કરતા હશે એમ સમઝવું, સુખ સંભારવા, ટપુલાલ હજુ દર્શને આવ્યા નથી. ૧૫ જણા આવતા મહિનામાં ત્યાં આવવાના છે. ફૂલ મોકલ્યા છે. મસ્કત ૨૫ જણાઓ છે. તે સુખી છે, તમો સુખી છો, છોકરાઓ સુખી દેખાય તો માવતર સુખી. એ જ.

- કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચવા.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૦૦ **તારીખ : ૧૭-૦૨-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ભગવાનજીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળને જય શ્રીસ્વામિનારાયણ કહેવા, વાંચવા. આજે પત્ર મળ્યો આનન્દ.

કામકાજ જે મળે તે કરજો. પરદેશ છોડશો નહીં. **ધન વડે સુખી થવાય, ભક્તિ વડે તો સુખી છો. જ્ઞાનના ઘૂંટડા ભરો છો. પણ ધનરૂપી સાકર હોય તો ગળ્યું લાગે. નાણાવાળા થાઓ. આનન્દમાં રહો. તમારી સેવાઓ વડે જ તમોને અમારા દર્શન ખડી મૂર્તિ દેખાયા કરે એવા થયા કરશે. તમો હથેળીમાં મોક્ષવાળા છો.** આંહી કામકાજ ચાલ્યા જ કરે છે. હમણા બધાની ચઢતી કળા છે. ભગવાન રાજી છે, તમો ભજન કરજો. બધા આંહી સુખી છે, ત્યાં સુખી રહો. ૬૦ જણા દુબઈ પ્રદેશમાં, ૨૨ જણા મસ્કત પ્રદેશમાં પહોંચ્યા છે. એકબીજાના પત્રો તો હશે જ, ભેગા થાય ત્યારે જય

સ્વામિનારાયણ કહેવા. સુખી હો, અભિનન્દન છપાય છે. બીજાં પણ છપાય છે. બે ત્રણ વર્ષ છપાતાં રહેશે. તે જાણવું. જરૂરત પડશે તો માગશું. તમારા ઘરબારની સેવા કરતા રહેજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૦૧ **તારીખ : ૨૮-૦૩-૧૯૭૭**

જૂનાગઢ.

સેવક ભગવાનજીભાઈ તથા બધા શરણાગતિ મંડળના ભક્તોની ચઢતી કળા હો.

કચ્છના વશરામ ભગત એકલા દર્શને આવી શક્યા છે, તેમને કંઠી, મંત્ર, ફોટા આપ્યા છે તથા ચરણારવિંદ તૈયાર થશે ત્યારે મોકલાવાશે.

ફોટા લાકડીવાળાં, ચિન્હવાળા, પાઘવાળા આવ્યા છે. જામનગર ઘનશ્યામ મહારાજ વાળા ફોટા પણ આપ્યા છે. મોજડી, સાબૂ,ગંજીયુ, દાંતણ, નખ, પાણી, સાકર, કંઠી, માળાઓ, ધોતીયું, અવતારી ૪, ચિન્હવાળા ૫, પાઘવાળા ૫, સ્વા. બાલમુકુન્દજી ૫ (મૂર્તિ-ફોટા), શિક્ષાપત્રી, અખિલ ભૂમંડલીય, સૂખડ માળા ૨, ગુલાબહાર ૨, કંકુ ચન્દન આ વસ્તુઓ આપેલી છે. તેમણે સેવા કરી તે લીધી છે. **ચિન્હ દર્શન કરાવ્યા છે. આ એક પૂરા ભક્ત છે.**

તમારો કાગળ તા. ૧૧-૧૧-૭૬ નો સાંચવી રાખ્યો હતો. તમારો બીજો પત્ર આવ્યો ૨૩-૩-૭૭ નિર્ણય કવરમાં મોકલ્યો છે. બાબૂ કેશવજી વસ્તાનો કાગળ આવ્યો છે. ૫૦૦ વંથળીથી આવશે એમ લખે છે. ભગવાનજી, કેશવજી, પરશોત્તમ, જગજીવન, રતીલાલ બધા સુખી રહો. ભજન કરતા રહેજો.

૨૫ રૂપિયા વશરામ ભાઈએ - ૨૦ શાસ્ત્રીજી, ૫ હેમંતના હાથોહાથ આપ્યા છે. તમોને ચોપડીઓ પારસલ મળ્યું તે સારૂં થયું. વાંચજો.

રામજી, નાનજી, ધીરૂ, કરશનભગતને જય સ્વામિનારાયણ કહેવા.

ભગવાનનું કામ ભગવાન કરે.

- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ વાંચવા.

•❀•❀•❀•

પત્ર નં.-૧૦૨ તારીખ : ૦૩-૦૪-૧૯૭૭

સેવક ભગવાનજી રાજાભાઈ, જીરાગઢના કરશન નાનજી વરૂ માટે શ્રીજી રક્ષા મોકલાવેલ છે તથા ગુલાબ પાંખડીઓ મોકલાવેલ છે, ખાવી. **શ્રીજી રક્ષા બાંધવી, સારૂં થઈ જશે, તકલીફ મટી જાશે, ભગવાનનું ભજન કરતા રહેજો.**

બધા શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેજો.

જ્યાં ભગવાનના ભક્તનો સંગ સમાગમ મળે ત્યાં ઘર, દેશ, સત્સંગ જાણવો. જેને મળીને પોતાના ઈષ્ટદેવ સાંભરે ત્યાં મંદિર જાણવું. કથાવાર્તા થાય એવું મંડળ તે ધામના મુક્તો જાણવા. શાન્તિ થાય ત્યાં મોક્ષ જાણવો માટે દેશકાળથી દુઃખથી ડરવું નહીં. હિમ્મત રાખવી, ભગવાન રક્ષા કરતા રહે છે. બધા શરણાગતિ મંડળનો જય સ્વામિનારાયણ કહેવા.

ભગવાનજીભાઈને માલૂમ થાય કે તમારા આઠ કવરો કચ્છી ભગત વશરામભાઈ સાથે હતા તે આંહીથી બધે મોકલાવી દીધાં છે. રવજી નાનજીભાઈ વિગેરેને જય સ્વામિનારાયણ કહેવા.

રતિલાલ હંસરાજ રાઠોડ
દુબઈ પોસ્ટ બોક્સ નંબર ૫૪૧
DUBAI ZABILALLISITE (U.A.E.)

•❀•❀•❀•

પત્ર નં.-૧૦૩ **તારીખ : ૧૪-૪-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

સેવકો વાલજી ચોટલીયા તથા તમામ ફણીધરો તથા શ્રીહરિ શરણાગતિ મંડળ તથા જે મળે તેમને જય સ્વામિનારાયણ કહેશો.

ભજન કરવું, દેશકાળ પ્રમાણે રહેવું, કમાવું, ખાવુ-પીવું, ભજવા, ભગવાનને સંભારવા, ખુશીખબર લખવા, મૂંઝાવું નહીં, પરદેશમાં કમાવા જાય તેને પહેલા પહેલા મૂંઝવણ થાય પણ હિંમત રાખવી ભગવાન ખબર રાખે, સારી રીતે રહેવું.

સાથીદારો બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૦૪ **તારીખ : ૨૯-૦૫-૧૯૭૭**

શ્રીહરયે નમો નમઃ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ

શ્રીહરિ શરણાગતિ મંડળની ચઢતી કળા હો, સુખી હો, સાજા-નરવા હો, પરદેશમાં મૂંઝવણ ન હો, કમાઓ, ભજન કીર્તન વધારે કરો. દેશકાળ પ્રમાણે રહો. શ્રીહરિને સંભારો, સેવા સત્સંગ કરતા રહો. ભગવાનમાં વધારે હેત રાખો. કુટુંબ સંબંધીઓનું પોષણ કરો, મોક્ષ માટે અનુસંધાન રાખો. શરણાગતિમાં મજબૂત રહો, સમય મળે તેટલી કથાવાર્તા કરો, સમય પ્રમાણે સમૈયા ઉત્સવ કરો, સંત સમાન જીવન સુધારો અને મળ્યા ભગવાન મેલવા નહીં, ધામમાં જવું છે તેનો કેફ રાખવો, ઉપાસના કરતા રહો, દેહ, મન, ઈન્દ્રિયોથી દબાવું નહિં, ઉપરવટ વરતવું અને અફસોસ કરવો નહીં. ભગવાનનું બળ રાખવું, સારાવાના થશે. આ પત્ર બધા માટે લખેલ છે. જ્યારે જે દિવસે ભેગા થાઓ ત્યારે જય સ્વામિનારાયણ સાથે

આશીર્વાદો કહેવા. તમો નાણાવાળા અને દૃઢ સત્સંગવાળા થાઓ. વરતો તે જોઈને અમે રાજી થઈશું. ક્રમમાં નાના-મોટાનો ધોખો કરશોમાં. ચોપડામાંથી સંભાળી-સંભાળીને લખ્યા છે. વહેલા-પહેલા નાના-મોટાનો મેળ રાખ્યા વિના બધા માટે પત્ર લખ્યો છે.

૧. રતિલાલ હંસરાજ રાઠોડ
૨. કેશવજી હરિભાઈ ચોટલીયા
૩. પ્રાગજી ડાયાભાઈ
૪. નથુ ડાયાભાઈ
૫. નાનજી ડાયાભાઈ
૬. મોહન ભગત સાંપરીયા
૭. વ્રજલાલ રણછોડ
૮. માવજી નાનજી
૯. વાલજી રતીલાલ
૧૦. પ્રાગજી ગોવિંદ
૧૧. રામજીભગત - જીરાગઢ
૧૨. તુલસી ડાયા ટાંક
૧૩. ભવાનજી ડાયા ચોટલીયા
૧૪. વેલજી મનજી ડાયા
૧૫. પ્રાગજી રણછોડ ટાંક
૧૬. પ્રાગજી મોહન - ધૂળકોટ
૧૭. અર્જુન નાથા મનાણી
૧૮. મંગુભાઈ નીછાભાઈ - બીલીમોરા
૧૯. નારણ દેવજીભાઈ
૨૦. રતીલાલ લાલજી જાવીયા
૨૧. જયંતિલાલ રાઘવ પોરીયા
૨૨. ભગવાનજી ટપુ પોરીયા
૨૩. નરસિંહ મનજી સાંપરીયા
૨૪. હરિલાલ મનજી સાંપરીયા
૨૫. કેશવજી મનજી સાંપરીયા
૨૬. નાનજી મનજી સાંપરીયા
૨૭. જેરામ મનજી સાંપરીયા
૨૮. દામજી મનજી સાંપરીયા
૨૯. વીરજી ડાયા ચોટલીયા
૩૦. પ્રભૂલાલ નરસી
૩૧. વશરામ લખમણ જેઠા
૩૨. પરસોત્તમ રવજી
૩૩. દેવજી કાનજી રાઠોડ
૩૪. અમરશી હંસરાજ રાઠોડ
૩૫. સવજી ડાયાભાઈ
૩૬. જયંતિલાલ મનજી ચૌહાણ
૩૭. શામજી હિરજી ચૌહાણ
૩૮. દામજી ગંગાદાસ રાઠોડ
૩૯. નરસી ડુંગરસી પરમાર
૪૦. રામજી તુલસી ટાંક
૪૧. હરિલાલ મેપાભાઈ ચૌહાણ
૪૨. હરિલાલ ડાયાભાઈ ચૌહાણ
૪૩. દયાળજી લાલજી મનાણી
૪૪. ધીરજલાલ લાલજી મનાણી

૪૫. રતીલાલ મોહન ૪૬. હરજીવન મુલજીભાઈ
૪૭. પરસોત્તમ મનજી મનાણી ૪૮. દેવજી રામજી ભગત
૪૯. જયન્તિલાલ દેવશીભાઈ, ભૂજ ૫૦. દેવરાજ ડાયાભાઈ મકવાણા
૫૧. દેવરાજ ડાયાભાઈ મકવાણા ૫૨. પરસોતમ તુલસી ટાંક
૫૩. પ્રેમજી પોપટભાઈ ૫૪. જીવણલાલભાઈ
૫૫. વજુભાઈ ૫૬. વેલજી મનસુખભાઈ
૫૭. શાંતિલાલ મોહનલાલ ૫૮. કુંવરજી વેલજી
૫૯. ગોવિંદભાઈ ૬૦. બાબુભાઈ ધનજીભાઈ
૬૧. લવજીભાઈ ૬૨. નરસીભાઈ
૬૩. જાદવજીભાઈ ૬૪. ભવાનજી નારણભાઈ
૬૫. વાલજી કેશવજી ચોટલીયા ૬૬. નાનજી લખમણ મકવાણા
૬૭. માવજી લખમણ મકવાણા ૬૮. શાંતિલાલ દેવજીભાઈ
૬૯. ઓધવજી ટપુ ૭૦. નારણ મૂલજી
૭૧. દેવશી ડાયા મકવાણા ૭૨. તુલશી ભગત
૭૩. ચમનલાલ મોહનલાલ ૭૪. શામજી હીરજી

વિગેરે-વિગેરે, જૂના-નવા, જે-જે, જ્યાં-જ્યાં રહેતા હોય, વસેલા હોય, મળતા રહો, એકબીજાને જય સ્વામિનારાયણ કહેવા, ખુશી ખબર લખવા, **ઉત્સવ કરતા રહેજો. ઉદાસીનતા ન લાવવી, ભજન કરવું. પરદેશમાં જાય તે પરદેશનું જોઈને નાસ્તિક જેવા થઈ જાય છે પણ પરદેશીઓ ઈશ્વરને કેટલા સંભારે છે. ફકીરો, સાંઈ માળા જપે છે. પરમેશ્વરને બહાને વિશ્વાસુ છે. તેવો ગુણ ગ્રહણ કરી પોતાને દ્રઢ સત્સંગ કરવો. કેટલાક તો આંવલા મારતા હોય છે. ઝપટમાં ન આવવું, ખબરદાર રહેવું. બધાને જય સ્વામિનારાયણ, પારકા પોતાના ગણે તેને બધાને આશીર્વાદ સાથે જય સ્વામિનારાયણ. કમાણી લેખે લાગે તેમ કરવું. ઘણાય લૂંટાય જાય છે તેમ થવા ન દેવું, સુખી રહો.**

૧. ભૂખ્યો ખાવાનું ઝાઝુ પીરસાવે, પણ ખવાય નહીં (વાણી નડે)
૨. ભૂખ્યો નાણા ઘણા મેળવે પણ વપરાય નહીં (લોભ નડે)
૩. ભૂખ્યો ભોગ ઘણા કરે, પણ ભોગાવય નહીં (રોગ નડે)
૪. ભૂખ્યો સાધન ઘણા મેળવે પણ વપરાય નહીં. (તૃષ્ણા નડે)
૫. ભૂખ્યો ડોળ ઘણા કરે, પણ ફળ ન મળે. (આવડત ન હોય તે નડે)
૬. ભૂખ્યો ખાવા જાય પણ ખવાય નહીં. (ઈર્ષ્યા નડે)
૭. ભૂખ્યો અલકમલકની વાતમાં વહી જાય, પણ લેવાય નહીં.(અશક્તિ નડે)
૮. ભૂખ્યો સૂકાય જાય, પણ પાલવે નહીં. (ઈર્ષ્યા નડે, અપચો નડે)
૯. ભૂખ્યો હેરાન બહુ થાય, આરામ ન લે. (દિલની હોળી નડે)
૧૦.ભૂખ્યો અકસ્માતમાં પણ ઓરાય જાય. (મૂંઝવણ નડે)
૧૧.ભૂખ્યો સારગ્રાહી ન થાય. (અણસમજ નડે)
૧૨.ભૂખ્યો ભગવાનને પડતા મેલે (મનનું ધાર્યુ ન થાય તે નડે)
૧૩.ભૂખ્યાને બધુ જ નડે, પોતે પોતાને નડતો રહે છે.

આ જાણી રાખવું.

-કૃ.વ.આ.

<u>પત્ર નં.-૧૦૫</u> **તારીખ : ૨૩-૦૬-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સન્ત મંડળના હેતથી આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવકો - કુંવરજી મેપા મનાણી, વાલજી મેપા મનાણી, નટવરલાલ ધનજી મનાણી, માવજી મનજી રાઠોડ, મનસુખલાલ અમરશી, નરેન્દ્રકુમાર અમરશી, અમૃતલાલ લાધા મકવાણા, મનસુખલાલ નરસીંહ સુતાર તથા જે - જે હાજર હો તે તે સેવકોને અમારા ઘણા આશીર્વાદ, સુખી રહો, કમાઓ ખાઓ, પીયો, સાજા રહો અને **ચોમાસામાં ખાસ પાંચ મિનિટ ભજન કરી લેવું. બીજું વચ્ચે ન બોલવું. આ નિયમ પળશે,**

ક્યારેક ભેગા થઈને ઉત્સવ કરવો. ભગવાન તમારી નજર રાખશે, શ્રીજી મહારાજને ભૂલવા નહીં.

સેવા શક્તિ પ્રમાણે કરવી, ઘરબાર સાંચવવા માટે કાળજી રાખવી, બીજા જે જે મળે તેમને જય સ્વામિનારાયણ કહેવા. દેશ પ્રમાણે વર્તન જાળવવું એ જ.

ડ્રાફ્ટમાં શિરનામું, નામ.

KOTHARI SWAYAM PRAKASHADASAJI

ખાતા નંબર ૧૦૬૭૪

BANK OF INDIA જૂનાગઢ બ્રાંચ.

નાગરીક સહકારી બેન્ક.

NAGARIK SAHAKARI BANK

•❀•❀•❀•

પત્ર નં.-૧૦૬ **તારીખ : ૨૭-૦૬-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચવા. **ચોમાસામાં પાંચ કે દસ મિનિટ ભજન કરવાનો નિયમ રાખવો. એકલા કે બેકલા ભજન કરવું. વચ્ચે કાંઈ બીજું ન બોલવું. તે સિવાય પળાય તેવું પાળવું, પરદેશમાં શરીરે સાજા નરવા રહેવાય તેમ રહેવું. કમાઓ, વાપરો, ઘરે મોકલો, માવતર પરીવારને સાંચવો, ભગવાનને ભજો, સેવો, સારાવાના હો.** ખૂશ ખબર લખવા. જે મળે તેને જય સ્વામિનારાયણ સાથે હોય કે કામકાજે મળે તેમને કહેવા.

ડ્રાફમાં કોઠારી સ્વયં પ્રકાશદાસજી,

KOTHARI SWAYAM PRAKASHADASAJI

BANK OF INDIA

બ્રાન્ચ જૂનાગઢ, નાગરિક સહકારી બેન્ક

JUNAGADH NAGRIK SAHKARI BANK

કોઠારીનો નમ્બર ૧૦૬૭૪, 10674
કવર ઉપર શિરનામું,
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી
સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે
જૂનાગઢ - JUNAGADH, સૌરાષ્ટ્ર - SAURASTRA
ભારત-INDIA

•❀•❀•❀•

પત્ર નં.-૧૦૭ **તારીખ : ૨૯-૦૬-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક જયંતિલાલભાઈ, માધાપુરવાળા તથા રતિલાલભાઈ, દયાળજીભાઈ, નાથાલાલભાઈ, પ્રાગજીભાઈ, મોહનભાઈ, હરિલાલભાઈ, દામજીભાઈ, રામજીભાઈ, અમરશીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળને ભગવાન શ્રીહરિ સુખી રાખો. સારી ઊંચી સ્થિતિ મેળવો. **ગૃહસ્થાશ્રમ શોભે તેવી સંપત્તિવાળા હો, ભજન ચોમાસામાં દરરોજ એકલા પણ પાંચ મિનિટ બીજું બોલ્યા વિના કરવું. એવો નિયમ રાખવો.** એકાદશીએ તમોને બધાને સંભાર્યા હતા. આહીં પણ ઉત્સવ હતો. અષાઢ એકાદશીએ ૧૬ કલાકની ધુન્ય રાખી હતી. મોટા નવા સભામંડપમાં સભા પણ હતી. કમાઓ, વાપરો, સેવો, **જીવમાં ભગવાનનું સુખ મેળવવાની સમઝણ સારી છે. તે સત્સંગમાં વૃદ્ધિ કરશે, કરાવશો. એ જ.**

ખુશી ખબર લખવા, **ભગવાન સોંઘા છે.**

ડ્રાફમાં નામ - KOTHARI SWAYAM PRAKASHDASJI,
BANK OF INDIA બ્રાન્ચ જૂનાગઢ.
NAGARIKA SAHAKARI BANK
ખાતા નં. 10674

કવર ઉપર શિરનામું -
શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી,
સ્વામિનારાયણ મંદીર, ભંડારને મેડે,
JUNAGADH SAURASHTRA INDIA
બધાને જય સ્વામિનાયણ કહેજો.

•❀•❀•❀•

પત્ર નં.-૧૦૮ **તારીખ : ૧૪-૦૭-૧૯૭૭**

ધન્ય હો, સુખી થાઓ. પત્ર મળતાં જ ડ્રાફ મોકલાવ્યો. આનન્દ આનન્દ થયો. **ભગવાન તમારી નજર રાખો, વધારે સુખી હો, સાજા નરવા રહો, સંપ રહો. હેળ-મેળથી સત્યુગ પ્રમાણે વરતો, ભારે સુખ આવશે, ભજન પાંચ મિનિટ જ કરવું. પણ ભગવાનને જોતા જોતા કરવું. ચોવીસ કલાકનો બદલો વળી જાશે, બધૂંય માફ.**

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

તમારો ડ્રાફ ૩૩૩ દિરામ, ૧૦૦૬/૧૦ રૂપિયાનો આજે મળી ગયો છે.

તારીખ, રકમ નોંધ કરી લીધી છે. આ વખતે રજીસ્ટર્ડ ઉપર માવજી મનજી નામ હોવાથી તે શિરનામે આ જવાબ લખ્યો છે.

૧. માવજી મનજીભાઈ રાઠોડ ૨. કુંવરજી મેપા મનાણી
૩. વાલજી મેપા મનાણી ૪. અમૃતલાલ લાધા
૫. જીવરાજ લાલજી કુકડીયા ૬. નટવરલાલ ધનજી
૭. નરેન્દ્રકુમાર અમરશીભાઈ ૮. મનુસખલાલ અમરશીભાઈ

તમારી ચઢતી કળા રહો, ખુશી ખબર લખતા રહેવા. પારેખાવાળા સુતારને પણ આશીર્વાદ. જય સ્વામિનારાયણ. સ્વયંપ્રકાશસ્વામી વિગેરેના જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૦૯ **તારીખ : ૧૯-૦૭-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક હરિલાલ વેલજીભાઈ ચુડાસમા ૧૧૦૦ નો ડ્રાફ મળી ગયો છે. ઘણાં રાજી ઘણી સેવા કરી, તમો સાજા નરવા રહો, કમાઓ, વાપરો. ઘર માવતરને રાજી રાખજો. વધારે સન્તના આશીર્વાદ મેળવો. **મંદિર મૂરતિ ભજન ભક્તિ ભગવાનનો જાજો સમ્બન્ધ વધારવો. પરદેશમાં ત્યાં એકલા છો પણ તમારા લખવા મુજબ જ ભગવાન તમારી ભેગા છે, રહે છે, રહેશે, રક્ષા કરશે. પૂજા પાઠ કરવા, બને તેટલો દેશકાળ પ્રમાણે આચાર વિચાર વર્તન રાખવાં, સાજું રહેવાય તેમ વરતવું. પાંચ મિનિટ ભજન કરવું, દેશકાળ પ્રમાણે ધર્મ સાંચવવો.** વંથળી પત્ર લખ્યો છે, સારૂં છે, જલ્દી સારૂં થઈ જાશે, વરસાદ ઘણાં સારા છે. બધા સાજા નરવા છે. કંઠી એક કવરમાં મોકલી છે. ગુલાબ પાંખડીયો પણ મોકલી છે.

વચ્ચે પોસ્ટમાં કવર તોડીને કંઠીઓ લઈ લ્યે છે, ગુમ થાય છે. રામજી કાનજી કડીયા સુતારની કંઠી તેને પહોંચી નહીં. તો આ કંઠી તમોને પહોંચે ન પહોંચે ખબર લખજો.

જે ભેગા થાય શ્રીહરિ શરણાગતિ સેવકો તેને જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

જન્માષ્ટમી અશ્વિનમાં એક દિવસ તો પાંસે કે દૂર હો તેમણે ભેગા થવું, ઉત્સવ કરવો. ખુશી ખબર લખવા. એ જ. જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૧૦ તારીખ : ૨૨-૦૭-૧૯૭૭

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક વિસરામભાઈ ભીમજીભાઈ હાલાઈ તમારો પત્ર વંથળીમાં હરીભક્તો તમોને મળવા આવેલા. તા. ૧૧-૫-૭૭ જે તમોને મળ્યા તેમનો વંથળીથી ટપાલમાં તમારો કાગળ જૂનાગઢ મોકલાવ્યો છે. ભગવાનજીભાઈ, ધનજીભાઈ, રતિલાલભાઈ નામ છે. તેઓના જય સ્વામિનારાયણ વાંચજો.

તમો પોતાના દ્રઢ નિશ્ચય પ્રમાણે ભજન કરજો, કમાઓ, વાપરો, ભગવાનને રાજી કરો. કુટુંબનું પોષણ કરો, ધામમાં જવાય, રહેવાય, સેવા થાય તેવા હેતથી ભજતા રહો. તન-મન-ધન અંતરાત્મા સર્વસ્વ વડે ભજતા રહો. સત્સંગી સંત ભગવાન તે સાચા સગાં માવતર રક્ષક નજર રાખનારા છે, તે સંભાળ રાખતા રહેશે. તમો પણ તેના થઈને રહ્યા છો. તે તમારા થઈને રહે છે. સુખ માણો અને ખુશી ખબર લખતા રહો, દેશકાળ પ્રમાણે શરીરે સાજા રહેવાય તેમ વરતજો, ત્યાં જે જે ભક્ત મળે તેમને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ કહેજો. ખુશી ખબર લખજો.

- કૃ.વ.આ.



પત્ર નં.-૧૧૧ **તારીખ : ૨૫-૦૮-૧૯૭૭**

એકાદશી પ્રાતઃકાળ

જૂનાગઢ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક હરિલાલભાઈ તથા શરણાગતિ મંડળ જે હોય તે સર્વેને ભગવાન સુખી રાખો, તમારી નજર ભગવાન રાખે છે, સંભારતા રહેવા ભજન કરતા રહેવું. તમારો પત્ર મળ્યો છે, **તમારે અન્તઃકરણમાં પ્રત્યક્ષ સંભારતા રહેવા, આંખે દર્શન થાય તેમ મનમાં દિલમાં, હેતમાં, સમજણમાં દર્શન થાય. સ્વપ્નામાં જેમ દર્શન થાય તેમ દર્શન થાય. જે જેને માટે તલખતા હોય તે તેને દેખાયા કરે. નજર આગળ તર્યા કરે પણ દિલની માલીકોરતો ખૂબ દેખાયા કરે તે પ્રમાણે દર્શન કરતા રહેજો. તમો કમાઓ તે ભગવાનનું**

જ છે, ભગવાને તમોને કમાવાનો યોગ મોકો આપ્યો છે. કમાઓ, વાપરો, કુટુમ્બને સુખી કરો, ઘણાં સારાવાનાં થાઓ. બે દિવસ પહેલાં એક હવાઈ પત્ર તમારા ઉપર રવાના કર્યો પણ પોસ્ટ નં. ૫૨૮૫ લખાયો. ૧ આવો અક્ષર બે-૨ વંચાયો. પછી બૂકમાં જોતાં તે એકડો માલૂમ પડ્યો એટલે આ ફરીથી પત્ર લખ્યો છે.

(સેવા હોય તો જણાવજો) - આવા તમારા ઉત્સાહને ધન્ય છે. બધાં કાર્યો થયાં અને થશે. શ્રીહરિ શરણાગતિ મંડળને ધન્ય છે. આગેવાનોને ધન્ય છે.

નવીન સમાચારમાં તીર્થભૂમિમાં જન્મસ્થળ ઘર વેચાતું આપે એવા ખબર મળ્યા છે, અને તે શ્રીહરિ શરણાગતિ મંડળે જલ્દી પાર પાડવાનું છે. તો વાતચીત નક્કી થયા પછી શ્રીહરિ શરણાગતિ મંડળના અગ્રગણ્ય જે રીતે ત્યાં વાતચીતથી નક્કી કરશે તે પ્રમાણે તમોને જણાવશે. તેમાં તમારે પણ ટેકો દેવાનો રહેશે. તે કામ પણ થાય તો **શ્રીહરિ શરણાગતિ મંડળની ઈચ્છા છે કે ભગવાનની ઈચ્છા પ્રમાણે તે કામ જલ્દી પતાવી લેવું.**

ભગવાનની જય થાઓ. પુના, મુમ્બઈ વાળા અઠવાડીયા પછી દુબઈ જવાના તૈયારીમાં છે. સારૂંકામ તમોને જણાવીશું. તીર્થના જન્મસ્થાનનું પ્રકરણ હવે જલ્દી ચાલૂ થશે. એ જ. આશીર્વાદ જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.



પત્ર નં.-૧૧૨ તારીખ : ૨૭-૦૮-૧૯૭૭

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રી સ્વામિનારાયણ વાંચજો.

હરિકૃષ્ણ, ક. ભગવાનનજી, નલીની સુખી રહો.

ભગવાનને સવારે નવરાવવા, પગે કંકુથી ચાંદલો કરી પૂજવા, વસ્ત્ર પહેરાવવા, થાળ ધરવો, પગે લાગવું, બપોરે જમાડવા, સાંજે રાતે

જમાડવા, ત્રણ વખત સવારે, બપોરે ત્રણ વાગે, રાત્રે પાણી પાવું. પોઢાડવા, અપરાધની ક્ષમા માંગવી, એમ પૂજા કરવી.

ભગવાન ભક્તના અપરાધ ગણતા નથી.

રાખડી બાંધી છે. રાજી, વધારે સુખી થાઓ.

ભગવાનજીભાઈ ઘરે આવે તે દિવસથી દસેક દિવસ વધારે રોકાવાનું થાય તો તેમને એક આંટો આંહિ તરત જ આવવું. તીર્થમાં જન્મઘર આપવા ઈચ્છે છે. ત્યાં તે માટે મોકલવા છે. એ જ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૧૧૩ **તારીખ : ૨૯-૦૮-૧૯૭૭**

જૂનાગઢ.

શ્રી હરિઃ શરણં મમ

પૂર્ણ પુરૂષોત્તમ પ્રગટ શ્રીહરિના પરમ સ્નેહી કૃપાપાત્ર ભક્તજનો -

૧. સેવક મોહનલાલ રતનશી	૨. સેવક રતિલાલ હંસરાજ
૩. સેવક દયાળજી લાલજી	૪. સેવક શામજી હીરજી
૫. સેવક નાથાલાલ ડાયા	૬. સેવક પ્રાગજી ડાયા
૭. સેવક દેવરાજ ડાયા	૮. સેવક તુલસી મનજી
૯. સેવક જયંતિલાલ રાઘવ	૧૦. સેવક ભગવાનજી ટપુ
૧૧. સેવક ટપુલાલ કાનજી	૧૨. સેવક રામજી તુલસી
૧૩. સેવક મોહન કરશન	૧૪. સેવક વાલજી કેશવજી
૧૫. સેવક નાનજી લક્ષ્મણ	૧૬. સેવક માવજી લક્ષ્મણ
૧૭. સેવક છગનલાલ માવજી	૧૮. સેવક વીરજી ડાયા
૧૯. સેવક વ્રજલાલ રણછોડ	૨૦. સેવક રતિલાલ મોહન
૨૧. સેવક જયંતિલાલ દેવશી	૨૨. સેવક અમરશી ટપુ

૨૨૫૦ નો ડ્રાફ ૨૯-૮-૭૭ નો આજે મળ્યો છે.

તમો એ સારી સેવા કરી, ઘણાં ઘણાં રાજી થયા. એક મહીનો દરરોજ લાડુ વિગેરે ફરતૂં-ફરતૂં ભગવાન અને સંતો જમશું. **ભારે હેત કરી ત્યાં પણ પ્રત્યક્ષ ધ્યાન, માનસીપૂજામાં જે કાંઈ રસોઈ થાય તે જમાડતા રહેજો. તમારાથી ભગવાન આઘા નથી.**

આચાર્ય નરેન્દ્રપ્રસાદજી મહારાજ જૂનાગઢ દસ દિવસો રોકાણા હતા. વહુજી સાથે હતા. ગોંડલ થઈને મોટી કુંકાવાવ ગયા હતા. તીર્થ પાસે પાંચ મિનિટ (સામૈયું કર્યા વખતે, મોટર ઉભી રાખીને શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય રાષ્ટ્રીય સ્મૃતિ ભવન અને મૂર્તિ વગેરે જોઈ જોઈને રાજી થઈ વખાણ કરતા હતા કે આવા વિદ્વાન સન્તને માટે આવું ભવન બનાવી કુંકાવાવની જનતાએ ઘણું સારૂં કર્યું. એવા મહાવિદ્વાન સન્ત માટે આ પ્રકારે સન્માન સ્મૃતિ હોવી જ જોઈએ. ઈત્યાદિ વખાણ થયાં છે.

અમારી જન્મભૂમિનું રેણઘર વેચાતૂં આપવા તેમાં રહેનારા પણ તૈયાર છે. હવે તે કામ કરી લેવા શ્રીહરિ શરણાગતિ મંડળ તમો બધા તથા આંહી વેલજી રવજી, ભગવાનજી રાજા, છગનલાલ પ્રેમજી શિક્ષક, પરશોત્તમ ડાયા મકવાણા, રામજી જેઠા વિગેરે પણ ખૂબ ઉત્સાહમાં આવી ગયા છે. તમો પણ સારી એવી મદદ કરો છો, જેથી જન્મભૂમિ પણ મળી જશે. **ભગવાનનું કામ ભગવાન કરશે. સેવકોનું કામ સેવકોએ કરતા રહેવું. તમારો ત્રિલોકીમાં જય થાય છે. ભગવાનને માટે જે કરી બતાવો છો તેનો ડંકો ત્રિલોકીમાં વાગવા માંડ્યો છે.** પૂનામાં ત્રણેય કામ કિતાબ, ચરણ, મૂર્તિ પૂરાં થયાં છે. અભિનંદન ગ્રંથ પણ પૂરો થાશે.

"નોતી દીઠી નોતી સાંભળી રે, પ્રગટાવી એવી પૂનીત પુરુષોત્તમ પ્રગટી રે."

તમો કમાઓ, કુટુંબને રાજી કરો, ભગવાનને હૃદયમાં રાખો. સેવો, પૂજો, સાજા રહો, ધૂન્ય ભજન, ઉત્સવ કરો. **આરસના બે નક્કલ ચરણકમળો પણ તૈયાર થયાં છે, જન્મભવનમાં પધરાવાઈ જશે.** જન્મજયંતિ આવે છે. સ્મૃતિ ભવનમાં જાળીનું રંગકામ ફરીથી કરાવવું છે. છગન ભગતને

નવરાશ છૂટી સારી રીતે મળશે અને ઋતુ કોરાડ હશે ત્યારે કરી આવશે. **અમો સાજા નરવા છીએ. આનંદમાં છીએ. તમો પણ આનંદમાં રહેજો. કીર્તન, કથા, ભજન કરજો. સારૂં જમણ કરી જમજો, ઉત્સવમાં સમૂહ ભોજન કરજો. તમારા બધાનો ઉત્સાહ એક બીજા કરતા ચઢીયાતો છે. બધાને ધન્ય છે. શક્તિ ઉપરવટ સેવા કરો છો. માવતરને બધા બાળકો ઉપર પૂરતું હેત હોય જ, વીરજી ડાયાભાઈએ પણ ઘણી સેવા કરી. બીજા સમૂહોએ પણ શ્રીહરિ શરણાગતિ મંડળોએ સમૂહ મળી મળીને સેવાઓ કરતા આવો છો. તેઓ સેવા કરનાર બાળકો ઉપર પણ માવતર બહુજ રાજી છીએ. ખરેખરા સાચા સેવકોએ સંપ્રદાયમાં દેખાડી દીધૂં કે શિષ્યો હોય તો આવા હોવા જોઈએ. જેણે કરી બતાવ્યું, ભગવાન ભલે પોતાના કેફમાં અલમસ્ત વરતે પણ ભક્તિ સેવાના કેફવાળા ભક્તોએ તો દૂનિયા ધ્રૂજાવી દેવી જોઈએ.**

'સાચા શૂરા રે જેના વેરી ઘાવ વખાણે.''

સ્વામી સેવક બંનેને માટે બળવાન સમય છે.

વીરજી ડાયા ચોટલીયાને પત્ર લખશું. તમો પણ અમારા આશીર્વાદ તથા જય સ્વામિનરાયણ મળે ત્યારે કહેજો.

મસ્કત તરફથી વિશરામ ભીમજી હાલાઈ દેશમાં આવી ગયા છે. મસ્કતમાં કામ તેની કંપનીમાં ન હોવાથી આવતા રહ્યા છે. જૂનાગઢ દર્શને આવવાનું લખે છે. આવશે ત્યારે જય સ્વામિનારાયણ કહેશું.

મીસ્ત્રી હરિલાલ વેલજી ખોલિયા મસ્કતમાં જ્યાં છે ત્યાં આનંદમાં છે. શામજી હીરજી તથા દેવજી કાનજીનો ડ્રાફ પણ મળી ગયો છે. મનજી ભગા સાથે ઘણા સેવકો કામ કરે છે. તેમનો ડ્રાફ પણ મળી ગયેલ છે.

કેશવજી હરિભાઈ વિગેરે તથા જે-જે સમૂહ મળીને સેવા કરે છે તે-તે ડ્રાફ પણ મળી ગયેલ છે. શામજી તુલસી ટાંક તથા નથુભાઈએ મોકલાવેલ ડ્રાફ પણ મળી ગયેલ છે.

મોહનલાલ રતનશી તથા પ્રાગજીભાઈ, જેરામભાઈ વિગેરે એ મોકલાવેલી સેવાઓ મળી ગઈ છે.

બધાએ ભગવાનને સોનાથી નવરાવી ઠંડક આપી છે. રાજી કર્યા છે. પ્રસન્ન કર્યા છે, તેથી તમારી ચઢતી કળા રહેશે. કોઈ મૂંઝાશો નહીં. સંપીને એકબીજાને સાંચવજો, મદદમાં રહેજો, સુખ-દુઃખમાં ધીરજ રાખજો. જેના ધણી જબરા તેનો કેફ જબરો. મીઠો સાગર કોઈ દિવસ ખૂટવાનો નથી, પુણ્યનો પાર નથી, પરદેશ પણ સ્વદેશ થઈ પડ્યો છે. કુસંગ પ્રદેશ પણ સત્સંગ પ્રદેશ કરી દીધો છે. દેશના કરતાં બમણા, ત્રણગણા કે પાંચગણા પણ રોજ મહેનતાણું મળે ત્યાં સુધી ત્યાંથી ખસવું નહીં.

પાંચ મિનિટ ભજન વધારે કરવું. માળા ફેરવવી વિગેરે સમય મળ્યા પ્રમાણે કરવું. શરીરે સાજા રહેવાય તેમ રહેવું. ભગવાનને હૃદયમાં સંભારવા. રક્ષા કર્યા કરે. એ જ. અતિ હેતમાં લખવાનું ખૂટે નહીં. બધાને જય સ્વામિનારાયણ.

મુંબઈ, પૂના, વંથળી બધા ખૂશીમાં છે. વરસાદ હાલમાં જોઈએ તેવો થવા માંડ્યો છે. પાક સારા ઉતરશે. લીલા લ્હેર છે. પાણીની નહેર છે. ભગવાનની મહેર છે. રીયાલ ઘેર-ઘેર છે. સેવકોને આનંદની છોળ છે.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૧૪ **તારીખ : ૦૮-૦૯-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

વાલજીભાઈ, નરેન્દ્ર, દિનેશ વિગેરેને ભગવાન સુખી રાખો. સારાવાના હો, રાખડી પહોંચી, બાંધી, આશીર્વાદ દીધા છે. જય સ્વામિનારાયણ.

શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ. **પૂજા-પાઠ હેતથી કરવા, મોક્ષમાં કામ આવે, ભગવાન સંભાળ રાખે. આ લોકની તૃષ્ણા ન રાખવી.**

•❀•❀•❀•

પત્ર નં.-૧૧૫ **તારીખ : ૧૮-૦૯-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક હરિલાલ વેલજીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળની ચઢતી કળા હો. ભગવાન નજર રાખો, કમાઓ, વાપરો, હિંમતમાં રહો, ત્યાં ટકો, કામ કરો, સુખ ભોગવો, તપ કરો, ભજન કરો, આશીર્વાદ, સાજા રહો.

બહેરીન સર્વે ભાઈઓ સેવકો લહેરમાં રહો, ભજન-ભક્તિ કરજો, ખાજો, પીજો, પહેરજો, સંભારજો. નવીન - તીર્થનું જન્મગ્રહ ૧૮૦૦૦, માં નક્કી લખાણ થઈ ગયેલ છે. ઘણું સારૂં કામ થઈ ગયું છે. તેમાં તમારૂં કુલ કુટુમ્બનું, સગા વિગેરેનું મદદ સારૂં કરતા રહો, વધે તે સેવામાં સંકલ્પ કરવો, જેથી ઉપલો બોજો પાર પાડી શકાય, સૂંથી દઈને રજીસ્ટર્ડ સ્ટેમ્પ ઉપર સરપંચ, ઘરધણી અને બે ત્રણ સાક્ષીઓ સાથે નક્કી કાગળ કર્યો છે. ૧૦ + ૧, અગિયાર અત્યારે ચૂકવવાનાં અને બાકી ૭, સાત હૂતાશની પહેલા કબજો સોંપે ત્યારે, આમ નક્કી થયેલ છે. તે જાણજો. **તમો પ્રત્યક્ષ ભજજો, સંભારતા રહેવા મોક્ષમાં લઈ જનારા છે.**

શ્રીહરિ શરણાગતિ મંડળ તરફથી છગન ભગતના હસ્તાક્ષરે કામ ચાલૂ કર્યું છે. પછી શ્રીહરિ શરણાગતિ મંડળનું ટ્રસ્ટ કરીને આગળ કામ વધારશું. દુબઈ પણ નવીન જણાવેલ લખવું, કામ ચાલૂ કર્યું છે.

બધાને જય શ્રીસ્વામિનારાયણ.

પૂના, મુંબઈ, વંથળી હવે ધીરેધીરે ખબર પડશે. હજુ બાંધી મૂઠીએ કામ કરતા જવાય છે. વિઘ્ન ન થાય તેમ ભગવાન ધારે છે. તેમ કામ આગળ લેવું છે. એ જ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૧૬ **તારીખ : ૨૪-૦૯-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક હરિકૃષ્ણ ભગવાનજી રાજા સુખી રહો, **ભજન કરવું, હૃદયમાં જોયા કરવા, પ્રાર્થના બધી ક્યારેક ધામમાં ભગવાનની સેવા મળે તેવી કરતા રહેવું.**

બીડેલો કાગળ મળ્યો.

બધાને જય સ્વામિનારાયણ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૧૭ **તારીખ : ૨૯-૯-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક જયન્તીલાલ કચ્છ માધાપરવાળા તથા તમારા પત્રમાં લખેલા મોહનભગત, દેવરાજ ભગત, તૂલસી ભગત, ટપુલાલ ભગત, નારાયણ ભગત, રતિલાલ ભગત, દયાળજી ભગત, રામજી ભગત, નથુ ભગત, માવજી ભગત, નાનજી ભગત વિગેરે, શ્રીહરિ શરણાગતિના ભક્તો સન્લે કમ્પનીવાળા ભક્તો તથા સેવા કરનારા તથા સાથે રહેનારા તમામ ભક્તોને શ્રીહરિ સુખી રાખો.

તમારો પત્ર વાંચી સમઝણનો ઘણો આનન્દ આવ્યો **પૂર્વના પુણ્ય ઉદય થયા હોય ત્યારે ભગવાન જેવા છે તેવા સમઝાય, આનન્દ ઉત્સવ સમૈયા થાય, ભજન-ભક્તિ થાય.** જન્માષ્ટમી તથા રમજાનમાં ભક્તિ ભજન, ભોજન કર્યા, વાંચ્યું, તેથી અમો બહુજ રાજી છીએ, વળી આવતી જન્માષ્ટમી ઉજવશો. ઘણો સમાસ થાશે. ભજન કરજો. નથુ ભગત, રામજી ભગત, સન્લે કંપની, વિગેરેના ધન્યભાગ્ય છે જે સમુહભોજન ઉત્સવ કરો છો. **સંપીને**

ભગવાન અને સન્તોને સંભારવા, પૂજવા, સત્સંગ કરવો. આનન્દ કરવો, વિરોધ ન કરવા, સુખી થાવું, બધાને જય સ્વામિનારાયણ કહેવા. આશીર્વાદ છે. ભગત મોહનલાલ રતનશીને આજે પત્ર રવાના કર્યા. તેમા ઘણી વિગત છે, તે ઉત્સવમાં ભેળા થાશો ત્યારે પણ જાણવા મળશે.

સુખી-શાંતિથી રહેવું. મૂંઝાવું નહીં, સુખ દુઃખ સહેવું, સાજા નરવા રહેવું. ભગવાનમાં ભાગ ત્યાગનો માર્ગ નથી. ન સમજે તેને ખોટપ રહી જાય, દેખી ન ખમે તેવા વ્યક્તિઓ ડોળી નાખે પણ વિચારશીલ તો સમઝણ રાખે અને ભજે. એ જ.

- કૃ.વ.આ.નાં બધાને જય સ્વામિનારાયણ.

સ્વામિનારાયણ મંદિર ભંડારને મેડે,

SAURASHTRA, JUNAGADH , INDIA .

•❀•❀•❀•

પત્ર નં.-૧૧૮ **તારીખ : ૨૯-૦૯-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં-ઘણાં રાજીપાથી આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

તમો સર્વે સેવકો સાજા નરવા છો, કથાવાર્તા કરો છો, કમાઓ છો, વાપરો છો, ઉત્સવ કરો છો, સેવાઓ કરો છો અને હિમ્મતથી પરદેશને સ્વદેશ, સ્વઘર, સ્વજન, સ્વકુટુંબ તરીકે ગણીને વર્તો છો. તે બધું જાણીને, તમારા કાગળ વાંચીને ઘણો આનંદ થાય છે. તમારો સત્સંગ પૂર્વેના પુણ્યવાળો છે. જેથી આનંદ માણો છો. સંતની પેઠે ધર્મ નિયમમાં વર્તો છો. વ્રત પાળો છો, આ બધી ભગવાનની દયા છે.

''કુંજ પક્ષી નિજ બચ્ચાંઓને દ્રષ્ટિ વડે પાલે પોષે
તેમ ભગવાન તમોને પાળે પોષે છે.''

જેથી કાંઈ ચિંતા ન કરવી, ભગવાન રક્ષા કરતા રહેશે. ભગવાનની હેતની નજર ભક્ત તરફ જ હોય છે. આપણા દેશની કમાણી કરતાં તે દેશની

કમાણી ત્રણ ગણી તો મળે જ માટે મૂંઝાવું નહીં. ત્યાંની કંપનીના વાંકમાં ન અવાય તેમ વરતવું, કામ-કાજ આપનારા ભગવાન છે, ભગવાને આપ્યું છે માટે કમાજો, શરીરે સાજા-નરવા બલિષ્ઠ રહેવાય તેમ ભોજન પાણીમાં રહેવું. લોભ ન કરવું. દેહને સાંચવવું. તે ૫૦, ૧૦૦ વર્ષોનું ઘર, ખોરડું કહેવાય. જીવાત્મા ઘરધણી છે, તેને કથા-જ્ઞાન-ભક્તિના અમૃત પાયા કરવાં. ભગવાનને, મોટા સંતોને અને મિત્ર હરિભક્તોને સંભારવા. એકબીજાને કામ-કાજે મદદ કરવી. તમો છો, ભેળા છો તે સગા-સંબંધી જાણવા, કોઈનું ખરાબ ન કરવું.

માણસોના ભાગ્ય એક જ પ્રકારના નથી હોતા તો પણ કમ્પનીમાં કામકાજમાં થોડે અંશે સરખાં જેવા થાય છે. ઘરના એક કુટુંબના મા-બાપ, ભાઈ-બહેન, પુત્ર, પરીવારોના પણ એક સરખાં ભાગ્ય નથી હોતા તો પણ થોડે-જાજે અંશે તો સરખાં જેવાં હોય છે. માટે આનંદમાં રહેવું, કામ કરતા રહેવું, ઉત્સવ કરતા રહેવું. શુક્રવારે ભેગા થવાય તેને જય સ્વામિનારાયણ કહેવા. જુમા, રોજા, ઈદમાં છૂટીમાં પણ ભજન-ભોજન થાય તેમ વખત લ્યો છો અને સત્સંગ કરો છો, તેમ કરતા રહેજો, તમો ઉત્સવ કરો છો અને પ્રગટ ભગવાનની જન્માષ્ટમીએ સારો ઉત્સવ કરવા ધાર્યો છે તે વાંચીને ઘણા રાજી થયા છીએ.

તમારી ચઢતી કળા રહેશે. સારાવાનાં થાશે, તમારો સત્સંગ વધશે અને હેત-પ્રીત વધશે અને દિવ્ય ભાવનાઓ વધશે અને દોષ દ્રષ્ટિઓ મટી જાશે અને ભગવાન પરાયણ જીવનમાં સુખ આવશે, આંખ્યો મીંચીને હૃદયમાં બેઠેલા ભગવાનને દેખવા તુરંત જ વધારે સુખીયા થવાય. જગત બધું માલ વિનાનું છે, પણ ભગવાનના ભક્તને ભગવાનનું સુખ આવે અને કેફ વરતે તે તો અમૂલ્ય માલ છે, તેવા માલદાર રહેવું. જીવને સુખીયો રાખવો, નાણાં વડે કેફ રાખવો. જે સેવાઓ થાય છે તે ધન્યભાગ્ય છે. ભગવાને તમોને પરદેશરૂપી સારી જમીન કમાવા આપી છે, કમાઓ, સુખીયા થાઓ, મોજ માણો, પળે તેટલું પાળો.

'જે મળ્યા છે તમને તે પાર છે અક્ષરથી' તેમ તમો નિશ્ચિન્ત રહેજો કરવું તમારે કાંઈ નથી. 'જે મળ્યા છે તેમને તે પાર છે અક્ષરથી' કૃપાનો પાર નથી. સાજા નરવા રહો. મતભેદ ન કરવા, સંપીને રહેવું. (અધુરો પત્ર)

•❀•❀•❀•

પત્ર નં.-૧૧૯ **તારીખ : ૦૩-૧૦-૧૯૭૭**

શ્રી હરિઃ શરણં મમ

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, બધા સુખી હો.

મું. કાંદીવલી, લખમણ ડાયાભાઈ પરમાર તથા તમારા દુબઈ કાગળમાં લખેલા - કેશવજી હરિભાઈ, રતિલાલ રવજીભાઈ, પ્રાગજી ડાયાભાઈ, હરિલાલ ડાયાભાઈ, નારણ જેરામભાઈ, આદિ શ્રીહરિ શરણાગતિ મંડળ સત્સંગીઓ બધા આનંદમાં સાજા નરવા રહો, **ભજન-ભક્તિ કરો, કમાઓ, વાપરો, ઉત્સવ સમૈયા કરો. સુખે જીવન ગાળો, ત્રિવિધ તાપમાં ન તપાય એમ ભગવાન તરફ વધારે વલણ રાખવું.**

વાર્ષિક પાટોત્સવ બાબત તમોએ પૂછ્યું. તેમાં સવારે બ્રાહ્મણ ગણેશ પૂજન દેવતાઓના પૂજન કરાવે અને મૂર્તિ ધાતુની હોય તો નવરાવે. દૂધ, દહીં, ઘી, મધ, સાકર, પંચામૃતથી નવરાવે, શુદ્ધ જળથી નવરાવીને, ચંદન અત્તર આદિ સોળ ઉપચારથી પૂજે, શણગાર પહેરાવે, થાળ જમાડે, કીર્તન ભક્તિ કરે, આરતી ઉતારે, રસોઈ જમે-જમાડે, દાન પુણ્ય કરે, પાકો થાળ મિષ્ટાન્ન કરાવે, સર્વેને જેવો ખર્ચ ફાળો તે પ્રમાણે પ્રસાદ આપે, ફૂલહાર ધૂપદીપ કરવા, સત્સંગ કરવો. આવો સામાન્ય વિધિ પાટોત્સવમાં હોય છે.

ધાતુમૂર્તિ ન હોય તો હરિકૃષ્ણ મહારાજની ધાતુમૂર્તિ કે શાળગ્રામ ભગવાનની શિલા ગોળ મૂર્તિ, કે ગણેશની પાષાણ વિગેરેની મૂર્તિ, કાંઈ ન હોય તો સોપારીમાં આવાહન કરીને નવરાવવા, ધોવરાવવા, પૂજવા અને ચંદન, ચોખા, પુષ્પ, વસ્ત્ર, અલંકાર ધરાવીને પછી સિંહાસનમાં મૂર્તિ હોય તેની આરતી થાળ વિગેરે કરવા, સિંહાસન શણગારવું, આવો વિધિ કરવો. યથાશક્તિ કરવું, મિષ્ટાન્ન ન હોય તો મગજ કરાવીને જમાડવો વહેંચવો, ન થાય તો સાકર વહેંચવી.

હોમ-હવનની આવશ્યકતા આ બાબતમાં હોતી નથી. પણ યજમાન ધારે તો હોમ-હવન પણ થાય, જેટલું વધારે કરો તેટલું થાય, અલ્પ ઉત્સવ, મધ્ય ઉત્સવ અને મહા ઉત્સવ, એ ફાળા પ્રમાણે કરવો, ઉદ્વેગ કે પરાણે જગડો થાય તાણાં-ખેંચ થાય તેમ ન કરવું. સુખી રહો. સારૂં કરો, ભગવાન ભજો, **અવતારી પુરૂષોત્તમ નારાયણના સત્સંગમાં અક્ષરમુક્તો, અવતારો, ઈશ્વરો, દેવતાઓ, ઋષિઓ, મુનીઓ, પિતૃઓ આદિ તમામ આવે, પ્રકટે, વૈભવ વાપરે, ચમત્કાર જણાવે અને આ પ્રમાણે હોય તો જ ચક્રવર્તી સમ્રાટની શોભા ગણાય, માટે સંપીને, સમઝીને ભજવા, નિન્દામાં ન ઉતરવું, ખોટ્યમાં ન જાવું, ભેખમાં દેખા-દેખી અદેખાઈ વડે હલકાઈના માર્ગમાં ધ્યાન ન દેવું. ઉત્તમતાના માર્ગમાં ધ્યાન દેવું. કોઈનું મંડળમાં મનાણું-નમનાણું તો પણ અભિમાનથી કલેશમાં ન ઓરાઈ જવું.**

'દુનિયામાં ડાયો ડાપણમાં દુઃખ પામે.'

બધા મળીને ભજન, ભક્તિ, ઉત્સવ કરતા રહેજો. મોટાની દ્રષ્ટિ ઘણી ઊંચી હોય છે. નાનાની દૃષ્ટિમાં ટૂંકાણ હોય છે. માટે સમઝીને સુખી રહેવું. એ જ.

બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

પત્ર નં.-૧૨૦ **તારીખ : ૦૩-૧૦-૧૯૭૭**

સોમવાર

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક તૂલસી મનજી મકવાણા, દયા દેવી, ધર્મેશ, ભાવેશ, ઉમા બધા તમારા મંડળને ભગવાન સુખી રાખો. બધા આનંદમાં રહો.

મનુષ્ય ભાવ છે નહીં, ભગવાન તે ભગવાન. ભક્તે ભગવાન ભજવા, સેવવા, સંભારવા, ઓળખવા.

કમાણીમાં બરકત વધશે. **વધારે લીન રહેવાથી દર્શન ઊંધમાં થયા કરે, બધાની રક્ષા કરીએ છીએ,** હમણા જ તૂલસીભાઈને કાગળ લખ્યો છે, પહોંચશે. બધાને જય સ્વામિનારાયણ કહ્યા છે.

બુદ્ધિમાં ભગવાન રાખવા, સારાવાના થાશે. ભજન કરવું.

બધાને જય સ્વામિનારાયણ, રસોઈની સેવા મળી છે. જમશું જમાડશું ખૂબ રાજી રાજી.

- કૃષ્ણવલ્લભાચાર્ય

•❀•❀•❀•

પત્ર નં.-૧૨૧ **તારીખ : ૧૦-૧૦-૧૯૭૭**

સોમવાર, દ્વાદશી

સેવક હરિલાલભાઈ બહેરીન, ૧૦૦૦ ડ્રાફ મળી ગયો છે. વટાવા બેંકમાં મોકલ્યો છે. ઘણા રાજી, સેવા કરો છો, રાજી છીએ. વારમવાર સેવા લખો છો. ખરી જરૂર પડશે તો કહેશું. અત્યારે જરૂરત હવે હમણા નથી. **શ્રી હરિ શરણાગતિ મંડળનું બધું કામ આપણે સ્વતંત્ર રાખીએ છીએ. સયારું કરવા જાય તેને કલેશ થાય.**

તમારું કહેવું ઠીક લાગે છે - **એક જ વિચાર સારો, બધા શંભુ મેળો નહીં સારો. ડખા ન થાય તેવી લાંબી નજર કરવી.**

જગ્યા સુવાંગ, ફાળો સુવાંગ, ભગવાન સુવાંગ તે ટકે, બીજું નહિં.એ જ.

સન્તો, હેમત તથા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. સન્ત મંડળના જય સ્વામિનારાયણ વાંચવા.

-સ્વામિનારાયણમંદિર જૂનાગઢ, સૌરાષ્ટ્ર



પત્ર નં.-૧૨૨ તારીખ : ૧૧-૧૦-૧૯૭૭

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

નારાયણના શ્રીહરિ શરણાગતિ મંડળનો જય હો, વિજય હો.

દુબઈ સેવકો - મોહન કરશન ૧. દેવરાજભાઈ ૨. તૂલસી ભગત ૩. ટપુલાલ ભગત ૪. મોહન ભગત ૫. દયાળજી ભગત ૬. રતિલાલ ભગત ૭. નથુ ભગત ૮. રામજી ભગત બધા ધન્ય હો. ભગવાન લેખે કરો છો એ આ પ્રસંગે વધારે નક્કી થતું જાય છે.

વેલજી ભગત અને ભગવાનજી ભગત વિગેરે ત્યાં હવે જલ્દી આવશે.

બધાય ભક્તો છો, ફનમકા કરીને રાજી કરો છો, બુદ્ધિ ઓછી પણ શરણાગતિ મોટી. અખંડ સ્મૃતિ રાખજો, મુક્ત છું, ભગવાનની ભક્તિમાં છું. બન્ને વર આપ્યા, કમાઓ, મોક્ષ પણ કમાઓ. ભગવાનનો આશરો તે મોટો મોક્ષ છે, રાજીપો તે મોટો આનન્દ છે, તીર્થ ભૂમિનો ઉધ્ધાર, તે બ્રહ્માણ્ડના ઉદ્ધાર જેટલું પુણ્ય આપે. એમણે તમો બધાએ ખૂબ ખૂબ આપ્યું, આપો છો અને આપશો જ. ભગવાન આપે તેમાંથી આપવું. બધા તમારા સંકલ્પો પૂરા થાશે, સોનાની લગડીયું ફેરવો એવા ધનવાળા થાશો, બ્રહ્માંડ ગણત્રીમાં ન આવે તે ભક્તિ ભગવાનનાં કેફવાળા થાશો, સૃષ્ટિદ્રષ્ટિમાં ન આવે તેવા નિર્વિકલ્પક સમાધિવાળા થાશો. આશીર્વાદ.



પત્ર નં.-૧૨૩ **તારીખ : ૧૧-૧૦-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીહરિ શરણાગતિ મંડળ ચાળીશ ભક્તો વધારે પણ થજો અને સંપ રાખજો. ભગવાન જરૂર ભક્તોને મળે, બળેલ કોલસાને ન મળે. હુલ્લાસ હેતાળને મળે. જેના દીલમાં કાળું તેના હોઠ કાળા, જેનું દીલ ચોક્ખું ત્યાં ભગવાન મળે ચોક્ખા, સમજાય અને ભજાય, પૂજાય, અર્પાય, મળ્યા તે સંભારવા. શ્રીહરિ મળ્યા, જે મળ્યા છે તે પાર છે અક્ષરથી. કામકાજ કરો, સંપ રાખો, કમાઓ, દોષ ન જોવો, દિવ્યદ્રષ્ટિ રાખો, ઉકરડા ન ખોતરો, અમૃત પીયો, આનન્દ લેતા રહો. ભગવાનના ભક્તની દિવ્યક્રિયા માનો. ઉત્સવ કરો. જમો જમાડો, સેવા કરો. એકબીજાને સાંચવવા, મૂંઝાવું નહીં.

દુબઈ ડૂબી હતી તે હવે તરી ગઈ, તરાઈ થઈ ગઈ. જ્યાં અમારૂં મંડળ શ્રીહરિ શરણાગતિ તે ભૂમિના ધન્ય ભાગ્ય, તમારો દેશ અને ઘર માનીને સુખી રહેશો. સોરવી જાય એમ ખાજો પીજો, કામ મળે. વેલજી ભગત, ભગવાનજી ભગત, રામજી ભગત, કેશવજી ભગત, નારાયણ ભગત, પ્રાગજી ભગત, જેરામ ભગત પૂના મુમ્બઈવાળા હવે આવવાની તૈયારીમાં છે. ભગવાન મોકલશે કે તરત જ ત્યાં આવશે, ઉત્સવ સમૈયા કરજો. સેવા યથાશક્તિ કરજો, ભક્તોનું કામ ભક્તો કરે, ભગવાનનું કામ ભગવાન કરે, તીર્થભૂમિનો ઉદ્ધાર થાશે, ઘણું સારૂં કરો છો. વેલજી ભગતનો પહોંચનો પત્ર આવી જાશે તેમને પત્ર લખતા રહેજો. જન્માષ્ટમી સમીપે આવે છે. આરસના ચરણકમળો પધરાવવાનાં છે, થાય તે ખરૂં, કબજો આપે એટલે તુરંત પધરાવાશે. અઢાર હજારનો ખર્ચ, ૧૬ હજાર કિમ્મત અને બે હજાર સરકારી ખર્ચ, તમોએ ભારે કામ કર્યું, ખર્ચ ઉપાડી લીધો. અમો મહિનાથી હજાર હજારનો વિચાર દુબઈ ખાતે કરતા હતા, તમોમાં ભગવાન વસેલા

છે, તેથી તમોએ હજાર-હજાર નોંધાવ્યા તેથી ઘણું કામ થાશે. **ખૂબ સોનાની લગડીયુંવાળા થાઓ. પ્રેમી ભક્ત થાઓ. નિન્દા, ઈર્ષ્યા, દોષ મેલી દેજો. ભજન ભક્તિ કરજો, રૂ. ભેળા થયે મોકલાવજો.**

બેન્ક ઓફ ઈન્ડિયા, કોઠારી સ્વયંપ્રકાશદાસજી એ પ્રમાણે ડ્રાફ મોકલાવવા. ખાતા નંબર ૧૦૬૭૪, જૂનાગઢ.

બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૨૪ **તારીખ : ૧૧-૧૦-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક (૧) રામજી તુલસી (૨) દેવરાજ ભગત (૩) મોહન ભગત (૪) રતિલાલ ભગત - સન્લી (૫) દયાળજી ભગત (૬) તુલસી ભગત (૭) ટપુ ભગત (૮) મોહન ભગત - પૂજારી (૯) નથુ ભગત - નવ જણા, બધા સુખી રહો. શરણાગતિ મંડળ સરવે સુખી રહો. **ભજન કરજો, ભગવાન અન્તરમાં વસે છે, ભક્તો ભેગા વસે છે, રક્ષા કરતા રહે છે, નજર રાખતા રહે છે.** કામકાજ કરો, સાજા-નરવા રહો, સંભારો. સન્લીમાં ભજન કર્યુ, સારૂં કર્યુ. રતિલાલભાઈને આનન્દ કરાવ્યો, બધો આનન્દ છે. વળી ખુશી ખબર લખવા. **હળીમળીને રહેવું. ભગવાનને સંભારવા. ભક્તોનું કામ ભક્ત કરે, ભગવાનના કામ ભગવાન કરે.** એ જ.

ડ્રાફ માટે શીરનામું.

KOTHARI SWAYAMPRAKASH DASJI,
BANK OF INDIA ખાતાનંબર 10674,
JUNAGADH, INDIA.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૨૫ તારીખ : ૧૩-૧૦-૧૯૭૭

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

મુ. અજમાન સેવકો - વાલજી ભગત, માવજી ભગત, નાનજી ભગત, ટપુલાલ ભગત, રતિલાલ ભગત, દેવજી કાનજી ભગત, અમરશી ભગત, તુલસીદાસ ભગત, દેવરાજ ભગત, મોહન કરનશી ભગત, વ્રજલાલ ભગત, મોહન રતનશી ભગત, રતીલાલ લાલજીભાઈ, ઓધવજી ભગત, રામજી ભગત - જીરાગઢ, વશરામ ભગત તથા શ્રીહરિ શરણાગતિ મંડળ.

નાના-મોટા બધાને જય સ્વામિનારાયણ, આશીર્વાદ. સાજા રહો, નરવા રહો, ભજનમાં ગરકાવ થાઓ, કામધંધામાં ખૂબ-ખૂબ હોશીયાર હોંશવાળા હો, પરદેશમાં દેશની પેઠે, કુટુંબની પેઠે રહો, ભેદભાવ ઈર્ષ્યા કથણી કરવી નહીં, ભજન-કીર્તન રટણ કરતા રહેવા. લક્ષ્મીજી તેવા દેશની પવિત્ર થાય તેમ કરો છો તે બહુ ઉત્તમ વાત છે. જન્મભવન માટે તીર્થમાં સારી ચઢતી માટે તમો ફાળો હદ ઉપર, શક્તિ ઉપર કરો છો તેથી અમોને પણ ઘણો આનંદ થાય છે. આવી તમારી ખૂબ જ સેવા વડે બધાં કામો થતાં રહે છે.

શ્રીહરિ શરણાગતિ મંડળ તમોએ ઘણાં કામ કર્યા અને કરશો. આવતી જન્માષ્ટમી સારી ઉજવજો. અમો બધું દેખીએ છીએ, સાંભળીએ છીએ છતાં હેવાલ લખવા. કાગળો લખો છો તેથી શિરનામાં, પો. નંબર, કમ્પની, ગામ વિગેરે તથા હેતવાળા મંડળ વિગેરે નામ વાંચીને નોંધમાં રાખીએ છીએ. જેથી છૂટા-છૂટા કામકાજે અને કમ્પનીએ રહેઠાણે છૂટા-છૂટા પણ જે-જે સાથે હોય તેટલાને તથા જ્યારે ભેળા થવાય, શુક્રવારે વિગેરેમાં મળાય તેમને સંભારીને આશીર્વાદ લખાય છે, એ જ મોટો લાભ છે.

ભગવાન અને ભક્ત એકબીજાની સંભાળ રાખે, જીવમાં હૃદયમાં મનમાં દેખે સંભારે, અહો અહો ભાસે, આનંદ ઉછળે. સંપીને રહેજો, દેશમાં જૂદા-જૂદા ગુરૂ, જૂદી-જૂદી ખેંચતાણ, જુદૂં બોલવું, જુદૂં કરવું, આ બધૂં ત્યાં ન કરશો. ખૂબ સત્સંગ વધો. માન, મોટપ, હઠ મેલીને દાસના દાસ થઈ વરતજો. તેથી તમારી ચઢતી કળા થાશે. દોષ ગાશે તેની પડતી દોષરૂપી પાપો વડે થાય, માટે સારૂં કરજો, સારૂં બોલજો, સારૂં આચરજો. મૂંઝાશો નહીં. બધા ૧૦૦, થી વધારે સેવકો તે તરફ છે તેમાં જેટલા રહ્યાં જ્યાં મળે તેમને અમારા આશીર્વાદ અને જય સ્વામિનારાયણ કહેવા. (અધૂરોપત્ર)



પત્ર નં.-૧૨૬ **તારીખ : ૨૫-૧૦-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં અને સન્ત મંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો તથા શ્રીહરિ શરણાગતિ મંડળને જય શ્રીસ્વામિનારાયણ કહેશો. તમારી સેવા ડ્રાફમાં, ફાળામાં આવી તે જયન્તીભાઈ ૨૨૬, કરશનભાઈ ૪૮ વાંચી ઘણું જ રાજી થયા. **ભક્તો સાથે ભક્તિ, જ્ઞાન, ધર્મ, વૈરાગ્ય, સમઝણ, સત્સંગમાં વધજો. સુખી હો, ભજન કરજો.**

તમારો પત્ર કવરમાં બે પત્રો અને નૂતન વર્ષે કવરમાં તથા મોહનભગન, ટપુલાલ ભગત, તુલસીદાસ ભગત, દેવરાજ ભગત, નારણ ભગત, રતિલાલ ભગત, દયાળજી ભગત, મોહન ભગત, રામજી ભગત, નાનજી ભગત, શ્રીહરિ શરણાગતિ મંડળ તથા ડ્રાફમાં સેવાની સાથે નામો આવ્યા તે સેવકો બધાની ચઢતી કળા હો. **જન્માષ્ટમી - આસો વદ ૮ શુક્રવાર તા. ૪-૧૧-૭૭ ના દિવસમાં સારી ધામધૂમે ભજન, ભોજન, કીર્તન, કથાવાર્તા, ઉત્સવ વડે ઉજવજો. ભગવાનને હૃદયમાં એકાગ્ર થઈને જોવા અને ધન્ય ભાગ્ય માનવું, ભગવાન બધાની નજર રાખે છે.**

બંને સેવકો કરશનભાઈ હીરજી અને જયન્તીલાલભાઈ દેવશી **પત્રમાં લખેલ છે તે પ્રમાણે કીર્તન કરતા રહેજો, નવા-નવા ચમત્કાર સારા ઢાળના કીર્તનોમાં અને વાતોમાં, છંદોમાં રચતા રહેજો,** છન્દ અમોને સારો ગમ્યો, બોલવામાં બરાબર શબ્દો ગોઠવ્યા છે માટે, એક ગુજરાતી ભાષાનું છંદનું શીખવાનું પુસ્તક વાંચવુ અને ગોઠવતા શીખજો. સારો ગ્રન્થ લખતા થઈ જાશો.

તમારા બંનેના શિરનામા પો.નં. લખી લીધા છે, અને પત્રો વાંચી આનન્દ થયો છે. વળી મી. વેલજી રવજી ચૌહાણ, ડે. કાલેકર વાલે માલેપર, મું. ફૂગેવાડી. પોષ્ટ દાપોડી, પૂના નં.૧૨, મહારાષ્ટ્ર, ભારત ઈન્ડિયાથી એક હિન્દી ભગવાનના લીલા ચરિત્ર ગ્રંથ મંગાવી લેજો અને કીર્તન, છંદ, રચના કરતા રહેજો. બધાને જય સ્વામિનારાયણ કહેજો. બન્નેને ભેગો કાગળ લખ્યો છે. એ જ.

સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ.

- શ્રી કૃ.વ.આ.નાં આશીર્વાદો.



પત્ર નં.-૧૨૭ **તારીખ : ૨૭-૧૦-૧૯૭૭**

આસો વદ ૮ આઠમ, શુક્રવાર, તા. ૪-૧૧-૭૭ જન્માષ્ટમી ઉત્સવ, નવુ વર્ષ, હરિલાલભાઈ સુખી રહો, તમોને જે-જે મળવા આવે કે શુક્રવારે અથવા તહેવારે મળે તે બધાને નવા વર્ષના અમારા શુભાશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ કહેશો, વંચાવશો. તમોએ બે વાર ડ્રાફ મોકલાવ્યા, ઘણા રાજી જન્મભૂમિ લેવાઈ ગઈ છે, આનન્દ થયો છે. તમો સોનાની લગડીઓ વડે રમો, જમો, સુખી રહો. ભગવાન રક્ષા કરતા રહો.

જગજીવન રવજી, કેશવજી વસ્તા, પરશોતમ શામજી, આંબાલાલ ડાયાભાઈ, જીવરાજ ડાયાભાઈ, નથુભાઈ ગંગદાસ, પરશોત્તમ તુલસી ટાંક - જીરાગઢવાળા, મગનલાલ, નરોતમભાઈ, મોહનભાઈ,

રતિલાલ, કેશવજી વસ્તા જાવીયા, કુંવરજી મેપા, વાલજી મેપા, નટવર લાલા ધનજી, માવજી મનજી આદિક જે જે ભેગા થાય તેમને નવા વર્ષના જય સ્વામિનારાયણ, આશીર્વાદ કહેવા.

- કૃ.વ.આ.



પત્ર નં.-૧૨૮ **તારીખ : ૨૬-૧૧-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. દિવાળી કાર્ડ મળ્યું, બીજા શ્રી હરિ શરણાગતિ મંડળના દસ બાર કાર્ડ નવા વર્ષના મળ્યા, બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચવા.

નવા વર્ષમાં ઘણો-ઘણો લાભ હો, ભક્તિવધો, ભગવાનમાં વધારે વૃતિ રાખવી. ભગવાન ઓળખાણા છે તેથી જ ભક્તિ કરી કલ્યાણ મેળવવું. ધન, દોલત, બંગલા, કુટુંબ, ઘરબાર એ તો બધૂંય માયાનું બંધનવાળું છે. ભગવાન અર્થે કરી રાખવું તે મોક્ષ આપનારૂં થાય, તમો બધા સારી રીતે ભજન ઉત્સવ કરો છો, કથાવાર્તા કરો છો, ભક્તિ કરો છો તેથી ભગવાન શ્રીહરિ રાજી થાય છે અને રાજીપાનું ફળ આ લોકમાં સુખી, પરલોકમાં ચરણસેવામાં રહેવાય. ધામમાં જ છીએ એમ વરતવું, ભેગા જ છીએ. કથાવાર્તા, કીર્તન, સમૈયા કરતા રહેજો. ભગવાન લેખે નહીં કરે તેને સાકરનો ગાંગડો હાથમાં આવ્યો અને ખાધો નહીં તેવા ભૂલ્યા જાણવા. જેમ-જેમ ભગવાનને ઢુંકડા થવાય તેમ-તેમ ધામમાં મૂર્તિનું સુખ લેવાય, આવા ભક્ત જ્યાં વસે તો ધામ, માટે આનન્દમાં રહો, ભજન કરો, બધાને જય સ્વામિનારાયણ કહેવા. શ્રીહરિ શરણાગતિ મંડળને આશીર્વાદ. સેવાના સેવકોને સંભારીને જય સ્વામિનારાયણ કહેવા. ખુશી ખબર લખવા.

મનજી પોપટ ચોટલીયા જીરાગઢવાળા તથા રામજી તુલસી ટાંક જીરાગઢવાળાના પિતાજી તુલસીબાપા આજે જૂનાગઢ આવ્યા છે. ૧૦૦ રૂપિયા

ભેટ મેલ્યા છે. રામજીને કહેજો, અમોએ તેમને વાત કરી કે ૨૨૬ રિયાધ રામજીએ અમોને મોકલ્યા. તે સાંભળી રાજી થયા છે. તમો બધા સુખી રહો. હાલમાં બધાં આંહી દર્શને ખૂબ આવે છે. દુબઈ આવવા ઉતાવળા થાય છે. પણ ટીકીટોની વાર લાગે છે. ધીરજના ફળ મીઠાં, સારાવાનાં થાશે. વેલજી ભગત, રામજી લખમણ પણ વંથળી આવ્યા છે, કેશવજીભાઈ મુમ્બઈ છે, નારાયણભાઈ તૈયારીમાં છે. એ જ. બધાને જય સ્વામિનારાયણ. મનસુખ પણ તૈયારી કરે છે.

બધાના જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃષ્ણવલ્લભાચાર્ય

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.



પત્ર નં.-૧૨૯ **તારીખ : ૪-૧૨-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. તમારો પત્ર વાંચ્યો. સુખી હો, **ભજન કરવું, કમાઓ, વાપરો, મુઝાવું નહિં. પરદેશ વેઠવો, સત્સંગ બળ રાખવું. દેશકાળ પ્રમાણે રહેવું,** શ્રીહરિશરણાગતિ મંડળ - રામજી તુલસીભાઈ - તમારો મોટાભાઈ, પ્રાગજી ભગત, દેવરાજ ભગત, તુલસી ભગત, મોહન ભગત, નથુ ભગત, રતિલાલ ભગત, દયાળજી ભગત તથા તીર્થોધ્ધાર કરનાર ૨૪ નંબરો, ભક્તો ૨૪ જણા. ટપુલાલ કાનજી રાઠોડ વગેરે તથા તા. ૧૪-૧૧-૭૭ ના કાગળમાં રામજી ભગત, રતિલાલ ભગત, દેવરાજ ભગત, મોહન ભગત, દેવશી ભગત, વીરજી ભગત, નથુ ભગત, તુલસી ભગત બધાને જય સ્વામિનારાયણ.

શ્રીહરિ શરણાગતિ મંડળની ચઢતી કળા હો, સુખી થાઓ, નાણાવાળા હો, ભારે લાભ થાઓ. મસ્કત, રૂવી હશે. સુખી રહો. દિવાળીબેન સાજા રહે. મોહન કરસન જામવંથળીવાળાનો પત્ર પણ આવ્યો છે. પૂનામાં

બધા સુખી છે. ભગવાન ખબર રાખે છે. લક્ષ્મીજીનું કાર્ડ મળ્યું - રાજી રાજી રાજી રાજી રાજી એ બધા મજામાં રહો. ભજન કરો, સુખી રહો, **ભગવાનનો કેફ રાખો, હળી-મળીને રહો, દિવ્ય ભાવે રહો, ભક્તિ કરો. આઠમ સારી રીતે ઉજવી ૪૦-૬૦ જણાએ ભક્તિ કરી ભારે કામ કર્યું.** બધાને જય સ્વામિનારાયણ કહેજો. ખુશી ખબર લખતા રહેવા. આ વર્ષે દુબઈ, મસ્કત વિગેરેથી અભિનન્દન નવા પત્રો શ્રીહરિ શરણાગતિમંડળના ભક્તોના ખૂબજ આવ્યા છે. બધાને આશીર્વાદ લખ્યા છે.

કેશવજી ભગત, શાંતિલાલ કેશવજી, શાંતિલાલ નરસિંહ, રતિલાલ વેલજી ખોલિયા, નારણ જેરામ ડાયા ત્યાં પહોંચી ગયા હશે. બધાની ભગવાન નજર રાખતા રહે છે. હસમુખ ભગત દુબઈ આવી ગયા હશે. દિનેશ, અરૂણ, વિજય સુખી છે. કાનજી મુળજી, મધુ ધનજી, વેલજી રવજી, ભગવાનજી રાજા તૈયારીમાં છે. થોડા દિવસોમાં ત્યાં આવશે. વધારે ફોટા જોઈએ તો મંગાવજો.

સુખી હો, સુખી હો, સુખી હો, સુખી હો, સુખી હો, સુખી હો, સુખી હો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૩૦ તારીખ : ૧૪-૧૨-૧૯૭૭

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક મોહનલાલ રતનશી તથા માવજી લક્ષ્મણ તથા નાનજી ભગત, શાંતિલાલ, રમેશ, નારણજી વેલજી, મોહન કરશન, રતિલાલ હંસરાજ તથા રતિલાલ ભગત તથા જેન્તીલાલ, ભેગા થાય તેમને જય સ્વામિનારાયણ કહેજો.

મોહન બંને તથા રતિલાલ ભગત સુખી હો, વધારે સુખી હો, ભજન ભક્તિ કરવી, **ભગવાનના પ્રત્યક્ષ દર્શન જે રાત-દિવસ અહોનિશ**

સાંભર્યા કરે તે પ્રમાણે હૃદયમાં જોતા રહેવા તથા બાહેર ભક્તો સાથે કથાવાર્તા, સત્સંગમાં જોતા રહેવા. શરણાગતિમંડળમાં પ્રગટ ભગવાન રહ્યા છે, શરણાગતિમંડળ બ્રહ્મધામનું મુક્તમંડળ છે, આ જગતના જીવોનું પરમ આત્યન્તિક કલ્યાણ કરવા આવેલ છે, માટે જીવોને શરણમાં લેવા અને તેને દિવ્ય ભાવ કહેવો અને દ્રઢ નિશ્ચય કરાવવો. સુખી રહો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૩૧

તારીખ : ૧૪-૧૨-૧૯૭૭

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

બહેરીન સેવક - હરિલાલ વેલજીભાઈ સુખી થયા, વધારે સુખી હો. **નીતિથી તનતોડ કામ કરવું, પરદેશ ગોઠી જાશે, સારૂં થાશે.** નાણાઓ વડે ઘણા કામ કરી શકશો. પરદેશને સ્વદેશ ગણી લેવો. ભજન કરવું. ગવર્નમેન્ટ નોકરી ઉત્તમ ગણાય. કારીગર છો, સારૂં થયું. પગાર સારો થયો, ૬ કલાક પણ ઠીક ગણાય. **જમાડીને જમવું, માળા ભજનનો નિયમ રાખજો, થઈ શકે તેટલો દરરોજનો નિયમ રાખવો. ભગવાન તમારી સંભાળ રાખ્યા કરે,** રીટર્ન ટીકીટ, ચાલુ પગાર, મહિનાની રજા, વિગેરે કાયમ થઈ જશે. પાસપોર્ટ બદલી જશે અને તમારા લાભમાં થશે. તેને માટે ત્યાં કરવું ઘટે તે પ્રયત્ન કરવો, લાભમાં થાશે. વારસદારને માટે બધૂંય છે, વિઘ્ન નહિં થાય, રક્ષા થયા કરશે, કોઈ વાંકમાં ન આવવું, ૨૫૧ જે ધાર્યા તે કરતા રહેવા, તમારી કુટુંબની રક્ષા કરતા રહેશું. નોકરીનું પાકું થઈ જાશે. હેળમેળ સારો કરી લેવો. રગ જાણીને પાસો ફેકવો એટલે ધાર્યું થાય. ફાળાની જરૂર પડશે તો ત્યારે લખશું. **મારા સેવકો નાણાંવાળા થયા તો મારે માટે લક્ષ્મીજી ચરણમાં રાજી થકાં સેવા કરશે એમ**

આનન્દ થાય છે. બાપુજીને મોતીયો ઉતારે આંખ સારી સૂઝે તેવી થશે. **ભગવાનને જમાડીને જમજો તમારૂં ધ્યાન રાખશે.** દુબઈ જવા લાગ્યા છે. હવે લગભગ બધા ઉપડશે. એકાદ માસમાં તમામ શરણાગતિ મંડળ દુબઈ પહોંચી જશે. ત્યારપછી પત્રમાં યોગ્ય શિરનામાં મોકલાવશું. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૩૨ **તારીખ : ૧૫-૧૨-૧૯૭૭**

શ્રીહરિ શરણાગતિ મંડળના સભ્ય, પ્રભુકૃપાએ ઉચ્ચ સન્માનને પ્રાપ્ત થયા. M.B.B.S. ની પદવી મેળવવામાં પ્રથમ વર્ગમાં સદ્‌ભાગ્ય સાથે પ્રકાશિત થયા. એવા જામવણથલીના વતની ડૉ. કાન્તિલાલ મોહનભાઈને અધિક અભ્યુદય વધારનારા અમારા અભિનંદન હો.

M.A., Ph.D., D.Phil, D.Litt. ન્યાયાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી.

મહામહોપાધ્યાય, ભારતભૂષણ, વૈષ્ણવવિધ્વતસાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ષડ્‌દર્શનાચાર્ય, નવ્યન્યાયચાર્ય, સાંખ્યાયોગતીર્થ, વેદાંતતીર્થ, મીમાંસાતીર્થ, સાહિત્યમનીષી, દાર્શનિકમાર્તણ્ડ, ન્યાયવૈશેષિકશાસ્ત્રી - શ્રી શ્વેતાયન વ્યાસ.

- સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

•❀•❀•❀•

પત્ર નં.-૧૩૩ **તારીખ : ૧૮-૧-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનાં હેતથી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી હો.

સેવક ભગવાનજી રાજા તથા પ્રાગજી ડાયાભાઈ, ખીમજી ભગત, કેશવજી ભગત, વેલજી ભગત, રામજી ભગત, કાનજી ભગત, મધુ ભગત,

રતિલાલ ભગત, મગન ભગત, વાલજી ભગત, નાનજી ભગત આવ્યા ત્યારે ફલ્યુ તાવ પાંચ દિવસ હતો પછી તબીયત સારી થઈ ગઈ છે. છગનલાલ, ચન્દુલાલ ભગત તથા રામજી ભગત પણ આવ્યા હતા ત્યારે પણ તબીયત મોળી જ હતી. હવે તબીયત સારી છે.

ડીગ્રી બાબત - ડી.ફીલ, ડી.લીટ અંગ્રેજીના ભણેલાઓને મળે તે મળેલ છે. હજુ બાહેર પડેલ નથી. જય હિન્દમાં છપાઈ ગએલ છે, પણ તેની તારીખ અમોને યાદ નથી. તે જાણજો અને રાજી થજો.

ડી.ફીલનો અર્થ ડીલીટનો અર્થ

ડૉક્ટર ઓફ ફીલોસોફી - તત્ત્વજ્ઞાનના વિદ્વાન

ડૉક્ટર ઓફ લીટરેચર - લેખક તરીકેના મોટા વિદ્વાન

આ અર્થ છે. બીજું કે ભગવાનજી રાજાભાઈ, કાનજી ભગત, મધુ ભગન, છગનલાલ ડાયા, મધુલાલ કરશન, રામજી ટપુલાલ, મગનલાલ હંસરાજ તથા વેલજી ભગત, શામજી ભગત, ખીમજી ભગત, રતિલાલ ભગત, વ્રજલાલ ભગત, છગન, વલ્લભ ભીમજી, નાનજી પ્રેમજી, દામજી ભીમજી, મનસુખ લખમણ વિગેરે બધાને અમારા આશીર્વાદો કહેજો. આહીંથી નજર રાખશું. સુખી થાશો. સાઉદીયા પહોંચ્યા પછી, દુબઈ પહોંચયા પછી સહુ સહુના શિરનામા લખજો.

- કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ.



પત્ર નં.-૧૩૪ **તારીખ : ૨૨-૦૧-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.

સેવક હરિલાલ ભાઈ જૂનાગઢમાં આ વર્ષના વૈશાખ વદ ૨ નો ૧૫૦ વર્ષોનો મોટો પાટોત્સવ ઉજવવો નક્કી થયો છે. તેમાં યજ્ઞના પૂજાના પાટલે જોડલું બેસે, ૧૧૧૧ - અગીયારસો અગીયાર રૂપિયા મંદિરની પાટોત્સવ

સમિતિને ભરે એ પ્રમાણે લખાણ થઈ રહ્યાં છે. જો બંને તમારા માવતર વેલજી વીરા પટેલ તેમાં બેસવા ઈચ્છા ધરાવે તો તમો તેમને પૂછીને ઉપલી રકમ ૧૧૧૧ અમોને મોકલજો.

બીજો લાભ કે જૂનાગઢ મંદિરના શિખરોના સોનાના કળશ ફરીથી સોનું ચઢાવીને નવા તાજા કરવા એમ નક્કી થએલ છે. આ બાબત સાધુ મંડળ તમામ મળીને કરશે તો પાંચ-પાંચ કે છ હજાર તેમાં આપવાના રહેશે. તમો જો અમોને તે માટે આપી શકો અને મોકલાવી શકો તેમ ધારીને આ પત્ર વાંચીને પાંચ-છ નહિં, પણ બે હજાર તમો મોકલાવો તો તે અમો તેમાં અમારા શરણાગતિની સેવા તરીકે કરીએ. તીર્થના ઓરડાની સ્થિતિ સારી છે, તે પ્રમાણે જ હમણા રાખવા છે - એટલે તે બાબતની ચિન્તા કરવાની નથી. તેથી હાલમાં તમો ૨૦૦૦ + ૧૧૧૧ = ૩૧૧૧ પહોંચી શકો તો કરજો અને પત્ર લખજો અને અમો યોગ્ય કરી શકીશું. **તમોને સોનાના કળશ ભગવાન આપશે. સુખી થાઓ. લાખોપતિ થાઓ. ભજન કરતા રહેજો. તમો હિમ્મત ભરેલા પત્ર લખો છો તેથી આ ઉત્સાહ છે.**

ડ્રાફ KOTHARI SWAYAMPRAKASH DASJI
BANK OF INDIA
ખાતાનંબર 10674
કવર ઉપર : શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી
સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે,
જૂનાગઢ, સૌરાષ્ટ્ર, INDIA

- કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચવા.

•❀•❀•❀•

પત્ર નં.-૧૩૫ **તારીખ : ૨૩-૦૧-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક હરિલાલભાઈ તમારો પત્ર આજે મળ્યો. અમોએ તા. ૨૧ ના એક પત્ર તમારા ઉપર લખ્યો છે, તેમાં વાંચીને યોગ્ય લાગે તેમ કરજો. **આપ સેવા કરો છો, કરશો અને અમો રાજી છીએ. અમારો ભાગ ૨૫૦ કાયમી રાખ્યો તે ઘણી જ સેવા છે. નોકરી નિર્વિઘ્ન થાશે. મહેરબાની થાશે, ભગવાનને ભેગા રાખો છો તેથી ચઢતી કળા થતી રહેશે. આગળ ઘણાં જ સારાવાના થાશે, આરામ મળશે, સુખી થાઓ. તન-મન-ધન ગુરૂ માટે ભગવાન માટે છે માટે તેને આખું જગત માન આપે છે, તમોને માન આપશે. જમાડીને જમો છો તે બહુ મોટી વાત છે.**

મૂરજીનો કાગળ છે ઘણું જ સારૂં છે, અમોએ આશીર્વાદ તેમને લખ્યા છે. ચીજવસ્તુ હમણા જોઈતી નથી.

તમોએ આ પત્રમાં લખ્યા મુજબ કે પહેલા પત્રમાં લખ્યા મુજબ જેમ ધારેલ હોય તે પ્રમાણે, **સગવડ પ્રમાણે ડ્રાફ મોકલાવવો. મૂંઝાશો નહીં તેમ ઉતાવળ કરશો નહીં. ડ્રાફ ન મોકલાવો તો પણ આ ભગવાન રાજી જ છે અને કાંઈક ગોઠવણી કરી લેશે.** તમારા ખુશી ખબર લખજો. એ જ.

- કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચશો.



પત્ર નં.-૧૩૬ **તારીખ : ૦૪-૦૨-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.

સેવકો પરશોત્તમ તુલસી ટાંક તથા મગનલાલ તથા પાચુભાઈ તથા નથુભાઈ તથા મોહનભાઈ તથા અમરશીભાઈ તથા જેરામ ડાયાભાઈ તથા દામજીભાઈ, રતિલાલ પ્રેમજી વાઘેલા તથા લાલજી પેથા, શંકરલાલ વિઠ્ઠલભાઈ તથા વિશરામ પ્રેમજી કચ્છી તથા નથુભાઈ ગંગાદાસ તથા ભગવાનજી રાજા સાઉદ અરેબીયામાં તારીખ ૨૮ ના ગયા છે તથા કેશવજી મનજી તથા જગજીવન તથા જયન્તીલાલ તથા મોતીલાલ તમો શ્રીહરિ

શરણાગતિ બધા ભક્તોને ભગવાન સાજા નરવા સુખી રાખો, દિવાળીબેન સાવ સાજા છે, કાગળમાં લખ્યું છે. તમો દેશમાં આવો ત્યારે દર્શને આવવું.

તમારો એક કાગળ તા. ૨૧-૧૧-૭૭ નો આવ્યો હતો અને બીજો કાગળ પણ તીર્થમાં મકાનનું પૂછાણનો આવ્યો હતો. ત્રીજો કાગળ આજ તા. ૪-૨-૭૮ આવ્યો છે, તેના જવાબો અમોએ લખ્યા છે. જે રામજી ડાયાના શિરનામે લખ્યા છે. તમારા કાગળમાં તીર્થ માટે લખેલ અમોએ તમોને કાંદીવલી તથા ફૂલવાડીની સેવાઓ કરેલ જેથી સેવાઓ લખી જ નથી. તીર્થમાં આઠેક હજારની સેવા માટેનો કાગળ લખેલ પણ તેનો પાછો જવાબ જ તમારા તરફથી નથી તથા આંહીના સોનાના કળશમાં સેવા આપવા હાલમાં લખેલ છે. પણ તેનો જવાબ જ નથી, એટલે તમો દ્રવ્ય કમાતા ન હો કે ખર્ચા ખાઈ જાતા હશે કે દેશમાં મોકલતા હશો કે શું હોય તે કહી શકાય નહીં પણ અમોને જૂનાગઢ એક પણ મોટી રકમ તમો મળીને આજ દિવસ સુધી મોકલી શક્યા નથી એટલે તમારી મોટી કોઈ એકેય રકમ અમોને કામ આવેલ નથી. અમારો તા. ૨૫-૧૧-૭૭ નો કાગળ તમારે ત્યાં હોય તો વાંચજ્યો. તેનો જવાબ જ નથી. તમોને ભગવાન સારા નાણા આપો અને દેવસેવા સારી કરો એવા આશીર્વાદ વાંચજો. સેવાનો કાગળ જેરામ ડાયાએ લખેલ પણ પછી તેનો જવાબ જ નથી. પ્રાગજીભાઈ દરશન કરવા જૂનાગઢ આવ્યા હતા, ત્રણ કાગળો અમોએ લખ્યા છે. જવાબ તમો લખતા નથી. કોઈ ચીકણો માણસ કાગળ દાબી રાખતો હશે. કાંદીવલી કાગળ લખતા રહીએ છીએ, મુકેશ સુખી હો, દિવાળીબેનને સારૂં થઈ જશે.

દુબઈથી રામજીભાઈનો કાગળ શ્રીહરિ શરણાગતિ મંડળમાં ભેળો ભેળો લખેલો આવે છે. આંહીના મંદિરનું ભર્યું વૈશાખ વદ બીજનાં થશે તે જાણજો. સાજા નરવા રહો, **તમો એકલા નથી તમારી સાથે ભગવાન છે. સાચા ભક્ત છો. બીજાનું હોય તો ખરૂ, ભજન કરજો. સુખી થાશો. રામજીભાઈ કે તમોએ પેટ ભરીને ભજન ભક્તિ સેવાઓ કરી લેવી, ભગવાન રાજી થાય તો બધા પદારથ મળી જાય. તે રીતે મળ્યા છે પણ જગતના જીવોનું પૂરૂં થાતું જ નથી. ભગવાન તથા સન્તને તો પરાયા ગણે છે, સ્ત્રી**

છોકરાંને જ પોતાના ગણે છે. હાથમાં આવ્યું તે પોતાનું ગણે છે, ભગવાનનું ગણતા નથી. તેથી દુઃખિયા થાય છે. તમારી ભક્તિ વધો. એ જ. સુખી થાઓ. જય સ્વામિનારાયણ આશીર્વાદ વાંચવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૩૭ **તારીખ : ૮-૨-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સંતભક્ત મંડળનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક, ભગવાનજીભાઈ પ્રિય ભક્તરાજ તમોને ભગવાને ત્યાં પહોંચાડ્યા ઘણું જ સારૂં, તમારો પત્ર વાંચ્યો, **ભજન કરવું, દેશકાળ સમૂહ સગવડ પ્રમાણે વરતવું, મુંઝાવું નહિ, બધાંય સારાવાના ગણીને કામ લઈ લેવું, ભગવાનને ખબર છે કે પરદેશમાં બધી આજ્ઞા ન પળી શકે માટે કમાઓ, ઘર દોલત માટે કાંઈક કરજો, જ્યાં ત્યાં ફાળા-ફંડમાં દોડ ન કરવી, પછી બધાં સારા વખત ન આવે.** ક.હરિકૃષ્ણનો કાગળ છે. તેમને તમારા ખબર કાગળ સમાચાર ખાલી ખુશી ખબરનો કાગળ અત્યારે ટપાલમાં નાખું છું. એ જ.

પૂજા પણ માનસી થાય, જેમ દેશકાળ તમે રહેજો. ભક્તપતિ ભગવાનને ભેગાં રાખવા, ભગવાન છે હૃદયમાં, ત્યાં બધો ધર્મ ભાગવત ધર્મ બધું જ છે. એ જ. થોડામાં જાજું સમઝવું. કમાઓ, ખાઓ, પીઓ, સુખી રહો, ખુશી ખબર લખતા રહેવા. એ જ.

૧૦ પાનાથી ૧૫૮ પાનાની ''પ્રભુઓંકાવૃતાન્ત'' કોપી છગન ભગત મારફત મગાવી છે. તે ઉપર ગુજરાતી લખાણ થાશે એમ ધાર્યું છે, **તમો જનમંગલ પાઠ કરો છો તે સારૂં છે, પાંચમાળા દરરોજ ફેરવવી. હરિભક્તો સાથે મેળ રાખવો, મળીને રહેવું, જ્ઞાન તો જરૂર હોય તો કાઢવું.** સર્વોપરી સ્વામિનારાયણ ગાવા, વાત તો સદતી કરવી. એ જ.

૫૧ સેવા મળી છે, રાજી રાજી. હેમંત ભગતને જય સ્વામિનારાયણ કહ્યાં છે. તમોને જય સ્વામિનારાયણ કહેવરાવ્યા છે.

બાકી રહેલાનું ભાગ્ય ખીલશે ત્યારે આવશે. ઉતાવળ કામ નથી આવતી, વેલજીનો આજે જ કાગળ છે, હજી સ્થિર છે, ઉપડવાના સમાચાર આવ્યા નથી. ધીરે-ધીરે થાશે તમો ધીરજ રાખજો. ગુલાબ પાંખડી છે તે ખાજો.

- કૃ.વ.આ.



પત્ર નં.-૧૩૮ **તારીખ : ૧૧-૨-૧૯૭૮**

જૂનાગઢથી ભગવાનનાં જય શ્રીહરિ વાંચવા. તમો ગૌ. તથા મં. તથા બધાને પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિ સુખી રાખો. સંસાર તો ડૂબાડે પણ ભગવાન તારે, ભજન કરવું.

સમઝણ તો એવી રાખવી, અમોને મળ્યા અને ઓળખાણ જે ભગવાન તે સર્વેના અવતારી છે, તો નિશ્ચયથી તરી જવાય, સંશય કરતા રહે તો વાર લાગી જાય, બધા અવતારો અવતારી પ્રત્યક્ષમાંથી પ્રગટે છે અને તેના કહ્યામાં વરતે છે, એવા શ્રીહરિમાં હેત રાખવું એ જ.

ભજન કરજો. સુખી હો.

- કૃ.વ.આ.



પત્ર નં.-૧૩૯ **તારીખ : ૧૧-૦૨-૧૯૭૮**

જૂનાગઢથી ભગવાન શ્રીહરિકૃષ્ણ મહારાજના સ્મરણ સાથે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં શ્રીહરિ શરણાગતિ મંડળ તથા મોહનલાલ રતનશી, તથા મોહનલાલ કરશન તથા ટપુલાલ ભગત તથા રતિલાલ ભગત તથા દેવરાજ ભગત તથા તુલસી ભગત તથા માવજી ભગત તથા વાલજી ભગત તથા નાનજી ભગત તથા રામજી ભગત તથા જયન્તીલાલ ભગત તથા

જયન્તિલાલ રાઘવભાઈ તથા ભગવાનજી ટપુ ભગત તથા દેવજી કાનજી ભગત તથા ઓધવજી લખમણભાઈ તથા નથુભાઈ ડાયાભાઈ આદિક પ્રતિ **તમારા બધાનો સ્હેન ભેળો કરો તેથી બમણા દશ ગણા સ્હેન સાથે જયશ્રી સ્વામિનારાયણ વાંચજો.** ફાળાનો ડ્રાફ ૬૦૦૦, ૭૦૦૦ બંને આજે મળી ગયા છે. રાજી રાજી રાજી. **અજમાન સન્લીએ તન-મન-ધનથી સેવકોએ કામ કર્યું. તમોને સોનાના ભવનો મળશે. સોના ભર્યા બંગલા થાશે. ભગવાન ભેગા તો રહેશો જ. જરૂરત પડે તો જ અવાર-નવાર તમોને ૨૦, ૩૦, ૪૦ સેવકોને કહેવાય છે જ, અને કહેવાશે જ, તમો માથા આપનારા ભક્તો છો. તમો અમો એક છીએ, અમારી મૂર્તિમાં તમોને વાસ, નિવાસ, આનન્દ મળશે.** સુખી હો, નિરોગી, સાજા હો, ખૂબ કમાણી હો, વધારે દિવ્યભાવ હો. તમારા બાળ બચ્ચાઓ સુખી હો, તેમની ખબર લેતા રહીએ છીએ. **અમારી તબીયત માગશર પોષમાં નબળી પડી ગઈ હતી. શરદીએ ઉપાડો લીધો હતો. હવે તો શંકરના ગણને તાવને તગડી મેલ્યો છે. ભગવાન સાવ સાજા છે. આનન્દમાં છે તે જાણજો.** પ્રાગજી ડાયાભાઈ તથા નારણ બંને બે દિવસ આવી ગયા સાજા છે, મૂળજી વીરા પટેલ ત્યાં સાજા હશે. વીરજી પટેલ ત્રણ ચાર દિવસ પહેલા આંહી આવી ગયા છે. મૂળજીને ખબર લખવા ભલામણ કરી હતી.

કામકાજ મળશે, મુંઝાવુ નહિં, એક નહિં તો બીજી કમ્પની પણ હવે કમાણી બંધ ન કરવી. પરદેશને સ્વદેશ કરવો, સારાવાના થાશે. ભગવાનજી રાજા સાઉદી અરેબીયા પહોંચી ગયા છે. હજૂ શિરનામું નથી. આવા ભક્તની ચિન્તા ભગવાનને છે. ટપુલાલના હજારો દંડવત સ્વીકાર્યા છે. તેમોને સન્લીમાં ૨ નં. પત્ર આવતી કાલે લખશું. ફૂગેવાડીની નજર રાખીએ છીએ, પત્ર પણ લખતા રહીએ છીએ, ટપુલાલને પેટમાં દુઃખાવો નહિં થાય, ખાઈ-પીને તગડા રહેવું, ભક્તિ કરજો, કમાઓ, સુખી હો, સારાવાના હો, **સેવા વડે પણ વધારે રાજી છીએ, ખાસ સેવા કરાવવી પડે ત્યારે ભગવાનની ઈચ્છાથી લખાય છે અને તમો માથા સાટે સેવો છો, બહુ**

જ રાજી, બધાનાં સેવા કરનારાંઓનાં નામો પૂરાં લખી લીધેલાં છે. જેથી માલમ રહે વારમવાર સેવા કેટલા કરે છે તે યાદ પણ રહે. એ જ.

ભક્ત ભગવાનને ભજે, ભગવાન ભક્તનું ભજન કરે, ભૂલચૂક બધી દરગુજર. સુખે રહેજો, દેશકાળ પ્રમાણે રહેજો, સ્વદેશ સ્વનાત્ય સ્વકુટુમ્બ સમજીને રહેજ્યો. બન્ને મોહનભાઈઓને માલૂમ થાય જે આવતે શુક્રવારે કે તેથી આગળ આ પત્રના આશીર્વાદો બધાને કહેજો.

૧ પત્ર ટપુલાલ કાનજીને શિરનામે લખવો છે.

૨ પત્ર મોહનલાલ બન્નેના શિરનામે ભેગો લખવો છે.

૩ પત્ર મૂળજી વેલજી વીરાને લખવો છે.

૪ પત્ર દયાળજી લાલજી ભગતને લખવો છે.

૫ પત્ર વાલજી ભગતને લખવો છે.

૬ પત્ર હરિલાલ વેલજીને બેહરીન લખવો છે.

ભગવાનજી રાજાને પણ લખવો છે. શિરનામું આવશે ત્યારે લખીશું. આપણા મંડળના સંતોના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

-કૃ.વ.આ.

જૂનાગઢ.

<u>પત્ર નં.-૧૪૦</u> **તારીખ : ૧૪-૦૨-૧૯૭૮**

મંજુબેન તમોએ શિરનામું તો લખ્યું નહીં, પ્રેમમાં ભૂલી જવાય. બીજુ બધુ લખ્યું, થોડું લખ્યું જાજું માન્યું છે. **ભગવાનની તો બધાને ઈચ્છા છે પણ પુણ્ય હોતા નથી, ભક્તિ હોતી નથી, તેથી મળતા નથી. ભક્તિવાળાને મળે છે.** તમારા સસરા વિગેરેને મળ્યા, નણંદો વિગેરેને ઓળખાણા પણ છેટેથી જ દર્શન ભક્તિ થાય. નારી વર્ગને ભગવાન બહુ પાસે ન જાય, જગત બંધનકારી છે, ઉપાધિયું જબરી થાય. ભગવાન આઘા રહે અંતે દર્શન થાય.

ભજન કરજો, ભાવ થયો, ઉપાસના થઈ, ઓળખાણ થઈ. જે ઓળખાણા તેને ભજવા, ભગવાન ફલ પ્રદાતા છે જેવું કરે તેવું પામે, શરણાગતિમાં જીવ રાજી થાય. ભજન કરે અને પવિત્ર થઈને ધામમાં જાય, સત્સંગ મળ્યો તે જ મોટો લાભ, ગૌરીબેન વિગેરે મળ્યા તે જ મોટું પુણ્ય. **ધીરજ રાખી મૂર્તિમાં ધ્યાન, ભજન, પૂજન, સેવન કરવું. બહું જ ભગવાનની વાંસે પડી જાય તો ગોકુલ મેલીને દ્વારકા વયા જાય. પછી ગોપીયુને ન મળાણું એમ ન થવું જોઈએ. ભજવા, દર્શન ઈચ્છો છો - નેત્રો વડે થાશે, ધીરજ રાખવી.**

શાન્તિલાલ, ભૂપતભાઈ વિગેરેને આશીર્વાદ. બધાને નણંદુ ભોજાઈયુને જય સ્વામિનારાયણ કહેવા.

ગૌરીબેન વિગેરેના **સત્સંગમાં દ્રઢ સત્સંગી થાશો પછી ભગવાન વધારે રાજી રહેશે.** એ જ.



પત્ર નં.-૧૪૧ **તારીખ : ૨૩-૨-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

વાલજીભાઈ પ્લોટ લીધો સારૂં કર્યું, સેવા પૂજા કરો આનન્દ કરો.

મૂરતિમાં બેઠા જ છે, ભક્તિ પ્રમાણે માંગણી ફળે. એ જ.

દુબઈમાં કંપનીમાં ગરબડ નથી, મુંઝાવું નહીં. એ જ.

- કૃષ્ણવલ્લભાચાર્ય



પત્ર નં.-૧૪૨ તારીખ : ૨૩-૦૨-૧૯૭૮

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સન્ત મંડળ, પાર્ષદનાં પણ જય શ્રીસ્વામિનારાયણ વાંચજયો.

તમારો ડ્રાફ ૫૦૦ મળી ગયો છે. રાજી-રાજી. આ જીવને ઘણાં શરીર છે, પોતાનું કુટુંબ પોતાનું શરીર, ખેતીવાડી, દાણા-પાણી, નાણાં, સમૃદ્ધિ પણ પોતાનું શરીર, ઈન્દ્રિયો પણ શરીર, અંન્તઃકરણ પણ શરીર, પછી અજ્ઞાન તે કારણ શરીર, જ્ઞાન તે યોગી શરીર, ભક્તિ તે મોક્ષનું કારણ શરીર, ભગવાનનો આનંદ વરતે તુર્ય શરીર, જીવના પુણ્ય તે નિમિત્ત શરીર, સુખ-દુઃખ તે ફલ શરીર, ભાવના અને વાસના તે બીજ શરીર, ધાતુઓ તે અંકુર શરીર, નવાં કર્મો તે પાંદડાં શરીર, સંચિત ભોથું શરીર, પ્રારબ્ધ તે કાતળી શરીર, ક્રિયમાણ તે સરીયો શરીર, આત્મા તે સચ્ચિદાનંદ શરીર બ્રહ્મ શરીર અને અક્ષરબ્રહ્મ તે આપણું શરીરી અને પરબ્રહ્મ તે બધાના શરીરી, શરીરી એવા પરબ્રહ્મ તથા અક્ષરબ્રહ્મ તે ભગવાનનું પરબ્રહ્મનું શરીર. આત્મામા બંને બેઠા છે, બીજાને આત્મા વાપરે છે.

તનનું નામ શરીર, મનનું નામ શરીર, ધનનું નામ શરીર, ધન તે માણસનું હૃદયનું ફેફસું છે, ફેફસું કાઢીને દેવું તે આકરૂં છે, તમો ભગવાનનું બધૂં છે આપેલું છે, એમ સમજીને આપો છો તેથી સાચા માવતર ભગવાનને ગણ્યા જાણ્યા છે, અમે-એમ જાણ્યું છે તેથી સાધુ થઈ ગયા, તમો એમ સમઝો એટલે બ્રહ્મરસનો આનંદ વરતે, વિવાહ થવાનો હોય તેને રાત દિ સ્ત્રી સાંભરે, મોક્ષ થવાનો હોય તેને રાત દિ ભગવાન સાંભરે, ગરીબ નિર્ધનને સ્વપ્નામાં રૂપિયા ખેતરમાં પડ્યા દેખાય તે વીણવા મંડે, ભક્તિવાળા ભક્તને સર્વે ઠેકાણે ભગવાન દેખાય. જ્યાં મળે અને દેખાય ત્યાં આનંદની મોજ લૂંટવા માંડે, ભગવાન મળ્યા છે ઓળખાણા છે માટે આપણે તો આનંદની મોજું લૂંટવી. શ્રીહરિ શરણાગતિ મંડળ ભગવાનનું ભક્તોનું એકમેક છે, રાજીપાની અને આનંદની રેલ્યો લેવી.

હીરાપેથા તથા છગનલાલ પ્રેમજી તીર્થમાં ગયે રવિવારે ગયા હતા. આંહી દર્શને આવ્યા હતા, તીર્થનો કબજો લઈને કૂંચી ત્યાં પોપટબાપાને સાંચવવા આપી છે તે જાણજો, તેઓ ઉનાળામાં થોડો ઘણો સુધારો કરી

આવશે. મોટો ફેરફાર કરવાનો નથી. ઈંટોનું મકાન છે એમ કહેતા હતા. પછી તેઓએ ફૂલવાડીના વંડાની વાત કરી, અમોએ તેમને છૂટ આપી છે, હવે તે કામ માટે કાગળપત્ર એક વર્ષ સુધીમાં કામ થાય તેમ ચાલૂ કરજો. તા. ૨૩-૦૨-૭૮ જૂનાગઢથી આ કાગળ રેકોર્ડીંગ ટેપમાં ઉતારજો. બધાને મળે, સાંભળે તેમ કરજો.

- કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચજો.

પત્ર નં.-૧૪૩ **તારીખ : ૨૪-૦૨-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

સેવકો - અમરશીભાઈ, ગોવિંદભાઈ, જેરામભાઈ, રમણીકભાઈ, નરસિંહભાઈ, ધનજીભાઈ વિગેરે ભક્ત હરિભક્તોને શ્રીજી સુખી રાખો. કામકાજ સારા મળો, આશીર્વાદ. **ભજન કરો, સુખે રહો, કુટુમ્બ પોષણ કરો, માવતરને રાજી રાખો, બધાનું સારૂં થાઓ, સત્સંગ સારો રાખજો, સંપ રાખજો, ન્યાય-નીતિ-ધર્મ રાખજો. ભગવાન રાખજયો, મૂંઝાશો નહિ.** એ જ.

બધાને સારા આશીર્વાદ સુખી હો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણમંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

પત્ર નં.-૧૪૪ **તારીખ : ૨૭-૦૨-૭૮**

જૂનાગઢથી તા. ૧૩-૧-૧૯૭૮ નો પત્ર કીર્તન સ્તુતિ જયંતિલાલ કૃત.

પ્રગટ શ્રીહરિ -

સુમુખં મધુરં તિલકં મધુરં, માલા મધુરા શિરકેશ મધુરા
નાસિકા મધુરા શ્વસિતં મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃસદા મધુરઃ ॥૧॥

ગ્રીવા મધુરા શ્રોત્રં મધુરં, રસના મધુરા દર્શના મધુરા
અધરો મધુરઃ ચક્ષુઃ મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૨॥

લલાટં મધુરં તેજો મધુરં, બાહૂ મધુરૌ ચરણૌ મધુરો
હૃદયં મધુરં જઘન મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૩॥

ઉદરં મધુરં નાભિઃ મધુરા, વાણી મધુરા ચ કરૌ મધુરૌ
સ્થિરતા મધુરા કણ્ઠો મધુરઃ, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૪॥

ચિન્હો મધુરા અભ્યાસ મધુરઃ શાસ્ત્રકૃતિ મધુરા, સંજ્ઞા મધુરા
સ્મરણં મધુરં શરણં મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૫॥

હસિતં મધુરં કથિતં મધુરં, સુશીલં મધુરં શરીરં મધુરમ્
કાર્ય મધુરં નિષ્ઠા મધુરા, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૬॥

આયુષં મધુરં જનનં મધુરં, સુલીલા મધુરા ગમનં મધુરમ્
દાસ્યં મધુરં સખ્યં મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૭॥

પ્રીતિર્મધુરા ચ નીતિર્મધુરા, ભક્તિર્મધુરા કરૂણા મધુરા
યોગો મધુરો જ્ઞાનં મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૮॥

ક્ષમા મધુરા શુચિતા મધુરા, ઋજુતા મધુરા સંયમ મધુરઃ
તિતિક્ષા મધુરા અનસૂયા મધુરા, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૯॥

ચમત્કાર મધુરઃ વાકસિદ્ધિ મધુરા, દર્શનં મધુરં સુરૂપં મધુરમ્
સુવાસો મધુરઃ કરૂણા મધુરા, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૧૦॥

નિયમો મધુરો મનનં મધુરં, કીર્તિર્મધુરા મુનિતા મધુરા
મૂર્તિર્મધુરા દ્રષ્ટિર્મધુરા, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૧૧॥

પ્રગટઃ મધુરઃ ભગવાન મધુરઃ અવતાર મધુરઃ અવતારી મધુરઃ
સન્તતા મધુરા યતિતા મધુરા, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૧૨॥

જીવનં મધુરં વિજ્ઞાનં મધુરં, વિરાગો મધુરો ભજનં મધુરમ્
મિત્રતા મધુરા શ્રીહરિર્મધુરઃ, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૧૩॥

શરણં મધુરં ચ ગતિર્મધુર, મંડલં મધુરં સેવકા મધુરાઃ
સ્વરૂપં મધુરં નિજધામમ્ મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૧૪॥

સેવા ભક્તિર્મધુરં રહસ્ય મધુરં, પરમપૂરૂષઃ સતતં મધુરઃ
સદ્‌ગુરૂ મધુરઃ શ્રીકૃષ્ણો મધુરઃ, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૧૫॥

સ્તુતિર્મધુરા મધુરા વિનતિઃ નિજધામમાં મુક્તિ દેજો મધુરા
માગે જયન્તી અષ્ટમી મધુરા, કૃષ્ણવલ્લભાચાર્યઃ સદા મધુરઃ ॥૧૬॥

આ પ્રમાણે કીર્તન બોલજો. સુખી રહો, કુશળ પત્ર લખજો. શ્રીહરિ શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વમિનારાયણમંદિર, જૂનાગઢ, સૌરાષ્ટ્ર

પત્ર નં.-૧૪૫ તારીખ : ૧૧-૩-૧૯૭૮

જુનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. બાળ બચ્ચા સાથે સાજા નરવા સુખી રહો. ભજન કરવું, આશીર્વાદ.

'અભિનન્દન ગ્રન્થ' એક બુક પોસ્ટથી લખી, વેલજી રવજીના ઘરને શિરનામે, તેના મારફત પરશોતમ શામજીને મળે એમ મોકલાવેલ છે, તે તમોને મળી જાય તેટલા માટે મોકલાવેલ છે. મળ્યા પછી મળવાના ખબર ખુશી સમાચાર લખજો, **વાંચજો, રાખજો, કોઈને દઈ ન દેવો.**

આ કાગળમાં પ્રસાદી ગુલાબ પાંખડી છે, તે ખાજો.

ગ્રન્થનાં બદલામાં જે દિ સગવડ થાય તે દિ ૧૦૧, સાહિત્ય સેવા કરવી.

તમારા કુટુમ્બને જય સ્વામિનારાયણ.

શિરનામું -
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી
ઠે. સ્વામિનારાયણ મંદિર,
ભંડારના મેડે, જૂનાગઢ - સૌરાષ્ટ્ર.

•❀•❀•❀•

પત્ર નં.-૧૪૬ **તારીખ : ૧૨-૦૩-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સન્ત મંડળનાં જય સ્વામિનારાયણ વાંચજો.

સેવક જયન્તીલાલ દેવશીભાઈ (માધાપર) તથા દેવરાજ ભગત, ટપુલાલ ભગત, મોહન કરશન ભગત, તૂલસીદાસ ભગત, મોહન ભગત બાલંભાના, માવજી ભગત, નાનજી ભગત, રામજી તુલસી ટાંક, રતિલાલ ભગત, દયાળજી ભગત, કરશન હિરજી ભગત - માધાપર. **શ્રીહરિ શરણાગતિ મંડળ સર્વેને પ્રગટ ભગવાન સુખી રાખો,** જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

જંગલમાં પણ ભજન-ઉપાસના કર્યા કરવી, નજર રાખીએ છીએ.

દેશ એટલે ભગવાન ભેગા, પરદેશ એટલે ભગવાનને ભૂલ્યા, આમાં ભેગા એટલે હૃદયમાં પતિવ્રતાની ભક્તિ.

પૂજા, પાઠ, ભોજન, પાન, સ્નાન, નિદ્રા, કામ-કાજે સંભારાય તેટલા સંભારતા રહેવા તે ભક્તની ભક્તિ, જેના કાગળ વડે શાન્તિ થાય તે ભેગા ગણાય. આમ સમઝણ શીખજો. એ જ. જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૪૭ **તારીખ : ૧૨-૦૩-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સંતમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

અજમાન - વાલજી ભગત, માવજી ભગત, નાનજી ભગત, ટપુલાલ ભગત વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળમાં અમારા આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ કહેવા.

તમારી કંપની ગલ્ઢી થઈ, ફળ ન મળે. ભગવાન સારૂં કરશે, બીજી રીતે કામે લાગવું, વાંકમાં ન અવાય તેમ કાંઈક ઉદ્યમ કરવો, હેરફેર કરાવવો, અરજીઓ લેતા હોય તો કરવી, સારાવાના થાય. **ભગવાન અને ભગવાનના ભક્ત હોય ત્યાં વરસાદ તો થાય. રાજીપો છે તેથી નાણા-દાણાના વરસાદો, પાણીના વરસાદો, સુખશાંતિના વરસાદો થાય જ.** સેવા ઘણી કરી, જરૂર હશે તો લખશું. નાણાં સાચવજો, નાણાંવાળાને ઘણી મધમાખીઓ વળગે. કાંઈક ઘરે બાળ-બચ્ચાં માટે ભેગું કરજો, માગનારા તો મફત માગે તે શુંકામ ન માગે. વિચાર કરીને કામ કરવું, ચારેકોરેથી બધા લઈ જ જાય તો તમારી પાસે શું બચે ? માટે ચેતવણી, પ્લોટ લીધો તે ઠીક કર્યું. પૂના પણ ઠીક, ટાણે થાય તો સારૂં. **હાલમાં ખુદાએ રહેમ કરી છે, ખુદા હિન્દુમાં છે, ખુદા જીવમાં ઘૂમે છે. ખુદા બક્ષીસો દુબઈમાં વિહરે છે. ખુદા ત્યાં વરસાદ કરે છે, ખુદાના ઓલીયા ન હતા ત્યારે વરસાદ ન હોતો, ખુદાના ફકીરો, કારીગરો ત્યાં ગયા એટલે ખુદાએ વરસાદ કર્યો છે. આરબો હિન્દુ ખુદાને ઓળખે તો તેમના રૂહ ખુદા પાસે રહેવા લાયક થાય. એ જ.**

તમોને માનશે તો વધારે વરસાદ થાશે. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૪૮ **તારીખ : ૧૫-૦૩-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં તથા આપણા સન્ત ભગત સર્વનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. સેવક હરિલાલભાઈ ૨ ની સેવા લખી લીધી છે. **બધૂંય અમારૂં છે પણ તમોને સાંચવવા, કમાવા, વાપરવા આપેલ છે માટે કમાઓ, સાંચવો, આનન્દમાં રહો. સારા દિવસો વારમવાર ન આવે પણ ભગવાનની મહેરબાની હોય તો સારા દિવસો કાયમી ટકે.**

વૃન્દાવન મનજીભાઈ તા. ૧૩-૩-૭૮ ના સવારે મળવા આવ્યા. ઘણાં રાજી થયા. જમવા તાણ કરી પણ રોકાણા નથી. પંદર મિનિટ ત્યાંની વાતો કરી, તેની ચીઠ્ઠી મળી. તમારો કવરપત્ર પણ મળ્યો. તેમણે બન્નેએ ચાહ પાણી પીધાં, મગજ પ્રસાદી આપી, રાજી થયા છે. **ભગવાને તમારૂં ભાગ્ય ઊંચુ ચઢાવ્યું છે, તેથી કમાઓ અને સારાવાના થાઓ.**

તમો ત્યાં બધા સુખી હશો, ભજન કરવું. **ધન્ય છે શંકરને કુબેર જેવો શિષ્ય કૈલાસમાં દર્શને આવે, ધન્ય છે ગુરૂજીને હરિલાલ જેવા શિષ્ય સેવા સંભાળ રાખે, પૂજાપાઠ કરે, ભજન કરે, તમોને ભગવાન રાજી, એટલે અમારે ચિન્તા કરવાની રહેતી નથી.**

ભગવાનજી રાજા જાવીયા પો.નં. ૪૮૮૦,

RIYADH, SOUDI TARMAE C.LTD.

SOUDI ARABIS (S.N.197)

તમોને જાણવા શિરનામું છે. તમારા કુટુમ્બો બધા સુખી છે, ભજન કરે છે. તમારો પત્ર તા. ૨૩-૩-૭૮ ના બપોરે બે વાગ્યે આંહી મળેલ છે. બે ચિઠ્ઠી વાળો. વિગત જાણી. એ જ.

બધાને જય સ્વામિનારાયણ.

પત્ર નં.-૧૪૯ **તારીખ : ૨૮-૦૩-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. તમારો પત્ર ૧૩-૩-૭૮ આવ્યો.

ભગવાનજીભાઈ, કચ્છી ભક્તો આનન્દમાં રહો. ભજન કરજો, મૂંઝાવું નહિં, સ્થિર રહેજો. **ઘરની ચિન્તા ન કરશો, ભગવાન રક્ષા કરશે. અમારી કૃપા છે, પગાર બચે તે હમણાં ઘરે જમા કરાવવા લખવું, ભેગા થાય તે ઠીક, દેશકાળ એક નથી રહેતા.** કમાઓ, આગળ વધો, સુખી થાઓ.

ગુજરાતીમાં છપાશે. ત્રણ ગણો છપાશે. ત્રણ ગણું કદ વધશે, ખર્ચ તો ભગવાન પૂરું પાડી દેશે. એ જ.

ખુશી ખબર લખવા.

બધાને જય સ્વામિનારાયણ કહેવા.

•❀•❀•❀•

પત્ર નં.-૧૫૦ **તારીખ : ૨૮-૦૩-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક પ્રાગજી રણછોડ તથા દુબઈ **શ્રીહરિ શરણાગતિ મંડળ સમજણ બરાબર રાખો છો, રાખજો, શક્તિ વધશે.** મેલેરીયા ઉતરી જાશે, દવા લેવી. કમાણી છે માટે ટકી જાવું, મુંઝાવું નહિ, ભજન કરવું, સુખી થાઓ, દેશકાળ પ્રમાણે રહેજો. **ભગવાનને સંભારજો. બધાને ભગવાન સુખી રાખે છે, તમોને પણ સુખી રાખશે. શરીરે ઠીક પડે તેમ રહેવું.** એ જ.

તા. ૧૬-૩-૭૮ નો તમારો કાગળ મળ્યો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૫૧ **તારીખ : ૧૧-૦૪-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક અરજણભાઈ, શાંતિલાલભાઈ, ચંદ્રકાન્તભાઈ આપનો પત્ર મળ્યો. શાંતિ માટે શ્રીગુણાતીતાનંદ સ્વામીની વાતોના પાઠ કરતા રહેજો અને મોટા સન્તોને શ્રીજીમહારાજને સંભારતા રહેજો. **સુખ તો ભગવાન અને સાધુ બે માં જ છે, બીજે તો ભડકા બળે છે, માટે ધીરજથી ભજવા, સંભારવા, અમો તો આશીર્વાદ આપીએ, ઉદ્વેગ મટી જાઓ, શાન્તિ વરતો, હમણા વૈરાગ્ય વધવા દો પછી ધામમાં જાવાની ઈચ્છા રાખજો. જગત તો જોયું, પણ જીવ સાધુ થાય અને પછી ધામમાં જવાય તો સારૂં, આપણું હવે કાંઈ નથી, સાચુ નાણું શ્રીજી મહારાજ છે એમ મૂર્તિ ધારીને બેસવું. ઘણા ઢરડા કર્યા, હવે તો પાછી વૃતિ કરજો. આશીર્વાદ છે, સુખપૂર્વક ધામમાં જશો.** એ જ. કુટુંબને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૫૨ **તારીખ : ૧૯-૪-૧૯૭૮**

જુનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

પ્રિય સેવક - B.R.J.

બચેલી રકમ હરિકૃષ્ણ માટે દેશમાં બેન્કમાં જમા કરતી જાવી. પચાસેક થાય તો જીવન સુખી જાય. આ વાત ધ્યાનમાં રાખવી. **ભગવાનનું ભક્તિપતિનું શ્રીહરિનું પ્રત્યક્ષ ભજન કરવું.**

તીર્થ જન્મગૃહ પુરેપુરી સત્તા કબ્જો મળી ગયેલ છે.

રાષ્ટ્રીય સ્મૃતિ ગૃહની રીલ જાળીને રંગ કરવા શિક્ષક છગન ભગત જવાના હતા, હવે રતિલાલ, અમરશી વિગેરે આવે ત્યારે ખબર પડે કોણ જશે. ચરણપગલાં તીર્થજન્મગૃહમાં ઓટો કરી મેલશે, પધરાવશે એમ વાત હતી, તે પ્રમાણે છૂટીમાં છગનલાલ પ્રેમજી કાચા શિક્ષક વિગેરે જાશે, કામ કરી આવશે એમ ધારેલ છે, પછી **ભગવાનજીના ભગવાન પ્રાણ પ્રિય વ્હાલાને**

ખબર 'નજાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે' આ ભગવાન પણ એવા જ રમતીયાળ છે ન જાણે અને જાણેય ખરાં, ક. પતિ, ભ. પતિ, પ્રાણપતિ એવા રાજાધિરાજના પ્રિ.ને રાજધાની શું કામ ન હોય, રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય, ભગવાન આપણા જબરા છે તો ભક્તની જહોજલાલી પણ જબરીજ હોય. ભગવાને તમને સુખ આપ્યા છે, તે સંભારી ભજન કરવું. એ જ.

અહીં વડતાલના આચાર્ય એક દિવસ આવીને પાછા ગોંડા, છપૈયા હિન્દુસ્તાન ત્યાં જશે. અમે સાંભળવામાં છે, ઉત્સવ વૈ.વ.૨ નો સારો કરવો છે. શ્રીજીની ઈચ્છાથી સારો થશે. એ જ. ગુલાબ પાંખડી તાજી છે, ખાજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૫૩ **તારીખ : ૨૮-૪-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવકો - વાલજી, નાનજી, માવજી, ટપુલાલ, તુલસી ભગત, મોહનલાલ, મોહનભગત, દેવરાજ, રતિલાલ, અમરશી શાંન્તિલાલ તથા જયન્તિલાલ, વીરજી, રાયજી, અન્ય શ્રીહરિ શરણાગતિ મંડળ સમસ્તપ્રતિ અમારા જય સ્વામિનારાયણ વાંચવા, બધાને કહેજો.

ગુમડું મટી જાશે, 'જખમેરૂજ' નામનો મલમ કાયમ પંદર દિવસ ચોપડજો, બીલકુલ સારૂં થઈ જશે. ખંજોળવું નહિં. **બધા ભજન કરો છો, કરજો.**

કમાઓ, ભેગું કરો, એકલા ફાળામાં જાળવવું, બહુ વિચારવું, સારો સમય કમાઈ લેવો.

બીજી હકીકત જાણી. જૂનાગઢનો ફાગણ વદ ૨ નો સમૈયો થાશે, વડતાલના મહારાજ એક દિવસ આવશે તે જાણવું, બીજાનું આવવું નહી થાય તેવું જાણવા મળ્યું છે. ખુશી ખબર કાગળ લખોજો.

રતિલાલના ખબર હજૂ મળ્યા નથી. બીજાઓ દેશમાં આવ્યા તો હશે. સમૈયે આવશે તો મળશે. એ જ. બધાને જય સ્વામિનારાયણ કહેવા. ગુલાબ ફૂલ પાંખડીઓ આમાં છે. પ્રસાદી ખાજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૫૪ **તારીખ : ૦૮-૦૫-૧૯૭૮**

જૂનાગઢથી આશીર્વાદ, જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક વાલજી કેશવજી સકુટુમ્બ સુખી રહો.

વાંધાવાળો પ્લોટ ન લેવો, મકાન પણ વાંધા વિનાનું લેવું, કજીયો કાળું કરનારૂં હોય છે. કજીયો ન થાય તેવું કરવું. દુબઈથી જેમ કહે તેમ કરવું. **મૂરતિમાં અખંડ ભગવાન રહ્યા છે, તેની સેવા વડે બધાં સારાવાના થાશે.** એ જ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૫૫ **તારીખ : ૩૧-૦૫-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

વૈશાખ વદ ૨ નો સમૈયો ત્રણ ચાર લાખ માણસોનો થયો હતો, ૪૦ વિઘામાં સ્વામિનારાયણનગર વસાવી દીધું હતું, શહેર પણ દરવાજાઓ વડે શણગાર્યું હતું, બસોની સગવડ કરી હતી. વિજળી ૧૫ દોઢ લાખની યોજી હતી, સમીઆણો સભામંડપ ૨૦ વિઘામાં હતો, ભોજનશાળા પણ ૨૫ હજાર માણસ એક પંક્તિએ જમે તેવી વ્યવસ્થા હતી, પાંચ દિવસ ધામધૂમ હતી, શહેરમાં જય-જય કાર, ગામોમાં દેશોમાં જય-જય કાર બોલાયો છે.

કેફમાં રહેજો, કમાજો, ભજજો, સંભારજો. વંથળીથી સો ઉપર ભક્તો આવ્યા હતા. મુમ્બઈ, પુના બધા આવ્યા હતા. છગનલાલ મૂળજી ખોલીયાને સારૂં થઈ જાશે, શ્રીજી મહારાજ સારી સંભાળ રાખે, એવા આશીર્વાદ છે.

ત્યાં બધાને જય સ્વામિનારાયણ કહેવા.

અહીંથી વાંચવા.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૫૬ **તારીખ : ૧૪-૦૬-૧૯૭૮**

જૂનાગઢથી ભગવાનના આશીર્વાદ વાંચવા. શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શ્વેતાયન વ્યાસને નમો નમઃ

ભગવાનજી ભગત ભક્તિ કરો, સંભારો, સારા ઓડકાર ખાઓ, રક્ષા ભગવાન કરે. ૧૫-૫-૭૮ જવાબ મળ્યો છે.

પાટોત્સવમાં પાંચ લાખ માણસ થયું. દુનિયામાં વખણાઈ ગયો. ભગવાનનું કામ ભગવાને કર્યું. માણસનું ગજું નોતું. વડતાલ કે બીજે થએલા બધા પાટોત્સવ જૂનાગઢના પાટોત્સવથી હેઠા થઈ ગયા. શહેર શણગાર્યું, મંદિર શણગાર્યું, ફરતી હરતી વીજળીઓ, લાખ બે લાખ દીવા, ૧૫ બસો, બે રેલ્વે ગાડીઓ, હજાર રીક્ષાઓ, શહેરમાં તમામ સંસ્થાઓમાં ઉતારાઓ, ૪૦ વિઘાની વાડીમાં રાત દિવસ ભોજન ચાહ નાસ્તા ટાઢા પાણી, રેડીયા લાઉડ, હજારો ટ્યૂબો, બે હજાર પીરસનારા, ત્રણ હજાર ગામ શહેરમાં સ્વયં સેવક, ત્રણ લાખ માણસ દરરોજ જમે, ભારતમાં ડંકો વાગી ગયો. વધારે શું લખાય. પાંચસો પોલીસ, રક્ષકો, ખટારાના ખટારા માલ, ઘી નદીયું, સાકર ખાંડ મિષ્ટાન્નના ડુંગરા, પચીસ પચીસ હજાર માણસોની એક સાથે પંક્તિઓ જમે, જુદા જુદા મિષ્ટાન્નો, ૫૦૦ યજમાનોના ૧૦૧ મોટા કુંડ

યજ્ઞ, પાંચસો બ્રાહ્મણો, સંપ્રદાયના બધા સાધુઓ, સરકારી અધિકારીઓ, આખી બુંદીના મોટા સરોવર આ તો હવે પૃથ્વીમાં ફરીથી જોવા ન મળે તેવું થયું છે. આકાશમાં બલૂનો જોવા આવતા હતા. ગિરનાર જેતલસર સ્વામીમંદિર વાડી જૂનાગઢ દસગાઉની જમીનમાં માણસ માણસ થઈ પડ્યું હતું. છતાં કોઈ ખોવાણું નહીં, કોઈ મર્યું નહીં, કોઈ એક્સીડંટ નહીં, વરસાદ કે પવન વાવાઝોડું નહિ. વાદળા રહેતા, વાજાવાળાઓ રમઝટ બોલાવે. સંભારે તેનું કલ્યાણ.

વંથળીના દોઢસો માણસો હતા. ક.તો ક્યાંઈ ભગવાનમાં અલોપ હશે. લાખોમાં ક્યાં દેખાય, હરિકૃષ્ણ મારી પાસે હતો, અમો તો મોટરથી જાતા આવતા. ક્યાંઈ ઉભા રહેવાનો માર્ગ ન હતો, કથામાં લાખ માણસ બેસતું મંડપ ૧૫ વિઘામાં બાંધ્યો હતો. હજારો ટ્યુબો હતી. એ જ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૫૭ **તારીખ : ૨૦-૦૬-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચવા. સન્ત મંડળના જય સ્વામિનારાયણ વાંચવા.

સેવક રતિલાલ હંસરાજ તથા કુટુમ્બ અમરશી, નારણ, મનસુખ, રમેશ, નવીન વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો.

વાસ્તુ પ્રભાશંકર પાસે જોવરાવજો. **અમો મૂર્તિમાં હશું, દર્શન કરવા, તેડવા ન આવવું.** તીર્થમાં ઉચ્છવ કર્યો સારૂં કર્યું. સગપણ જેમ સારો હોય તો કરજો, સુખી થાઓ.

બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૫૮ **તારીખ : ૨૭-૦૬-૧૯૭૮**

પ્રિ.સેવક તથા તમારૂં કુટુમ્બ બધા સુખી રહો. બધાને જય સ્વામિનારાયણ.

વરસાદ સારા થયા. પાક સારા થશે. પત્ર વાંચ્યો.

તીર્થનું રાષ્ટ્રીય પ્રાસાદ ભવન પત્ર હક વિના એમનમ છે. જમીન તળું કે અડખાં પડખાં આપણા વેચાણ હક કે ધર્માદા હકના કાગળ વિનાના જ છે. ભગવાનજી રાજાએ બે-ત્રણ વાર સરપંચને કહેલ પણ તેણે કર્યા જ નથી, માટે જેમ થાતું હોય તેમ ભલે થાઓ. સૂચન કે હા. ના. કાંઈ કરવા જેવું જ નથી.

રાષ્ટ્રીય પ્રાસાદ અને મૂર્તિ અને પ્રાસાદ ચોખુણા બીલ્ડીંગ ધજાવાળું ફરકે છે તેનો ફેરફાર કોઈ કરી શકશે નહિં, એટલું થયું છે તે પણ ઘણું જ છે, ભગવાન બેઠા તેને લઈને કિમ્મત વધી છે. ભગવાનનું કામ ભગવાન કરતા રહેશે.

જન્મભવન કે વણથલી ફૂલવાડીમાં તમો બધું કરી શકશો. સરકારી જમીનનું શું થાય, તે ગમે તેમ થાય. હકની જમીનમાં કોઈ કાંઈ કરી શકે તેમ નથી. હવે તે માટે અણહકમાં કાંઈ કરવું નહિં. એ જ. સાંચવવા પુરતું જ સંભાળવું.

તમોએ તમારા પત્રમાં ઠીક વિચાર કર્યો છે. ખાંપે ન ભરાવું, હોય તે પણ જાય, માટે છે તે ઠીક છે. એ જ.

- કૃ.વ.આ.ના બધાને જય સ્વામિનારાયણ.

પત્ર નં.-૧૫૯ **તારીખ : ૩૦-૦૬-૧૯૭૮**

સેવક તુલસીદાસ તથા ટપુલાલ ભગત, મોહન ભગત, જયન્તિલાલ રાઘવ, ભગવાનજી લખમણ, નાનજી ભગત, માવજી ભગત, વાલજી ભગત, દયાળજી ભગત, ધીરજલાલ ભગત, દેવજી ભગત, શામજી હીરજી, છગનલાલ જીવરાજ, જયન્તિલાલ દેવશી, કરશનભાઈ વેકરીયા, રતિલાલ ભગત તથા ચમનલાલ ભગત તથા શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તો વિગેરેને પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાન સુખી રાખો.

માવજી લક્ષ્મણનો પત્ર મળ્યો છે, કુવેતથી જાવીયા રણછોડ કરશનનો પત્ર મળ્યો છે, તૂલસીદાસનો પત્ર મળ્યો. બધાને પ્રત્યક્ષદર્શી ભગવાન સુખી રાખો. **જેને પ્રત્યક્ષ ભગવાન અને સંત મળ્યા તેના કલ્યાણમાં ફેર નથી. ધામની મૂર્તિ અને આંહીની મૂર્તિ એક જ છે. પતિવ્રતાની, દાસની દાસીની, પરમ એકાન્તિકી ભક્તિ કરવી, સાધન બધાં મળ્યા એવા ભગવાનમાં સાર્થક થઈ જાય છે, તન મન ધન અને સંપત્તિ, સામગ્રી તથા ઈન્દ્રિયો અંતઃકરણ જીવાત્મા અને સાક્ષી એ બધાય મળ્યા એવા ભગવાનનાં છે. આપણે તો તેના આપ્યાં થકાં વાપરીએ છીએ માટે ભગવાનના પદાર્થો ભગવાનને આપવાં અને પ્રસાદી પોતે ગ્રહણ કરવી. આવી સ્થિતિવાળાને ભગવાનથી એક ચોખા જેટલુંય છેટે નથી તેને તો રાત દિવસ સાક્ષાત્ ભગવાન આંખ આગળ દેખાયા કરે, હેતનું સુખ આવે અને પોતાને જે સુખમાં વધારે પ્રીતિ હોય તેવી સેવા સુખ વડે ભગવાનને પોતાના કરી લેવા તો તે ભક્તને ભગવાન હાજરોહાજર રહે છે.**

ભગવાન પાસે માયા નથી, અપવિત્રતા નથી, આડસ નથી, નિરાવરણ ભક્તિ ઉત્તમ છે અને રાજીપાનું સાધન છે. ધામમાં પણ તેવી જ રીતે મુક્તિમાં સેવા થાય. અક્ષરધામને પોતાનું કુટુમ્બ ગણ્યું અને મુક્તો ભક્તોને પોતાના કુટુંબી ગણ્યા અને સખીભાવે ભગવાનમાં પ્રેમાનંદ સ્વામીની પેઠે લીન રહેવું. તો બધાં સુખ મળે. સમઝણ સારી કરે તો દિવ્ય થવાય અને સમઝણમાં સારી ચોક્ખાઈ ન કરે તો આવરણ નડે, આવરણ આડાં એટલી સેવા રાજીપાની ખામી રહે. ભગવાનની મૂર્તિ સાથે આવરણ ન હોય તો જ ભક્તિ નવધા કરી શકાય. શ્રીજી મહારાજની એવી ભક્તિ કરવી અને રસ બસ રહેવું. મર્યા પછી ધામમાં તેમ જ રસ બસ સેવા કરવી છે. સંસારી દેહદર્શીઓને એવો ભગવાનનો પ્રાણપતિનો લાભ મળતો નથી, વધારે એકાન્તિક ભક્તોને લખવાની જરૂરત નથી. ટેપરેકર્ડમાં લઈને બધાએ કથાઓ કરવી, શ્રીહરિ શરણાગતિ મંડળે વધતું જાવું અને સત્સંગ કરવો, કલ્યાણ કરનારા પ્રત્યક્ષ છે.

તમારા લખવા મુજબ પાટોત્સવનો બધો વૃત્તાન્ત આ સાથે મોકલ્યો છે. ટેપરેકર્ડમાં ઉતારી લેજો. સમૈયો સાંભરે તેવો થયો છે માટે લખી મોકલેલ છે. ફૂલવાડી માટે ગઢ થાય તે પછી શિખરબંધ મંદિર કરો તો ભગવાનનું કામ ભગવાન કરશે, તમારૂં કામ તમો કરો. એ જ.

ગુરૂભાઈઓએ સંપ રાખવો, ન મેળ રહે તેથી આઘું રહેવું. એ જ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૬૦ **તારીખ : ૩૦-૬-૧૯૭૮**

સેવક - પ્રમુખ ટપુલાલ, કાનજીભાઈ તમારે આસપાસના સર્વને જય શ્રીસ્વામિનારાયણ કહેજો. માવજી, નાનજી, રણછોડ, કરશન તમારાથી છેટા રહે છે, મળે તે દિ જય સ્વામિનારાયણ કહેજો. જયન્તિલાલ, ભગવાનજી પોરીયા વિગેરેને જય સ્વામિનારાયણ કહેજો. તૂલસી મનજી મકવાણા, તૂલસી વેલજી તથા બીજા બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેજો. શામજી હીરજી તથા જે જે હોય તેમને જય સ્વામિનારાયણ કહેજો. માધાપર, કચ્છ, વસરામભાઈ જે જે હોય તેમને જય સ્વામિનારાયણ કહેજો.

કુંકાવાવના કાનજીભાઈ, દયાળજી, વીરજી, ચમનલાલ, બે શાંતિલાલ, ભગવાનજી, લખમણ, રામજી, કુંવરજી મેપા, કાન્તિલાલ, પ્રાગજી, બાબૂલાલ, ભીખાલાલ, અમરસી, દામજી, અમૃતલાલ, વાલજી, દેવજી, ચુનીલાલ, અમરસી, હરિલાલ, ગોવિંદ, રમેશ, જયંતિલાલ કચ્છી, હરિલાલ, પ્રભુલાલ, જીવરાજ, નરેન્દ્ર, દામજી, પ્રવીણ, નાથાલાલ, પરસોતમ, ધીરજલાલ, બચુલાલ, જેઠુભાઈ, ગોરધન, રમેશ, વ્રજલાલ, કરશન, લાલજી, અર્જુન વિગેરે જૂના નવા જે દુબઈ એરીયાની આસપાસ રહેતા મળતા શ્રીહરિ શરણાગતિના ભક્તોને જય શ્રીસ્વામિનારાયણ કહેજો. **ફૂલવાડી માટે કામ ચાલૂ કર્યું ઠીક કર્યું, બધૂંય થશે, શિખરો થશે.**

રામજીના બાપ, માવજીના બાપના બાપ, જેઠા અજા ધામમાં ગયા. તેની રસોઈ આપવા લખમણભાઈ ખીમજીભાઈ તથા રામજીભાઈ જૂનાગઢ આપણે ત્યાં આવ્યા હતા. રામજી તૂલસી જીરાગઢવાળાના ભાઈ મગનલાલ તૂલસી પરમદિવસે આહીં દર્શન કરવા જીરાગઢથી આવ્યા હતા. તમોને ભગવાન ઉપજ આપે, સુખી રહો, કમાઓ, ભજન કરો, વિજા મળે ત્યારે આવવું જવું, વધારે કમાણી વડે સુખી રહેવાય. **પ્રગટ વિના ભવપાર તરવો મુશ્કેલ તો ખરો, પ્રગટને ભજી-ભજી પાર પામ્યાં ઘણાં ગીધ ગણિકા કપિ વૃન્દ કોટી, વ્રજતણી નાર્ય વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી. ધ્યાન ધર, ધ્યાન ધર પ્રગટ પરબ્રહ્મનું જે થકી સર્વ સંસાર નાસે, પરોક્ષથી ભવતણો પાર આવે નહીં. વેદ વેદાન્ત એમ બોલે વાણી. ઈત્યાદિ પ્રમાણે શ્રીજીને ભજતા રહેજો. બીજું તો પુસ્તકોમાંથી મળતું રહેશે.**

પાટોત્સવનો અહેવાલ આ સાથે છે, ટેપરેકોર્ડ કરાવી લેજો અને બધાને આપતા રહેજો. **આવું સારરૂપ લખાણ તે ફેલાવવું, પડ્યું ન રાખવું.** શુક્રવારે કે અષ્ટમીએ ભેગા થાઓ ત્યારે ટેપ મેલવી અને સારે ચોકખે કંઠે ધીરે ધીરે વાંચવું. ઉતરી જાય તેમ કરજો. બધાને જય સ્વામિનારાયણ કહેજો. એ જ.

- કૃ.વ.આ.નાં બધાને જય શ્રીસ્વામિનારાયણ.

પત્ર નં.-૧૬૧ **તારીખ : ૦૨-૦૭-૧૯૭૮**

શ્રીયુત સેવક હરિલાલ વેલજીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળના સેવકો મસ્કત -

બધા સુખી રહો, ભક્તિ વધારે કરો, વધારે નાણાં મળશે. સાજા નરવા રહો, ફૂલવાડીનાં કામ ગઢ, શિખરબંધ મંદિર તે શરણાગતિ મંડળે ધારેલ છે જે કરવામાં સાથ સહકારમાં રહેવું. બસો સેવકો સંપશે તો લાખોના કામ થશે. **પ્રત્યક્ષ ભગવાન ઈષ્ટદેવ માટે બધું છે, તે હયાતીમાં કરી લેવું.**

ભક્તોને ભગવાન સમર્પિત થાય છે કારણ કે ભક્તો ભગવાનને સમર્પિત થાય છે. ભગવાને દેહ, સ્ત્રી, બાળ-બચ્ચાં, ખેતીવાડી, ભવન, રૂપિયા, ગીનીઓ, રસકસ જમવાનાં જળ વિગેરે તૃપ્તિ થવાનાં સાધનો આપ્યાં છે. ભગવાનનું છે તે ભગવાન માટે વાપરવું, ભગવાનની પૃથિવી છે. પૃથિવીના બાળકોએ પૃથિવીપતિ ભગવાનને સેવવા, બધું કરી ચૂંકવું, ભૂલ્યો તે ભૂલ્યો, તમોને પ્રત્યક્ષ ભગવાન સુખી રાખો.

સમૈયો ટેપરેકર્ડીંગ કરજો, બીજા સાંભળે તે માટે આ સાથે મોકલાવેલ છે. ઉત્સવ સમૈયા કરજો. એ જ. **ભગવાનને લાડ લડાવવા, રક્ષા કરશે.** એ જ.

પુરૂષોતમ તૂલસીને માલમ થાય કે મગનલાલ તૂલસી દર્શન કરી ગયા છે, સુખી રહો. બીજું કે ઉત્સવ સારો થયો છે, ટેપ કરી સાંભળવો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સર્વેને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬૨ **તારીખ : ૦૪-૦૭-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સન્ત મંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

છગનલાલ, તમો સારજાહ પહોંચ્યા, કાગળ વાંચી આનંદ થયો. ત્યાં વશરામભાઈ, દેવજીભગત, ધીરજલાલજી, નટવર ભગત, શામજી ભગત વિગેરેને જય સ્વામિનારાયણ કહેજો. બધા સુખી થાઓ. ખૂબ કમાઓ, સાજા નરવા રહો, મૂંઝાવું નહીં, ભાગવું નહીં, ભજન કરવું. **ભગવાને તક આપી છે, લાભ કમાઈ લેવો. પ્રગટ પરચો છે માટે ભક્તિમાં પાછું ન પડવું.**

ભગવાને તમારા ઉપર રહેમ રાખી, કથાવાર્તા મહિમા સમઝવો. પગાર વધારે મળશે, ઓવરટાઈમ પણ મળશે, ધ્યાન રાખશું, **મૂર્તિ ફોટો અને જીવતા જોયા કરવા, દર્શન થયા કરે, દેખ્યા, જોયા, સેવ્યા, સાંભળ્યા તે**

સદા પ્રત્યક્ષ જ છે. પ્રત્યક્ષ ભગવાન તમારી સંભાળ રાખશે, હિંમત રાખવી, અમીદ્રષ્ટિ છે, બધે ધ્યાન છે, ભજે તેના ભગવાન, ગાંઠ મટી જાશે. નિષ્ઠા એક હોય તો કાલ, કર્મ, માયા, રોગ વિગેરેનો ભાર નથી. એ જ.

શિરનામું લખી લીધું છે, બદલે તો તરત કાગળમાં લખી જણાવવું. શુક્રવારે ભજન કરવું. અહીંના સમૈયાનો હેવાલ ટપુલાલને દુબઈ લખ્યો છે તે ટેપરેકર્ડ કરી લેજો, વસરામભાઈ કે કોઈ માવજીભાઈ કે કોઈ જાઓ ત્યારે ટેપરેકર્ડ લઈને જાવું. ટેપ કરી લેવો. એ જ.

બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬૩ **તારીખ : ૨૯-૦૭-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક નાનજી લખમણભાઈ, લખમણ બાપા માટે રામજી ભાઈ તથા લખમણભાઈ જૂનાગઢ આવીને અમોને નાની રસોઈ જમાડી ગયા, બાપા ધામમાં ગયા. તમો સુખી રહો, ભજન કરો, કમાઓ, **સાક્ષાત્ ભગવાનને સંભારવા, મોક્ષ સાધવા ધ્યાન રાખવું, કમાવું, ઘરબાર સાંચવવા, એ તો આ લોકનું છે, ભગવાન સન્ત સદ્‌ગુરૂ સેવવા તે પરલોકને માટે છે માટે તેમાં ધ્યાન રાખવું.**

તમારો કાગળ તા. ૨૫-૭-૭૮ આંહી મળ્યો છે. તમોએ ૧૪ નામ શ્રીહરિ શરણાગતિ મંડળના લખ્યા છે, બધાને જય સ્વામિનારાયણ કહેજો. વંથળી વરસાદ સારા છે. આજે હીરજી પેથાભાઈ આવ્યા હતા, તેમને ફૂલવાડીના ૭૫૦૦ આપ્યા છે. કાલે એકાદશીએ વંથળીમાં ધામધૂમ કરશે, ચરણકમળ ફૂલવાડીમાં ઓંસરીમાં પધરાવ્યા આરસના, એમ કહેતા હતા. ધામધૂમ કરે છે અને કરશે એમ કહેતા હતા. ગુલાબના ફૂલ આ સાથે છે, તે

ખાજો. તમારા માતુશ્રી સુખી છે, સાજા છે, ભજન કરે છે, એમ કાગળમાં હતું. **અખિલ ભૂમંડળી વાંચજો, જ્ઞાન કરવું, વિચારવું, બે ઘડી ભગવાનમય થઈ જવાય, ભજન કરવું.** આંહીના પાટોત્સવ સમૈયાની ટેપ ટપુલાલ દુબઈથી ઉતારીને સાંભળવી, સમૈયાની ફીલ્મ આખી ઉતારી છે તે પણ એક રવિવાર પછી આંહી તમામને દેખાડશે. અમદાવાદમાં પણ દેખાડી છે. સીનેમાવાળા છે તે દેખાડશે, તમારો કાગળ વાંચીને દયાથી આ કાગળ લખ્યો છે. **મનમાં ધીરજ, શાન્તિ, ઉત્સાહ, હિમ્મત રાખવાં. ભગવાનનું બળ રાખવું, સુખી રહેવું.** એ જ. જે મળે તે બધાને જય સ્વામિનારાયણ કહેવા.

અજમાન - નાનજી, વાલજી, માવજી, ટપુલાલ, દયાળજી, તુલસીદાસ, રતિલાલ, દેવજી, વશરામ, ઓધવજી, જયન્તિલાલ, કાનજી પોપટલાલ, ભગવાનજી બધા શ્રીહરિ શરણાગતિવાળાની ચઢતી કાળાઓ થયા કરો, એ જ. બધાને જય સ્વામિનારાયણ કહેવા. રાજી છીએ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણમંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬૪ તારીખ : ૨-૮-૧૯૭૮

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

અમારી દયા કૃપા તો કામ કરે આશીર્વાદ કામ કરે, બાપાએ તથા પગદુઃખે તેમણે **ભગવાનની મૂર્તિ દેખાયા કરે તેટલું મનોબળ ત્રાટક અભ્યાસમાં રાખવું જોઈએ.**

ભગવાનની મૂર્તિ ચિન્તામણિ છે, તેમાં ધ્યાનધરીને જે ધારે તે થાય, તો વા પણ વયો જાય અને પગનું દરદ પણ વયું જાય, પણ મૂર્તિ સાથે જીવ જડાણો તેમાં કચાસ તો ખરી નહિં, તો ફળ કેમ ન મળે, જરૂર મળે, આશીર્વાદ આપીએ સારૂં થશે. બાપાને ભગવાન સંભરાવે તેવો વા તેનો ભાયબંધ છે. દુઃખ દરદ તે ભક્તનો તો મિત્ર

ગણાય જે ભગવાનને યાદ કરાવે. ભગવાન આશીર્વાદ આપે, સુખી થાઓ, સાજા નરવા રહો, ભક્તિ કરો, મોલ પાણી સારા હો, વરસાદ વધારે પડો, વરસ સારૂં નીવડો, શરણાગત રક્ષક શ્રીહરિ જરૂર તમારી નજર રાખો, ભક્તિ વધારે કરજો, પ્રસાદીનું ઠાકોરજીનું ધરેલ જળ ચોપડવું, રોગ મટી જાય, મૂર્તિને સંભારીને પ્રસાદી ચરણામૃત ચોપડવું, સારૂં થઈ જાશે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સન્તમંડળના સર્વેને જય સ્વામિનારાયણ કહેવા, વાંચવા. હરજીભાઈ, ડુંગરભાઈ, હરદાસભાઈ, શંભુભાઈ, ભગવાનજીભાઈ, નાના મોટા મનજી બાપાની વાડી આનન્દમાં રહો, સુખી રહો, બધા કુટુમ્બને આશીર્વાદ, સુખી રહો. **ભજન ભક્તિ કરજો, સારૂ થઈ જાશે. ભક્તને દુઃખ હોતા નથી, દુઃખને રોવુ નહિં, ભક્તને ભગવાન જેમ રાખે તેમ રહેવું, ભગવાન તો શૂરા જ છે. ભક્તે ભગવાન પર હેતપ્રેમ રાખવો, જેથી રોગ નડે નહિં.**

બધા સુખી થાઓ. જમો, દૂધ-દહિં-સાકર ઘોળવા પીઓ, પ્રસાદિ જમો, ભગવાનને જમાડો, ભક્તિ કરો, ખબરદાર રહો. પૂજા-પાઠ-ભક્તિ કરતા રહો, ભગવાનની નજર ભક્ત ઉપર સુખી કરવાની હોય જ. ભગવાન બધૂં દેખે-જાણે છે. એ જ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬૫ **તારીખ : ૨-૮-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક રામજીભાઈ તથા ત્યાં હાજર મળે તે શ્રીહરિ શરણાગતિ મંડળ સેવકો નાના-મોટા તમામને જય શ્રીસ્વામિનારાયણ કહેવા, વાંચવા.

તમો બધા સુખી રહો. સાક્ષાત ભગવાન ભજો. દુબઈ જાઓ, કમાઓ, આનંદમાં રહો, રતિલાલ વિગેરે દુબઈ પહોંચી ગયા હશે. હજુ દુબઈથી ખબરપત્ર આવ્યા નથી. તમો દુબઈ ગયા પછી પત્ર લખજો. જીરાગઢ બધા સુખી રહો.

કાંતિલાલ, જયન્તિલાલ એ બધા પૂજાપાઠ કરે એવા શ્રદ્ધાળુ જો ઈચ્છે તો વેલજી ભગતથી પૂનાથી પૂજા લઈને સોંપતા જજો. **પ્રત્યક્ષ ભગવાન જ્યાં બિરાજે ત્યાં કાળ, માયા, પાપ, કર્મ, નડતર કરતા નથી. પ્રારબ્ધ સારા થાય છે. જેણે ભગવાન રાખ્યા તેણે બધું રાખ્યું. જગત વિષયી અને ભયભીત છે તે ભગવાન સાથે તદાત્માપણું થવા દેતું જ નથી. આત્મનિવેદી શરણાગત ભક્તની વાત દાદાખાચર, જીવુબા, લાડુબા જેવી છે. ભગવાનની મૂર્તિ કોઈના અપરાધ ગણતી નથી. જેટલી સેવા પૂજા થાય તેટલા રાજી થાય, ભગવાન પવિત્ર કરે છે, તે બધાની સેવા અંગીકાર કરે છે. તે કોઈથી અભડાતા નથી. કોઈના દોષ સામું જોતા નથી, ભગવાન છીં છીં કરતા રહે તો કલ્યાણ કેનાં કરે ? ભગવાનને સંબંધે કરીને માયિક એવા દેહ ઈન્દ્રિયો અન્તઃકરણ, ગારમાટીના ઘર, પાગરણ, ભોજન, પાન વિગેરે દિવ્ય થઈ જાય છે. ભક્તની ક્રિયા નિર્ગુણ છે, ભગવાનને મળેલા ભક્ત પણ નિર્ગુણ છે, તેને મળેલા પણ નિર્ગુણ જઈ જાય છે. તમો આવી સમજણે ભક્તિ કરો.** એ જ.

- કૃ.વ.આ.નાં બધાને જય સ્વામિનારાયણ કહેવા.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬૬ તારીખ : ૦૧-૦૯-૧૯૭૮

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં-ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

દુબઈ શ્રીહરિ શરણાગતિ મંડળ, દયાળજી ભગત, ધીરજલાલ, ટપુલાલ, બંને મોહનભગત, રતિલાલ ભગત, અમરશી ભગત, તુલસીદાસ ભગત, માવજી ભગત, નાનજી ભગત, વાલજી ભગત, રતિલાલ ભગત,

ચિમનલાલ, જયન્તિલાલ કચ્છ, જયન્તિલાલ રાઠોડ, ભગવાનજી રાજા, દેવજી કાનજી ભગત. આદિક શ્રીહરિ શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન શ્રીહરિ સુખી રાખો. બધાની ચઢતી કળા હો, સાજા નરવા રહો, ભજન કરજો.

પરદેશ તો છે પણ ગુરૂભાઈઓ છે તે સ્વદેશ, સ્વકુટુંબ છે. ભગવાન રાખો તે સ્વભવન છે, અક્ષરધામ છે. શરણાગતિ સાંચવો, ભાગવત ધર્મ પાળો, જ્ઞાનવાર્તા કરો, કથાવાર્તા ઉત્સવ, ભોજન, મંડળી વિગેરે કરવી. બધા સંપીને રહેજો, દુબઈની કોઈ કોઈ કંપની કામમાં, પગારમાં સદ્ધરપણું નથી જાળવતી પણ ભગવાન જેણે રાખ્યા તેની રક્ષા ભગવાન કરે. શરણાગતિ મંડળની ભગવાન રક્ષા કરશે. શ્રીહરિ ભક્તોની સારવાર સંભાળમાં જ છે. ખબરદાર રહેવું, દેશકાળ પ્રમાણે રહેવું, કષ્ટ સહેવું, કમાવું, હિમ્મત-ધીરજ રાખવી, કોઈ ગુરૂભાઈને મુંઝવણ જેવું થાય તો મદદમાં રહેવું. કુંવરજી ભગતની રક્ષા ભગવાને કરી છે, તેના સમાચાર છે તેને પોતાને કાંઈ વાંક વ્યાધિ નડતર, નુકશાન નથી એ સારૂં થયું. વેલજી ભગતના હજુ કાગળ પત્ર પરદેશથી આવ્યા નથી. તમો બધા આનંદમાં રહેજો, દિવ્યભાવ રાખજો ભજન કરજો, ખુશીખબર લખવા. એ જ. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

પ્રસાદિના ગુલાબ ફૂલપાંખડી આમા છે, ખાજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણમંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬૭ **તારીખ : ૦૬-૦૯-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક પ્રાગજીભાઈ તથા નારણભાઈ, આંબાલાલભાઈ, હરિલાલભાઈ વિગેરે બધાને શ્રીહરિ સુખી રાખો.

નારાયણને જલ્દી સુધારો થાય એવા આશીર્વાદો, માળાઓ વિગેરે કરીએ છીએ. **આખું જગત ભગવાનની આરાધના કરે છે, તેમાં સેવકની આરાધના પહેલી સ્વીકારે, જગત ટોણાં મારીને છેટા ખેસવવા ધારતું પણ હોય, ભક્તને ભક્તિ કરવી હોય તો તે દ્રઢ ભક્ત થઈને ભક્તિ કરે છે. તમોને ટોણા મારે તે અમોને ટોણા કહેવાય. દિકારાના ટોણાં, મગજમેડના ટોણાં, દાળદરના ટોણાં, માંદાના ટોણાં, વ્યસનોનાં ટોણાં, નરસૂ થાય તે બધાય ટોણા, ગુરૂ ભગવાનને સહન કરવા જ પડે.** ઉપાય તો મગજને ચોટ દેવરાવવાનો ડૉક્ટર સલાહ આપે તો કરવો. માળા, ભજન આશીર્વાદ તો છે જ.

નારાયણ સાજો જ છે, તેને કામ કરવું જોઈએ. કામ પણ કરાય અને ભક્તિ પણ થાય, મગજ ઠેકાણે ન રહે તો બધા પુરૂષાર્થ બગડી જાય, નારાયણ ડાહ્યો છે કાંઈક તો સમઝણ રાખવી જોઈએ. **ભાગવાની, કામ ન કરવાની, ગાંડાપણા કરવાની શુદ્ધભાન છે તેમ કામકાજે ભાગવાની, ડાહ્યાપણે રહેવાની, શુદ્ધ રાખવી જોઈએ.** નારાયણ તેમ વર્તે તો સારૂં, અમારા આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, **ભગત ભગવાનને ટોણાં ખવરાવે ત્યાં ભગવાનનું શું ચાલે ? બધી ક્ષમા છે. ભજન કરવું.**

માવતર કુટુમ્બની ભક્તિ પણ કામ આવે.

જેરામભાઈની નિષ્ઠા ઉત્તમ હશે, **માવતરની ભક્તિ પણ કામ આવે છે.**

ભગવાનની ભક્તિ ન કરે તેવું જગત ડાહ્યું છે. ભક્તિ કરે તે ગાંડપણ લઈ લ્યે, સાવ ભક્તિ મેલીદે તો ડાહ્યા થઈ જાય.

ભજન વધારે કરવું, નારાયણને જય સ્વામિનારાયણ. બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૬૮ **તારીખ : ૦૫-૧૦-૧૯૭૮**

સેવક પ્રિય રામજી તૂલસી ટાંક તથા શ્રીહરિ શરણાગતિ મંડળ વિગેરેને ભક્તપતિ ભગવાન સુખી રાખો, બધાની ચઢતી કળા હો, વધારે સુખી થાઓ. **ભક્તોમાં ભેદ ન રાખવો, ભગવાનની ભક્તિમાં રસબસ રસબસ ગરકાવ રહેવું, સુખી રહેવું, સદા આનન્દમાં રહેવું,** બધાને જય સ્વામિનારાયણ કહેવા. **સેવક રામજી ! તમોને જે ભાવ અને ભક્તિ છે તેમાં દ્રઢ વધવું, ભગવાન મળે તે દિ બધા મનોરથ સંકલ્પ પૂરા થાય , ધામમાં સેવામાં રહેવાય તેવો રાજીપો ભગવાનનો થાય. માનવ જન્મમાં રાજીપો લેતા આવડવો જોઈએ.** એ જ.

મગનલાલ તુલસી ટાંક જેઠ વદ ૧૦ ના દર્શને આવ્યા હતા, જૂનાગઢથી પાછા ઘેર ગયા હતા અને રૂવી પહોંચી ગયા છે. ૫ રૂપિયા તમારા કવરમાંથી પહોંચ્યા છે.

આવતી જન્મજયન્તી અશ્વિન વદ ૮, મંગળવાર તા. ૨૪-૧૦-૭૮ છે, ધામધૂમ કરજો. ટપુલાલને આજે કાગળ લખ્યો છે.

બધાને જય સ્વામિનારાયણ કહેજો. વેલજી રવજી ચૌહાણ JEDDAH (જીદદાહ) સાઉદી અરેબીયા તા. ૧૦-૯-૭૮ ના ગયા છે. પો. BOX No. ૩૫૩૮ છે. EDOK ETER S.A. ઈ.ટીઈઆર ટોક નં. ૪૬૬ અને સાઈડ નં. ૬૦૦ છે. એ જ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬૯ **તારીખ : ૨૪-૧૦-૧૯૭૮**

નવુ વર્ષ, મંગળવાર

જન્ય જયન્તી.

ભગવાનની જય, સુખી થાઓ.

મોહન રતનશી સાંપરીયા, રતિલાલ હંસરાજ રાઠોડ, દયાળજી લાલજી મનાણી, શામજી હીરજી કાચા, નાથાલાલ ડાયા કાચા, પ્રાગજી ડાયા

કાચા, દેવરાજ ડાયા મકવાણા, તુલસી મનજી મકવાણા, જયન્તીલાલ રાઘવ પોરીયા, ભગવાનજી ટપુ પોરીયા, ટપુલાલ કાનજી રાઠોડ, રામજી તૂલસી ટાંક, મોહન કરશન મનાણી, વાલજી કેશવજી ચોટલીયા, નાનજી લખમણ મકવાણા, માવજી લખમણ મકવાણા, છગનલાલ માવજી રાઠોડ, વીરજી ડાયા ચોટલીયા, વ્રજલાલ રણછોડ કાચા, રતિલાલ મોહન ચૌહાણ, જયન્તીલાલ દેવશી બાંભાણીય તથા છૂટા છવાયા દુબઈ આસપાસ તમામ શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો. લાભ રહો. આશીર્વાદ જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

નવુ વર્ષ સારૂં થાઓ, બને તો પાંચ માળાઓ ફેરવવી, ન બને તો પાંચ મિનિટ છબી સામે બેસી ભજન કરવું, છબી ન હોય તો મનમાં ધારણા કરીને ભગવાનને જોતા રહેવા અને માનસ ભજન પાંચ મિનિટ કરવું, ૨૪ કલાકમાં જ્યારે વખત મળે ત્યારે ભજન કરી લેવું, દેશકાળ પ્રમાણે શુદ્ધિ અશુદ્ધિ ધર્મ પાળવા, જેના ભગવાન જબરા છે તેના ભક્તોને ઉદ્ધારવામાં સમર્થ છે. આત્મનિવેદી શરણાગતિ રાખવી, પાણી પીવું, ખાવુ તે બધુ મૂર્તિ સંભારીને મનમાંજ કરી લેવું, ભૂલવું નહીં, ઉપલું ન થાય, પરદેશ છે, અન્દરનું થાય, સ્વતંત્રતા છે, ખબરદાર રહેજો, કમાઓ, શ્રીહરિને સંભારો, નવુ વર્ષ સારૂં થાઓ. એ જ. બધાને જય સ્વામિનારાયણ. ટેપ કરી લેવી.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૭૦ **તારીખ : ૨૪-૧૦-૧૯૭૮**

મંગળવારે, કૃ.વ.આ. જન્મજયંતી

બધા સુખી રહો. સેવકો - હરિલાલ વેલજીભાઈ, પ્રભુલાલભાઈ, હેમરાજભાઈ, વૃન્દાવનભાઈ, બીજા જે હોય મળે તેને જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

તથા જે-જે હોય તે સર્વેને ભગવાન ચઢતી કળા રાખો, કમાઓ, ભજન કરો. **માનસધર્મ ભક્તિ વિગેરે પાળવાં, ધ્યાન ભજન કરવું, ખાવું,**

પીવું ત્યારે માનસપૂજનમાં જમાડવાં, ઉપલા ધર્મ તો વિઘ્નવાળા પરદેશમાં થાય, માટે દેશકાળ પ્રમાણે વરતવું, સુખી રહેવાય તેમ કરવું. ઈંગ્લેન્ડ, અમેરીકા, રશિયા, ચીન, જાપાન, જાવા, સુમાત્રા, ઓસ્ટ્રેલીયા, ભારત, આફ્રિકા, અરબસ્તાન વિગેરે દેશોમાં સત્સંગિઓ વસે છે, ભજે છે, બધા ધર્મ બધેય લાગૂ ન પડે. દેશ રીવાજ પ્રમાણે લાગૂ પડે માટે આનન્દમાં રહો સુખી રહો. એ જ. ટેપરેકર્ડ કરી લેજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૭૧ તારીખ : ૨૪-૧૦-૧૯૭૮
મંગળવારે, કૃ.વ.આ. જન્મજયંતી

ભગવાનજી રાજા જાવિયા, વલ્લભ લાલજી કુકડીયા, જીવરાજ લાલજી, ધરમશી, ડાયાલાલ તમો બધાને નવે વર્ષે ભગવાન સુખી રાખો.

દેશ પરદેશમાં ઉપલા ધર્મને વિઘ્ન હોય પણ માનસ અન્તર ધર્મને વિઘ્ન હોતાં જ નથી. માનસ પુજા, માનસ ભજન, પાંચ મિનિટ ધ્યાન, આત્મનિવેદન, ખાવું-પીવુ, તે માનસ અન્તર્યામી ભગવાનને ધરીને લેવું, ન્હાવું-ધોવું, પૂજા, ઉપલક છે તે થાય ન થાય. જેવા દેશકાળ તે પ્રમાણે વરતવું. કમાઓ, ભજન કરો, ભગવાનને સંભારો, ખુશી ખબર લખો, આનન્દમાં રહો, નાણાં થાઓ, તૃપ્તિ થઈ જાઓ, બાંધકામ થાઓ. આશીર્વાદ. ટેપરેકર્ડ કરી લેવું.

ભગવાનજીને માલમ થાય, જે તા. ૧૦-૮-૭૮ તમારો કાગળ તથા ૩ રૂ. મળ્યા, લખીશું અને સંભાળીશું. સેવા ઠીક પડશે તેમ કરશું, વાપરશું. એ જ.

- કૃ.વ.આ.ના જય શ્રીસ્વામિનારાયણ

•❀•❀•❀•

પત્ર નં.-૧૭૨ **તા. ૦૮-૧૧-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં તથા સન્ત મંડળનાં આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચશો.

ભક્ત ટપુલાલ, દ. ઉ. ધર્મેશ-ભાવેશ, ક. શા. લા. વિ. ગ. મં. બધાને આશીર્વાદ સાથે જય સ્વામિનારાયણ. સમૂહ ઉત્સવ સારો કર્યો, ભગવાન તમારી ચઢતી કળા રાખો, સ્વભાવ સત્ત્વગુણી વધે, ભજન ભક્તિ કરો, **દેહને આત્મા જુદા ગણીને વરતે તો દેહને જે કાંઈ લાગે વળગે તેનું દુઃખ આત્માને ન થાય. બધું બારોબાર ઉડી જાય, શબ્દ આકાશમાં વયો જાય, અપમાન અહંકારમાં વયું જાય, તામસ દુર્ગુણો માયામાં વયા જાય, ભક્ત જીવાત્મા તો ભગવાનને ઓથે સુખી રહે, આવા મુક્ત બનવું અને સંસારની જાત્રા પૂરી થાય તેમ આનંદથી ભક્તિ કરવી.**

જીણી બે કંઠી કવરમાં મેલી છે તે જાણશો. દુબઈના ફાળાનો કાગળ પહોંચ્યો, સારૂં થયું. રાજી.

બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.



પત્ર નં.-૧૭૩ **તારીખ : ૦૯-૧૧-૧૯૭૮**

જૂનાગઢ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવકો - માવજીભાઈ, નાનજી, વાલજીભાઈ તથા ઓધવજીભાઈ તથા જયન્તી રાઘવ પોરીયા તથા ભગવાનજી તથા દેવજી દેશમાં વંથળી છે, જૂનાગઢ આવશે, તથા શ્રીહરિ શરણાગતિ મંડળ તથા સન્લીમાં ઉચ્છવીયા ૨૦૦ નું મંડળ બધાની ચઢતી કળા હો. ફાળાનું મંડળ વધારે ચઢતીમાં હો. સુખી હો, **ભક્તોની નજર ભગવાન રાખે છે, સારાવાના હો.**

હજારનો ડ્રાફ રજીષ્ટર્ડ પંદરેક દિવસોમાં મળી જાય છે. હજુ અઠવાડીયું વાટ જોઈશું. આવશે એટલે વટાવવા આપીને તુરત જ બીજો કાગળ વાલજી કેશવજીના ૫૨૯ શિરનામે પહોંચ્યાનું કવર લખશું. સુખી રહો, ભગવાનને બહુજ રાજી કરો છો. **તીર્થમાં ભગવાન બિરાજ્યા, તેણે કેવુ ફળ નવો સોનાનો દેશ ખોળી આપ્યો અને જયન્તીના ઉચ્છવોનું ફળ બંગલા, ધન-દોલત, મોટરૂંવાળા થાશો. તમોને સુખીયા દેખીને વધારે સુખીયા થાઈ છઈ.** એ જ. બધાને જય સ્વામિનારાયણ કહેજો, ટપુલાલ મળે તો ખબર આપજો.

બધાના દિવાળી, લક્ષ્મી કાર્ડો અને કવરો દરરોજ પાંચ સાત મળે છે, આશીર્વાદો છે.

આઠ અને પાંચ બેંકમાંથી વટાવાઈને આવી ગયા છે. બે ચાર દિવસોમાં વંથળીથી હીરા પેથા અને કરશનભાઈ આવવાનાં છે. તેમને આપી દેશુ અને વંડાનું કામ ચાલૂ કરશે, તે જાણજો. બીજુ **તમોએ જન્મજયન્તીએ જબરો ફાળો કર્યો, ધન્ય છે તમોને, તમો ધામના વાસી જ છો.** બધાને જય સ્વામિનારાયણ કહેવા, રાજીપો છે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૭૪ **તારીખ : ૨૦-૧૧-૧૯૭૮**

શ્રી હરિઃ શરણં મમ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્વેતાયન વ્યાસ, અક્ષરપતિ, મુક્તપતિ, ઈશ્વરપતિ, આત્મપતિ, ભક્તપતિ, પ્રાણપતિ, પ્રિયપતિ, સર્વપતિ, ભગવાનનો જય હો. ભગવાનજી, વલ્લભ, વાલજી, ધરમશી, જીવરાજ આદિક સર્વેને પ્રગટ ભગવાન સુખ આપો, સુખી રાખો, નજર રાખો, પ્રેમની સેવા સ્વીકારો, પ્રેમભક્તિને વશ થાઓ અને ધામમાં હૈયાના હાર વ્હાલા

ભગવાન સદા કંઠલગ્ન હો. વ્હાલા ભક્ત મંડળને આશીર્વાદોથી બધું આપ્યું છે, આપશે અને ગુલાબ પાંખડીના તમામ ગુણો સમર્પિત કરશે, આથી વધારે કાંઈ નથી.

કાગળ ૧૭-૧૧-૭૮ નો મળ્યો છે. ટેપ રેકર્ડીંગ, પેટી, ઘડીયાળ લીધું તે પણ ઠીક. પાટોત્સવ લખાણ ટેપમાં ઉતાર્યું તે પણ ઠીક, ફેબ્રુઆરીમાં આવશો તે પણ ઠીક, દુબઈની જન્મજયન્તીમાં ફૂલવાડીનો ગઢ થઈ જાશે એવો ફાળો ૨૫ નો થયો તે પણ ઠીક, તમો કાંઈક મોકલશો તે પણ ઠીક, મસ્તક હરિભાઈએ ૨૮૦૦ મોકલાવ્યા હતા તે પણ ઠીક, જે જે યોગ્ય હોવા છતાં નથી કરી શક્યા તે પણ ઠીક, **ભગવાન પ્રિયપ્રાણ આત્મપતિમાં બધું સમર્પણ એ તો અતિ ઠીક, ભગવાન તો ભેગા જ છે, સૂક્ષ્મ શરીરમાં જીવમાં જોવા, સેવવા, ભક્તિ કરવી. અવિનાશી મૂર્તિને ક. હરિકૃષ્ણ પૂજે છે. અન્તર્યામી મૂર્તિને ભગવાનજી વિગેરે પૂજો છો. સંસાર સમસ્ત આનન્દઘન મૂર્તિને સેવે પૂજે છે અને ભગવાન સુખના સાગર રેલાવે છે.** એ જ.

ભગવાનની ઉદારતા છે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનન્દમય કોશમાં ભગવાન છે જ. ધાતુમય, પત્નીમય, ગર્ભમય, બાળમય અને ગુરૂમય પણ ભગવાન જ છે. વૃષ્ટિમય, કણમય, પુરૂષમય, સત્ત્વમય અને રસમય ભગવાન છે જ. બ્રહ્મલોકના વતની માનવ લોકમાં મળે અને અજાણ્યા રહી જાય તેને મોટી ખામી ક્યારેય ભાંગવાની નથી. તમારો પત્ર વાંચીને હેતથી લખેલ છે. સુખી થાઓ, ધનવાન થાઓ. સાજા નરવા રહો.

પુષ્પ પાંખડીઓ આમાં છે, ખાજો. **ઉંઘવું ત્યારે માનસીપૂજાએ મૂર્તિ ભેગી રાખવી. આનન્દનો લાભ અને દર્શન થયા જ કરે એવો ધ્યાન અભ્યાસ કરવો.**

અહીંથી બધાના જય સ્વામિનારાયણ.

સ્વામિનારાણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૭૫ **તારીખ : ૦૧-૧૨-૧૯૭૮**

જૂનાગઢ

શ્રીહરિ શરણાગતિ મંડળ તથા મોહનલાલ, તૂલસીદાસ, ટપુલાલ, મોહનભગત, રતિલાલ, અમરશી, વાલજી, નાનજી આદિ **બધા તદાત્મક આત્મનિવેદી શ્રીહરિ શરણાગતિ સેવકોને મહારાજ સુખી રાખે છે.** નવા વરસના કાર્ડ કાગળો મળી ગયા છે. દેવજી કાનજી ટેપરેકર્ડ સન્લીની બધી સાંભળી, ટપુલાલના પડકારા, આરતીના ચઢાવા, ફાળાના લખાણ, ધુન્ય, ભજન, રાસ બધુ સાંભળ્યું, ભારે આનંદ કર્યો છે. અમોને પણ ઘણો આનંદ થયો, **જેવા ભગવાન તેવા જ ભક્તો, બધા સુખી હો. કમ્પની બીજે મોકલે તો જાજો, નામ લખાવજો, કમાજો, આનંદમાં રહેજો, મૂંઝાશો નહીં, પરદેશની આભડછેટ ભગવાનના ચરણજળ પીશો એટલે શુદ્ધિ થઈ જાશે. દેશમાં અવાશે તે દિ શુદ્ધિ થઈ જાશે.** ફૂલવાડીમાં પાણા રેતી વિગેરે માલ ભેગો થવા માંડ્યો છે. સો બસો તમારી પત્નીઓ, ભક્ત મંડળ દ્વારા મોકલાવશો તે અમોને મળતા રહેશે. રાજી છીએ. ખુશી ખબર લખતા રહેજો. **પ્રગટ ભગવાન સ્વપ્ન દર્શન દે છે, સુખી છે, સાજા છે, આનંદમાં છે. તમો બધા ભજન કરજો. ભક્તો ભક્તાણીઓની પ્રાર્થનાઓ પ્રમાણે બધાની ભગવાન સંભાળ રાખે છે, સંભાળ લ્યે છે.** તમો કમાઓ ટાણું છું, માટે સારાવાના હો, એ જ.

આમાં પ્રસાદી ગુલાબ પાંખડીયો છે તે ખાજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૭૬ **તારીખ : ૦૬-૧૨-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક શાંતિલાલ પૂંજાભાઈ વાઢેર, તમારી બેબીની માંદગીમાં પ્રાર્થના પત્ર આવ્યો હતો, તુરંત જ બે શ્રીજી રક્ષાઓ મોકલાવી હતી તથા

ડોંગરેના બાળામૃતથી દૂધ પચે શરીર નિરોગી થાય તેવી દવા કરવાનું લખ્યું હતું, તેમ કર્યું પણ હશે. છતાં ઘણાને બાળકો ઉજરતાં નથી. તમારે ત્રણને આમ થયું તો હવે અફસોસ બહુ જ થાય છે. નડતરો હોવી જ જોઈએ, તે મટાડવાં મોટું નારાયણબલિ આવતા ચૈત્રે કે ભાદરવે કરાવી લેવું. બીજું કે કોઈ કુળદેવી, દેવ નડતા હોય તો તેને પણ તેનો ભોગ નૈવેદ્ય ધરી આવવા. ત્રીજુ કે રહેવાનું મકાન નડતું હોય તો તે પણ બદલી નાખવું. ચોથું કે ડાકણ નડતી હોય તો તેને આપીને રાજી કરી લેવી. પાંચમું કે બાળકના શરીરને તાવ, કળતર, શરદી, અપચો એવું કાંઈ થયું હોય તો તેની ચાકરી, સંભાળ, માવજત બરાબર તંદુરસ્તી સારી રહે તેમ કરવું. આ બધાય તમારે કરવાના છે. હવે જ્યારે બાળક થાય ત્યારે જરૂર કરવું, કમાણી તો આપી, અમારો ભાગ ઉપલા કામોમાં વાપરજો, અમારે માટે ન રાખવો. તમારે ઘેર પારણું બંધાય, બાળક જીવે, સુખી થવાય એમ કાયમ ઈચ્છીએ છીએ. તમારા પ્રારબ્ધ સારા થાઓ, પુણ્ય વધો, નડતરો મટો અને સુખી થાઓ.

સંસાર તો મરતો જ જાય છે. સારૂં થાય તેમ ભગવાન કરતા હોય છે, પણ લોકને વાસના, ધનેષ્ણા, પુત્રેષ્ણા, લોકેષ્ણા એ બધા દુઃખ દેનારા છે. અમો અમારૂં બધુ કરી ચૂક્યા અને કરી ચૂકીએ છીએ. હવે ઉપર બતાવ્યાં તે તમો તમારૂં કરી ચૂકજો. સારાવાના થાશે. લેણીયાત જન્મતા હોય તો ત્યાં કોઈની કારી ન ફાવે, ખર્ચ કરાવે, હેરાન કરાવે, જીંદગી કઢાવે, ધન ખર્ચાવે અને અંતે ન રહે. આવો લેણીયાત સંસાર તમારો દેખાય છે. કમાઓ-દાન પુણ્ય કરતા રહો. બધુંય સારૂં થાશે. આ ઉપદેશ વારંવાર વાંચવો. તો સુખી રહેવાય સમજદારને સમઝાય, બીજાને તો દુઃખ જ થાય, સર્વેના પ્રારબ્ધ સર્વેને ભોગવવાના હોય છે. ભગવાન મળે એટલે બધુ પ્રારબ્ધ સારૂં થાય પણ નુકશાન દેખાય એટલે જગતના જીવને મહિમા ન રહે. સમઝાય નહિં, કાંતો સત્સંગ મેલી દે, કાંતો ભક્તિ, ઉપાસના, ભાવના મેલી દે.

ભક્તોના બેલી ભગવાન છે જ, પણ પૂર્વેના કર્યા ખૂટે જ નહીં એટલા બધાં સાગર ભર્યા હોય તેનું શું કરવું ? ભગવાન ભજાય તો પ્રારબ્ધ સારા થાય, ભજવાનો દાખડો કરવો તો જોઈએ. ઘરવાળીને કહેવું, લખવું, પ્રભુ લેખે વધારે સત્સંગ કરે, જેથી દુઃખ મટે, શાન્તિ થાય, સારૂં સૂઝે, સારો વિચાર આવે, સારાવાના સમઝાય, માળા ભજન કરશે તો છેવટે સારાવાના દેખાશે. એક ઘેલા ભગતને દસ દિકરા ઉપરા ઉપર મરી ગયા, પછી ત્રણ થયા તે જીવે છે. ભક્તિ ફળી એમ ફળે. પાંડવોને પાંચેય કપાય ગયા, ચિત્રકેતુને એક હતો તે મરી ગયો, વશિષ્ટના એકસો એક મરી ગયા, સગર રાજાના સાઠ હજાર મરી ગયા, વિચારશીલ થાવું, ભજન કરજો. તમારો કાગળ અને તમારા ઘરનો કાગળ વાંચી અફસોસ ઘણો થયો, માટે આટલું વધારે લખ્યું છે. હાય હોય ન કરવી, એ જ. આમા ગુલાબ પાંખડી નાખ્યા છે, ખાજો.

- કૃ.વ.આ.ના જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ.
સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૭૭ તારીખ : ૦૯-૧૨-૧૯૭૮

પ્રગટ પ્રતાપને કોઈ પહોંચતૂં નથી.

સેવક તૂલસી મનજી મકવાણા તથા શ્રીહરિ શરણાગતિ મંડળ બધા સુખી રહો, ભજન વધારે કરવું. કલ્પના ખોટા વિચાર ન કરવા, ભજન વડે કલ્યાણ થાય, બધા જીવો પાપમાં જ છે, પાપ ભજનથી બળે, સમઝણથી ભગવાન સંત રાખવા, ગઈ ગૂંજરી જીંદગીના અફસોસ ન કરવા, ગયા દિવસો કામકાજો સંભારે તે સુખી ન થાય, પૃથ્વીના મેલને વરસો-વરસ વરસાદ ધોવે છે, માણસ રોજ મેલને ધોવે છે, જૂના ઉકરડાને ખેડુતો કાઢે છે, જૂના વિચારોને પ્રજા તજે છે, જૂના રીતરીવાજોને સમાજ તજે છે, જૂના આચરણને

સંતો તજે છે, જૂની લૂંટને બારવટીયા તજે છે, જૂના દેવીધર્મને માર્ગીધર્મને, માતાધર્મને, લિંગધર્મને, કુરીતિને સારા સંસ્કારી જ્ઞાનીઓ તજે છે, કાદવીયા પગને બધા ધોવે છે, કુસંગને સત્સંગી તજે છે, ભટકતાં થએલી ભૂલોને શરણાગતો તજે છે, જુવાનીના અનાચારને વૃદ્ધો તજે છે, સૂર્ય ચંદ્ર ઘરણને તજે છે, સાચા જ્ઞાનીઓ અજ્ઞાનને તજે છે, ભગવાન મળે ત્યારે સંસારને તજે છે, એમ ભગવાનમાં ભળવું, સંસારને તજવો. ઊંઘ લીધા પછી સવારે સારૂં હો એમ ઈચ્છાય, નરસું તો ગયે દિવસે ભાગી ગયું એમ હિમ્મતમાં આવી જવાય. બધી દુનિયાના માનવોને જીવનમાં કોક દી ભગવાન મળે છે, કાંઈ જન્મથી જ ભગવાન બીજા બાળક થઈને ભેગા જન્મતા નથી, પછીથી શુદ્ધિ થાય છે, અશુદ્ધિ તજાય છે, ભક્ત થાય ત્યારે અભાવ, નિન્દા, કુદ્રષ્ટિ, દોષ, કાળી મેલી નજર, અનાચરણ તજાય છે.

તમો આ પત્ર વાંચીને ટેપ કરી લેજો, મોક્ષ સુધારવા માટે ખૂબ ઉપયોગી થાશે. પાયખાનામાં પડી ગયો તે નાહી ધોઈને શુદ્ધ થાય, મેલો ન રહેવાય. એમ ભક્તિ દિવ્યભાવ, ભજન, સેવા વિગેરે વડે કલ્યાણ સાધી લેવું. કુબ્જાએ, પિંગળાએ, જોબનપગીએ, મુંજાસુરૂએ કલ્યાણ સાધ્યાં. જીવ ભગવાનને સોંપ્યા. મૂરખ માણસ પણ તરી જાય અને દુનિયાનો ડાહ્યો ડહાપણમાંને ડહાપણમાં ડૂબી જાય. તન-મન-ધન ભગવાનનું છે, ભગવાને ભક્તને આપ્યા છે, ભક્ત તેને સાંચવે, ભગવાનને સેવે, ભજન કરે, જપ, તપ, વ્રત, ભજન વડે નિર્મલ થાય. ભક્તિ વડે, સેવા વડે ધામમાં જવાય. આ બાબત કરજો. એ જ. જેને ઘૂંચ ઉખેળતા ન આવડે તે કોઈ દિવસ ઉખળે જ નહિં, ફાંસામાં જ મરે અને ઘોર સંસાર કાદવમાં પડે માટે, ભગવાનનો કેફ રાખવો, ભજન કરવું, શ્રીહરિ શરણાગતિ મંડળને માટે આ ઉપદેશ છે. એ જ. જય સ્વામિનારાયણ.

ગુબાલ પાંખડી પ્રસાદી ખાજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૭૮ **તારીખ : ૩૧-૧૨-૧૯૭૮**

જૂનાગઢ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક રામજી તથા દસ જણા બધા ભક્તો સુખી રહો. નરસી મકન ટાંક બાપાને આશીર્વાદ કાગળ લખ્યા છે. તમારા સારા સમાચાર આપ્યાં છે.

આ ગુલાબ પાંખડી પ્રસાદી છે, ખાજો.

તમારો આનન્દનો કાગળ મળ્યો. **ભજન કરો, કમાઓ, પ્રગટને ભજો, શ્રીહરિ રક્ષા કરો, પ્રાણપતિ રક્ષા કર્યા કરે, સાંચવે, સુખ આપે, અન્તઃકરણ ઈન્દ્રિયો તો કબજે રાખવા, સુખી રહેવાય.** બધાને જય સ્વામિનારાયણ કહેજો. મુંઝાવું નહિં, કામે જાવું, એક ખૂટે તો બીજું મળે એમ અરજી કર્યા કરવી, ચાલૂ રહે તે સારૂં. દેશમાં આવવાનો દોડ ન કરવો. એમ કરતા કમ્પની મોકલી જ આપે તો ભગવાનની મરજી સમઝીને આવતું રહેવું, વળી બીજા દેશમાં જવાશે, એ જ. બધાને જય સ્વામિનારાયણ.

ભગવાન દેશમાં બધાની સંભાળ રાખે છે, ફિકર ન કરવી. એ જ.

જામવંથળી, ફૂલવાડી ગઢનું કામ ચાલૂ છે, એવા સમાચાર છે.

સાઉદિયાથી હરિલાલ વેલજી, ભગવાનજી રાજા, પરશોતમ તુલશી, કેશવજી વસ્તા, વેલજી રવજી, બધાના કાગળો હમણા આવ્યા છે. બધા રાજકુમારો જેવા લ્હેરમાં છે, એ જ.



પત્ર નં.-૧૭૯ **તારીખ : ૩૧-૧૨-૧૯૭૮**

જૂનાગઢ.

સેવક જયન્તીલાલ, ભાઈઓ, માતા-પિતા, કુટુમ્બને હેતના કૃપા ભર્યા આશીર્વાદ. સુખી રહો, તમારૂં ધાર્યું કામ સારી રીતે થાઓ. **ભગવાનને સંભારવા, ભગવાન તમારૂં કામ પાર પાડશે. ઉત્સાહ રાખજો, માવતરને રાજી કરતા રહેજો, ભાઈઓનો સંપ રાખશો, નાના મોટા કહે તેમ કરજો.**

અમારા આશીર્વાદ છે બહુજ સુખી થાશો, ઘણું જ કમાશો, કીર્તિ થાશે. બધાને જય સ્વામીનારાયણ કહેશો.

વિવાહ કરી લેવા. હવે સમય ગણાય, પછી કમાવા જજો.

પ્રગટ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય સ્વામિનારાયણ વાંચજો. આશીર્વાદ, ગુલાબ પાંખડીઓ પ્રસાદી છે તે ખાજો.

-સ્વામિનારાણયમંદિર, ભંડારને મેડે
જૂનાગઢ.

પત્ર નં.-૧૮૦ **તારીખ : ૫-૧-૧૯૭૯**

જૂનાગઢથી જય સ્વામિનારાયણ વાંચવા.

દ. ધર્મેશ, ભાવેશ, ઉમા બધાં સુખી રહો.

દયાળજી ભગત સાથે ૫૧, મળી ગયા હતા. દેવરાજ ડાયા હથુ - ૧૦૧, પણ મળી ગયા છે.

દુબઈવાળાની ભગવાન રક્ષા કરે છે, ચિન્તા ન કરવી, તબીયત સારી છે. સેવા, પૂજા, થાળ, શણગાર, ફૂલહાર, સુગન્ધ ભગવાનને અર્પણ કરવા. ભગવાન બધું દેખે છે.

નિયમ સામે બેસીને પાંચ માળાઓ ફેરવવી, થાળ ધરીને જમવું, પીવું, સાંચવવા, ટાઢ ન લાગે તેમ સાંચવવા, નહિં તો ટાઢય લાગે માંદા પડી જાય, આંખો મીંચીને ધ્યાન કરવું, પછી દેખાયા કરશે. બહુ મોટાં ભાગ્ય માનવા.

ભગવાનના જય શ્રીસ્વામિનારાયણ. આમાં ફુલ પાંખડી પાંચ છે, ખાજો.

પત્ર નં.-૧૮૧ તારીખ : ૦૯-૦૧-૧૯૭૯

ભગવાનની પ્યારી પત્ની પતિદેવ માટે શું શું ન કરે, બધું ફનામકા કરી દે, બધું ભગવાન માટે જ ભગવતીનું જીવન હોય છે. ભગવાન તો

વિશ્વંભર છે, ભગવાનને સમુદ્ધિનો પાર નથી, લક્ષ્મીજી હૃદયમાં રહ્યા છે, આખી મૂર્તિમા લક્ષ્મીજી કોઈને કોઈ રૂપે વસ્યા જ છે, પત્ર મળ્યો ધૂંસો ગલગલિયા કરે તેવો લાવવા ઉત્સાહ જણાવ્યો, રસ્તે તકલીફ ન પડે જાજો જકાત દંડ ન પડે તો લાવવો નહિ તો ભગવાન પોતે જ ગલગલિયાં કરે તેવા છે તે ભગવાનને લઈને ધૂંસો ગલગલિયા કરે, દુનિયા આખી ભગવાનના, ભગવતીના ચિન્હોમાં ગલગલિયા કરતી હોય છે, ગુલાબ પાંખડી પ્રસાદીની મોકલી છે ખાજો, ભજન કરજો, સાજા નરવા રહો, સુખી હો, આશીર્વાદ. હમણા રૂપિયા ભેગા કરો, હરિકૃષ્ણ વિગેરેને આનન્દ થાય. એ જ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૮૨ **તારીખ : ૧૪-૦૧-૧૯૭૯**

સંક્રાન્તિ

ઓં શ્રી હરિઃ શરણં મમ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

દાન, પુણ્ય, ભજન, ભક્તિ આનન્દમાં બધા ભક્તો વરતો, સુખી હો. સેવક વિસરામ ભીમજીભાઈ તથા ટપુલાલભાઈ બન્ને મોહન ભગત, રતિલાલ હંસરાજ, રતિલાલ લાલજી, દયાળજી ભગત, કાનજી ભગત, પોપટ ભગત, વાલજી ભગત, તુલસી ભગત, મુળજી ભગત, રામજી ભગત, ઓધવજી ભગત, નાનજી ભગત, ધીજલાલ વિગેરે વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્તોને ભગવાન સુખી રાખો.

દુબઈથી - ભક્તો છૂટા છવાયા ઓછા થવા લાગ્યા છે, કાગળો આવતા મોળા પડી ગયા છે. બીજે બીજે ઠેકાણે કમ્પનીઓમાં અરજી વડે જવાય તો પણ કમાણી ચાલૂ રહે તેમ કરજો. **મુંઝાવું નહિ, ભગવાનનું ધાર્યું થાય છે. ભક્તોએ મહેનત, અરજી, પ્રાર્થના, ઉદ્યમ કરવો, ફળ સારૂં આવે.**

દિવાળીના કાગળો મળ્યા, અમોએ ઘણાં લખ્યા, આશીર્વાદો લખ્યા, મળ્યા તો હોય પણ પોષ્ટના વિભાગોમાં દિવાળી ઉપર અબ્જો કાગળો હોય છે, તે ગેરવલ્લે જાય છે. ગઈકાલે એક પોસ્ટકાર્ડ રખડતું નવું કાગળીયું ચોડીને અમારે શિરનામે પાછું આવ્યું. લંડનથી લીસ્ટરથી તમારા જંગલોમાંથી કાગળીયા ત્રણ મહીને પાછા આવે છે માટે અફસોસ ન કરવો, બે ત્રણ ડ્રાફો પણ ગૂમ થયા, લાંબે કાળે તેની તપાસ કે કાંઈ નથી ચાલતું, આશીર્વાદો બધાના પત્રો આવે તેને લખીએ છીએ, ભજન કરવું, **પરદેશ ગયા પછી બાળ બચ્ચાંઓ પણ અધીરા થતાં જણાય, તેમને પણ ભગવાન રક્ષા કર્યા કરે છે.**

આજે શનિવારે દુબઈથી કાનજી મૂળજી, પોપટભાઈના પત્રો આવ્યા તથા રતિલાલ લાલજીનો પત્ર આવ્યો તથા વેલજી રવજી, ભગવાનજી રાજાના પત્રો આવ્યા અને તેમના ઘરના પણ પત્રો આવ્યા. **બધા પ્રગટ ભગવાનના બળ વડે સુખી છે. કમાવાનો અવસર છે, કમાઓ,** પછી સારા ભર્યા વખત ન રહે, ભજન કરવું, વિસરામભાઈ શરણાગતિ મંડળની ભક્તિ વડે અમો ઘણાં રાજી છીએ. તમારી સ્થિતિ સવિકલ્પમાંથી નિર્વિકલ્પ થઈ તે પણ રાજી થવા જેવું છે. કરજ-દેવું ભરાઈ જાશે. બધી ક્રિયામાં મૂર્તિ દેખ્યા કરવી પણ માનવ સાથે રહેવાય એમ રહેવું, વિઘન નહિં નડે, **ભક્તો સાથે ભગવાન છે જ, ક્યાંઈ વાંકમાં ન આવવું, પરદેશમાં સાવચેત બચીને રહેવું, હવે એક નવું પુસ્તક 'અભિનન્દન' તૈયાર થયું છે. દેશમાં ૫૧ ભક્તોએ મેળવ્યું છે અને વધારે ચાલુ જ છે,** તમારો કાગળ બે ત્રણ વાર વાંચીને વાંચતા વાંચતા જવાબો લખ્યા છે, આખા કાગળના જવાબ આશીર્વાદ આમાં છે, ગુલાબ પાંખડીઓ પ્રસાદી મોકલી છે, ખાજો.

જે ૫૦ ઠેકાણે પુસ્તક પહોંચેલ છે તે નામો આ કાગળમાં અર્ધા કટકામાં લખ્યા છે, દેશમાં ૧ ની ૧૦૧ કિંમત રાખી છે, પરદેશમાં ૧૫૦ રાખવી પડે તેમ છે, પોસ્ટ ટીકીટ અને કાંઈક વધીયાણ એમ વિચારીને તેમ કરવું છે.

આવતે સોમવારે એક પુસ્તક પહેલું-પહેલું દુબઈ કાનજી મૂળજી સોજીત્રા તીર્થના ભગત ઉપર મોકલવું છે, તેની પાસેથી બધાને જોવા મળશે. મંગાવવું હશે તે મંગાવશે, વાંચશે.

આ પત્રમાં પ્રસાદી ગુલાબ પાંખડીઓ મોકલી છે તે ખાજો. ૧ અભિનન્દન બુકપોસ્ટથી મોકલશું, નારણ લાલજીભાઈ વિગેરેને કચ્છી ભક્તોને જય સ્વામિનારાયણ કહેશો. બધાને શ્રીહરિ શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેવા.



પત્ર નં.-૧૮૩ **તારીખ : ૧૮-૦૧-૧૯૭૯**

જૂનાગઢ ધામ ધામી શ્રીહરિની જય હો.

સેવક હરિલાલ વેલજીભાઈ તથા ત્યાં તમારી સાથે જે શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્તો હોય તે સર્વેને શ્રીજી મહારાજ સુખી રાખો. ભગવાનની જૈ થાઓ. પ્રભુલાલભાઈ, હેમરાજભાઈ, વૃન્દાવનભાઈ તથા જે જે રોજ રોજ સત્સંગમાં તમોને ભેળા ક્યારેક પણ મળતા હોય તેવા હેતસ્વી માટે ૧ અભિનન્દન ગ્રન્થ આ જે તમારે શિરનામે રવાના કરેલ છે, બુક પોસ્ટ કરેલ છે, કાંઈ પોસ્ટને ભરવું નહિ, જેને જોઈએ તેને આપી દેજો. તમારે ઘરે મુમ્બઈ તો છે જ, કિમ્મત ૨૦ છાપેલ છે તે કેન્સલ છે, કોઈ લ્યે તો પરદેશમાં સેવા માટે બદલામાં ૧૫૦ લેવાય, ન લ્યે તો હેતથી આપી દેવાય.

તમો તો મહિને જે ખાસ સેવા નક્કી કરી રાખેલ છે, કરો છો. તન, મન, ધન ભગવાનનાં છે જેથી રાજીપાનો કોઈ પાર નથી. તમોને તો જેટલું કાંઈ રાજીપાનું આપીએ તે ઓછું જ છે. જેટલા પુસ્તક મંગાવો તેટલા મોકલીએ. શ્રીહરિ શરણાગતિ માટે જ શ્રીહરિ શરણાગતિ મંડળે છપાવેલ છે, તે બધું તે ગ્રન્થમાં આદિ અન્ત જોવાથી જણાશે અને તમારી સેવા ખૂબ ખૂબ જ કામ આવે છે, સંભારી સંભારીને આશીર્વાદો આપીએ છીએ. સુખ, સમ્પત, સાજા નરવા, બંગલા, બાગ બગીચા, યશ આબરૂ, બાળ બચ્ચાં બધી રીતે સુખી થતા જાઓ.

ભગવાન ભારે રાજી થયા છે, બધા સેવકોને કમાતા કરી દીધા છે. કેટલાક લોભી, કમાઉ સમઝણથી વાપરતા નથી, કેટલાક એમ ધારે છે જે દેશમાં જઈને હાથોહાથ રૂબરૂ દર્શન સેવા કરશું, પણ દેશમાં આવે ત્યાં તો ખોટે પટાણે ખરપાઈ જાય પછી કંજૂસવૃત્તિથી વાપરતા નથી, આવું આ વરસમાં ઘણું જોવાય છે, કેટલાક ને લાભ જ દેખાતો નથી. ભગવાન સારૂં કરો, ઝાઝા જાજા માગણ હોય તે નડ્યા કરે તેથી કમાઉ દિકરાઓ લ્હેરમાં રહી શકતા નથી. ભગવાન ભજવા, કમાઉ વાપરવું, તેને ખૂટતું જ નથી. એ જ.

બુક પોસ્ટ પુસ્તક મળ્યાના તારીખ ખબર અમોને લખવા એટલે ચિન્તા ન થાય. એ જ.

જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે.

•❀•❀•❀•

પત્ર નં.-૧૮૪ **તારીખ : ૨૧-૦૧-૧૯૭૯**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજનાં આશીર્વાદો વાંચજો. જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સારજાહ - છગનલાલ ડાયાભાઈ, આશીર્વાદ. કામકાજ ખોળવા, રજા લઈને બીજે જાવું, વાંકમાં ન અવાય, ભગવાન તમોને બીજી કમ્પનીમાં મોકલે એવી ઈચ્છા સફળ થાય. વશરામ આવશે ત્યારે સમાચાર પૂછીશું. ફૂલ પાંખડી આમાં છે તે ખાજો. **મીઠી દ્રષ્ટિ છે, દર્શન થાય તેમ સૂતી વખતે ભજન કરતા કરતા સંભારતાં સૂઈ જવું.**

છગન તારે માટે એક 'અભિનન્દન' પુસ્તક ૨૫ રૂપિયાની ટીકીટો ચોડીને તેવી છાપ મારીને તારા નામે બુક પોસ્ટ કરૂં છું, તારે એક બે પાના વાંચીને સુવું. શાન્તિ રહેશે.

કિમ્મત ૨૦ છાપ્યા છે તે ખોટા છે, પરદેશમાં ૧૫૦ કિમ્મત રખાવી છે જે સાહિત્યમાં સેવા કામ આવે, તારે તેટલી સગવડ થાય તે દી સેવા મોકલવી. ભૂલચૂક માફ છે, વ્હાલો સેવક છો માટે હિમ્મતમાં રહેજો, ખુશીખબર લખજો.

પુસ્તક તમારે શિરનામે બુક પોસ્ટ સોમવારે ૨૨ તારીખે રવાના કરશું. તમારે પોસ્ટમાં કાંઈ ભરવાનું નથી. પુસ્તક મળે એટલે પહોંચ્યાના ખબર લખવા. એ જ..

તમારા કુટુંબનો ખ્યાલ, દયા, કૃપા, સંભાળ રાખશું. એ જ...

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૮૫ **તારીખ : ૦૨-૦૨-૧૯૭૯**

જૂનાગઢ.

અખિલ ભુવનોના ધામોના ધામી પ્રભુજીને નમો નમઃ।

પત્ર વાંચી પડખામાં છો એવો આનન્દ થયો. ભલે આવ્યા, સુખે આવજો, છગન ભગત પાંસેથી દસ ચરણકમળો લેતા આવજો. અમોને પોતામાં પ્રવેશ રાખીને ખૂબ ભક્તિ વડે ભગવાનનું સુખ ક. ને આપજો. હરિકૃષ્ણ નલીની વિગેરેને અમારા આશીર્વાદ કહેજો.

આમાં પ્રસાદી ગુલાબ પાંખડી છે, ખાજો. **ભગવાનમાં ભગવાન છે જ, ભક્તિ કરે તે અક્ષરધામનું સુખ મેળવે.** સુખી રહો. બધા સાજા નરવા રહો. મંડળ ગામડે ફરવા ગયા છે. એ જ.

- કૃ.વ.આ. ના જય સ્વામિનારાયણ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનગાઢ, સૌરાષ્ટ્ર.

•❀•❀•❀•

પત્ર નં.-૧૮૬ **તારીખ : ૦૨-૦૨-૧૯૭૯**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં વ્હાલા સેવક હરિલાલને ઘણા આશીર્વાદો, જય સ્વામિનારાયણ. **ખૂબ કમાઓ, પુણ્ય કમાઓ, પ્રસન્નતા કમાઓ, સેવા કમાઓ, સ્નેહ કમાઓ, ધન કમાઓ, અક્ષરધામમાં ભગવાનનાં ચરણોમાં સો વર્ષ જીવન સુખી ગાળીને નિવાસ કમાઓ.**

ગુલાબ પાંખડી પ્રસાદી જમજો, સંભારજો, આનન્દમાં રહેજો. ૧૦૦૦ નો ડ્રાફ્ટ આજે મળી ગયો છે, એકાદ મહીના પછી બેંકમાં વટાવશું. સ્વયંપ્રકાશ કોઠારી ગામડે ગયા છે, આવશે ત્યારે તેના ખાતામાં જમા કરાશે.

પુસ્તક દરરોજ થોડું થોડું વાંચજો, એકવાર પૂરૂ વાંચી લેવું, ત્યારબાદ બીજું તેથી મોટું તૈયાર થાય છે, બસ્સો પેજ છપાયાં છે, તમારી મદદ સારી મળવા લાગી. ભગવાનજી રાજા જામવંથળી આવ્યા છે, ટપુલાલ કાનજી ચાવડા આવ્યા છે, હવે દર્શને આવશે, બહુ આનન્દ થાશે, તમોને સંભારશું, ખુશી ખબર લખતા રહેજો. ત્યાં સાથે હોય તેમને જય સ્વામિનારાયણ કહેશો.

પ્રભુલાલ, હેમરાજભાઈ, વૃન્દાવનભાઈ સર્વેને આશીર્વાદ. જય સ્વામિનારાયણ, જય શ્રીકૃષ્ણનારાયણ.

આ ભગવાનનો આનન્દ અનહદ છે, લેતા આવડે છે તે લ્યે છે, લઈ રહ્યા છે, સુખિયા થયા છે. ભગવાને ધન, ધાન્ય, ધરા, ધર્મ, ધીરજ, ધ્યાન, ધરવ બધુ આપ્યું છે. સુખી રહેવું, રાજી છીએ. વણથળી સીમેન્ટ ન મળવાથી કામ રોકાણું છે, એવા ખબર છે. ખાસ જરૂરત હોય તો કાગળ લખવો.

પ્રિય પ્રાણનાથ શ્રી કૃ.વ.આ.ના આશિષ. જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ વાંચવા.

- સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ભારત.

પત્ર નં.-૧૮૭ **તારીખ : ૨૧-૦૨-૧૯૭૯**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાજે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

મોહન ભગત, હરિલાલ, હસમુખ, ભરત, કું., લલિતા બધાને ભગવાન સુખી રાખો. ભજન કરજો, ભગવાનને સંભારજો, આનંદમાં રહેજો, સાજા નરવા રહો, પૂજા કરતા રહેજો, થાળ ધરજો, સુખી થાશો, આંટો ફેરો આળસથી થતો નથી, દર્શન તો થયા કરે પણ કાયમ તો બધાને ઈચ્છા હોય જ છતાં ભગવાન કાંઈક ઓછું કરે છે, તાજું તો **ભગત ખરા હોય તે ટકે, ખરા ન હોય તે નબળા પડી જાય. ભગવાનમાં સ્વારથ ન હોય તો દ્રઢ થાય, બીજાં તો મેલી દે. તમારે તો ભજતા જ રહેવા, મૂરતિ સાક્ષાત છે જ. રોટલા શાક જમાડવા, પાણી પાવા, હાથ જોડવા.**

દયાળજી ભાઈ સાથે ૨૦ આવ્યા હતા મળ્યા છે. ભરત તોફાન નહિં કરે, નાસીક નહિં આવીએ, કીર્તન હૈયે રેશે, અંગ્રેજી આવડશે, આરતી કરવી, નિયમ આવડે તો બોલવાં, રાજી, ખુશી ખબર લખતા રહેવા, સરનામું બરાબર લખવું, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, મોહનલાલ રતનશીને અત્યારે જ કાગળ લખી મોકલ્યો છે, એ જ.

ફૂગેવાડીમાં સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિ શરણાગતિ મંડળને આશીર્વાદ.

કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૮૮ **તારીખ : ૨૫-૦૨-૧૯૭૯**

રવિવાર

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

આ પત્રમાં પ્રસાદી ગુલાબ પાંખડીઓ છે, ખાજો.

બહેરીન હરિલાલભાઈ, પ્રભુલાલભાઈ, હેમરાજભાઈ, વૃન્દાવનભાઈ આદિને ભગવાન સુખી રાખો. **ભજન કરવું, કમાવું, વાપરવું, પરલોકનું સાધન કરતા રહેવું.**

કાંદીવલી પત્ર લખતા રહેશું. સુખી થાશે સંભારશે, હેમરાજભાઈને દુબઈમાં ગામમાં હેરકટીંગ નાખવું હોય તો બહુ જ સારૂં ચાલશે, નખાવજો, આશીર્વાદ દેજો, ગુલાબ પાંખડીઓ આપજો, દુકાન સારી ચાલશે, આશીર્વાદ છે. મકાનો પણ સુખદાયી થાશે, **અમારા જય શ્રીકૃષ્ણનારાયણ કહેવા.**

- કૃ.વ.આ.નાં આશીર્વાદ

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૮૯ **તારીખ : ૧૦-૦૩-૧૯૭૯**

શ્રીહરિઃ શરણં મમ

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને ભજો, સેવો, આનન્દ લેતો રહેવો, સુખ માનવું, જાજા ભજે તેને દર્શન ભગવાનનાં થાય જ. હેતની વાત જુદી જ છે, ભજવા ધ્યાન કરવું, જમાડવા, ભેગા રાખવા, ભક્તનો ધર્મ છે, સુખી રહેવાય. હરિકૃષ્ણ, નલિની, ભગવાનજી બધાને જય સ્વામિનારાયણ. અમારા ભગતનો કાગળ આવી ગયો છે, સુખી છે. કુટુમ્બ પર કૃપા રાખવા ભલામણ છે. એ જ. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

પગાર વધ્યો, ચાર્જમેન થયા. હજું ઊંચે દરજે ચઢશે. **તન-મન-ધન વડે સેવક થાય તેને અથાગ ફળ મળે.** એ જ. હજુ મળશે. ફૂલવાડીને સિમેન્ટ મળી તેથી કામ ચાલૂ થાશે, સારૂં થયું.

•❀•❀•❀•

પત્ર નં.-૧૯૦ તારીખ : ૧૯-૦૩-૧૯૭૯

શ્રી હરિઃ શરણં મમ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણસ્વામિને નમો નમઃ।

સેવકો - દુબઈ દયાળજીભાઈ, બંને મોહનભગત, બંને રતિલાલ ભગત, અમરશી ભગત, તુલસીદાસ ભગત, ધીરજલાલ ભગત, કાનજી ભગત, બંને રામજી ભગત, ચિમનલાલ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ, ટપુલાલ ભગત આદિકને પ્રગટ ભગવાન સુખી રાખો.

ધામના ધણીએ ધાર્યું હોય તેમ થાય. સારૂં થયું તમોએ ઘણા કામો કર્યા, કરો છો, કરશો. શ્રીહરિ શરણાગતિ મંડળો, કુટુંબ પરીવારો, સેવકો વધારે વધારે સુખી રહો, અક્ષરધામના સુખ લ્યો, દિવ્ય સમઝણ રાખો. માયા મોહ ટાળી નાખ્યો છે. ધામની લીલાઓ સંભારવી. પૃથિવી, જળ, તેજ, વાયુ તે ધામના મુક્તો ગણીને સેવવાં. ઘરબાર, કુટુમ્બ, પરીવાર, મુક્તો, દિવ્યમૂર્તિઓ છે એમ સમઝવા, ધામમાં સર્વે સેવાઓ છે તે કરવી. નિર્લેપ રહેવું. શ્રીહરિને ભજવા.

સાચા મુક્તપતિ, ભક્તપતિ, બ્રહ્મપતિ, આત્મપતિ, દેહપતિ, મિલ્કતપતિ, પ્રાણપતિ, સર્વે તત્ત્વોના પતિ, શક્તિપતિ, માયાપતિ, માનવપતિ, મૂર્તિમાન તે જ અક્ષરપતિ, લક્ષ્મીપતિ, ભક્તિ ધર્મના આશ્રય એવા તે ભગવાન આપણને મળ્યા છે. પ્રગટ પ્રમાણ સેવવા રાજી કરવા. મૂર્તિઓમાં, સન્તોમાં, ભક્તોમાં, એકાન્તિકોમાં તે ભગવાન રહ્યા છે. આપણને સુખ દેવા આપણા જેવા વરતે છે. બાળક સાથે બાળક, યુવાન સાથે યુવાન, વૃદ્ધ સાથે વૃદ્ધ, નર-નારી સાથે નારી નર, ચમત્કારી ભગવાન ભક્તને માટે જ વરતે છે. શાસ્ત્રો ઓળખાવે છે, ભગવાન હોય છે, તેની ઓળખાણ આ જીવને થાય તો આને આ જન્મે સેવી રાજીપો લઈ, ભક્તિ વડે અક્ષરધામમાં જાય.

પોતાને મળ્યા એવા જ પ્રત્યક્ષ ભગવાન તેનું ધ્યાન, ભજન, સેવન કરવું. મોહ, માન, વિલાસ, આનંદ, ઉત્સવ, રમણ ભગવાનમાં દિવ્ય ગુણ થઈ જાય છે. માયા અમાયા થઈ જાય છે. ઈન્દ્રિયો, અન્તઃકરણ વિષય દિવ્ય મોક્ષ દેનારા થાય છે, જે વડે ભગવાન રાજી થાય તે મોક્ષપ્રદ થાય છે. બધું તેનું છે, જીવોને સુખી થવા આપ્યું છે. જીવ શરણાગત થઈને બધું ભગવાનને સમર્પે તે ધામના અધિકારી છે, અને આંહી અને ધામમાં પ્રગટ પ્રત્યક્ષ પ્રભુજીના ચરણોના શરણમાં રહેવું અને કરૂપો સ્વરૂપો વડે તે સર્વપતિ એવા વ્હાલા નાથને સેવવા છે. આંહી અધુરૂં રહે તો ત્યાં પૂરૂં કરવા ભગવાન બંધાયા છે. હજારો સ્વરૂપે રમે છે, ભક્તો હજારો સ્વરૂપે સેવે છે.

જેણે અતિ સુખ તલ્લીનતા થાય, રસબસ થવાય 'વન્દુ સહજાનન્દ રસરૂપ અનુપમ સાર' લેવાય, 'વ્હાલા તારૂં જોબન જોવા કાજ ચિત્ત ચરણે ભમે રે લોલ', 'આવો વ્હાલા પ્રેમ સખીના નાથ રહો ઉરમાં રમી રે લોલ', 'સાંભળ સૈયર રે લીલા નટનાગરની, સૂણતાં સુખડું રે, આપે સુખ સાગરની, 'પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા ગીધ, ગણિકા કપિ વૃન્દ કોટિ, વ્રજતણીનાર્ય વ્યભિચાર ભાવે તરી.' પાંચસો તરી ગયા અને લાખો તરતા જાય છે. આશરો એક તુમ્હારો ભગવાન આશરો તોહારો. ગરૂડગામી, વિમાનગામી, પગપાળા વનવાસી, ભક્ત નિવાસી, કાશીવાસી, કમળાવાસી, કુંકુંમવાસી, શરણવાસી, મંડળવાસી, સંત યુગલ વાસી, સર્વત્ર વ્યાપી એકદેશી, સૂર્યચંદ્ર પ્રકાશી, મહીધર, ભૂઆધાર, સર્વ અસમર્થ, સમર્થ ભગવાનમાં બધી કળાઓ છે તે સંભારવી, બધા સુખી હો. ફૂલવાડી સીમેન્ટ ૧૫૦ થેલી આવેલ છે. કામ ફાગણ વદ બીજથી ચાલૂ છે. સુખી છે, આનન્દમાં છે.

ભગવાનની આજ્ઞા તે ધર્મ અને સેવા તે ઉપાસના. રાજીપણું તે ધારણા, ધ્યાન, સમાધિ. ભેગા રાખવા તે અક્ષરધામની સ્થિતિ, આ બધા કેફ રાખવા. લૌકીક રીવાજો ભગવાનમાં અલૌકીક થઈ જાય છે. કામ નિષ્કામ

બન્ને સેવા નિર્ગુણ છે. ભગવાનને કામ આવે તે બધું દિવ્ય નિર્ગુણ છે, આત્મનિવેદી રહેવું, વિકારોને ભગવાનમાં અર્પવા અને નિર્વિકારી થવું. સાકરના રસનું નાળીયેર, સાકર ભગવાનની મૂર્તિ, નખ શિખા પર્યન્ત સાકર, જેમાં ભાગ ત્યાગનો માર્ગ નથી, ભગવાનની મૂર્તિના એક ઠેકાણે બધી ઈન્દ્રિયોનાં, વિષયોનાં સુખ દિવ્ય આનંદ મળે છે, મૂર્તિ સેવવી, ફરી જન્મ ન લેવો પડે, ભગવાન અભડાતા નથી. જમાડવા, રમાડવા, લાડ લડાવવા.

પ્રસાદી ગુલાબ ફૂલ પાંખડી ખાજો. આનંદ કરજો, સુખી રહો, ખુશી સમાચાર લખવા, ભગવાન બધું ભાળે છે, ભગતની ભૂલ નડે, ભગતની ભૂલ ક્યારેક લોક રીતે ભગવાનને પણ ગભરાવી દે, ચતુર ભગવાન પેચમાં ન આવે, પણ ભક્ત માટે પેચમાં ચઢી જાય, તે તો સમર્થ છે નીકળી જાય પણ ભક્તને અફસોસ થઈ પડે. ભગવાન ખોટા ન પડે તેમ ભક્તે રહેવું. સુખી રહો.

બ્લોક ગમી જાશે, તમારી શ્રદ્ધાને ધન્ય છે. પૂનાથી નારાયણ બ્લોક લાવશે. ત્યારે ફરી પત્ર તમોને લખશું, મુંબઈથી મૂર્તિઓ આવશે ત્યારે પણ જણાવશું. બધાને જય સ્વામિનારાયણ. આ બને તો ટેપરેકર્ડ કરવું.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૧૯૧ તારીખ : ૨૩-૦૩-૧૯૭૯

પ્રાણપતિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક રામજી તુલસી તથા રતિલાલ ભગત, અમરશી ભગત બંને મોહન ભગત, કાનજી ભગત, રામજી ભગત, શાન્તિલાલ બન્ને, ચમનલાલ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ બધાને ભગવાન ચઢતી કળા રાખો, સુખી રાખો, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, સાજા નરવા રહો, કમાઓ, વાપરો, ભજો, ભક્તિ કરો, તાજામાજા રહો, તુરંત કાગળ લખ્યો છે, રાજી થાઓ. ચરણકમળમાં પ્રીતિ રાખવી. પ્રાણ વ્હાલા ભગવાન ભજવા, પુણ્ય ઉદય

તમોએ લખ્યું તે પ્રમાણે જ છે. સેવવા ફૂલવાડી કામ ચાલે છે, તમો બધા ટેકા આપનારા સહાયક છો, તેથી તે કામ થાય છે. **કમાઓ, વાપરો, મૂંઝાવો નહીં, ભગવાન રક્ષા કરનારા છે.**

'અભિનંદન ગ્રન્થ' તમારી મૂંઝવણ ટાળો, જોઈ તો વળતા લખજો, બુક પોસ્ટથી મોકલશું. બે ઘડી વાંચશો. ભગવાન સાંભરે, આનન્દ થાય, શોક, ઉદ્વેગ, તાપ ટળી થાય, ખુશ ખબર લખજો, બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૧૯૨ **તારીખ : ૦૪-૦૪-૧૯૭૯**

સેવક વશરામભાઈ, મૂળજીભાઈ, શામજીભાઈ, આંબાભાઈ તથા નરસિંહભાઈ, જેરામભાઈ, નથુ પ્રેમજીભાઈ, મણિલાલ રતનશીભાઈ, પરશોતમભાઈ, ગંગાદાસભાઈ, પરભુલાલભાઈ બધાને ભગવાન સુખી રાખો. શ્રીહરિ શરણાગતિ મંડળ બધા વધારે સુખી થાઓ. **મુંઝાવું નહીં, ભગવાન સંભારવા, કમાઓ, વાપરો, ભજો, દેશકાળ પ્રમાણે સાજા નરવા રહેવાય તેમ રહેવું. માનસીપૂજામાં પૂજા પણ ગણાય, જેવું ટાણું તેમ નિર્ણય નિર્વાહ લખ્યા છે.** સુખી રહો. ખુશી ખબર લખતા રહેજો.

ગુલાબ પાંખડીઓ પ્રસાદી ખાજો તથા ૧ થાળની, ૧ ઘનશ્યામની, ૧ એક બાજોઠની, ૧ ગોપાળાનન્દ સ્વામી, ૧ હનુમાનજી, ૩ કૃ.વ.આ., **૪. કૃ.વ.આ. પાઘવાળી મૂર્તિ મોકલાવેલ છે. પૂજજો, વધારે જોઈએ તે મંગાવજો.**

'અભિનન્દન ગ્રન્થ' વાંચવા ઘડીક શાન્તિ કરવા જોઈએ તો મંગાવજો. બુક પોસ્ટથી મોકલાવશું, એ જ. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૯૩ **તારીખ : ૧૪-૦૪-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવકો - રામજી ભગત, કાનજી ભગત, તુલસી ભગત, મોહન, ભગત બે, રામજી ચમનલાલ, દામજી શાન્તિલાલ બે, દયાળજી ભગત, ભગવાનજી વાલજી, રતિલાલ બે.

પાડાબેકડ તથા ધૂળકોટના રવજી ગોપાળ વિગેરેને ભગવાન સુખી રાખો. ચઢતી કળા હો. શ્રીહરિ શરણાગતિ મંડળની સદા આબાદી હો. ભજન કરો, કમાઓ, દેશકાળ પ્રમાણે વરતો. દેશમાં આવો, જાઓ, કમાઓ, વાપરો, સુખી થાઓ, નાણાવાળા હો. **દુઃખ સુખ સહન કરવા, ભગવાનને ભેગા રાખવા તો જય પમાય, દુઃખી ન થવાય. મલિન મ્લેચ્છ દેશમાં ભગવાન ભેગા રાખે તેને વિઘ્ન ન આવે. સમઝણ સારી રાખવી, જળકમળની પેઠે રહેવું.** બધાને જય સ્વામિનારાયણ કહેવા. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. તમારી ઉપર નજર જ છે. જ્યાં મોકલીએ ત્યાં જજો, રહેજો, કમાજો. ભજન ભક્તિ વધારે કરવી. ધની બહેનને આજે મુંબઈ કાગળ લખ્યો છે. સુખી હો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૯૪ **તારીખ : ૧૬-૪-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રાણપતિને નમઃ

સેવક ભગવાનજી, પહેલાં ૫૦ મળ્યા હતાં. આજે ૨૦ મળ્યા છે, અમારો કાગળ આજકાલ મળ્યો હશે. **તમારૂં બધું ભગવાનનું છે. તેમા પારકું કાંઈ નથી, ભગવાન-ભક્ત એક જ વિશિષ્ટ તત્ત્વ છે તેમાં વર્ણન જે કરો તે બધૂં ઘટે.** વલ્લભ વિગેરેને જય સ્વામિનારાયણ કહેવાં. બધાં સુખી રહો, ૨૫ પૈસાની ટીકીટનો જવાબ મોકલ્યો છે. દર્શન મરજીને આધારે થયા કરે છે, ૫૦૦ આવશે તે સ્વીકારીશ, કસ્તૂરને ભગવાન મળે નહિ. જેથી દેવા ન આવે પણ ક્યારેક મોકલાવે તો ઠીક. પગાર વધ્યો તે ઘણું સારૂં.

નવો વિચાર કર્યો છે, સેવકોના નામોં આરસમાં જૂનાગઢ મંદિરમાં કોતરાવવાં છે, પાંચ-પાંચ, ત્રણ-ત્રણ, કે બ-બે હજાર મોટા થાળમાં ઘનશ્યામનાં અખંડિત થાળમાં બાંધવા છે. ૧૧ જણા શ્રીહરિ શરણાગતિની સમિતિવાળાઓ, જેને ભગવાને આપ્યું છે, તેઓ અને આપે એવા વચન ઝીલે એવા છે. તેઓને, અને બાકી પાંચેક જણા જેઓએ વચન ઝીલ્યાં છે તેઓને, અમારા નામો સાથે અખંડિત કરવા છે, તે કરીશું, હમણાં-ભગવાનને દરરોજનો બધો ખર્ચ ઉપાડવો,

૧. ૨૫૦૦૦ શ્રી ઘનશ્યામ મહારાજને બપોરનો થાળ પૂરેપૂરો દરરોજ તેનાં ૨૫ હજાર એક યજમાન થએલ છે, રૂપિયા તૈયાર હાજર છે.

૨. ૧૭૫૦૦ સાંજનો થાળ, દૂધ, પૂરી, કોરૂં શાક, ૧૭૫૦૦, તેનો એક યજમાન થયેલ છે, રૂપિયા હાજર તૈયાર છે.

૩. ૧૩૦૦૦ સવારનાં મગજ લાડુનો થાળ, ૧૩ હજાર, પૂરા તેનો યજમાન શ્રીહરિ શરણાગતિ મંડળ સમસ્ત રાખવું છે. તે નાણાં અમારી પાસે મોટા ગયા સમૈયામાં આવી ગયા છે, ને કળશે ખાતે હતા તે.

૪. ૫૦૦૦ રોંઢાનો મેવો, પાંચહજાર, એક યજમાન તૈયાર છે. રૂપિયા આવી ગયા છે.

૫. ૫૦૦૦ પાનમુખવાસના યજમાન કરવાના છે.

૬. ૫૦૦૦ શરબતના યજમાન કરવાનાં છે.

૭. ૫૦૦૦ ચન્દનના વાઘાના યજમાન કરવાના છે.

૮. ૫૦૦૦ ફૂલહારના યજમાન કરવાના છે.

૯. ૫૦૦૦ પાટોત્સવમાં અંતે અન્નકૂટનાં થાળનાં યજમાન કરવાનાં છે.

૧૦. ૧૦૦૦૦ અત્તર અગરબતી ધૂપ દીપ પંખો વિગેરેના યજમાન કરવાનાં છે.

૧૧. ૫૦૦૦ કાયમ આરતીવાટ્યો અને જળપાનનાં યજમાન કરવાનાં છે.

એક લાખનો ધડાકો એકજ અરસ તક્તામાં બોલાવવો છે. આ ધડાકો શરણાગતિ મંડળે કરવાનો છે.

આ કાગળ રાખી મેલજો. આની નક્કલ મેં રાખી છે, ચાળીશ હજાર ઉભા કરવા છે. પંદર વીસ કળ ખોળી લઈશ.

તમોને આ કાગળ પહેલો જ લખ્યો છે. હવે પછી યજમાનો મારે ગોતવા ઘડવા છે. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૯૫ **તારીખ : ૧૬-૦૪-૭૯**

જૂનાગઢ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

દયા તુલસી મનજી મકવાણા. ધર્મેશ, ભાવેશ, ઉમા શ્રીહરિ શરણાગતિ બધા સુખી રહો. કવર મળ્યું.

દુબઈથી કાગળ આવે છે, **દર્શન થાતા રહેશે, ભક્તિ તન્મય કરવી, પરાણે ભગવાનને આવવું પડે. બરકત રહેશે, ગુલાબ પાંખડી પ્રસાદી નાણાં ભેગી એક મેલજો.** આબુધાબી જાશે સારાવાના થાશે, સ્વપ્નામાં જે દેખાય છે તે બધું ભગવાનમાં હેત વધવા દેખાય છે. સંભારવા, ઘણી કૃપા છે. **'અભિનન્દન' વાંચવો વારમવાર વાંચવો, મૂર્તિ સંભારવી,** મોટાને સ્કૂલમાં અંગ્રેજીમાં બેસાડજો. નાનાને ભણાવજો.

બધાને જય સ્વામિનારાયણ, ફૂલપાંખડી ખાજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૯૬ **તારીખ : ૨૧-૪-૧૯૭૯**

જૂનાગઢથી.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીશ્વેતાયન વ્યાસ ભગવાનને નમો નમઃ

પ્રગટ શ્રીહરિને નમો નમઃ

શ્રીઘનશ્યામ મહારાજને નમો નમઃ

આ આવતી દિવાળી સુધીમાં પ્રગટ એવા દેશમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજ, સદ્‌ગુરૂ સૂર્ય હરિકૃષ્ણ ભગવાનને બારમાસની સેવાઓ માટે શ્રીહરિ શરણાગતિ મંડળોના સેવકોએ પ્રગટ ભગવાન એવા શ્રી ઘનશ્યામ હરિકૃષ્ણ માટે કરવાની સેવા જરૂર જરૂર કરવાની છે.

વિગત -

૨૫૦૦૦ પચીસ હજાર, બપોરના રાજભોગના દરરોજના ઘનશ્યામ મહારાજને પાકા થાળ માટેના (રૂપિયા આવી ગયા છે.)

૧૭૨૫૦ સત્તર હજાર બસો પચાસ, સાંજના દરરોજ દૂધ પૂરી શાકનાં (રૂપિયા આવી ગયા છે.)

૧૩૦૦૦ તેર હજાર, સવારના દરરોજ મગજ, લાડુ, દૂધ, સાકરના, મંગળા આરતી પછી (રૂપિયા આવી ગયા છે.)

૫૦૦૦ પાંચ હાજાર, ત્રણ વાગ્યે રોંઢે મેવાના, ફળ ધરાવવાના (રૂપિયા આવી ગયા છે.)

૬૦૨૫૦ (સાઠ હજાર બસો પચાસ છે.)

હવે પછીના -

૫૦૦૧ ઉનાળાના શરબત, સાકર, એલચી વરીયાળી, વિગેરેના (યજમાન થઈ ગયા - રકમ બાકી)

૫૦૦૧ પાટોત્સવ બે ફાગણ અને વૈશાખ, તથા દીવાળીના અન્નકૂટના તથા જેઠ સુદ દસમના શ્રાદ્ધના (યજમાન બાકી)

૫૦૦૧ ચંદન, અત્તર, ફૂલોના વાઘા, શણગારનાં (યજમાન બાકી)
૫૦૦૧ કેસરીયા વાઘા તથા સાદા વાઘા, રૂમાલ, મોજડી, મોજાં, મફલર, ચાદર, ખેસનાં (યજમાન બાકી)
૫૦૦૧ ફૂલહાર દરરોજ, ગજરા, ભૂજબંધ ફૂલટોપી, કલ્ગી શ્રૃંગારના (યજમાન બાકી)
૫૦૦૧ દરરોજ ધૂપ દીપ, આરતી, વાટ્યો, ઘી, કુંકુમ, અબીલ, ગુલાલ, વસન્ત રંગના (યજમાન બાકી)
૫૦૦૧ અભિષેક જળ, તીર્થજળ, પંચામૃત, પંખા, પવન, તાપવા સગડી, દાંતણ, ધનુર્માસ, કલમ, પંજરી ચૈત્ર શ્રાવણ, (યજમાન બાકી)
૫૦૦૧ સુખ શય્યાની સેજના તથા કાયમી જળપાનના (યજમાન બાકી)

૪૦૦૦૦ (ચાલીસ હજાર છે.)

આ પ્રમાણે એક લાખની સેવાનો લેખ પ્રગટ ઘનશ્યામ મહારાજ, હરિકૃષ્ણ મહારાજ, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ માટે જૂનાગઢ મંદિરમાં બાંધવો છે.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીઘનશ્યામને નમઃ

સેવકો - પ્રગટ ભગવાનનો એક ઘનશ્યામ મૂર્તિનો બધો ખર્ચ યથાશક્તિ બારેય મહિનાનો ઉપાડે તેવું હાલમાં શ્રીહરિ શરણાગતિ મંડળ જોરદાર છે. ભગવાને કમાણી આપી છે, રાજીપો આપ્યો છે. તન, મન, ધન, ભાવ, શ્રદ્ધા વિગેરે વડે આપો.

એક લાખનો સેવાનો ધડાકો આવતી દીવાળી સુધીમાં કરવો છે. લેખ કોતરાવવો છે. લેખની નોંધ પહેલા પાના પ્રમાણે રકમ, નામ, ચીજો કોતરવી છે. તમો સમર્થ હોય તેણે એક જણે પાંચ હજાર, બે જણે પાંચ હજાર, ત્રણ-ત્રણ જણે, પાંચ હજાર, ચાર જણે કે પાંચ જણે પાંચ હજાર મળી મળીને એક લાખમાં, જે ચાલીસ હજાર બાકી છે તે સેવા કરાવવી છે. તમો પત્ની, પતિ, બાળકો, ગામ એ નામો, પેટા રકમો કોતરાશે.

માટે તે પ્રમાણે અને **અમારી પ્રસન્નતા માટે કાયમ ભગવાનની જીવનભરની સેવા માટે શ્રીહરિ શરણાગતિમંડળનો આ દાખલો પ્રસિદ્ધિમાં મેલવો છે. પ્રગટ ભગવાનના ભક્તો પણ પ્રગટ માટે કુરબાની આપનારા વધારે વધારે જાહેરમાં મેલવા છે.** તો ઉપર પ્રમાણે બે બે, ત્રણ-ત્રણ જણા સંપીને, મેળ વાળાઓ પાંચ-પાંચની રકમો કરજો. એક જણના પાંચ હશે તે પહેલા પાંચ-પાંચની રકમો કરજો, એક જણાના પાંચ હશે તે પહેલા પાંચ પાંચમા રકમોમાં આવશે. બે જણા તે પછી, ત્રણ-ત્રણ જણા તે પછી, તે રીતે તમારે આ દિવાળી સુધીમાં કરવાનું છે, અને રકમો અમોને પહોંચાડવાની છે. ડ્રાફ મોકલવો, ટેપરેકર્ડમાં ઉતારીને બધા શ્રીહરિ શરણાગતિ મંડળ વાળાએ તૈયારી કરવી.

બધું અમારૂં છે વિશ્વંભરનું છે, વિશ્વંભરે આપ્યું છે. કેટલાક કાંઈ કરી શકતા નથી, તેમણે આમાં સામેલ થાવું, નામો તો બસો જેટલા છે, પણ ઘરમાં દાળદર, દિલમાં દાળદર, શ્રદ્ધામાં દાળદર, ગુરૂને માનવામાં દાળદર, સ્વાર્થમાં ઉદારતા, એવા માણસ શું કરી શકે, માટે આ કાગળની નકલ અને ટેપરેકર્ડ કરીને જુમાને દિવસે વાંચજો, સાંભળજો. ઉદાર-ઉદાર શ્રીહરિ શરણાગતિ મંડળોના સેવકોમાં મોકલજો અને અમોને સૂચના આપતા રહેજો. જેમ પોતાના ઘરને, માવતરને, બાળબચ્ચાઓને, ગૃહિણીને લખે તેમ લખજો. બીજા ઈર્ષ્યાખોર, ત્યાગીગૃહીને આ બાબત જાણ કે આગ્રહ ન કરવો. કામકાજ ભાંગી જાય. એ જ. બધાને આશીર્વાદ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૧૯૭ **તારીખ : ૦૨-૦૫-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક હરિલાલભાઈ ચિરંજીવી સુખી, લક્ષ્મીવાન, સાજા નરવા, ધન ભરપૂર, આનન્દમાં રહો, આશીર્વાદ.

તમારો પત્ર બહુ જલ્દી મળ્યો ૫ નો ડ્રાફ આવ્યા પછી પહોંચ સમય પ્રમાણે કઢાવીને મોકલાવશું.

૧ નો ડ્રાફ મળી ગયો છે, રાજી છીએ.

પાંચમાં -

૧. તમોએ પહેલા કરી છે.

૨. ભગવાનજી રાજાએ પણ પત્રથી મરજી પ્રમાણે લખી લેવા જણાવ્યું છે.

૩. ઓધવજી લખમણ, નાનજી લખમણ એ ચારે ભાઈઓએ પણ નક્કી કર્યું છે.

૪. રતિલાલ લાલજી, વ્રજલાલ લાલજી, ધીરજલાલ એ ચાર ભાઈઓએ પણ નક્કી કર્યું છે.

આમ ૫ X ૪ = ૨૦ તો નક્કી પત્રો. બીજેથી હવે પત્રો આવશે. બહુ રાજી છીએ. **તમારો સૂર્ય સોનાનો ઉગતો રહો, બધું મારૂં છે. આ લાલ ટપકાં પડ્યા અને તમારો કાગળ આવ્યો. મંગળ સારૂં થયું છે. તેથી આ ટપકાંવાળો કાગળ જ તમોને મોકલ્યો છે. રાજી.**

- કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચવા.

•❀•❀•❀•

પત્ર નં.-૧૯૮ **તારીખ : ૦૪-૦૫-૧૯૭૯**

બગદાદ, ઈરાક - સેવકો વ્હાલા રતિલાલ, અમરશી, સુખી હો. નારાયણ પૂનાથી દર્શન કરી જૂનાગઢ બે દિવસ રોકાઈને ચાવડા ગયા છે. ટપુલાલને તથા છગન ભગતને તથા હંસરાજભાઈને આજે કાગળથી તમારા એડ્રેસ ખુશી ખબર મોકલાવ્યા છે. તમોને તકલીફ તો પડી, હવે વધારે સુખીયા થવાશે. **ધીરજ રાખી કમાજો, રહેવાય તેમ દેશકાળ પ્રમાણે રહેજો. દેશમાં આવશો તે દિ ચરણામૃત જળપાન વડે બધી શુદ્ધિ થઈ જાશે. ગુલાબ પાંખડી પ્રસાદી મોકલી છે, તે ખાજો. ભજન કરવું, શરીરે સાજા રહેવાય તેમ રહેવું. દેશ પરદેશના ધર્મ દેશકાળ પ્રમાણે પળાય મુંઝાવુ નહિ, ગુરૂના ભગવાનના આશીર્વાદ બહૂજ બહૂજ ફળો.** તમારે ત્યાં આવનારા મોહન ભગત વિગેરે

ચાર પાંચ ઠેકાણેથી દુબઈના કાગળો આજે આવ્યા છે, **બધા આનન્દમાં છે. હવે તો બધા લશ્કરી લડવૈયા થઈ ગયા છે એટલે બધા પરદેશમાં પણ આત્માનન્દ, બ્રહ્માનન્દ, ગુરૂઆનન્દમાં 'કાન તમારે કારણે હૂં તો ઘેલડી ડોલું રે.' એમ કેફમાં છે. ખુશી ખબર લખતા રહેજો.**

મોહન રતનશીનો કાગળ છે, તમારા બનેવી રવજીનો કાગળ છે, આંબાલાલ ત્રિપોલી લિબીયાનો કાગળ છે, જયન્તીલાલ પોરીયાનો કાગળ છે બધા ખુશીમાં છે. તમોને પ્રગટ ભગવાન રક્ષા કરે. ચૈત્રીનું પંચાંગ આમાં મોકલ્યું છે. તમારા પગાર વધશે, સારાવાનાં થાશે, એક મહીના પહેલાનો પત્ર મળ્યો હતો. શિરનામાંની વાટ જોવાતી હતી, તે આજે પત્ર મળ્યો, આનન્દ થયો છે. અમો તમારાં શિરનામાં મોહન રતનશી, મોહન કરશન, રવજી ગોપાળ, જયન્તી રાઘવ, દયાળજી લાલજી, ભગવાનજી રાજા, હરિલાલ વેલજી, વેલજી રવજીને તો ખાસ મોકલશું જ. કાગળ તમોને આવ્યા કરશે. **મલીન દેશમાં પણ તમો પુણ્યશાળી પાવન ભક્તો છો તે દેશના રૂડા ભાગ્ય છે, અમારી કૃપાદ્રષ્ટિ છે. શાન્તિ વરતશે, માનસી પૂજા કરવી.** ખાવા પીવામાં રૂષ્ટપુષ્ટ રહેવાય તેમ રેજો.

જૂનાગઢમાં ઘનશ્યામ મહારાજ પ્રગટ અનાદિશ્રીકૃષ્ણનારાયણને કાયમી આખા દિવસની, આખા મહિનાની, એક વર્ષની સેવા માટે ઘણી તૈયારી અમોએ કરી છે, થોડીક બાકી છે. ૯૦ હજારની રકમ લગભગ તૈયાર થઈ છે. એક લાખ ઉપરનો અમારે લેખ શ્રીહરિ શરણાગતિમંડળ સહિત કોતરાવવાનો છે. ૫, ૫, ૫ એમ પંદરેક હજાર બાકી છે, તેમાં તમોને દિવાળી પહેલા ૫ માં સામેલ કરશું. જેમ ઠીક થશે તેમ કરીશું. ધ્યાનમાં રાખજો. **ફૂલવાડીનું નદીકાંઠે પાયો ખોદાય છે તે કામ પણ સારૂં થાય છે.** એ જ. વિગતવાર ધીરે ધીરે તમોને મોકલશું. એ જ.

પ્રગટના આશીર્વાદ, કુંજદ્રષ્ટિથી સેવે છે. જય સ્વામિનારાયણ

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ભારત.

પત્ર નં.-૧૯૯ તારીખ : ૧૫-૦૫-૭૯

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવકો રામજી તુલસી, તથા કાનજીભાઈ, મોહનભાઈ, દયાળજીભાઈ, ધીરજલાલભાઈ, મોહનભાઈ, રામજીમાઈ, જયન્તીભાઈ, રવજીભાઈ, શાન્તિલાલ, બીજા શાન્તિલાલ, ચમનભાઈ, શ્રીહરિ શરણાગતિ મંડળ તથા તાત્કાલિક સેવાના નામો - મોહનલાલ રતનશી, દયાળજી લાલજી, તુલસી મનજી, જયન્તિલાલ રાઘવ, ભગવાનજી ટપુ, કાનજીભાઈ સોજીત્રા, રામજી તુલસી, ચમનલાલ મોહન, શાન્તિલાલ નરસી, રવજી ગોપાલ વિગેરે તથા **જે સેવકો તાજી તાજી સેવા કરે તે બધાને પ્રગટ પ્રભુજીનાં આશીર્વાદો - સુખી હો, ધનવાન હો, લક્ષ્મીવાન હો, સાજા નરવા રહો. લાખ સવાએ પહોંચાડવું છે. જાહેર ફાળો કરવો નથી. એક હજારથી ઉપર રાખજો. નામો લખાઈ જાશે. આરસમાં કોતરવા છે. શ્રીહરિ શરણાગતિ મંડળે નિજ ઈષ્ટદેવ ભગવાન શ્રીઘનશ્યામ મહારાજને દરરોજની, મહિનાની, વાર તહેવારની, ઋતુઓની, વ્રતોની, ઉત્સવોની, બારેમાસની, અધિક માસની આવી આવી તમામ સેવાઓ કરી ઉપાડી લીધી એ બાબત દોઢસો વર્ષે પ્રકાશમાં મેલવી છે. માટે કરજો, નામો તો ઘણા તમો છો પણ સેવાઓ કરશે તે ને ઘણાં નાણાં યશ લાભ થશે. ભગવાન મળ્યા છે અને મળશે, બહુ જ મોટું કામ થાશે. રાજીપાને કોઈ પહોંચતું નથી, તેમાં બધાં સાધનો સમાઈ જાય છે. જય સ્વામિનારાયણ વાંચવા. ધન્ય છો ભક્તજનો, વહાલા ભક્તો, સદાય ચઢતી કળા હો.**

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૦૦ તારીખ : ૧૯-૦૫-૧૯૭૯

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીશ્વેતાયન વ્યાસને નમઃ

શ્રીઘનશ્યામ મહારાજ પ્રગટ પ્રમાણ

શ્રીઅનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

ભગવાનની જય, ભગવાન શ્રીહરિ શરણાગતિમંડળની જય.

૧.તુલસી મનજી ૨.ધીરજલાલ ભગત ૩.હરિલાલ વેલજી ૪.ભગત ભગવાનજી રાજા ૫.ભગત મોહનલાલ રતનશી ૬.ભગત જયન્તીલાલ ૭.ભગવાનજી પોરીયા ૮.ભગત કાનજીભાઈ સોજીત્રા ૯.ભગત રામજી તૂલસી, ચમન મોહન, શાન્તિ નરસી, રવજી ગોપાળ ભગત ૧૦.વીસરામ ભીમજી હાલાઈ આટલા સેવકો તૈયાર લખાઈને પત્રમાં કાગળોમાં આવી ગયા તેમની નોંધ લીધી છે, તે સિવાયના શ્રીહરિ શરણાગતિને પત્રો જણાવ્યા છે પણ ક્યાંઈથી મોળા જવાબ છે અને ક્યાંઈથી જવાબ જ નથી. ભગવાનજી ભગત ૧૧.રતિલાલ લાલજી, વ્રજલાલ લાલજીને મોઢે-મોઢ વાત કરી સ્વીકારેલા છે. ૧૨.ભગત નાનજી લખમણ, વશરામ લક્ષમણ મોઢે મોઢ વાત કરી સ્વીકારેલા છે. ૧૩.રતિલાલ હંસરાજ ૧૪.અમરશી હંસરાજને પત્ર લખેલ છે. તેની હા આવવાની તે નક્કી જ છે. આ પ્રમાણે અમારા શ્રીહરિ શરણાગતિ મંડળે પચાસ હજાર નક્કી કરી વધાવી લીધેલા છે. વ્યવસ્થા તે તે યજમાનના લખવા મુજબ કરી દેશું.

ભગવાનનું કામ થઈ ગયું છે, ભક્તોએ પણ કામની કલગી ચઢાવી દીધી છે. છતાં જે રહી ગયા, પ્રસિદ્ધ મોટા કે નાના તેનો ઉત્સાહ હજુ જણાયો નથી. અમુક તો કરી શકે તેમ નથી જેને લખવા કહેવામાં સાક્ષી અન્તર્યામી ના પાડે છે, માટે ફરીથી લખેલ નથી. ગમ ખાઈ ગયા તેને શું લખવું. એક પત્રમાં છે - **(અમારાથી બનતી સેવા કરતા રહેશું) તેમણે કંઈક સેવા ભવિષ્યમાં ધારેલી હશે તે કરશે જ, અત્યારે તો તાત્કાલિક આ કામ પતાવવું છે. ભગવાનનું કામ વેગથી થયું છે, ભક્તો એ કર્યું છે, ભક્તોનું કામ ભક્તો કરે છે, કર્યે જાય છે, રાજી છીએ, રાજી થશું, નાણાં મળશે પણ તક નહિં મળે. શ્રીહરિ શરણાગતિ મંડળને જેને જેને સેવામાં ઉમંગ આવે તેની તેની પાસેથી આ વખતે તો અમો માંગી લઈએ છીએ.** જે બારે મહિનાની એક

એક પ્રત્યેક દિવસની બધી સેવા અમારા શ્રીહરિ શરણાગતિ મંડળની જ લેવી છે, તે થઈ અને થશે. હજુ જેને જેને જાણવામાં આવે તેને તેને એકથી પાંચ સુધી છૂટ છે, આજ્ઞા છે, જલ્દી લખજો, જલ્દી કરજો, દોઢ લાખ કે બે લાખ કેમ નથી થતા, એકનો તો અમોએ આંકડો પહોંચાય, પહોંચી શકાય માટે લખ્યો હતો અને આગળ વધશે તે પણ તેમાં સમાવેશ થશે માટે શુક્રવારે કે વાર તહેવારે નક્કી યજમાન થઈને લખી મોકલે તે નોંધમાં લેશું. રહી જાશે તો તેઓને આશીર્વાદ.

બે મહિનામાં અને એક જ વાર કાગળો લખતાં જ સેવકોએ દુબઈ, મસ્કત, સાઉદી તથા દુબઈના પડખાના ભક્તોએ જે વચન જીલ્યું તેવું કોઈ જીલશે નહિં. બહુ જ રાજી, જે આપશે તેને છૂટ છે, ગોઠવણી કરી દેશું. ડરતા-ડરતાં પાંચ-પાંચની રકમો લખી હતી, પણ તેમાં વધારો ભેળવી શકાય, માટે રાજી ખુશીથી બાકી ન રહી જવાય તેમ કરજો. એ જ.

દિવાળી પહેલાં રકમો, ડ્રાફ આવી જવા જોઈએ. જેથી કોતરાવવાની ગોઠવણીયો થઈ જાય. ૩૦, ૨૫, ૨૦ હજારની રકમો તો ગોઠવાઈ ગએલી છે. આ જેઠમાં કે અષાઢમાં કોતરાઈ જાશે. આ કાગળ રેકર્ડ કરીને સંભળાવજો, મોકલજો, વાંચજો, વંચાવજો અને અમોને અહીં ખબર આપજો. એ જ.

પ્રગટ ભગવાનના આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૦૧ **તારીખ : ૧૯-૦૫-૧૯૭૯**

જૂનાગઢ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

હરિલાલ વેલજી તથા ભગવાનજી રાજા સાઉદી અરેબીયાથી બે રકમ ૫, ૫ નક્કી લખાઈને આવી ગયેલ છે.

તમારે ત્યાં પણ પૂરણ થવા આવેલ છે. છતાં લાખ ઉપર જેટલી જાય તેટલી એક હજારથી પાંચ સુધીમાં લખતા જ જજો. બધા શ્રીહરિ શરણાગતિ મંડળનો સમાવેશ કરવો છે, પછી અવસર નહિ રહે. બધા સુખી રહો, આઈટમો વધારે પણ થશે, અને ભેગો પણ સમાવેશ કરવો પડશે તો કરી લેશું. પ્રગટ **ભગવાનને રાજી કરી લેવા. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. કાગળો લખજો. આ અવસર ફરી નહિં આવે** નવા નામો લખી લીધા છે. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૨૦૨ **તારીખ : ૨૧-૫-૧૯૭૯**

સેવક વિસરામભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ તન, મન, ધન, સ્નેહ વડે સેવનાર, આત્મનિવેદી, પરમ એકાંતિક, નિર્વિકલ્પ રીતે વર્તનારા સર્વે ભક્તોને પ્રગટ ભગવાને પોતા ભેળા ધામમાં મુઠી ભરીને તલ પ્રગટાવ્યા છે. ને પોતા ભેગા રાખ્યા છે. જેણે વચન જીલ્યા તેણે બધી પ્રસન્નતા મેળવી લીધી, બધા સાધન સાધી લીધા, મોક્ષ મુઠીમાં લઈ લીધો, હવે કરવાનું બાકી રહેતું નથી, બાર મહિના ત્રણસો પાસંઠ દિવસ દરરોજ આ તમો સેવકોએ બધી પ્રસાદીઓ, બધી ચીજો, બધી સામગ્રીઓ, બધા ઉપચારો, બધા ઉત્સવો, બધા શરબતો, બધા શણગારો, ભગવાન ભેળા મેળવશો, મોજું માણશો, આનંદ માણશો, તે આવી કૃપા માટે આ મહા મોટો સેવાઓનો પ્રસંગ કર્યો છે તે થઈ ગયો છે, હજુ પણ વધારે સેવા કરશે તેઓ પણ તે લાભ મેળવશે. ભલે દોઢ લાખ થાય તો પણ પાછા ન પડશો.

ભગવાન આ નિજ સભાસદોના મંડળના પોતા સાથે બધા મનોરથો પૂરા કરતા રહે. ધામમાં ભગવાનનું તમામ તે ભક્તોનું પણ તમામ સહયારૂં જમો, રમો, પીયો, વાપરો, ધામધુમ કરો. એવા આનંદ માટે આ સેવા ગોઠવાય છે. ભક્તો ભગવાન સાથે બધા મનોરથો પૂરા કરો. કોઈ

વાતની ખામી રહેવા દેવી નથી, આ બાબત ધ્યાનમાં રાખી ધામમાં સાથે રહેવા, વાપરવા બધા મનોરથો પૂરા કરો. આ આવતી દિવાળી પહેલા બધુ સમ્પૂર્ણ લેખ સહીત કરી લેવું છે, માટે સગવડ કરીને બાકી રહેશો નહીં. એ જ.

સેવકો ઘણા છે, શરણાગતિમાં ઘણા છે, પણ લોભ નડે, લૌકિક સ્વાર્થ નડે, વિરોધીઓ વિઘ્ન કરે, કામ ચલાઉ સ્વાર્થીઓ કાંઈ ન કરે, નાસ્તિકોની વાત જ પાણા પડે તેવી હોય. પણ ભગવાન, સંતપુરૂષનું મુક્તપણું કોઈનું ટાળ્યું ટળે એમ નથી. ખબરદાર થઈને સેવજો, ભજજો, ગાજો, પૂજજો, સંભારજો, ભારતના અને ભૂમંડળના વિદ્વાનો ઓળખે છે, શ્વેતાયન વ્યાસ અવતારીને વખાણે છે. બીલોરા કોડીના કાચની આંખોવાળાને છતે અજવાળે દેખાવાનું નથીજ, ગીંગાને નાકમાં સુગંધ પેસે નહીં, કાગડો કરકાને સેવે, ગલીના શ્વાન વિના મતલબ ભસે, બિલાડા ભેગા થાય અને બાધે, હંસને મોતી મળે, મયુરને ચાતકને મેઘ મળે રાજી થાય, મુક્તોને ભગવાન મળે રાજી થાય, કસ્તુરીયા મૃગમાંથી સુગંધ મળે, શેઢાડીમાંથી પીંછડાના ધોકા મળે, ચિન્તામણીમાંથી બધુ મળે, સમજ્યા તે ખાટ્યા. એ જ.

જેઠ અને અષાઢ સુધી આ સેવા નોંધાવવી ચાલુ રાખવાની છે. શુક્રવારે ભેળા થાઓ તો રેકર્ડ ઉતારી લેજો. ભક્તોને સંભળાવજો, આપજો અને સેવા નોંધાવજો. આ સમય 'અમૃતના સિંધુ ઉલટ્યા રે, રંગડાની વાળી છે રેલ પુરૂષોતમ પ્રગટી રે' એમ છે.

ભગવાનનું કામ, ભગવાનના સંકલ્પ સત્ય સંકલ્પ છે, માટે થવાના જ છે. મોળા મોળા ઉત્સાહ હોય તેણે ઉત્સાહીત થવું. એ જ.

૧.હરીલાલ વેલજી - મસ્કત ૨.ભગવાનજી રાજા - સાઉદીયા ૩.મોહનલાલ રતનશી - દુબઈ ૪.વિસરામ હાલાઈ - દુબઈ ૫.કાનજી મૂળજી સોજીત્રા - દુબઈ ૬.જયંતિલાલ રાઘવ, ભગવાનજી ટપુ પોરિયા દુબઈ ૭.દયાળજી લાલજી, તુલસી મનજી - દુબઈ ૮.રતિલાલ લાલજી જાવીયા, વ્રજલાલ લાલજી ભાઈઓ - જામવણથલી ૯.નાનજી લક્ષ્મણ,

વશરામ લક્ષ્મણ ભાઈઓ - જામવણથલી ૧૦. રામજી તુલસી, ચમનલાલ મોહનલાલ, શાંતિલાલ નરસિંહ, રવજી ગોપાલ - ભક્ત સમૂહ - દુબઈ.

પહેલાની મોટી ૩૦, ૨૦, ૧૫ એવી તો નક્કી જ છે, બહુ જ મોટો ધડાકો કરવો છે, ભગવાન ધારે તે કરે. બાકીના રતિલાલ હંસરાજ ભાઈઓ બગદાદ, વેલજી રવજી સાઉદીયા, મોહન કરસન, રામજી જેઠા, ટપુલાલ કાનજી, જયંતિલાલ દેવશી, દેવરાજ ડાયા, નટવરલાલ કેવળદાસ, જયંતિલાલ કેશવજી હરિ, પ્રાગજી ડાયા, મુંબઈ એવા એવા ઘણા બાકી છે, ભગવાન સત્ય સંકલ્પ પ્રમાણે તેને તેણે મેળવી લેશે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. એ જ.

આ બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૨૦૩ **તારીખ : ૨૧-૦૫-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ।

સેવક પ્રાગજીભાઈ ડાયાભાઈ તથા નારાયણભાઈ તથા ચન્દુલાલ કરશનભાઈ તથા પ્રાગજીભાઈના ભાઈઓ, કુટુમ્બો, શ્રીહરિ શરણાગતિ મંડળ તમામને શ્રીજી મહારાજ સુખી રાખો. આ પત્રમાં પ્રસાદી ગુલાબ પાંખડી છે તે ખાજો. ખાસ તમોને બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ સાજા નરવા રહો, સુખી રહો.

પ્રાગજીભાઈ ડાયાભાઈને માલૂમ થાય જે શ્રીહરિ શરણાગતિ મંડળ જૂનાગઢ મંદિર શ્રીઘનશ્યામ મહારાજની બાર માસની સેવાઓ, થાળ, પૂજન, ઉત્સવો વિગેરે માટે એક હજારથી પાંચ હજાર સુધીની સેવાઓ કરી રહેલ છે, તમોને ખાસ આ હકીકત જણાવી છે. તે એટલા માટે જ તેઓ સેવા કરનારાઓ સાથે તમારૂં નામ છે. સેવક છો, આરસમાં નામ તમો દમ્પતી આવી જાઓ આ ઈચ્છાથી આ જાણ કરાવેલ છે. હજારથી નાની સેવાને આમાં

સ્થાન નથી. **તમે દેશમાં છો તાણ હશે પણ, કોઈ વખતે કહેવાનો વખત આવે જે મને જાણ કેમ ન કર્યું. તો થઈ શકે એમ હોય તો, ન થઈ શકે એમ હોય તો તમે જરૂર જવાબ લખી મોકલજો.** જેથી લેખમાં ગોઠવણમાં લેવાય, બે મહિનામાં રકમ મોકલવી, કોઠારની પહોંચ મળશે. અમો સેવાની આઈટમમાં ગોઠવાવી દેશું. પત્ર ઉત્તર રાજી ખુશીથી લખજો, કોચવાઈને નહિં, બધાને મંદિરમાં જય સ્વામિનારાયણ કહેશો. વિપરીત હોય તેને માટે આ નથી, સેવક હોય તેને માટે છે. એ જ. ફાળો કરવો નહિં, એક જ તમોએ થઈ શકે તો કરજો, નહિં તો નહિં, આ ધ્યાન રાખવું.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર.



પત્ર નં.-૨૦૪ **તારીખ : ૨૧-૦૫-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક વાલજીભાઈ, આ જીવાત્મા ભગવાનનો ભક્ત છે, દેહ તો તેના સમ્બન્ધીઓનો છે. ભગવાન અને સન્ત મોક્ષ આપનારા છે. ભગવાનને હૃદયમાં જોતા રહેવા. પ્રત્યક્ષ મળ્યા તેનો કેફ રાખવો. આશા તૃષ્ણા પણ લાભ મળે તો સુખદાયી થાય ન મળે તો દુઃખદાયી થાય. ભગવાન માટે કમાવું, પ્રસાદી વાપરવી, રાખે તેમ રહેવું. દેહ ઈન્દ્રિયો, અન્તઃકરણ ભગવાનને યોગે કરીને સુખદાયી થઈ જાય, માયા પણ ભગવાનના ભક્તને સુખ દેનારી છે, ભગવાન ભજવામાં સહાય કરનારી છે, ભગવાનની મૂર્તિ સંભારીને ભગવાનનું મંદિર દીલમાં દેખવું, તેને અન્ન-જળ જમાડીને જમવું. હું ભક્ત છું મારે લઈને અરેબીયનોનું ભલું થાશે, એવો કેફ રાખવો. દેહથી કામ લેવા શીખવું, શાંતિના પૂજારી થવું. દુઃખ તો છે જ નહીં પણ ધાર્યું ન થાય ન મળે તે દુઃખ, તમારા પત્રથી વધારે તમોને તકલીફ જણાય છે એમ જણાણું. જો કે કમાવા ગયા તેને

લોઢાના ચણા ચાવવાના હોય પછી બૂંદી ખાવા ન મળે, પણ હવે તે કમ્પની કે તે સંગત મેલીને બીજી કમ્પની કે બીજો પ્રદેશ જવાય તેમ કરજો. દેશમાં આવવું હોય તો આવીને જજો. આશીર્વાદ આપીએ, સારાવાનાં થાશે, ગુલાબ પાંખડી ખાજો. બધૂં ઠીક થાશે. એ જ.

કૃ.વ.આ.ના આશીર્વાદ જય સ્વામિનારાયણ. સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ભારત.

બધાને જય સ્વામિનારાયણ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૦૫ **તારીખ : ૦૨-૦૬-૧૯૭૯**

અનાદિ ભગવાનને નમઃ

સેવક ભગવાનજીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળને આશીર્વાદ, જય સ્વામિનારાયણ. તમારો પત્ર મળ્યો.

ક.વલ્લભ, હરિકૃષ્ણ, રતિલાલ, લાલજી વિગેરે દર્શને આવ્યા. કેસેટ ૬, નાનું ઘડીયાળ નાના સ્વામીને, લાલ ધાબડી, કાપડ તથા રસ મશીન મળ્યાં, રાજી. હવે કોઈ ચીજો માટે ખર્ચ કરો નહિં. સુખી રહો. નાણાં ડ્રાફ અમદાવાદ વટાવા ગયેલ છે, આવશે ત્યારે એક જણ આવીને પાંચ આપી જશે, તમારા માટે પાંચ યોગ્ય છે, ન લઈએ તો વાપરીતો નાખોજ. ઉદારતા, ઓળખાણ, ભલમનસાઈ, સેવા, પરોપકાર, નાણાં ટકવા ન દે, માટે અમે સમઝીને બે થી પાંચનો અર્થ પાંચ જ કરીને સેવા નોંધી છે. **વિશ્વંભરનું છે, વિશ્વંભર રાજી.** એકથી પાંચ સુધી બધા શ્રીહરિ શરણાગતિ મંડળને સેવાનો લાભ લેવા લખેલ છે અને અમોને પરબારા નક્કી પત્ર લખવા, લખેલ છે, પણ આગેવાનોને મળીને કરે તે વધારે સારૂં. સવા લાખ તો થઈ ગયા. અમોએ પંદર દિવસો પહેલા પત્રો લખ્યા છે, એક બે ત્રણ ચાર વાળા પણ નક્કી સેવજો, પરબારા લખજો વિગેરે કહ્યું છે, તેમાં સમાવેશ કરી દેશું. સવા લાખ દોઢ લાખ થાય તો પણ હરકત નહીં.

ઘનશ્યામ સેવા પછી અશ્વિન વદ ૮ જન્મજયન્તીની જૂનાગઢની વાર્ષિક રસોઈ થયા જ કરે તે માટે ત્રીસેક હજાર ભેળા કરવાનાં છે, પણ એક કામ થાય પછી બીજુ જાહેરમાં મેલાય, હવે ઘણા સેવામાં આતુર છે, અને છૂટ છે. એક બે ત્રણ ચાર જે મરજી હોય તે લખશે તેને સામેલ કરી દેશું. આ તો છેવટની સેવાઓ છે, તે જાણજો. નથી કરતા કે લોભી હશે તે નહીં જ કરે. ૪૦, ૫૦ જણા કરે છે. તેવા દસેક પંદરેક જણા તે પહોંચે તેવા રહી ગયા છે, તેઓને સૂચન તો છે જ, પરબારા અમોને કાગળ નક્કી લખજો, પણ લખી શક્યા નથી, હવે લખશે તેને સામેલ કરી લેશું. તમારે ત્યાં પણ ઉત્સાહ તો હશે જ અને દુબઈ પ્રદેશમાં પણ ઉત્સાહ તો છે જ. વિસરામ ભીમજીએ એક થી પાંચ સુધી લખવા કહેલ છે. બીજાઓ પણ પરબારા પત્ર મોકલે છે, પણ કેટલાક રાજીખુશીના જ કાગળો આવ્યા, નક્કી અમોએ લખેલ તે પ્રમાણે હજુ નથી આવતા, આવશે તે લખી લેશું. **બીતાં બીતાં આજ્ઞા થાય, ભારે પડી જાય તેમ ન થાય, અવળું થઈ જાય તે પણ ખરાબ,** માટે દુબઈ આજે પત્ર આ પ્રમાણે જ ફરીથી લખશું. એ જ.

રૂપિયા આવશે ત્યારે બીજો પહોંચ પત્ર લખશું.

બધાને જય સ્વામિનારાયણ, ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.



પત્ર નં.-૨૦૬ **તારીખ : ૪-૬-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમઃ

મું. દુબઈ -

વાલજી ભગત, મોહન રતનશી, જયન્તીલાલ, રાઘવ, વસરામ ભગત, તુલસીદાસ, દયાળજી ભગત, કાનજી ભગત, મોહનલાલ, કરસન ભગત, રામજી ભગત, બે શાન્તિલાલ ભગત, તમોએ તન-મન-ધન વડે તુરંત જ સેવા લખી. એક હજારવાળા માટે ઘણી છૂટ.

એક, બે, ત્રણ, ચાર, પાંચ, એમ મળીને સેવા માટે જણાવેલ છે, ફાળો નથી કરવો, પરબારા અમોને નક્કી લખાણ મોકલે, બધા ભક્તો મોકલે, એ પ્રમાણે યથાશક્તિ મોકલ્યા, તો પણ ગરીબ ભક્તો થોડા નાણાંવાળા ભક્તો, કરજવાળા ભક્તો, થોડાં પગારવાળા પણ અતિ હેતવાળા રહી ગયા, નામો પ્રથમ પત્રમાં ચાલીસથી ઓછા લખી મોકલ્યા હતા, બધાને ભલામણ છે, જેટલી શક્તિ પ્રમાણે નક્કી લખી મોકલો, આઈટમ પૂરી થઈ ગઈ અને બધાને વિરામ મળ્યો પણ સેવા લાભ ન થયો. હજુ જે-જે સેવા ધારે છે તેમણે પરબારા અમોને લખી મોકલવું, તેને અમો આઈટમમાં લઈ લેશું અને આ પછી અમારી જન્માષ્ટમી બધે ઉજવાય છે, રસોઈ જમાડાય છે, જૂનાગઢમાં અમારી જન્માષ્ટમીની મોટી રસોઈ કરાવવા ધારેલ છે, આસો વદની દિવાળી સમીપે હોવાથી અઢીસો માણસો મંદિરમાં હોય, દોઢ હજારથી ઉપર વાર્ષિક એક રસોઈ આવે, તેમાં બધા સામેલ કરી લેવાં છે, માટે સેવા ચાલૂ રાખો, મોકલો, નોંધમાં લેવાઈ જશે.

બધાં સુખી રહો, ભજન કરો, કમાઓ, આનન્દ માનો, ભગવાન પ્રેમી પ્રાણપ્રિય ભક્તોના મનોરથો પૂરા કરે, ફાળો ન કરવો, ટૂંકે પતાવે તેવો મોકો ન આવે, હજારથી ઉપર લખશો. ગુલાબ પાંખડી ખાશો. આનન્દમાં રહેજો.

રહી ગયેલા અને ઉત્સાહી જરૂર ત્રીસ-ચાલીસ કે વધારે જે હો તે લખો, રાજી. બધાં સુખી રહો, ગુલાબ પાખડીઓ ખાજો. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૦૭ **તારીખ : ૦૮-૦૬-૧૯૭૯**

જૂનાગઢ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવકો - શ્રીહરિ શરણાગતિ મંડળ, મોહનભાઈ, દયાળજીભાઈ, તુલસીભાઈ, રવજીભાઈ, શાન્તિલાલભાઈ, ચમનલાલભાઈ, કાનજી ભગત,

રામજી ભગત સર્વને ભગવાન સુખી રાખો. સાજા નરવા રહો, કમાઓ, ગુલાબ પાંખડી ખાજો.

તમારો પત્ર મળ્યો, વાંચ્યો. તમોએ ઠીક પ્રયત્ન કર્યો, બધાને સેવાનો સારો લાભ મળશે. વખત ગયો તે નહિં આવે, વિચારમાં તો ગલઢા થઈ જાય અને સમાપ્તિ થઈ જાય, પછી વિચારી રહે કાંઈ ન થાય.

ભગતોને આવકાર તો જોઈએ, આવકાર મળે તો તન, મન, ધન ઘરબાર આપી દે, આવકારમાં બ્રહ્મસુખ રહ્યું છે, અમારો આવકાર બધાને સુખીયા કરે છે, તમારૂં મંડળ સાઉદી, મસ્કત, રીયાધ, સફાત, બગદાદ, દુબઈ, આબુધાબી વિગેરેથી પરસ્પર કાગળ લખી સંભાળ લ્યો છો તેથી અમો વધારે રાજી છીએ. આજે ટપુલાલ ભગત દર્શને જૂનાગઢ છે. બધી હકીકત વંચાવી વાકેફ કર્યા છે.

એક લાખને પંચોતેર હજાર બીજા થાય તો પણ ભલે, બહું મોટું કામ કરવું છે.

શ્રાવણ ભોજન અમારો દીક્ષા દિન પૂજન. આ.વ.૮ - આઠમનો પાકો થાળ. આ.વ.૮ આઠમની મોટી રસોઈ, દશેરાની ધજાઓ ચઢાવવી, મહાપૂજાઓ કરાવવી, શિક્ષાપત્રી જયન્તી કરાવવી, જેઠ સમૈયે કથાની પૂજાઓ, મેમાનોને ચા-પાણી વિગેરે ઘણી ચીજો છે. બધા ભક્તોનો સમાવેશ થઈ જાશે. દેનારા તૈયાર હશે તો ઘણી વ્યવસ્થા થાશે.

-કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૦૮ તારીખ : ૧૫-૦૬-૭૯

સેવકો રામજી તુલસી, ચમનલાલ મોહનલાલ, શાન્તિલાલ નરસીંહ, રવજી ગોપાલ ચૌહાણ. **ભગવાનના આશીર્વાદો.**

ભગવાનની અને ભક્તોની ચઢતી કળા છે. માટે ભારે રાજી થવાય છે. શ્રીહરિ શરણાગતિ મંડળે સેવા કરવામાં પાછો પગ ભર્યો નથી. ત્રણ વર્ષોથી સેવાઓ કરતા આવતા સેવકો નોંધમાં છે. બધા ઉપર રાજીપો છે.**નીચેની આઈટમો તો ખાસ શ્રીઘનશ્યામ હરિકૃષ્ણ - અનાદિ શ્રીકૃષ્ણનારાયણ માટે જ છે. ડેરાના આરસ માટે છે.** તેવી પાંચ હજારની રકમો ગોઠવાયેલ છે.

સેવકો -

રૂબરૂ	૨૫૦૦૦ ૫૦૦૦	ગુપ્તનામ ગુપ્તનામ	બે મળી ત્રીસ હજાર	લેખો કોતરાણા પછી બધા નામો જાહેર થશે.
રૂ બ રૂ	૨૦૦૦૦ ૧૩૦૦૦	જાહેરનામ કાઠિયાવાડી ગુપ્ત રાખવા જાહેરપણું ગુપ્ત છે. અંગત સેવાઓ		વચ્ચે વિઘ્ન ન થાય માટે જાળવવાનું છે.

કાગળથી ૫૦૦૦	હરિલાલ વેલજી ખોલિયા.પો.બો.નં.૨૨૩૮૯, એ-૧, સલૂન શેખ હમીદરોડ, અરેબીયનગલ્ફ MUHARQUE, BAHRIN
જમા ૫૦૦૦ કાગળથી	ભગવાનજી રાજા જાવિયા, પો.બો.નં. ૪૮૮૦, સાઉદીય સ્મીક
કમ્પની,	કો.ન.૧૯૭, સાઉદી અરેબીયા, RIYADH.
બે કાગળો	૪૦૦૦ વેલજી રવજી ચૌહાણ, પો.બો.નં. ૪૧૨૮, K.S.A.R.N. ૯૨૭
થી ૧૦૦૦	EPOK S.A.FITER. સાઉદી અરેબીયા.
કાગળો ૫૦૦૦	રતિલલા, અમરશી, નારણ, હંસરાજ કાનજી ચાવડાવાળા M.S.A G, શીરકે એન્ડ ફ્રાું DAOUJI પો.બો.નં. ૨૮૦૨૪, KHADARI SITE, IRAQ, BAGHDAD

રૂબરૂ ૫૦૦૦ વાત	માવજી, નાનજી, ઓધવજી, વશરામ લક્ષ્મણ જેઠા ચાર ભાઈઓ. જામવંથલી
રૂબરૂ તથા ૫૦૦૦ કાગળથી	કેશવજી હરિ, પ્રાગજી ડાયા, ટપુલાલ કાનજી, છગનલાલ પ્રેમજી, ભગવાનજી હીરજી કાચા પાંચ મળીને. જામવં.ચાવડા વિ.
કાગળથી ૫૦૦૦	મોહનલાલ રતનશી સાંપરીયા, પો.બો.નં. ૫૪૧ LOW COST, GISESS SITE, DUBAI, UAE.
કાગળથી ૫૦૦૦	કાનજી મૂળજી સોજીત્રા, પો.બો.નં ૨૨૮૫, T.N. ૪૭૧૧ AL. ધુરેર ટારમેક પ્રાઈવેટ કમ્પની, DEIRA, DUBAI.
કાગળથી ૫૦૦૦	વિશરામ ભીમજી હાલાઈ, પો.બો.નં. ૩૩૩૮, DUBAI, UAE.
કાગળથી ૫૦૦૦	જયન્તિલાલ રાઘવ, ભગવાનજી ટપુ. બંને પોરીયા, પો.બો. ૩૩૭૧ ABUDHABI, UAE
કાગળથી ૫૦૦૦	દયાળજી લાલજી મનાણી, પો.બો.૫૪૧, તુલસી મનજી મકવાણા DUBAI, બેનાર્ડ એન્ડ સન્લી સન્સ એવીરસાઈડ COG P.P. કાર્ડમાં ૩૩૭૮. B.Z. નાં.

(૨)			
૫૦૦૦ પાંચ મળીને રૂબરૂ તથા કાગળોથી	Dubai U.M.D. M-G ૧ પો.બો.૨૫૯૬ રામજી તુલસી ટાંક રવજી ગોપાલ ચૌહાણ ધૂળકોટ DAICEM લેબર કેમ્પ, AIRPORT DUBAI	DUBAI મુસ્તાગ અહમદ કંપની પો.બો. ૪૦૦૦ ચમનલાલ મોહનલાલ રાઠોડ	DUBAI પો.બો.નં.૫૪૧ શાન્તિલાલ નરસિંહ લાલા સ્વામી, કાન્તિલાલ ધનજી ધોરાજી સ્ટેશન પ્લોટ સૌરાષ્ટ્ર
કાગળ થી	મોહન કરસન મનાણી, મુસ્તાગ અહમદ કમ્પની, પો.બો. ૪૦૦૦, DUBAI ABUDHABI		

૫૦૦૦	રામજી જેઠા મકવાણા, C.N. ૫૧૪૧, પો.બો. ૩૩૭૧ સન્લી કું ABUDHABI, (મોહન કરસન રામજી જેઠા ભેગા છે.)
કાગળ	વાલજી કેશવજી ચોટલિયા, અરેબીયન હેવી ઈન્ડસ્ટ્રીઝ કમ્પની
થી	પો.બો. ૫૨૯ AJMAN
૫૦૦૦	૧૫૦૦ આમાં બીજા ભેળવવાનાં છે. કાગળો પછી
	હજાર પાંચ - ૧ અધિકમાસના
	હજાર પાંચ - ૨ વિષ્ણુયાગના
	હજાર પાંચ - ૩ રૂદ્રયાગના
	હજાર પાંચ - ૪ શિવરાત્રીના
	હજાર પાંચ - ૫ મકરસંક્રાંન્તિના, ગોકામ્બળા વિગેરે દાનોના
	હજાર પાંચ - ૬ તુલસી વિવાહના તથા ધનુર્માસની સમાપ્તિના મહાદાનો.
દસ હજાર	આશ્વિન વદ ૮ જન્મ જયન્તી આખો થાળ જૂનાગઢના મંદિરને.
ત્રીસ હજાર	આશ્વિન વદ ૮ જન્મ જયન્તી આખી મોટી રસોઈ જૂનાગઢના મંદિરને.
૫૦૦૦	એક આઈટમ ચાર ભાઈ જાવીયાની પરાધીનતા હોવાથી કેન્સલ છે.

સેવકો રામજી તુલસી ટાંક, ચમનલાલ મોહન રાઠોડ, શાન્તિલાલ નરસિંહ લાલા સ્વામી, રવજી ગોપાળ ચૌહાણ ધૂળકોટ વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળ.

૧,૨ પાનામાં વિગતો નક્કી થયેલી તમોને જણાવા કરી છે. હજુ નામો લખાણ રકમો આવશે તે નવી આઈટમોમાં નોંધમાં લેશું.

આ નકલો,

૧ વાલજી કેશવજીને

૨ હરિલાલ વેલજીને

૩ ભગવાનજી રાજાને

૪ વેલજી રવજીને

૫ રતિલાલ હંસરાજને
૬ મોહનલાલ રતનશીને
૭ કાનજી મૂરજીને
૮ દયાળજી લાલજીને
૯ મોહન કરસનને
૧૦ વિસરામ ભીમજીને
૧૧ જયન્તિલાલ રાઘવને
૧૨ રામજી તુલસીને

એક સાથે રવાના કરેલ છે. બીજા ઘણાં રહી ગયા છે. પણ પોતાની મેળે અમોને સેવા હજારથી ઉપર લખશે તો નામ મોટી આઈટમોમાં ચઢાવી દેશું. આમાં ગુલાબની પાંખડીઓ પ્રસાદીની છે. ખાજો. રાજીપો છે. બાકીના પણ સચેતન કરવા. બધાને જય સ્વામિનારાયણ.

ધાર્યું ભગવાનનું થાય છે.
ભક્તોએ ભક્તિ બજાવવી
સેવા મુક્તિ ગમ્યતામ્

- કૃ.વ.આ.
સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૦૯ **તારીખ : ૨૨-૦૬-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનાયરાણને નમો નમઃ

પ્રગટ ઉપાસકો - ભગવાનજી, નરોત્તમ ગોવિંદ, ધરમશી, જીવરાજ, વલ્લભ, ડાયાલાલ, વેલજી, રામજી, ખીમજી, રતિલાલ, વ્રજલાલ, છગનલાલ, નાનજી, દામજી, મનસુખલાલ કે બીજા જે શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તજનો તથા કચ્છી ભક્તો તથા સાથે કારીગરો બધાની ચઢતી કળા હો, આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચશો.

સેવક ભગવાનજી - ધાર્યા કરતા વધારે સેવાઓ થઈ છે અને થાશે, બધાનો સમાવેશ કરીશું. બીજાઓ ફાળાઓ ફંડો ચાલૂ જ રાખે છે, તેમા જાય, તો પછી નિજ પ્રાણપતિ શા માટે મૂંગા બેઠા રહે, માટે આ પણ ટૂચકો અજમાવ્યો તે ફળી ભૂત થયો, ઘણાં રાજી, રહી ગયા હશે તે પણ ધીરે-ધીરે સેવશે. સાચા ફણીધરોને ટકોરો કરવો પડતો નથી. છતા ચાર પાંચ બધાને લાગૂ પડે તેવા પત્રો રેકર્ડમાં સંભળાવવા મોકલ્યા છે. છેવટ સેવાના પણ તા. ૧૪/૧૫-૬-૭૯ ના બધે રવાના કર્યા છે, રહી ગયા છે તેને ગમ પડશે તો સેવશે, વિશ્વંભરને કાંઈ અધુરૂં નથી. રાજીપાની વાતો કહી.

વાલજી રવજી ૨૫૦૦, કુંવરજી મેપા ૨૫૦૦, ગઈકાલે કાગળમાં લખાઈને સૂચના છે. પ્રથમ ૧૫૦૦ હતા. પુરૂષોતમ શામજી, જગજીવન રાવજી, કેશવજી વસ્તા, એવા એવાને જાણ કરેલ જ નથી, કરે કે ન કરે, માટે જયન્તીલાલ દેવસીનો પરણ્યા પછી કાગળ જ નથી, તેને ઘેર કચ્છમાં પૂછાવ્યું છે, તે ક્યાં છે, જવાબ આવશે તો લખી મોકલશું. ૨૦૨૬ નમ્બર દુબઈમાંથી તેના સમાચાર પણ નથી, તાજા કુવેતવાળાઓને બધાને આશીર્વાદો લખ્યા છે, પત્રો આવ્યા છે.

ધૂળકોટવાળા જૂનાગઢ આવ્યા, મારી કંઠી પહેરાવી, તેના ધોળા ડાઘ બધા મટી ગયા છે, તેને ઘણો ભાવ છે. તા. ૨૪/૨૫/૨૬-૫-૭૯ ના જૂનાગઢ મોહન ખોડીદાસ આવ્યા હતા, **ગરીબ નાના ભક્તોને સેવા માટે અમો નથી લખતા જ, છતાં રેકર્ડ સાંભળીને સેવે તો લઈએ.**

બીજા હેતના હરડકા બધુ દેખાડે, ટાંણે ખસી જવા વાંક ખોળે તેવાને અમો ઓળખીએ છીએ. ઘણા છે, બધાનું કલ્યાણ હો. ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, ઈન્ડિયા, જૂનાગઢ.

પત્ર નં.-૨૧૦ તારીખ : ૨૨-૦૬-૧૯૭૯

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

ભગવાન રક્ષા કરો, શરણાગતિ મંડળની રક્ષા કરો. તમોને કામ મળ્યું તેથી અમે વધારે રાજી. અભિનન્દન વાંચજો. મસ્કત ધનજીભાઈને આશીર્વાદ લખ્યા છે. તેણે કાગળમાં ઘણી વિનંતિ લખી હતી. ગુલાબ પાંખડી મોકલાવી છે, પત્રો રેકર્ડ કરવા બધાએ સાંભળવા, **સેવા થાય, રહી જાય તે તો ભગવાનની ઈચ્છા, ભક્તો તો બળમાં છે, સેવશે જ.**

જાદવજી ભણશે, સારૂં થાશે, બજારમાં મળો તેને જય સ્વામિનારાયણ કહેવા. ભગવાનજી રાજાને જય સ્વામિનારાયણ લખશું.

ડ્રાફમાં : BANK OF INDIA,

KOTHARI SWAYAM PRAKASH DASJI

ગ્રાહક નં. 10674 (૧૦૬૭૪) છે.

કવર ઉપર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, JUNAGADH SAWRASHTRA, INDIA લખવું.

પ્રસાદી, ગુલાબ પાંખડી ખાજો. મળે તેને જય સ્વામિનારાયણ કહેવા. તારીખ : ૧૫-૬-૭૯ તેર ઠેકાણે પત્રો મોકલ્યા છે. એ જ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૧૧ **તારીખ : ૨૫-૬-૧૯૭૯**

પ્રગટની જય થાઓ, પ્રગટના ભક્તોની જય થાઓ.

ભજન કરવું. ૧ પત્ર મળ્યો, ટપુલાલ સાથે મળ્યો. ભૂલ્યા નથી.

સાઉદીયા, આજે પત્ર આનન્દથી લખી મોકલીએ છીએ. બધા સુખી રહો. **પ્રગટના જય સ્વામિનારાયણ.** ગુલાબ પ્રસાદી ખાવી.

- સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૧૨ **તારીખ : ૨૫-૦૬-૧૯૭૯**

અજમાન - સેવક, વાલજી કેશવજીભાઈ તથા નાનજી, તમોને શ્રીહરિ સુખી રાખો, ભજન કરો, કમાઓ, સેવા કરો, તમોએ પણ લખી જણાવેલ છે. તે બધા જરૂર સેવાઓ કરશે. સારૂં કર્યું.

નાનજીભાઈને રૂબરૂ તેમના ભાઈઓ મળીને પાંચ કરવા એમ વાત થયેલી હતી. તમોએ ત્યાંથી બન્નેના સાથે ડ્રાફ મોકલવા લખ્યું, પણ તમારી સાથે બીજાઓને જોઈન્ટ કરી દેવાશે. ડ્રાફ ભલે સાથે આવે, ભગવાન પાંસરૂં પાડશે. સાજા નરવા રહો, નોંધ કરી છે, ભજન કરો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. **જન્મજયંતી મોટી રસોઈ માટે ત્રીસ ચાળીશ હજાર ઉપર જમા થાય તો તેમાં બધા નાના સેવકો હજારે હજારે સામેલ થઈ જાશે.** એ જ.

બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૧૩ **તારીખ : ૨૮-૦૬-૧૯૭૯**

સેવક વાલજીભાઈ તથા સર્વે શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્ત સેવકોને ભગવાન સુખી રાખો. ગુલાબ પાંખડી ખાજો.

નાના તમામ ભક્તોને જન્મજયન્તી થાળ રસોઈમાં એક હજારથી ઉપર સામેલ કરી દેવા, લાભ દેવો, શિરનામું, ચોક્ખુ નામ-ઠામ લખવું, જમા લખી લેવા, રાજી થવાય છે, કરજો, ઉત્સાહથી કરજો, જેટલું કરશો તેનું હજારોગણું મળશે. બધાને જય સ્વામિનારાયણ કહેવા. તમારી રકમ બીજા ભેળવીને આઈટમ કરી લેશું. એ જ..

મંદિર, સીડી, ફોટોકાર્ડ સારૂં મોકલ્યું છે. ફૂલવાડીમાં સ્મારક ધારી રાખવું. એ જ.

- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી

•❀•❀•❀•

પત્ર નં.-૨૧૪ **તારીખ : ૨૯-૦૬-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવકો - ભક્ત છગનલાલ, ડાયા, ઝીણા, નટવરલાલ, ચન્દ્રકાન્ત તથા તમારી સાથે શ્રીહરિ શરણાગતિ મંડળના સેવકોની ચઢતી કળા હો. સુખી રહો, ભજન કરો, સાજાનરવા રહો, કમાઓ, વાપરો અને સેવો.

અમારી જન્મજયન્તી બધે ઠેકાણે ઉજવાય છે, જમણ થાય છે, તો જૂનાગઢ મંદિરમાં મોટી રસોઈ કાયમી બાંધવા માટે ત્રીસ, ચાલીસ કે પચાસ હજારની રકમ અનામત કરવા ધાર્યું છે. તમો નાના-નાના સેવકો એક કે બબ્બે હજાર આપશો તો તે કામ પૂરું થાશે, સેવા ગણાશે. દ્રવ્યની શુદ્ધિ થાશે માટે હજારથી ઉપર સેવાનો કાગળ અમોને લખજો. (નોંધમાં રાખશું) અને દિવાળી કે હુતાશની સુધીમાં તે કામ પૂરું કરવું છે, માટે જરૂર સંકલ્પ કરીને લખજો. **આ કામ પોતાના ભગવાન માટે લેખે છે, લાભ લેજો, શ્રદ્ધાથી સેવજો, તમોને ઘણુંજ મળશે. ભગવાને આપ્યું છે, ભગવાનનું છે એમ સમજવું,** ફાળો કરવો નહિં, તમો એક-એક હજારથી ઉપર સેવા લખજો, અમોને કાગળ લખજો. એ જ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનાં જય સ્વામિનારાયણ વાંચશો.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૧૫ **તારીખ : ૦૩-૦૭-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક છગનલાલ તમોને એક પત્ર લખેલ છે, તે મળ્યો હશે. તમારો પત્ર આજે મળ્યો. તમારા ૧૦૦૦, ઘનશ્યામના થાળ, રસોઈ, સેવા માટેના તમારે નામે લખી લીધા છે. સગવડ થાય ત્યારે મોકલવા, રાજી, સુખી હો. આશીર્વાદ, ભજન કરવું, ખુશીખબર લખતા રહેવા.

પરદેશમાં ભગવાન વિના કોઈ ખબર રાખે તેમ નથી, માટે ભગવાન સંભારવા, તમારી શક્તિ પ્રમાણે શ્રીહરિ શરણાગતિ મંડળના નાના-નાના સેવકોને સેવાનો લાભ મળે તેમાં તમોએ લાભ લીધો, ઘણુંજ ઠીક કર્યું. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. બધાને જય સ્વામિનારાયણ કહેજો.

છગન, નટવર, ચન્દ્રકાંત, ધીરજલાલ વિગેરેને આશીર્વાદ, જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ભારત, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૧૬ **તારીખ : ૦૭-૦૭-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવકો રામજી તુલસીભાઈ વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તજનો, સેવકો સુખી રહો. સારાવાના દેખો, કમાઓ, કામકાજ મળો, કમ્પની સારી મળો, ભજન કરો, ભગવાનને ભજો, સેવો, મેળવો, દર્શન કરો, સંકલ્પ પૂરા કરો, કુળ કુટુંબ બધાને ભગવાનની સેવાનો લાભ મળો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. સેવાઓની નોંધ લખાણ આવશે તેમ નોંધ લખતા જાશું. **પ્રસન્ન ભગવાન બધાની સંભાળ રાખે છે.** ધનીબેન રામજી ટાંકને આશીર્વાદ સાંજની ટપાલમાં રવાના કર્યા છે. ચમન ભગત ભરશે કે તરત જ આવશે, મળશે. ડ્રાફ અને પહોંચ લખી મોકલશું. બધા ભક્તોને જય સ્વામિનારાયણ કહેવા. **સર્વે સેવા માટે તલખો છો, સારાવાના થાશે.**

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૧૭ **તારીખ : ૧૭-૦૭-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રિયપ્રાણપતિને નમો નમઃ

ભગવાન નજર રાખે છે. ક.ને હરિકૃષ્ણને, નલીનીને આનન્દ છે. ૫૦૦ ડ્રાફ મળ્યો, વટાવા નાખ્યો છે. રાજી છીએ, ભક્તાણીને ભગવાન ભેગા જ છે. વલ્લભભાઈના ૧૦૦૦ નોંધી લીધા છે. હરિલાલ દેવશીભાઈના ૧૦૦૦ નોંધી લીધા છે, રાજી છીએ.

સગવડે મોકલવા, જયન્તીલાલ દેવશી જો લખશે જે લખશે તે નોંધી લેશું. તમારો કાગળ નોંધ તરીકે કાગળો ભેગો રાખેલ છે, રાજી છીએ.

આ વર્ષથી જ જન્મજયન્તી આસો વદ ૮ આઠમે, ૨ ની રસોઈ જૂનાગઢમાં આપીને ધામધૂમ કરશું. નાના નાના સેવકોના હજાર હજારના લખાણ આવવા માંડ્યા છે. જેટલા થશે તેટલા ઘણાં. ભગવાનનું કામ ભગવાન કરે, ભગવાનજીનું કામ ભગવાનજી કરે, ભક્તોનું કામ ભક્તો કરે, ધામમાં આનન્દના પાર નહિ રહે, અગણીત સ્વરૂપે રૂપે પ્રગટને સેવવાનું મળશે. એ જ. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

સવા લાખ ઉપર નોંધ થઈ ગઈ છે. નોંધાતા જાય છે, અને જેટલી અનામત રકમ થાશે તે રાધારમણ દેવને ચોપડે તે તે દેનારના નામે ઉધારશે, પહોંચ નીકળશે. આરસમાં એક જ પાટીયામાં કોતરાશે, હવે જેના આવ્યા તેના નામ ધીરે ધીરે કોતરવામાં લેવાશે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

પત્ર નં.-૨૧૮ **તારીખ : ૧૯-૭-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક હરિલાલ વેલજીભાઈ તથા હરિલાલ પ્રેમજી અને જેરામભાઈ બીજા શ્રીહરિ શરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો. પત્ર મળ્યો. ગુલાબ પાંખડીઓ ખાજો.

પાસપોર્ટ મળી જાશે, અરજી કરવી, ચિન્તા મટશે. વધારે ભક્તિ કરવી, બધા સારાવાના થાઓ. દેશમાં અવાય તો વીઝાથી આંટો આવવું. **તમો સેવા કરો છો, તેવી કોઈએ શરૂ કરી નહિં. ભગવાનજી રાજાને જણાવ્યું હતું કે, હરિલાલ વેલજી અમોને ૨૫૦ મહિને અર્પણ કરે છે.** એ જ.

રાજભોગના થાળનો મોટો લેખ પચાસ હજારનો કોતરાય છે, ત્રણ દિવસોથી ચાલુ કરેલ છે, દરરોજનાં પંદર રૂપિયા ઉપજે તેનો ઘનશ્યામ શ્રીકૃષ્ણનારાયણને પૂરો થાળ ધરાવાય, સૂર્ય-ચન્દ્ર તપે ત્યાં સુધી ૩૬૫ દિવસો ધરાવશે, એ લેખ અરધો કોતરાઈ ગયો છે.

બીજો નંબર સાંજના સાકર, દૂધ, પૂરી, શાક, કોરો થાળ હવે પછી કોતરાશે. તમારી ધર્મપત્નીનું નામ તથા તમારા પુત્રનું નામ લખી મોકલજો, મુંબઈ તમારે ઘરેથી મંગાવ્યું છે પણ હજી કાગળ આવેલ નથી, આવે તો બધાની રીત પ્રમાણે રકમ સાથે કોતરાઈ જાય, પાંચ હજારનો ડ્રાફ્ટ, સગવડ હોય તો રવાના કરવો, તે રકમ મંદિરની પહોંચમાં જમા થાય અને નામ કોતરાવાય. એ જ. બધાને જય શ્રી સ્વામિનારાયણ.

ડ્રાફ્ટ KOTHARI SWAYAMPRAKAS DASJI
BANK OF INDIA
ખાતા નંબર 10674 (૧૦૬૭૪) JUNAGADH

- કૃ.વ.આ.
સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૧૯ **તારીખ : ૨૪-૦૭-૧૯૭૯**

શ્રીયુત કેશવજીભાઈના શાંતિલાલ, શાંતિલાલ કેશવજી બગીચાવાળા તથા શ્રીહરિ શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો.

૧૦૬૧ નો ડ્રાફ આજે રતિલાલ લાલજી જામવંણથલીવાળા દર્શને આવ્યા તે લેતા આવ્યા છે અમોને મળી ગયા. તે રૂપિયાનો શું ઉપયોગ કરવો છે તે લખજો. આ કાગળમાં પ્રસાદી ગુલાબ પાંખડીઓ મોકલી છે ખાજો. સાથે નાનું પંચાગ મોકલ્યુ છે, સુખી રહો, ખુશી ખબર લખજો. શ્રીકૃ.વ.આ.ના શાંતિલાલ લાલજી વગેરે તમારા સાથે હોય તેમને જય શ્રીસ્વામિનારાયણ કહેજો. ખુશી ખબર બધા સારાવાના છે. **ફૂલવાડીનું કામ નદી કાંઠે હવે ચાલશે.**

બધાને જય સ્વામિનારાયણ કહેવા, આબુધાબી સેવકો શાંતિલાલ તથા રતિલાલ તથા મોહન કરશન મનાણી તથા રામજી જેઠા મકવાણા તથા જયન્તિલાલ રાઘવ તથા જયન્તિલાલ મનજી કાચા તથા ભગવાનજી ટપુ પોરીયા તથા શાંતિલાલ પુંજા વાઢેર તથા તુલશી મૂળજી મનાણી તથા પ્રાગજી રણછોડ મનાણી તથા કુંવરજી મેપા મગનલાલ મૂળજી સાપરિયા તથા નારણ પ્રેમજી ખોલીયા તથા શ્રીહરિ શરણાગતિ મંડળ બધાને પ્રગટ ભગવાન સુખી રાખો, નજર રાખો, સારાવાના કરો, આશીર્વાદ આપો, સાથે રહો, હિમ્મત આપો, પોતાના ગણો, માવતર હો. નાનજી લક્ષ્મણ વંથલી આવી ગયા છે, રતિલાલ લાલજી અત્યારે આંહી છે, તેના ભાઈ વ્રજલાલ લાલજી પણ દર્શનાર્થે આવ્યા છે, ડ્રાફ ૧૦૬૧ નો સાથે લાવ્યા છે.

શાન્તિપતિ, અક્ષરપતિ, ભક્તપતિ ભગવાનને ભજજો. 'પ્રગટાવી એવી રીત પુરૂષોતમ પ્રગટી રે' દયાળજી ભગતે બ્લોક કરાવ્યો છે, સારો થયો છે, સાઉદીયાવાળાને હજી વધારે સેવાની ઈચ્છા હોય એમ જાણવામાં આવ્યું છે. અભિનંદન વાંચજો, ફૂલવાડીનું કામ દરવાજો વગેરે હવે ચાલૂ જ છે. કામકાજ આઠ જણને લખ્યા છે ત્યાંથી વાંચી લેજો. શાંતિલાલ રૂપિયાનો ઉપયોગ શું કરવાનો છે તે વળતા કાગળમાં ચોખવટ લખજો, તમો વધારે હકીકત મોહનલાલ રતનશી, દયાળજી લાલજી, કાનજી સોજીત્રા, જયંતિલાલ રાઘવ, વશરામ ભીમજી હાલાઈના કાગળોથી જાણજો. યોગ્ય લાગે તેમ કરજો. જય સ્વામિનારાયણ.

શાંતિલાલ કેશવજીને માલૂમ થાય જે જયંતિલાલ રાઘવ, ભગવાનજી ટપુ, ભગવાનજી લક્ષ્મણ જાવીયા ત્રણ જણાને ભેગા મળવા લખ્યું છે.

- કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૨૦ **તારીખ : ૦૩-૦૯-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક હરિલાલભાઈ ૨૦૦૦ ડ્રાફ મળ્યો વટાવવા બેંકમાં મોકલ્યા છે. તમારા નામે ૫૦૦૦ ની પહોંચ રાધારમણ દેવને કોઠારે કઢાવીને આરસમાં કોતરાવવા અપાઈ જશે. લેટર મળી ગયો છે.

હેમરાજભાઈ તમારો પત્ર લઈને આજે સાંજે મળવા આવ્યા. સારી પેઠે બેઠા, શું મુશ્કેલી છે તે બધી વાત કહી, **તમારે માટે સરલ સારૂં થાય મુશ્કેલી મટે તે માટે દરરોજ પાંચ માળાઓ ફેરવશું, સારાવાનાં થશે. વિશ્વંભર નજર રાખે છે અને રાખશે,** તમોએ જે લખ્યું તે બધું બરાબર તેમ જ છે, ભગવાને ભક્ત માટે ગોઠવ્યું, હેમખેમ દેશમાં અવાય. વિઝા મળે કે બીજી રીતે શે.સા.દ્વારા સારાવાના થાય. આશીર્વાદ. **ભજન તો કરતા હો, વધારે કરવું.**

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, પ્રભુલાલભાઈ, વૃન્દાવનભાઈ વિગેરેને આશીર્વાદ.

- કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૨૧ **તારીખ : ૦૫-૦૯-૧૯૭૯**

ક. સેવક હરીકૃષ્ણ ભગવાનજી પ્રગટ ભગવાનને સેવજો. ઘરેણા, હાર, થાળ, આરતી, શણગાર, જળ, પાન, ધૂપ, દીપ, સ્તુતિ બધું ભગવાન

દેખે, સાંભળે, ગ્રહણ કરે છે. પૃથ્વીમાં મનુષ્યભાવને જ દેખાડે, ભક્તોને સુખ થાવા તેવા રહે છે.

૧ મળ્યો રાજી.

ભજન-ભક્તિ કરવી, જય સ્વામિનારાયણ, ફૂલ પાંખડી ખાજો.

- જૂનાગઢ.



પત્ર નં.-૨૨૨ **તારીખ : ૦૬-૦૯-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીહરિ શરણાગતિ મંડળોની ચઢતી કળાઓ હો, સાજા નરવા રહો, કમાઓ, ઉત્સવો કરો, આનન્દ કરો, ઘરબાર છોકરાંઓ સુખી રહો, ધનવાળા હો, ગુલાબ પાંખડીઓ પ્રસાદી ખાજો.

રામજી જેઠા, મોહન કરશન, શાન્તિલાલ કેશવજી, વાલજી કેશવજી, કુંવરજી મેપા, મોહન રતનશી પૂજારી, દયાળજી ભગત, રતિલાલ ઓધવજી, જયન્તિલાલ રાઘવ વિગેરે શાન્તિલાલ પૂંજા, કાનજીભાઈ સોજીત્રા, ધનજી ચકુભાઈ, વ્રજલાલ રણછોડ - રાજકોટ, ચુનીલાલ ભવાન - રામપર, નરેન્દ્ર અમરશી, મનસુખ પરષોત્તમ - રાજકોટ, ભગવાનજી કુંવરજી, તુલસી મૂળજી રાજા, ભગવાનજી હીરજી કાચા, નારણ મોહન ઘેલા - મસ્કત, રીયાધ, હરિલાલ દેવશી, ધીરજલાલ ધનજી, ધીરજલાલ રણછોડ દેવજી, શાન્તિલાલ નરસિંહ, લાલાસ્વામી, રામજી તૂલસી - જીરાગઢ, દેવરાજ ડાયા, છગન ડાયા, વેલજી રવજી, વિસરામ ભીમજી હાલાઈ, ચાવડા વાળાઓ - ટપુલાલ, રતિલાલ, દેવજી, ભગવાનજી રાજા વિગેરે વિગેરે ઘણાંના કાગળો, ઘણાંના ડ્રાફ, ઘણાં રૂબરૂ મળ્યા છે. ધાર્યા કામ થઈ ગયા છે. **તમો ત્યાં સન્લીમાં ઉત્સવ કરજો, જમશું, સાંભળશું, જોશું, રાજી થાશું.**

જન્મજયન્તી માટે હવે કહેવું નહિં. શ્રદ્ધા, હેત, ભાવના, નિશ્ચય હશે તે લખશે, મોકલશે, મળશે તેટલા જમા કરાવશું, કોતરાવશું, અધુરૂં રહેશે તો દેશમાં ખેડૂતો મગફળી ઉપજોવાળાને સેવાનો લાભ આપી પૂરા કરીશું.

આપણે તો નાના-નાના રહી ગયા, મોટા-મોટાએ લાભ લઈ લીધો. એ બાબત મટાડવા ટેપરેકર્ડ જાહેર મેલેલ હતું. કોઈ રહી જાશો નહિં, હજારથી વધારે જે સેવશે તે બધાને અંગીકાર કરશું, આ પ્રમાણે સર્વત્ર જાહેર કરેલ છે, ન આપે તો નહિં, આપે તો સહી. આપણને કોઈ કહી ન શકે કે મને કેમ તારવી દીધો, કે કેમ ન સંભાર્યો. બધાનાં નામો લખીને ત્રણવાર કાગળો નકલો, ટેપરેકોર્ડીંગ બધુ જાહેર કરેલ છે, માટે વિશ્વંભરને અધુરૂં કાંઈ નથી, પૂરૂં થાતુ આવે છે, અધૂરૂં હશે તો દેશમાં ખેડૂતોથી પૂરૂં કરી લેશું. ત્યાં હવે જન્મજયન્તીમાં સેવા મોકલાવવા માટે જાહેરમાં કે કોઈને કહેશો નહિં. મસ્કત, અરેબીયા, દુબઈ, બગદાદ, કુવેત, લીબીયા, ઈરાક વિગેરે વિગેરે તમામ સ્થળે બધાને ખબર મળી ગયા છે, હવે તૃપ્તિ છે. ખુશી ખબર લખજો. જય સ્વામિનારાયણ વાંચવા.

મોહન રતનશીનો પાંચ હજાર ડ્રાફટ આવ્યો. ૧૦૦૦ ત્યાં રોકાયા, હમણા ત્યાં ભલે રહ્યા. બધાની ચઢતી કળા હો, પૂના શ્રીહરિ શરણાગતિ ભક્ત મંડળ તરફથી એટલે તમારા તરફથી શ્રાવણમાં દૂધપાક જમાડ્યા છે, ખુશ થજો. બ્રાહ્મણીયુ એ થાળ જમાડ્યા હતા, આ વર્ષે જમાડવામાં બધાએ મળીને ખામી દેખાવા દીધી નથી. રાજી થજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૨૩ **તારીખ : ૧૦-૧૧-૧૯૭૯**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક તુલસીદાસભાઈ તથા રામજી ભગત, મોહનભગત આદિ શ્રીહરિ શરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો. **જન્માષ્ટમીના**

પત્રો સર્વત્ર મોકલાણા તે નવા વર્ષના જ હતા. પછી અઠવાડીએ ફરીથી પત્રોની આવવાની વાટ જોવાઈ, તેના આ વર્ષમાં નવા આશીર્વાદો હવે લખવાના-બધા સુખી હો, ભજન કરો, કમાઓ, વાપરો, સાજા નરવા રહો. અમો રાજી, તમો સુખી, દેશમાં ઘરબાર સુખી, બધાની સંભાળ ભગવાન રાખે છે.

પ્રસાદી ફૂલ પાંખડીઓ ખાજો, બધાને આશીર્વાદ જય સ્વામિનારાયણ. જન્મજયન્તી તમોએ ભારે ઉજવી, બધાને આનન્દ થયો, સુખી હો, વધારે ઉત્સવ ઉજવો, ભજન કરો. **આશીર્વાદ - કામ વધારે મળો, કમ્પનીને કામ મળો, સેવકોને કામ મળો, વિઘ્ન સન્તોષી વિઘ્નમાં જ દિવસો વિતાવે. સારાનું ફળ સારૂં, નરસાનું ફળ નરસું, એમ જ છે.**

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૨૪ **તારીખ : ૧૦-૧૧-૭૯**

સેવક રામજી તુલસીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો. તમો બધાને જય સ્વામિનારાયણ કહેજો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. **તમારી ભેગા છીએ. તમારી રક્ષા કરીએ છીએ. ભજન કરજો. સાજા નરવા રહેશો. એ જ.**

રામજી તુલસી, તુલસી મનજી, રામજી જેઠા, મોહન ભગત બે, શાન્તિલાલ ત્રણ, નાનજી ભગત, કાનજી ભગત, પોપટ ભગત બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ. ભગવાનજી હીરજી કાચા જામવંથળીવાળાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૨૫ **તારીખ : ૧૧-૧૧-૧૯૭૯**

સેવક માવજીભાઈ તથા તમારૂં કુટુમ્બ બધાને શ્રીહરિ સુખી રાખો, **ભજન કરવું. ઘણા લોકો ભજવામાં ન માનતા હોય તે સાથે કાંઈ કોઈ અવળી વાતમાં ન ઉતરવું. પોતાને ભજન કરવાનો સમય છે, માટે ભજન કરી લેવું. ભક્તિ, ભજન, પૂજા, સેવા, સત્સંગ ભગવાન લેખે કરવામાં શ્રદ્ધા ઉત્સાહ રાખવા, તો ભગવાન જરૂર મળે.** એ જ.

ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૨૬ **તારીખ : ૫-૧૨-૧૯૭૯**

સેવકો મોહનભાઈ તથા નથુભાઈ તથા તમારૂ કુટુમ્બ બધાને શ્રીજી મહારાજ સુખી રાખો.

જીતેન્દ્ર આનન્દમાં હશે. મોહનભાઈ તમારી તબીયત સારી રહે તેવી દેશી દવા લેતી રહેવી, સારૂ થાશે, રૂપિયા ઘણા ખર્ચાઈ ગયા. **જીતેન્દ્રના માતૃશ્રી માટે નીચે શ્રીજી રક્ષા લખી મોકલેલ છે, તે બાંધજો, સારૂં થાશે. ભજન કરવું, ભગવાન સિવાય બીજાનું કાંઈ ચાલતું નથી.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, આશીર્વાદ છે. આ સાથે શ્રીજી રક્ષા માતૃશ્રી માટે છે.

બાળ બચ્ચાં સુખી રહો. સંસાર દુઃખ, ગાળીયું પડ્યા પછી ખીલે બંધાય તેને કાળ પડી જાય, **માંડ પૂરૂં થાય તેવો પશુ પહાડ જન્મ ભજન વડે સુધારી લેવો.**

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૨૭ તારીખ : ૨૧-૧૨-૧૯૭૯

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને શ્રી શ્વેતાયન વ્યાસને નમો નમઃ શ્રીહરિ શરણાગતિ મંડળ જય પામો, ભક્તિ વધો, ધન વધો, હેત વધો, સમજણ વધો, સુખી રહો. ૭૦૦૦ ડ્રાફ મળ્યો. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

૧. સેવક મોહનલાલ ક.

૨. સેવક રામજી જે.

૩. સેવક તુલસીદાસ મ.

૪. સેવક શાંતિલાલ કે.

૫. સેવક શાંતિલાલ ન.

આબુધાબીની સેવા સમયસર હીરજી પેથાને મોકલાવી દેશું.

કરશનભાઈ લુવાર દર્શન કરવા આવવાનાં છે. તે સાથે મોકલાવી દેશું. હીરજી પેથા તા. ૧૫-૧૨-૭૯ ના દર્શન કરવા આવ્યા હતા, શામજી હીરજી તા. ૧૯-૧૨-૭૯ ના દર્શન કરવા આવ્યા હતા. મૂળજી રાજા તા. ૧૫-૧૧-૧૯૭૯ ના આવ્યા હતા. નાનજી આણંદ, કાંન્તિલાલ આણંદ પણ આવ્યા હતા. બધા સુખી છે, ખુશી છે. પૂનાથી શ્રીહરિ શરણાગતિ મંડળના પત્રો છે, બધા આનંદમાં છે. ભગવાન નજર આગળ તરતા હોય છે. સર્વદેશ, સમઝણ અને પ્રત્યક્ષ ઉપાસના તથા બ્રહ્મનિષ્ઠપણું અને બ્રહ્મસ્વરૂપે વર્તન, પ્રત્યક્ષનો આશ્રય, આટલા વાના હોય તો તે અક્ષરધામમાં જ છે, સુખી સુખી સુખી છે.

આ માયાનો લોક છે, શેરડી જેવો છે. રસ લઈ લેવો, છોંતા ફેંકી દેવા, અજ્ઞાનરૂપી કારણ શરીર બળે અને સાક્ષાત્કાર જ્ઞાનરૂપી જ્યોતિ પ્રગટે તેને કોઈ પ્રકારનું અંધારૂં રહેવા પામતું નથી. લોકેષણા, પુત્રેષણા, વિત્તેષણા, ૩ દ્રેષણાઓ બધી નડતરો છે. ધામેષણા, સેવેષણા, પ્રેમેષણા, મુક્તીષણાઓ સુખીયા કરે છે. લીધી, લ્યે કે લેશે તે ભવતાર પામશે. પામ્યા તે ખાટ્યા, પામે છે તે ખાટે છે. તમારા ભાગ્યનો પાર નથી. જે ભગવાન ભેળું રહેવાય છે, ભગવાનના વર્તમાન સમયમાં કમાવાય છે એને સેવાઓ થાય છે.

હીરાભાઈ શરણાગતિ મંડળનું સ્લેપ ઢાંકવો તથા ગઢ ઊંચો કરવો તે કામ પૂરૂં થશે. બહુ જ રાજી થવાય છે, પછી તો તીર્થ જેવું કે ચઢીયાતું તીર્થ તેની મેળે મંડળો વડે વિકસશે, ભગવાન રહેશે, ધામધૂમની નોબતો વગડશે, ભક્તો ભક્તિનો આનંદ લેશે, ભગવાનનું કામ ભગવાન કરશે. ભક્તોનું કામ ભક્તો કરશે. ધીરજવાળા પાર ઉતરશે, કાન ફૂટલા, હૃદય ફૂટલા, પેટ ફૂટલા ગરબાઓમાં બ્રહ્મરસના પ્રવાહો રહી શકે નહિં. સોનાના ઘડામાં સિંહણના દૂધ ટકશે. માયા પારથી આવેલાઓ આગળ વધશે અને માયાઓને અમાયા બનાવીને ધામની ધરાપણું જોતા, વાપરતા, આનંદ માણતા રહેશે.

આશરો મોટી વાત છે, ઉદર ઋષિને આશરે સિંહ થયો, બકરી સિંહને સહારે હાથી ઉપર બેઠી, ગ્રામસિંહો (શ્વાનો) નવાબને આધારે મોટરૂં મખમલ ગાદલાં માનવભોજન ભોગવતા હતા, સુદામાં કૃષ્ણને હેતે સોનાને મહેલે રહ્યા, યુવતીએ સાતમે માળે સોનાની ગોળીએ છાશ વલોવતા પોતાને સાસરો પૌત્રો સહીત દેખે એમ વરદાન માંગ્યુ તે તેને મળ્યું.

સમય સાચવતાં આવડ્યું તેને બધૂય આવડ્યું, ને નો વાપરતા આવડ્યું તેને હોય પણ નઈ જેવુ અને નકામું. રજવાડાના રાજ્યો ગયા, પણ ભક્તોનાં રાજ્યો નવાં ઉપજી આવ્યાં. બધા આનંદ કરો, શેરડી સાથે એરડી પાણી પીવે, પણ મીઠો રસ ન પામે, ઝાડવામાં મધપુડો હોય પણ ઝાડને મધ રસ ન મળે. ચકલી ધારણાવાળી હતી તેને શિખર ઉપર પાણી પાયુ હતુ, હનુમાનની ટેક હતી તો ભગવાન સાથે પૂજાય છે. જયા - લલિતાએ ભગવાન રાખ્યા તો રૂકમણી સત્યભામા જેવાં રાધા લક્ષ્મી સત્સંગીજીવનમાં લખાણા, દાદાખાચરે બધૂં આપ્યું તો પરીક્ષિતની પેઠે વંચાયા. શાશ્વત કીર્તિ ભગવાનને આધારે મળે છે. ભગવાનને માટે ભક્તનું કામ ભક્તો કરે, સુખી રહો, આશીર્વાદ જય સ્વામિનારાયણ, ગુલાબ પાંખડી ખાજો.

ભજન કરજો, સરકારી વાંકમાં ન અવાય તેમ કમાઓ. ભગવાન રક્ષા કરે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

પત્ર નં.-૨૨૮ **તારીખ : ૨૫-૧૨-૧૯૭૯**

સેવક હરિકૃષ્ણ, ક. ભગવાનજીભાઈ, પત્ર વાંચ્યો, **ભગવાનને યથાશક્તિ સેવવા,** મુમ્બઈ સેવકને જલ્દી પરદેશ જવાનું થાશે, આશીર્વાદ, ગુલાબ પાંખડી ખાજો, સુખી રહો, દર્શન થયા તે તેમ જ છે.

ભક્તોની અભ્યર્થનાઓ વાંચજો. કવર તૂટેલું ફરીથી ચોડેલું આવ્યું. બે રૂપિયા ટપાલમાં ચોરાઈ ગયા છે. નીકળ્યા નથી.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૨૯ **તારીખ : ૨-૧-૧૯૮૦**

સેવકો - વાલજીભાઈ, નાનજીભાઈ, બન્ને મોહનભાઈ, ત્રણ શાન્તિલાલભાઈ, પોરીયા જયન્તિલાલ, ચમનલાલ, કાનજીભાઈ, પોપટલાલભાઈ, વશરામભાઈ, રામજીભાઈ, રવજીભાઈ, રતીલાલ રવજીભાઈ તથા શરણાગતિ મંડળ દુબઈ એરીયા, બધા સુખી રહો. કવર મળ્યું. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. આબુધાબીનો ૭૦૦૦ ડ્રાફ નામવાર સહિત આવી ગયો છે, દુબઈનો ફાળો ભેળો કરીને મોકલાવજો, વાર લાગે તેમ હોય તો નામ, લિસ્ટ સહિત ૧ ભાગ, રકમ મળ્યે પહેલાં મોકલાવવો, બીજો ભાગ પછીથી રકમ મળ્યે મોકલાવવો, ફાળો ભેળો થાય તો એક સાથે મોકલાવજો. બહુ જ રાજી થવાય છે. તમારી ચઢતી કળા હોતી રહો. **ભગવાન રાજી, બધા કામ સફળ,** ભગત છગન પ્રેમજી કાચાના માતૃશ્રી પોષ સુદ ૧૧ એ ધામમાં ગયા એવો મેલાનો કાગળ મળ્યો છે.

જમવાની અરજી પાસ થાઓ, લાભ હો, બધા સુખી રહો. કાનજીભાઈના બાપુ મુરજીભાઈ તથા વચેટ પુત્ર કચ્છી ભગત દેવશીભાઈને સાથે લઈ જૂનાગઢ દર્શનાર્થે તારીખ ૨૪-૧૨-૭૯ ના આવ્યા હતા. દુબઈનું કાનજીભાઈએ મોકલેલ ઉત્તમ લાલ કાપડ આવી ગયા છે.

થોડા પગારવાળાઓ - કાનજીભાઈ, રામજીભાઈને ધન્યવાદ, આશીર્વાદ, સારા પગાર મળો. **ચમન મોહનલાલને પાસપોર્ટ મળે, દુઃખી ન થાય, સારૂં થાય, આશીર્વાદ. કોઈને દુઃખ નહિં થાય, હિમ્મત રાખવી, પરદેશ છે. અન્તર્યામી જોઈ રહ્યા છે, જેણે કમાણી ખોલી, તે રક્ષા કરશે.** બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૩૦ **તારીખ : ૧૨-૦૧-૧૯૮૦**

સેવક વાલજી કેશવજીભાઈ, નારણભાઈ શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો, આબુધાબીના સાત હજાર આવી ગયા. જામવંથળી મોકલાવી દીધા છે. બીજા ૨૫૦૦ ડ્રાફ આવેલ છે, તે પણ મોકલાવાઈ જશે, હવે આવશે તે પણ જરૂરત પ્રમાણે લઈ જાશે. ફૂલવાડી ઓરડા ઉપર સીમેન્ટ કોંક્રેટ માટે ધાબૂ તોડી રહ્યા છે, માલ ભેગો થાય છે, ગઢ માટે ત્રણ થર ઈંટોના પછી લેશે. કરશનભાઈ લુવારે દરવાજો સામગ્રી લઈ આદરી દીધો છે, ઠીક ઉત્સાહમાં કામ કરે છે, બધા સુખી છે.

સોસાયટી થાશે, રૂપિયા લેતી જાશે, વાર લાગશે, ધીરજ કામ આવશે.

રાજકોટમાં પ્લોટ લેવો દેશમાં રહેવાય અથવા પછી વળતર પણ વેચીને લઈ શકાય, કરજો, લેજો.

તમારી તકલીફ રૂપિયા હડેડાટી હજૂ મળતા નથી, મળે છે તે ઉકલી જાય છે, માટે સાવધાની રાખો તો તકલીફ મટે. કુટુમ્બ ઘર્ષણ વખત ન આવે, બધા સારાવાનાં થાય. બધાને નાણાં ભેગા થાઓ, કામકાજ મળો, પરદેશ વરસો, વૃદ્ધતા સુખે નિસરે, બાળ બચ્ચાંઓ સારાવાનાં દેખે, બધાને સારાવાનાં હો. આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

ગુલાબ પાંખડીઓ પ્રસાદી ખાજો. ભજન કરવું, વાંકમાં ન આવવું, દેશ મળ્યો છે કમાવાનો, મહિનો હજાર બચત રહે તો પણ દેશ કરતા સારૂં. **દુઃખે તો દુનિયા ભરી છે, સુખાશાથી સર્વે નભે છે. પ્રતાપીના પ્રતાપે સારાવાનાં હો, આશિષો. ભગવાન ખૂબ જ ભેળા રાખવા, મલીન દેશ વડે પરભવ ન થાય. સાઉદી અરેબીયામાં પાંચ હજાર કારીગરો, મજૂરો, એન્જિનીયરો, ચણતરીયા, પિલાસ્તરીયા, સુતારો, લુવારો વિગેરેની માગણી ગુજરાતી ફૂલછાબ આદિમાં જાહેરાત ચાલૂ છે, ભરતીઓ થતી જાય છે. બધાને ભગવાન પ્રેરક છે.** કમાઓ, વાપરો, મૂડી કરો. આ વર્ષે અમારે કાંઈ જોઈતું નથી. ગયે વર્ષે નોંધણી સેવા થઈ તે બસ છે. આવશે તે ભગવાન લેખે લેશું, આગળની વાત આગળ, સુખી હો, **બધાને હૃદયમાં યાદ કરૂં છું.** જય સ્વામિનારાયણ મળે તેને કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૩૧ **તારીખ : ૪-૨-૧૯૮૦**

જૂનાગઢ.

શ્રીહરિકૃષ્ણ ભગવાનને નમઃ

સેવક હરિલાલ વેલજીભાઈ (મસ્કત) બહેરીન આપે મોકલાવેલ ફોટો પટ્ટીમાં ફોટાઓ લેવરાવીને તે પટ્ટી આજે આ પત્ર સાથે રજીર્ટર્ડથી રવાના કરેલ છે, થાય તેટલું કામ કર્યુ છે, તમો પણ યથાશક્તિ ધારેલ કરજો. સારાવાના હો, ભજન કરજો, સુખી રહો, સાથે હોય તેમને જય સ્વામિનારાયણ કહેજો. ખુશી ખબર લખજો.

તમારે ૫૦૦ જે લેખ માટે જૂનાગઢ મંદિરને અર્પણ થયા તેની પહોંચ આ પત્ર સાથે મોકલાવી છે. તમારૂં નામ લેખ કોતરાઈ ગએલ છે.

ભગવાન રાજા છે. દરરોજનું સેવા પુણ્ય તમોને ઘણું જ મળે છે, કમાણી આગળ ચાલે તેવી સગવડે આગળ વધવું, દેશમાં ઉપજ નથી. તેમ સગા કુટુમ્બી મુમ્બઈ આનન્દમાં છે, ભાઈઓ કમાતા હાથ પગભેર છે. બાપા વેલજીભાઈને નેત્રોમાં કામચલાઉ સારૂં છે, ચિન્તા કરવી નહિં, ભગવાન સંભાળ રાખે છે. એ જ. આશીર્વાદ, જય સ્વામિનારાયણ, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. મંડળના જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર

•❀•❀•❀•

પત્ર નં.-૨૩૨ **તારીખ : ૧૦-૨-૧૯૮૦**

સેવક, કરમશી મોહન સવાણી તથા મોહન ભગત, રામજી, શાન્તિલાલ ભગત, હેમરાજ ભગત, નાનજી ભગત, મગન ભગત, લાલજી ભગત, કાનજી ભગત, મનહર ભગત, ભગવાનજી પોરીયા, વસરામ ભગત, રતિલાલ ભગત, પ્રવિણ ભગત, ધીરજલાલ ભગત, કાન્તિલાલ ભગત, નારણભગત, રણછોડ ભગત, શાન્તિલાલ વાઢેર, દામજી ભગત, શ્રીહરિ શરણાગતિ મંડળ બધાની ચઢતી કળા હો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, ભક્તિ કરજો, સુખી હો, સત્સંગ કરવો, **પ્રત્યક્ષની સેવા ઉપાસના મોક્ષ આપનારી છે, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ રક્ષા કરો.** સુખી હો.

ભક્તો સુખી હો, દેશમાં અવાય ત્યારે બની શકે તો દર્શન કરવાં, સેવા કરો છો, કરવી, ભજન-ભક્તિ કરવાં, આજે રામજી જેઠાનો પત્ર મળ્યો છે. બીજા પણ પત્રો મળ્યા છે, બધા સુખી રહો, આશીર્વાદ. સત્સંગ કરવો. રાપકોમાં જવુ આવવું.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૩૩ **તારીખ : ૧૭-૨-૧૯૮૦**

સેવક કાનજી મૂળજીભાઈ તથા એ.સી. ના સેવકો તથા થાળ, રસોઈયો, મહાપૂજાઓ, પુસ્તકોના સેવકો. તમામ દુબઈ, આબુધાબી, આઈસલેન્ડ, આદિ સ્થાનોમાં વસતા શ્રીહરિ શરણાગતિ મંડળોને આશીર્વાદ સાથે ઘણાં-ઘણાં જય શ્રીસ્વામિનારાયણ.

સુખી હો, સેવાઓ મળે છે. એરકન્ડીશન રૂમમાં ગોઠવીને ચાલુ કરી દીધા છે, ભારે હવા ગરમ ઠંડી આવે છે, શરીરે સાજા નરવા છીએ, તમો બધા સાજા નરવા હો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

સુરત, તીર્થ, જીરાગઢમાં શ્રીહરિ શરણાગતિ મંડળ વિશાળ સત્સંગ થાય એમ ધારે છે, એકાદશી વિગેરેની સભામાં સારા ઉદ્‌ગારો જાહેર કરે છે, તે પત્ર દ્વારા માલમ પડેલ છે.

આજે **ભીમજી ભાણજી વિગેરે શ્રીહરિકૃષ્ણમહારાજ પ્રગટ ભગવાન પુરૂષોતમ નારાયણની મૂર્તિ માટે મૂર્તિ ઢળાવવા માટે મથુરાજી ગયા છે, હજુ વાર લાગશે. શ્રીસ્વામિનારાયણ પ્રગટ ભગવાન રાજી છે. તેમનો સત્સંગ વધશે, ધુન્ય ભજન કરજો.** એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૩૪ **તારીખ : ૨૯-૦૨-૧૯૮૦**

સેવક હરિલાલ વેલજીભાઈ તથા હરિલાલ પ્રેમજીભાઈ તથા શ્રી હરિ શરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો. ભજન કરો, તમોએ મોકલાવેલ પટ્ટીમાં આપણા ઓરડામાં છ ના બાર એમ ફોટાઓ લેવરાવ્યા છે, આ મોકલાવ્યા છે, હવે સારા આવે તેમ થશે. **ભગવાનની ગતિ ન્યારી છે, વિશ્વંભરને અલમસ્તપણું હોય છે. તમો થાકતા નથી, તમારી શ્રદ્ધાને ધન્ય છે.** ડ્રાફ મળશે ત્યારે બીજો કાગળ લખશું. હરિલાલની ભક્તિ વધો,

પરદેશ આવ્યા તે સારૂં થયું, ભજો, કમાઓ, સુખી રહો, આશીર્વાદ છે. બન્ને ઉપર રાજી છીએ, તમારૂં કામ વધશે, સારાવાના હો, હજુ કમાવાની જરૂર છે, વીઝામાં પાછુ જવાય તેમ થાય એમ ઈચ્છા ભગવાનની ખરી. બધાને જય સ્વામિનારાયણ. ફૂલ પાંખડી ખાજો. પટ્ટી મોકલાવેલ છે.

આજે બપોરે ૨૦૦૦ ડ્રાફ ફૂલવાડીનો મળી ગેલ છે.

- કૃ.વ.આ.
જૂનાગઢ

•❀•❀•❀•

પત્ર નં.-૨૩૫ **તારીખ : ૨૭-૦૩-૧૯૮૦**

સેવક વાલજીભાઈ, નરેન્દ્ર, દીનેશ બધાને શ્રીહરિ સુખી રાખો.

દુબઈના પત્રોથી તથા ભગવાનજી રાજાથી માલૂમ થયું કેશવજીભાઈ ધામમાં ગયા, તમો રાજકોટ આવ્યા છો. **ગયા તેનો આત્મા ભગવાન પાસે સુખમાં રહો, ગયા તેની ખોટ પૂરાય નહીં, તેઓ પાછા આવે નહીં. માનવ રીતરીવાઝ શોક મોહ બધૂંય થાય, સમજણ આગળ બધૂં શાન્ત પામે, ભજન કરવું, કુટુંબને શાંતિ રહો.** જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ

•❀•❀•❀•

પત્ર નં.-૨૩૬ **તારીખ : ૨૮-૦૩-૧૯૮૦**

સેવકો - રામજીભાઈ, તુલસીભાઈ, રામજી જેઠા, મોહન ભગત પૂજારી, તુલસી મનજી, દયાળજી ભગત, નાનજી ભગત, કાનજી ભગત, દેવશી ભગત કચ્છી, શાન્તિલાલ કેશવજી, શાન્તિલાલ નરસીંહ (વાલજી ભગત આજે જૂનાગઢ દર્શને આવ્યા છે.) અમારી તબીયત સારી છે. તમો સર્વે મજામાં રહો. **તમારા કુટુમ્બ પરીવારને પુણ્ય વધો, ઉપાસના વધો,**

કલ્યાણ થાય. વાલજી ભગતનાં જય સ્વામિનારાયણ બધાને કહેજો. **આસુરી બુદ્ધિ સત્સંગ થતાં થતાં મટે, પછી એકાન્તિક થાય. પછી ધામમાં મૂર્તિને પામે.**

હેમત ભગત વિગેરે જય સ્વામિનારાયણ પત્ર આવ્યો હતો. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. ભજન કરજો. આશીર્વાદ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

પત્ર નં.-૨૩૭ **તારીખ : ૧૬-૪-૧૯૮૦**

સે.હરિકૃષ્ણ, ક. વિગેરેને તા. ૧૫-૪-૧૯૮૦ ના ત્યાં મોકલ્યા છે. ભ.૨.પહોંચી ગયા હશે.

રક્ષા તો ભગવાન કરે, સેવાનું ફળ ઘણું મોટું હોય છે, બધેથી ઉગારે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. આશીર્વાદ, સાજા રહો.

જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૨૩૮ **તારીખ : ૧૮-૦૪-૧૯૮૦**

સેવક હરિલાલ બન્ને ભગત તથા શ્રીહરિ શરણાગતિ મંડળની ચઢતી કળા હો, પહેલાનો કાગળ મળ્યો હતો. ફોટાનું કામ સારૂં કરજો. **દેશમાં તો કાંકરા ઉડે છે, અરબસ્તાનમાં સોનાના રીયાલ ઉડે છે માટે દેશમાં આંટો મારીને પાછું અરેબીયા જવાય તેવી સગવડ કરવી. દેશમાં આવો એટલે કમાણીને પાખું અને પગો બન્ને આવવા માંડશે, ભલે આવે પણ ધીરજથી સંભાળીને કામ લેવું, હજુ કોઈને ઘરે લીલા ઝાડમાં ફળ આવતાં દેખાતાં નથી, લીલા ઝાડ તો થયાં, માટે અમારી ભલામણ તો લાખ લાખ ઉપરના આસામી થાવા જોઈએ, ભગવાન કરે તે ખરૂં.**

રોલ નંબર બે મળ્યા છે. તમારા લખવા મુજબ તે ફોટોગ્રાફરને કિમ્મત વડે અપાઈ જશે.

કેરાળાના ભક્તને આશીર્વાદ તકલીફ દૂર થશે. શ્રીજી રક્ષા ૧ કંઠમાં કે ભૂજામાં બાંધે અને બીજી દુકાનમાં દેવને પડખે રાખે તો સારાવાનાં થાશે.

ચન્દ્રકાન્તભાઈ ફોટાનું કામ સારૂં કરશો જ આશીર્વાદ, સારાવાનાં કાયમ હો.

ભજન કરવું. પ્રસાદી ગુલાબ પાંખડી ખાવી. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ

•❀•❀•❀•

પત્ર નં.-૨૩૯ **તારીખ : ૧૫-૦૫-૧૯૮૦**

સેવક વિસરામભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ બધા ભક્તોને ભગવાન સુખી રાખો. તબિયત સારી છે. તમો સુખી હશો, **ધ્યાન ભજન કરવું, દર્શન હૃદયમાં મૂર્તિ સંભારવી, આશીર્વાદ.** આનંદમાં સાજા નરવા રહો, સત્સંગ ખૂબ જ રાખો, દેશકાળ પ્રમાણે વરતો.

મોહન ભગત, વાલજી ભગત, નાનજી ભગત, દયાળજી ભગત, પ્રેમજી ભગત, રતિલાલ ભગત, કાનજી ભગત બધા સુખી હો.

જાદવજી પાસ હો, **ઘરમાં બધા ભજન કરો,** જેઠી સાહેબ સુખી હો.

મળે તેમને જય સ્વામિનારાયણ કહેવા.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. શાંતિલાલ કેશવજી દર્શને આવ્યા છે. ચમનલાલ મોહનલાલ દર્શને આવ્યા છે.

શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

જૂનાગઢ

•❀•❀•❀•

પત્ર નં.-૨૪૦ **તારીખ : ૧૯-૦૫-૧૯૮૦**

સેવક મોહનલાલ રતનશીભાઈ તથા દયાળજી ભગત, વાલજી ભગત, નાનજી ભગત, રામજી ભગત, રવજી ગોપાળ ભગત, નારણ ભગત, આદિ **શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્તોને પ્રગટ શ્રીહરિ સુખી રાખો.**

તમારો ૧૦૦૦ ડ્રાફ નાનજીભાઈ દ્વારા મોકલાવ્યો તે મળ્યો. નાનજી લક્ષ્મણ તથા વેલજી કેશવજીને ડ્રાફ મળવાનો કાગળ આજે અજમાન લખ્યો છે. તમારો ડ્રાફ ૧૦૦૦ જન્મજયંતીના લેખની વ્યવસ્થામાં, યાદીમાં જમા લીધા છે. રાજી, રાજી, રાજી. પૂના તમારા પરીવારને બે દિવસ પહેલા જ આશીર્વાદ લખ્યા છે. બધા ખુશીમાં છે, પુના શ્રીહરિ શરણાગતિ મંડળ બધૂ ખુશીમાં છે.

મોહનભગત, ભગવાનજી રાજા વિગેરે પરદેશ જવામાં હવે તૈયારીમાં છે. શાન્તિલાલ કેશવજી બગીચા તથા ચમનલાલ મોહનલાલ ગઈકાલે જૂનાગઢ દર્શને આવ્યા હતા. તીર્થમાં કુ. ગયા છે, આનન્દમાં છે, બધા આનન્દમાં છે, છગનલાલ પ્રેમજી કાચા આંહી છે. સારડો નાખવા તપાસ જલ્દી ચાલૂ છે, ૧૦૦ ફૂટ - ૨૦૦ ફૂટ કે વધારે ઉપર પાણી આવે તેમ ઠરાવ કરવામાં વાર લાગી છે. ખર્ચ અંદાજ હજુ બરાબર જાણવામાં નથી આવ્યો, છતાં ૨૦૦ ફૂટ શરૂ કરશું, પાણી ઉપર નહિં આવે તો પાંચસો ફૂટનો ઠરાવ કરી તે પ્રમાણે કરશે એમ વંથળી હીરા પેથા વિગેરેએ તપાસ ચાલૂ રાખેલ છે, તમોને દસ પંદર દિવસોમાં જામવંથળીથી કાગળ અંદાજ ખર્ચ મળી જાશે, **સમૂહ મળીને ખર્ચ માથે રાખજો, પાણી પરબ જરૂર કરવું છે.** સારાવાના થાશે, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો, શુક્રવારે મળે તેમને આશીર્વાદ, જય સ્વામિનારાયણ કહેજો. વિસરામ ભીમજી હાલાઈને બે દિવસો પહેલાં ખુશી ખબર આશીર્વાદ લખ્યા છે. શ્રીહરિ શરણાગતિ મંડળ બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ

પત્ર નં.-૨૪૧ **તારીખ : ૨૨-૦૫-૧૯૮૦**

સેવક વસન્તલાલ વિગેરે **શ્રીહરિ શરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો, સમજણ પ્રમાણે ભજવા, નિશ્ચયમાં વધારો કરવો. ભગવાન રાજી થાય ત્યારે આપો આપ દર્શન આપે છે. ભક્તો સાથે કથા વાર્તા કરવી, સત્સંગ કરવો, મહોત્સવ ઉજવવો.** ફૂલવાડીના પાણીના પરબ માટે બધા મળીને કરશો તો ઘણું જ સારૂં થાશે. ભગવાન ઓળખાય. એ જ.

શાન્તિલાલ બગીચાવાળા દર્શને આવી ગયા છે. દેશમાં અવાય ત્યારે દર્શને આવવું, હમણા કમાઓ, અમારે કાંઈ જોઈતું નથી. **ભગવાન તમોને ખૂબ આપો, બધા મળી ફૂલવાડી પાણી પરબ બંધાવવું.** એ જ.

શ્રીહરિ શરણાગતિ મંડળને આશીર્વાદ તથા જય સ્વામિનારાયણ કહેજો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.
જૂનાગઢ

પત્ર નં.-૨૪૨ **તારીખ : ૨૪-૦૫-૧૯૮૦**

અનાદિ શ્રીકૃષ્ણનારાણાય નમઃ
શ્રી શ્વેતાયન વ્યાસાય નમઃ

સેવક હરિલાલભાઈ, વેલજીભાઈ તથા સેવક હરિલાલ પ્રેમજીભાઈ તથા ચન્દ્રકાન્તભાઈ તા કેરાળાવાળા ભક્તજનો **શ્રીહરિ શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી સાજાનરવા રાખો.** આશીર્વાદ જય સ્વામિનારાયણ વાંચવા.

ફોટાઓ BY AIR PARCLE બાય એર પારસલથી બારદાન આવે તો અને મુંબઈથી જૂનાગઢ રેલમાં કે પોસ્ટમાં પહોંચી શકે તો તેમ મોકલવા. નહિં તો તમારી સાથે પારસલ કરાવીને લેતા આવવા. આંહી તે મેળવવામાં હેરાનગતિ ઘણી થાય તેમ ન મોકલવા. જૂનાગઢ એર સર્વીસ નથી, એર

સર્વીસવાળા રેલ્વેમાં ન મોકલાવે તો પારસલો રજળી પડે, માટે સાથે લાવો તો ઠેક ઠેકાણે આગળ ધપાવાય, જૂનાગઢ પહોંચાડાય (આ ખાસ ભલામણ).

કેરાળાવાળા ભક્ત માટે શ્રીજી રક્ષા મોકલી છે.

શ્રીયુત ચન્દ્રકાન્તભાઈને ગુણાતીતાનન્દ સ્વામી તથા શ્રીજી મહારાજ રક્ષા કરતા રહો, ભજન કરો, આનન્દમાં રહો, ખૂબ જ અક્ષર અક્ષરાતીત પ્રસન્ન હો.

આ પત્રમાં પ્રસાદી ગુલાબપાંખડીઓ મોકલી છે, ખાજો. **મૂર્તિને પધરાવી ભજન કરો છો, સારૂં કરો છો.**

શ્રીયુત ચન્દ્રકાન્તભાઈ ફોટામાં તમોએ હરિલાલભાઈને ઘણી મદદ કરી સાથ સહકાર આપ્યો. **તમોએ પરદેશમાં સારો સત્સંગ રાખ્યો. ઘણું જ ઉત્તમ સત્કાર્ય દિવ્યપણું વખાણવા લાયક ગણાય, બળ રાખવું, ભજવા,** આશીર્વાદો સાથે જય શ્રી સ્વામિનારાયણ. **દર શુક્રવારે પ્રસાદી ખર્ચ પણ કરો છો, ઘણું જ ઉત્તમ ગણાય.**

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૪૩ **તારીખ : ૨૯-૦૫-૧૯૮૦**

સેવક શાન્તિલાલભાઈ ઉ. કુટુમ્બ. સુખી હો, બરકત રહો, સાજા નરવા રહો, નજરમાં છે, **ભગવાન ભજવા, ધંધામાં સફળતા મળે, દુઃખ નહિં આવે, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, સુખી રહો, પુરૂષોત્તમ માસમાં વધારે પાંચ પાંચ માળા ફેરવવી.** આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

•❀•❀•❀•

પત્ર નં.-૨૪૪ તારીખ : ૧૭-૬-૧૯૮૦

સેવકોના ભગવાન, ભગવાનના સેવકો - રતિલાલ, દેવજી, શામજી, જયન્તિલાલ, કુંવરજી, રામલાલ, ચંદુલાલ, શામજી, પ્રવિણ, પ્રભુલાલ વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળ, પૂના - ફૂગાવાડી - દામોડી તમો બધા સુખી રહો, વધારે સુખી હો. પ્રગટના સુખ લ્યો છો, આ લોકમાં ભગવાનને સેવવા, રાજી કરવા આવ્યા છો, તમો ભગવાનની મિલ્કત વાપરો છો, ભગવાને આપેલ છે, ભગવાનને વપરાવો છો, ભગવાન સાથે આવીને પ્રગટને માટે બધો સાજ સમાજ તૈયાર સમર્પો છો, આત્મનિવેદી ભક્તિમાં ચઢતો અને ચઢતો રંગ રહો, કાયમ સેવા ભક્તિમાં વરતવું છે, ધામમાં અંગ-અંગની સેવાઓ તમારે માટે ખુલ્લી છે, બહુ જ રાજી. ૧૧૫ મળ્યા, જમવાથી ભારે અમીના ઓડકાર આવ્યા, કાગળ વાંચીને તો ધામની અમી ઝરી સુખ આનન્દ વધારે વર્ત્યા છે, માટે ભક્તમંડળીએ પુરૂષોત્તમને જમાડ્યા, ભક્ત શરણાગતિ મંડળે પણ જમાડ્યા, બહુ જ રાજી, પુરૂષોત્તમ માસના અખૂટ પુણ્ય મળો. સાજા નરવા સુખી રહો, ભજન કરો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

બન્ને તરફના હેતના સુગન્ધ, સૌરભ, અમીરસથી બધા રસ હેઠા ગણાય. પણ બન્ને તરફના પ્રેમ પીયૂષ ભોજનામૃત રસો આગળ તો બીજા બધા છાશ રસો થઈ ગયા છે.

'વાલાએ રસના ચાખણ હાર કે, છાશ તે નવ પીયે રે લોલ.'

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર.



પત્ર નં.-૨૪૫ તારીખ : ૧૮-૦૬-૧૯૮૦

આત્મસ્વરૂપ સેવકો, એક હૃદયના શિષ્યો ભગવાનમાં જ આત્મનિવેદી ભક્તો દૂર છો, પણ ભેગા જ છો, ૪૦૦૦ નો ડ્રાફ આજે

મળ્યો, બહુ જ રાજી. છગન ભગત લખે છે કે તા. ૧૭, ૧૮ નો કૂવામાં સારડો ચાલૂ કરવો છે. તીર્થના રાઘવ ભગત લખે છે વરસાદ ખૂબ જ છે જેથી બે ચાર દિવસો કોરડ થાય ત્યારે ડંકી અને જાજરૂઓ ચાલૂ કરવા જ છે, બધૂં કામ તૈયારીમાં જ છે, તમોએ ભારે કામ સેવા મોકલાવી, બાકી વ્યવસ્થા થઈ જશે. સારાવાના થશે, બહુ જ રાજી, આનન્દમાં. ફૂલવાડી ઢાંકવાનું તથા વંડો ઉંચો લેવાનું પણ હવે ચાલૂ કરશે, એમ લખે છે.

જે મળે તેને જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ

•❀•❀•❀•

પત્ર નં.-૨૪૬ **તારીખ : ૧૯-૦૬-૧૯૮૦**

સેવક વીસરામ ભીમજીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

ફૂલવાડી, સારડો / તીર્થ, ડંકી સેપ્ટીંગ / કરાવવા આદરી દીધાં છે. **પગાર થાય ત્યારે સેવા પણ થાય, પ્રત્યક્ષ શ્રીહરિ સારૂં કરો, સાચા ઘાટ સંકલ્પ, સત્કાર્ય થાઓ, ભજન કરો, કમાઓ, વાપરો, ભગવાન મળ્યા તે ઠેકાણું જ છે. અરબસ્તાન કે કચ્છ કે અન્યત્ર ક્યાં ઠેકાણું છે, દુઃખ સહન કરવું, શિક્ષા મળે તે વૈરાગ્ય ભાન ઉપજાવે.** એલાન, આબુધાબી, દુબઈ બધાને જય સ્વામિનારાયણ.

જેઠી સાહેબ તથા જાદવજીના પત્રો આવે છે, સમય પ્રમાણે આશીર્વાદ લખીએ છીએ, ગુલાબ મોકલીએ છીએ. તીર્થમાં ડંકી, સેપ્ટીંગ જાજરૂ બે કામ ચાલુ કરવા છે.

ગુલાબ પ્રસાદી ખાજો. બધાને આ વાતની જાણ કરવી. સારૂં કામ જલ્દી થાય માટે.

•❀•❀•❀•

પત્ર નં.-૨૪૭ તારીખ : ૦૩-૦૭-૧૯૮૦

ચરણ સેવક તૂલસીદાસભાઈ, રામજીભાઈ, શાન્તિલાલ પૂંજાભાઈ, કાનજીભાઈ, દુબઈ શરણાગતિ મંડળના સત્સંગીઓને શ્રીજી મહારાજ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીહરિ સુખી રાખો. આનન્દ કરો, કમાઓ, સાજા નરવા રહો, પરીવાર સુખી રહો, ભગવાનને ભેગા રાખો, વધારે વધારે રાખો. આત્મનિવેદીને પ્રાણનાથ દૂર નથી, ભક્તને ભક્તિ વડે બંધાએલા ભગવાન હૃદયકમળમાં વસે છે, નજર રાખે છે, ભેગા જ ખેલે છે. ભગવાન જ કર્તા હર્તા, દ્રષ્ટા ભોક્તા, ફળદાતા, આનન્દપ્રદાતા, સુખપ્રદાતા, રક્ષક, શ્રોતા, વક્તા, બોધ્ધા, ભક્તસ્વરૂપે રહેતા, ભક્તમાં પ્રવેશીને બધુ ધ્યાન રાખતા, સ્પર્શ કરતા, ચાલતા, બોલતા, ક્રિયાઓ કરતા, ભગવાન જ ભક્તમાં વસેલા છે, બધે રક્ષા કરે છે.

જમતા, પીતાં, ઉંઘતા, હાલતા, ચાલતાં, સૂતાં, જાગતાં, બોલતા, રમતા, ન્હાતા, ધોતા, વિચરતા ભગવાન જ ભેગા ભેગા રક્ષા કરે છે. ભક્તની આંખ વડે જુએ છે. ભક્તના કાન વડે સાંભળે છે, ભક્તના મુખમાં જમે છે, જીભમાં બોલે છે, હાથ પગમાં અડે ફરે છે, ભેગા નિંદ્રા કરે છે, ભેળા જ સુખ આનન્દ આપે છે, આ કમાણી ભગવાનની છે, ભક્તે તો ભગવાનની પ્રસાદી વાપરવાની છે. ભક્ત અને ભગવાન ઓળખાણા તે ધામના વાસી છે. ભગવાનના તીર્થ તે ભક્તો માટે જ છે. જીવ તેનો, પ્રેમ તેનો, આનન્દ તેનું જ્ઞાન તેનો પ્રકાશ તે ભગવાનના કિરણો છે. બધી લહેર્યો તે ભગવાનની સુખડીઓ છે, ભગવાનમાં વિશેષ વિશિષ્ટ થઈ એકમેક રહેવું.

૨૪-૨૫ તત્ત્વો ભગવાન તદાત્મક છે માટે આવી ધારણા કરવી, ધ્યાન કરવું, ભગવાનમાં સ્થિર રહેતા શીખવું, સમાધિમાં દેખાય. ભગવાનની મૂર્તિ, ઈન્દ્રિયો, અન્તઃકરણ, ચેતન, ચંચળતા, ક્રિયાઓના આનન્દ લેતા શીખવું. આબુધાબીથી પણ ડ્રાફ ૧૧૯૫૩ નો ફૂલવાડી માટે તથા તીર્થ માટે ભેગો સયારો આવ્યો છે, વિભાગ કરીને વપરાશ થશે. એ જ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. તીર્થ માટે છ હજાર તો વપરાઈ જાશે આ ધ્યાનમાં રાખજો.

અક્ષરધામમાં બ્રહ્મલોકમાં સર્વે ઠેકાણે ભગવાનની મૂર્તિમાં રસબસ થાવું. 'વ્હાલા એ રસના - ચાખણહાર કે છાશ તે નવ પિયે રે લોલ, વન્દુ સહજાનન્દ રસરૂપ અનુપમ સાર ને રે લોલ, વ્હાલા તારી મૂર્તિ અતિ રસરૂપ રસિક જોઈને જીવે રે લોલ, વ્હાલા તારૂં જોબન જોવા કાજ કે ચિત ચરણે ભમે રે લોલ, હારે મારે આજ પ્રીતમ ઘેરે આવશે, હાંરે રંગડાની તે રેલું વાળશે જીરે, હારે મેં તો ફૂલડે બીછાવી સહેજ, હાંરે મુને મુખથી દીધો રે તંબોળ હંસીને બોલાવી રે, મારા મનની ઈચ્છા આજ સઘળી ફાવી રે, એક સ્નેહ લગન વિના નવ આવે રે, ભાંગી મારે જનમો જનમની ખામી। આમ ભગવાન ભજવા, પ્રેમ સખીએ ભજ્યા. પ્રેમ કે પર્યકપર પ્રભુ કરત સુખ આરામ। હૈયાનો હાર હરી રે મારે રંગભીનો હૈયાનો હાર હરિ ॥ તુલસીદાસ તુલસી વિવાહ તુલસીપત્ર પૂજા કરો, આનન્દમાં રહો. જન્માષ્ટમી આબુધાબી કરજો. શાન્તિલાલે ૧૦૦૦ ધારી રાખ્યા તે વધારે રાજી, ભગવાન તેને ઘેર દીકરો આપશે. ફૂલવાડી, તીર્થ, સારડા, ડંકી કામ ચાલૂ છે.

રામજી જેઠા વિગેરેને જય સ્વામિનારાયણ. તીર્થમાં સાડાચાર હજારનો સામાન લીધો છે. ડંકી, સંડાસ, બાથ, નાળ, ભોં વિગેરે ચાલૂ છે. દરરોજ કથા ધૂન્ય થાય છે. રાજી.

- કૃ.વ.આ.



પત્ર નં.-૨૪૮ તારીખ : ૧૯-૦૭-૧૯૮૦

સેવકો હરિલાલ વેલજીભાઈ, હરિલાલ પ્રેમજીભાઈ, વેલજી મનજીભાઈ, શાન્તિલાલ પરશોતમભાઈ, મનસુખ, ધીરજલાલ દામજીભાઈ, જયન્તીલાલ મનજીભાઈ, ધરમશી લાલજીભાઈ **શ્રીહરિ શરણાગતિ મંડળ તમો સર્વે અમારા કૃપાપાત્ર સેવકોને પ્રગટ ભગવાન નજર રાખો, સુખી રાખો,** લીસ્ટ સાથે ઈન્ડિયન રૂપિયા ડ્રાફ મળ્યો ૫૩૪૭ ભાવફેર ૫૪૪૩ મળ્યા.

બહુ જ રાજી, આવુ વચન તુરંત જીલ્યુ, બહુ જ પરોપકારી કામ થાય છે, તીર્થમાં મહેમાનો માટે સગવડ થાય છે. સુખી થવાય, ભગવાન નજર રાખે છે. બધા સાજા નરવા રહો, તીર્થમાં લગભગ ડંકી, બાથ બે, સંડાસ બે, નળ, ટાંકી બે, વંડી વિગેરે કામ પૂરાં થવા આવ્યાં છે. રાજી, રાજી, રાજી.

ફોટાઓ ૧૨ નંગ રજીસ્ટર્ડ મળ્યું, સારૂં કામ થયું છે. ચાર ફોટા પાછળ ૧૦૦૦, નંગ વાંચ્યા, સારૂં કરો છો અને કરજો, બળ રાખજો. હવે દેશમાંથી ભક્તો તમારા તરફ તથા દુબઈ પણ ઉપડશે.

પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, ૧ કવર ત્રણ દિવસો પહેલા હરિલાલ વેલજીને રવાના કરેલ છે.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૪૯ **તારીખ : ૨૨-૦૮-૧૯૮૦**

શ્રાવણ સુદ એકાદશી

સેવકો રતિલાલ હંસરાજ, રતિલાલ લાલજી, અમરશી હંસરાજ, ટપુલાલ કાનજી, છગનલાલ મૂરજી રાજા, વેલજી રવજી, આંબાલાલ, હરિલાલ વેલજી, હરિલાલ પ્રેમજી બધા સુખિયા રહો. સુખિયા હો, વધારે કમાઓ, **ભગવાનની અકળ કળા છે, દુબઈની ભૂમિ જગાડી, હવે બેહરીન, રીયાધ, મસ્કત, સલાલાની ભૂમિ જગાડો. અજમાન, રિયાધ વિગેરે છેટા-છેટા ભક્તો ભેગા જ છો. પ્રગટ પ્રભુની અકળ કળા છે, કેવી લ્હેર આવે છે, અમોને તો ઘણો આનન્દ થયો, સાજા નરવા રહો.**

ગુલાબ પાંખડીઓ પ્રસાદી ખાજો. સંભાળ રાખશું, બધે સંભાળશું, નિશ્ચિંત રહેજો.

૨૦ તારીખે ફૂલછાબમાં છપાણું ૨૫૦ પેસેન્જરો સહિત બહેરીનથી ઉપડ્યું વિમાન રીયાધમાં ઉતરીને આખું સળગી ગયું. બધા બળી ગયા.

તમોને ભગવાને ભજન કરવા, કમાવા રક્ષામાં રાખ્યા છે. એ જ. આનન્દ રાજીપાની ગુલાબ પાંખડીઓ મોકલી છે. સુખી હો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

ખુશીયાલી માટે પ્રસાદી ગુલાબ પાંખડીઓ છે.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૫૦ **તારીખ : ૧-૯-૧૯૮૦**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ નમો નમઃ, શ્રીહરિને નમઃ ।

પ્રિય સેવકો, વાલજીભાઈ તથા નાનજીભાઈ, અજમાન, દુબઈ તથા શ્રીહરિ શરણાગતિ સેવકો મંડળ સમસ્ત.

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા ભક્ત ભગવાનજી રાજા, ભક્ત કેશવજી હરિભાઈ, સાતમને સોમવાર, જબરૂં ગાદલૂં ડનલોપ મળ્યું, ભારે મજાનું ગાદલૂં છે, આજે જ પાથર્યું, આશીર્વાદ આપ્યા. સુખી રહો, તમારે ઘરે તેવી ઉત્તમ પ્રકારની લાયક સમૃદ્ધિઓ વધો, **આશીર્વાદો - રાજી, રાજી, રાજી, રાજી, રાજી, રાજી, રાજી, બહુ જ રાજી. ઘણું ઉત્તમ ગાદલું મોકલાવ્યું. સુખી રહો, સારા ગાંદલાં તમારો પરીવાર મેળવે, આનન્દ પ્રાપ્ત કરે, ગુરૂકૃપા ભગવાનનો રાજીપો વધારે-વધારે ફળીભૂત હો.** છઠ સાતમની વચલી રાતે ગાદલે સૂતા, ભગવાનજીભાઈએ ખૂબ જ દાબ્યા. આશીર્વાદ, સુખી હો, સમૃદ્ધિવાળા હો, **ભગવાનને માટે બધૂં સમર્પણ, ધન્ય છે તમારા જેવા ભક્તોને. રાજી, રાજી, રાજી, રાજી, રાજી, રાજી.** ખુશી ખબર લખજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૫૧ **તારીખ : ૧૦-૯-૧૯૮૦**

સેવક જયન્તીલાલ દેવશીભાઈ સુખી રહો, **ભજન કરો, પુસ્તક રચો, પરચાઓ લખો, બુદ્ધિ ખુલશે, આવડે તેવું લખજો, કલમ ચલાવશો એટલે બુદ્ધિ પ્રતિભા આગળ-આગળ કામ કરશે.** કુટુંબીજનો શાંતિ પામો. પ્રેમ ભક્તિ વધો, પાસપોર્ટ પ્રમાણે પરદેશ જાઓ, કમાઓ, સારાવાના. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, સુખી છો, રક્ષા છે, શરણમાં છો.

જય સ્વામિનારાયણ... **શ્રદ્ધા અને ભક્તિ વધારવા.**

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારના મેડે, જૂનાગઢ

પત્ર નં.-૨૫૨ **તારીખ : ૧૪-૦૯-૧૯૮૦**

સેવકો - હરિલાલ વેલજીભાઈ, હરિલાલ પ્રેમજીભાઈ, હરિલાલ વેલજી-જીરાગઢવાળા તથા વેલજી રવજીભાઈ તથા ઓધવજી ટપુ મનાણી તથા ભગવાનજી હીરજી ચૌહાણ તથા નારણ મોહન ઘેલા કુકડીયા તથા પોપટલાલભાઈ, વલ્લભ લાલજી કુકડીયા, જીવરાજ લાલજી, જગજીવન રાવજી ચોટલીયા, હરિલાલ દેવશી ચૌહાણ, માવજી રણછોડ મનાણી, શાન્તિલાલ ડાયા પોપટ પોરીયા, અમૃતલાલ કલ્યાણજી તથા રવજી નાનજી વરૂ, ચમનલાલ હરિલાલ રાઘવ, ધરમશી લાલજી કુકડીયા, શૈલેન્દ્ર જયન્તીલાલ-જીરાગઢ, ધનજી ભીમજી હાલાઈ, મનસુખલાલ દામજી, વીરજી ડાયા ચોટલીયા, અમરશી ગોપાળ મકવાણા, હરિલાલ દેવશી ચૌહાણ, જયસુખ ધરમશી મકવાણા, નરોતમ ગોવિંદ કાચા, ધનજી ભીમજીભાઈ હાલાઈ, દેવજી રવજી પટેલ, રતિલાલ પ્રેમજી વાઘેલા, ધીરજલાલ રણછોડ ટાંક, પરશોતમ શામજી, મનસુખ દામજી ડાયા, હરિલાલ રણછોડ, જીવન ધનજી ગોહેલ, બેચર ગંગદાસ ગોહેલ, હરિલાલ ગોવિંદ

ટાંક, રમણિક કરશનભાઈ જાવીયા, હરિલાલ રણછોડ મનાણી, ભગવાનજી હીરજી, મોહન માવજી પરમાર, ધીરજલાલ તૂલસીદાસ કાચા, પરસોતમ તૂલસી ટાંક, ધર્મલાલ નથુ મેપા ટાંક, હેમરાજ બેચર કાશીયાણી, બેચર ગંગાદાસભાઈ, જીવનભાઈ ધનજી, કુંવરજી મેપા, પરસોતમ ચકૂ ભીખા, ખીમજી ડાયાલાલ સાપરીયા, કેશવજી વસ્તા જાવીયા, પ્રવીણ મોહનલાલ ડાયા ચૌહાણ, ચમનલાલ, ગોરધન, રતિલાલ, ટપુલાલભાઈ, રતિલાલ બન્ને, અમરશી, વ્રજલાલ, જયન્તિલાલ, રામલાલ, ભગવાનજી, દેવરાજ, મોહનલાલ, નાનજી વિગેરે. ચન્દુલાલ કરશન મનાણી, આંબાલાલ ડાયાભાઈ, ચમનલાલ, મોહનલાલ, ધરમશી, પ્રવીણ, જયન્તીલાલ ઓધવજી, શાન્તિલાલ પરશોતમ પરમાર, છગનલાલ મૂરજી, શાન્તિલાલ પોરીયા, રતિલાલ લાલજી જાવીયા, છગન મૂળજી રાજા, જયન્તીલાલ રતનશી - જીરાગઢ, રામજી ટપુ સાપરીયા, પરશોતમ ધનજી ખોલિયા, રવજી મૂરજી ટાંક, ભગવાનજી લાલજી ચોટલીયા, નારણ મોહન, સી.કે. પરમાર એ **બધા શ્રીહરિ શરણાગતિ ભક્તોને શ્રીજી મહારાજ સુખી રાખો. સાજા નરવા રહો, દેશકાળ પ્રમાણે વર્તો, કુટુમ્બ માટે વફાદાર રહો, ભગવાન માટે આત્મનિવેદી રહો, મોક્ષ માટે ખબરદાર રહો, દેશ માટે સાવધાન રહો, બધા માટે ઉપકારી રહો, સત્સંગ માટે સર્વસ્વ થતું રહો. આશીર્વાદ.**

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૫૩ **તારીખ : ૧૯-૦૯-૧૯૮૦**

અજમાન સેવકો - વાલજીભાઈ તથા નાનજીભાઈ તથા મોહન રતનશી તથા દયાળજી ભક્ત તથા વશરામ ભક્ત તથા પ્રવીણચંદ્ર લખમણ મકવાણા તથા દેવશીભાઈ કચ્છી તથા નારણ હંસરાજ તથા રવજી ગોપાળભાઈ આદિક દુબઈ વસતા શ્રીહરિ શરતાગતિ મંડળને ઘણાં ઘણાં આશીર્વાદો તથા જય શ્રીસ્વામિનારાયણ વાંચવા. બધા સુખી રહો, ધન

કમાઓ, ભક્તિ, પ્રીતિ કરો, આનંદ કરો, ભગવાન ભજો, **માનવજીવન સારી કમાણીમાં વાપરો, મોક્ષ માટે રાજીપો મેળવ્યો જ છે, બાકી નથી, વધારે મેળવો છો તે તમો બ્રહ્મલોકના વતની છો. ભગવાન લેખે બધું કરી ચૂક્યા છો, ભગવાને પણ ગૃહીપણામાં સન્ત સ્થિતિ અને રાજીપો આપ્યો છે, જેને પ્રગટ ભગવાન મળ્યા તેને સંસારના ઉદ્યોગો બાધ નહિં કરે, પ્રગટનો પ્રતાપ બહુ જબરો છે.**

તીર્થમાં, ફૂલવાડીમાં, ફૂગાવાડીમાં, કાન્દીવલીમાં, રીધાય, બેહરીન, મસ્કત, રૂવીમાં, દુબઈ, આબુધાબી, અજમાન વિગેરેમાં ધોરાજી આદિ સ્થળોમાં પ્રગટ ભગવાનના ઉત્સવો ધામધૂમથી થયા કરે છે, સન્લીમા થયા અને વળી યોગ્ય સ્થલોમાં થાશે, પ્રગટનો પ્રતાપ બહુ જ જબરો છે. વિશ્વમાં ભગવાનના યશ ગવાય છે, શ્રીહરિ શરણાગતિ મંડળ સર્વત્ર વૃદ્ધિ પામે છે. પ્રગટને ઓળખતા પરદેશીઓ પણ થયા છે. મહારાષ્ટ્રમાં ભંડારામાં પ્રગટનો ઉત્સવ ધામધૂમે ઉજવાય છે. તેઓ ઘણાં ઉત્સાહમાં છે, તમો પણ અતિ ઉત્સાહમાં છો, ઘણું જ સારૂં છે, આનંદમાં રહો, સાજાનરવા રહો, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો. આશીર્વાદો અને જય સ્વામિનારાયણ વાંચવા.

તમારો પત્ર (વાલજી કેશવજી) નો અજમાનથી તા.૧૪-૯-૮૦ નો લખેલો. તા. ૧૯-૯-૮૦ મળ્યો. વાંચી સારો ખુલાસો થયો અને ગાદલાનું ખર્ચ રામજી જેઠાએ કરેલ છે તે પણ ખુલાસો થયો. રામજી જેઠા વંથળીથી હવે દર્શને આવવાના છે એમ કાગળમાં છે, હજુ જૂનાગઢ આવ્યા નથી, આશીર્વાદો તેમને આપીશું. ગાદલું આવ્યું તે રાતે જ પાથર્યું છે. બહુ ઉત્તમ છે. રાજી થયા.

બીજું કે ઈદની છૂટીએ કરેલ રસોઈ શ્રાવણમાં જમવાનો આંકડો ૨૨૨૧ નો ડ્રાફ તા. ૧૭-૮-૧૯૮૦ ના રોજ મળેલ છે. રાજી.

- કૃ.વ.આ.

પત્ર નં.-૨૫૪ **તારીખ : ૨૨-૦૯-૧૯૮૦**

સેવક શાન્તિલાલ પ્રિય સેવક, ભગવાને તમારી રક્ષા કરી, સાચા જીવના પ્રાણપતિ ભગવાન છે. તમોને આ ભગવાને વચ્ચે બચાવી લીધા, લાગેલ તો જલ્દી મટી જાશે, ટાંકા જલ્દી રૂજાઈ જાશે, આરામ તથા પ્રગટનું ભજન કરજો.

લાભુ એ લખેલ કે પરદેશમાં તમારા ભક્તની રક્ષા કરજો, તે પ્રમાણે રક્ષા કરી છે, કામે લાગ્યા પછી ખુશીખબર લખજો. નવી જીંદગી આપી તેનો મહીમા ખૂબ જ સમઝવો. હમણાં કમાઓ, ત્યાં રહો દેશમાં કાંઈ નથી, સૂકું છે, પછી દેશમાં આવો. સત્કાર્ય કરવું, ભગવાન દિકરા આપો એવા આશીર્વાદ છે. હેત છે તે સેવા જ છે. ભગવાન ભેગા જ છે, સંસાર દુઃખમય છે, પણ ભગવાન સુખમય છે. સંભારવા, ભજવા અને હૃદયમાં રાખવાં, સાજાનરવા રહો, નજર રાખીએ છીએ, રામજી ભગત વંથલી આવ્યા છે. એ જ.

બધાને જય સ્વામિનારાયણ કહેવા, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૫૫ **તારીખ : ૨૬-૦૯-૧૯૮૦**

સેવક તૂલસીદાસ મનજીભાઈ તથા તીર્થવાસી કાનજીભગત તથા શાન્તિલાલ પૂંજાભાઈ તથા મોહનલાલ રતનશીભાઈ વિગેરેને **શ્રીહરિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સુખી રાખો.** આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

તમારો પત્ર મળ્યો, દિલખુલી વાત લખી. ઘણું સારૂં કર્યું.

ભાદરવા સુદ ૧૫ સુધીમાં સારડો ૩૧૦ ફૂટ ગયો છે, હજુ ઉંડો જવા ચાલૂ જ છે. પાણી નદીમાં વરસાદી પ્રવાહ નાનો એવો ચાલૂ છે, તેના લેવલ કરતાં ફૂલવાડી સારડાનું પાણી ચારેક ફૂટ ઊંચુ છે. તે મશીન ચાલૂ

રહેતા પણ એકે આંગળ ઓછું થાતું નથી એટલે પાણીનું બળ છે, પણ કૂવા કાંઠા ઉપરથી જાય વહે તેટલી મહેનત કરવી એમ વંથળીના સમાચાર હતા. તમોએ ઘણું મોકલ્યું, અમો હવે સારડાના ફાળા માટે લખવું બંધ રાખીશું. એ જ. હવે તમો વંથળીના જવાબમાં ફાળાની અશક્તિ જેમ છે તેમ લખી જણાવજો જેથી સારડાનો ઉદ્યોગ શક્તિ બાહેર થતો ચાલતો નિવૃત્ત થાય, આ બાબત ખુલાસાબંધ તેમને લખી નાખવી.

રામજીભગત વંથળી રોકાણા છે. ૧૦, ૧૫ દિવસો પછી જૂનાગઢ આવશે. મુમ્બઈથી ગાંદલું જૂનાગઢ આવી ગયું છે, પાથરીએ છીએ. સુખી રહો, બધાને જય સ્વામિનારાયણ કહેવા. ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે

•❀•❀•❀•

પત્ર નં.-૨૫૬ **તારીખ : ૨૭-૦૯-૧૯૮૦**

અમારા વ્હાલા સેવકો, શિષ્યો, પુત્રતુલ્ય ભકતો, મુકતો, માવતરને રાજી કરનારા, ખબરદાર અંગો, વધારે આત્મનિવેદી, તન-મન-ધન સેવા અનુવૃતિ વડે રાજી કરનારા, કષ્ટ વેઠીને કમાણી ભગવાન અર્થે, પરોપકાર અર્થે વાપરનારા પ્રિય દેહો, એવા તમોને હજારો ધન્યવાદ, તમારા બાળ બચ્ચાંઓ સાજા નરવા સુખી રહો, આનન્દ કરો. પરલોકમાં અન્ન, ભોજન, જળપાન, દૂધપાન, વસ્ત્રધારણ અને રહેવા બંગલાઓ, સેવાઓ વડે તૈયાર કર્યા છે, ખામી નથી રહેવા દીધી. તમોને ધન્ય છે, શ્રીહરિ શરણાગતિ મંડળે સાચી પરલોકની કમાણી કરી લીધી છે.

ફૂલવાડીનો સારડો ૩૧૦ ફૂટ તા. ૨૪-૦૯-૮૦ સુધીમાં ગયો છે. હજૂ આગળ ધપાવે જવાય છે, પાણીનો થર અર્ધા કૂવામાં મશીનથી દિન રાત ઉલેચવા છતાં એક ઈંચ પણ ઓછો થતો નથી એટલું જોરદાર તળપાણી મળ્યું છે અને ઉપર ઉછળે કિનારેથી વહે તેવું પાણી પરબ કરવા ધારેલ છે,

માટે તે પ્રમાણે તમો તૈયાર છો, તમારો પત્ર વડે આનન્દ થયો છે, તે કામ ભગવાન જલ્દી પાર પાડશે, સારડાવાળો થાકશે ત્યાં સુધી આગળ કામ કરાવવું છે, પાણી ઉછળે નદીમાં જાય, કાયમી ધોધ વહે, પૃથ્વી રહે ત્યાં સુધી તે પાણીનું પરબ વહે, પિતૃઓનો, ગ્રામજનોનો, પશુપક્ષીઓનો ઉદ્ધાર થયા કરશે. આવી ઉત્તમ સત્‌ક્રિયા થઈ રહી છે. સૌરાષ્ટ્રમાં પહેલો નંબર પાતાળ પાણી માટેની આ મહેનત છે. તમારો યશ કાયમી રહેશે. શ્રીહરિ શરણાગતિ મંડળનો વિજય ફરકે છે અને ફરકશે.

દૂબઈ ચરણકમળ સેવકો ૨૦-૦૯-૮૦ ના પત્રમાં લખેલા નામો મોહનલાલ રતનશી તથા વાલજી ભક્ત તથા દયાળજી ભક્ત તથા નાનજી ભક્ત તથા દેવશી ભક્ત તથા કાનજી ભક્ત તથા વિશરામ ભક્ત આદિ આદિ તથા તૂલસી મનજી વિગેરે તથા દામજી વિગેરે તથા શરણાગતિ મંડળના તમામને ભગવાન સુખી રાખો, સાજા નરવા રહો, તાજી પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, કમાઓ, વાપરો, કુટુમ્બ સુખી કરો, ભગવાન રાજી જ છ, ખૂબ જ સેવ્યા છે, રકમ ભેળી કરવી અને ખબર આપજો જેથી સારડાનું કામ ચાલૂ જ રખાય, **આ ભગવાનની ઈચ્છા એ જ તમારૂં પ્રારબ્ધ છે અને ભગવાનનું ધામ તે તમારૂં ધામ છે અને તમારૂં નાણું તે ભગવાનનું નાણું છે.**

૨૩૩૧ ડ્રાફ નાનજી લખમણને નામે કવર આપ્યું તે મળી ગયો છે અને શ્રાવણમાં જ મળ્યો તેથી શ્રાવણમાં તમારા ભોજન થાળ ભગવાન જમ્યા છે. ૨૩૩૧ મળવાના જવાબો ત્રણ લખ્યા છે, તે મળી ગયા હશે. સુખી હો.

આ ભગવાનની જન્મભૂમિ તીર્થ જે વેચાતું લીધું છે. તેમાં દરરોજ એક કલાક ધૂન્ય, ભજન, પ્રસાદી સો એક માણસો ભજન કરે છે. નવા સત્સંગીઓ થયા છે, ચઢતો રંગ છે.

તે જન્મઘરના ભાગો, બીજા ત્રણ ભાગ, પોપટ બાપા દેવાણીના કબજામાં છે, તેઓ પણ તે બધો ભાગ આપીને ગામ બાહેર રહેવા જવા જણાવે છે. અત્યારે ગામમાં એકવારની કિંમત ૧૦૦ સો રૂપિયા છે, પોપટ બાપાના

કબજામાં ઘર-ફળી-રસ્તો વિગેરે ૧૧૦૦ અગિયાર સો વાર લગભગ જમીન છે. તેની કિમ્મત પંચે મળીને તે પ્રમાણે કરાવી છે. જેથી ૧,૧૦,૦૦૦ - એક લાખ દસ હજાર કિમ્મત થાય છે, તે લઈ લેવાનો સમય છે. આ દિવાળીથી આવતી દિવાળી સુધીમાં સંવત ૨૦૩૭ માં તે બધો ભાગ લઈ લેવો. વેચાતો આપવા તૈયાર છે, તો તે માટે નાણાંની તૈયારી દિવાળી પછી કરવાની રહેશે. એક એક જણા વધારે વધારે આપશે તો તે મારૂં કામ જલ્દી થાશે. આવતે શિયાળે હુતાશિની પહેલાં તે કામ પતાવી લેવું છે, જમીનના ભાવો વધતા જાય છે, હાલમાં સોદો કરવો નક્કી ઠરાવે પતાવવો એ વધારે સારૂં છે. માટે આવતે વર્ષે તે કામ કરવા તજવીજમાં, બળમાં રહેવા ભગવાનના આશીર્વાદ.

સારડાનું કામ આ મહિનામાં થોડા વખતમાં પતી જાશે કે દિવાળી પહેલાં પતી જાશે. **અમારી આજ્ઞા તે તમારૂં પ્રારબ્ધ.** સુખી રહો, ભગવાન ભજો, ઉપલી હકીકત **ભગવાનનું કામ ભક્તોનું કામ બન્ને ભગવાન અને ભક્તો મળીને પૂરૂં કરશે.** બધાને જય સ્વામિનારાય.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૫૭ **તારીખ : ૨૩-૧૦-૧૯૮૦**

સેવક રામજી જેઠા, ભગવાનજી રાજા, દેવરાજ ભક્તનું ઘરમંડળ, મોહન કરસન, શ્રીહરિ શરણાગતી મંડળ, બધા જણા કમાવા માટે પરદેશ જાઓ. દેશમાં રોટલા પૂરતો નિર્વાહ થાય, પણ પરદેશ વડે વસ્ત્ર, અલંકાર, ભવન, વાહન, ઉત્સવ, ખર્ચા, સેવા, સત્સંગ વિગેરે થાય. માટે પરદેશમાં જવું, કામ મળે, કમ્પની રાખે ત્યાં સુધી રહેવું, પાછા બીજી કંપનીમાં જવું, એમ કરતા રહેવું, મૂંઝાવું નહિં. નાણું નાણાને લાવે, આવક પ્રમાણે ખર્ચ પણ દીલ છૂટ, હાથ છૂટ એવા છૂટ રાજીપો વિગેરે મળે.

ત્રણ હજાર પગાર ઠીક ગણાય. ચાર મહિના પછીની કમાણી પોતાની થાય. આવી અગમ ચેતીથી જવું.

બધાને આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૫૮ **તારીખ : ૨૮-૦૯-૧૯૮૦**

સેવક હરિલાલ વેલજીભાઈ તથા હરિલાલ પ્રેમજીભાઈ તથા તમારી સાથે રહેતા હોય તે **સર્વે શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્તજનોને ભગવાન શ્રીહરિ સદા સુખી રાખો, ભજન કરો. ભગવાન રક્ષા કરતા રહો, તમો ખૂબ જ કમાઓ. તમારા દ્વારા ઘણાં કામ કરવાનાં હોય છે તે પ્રગટ ભગવાનના સંકલ્પ દ્વારા થશે અને તમારા દ્રવ્ય સમર્પણ દ્વારા થશે, ચારેકોર હાલમાં બધા કમાય છે, વાપરે છે, આ લોક પરલોકનું સુધારે છે. તમો પણ તે કરો છો, ભગવાન ભેગુ રહેવું છે, જગતના બીજા જીવો મુમુક્ષુઓને પણ ભેગા લેવા છે, તેમને તરવાનું સાધન, ભક્તિ કરવાનું સ્થળ આ લોકમાં કર્યા છે અને થતા જાય છે, શાસ્ત્રો આપ્યાં છે, મૂર્તિઓ આપી છે, જ્ઞાન તત્ત્વો આપ્યા છે.**

તીર્થભૂમિ ફૂલવાડી થઈ છે, સારડો ૩૨૦ ફૂટ જમીનમાં ગયો છે, અર્ધે કુવેથી પાણી મશીનથી પણ એક ઈંચ ઓછું થાતુ નથી તો પણ કુવો છલકીને કાયમ નદી થાય તેવી મહેનત શ્રીહરિ શરણાગતિ ભક્તોએ ઉપાડી છે. સારડાવાળો ૪૦૦ ફૂટ સુધી કે ૫૦૦ સુધી પાતાળમાં જવા દેવાની હિમ્મત ધરાવે છે, કદાચ પાંચ કે દસ હજાર બીજા ખર્ચાય તો પણ પાતાળ પાણીનું પરબ કરવું, કરાવવું એ વાત દુબઈ વાળાની નક્કી છે માટે થાશે. ભગવાનના કામ ભગવાન કરે, ભક્તોના કામ ભક્તો કરે.

નવીન-તીર્થમાં જન્મઘર લીધું. તેમાં એક કલાક રાતે ૮, ૯ વાગ્યે ૧૦૦ માણસો મળીને કીર્તન, ધુન્ય, ભજન, રાસ, આરતી વિગેરે કરે છે. તીર્થ તે તીર્થ બન્યું છે, નવા સત્સંગીઓ ઘણા થયા છે. ભેદભાવ વિના જૂના હરિભક્તો નવા વૈષ્ણવ રામના હરિભક્તો દેવીના ભક્તો પણ સત્સંગી થયા છે. પરચા પૂરે છે, મનોરથ સિદ્ધ થાય છે.

તીર્થના જન્મઘરથી વધારે ત્રણ ગણી જમીન ઓરડા-ફળી-રસ્તો વિગેરે મળીને પોપટબાપા દેવાણીના કબજાની ૧૧૦૦ અગ્યારસો વાર જમીન પણ વેચાતી આપવા તૈયાર થયા છે. ગામમાં એક વારના ૧૦૦, સો રૂપિયા અત્યારે કિમ્મત છે. પંચ મળીને તે શરણાગતિ મંડળને અને ભગવાનને જણાવેલ છે. હાલમાં તે (૧૧૦૦ X ૧૦૦ = ૧૧૦૦૦) એક લાખ દસ હજાર રૂપિયા કિમ્મત છે, તે લેવાનું બળ છે, લેવી છે. આવતી દિવાળી પછી બાર માસ બીજી દિવાળી સુધીમાં તે કબજો લેવાય અને પોપટબાપા બીજા પ્લોટમાં મકાનો લઈ લ્યે એવો નિર્ણય બાહેર પડ્યો છે, તો તમોને ચેતવણી કે દિવાળી ઉપર દેશમાં આવવાં કરતાં ત્રણ ચાર મહીના વધારે ત્યાં કમાઓ તો તમારા તરફથી દસેક હજાર કે ઓછા વત્તા તેમાં રૂપિયા કામ આવે તેવું તમારે આજથી ધ્યાનમાં રાખવાનું છે, આવતી હુતાશિની સુધીમાં તમારી રકમ એકઠી કરી લેવી, અને તે જન્મભૂમિ સમ્પૂર્ણ લઈ લેવામાં સામેલ સહકાર આપવો, આ વાત જરૂર જરૂર જરૂર ધ્યાનમાં રાખજો, અને અમોને આ બાબતનો ખુશીપત્ર લખજો, અમોએ તે આંકડો પૂરતો કરવા બધા ભક્તોને સૂચના દ્વારા પ્રયત્ન આદરેલ છે, કરવું છે, નાણાં વડે કરવુ છે, તે થાશે જ, **ભગવાને ધારેલ છે તે થાશે જ, શ્રીહરિ શરણાગતિના ભક્તોની સહાયથી બધૂંય થાશે.** આવતે વર્ષે એ કામ તેટલી રકમની સહાયે પતાવવું છે, પતી જાશે. આ વાત ધ્યાનમાં રાખવી.

ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

૧. અખંડ પાણી પરબ

૨. અખંડ મંદિર ધૂન્ય ભજન

૩. અખંડ ગ્રન્થ કથા

૪. અખંડ મૂર્તિ દર્શન

૫. અખંડ ચરણકમળ સેવા

આવા અદ્‌ભુત કાર્યો થયાં છે, થતાં જાય છે અને થાશે. આ તમોને ખાસ આજ મધ્યાન્હે ૨૮-૯-૮૦ વિચારો ઉપજતાં તુરંત પત્ર લખ્યો છે. આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ભારત.

•❀•❀•❀•

પત્ર નં.-૨૫૯ **તારીખ : ૧૫-૧૦-૧૯૮૦**

સેવકો પ્રાણ વ્હાલા શિષ્યો - ટપુલાલ, રતિલાલ, હરિલાલ, રતિલાલ, વેલજી, અમરશી, છગનલાલ, આંબાલાલ, શાન્તિલાલ, મનસુખલાલ વિગેરેને પ્રગટ ભગવાન નજર રાખે, સુખી રાખે, સંભારે, ધ્યાન રાખે, કૂંજવૃત્તિ વડે સેવે, બધા કમાઓ, સુખી હો, તીર્થ માટે ઠીક કર્યું, હિમ્મત આવી ગઈ. છગત ભગત, રામજી જેઠા તીર્થ કરી આવ્યા. આવતે વર્ષે બધુ સારૂં થાશે, ભગવાન સારૂં કરો.

દુબઈ - વેલજી રવજી વિગેરે બાકી છે.

દાસાઈલેન્ડ વાલજી કેશવજી વિગેરે બાકી છે.

આબુધાબી દેવરાજ ડાયા વિગેરે બાકી છે.

તેઓ પણ કરશે, સારૂં થાશે, બધી તૈયારી થાશે.

ગુલાબ પાંખડી ખાજો, બધાને આશીર્વાદ, **તીર્થ માટે આંકડાં વાંચી વારમવાર આશીર્વાદ. બહું જ ટાઢુ વરતે છે, ધડાકો થાશે અને ભગવાન ભજાશે,** સારાવાનાં છે. મુમ્બઈ તથા જામવંથળી ઘરે બચ્ચાંઓને પત્રદ્વારા ખબર લીધી છે. ત્યાં બધાને જય સ્વામિનારાયણ.

ફૂલવાડી સારડો ચાલૂ છે, ૪૫૦ ફૂટ ગએલ છે, સારાવાનાં થાશે.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૬૦ **તારીખ : ૨૪-૧૦-૧૯૮૦**

સેવકો દુબઈ-મોહનલાલ રતનશી ભક્ત, દયાળજી ભક્ત, ધીરજલાલ ભક્ત, વાલજી ભક્ત, નાનજી ભક્ત, રામજી ભક્ત, શાંતિલાલ ભક્ત, નારણ ભક્ત, રવજી ગોપાળ ભક્ત, પોપટલાલ ભક્ત, દેવજી ભક્ત, વિસરામ ભક્ત, પ્રવીણ ભક્ત, રતિલાલ ભક્ત, પ્રેમજી ભક્ત, દામજી ભક્ત વિગેરે-વિગેરે અને કુંવરજી ભક્ત, તીર્થવાસી કાનજી ભક્ત, રામજી ભક્ત, તૂલસીદાસ ભક્ત, શાંતિલાલ પૂંજા ભક્ત, છગનલાલ ડાયા ભક્ત આદિ **શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોના પ્રતિ લખવાનું કે - બધા ચઢતી કળામાં સુખી રહો, કમાઓ, વાપરો, ભગવાન ભજો, શ્રીહરિ શરણાગતિ મંડળ આનન્દમાં રહો.**

સૌ ભક્તોનો સંકલ્પ શારડો નખાવવાનો, જળ પરબ બાંધવાનો છે - મોહન રતનશી, દયાળજી લાલજી, રામજી જેઠા, વાલજીભાઈ વિગેરેના પત્રોમાં ઘણો ઉત્સાહ સેવાનો છે, રતિલાલ ગંગાદાસે પણ લખેલ છે, **અમારો પ્રગટ ભગવાનનો સંકલ્પ આઠ દસ વર્ષથી હતો. તમો મળીને દસેક હજારનો ફાળો અત્યારે હાલમાં શારડા માટે કરીને એકઠો રાખો તો શારડો તરત જ નખાય,** અમો આજે જામવણથલી કાગળ લખીએ છીએ - શારડાની સગવડ કરે, ૨૦૦ કે ૩૦૦ ફૂટ જે બંધ બેસે તે કરે, છગન ભગત માસ્તર આંહી અમારી પાસે છે, વંથળીથી તમોને કાગળ લખશે.

તમો આ પત્ર વડે ફાળો ૧૦૦૦૦, દસ હજાર નોંધો અને વંથળી લખો - શારડો નખાવો - જળપરબ થાય તેમ કરો.

બીજું કે - તીર્થમાં ઉતરવા જન્મઘર બહુ જ ઉપયોગી થયું છે - જે તીર્થવાસી ગયા તે આરામથી સુખી થયા, રસોઈ જમ્યા. પાગરણ, વાસણ વિગેરે સગવડ થવા માંડી છે.

જન્મઘરના ફળીમાં એક ડંકી અને સેન્ટીંગ જાજરૂ કરાવવું જરૂરી છે, તો તે બન્ને માટે પાંચ છ હજાર જરૂરત છે તે ફાળો પણ જલ્દી ભેગા

ભેગો થાય તો બે કામ આ વર્ષે થઈ જાય, બાળ બચ્ચા સહિત બધા તીર્થમાં દર્શને જઈને ટંક રાત રોકાય છે, કીર્તન સત્સંગ થાય છે, તે પાડોશી ભક્તો દરરોજ કલાક કથાવાર્તા કરે છે, માટે ડંકી અને જાજરૂ, બે ખાસ થવા અધિક જેઠમાં ફાળો ધ્યાનમાં લેજો. એ જ આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

ફૂગાવાડી દસ શરણાગતિ મંડળને સોમવારે પત્રથી આશીર્વાદ લખ્યા છે. બધા સુખી છે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૬૧ **તારીખ : ૧૨-૧૧-૧૯૮૦**

વ્હાલા સેવક જયન્તી પોરીયા, ભગવાનજી પોરીયા જન્મઘર વધારે જમીન માટે ફાળો લીસ્ટ મળ્યું.

૩૫ ચોપડીઓ મોકલી છે, યોગ્ય લાગે તે પ્રમાણે લીસ્ટવાળાને તે આપજો. પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો. (તાજી ગુલાબ પ્રસાદી છે.)

'પ્રગટ ઉપાસના સૌથી મોટી'

૧. મોહનલાલ રતનશી સાપરીયા	૨. શાન્તિલાલ કેશવજી મકવાણા
૩. નાનજી લખમણ મકવાણા	૪. કાનજી મૂળજી સોજીત્રા
૫. વિસરામ ભીમજી હાલાઈ	૬. દયાળજી લાલજી મનાણી
૭. શાન્તિલાલ પૂંજા વાઢેર	૮. વાલજી કેશવજી ચોટલીયા
૯. તૂલસીદાસ મનજી મકવાણા	૧૦. કાન્તિલાલ ડાયા મકવાણા
૧૧. જયન્તિલાલ રાઘવ પોરીયા	૧૨. ભગવાનજી ટપુ પોરીયા
૧૩. મનહરલાલ ભવાન પરમાર	૧૪. શાંતિલાલ નરસિંહ મકવાણા
૧૫. નારણ પ્રેમજી ખોલિયા	૧૬. દેવજી કાનજી રાઠોડ
૧૭. રતિલાલ ગંગદાસ રાઠોડ	૧૮. રવજી ગોપાળ, નારણ હંસરાજ
૧૯. રતિલાલ ઓધવજી ખોલિયા	૨૦. છગનલાલ ડાયા મકવાણા

૨૧. છગનલાલ માવજી રાઠોડ ૨૨. પ્રવીણચંદ્ર લખમણ મકવાણા
૨૩. મનસુખલાલ પ્રેમજી રાઠોડ ૨૪. ધિરજલાલ લાલજી મનાણી
૨૫. પ્રાગજી ગોવિંદ રાઠોડ ૨૬. પ્રેમજી શામજી રાઠોડ
૨૭. ભગવાનજી કુરજી સોલંકી ૨૮. દેવશી ખીમજી હિરાણી

વધારે નામો મળે તે લેવા અને અમોને જણાવવા.

બહુજ રાજી, સુખી હો, ધનવાન હો, સાજા-નરવા રહો, ભક્તિ કરો. **ભગવાન ઉપાસના વડે, સેવા વડે રાજી કરવા જેવા છે. તરી જવાશે, પરદેશના દોષ નહિં લાગે, ખબરદાર રહેવું, રક્ષા કરતાં રહેશે.**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ
શ્રીશ્વેતાયન વ્યાસજી ભગવાનને નમો નમઃ

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૬૨ **તારીખ : ૨૫-૧૧-૧૯૮૦**

સેવક પ્રાગજીભાઈ તથા આપના ભાઈઓ, પુત્ર પરીવાર, કુટુમ્બને ભગવાન સુખી રાખો.

નાથાલાલ ભાઈને શ્રીજી મહારાજ તેડી ગયા, પ્રગટનો પરચો ભક્તિને વશ ભગવાને આપ્યો, માટે આનન્દ રાખવો, અફસોસ ન કરવો, બધાને ભગવાન પાંસે જાવું છે. ભજન કરવું.

નારણને ભગવાન સાજા નરવા કામ કરતા રાખે.

શ્રીહરિ શરણાગતિના ભક્ત મંડળ પરદેશ જાય, સુખી થાય. તમો જાઓ, રોકાવું નહિં, દર્શને ન અવાય તો કાંઈ નહિં, **તમારા બધા કુટુમ્બ ભાઈઓને તથા શ્રીહરિ શરણાગતિ ભક્તો ઈન્ટરવ્યુમાં પાસ થાઓ, આશીર્વાદ.** જય સ્વામિનારાયણ, ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૬૩ **તારીખ : ૨૫-૧૧-૧૯૮૦**

સેવક તૂલસીદાસ મનજીભાઈ કુટુમ્બ, બાળ બચ્ચાંઓ સુખી રહો, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો. દયા, ધર્મેશ, ભાવેશ, ઉમા વિગેરે સુખી રહો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

નિત્ય નિયમ કરજો. આજે આબુધાબીથી તૂલસી ભગત વિગેરે પાંચ છ જણા તથા રામજી જેઠાનો પહોંચ્યાનો કાગળ છે, આનન્દમાં છે.

તમોએ જન્માષ્ટમી ઉજવી અમો ઘણા રાજી, ભગવાનને રાજી કરે તેની સંભાળ ભગવાન રાખે, શરણાગતિ મંડળને આશીર્વાદ, કથા વાંચો, ભજન કરો, જમો, જમાડો, આરતી કરો, બ્રહ્મરુપે વરતો.

જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૬૪ **તારીખ : ૨૬-૧૧-૧૯૮૦**

સેવકો વાલજીભાઈ, નાનજીભાઈ, જયન્તિ પોરીયા, ભગવાનજી, મોહન ભગત, શાન્તિલાલ કે., કાનજીભાઈ, વસરામભાઈ, દયાળજીભાઈ, શા.પૂં., તૂલસી મ. કાં. ડાયાભાઈ, મનહર ભવાન, શા.ન.ના. પ્રેમજી, દેવજી કાનજી, રવજી ગો., રતિલાલ ઓ.છ.ડાયા. છગન માવજી, પ્રવીણ લખમણ, મનસુખ માવજી, ધીરજ લાલજી, પ્રાગજી, ગોવિંદ, પ્રેમજી, શામજી, ભગવાન કુંરજી, દેવશી ભીમજી, આદિ શ્રીહરિ શરણાગતિ મંડળ - જૂના નવા, રામજી જેઠા, બહાર-દૂરવાળા જે-જે મળે બધાને રાજીપાના આશીર્વાદ સુખી રહો.

ભજન ભક્તિ કરો, કમાઓ, વાપરો, મિલ્કત ભગવાન છે, તમોએ તીર્થ માટે ધાર્યુ કામ કર્યુ, બહુજ રાજી, ચઢતી કળા થાશે, ખૂબજ કમાઓ.

પરદેશમાં કામ મળે ત્યાં સુધી રહેવું, કમ્પની રાખે ત્યાં સુધી રહેવું, વીજા લઈને આવવું, પાછું જવું, **પ્રગટને ભેગા રાખવા. દેશમાં સૂકાં ખેતરોમાં ધૂળ ઉડે છે, માટે લગડીના લીલા પ્રદેશમાં રહેવું, ભજવા, કમાવું, મુંઝાવું નહિં, ભગવાન ઉધ્ધાર કરનારા છે. બને તેટલું પાળવું, ભક્તિ કરવી, ભગવાનને ધરીને કે સંભારીને હૃદયમાં જોઈને પીવું, ખાવું એટલે સાજા નરવા રહેશો.**

ખૂબ જ ફળો કર્યો, બહુ જ રાજી થયા. વેલજી રવજી દેશમાં આવશે તે લખે છે, વાટાઘાટ કરીને જમીન માટે ઠીક લાગશે તેમ પાર પાડશું. સારાવાનાં થાશે, આ ચાલું વર્ષમાં નાણાં, જમીન વિગેરે મળી જાશે, એટલે આવતે વર્ષે ચણતર થાશે. **તીર્થ તે મહાતીર્થ બનેલ છે, ૩૮૦ માણસો જન્મજયન્તીએ જમ્યા, ગામમાં રથયાત્રામાં ભગવાન ફર્યા, ધામધૂમ થાય છે. નવા સત્સંગીઓ થાય છે, આનન્દ છે.**

રાજીપાની ઘણી ગુલાબ પાંખડીઓ કવરમાં મોકલાવી છે, ભેળા થાઓ, ખાઓ, સંભારો, ભજો, પ્રગટને ભજ્યા તે તરી ગયા. શ્રીહરિ શરણાગતિ મંડળની જય હો. દિવાળી ઉપર દેશ પરદેશથી બધાના કાગળો આવ્યા છે તથા લખ્યા છે. એ જ કૃ.વ.આ.

હસતી મૂર્તિ, રાજીપાવાળી મૂર્તિ સંભારો.

- કૃ.વ.આ.

<u>પત્ર નં.-૨૬૫</u> **તારીખ : ૧૧-૧૨-૧૯૮૦**

સેવકો મોહનલાલ રતનશી, દયાળજી ભગત, વાલજી ભગત, નાનજી ભગત, તૂલસીદાસ ભગત, જયન્તીલાલ ભગત, વિસરામ ભગત, **શ્રીહરિ શરણાગતિ મંડળ સર્વેને પ્રત્યક્ષ ભગવાન સુખી રાખો,** સાજા નરવા તંદુરસ્ત રહો, ભક્તિ કરો, કમાઓ, વાપરો, સેવાઓ કરો, કુટુમ્બ પોષણ કરો, બધાને નાણાં ખૂબ ખૂબ મળો, આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા.

આ પત્રમાં ગુલાબ પાંખડીઓ પ્રસાદી મોકલવી છે ખાજો, સવંત ૨૦૩૫ ના વર્ષના સેવાના રૂપિયા ૫૦૦૦ ની પહોંચ મોહનલાલ રતનશી સાંપરીયાની મોકલાવી છે, હવે તે સેવાઓનો મોટો લેખ કોતરાવવા આપ્યો છે.

શારડો ફૂલવાડીમાં ૫૬૧ ફૂટ ગયો છે. ઉંડો કાળો પત્થર હોવાથી સારડો પાઈપ તૂટી જાય છે એટલે સારડાવાળો સારડો લઈને તેને ગામ ચાલ્યો ગયો છે, તો તે કામ હાલમાં તો બંધ કરેલ છે, ભગવાનની ઈચ્છા એમ જાણવી, આગળ ઉપર વાત. પાણી પરબની ઈચ્છા તો છે, ઉપર તળાવ બંધાય છે, ખોખરીના પ્રદેશમાં તળાવ થાય છે.

ભગવાનજી રાજા વિગેરે દસ બાર જણા અઠવાડીયામાં ત્યાં આવશે, રામજી ભગતને મળે ત્યારે જય સ્વામિનારાયણ કહેજો. રમેશ તથા નાનજી લખમણ દર્શને આવી ગયા છે. તે નાનજી પણ પાંચેક દિવસમાં ત્યાં આવી જાશે, ગુલાબ પાંખડીઓ પ્રસાદી ખાજો. ખૂબ કમાઓ, આશીર્વાદ.

શ્રીહરિ શરણાગતિ મંડળ જામો. તીર્થ માટે ખૂબ જ ફાળો કર્યો, તે જમીનનું કામકાજ પતી જવામાં છે, વાટાઘાટો ચાલે છે. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૬૬ **તારીખ : ૧૩-૧૨-૧૯૮૦**

સેવક તૂલસીદાસ મનજી મકવાણા તથા શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્ત સેવકોની ચઢતી કળા હો, સુખી હો, કમાઓ, વાપરો, ઘરબારનું રક્ષણ કરો, ભગવાનને ભજો, ભક્તિ કરો, સાજા નરવા રહો, ધ્યાન ભજન કરો, **પ્રગટને ભેગા રાખો, તન-મન-ધન પ્રગટ માટે કર્યા છે, તે કાયમ રહેશે. અક્ષરધામમાં પણ રસભર્યા, સુખભર્યા, આનન્દ હેત પ્રીત ભર્યા રહેશે. બધાને આશીર્વાદ.** જય સ્વામિનારાયણ.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

જન્મભૂમિ માટે ઘણો સારો ફાળો કર્યો, બહુ જ રાજી, તે કામની વાટાઘાટો ચાલે છે, ધીરે-ધીરે પતી જાશે, સારાવાના થશે, **તમારો વિજય ડંકો વાગે છે અને વાગશે.** નાનજી લક્ષ્મણ બે ચાર દિવસોમાં ત્યાં પહોંચી જશે, આંહી દર્શન કરી ગયા છે. ભગવાનજી રાજા વિગેરે ૧૨ બાર જણાને આવવાની તૈયારી છે. ત્યાં અઠવાડીયામાં પહોંચી જાશે.

સંવત ૨૦૩૫માં બારે માસની મેવા વિગેરે સેવામાં જે ફાળો તમોએ ૨૫૦૦, તુલસી મનજી મકવાણાએ નોંધાવેલ અને રોકડા મોકલાવેલ તેની પહોંચ નં. ૨૪, બુક નં. ૪૭૫, તા. ૯-૧૨-૮૦ આ પત્ર સાથે મોકલાવી છે. તે સંભાળી લેજો, અઢાર હજાર, મોટા લેખમાં કોતરવા પેટા વિભાગે સોપીં દીધેલ છે. હવે તે સેવાનો અવસર મળ્યો છે, બહુ જ સારૂં છે. બધા સેવકોને જય સ્વામિનારાયણ કહેશો.

તમારા પત્રમાં જણાવ્યા મુજબ દેવરાજ ડાયાભાઈ બગીચા વાળાનાં ૫૦૦૧, પાંચ હજાર એક તીર્થની જમીન માટેના ફાળામાં નોંધી લીધા છે, તેમને પત્ર લખીશું. તેનું શિરનામું આવી ગયું છે. દે.ડા.મકવાણા TOK નં. 14364, આબુધાબી (યુ.એ.ઈ.) C/o. C.P.E.C. DASAILAND એ પ્રમાણે છે. તા. ૧૭-૧૦-૧૯૮૦ નો કાગળ હતો. આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે.

•❀•❀•❀•

પત્ર નં.-૨૬૭ **તારીખ : ૧૪-૧૨-૧૯૮૦**

સેવક ક.હરિકૃષ્ણ **ભગવાનનું સેવાનું સુખ લેવું, મળતું રહે તેમ સંભારવા, ભજવા, સેવવા.** ભગવાનજી ભગતને મુમ્બઈથી ઘરે આવ્યા ત્યારે આશીર્વાદ પત્ર લખ્યો હતો પણ તે મળ્યો નહિં. કોઈએ લઈ લીધેલો. સુખી હો, ભજન કરવું.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. આશીર્વાદ, સાજા નરવા રહો, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૬૮ **તારીખ : ૧૬-૧૨-૧૯૮૦**

સમઝદાર જિજ્ઞાસુ સેવક.....

ગુરૂના આશીર્વાદથી કાયા પલટ થઈને જન્મ થયો તે વાત સાચી છે, એમ જ હતું.

ભગવાન જેવા મહાસન્ત પુરૂષ દ્વારા ઉદ્‌ભવ થયો તે રાજીપારૂપી વાત બહુ જ ઉંચી છે. તમને મળેલ છે.

પૂર્વ સન્તપુરૂષે પુત્રો આપેલા હતા. આ સન્તપુરુષે પુત્રીમાંથી પુત્ર ફેરવ્યો છે, તેવું ઐશ્વર્ય તે સમયે વાપરેલ, કર્તુમ અકર્તુમ અન્યથા કર્તુમ ભગવાન અને ભગવાન જેમાં વસેલા એવા સન્ત સમર્થ હોય છે. તેવા ભાગ્ય માનશો તો પણ સદ્‌ગતિમાં જવાશે, અભ્યુદયમાં વર્તાશે અને પ્રભુ સાથે વધારે હેત રહેશે.

કન્યાના સંસ્કારો ક્યારેક જણાય તે વડે પરાભૂત ન થવાય, પુરૂષાતન વડે અભ્યાસ કરવો, ગુરૂદેવ કેવા ભણેલા છે એમ બળથી ભણવું.

બધું માફ જ છે, ભક્તિમાં વધવું, પ્રભુનો મહિમા વધારે સમજવો, મૂર્તિમાં દર્શન કરવા, વિસ્તારની જરૂર નહિં. અંતઃકરણમાં ઠંડક રહો. પૂર્વ શું હતું એવી લપમાં ન પડવું. આ સંસારમાં નારીથી નર નરથી નારી સ્વરૂપો થાય છે, આશ્ચર્ય નથી. પ્રદ્યુમ્ન રાજા વર્ષ નર રહેતો, વર્ષ નારી રહેતો. શંકર પાર્વતીજીનો ભક્ત હતો.

ભગવાન કૃષ્ણ પણ થાય અને મોહિની પણ થાય. જેટલા આશીર્વાદોના સંતાનો છે તે સંતપુરૂષના પુણ્ય પ્રતાપે હોય છે, આશ્ચર્ય નથી.

વિષ્ણુ સ્ત્રી થઈને શંકરને ભોગ કરવા છૂટ આપી બે મિનિટમાં જ પુરૂષ થઈ ગઈ, શંકર ભોઠા પડ્યા.

..... આ પ્રભુજીનો ભક્ત છે માટે ભક્ત તરીકે સેવે અને વ્યવહાર સાંચવીને મોક્ષ મેળવે એટલી આ રીત પાળવી.

ભણો, સુખી હો, ઘણું જીવો, ભજો, સંસાર સાગરમાં ડબકા ડબકા દેતા પણ તરાય, એમ અનુસંધાન રાખો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૬૯ **તારીખ : ૧૮-૧૨-૧૯૮૦**

સેવકો જયરામભાઈ તથા જયન્તીભાઈ આપના કુટુમ્બને શ્રીહરિ વધારે સુખી રાખે, આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

ચિ. જયશ્રીના લગ્ન સારા ધામધૂમે હો, **વિવાહ વિધિ થઈ ગયો, ભગવાને આશીર્વાદો આપ્યા, નજર રાખી છે. દમ્પતી જીવન સદા સુખી હો.** આપનો પત્ર તા. ૧૮ બપોરનાં બાર વાગ્યે મળ્યો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડાર મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૭૦ **સાલ ૧૯૮૦**

પ્રિય સેવકો - શાંતિલાલ કેશવજી બગીચાવાળા તથા તૂલસીદાસ મનજી મકવાણા તથા કાંતિલાલ ડાયાભાઈ બગીચાવાળા તથા જયન્તિલાલ રાઘવ પોરીયા તથા ભગવાનજી ટપુ પોરીયા તથા રતિલાલ ઓધવજી ખોલિયા, રામજી જેઠા મકવાણા તથા છગનલાલ ડાયા તથા વાલજી તથા દેવરાજ તથા દયાળજી તથા તુલસી મૂળજી મનાણી તથા દેવજી કાનજી તથા મોહનલાલ ખોડીદાસ તથા શામજી હીરજી તથા રણછોડ ધનજી તથા ખીમજી રવજી તથા

છગન માવજી તથા શાંતિલાલ હીરજી તથા વશરામ ભીમજી તથા કાનજી મૂળજી સોજીત્રા તથા ગોવિંદજી નારણ ટુકડીયા તથા માલદે રામા તથા શાંગા દુદા તથા માલદે ભુરા તથા કેશુ તથા કારા રામ તથા કારા દેવા તથા આદિ પાંચ તથા બીજુ આખું મંડળ બધાને ભગવાન સુખી રાખે તમારી ચઢતી કળા હો, સાજા નરવા હો, **પળાય તેટલો ધર્મ પાળવો. ભક્તિ વધારે કરવી, પરદેશમાં ભગવાન રક્ષા કરે છે,** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, આનંદમાં રહો.

સેવક શાંતિલાલ કેશવજી ૫૦૦૦ તીર્થના

સેવક ગોવિંદજી નારાયણના ૧૦૦૦ સેવાના

ડ્રાફ ૬૦૦૦ નો મળ્યો બહુ જ રાજી, બેંકમાં વટાવવા મોકલ્યો છે, બધાને આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

પ્રગટ ભગવાન અને પ્રગટ સંત તે કલ્યાણકારી છે. પ્રગટના ભક્તો તે સાચા સગા છે, પ્રગટના લીલા ચરિત્રો કીર્તનો તે વેદવાણી છે, પ્રગટનો સમાગમ અને સેવા તે સાચી કમાણી છે, અંતે પ્રગટ ભગવાનને ત્યાં ધામમાં જાવું છે અને ત્યાં રહેવું છે, માટે અહીં પતિવ્રતાની ભક્તિ કરવી.

તન, મન, ધન, ક્રિયા, કમાણી વડે પ્રગટને સેવવા, બાળ બચ્ચા પ્રગટને શરણે મેલવા, ધન દોલત પ્રગટને આપવા.

પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગણિકા કપિવૃન્દ કોટી,
વ્રજતણી નાર્ય વ્યભિચાર ભાવે તરી, પ્રગટના ઉપાસના સૌથી મોટી.
ધ્યાન ધર ધ્યાન ધર પ્રગટ ભગવાનનું, જે થકી સર્વ સિદ્ધ મળે છે,
પ્રગટના પ્રેમ રસ પીયુષ જેને મળ્યા, અમર તે ધામના વાસી જાણો,
પ્રગટને સેવીને ખૂબ સુખ મેળવ્યા, તે તો લક્ષ્મી થકી મહત જાણો.

શતદિન નાથને હૃદયના હેતથી જે જે નિત્ય આનંદ લીધા તે તર્યા જગતને કાળને જીતી ગયા.

જેણે માયા ટાળી, પ્રસાદ પીધા, આમ જો સમજીને પ્રગટને સેવ્યા તે તો શ્રીકૃષ્ણના વારસ ઠરિયા.

આ અનાદિ પ્રગટ કૃષ્ણનારાયણ સ્વામિનાથ પ્રભુ જેને વરિયા તેમની દિવ્યતા અહીં બેઠા થઈ ધામના ધણી તેને નિજનિવાસ કર્યા.

'ધ્યાન ધર, પ્રગટ પરબ્રહ્મનું જે થકી સર્વ આનંદ પામે.'

આશીર્વાદ, જય સ્વામિનારાયણ. તૂલસીદાસ તથા ગોવિંદજીને પત્રો લખ્યા છે.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

પત્ર નં.-૨૭૧ **તારીખ : ૦૧-૦૧-૧૯૮૧**

નવો દિવસ, નવુ વર્ષ, નવો સંકલ્પ, ભગવાનને રાજી કરવા. પરદેશની લક્ષ્મીની અશુદ્ધિને શુદ્ધ કરવી. કમાવું, વાપરવું, ભગવાન અને સંતને અર્થે વાપરવું. ભક્તિ કરવી, પરોપકાર કરવા, સત્કાર્ય કરવાના સમય આવે પણ જો ભાવના કે પ્રેમ ન હોય તો કરી શકાય નહીં, કેટલાક તો ભગવાન અને સંતને ઓળખતા જ નથી, પોતા જેવા સંસારી ગણે છે. તેના વડે સારા કાર્યો તેવા ભગવાન કે સંત દ્વારા થતા નથી. અભાવ આડો આવે માટે ભક્તિ કરવી, ભાવના વડે બને તેટલું કરવું. ભગવાન કે સંત પરાણે પડાવતા નથી, પણ કુકર્મ, કાળ, રોગ, રાગ, તૃષ્ણા, અનિતિ, અધર્મ, દંડ, આપત્કાળ, સ્વાર્થ, લાલચ એ બધા પરાણે પડાવે છે. જીવ એટલું સમજે કે એક હાથે કે સો હાથે, ભગવાન માટે, ઉત્સવ માટે, ધર્મ કાર્ય માટે, દ્રવ્યશુદ્ધિ માટે કરે તો થાય, ફળ પણ સારા મળે, માટે સેવક પ્રવિણ ૧૧૧૧ નો સંકલ્પ કરેલ છે. કાગળ વાંચી આશીર્વાદ "જય શ્રીસ્વામિનારાયણ" બીજા જૂના કાગળમાં પણ પહેલો પગાર બધાએ ભગવાન લેખે માન્યો એમ લખેલ જ હતું.

તમો પ્રવિણ, રતિલાલ, ચમનલાલ વગેરે બધા સુખી રહો. ભગવાન ભજો, સારાવાના મેળવો, આશીર્વાદ. તમારી તબીયત સારી રહો,

મન લાગશે, ખોરાક પાણી સાજા રહેવાય તેમ લેવા, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. સાજા રહેજો. દેશમાં કાંઈ નથી, પરદેશમાં છે.

કમાઓ, ભજન કરો, તમારા માવતર, કાકા, બાપા, બધા ભગવાન ભજી ગયા છે. કરણી પ્રમાણે પરલોકમાં ધામમાં ગયા છે. બધુ માફ છે. લાલજીભાઈ, હીરજીભાઈ, નારણભાઈ, શીવજીભાઈ આદિકને આશીર્વાદ.

જય શ્રીસ્વામિનારાયણ. **નિષ્કુળાનંદ કાવ્ય વાંચજો. ભગવાન અને સંતનો દિવ્યભાવ સમજજો.** એ જ.

- કૃ.વ.આ.
જૂનાગઢ, ઈન્ડિયા



પત્ર નં.-૨૭૨ **તારીખ : ૮-૧-૧૯૮૧**

સેવક જયન્તિલાલ હંસરાજ રાઠોડ તથા ચન્દ્રકાન્ત આદિ બધાને ભગવાન સુખી રાખો. શિરનામું ચોકખે અક્ષરે બે ઠેકાણે લખ્યું તે સારૂં કર્યું.

તમોને શ્રીજી રક્ષા કરો, મુંઝાવું નહિં. તમારો પત્ર વાંચ્યો. પહેલા તેવા દેશની તાલીમ મળે ખરા હેવાયા થવાય, **કમાવું સહેલું નથી, મુંઝાવું સહેલું છે, સારૂં બધાને ગમે, નરસું પહેલાં જોવું, ઘડાવું, પછી સારામાં જાવું, એટલે ઘણા નાણાં મળે, કમાણી થાશે, હળીમળીને રહેજો, એકલા નથી ભગવાન ભેગા છે, દેશ કરતાં ઘણું સારૂં છે. માણસે ખૂબ જ ટીચાવું જોઈએ પછી રાજશાહી થાવું જોઈએ.** ભજન ભક્તિ કરજો, કમાજો, સાજા નરવા રહેવાય તેમ વરતજો. હવે પછી કમાએલા નાણાં ઘરે તથા બીજી સારી કમ્પનીમાં જવા કામમાં આવશે. ખૂબ જ સાવચેત રહેવું, કોઈ વાંકમાં ન આવવું. પરદેશમાં નીતિવાળાને બધા રક્ષા કરે. સહાય થાય માટે પોતાનો દેશ છે, બધા આપણા જ છે, એમ હળીમળીને કામ કરજો. પછી વિગતવાર કાગળ લખજો, ભજન કરવું, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, ધીરજ રાખજો, પછીનો સમય વધારે સારો આવશે. એ જ. આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

અજમાન, બેહરીન, મસ્કત, આબુધાબી, દાસાઈલેન્ડ બધા ભક્તો સુખી છે, તમારો વારો પણ હવે પછી તે તરફ આવશે. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૭૩ **તારીખ : ૧૪-૦૧-૧૯૮૧**

સેવકો કુંવરજી મેપાભાઈ, મધુ ધનજીભાઈ, રામજી તુલસીભાઈ, વ્રજલાલ રણછોડભાઈ, પ્રાગજી ડાયાભાઈ, દેવરાજ ડાયાભાઈ, ભગવાનજી રાજાભાઈ તથા મોહન ભગત કરસનભાઈ તથા રતિલાલ પ્રેમજી વાઘેલા તથા પ્રવીણચંદ્ર ખીમજી મનાણી તથા રામજી ટપુલાલ ચાવડા તથા **શ્રીહરિ શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો.**

ભજન કરવું, ધ્યાનમાં, હૃદયમાં, જીવમાં ધારવા, જોવા સંભારવા, ભજવા. આશરો મોટો છે, સારાવાના થાતા રહેશે. ખૂબ કમાઓ, નાણા સાચવજો, ભવિષ્ય સમય સુખનો થાય. તકલીફ વેઠવી. ગુરૂચરણ પ્રસાદી, ગુલાબની પાંખડી ખાવી. પૂજા ચિંતવન કરવું, આનન્દમાં રહેવું. **ભગવાન કલ્યાણ પારસ ચિંતામણી, કામધેનુ, કલ્પવેલી, પારસ ચિંતામણી, સંકલ્પ સિદ્ધરૂપેવર્તે છે. ભક્ત ધારે તે થાય, માયા અમાયા થઈ જાય, સંસાર અક્ષરધામ થઈ જાય. ભક્ત ભક્તાણી મુક્તોરૂપે વર્તે અને મૂર્તિનું સુખ લે, આ પ્રગટનો પ્રતાપ જાણવો. માયા-માયાને વેગે વર્તે, મુક્ત ભક્તને ભાવે વર્તે, એમ સાંખ્યજ્ઞાન કરવું. શિષ્ય આત્મનિવેદી ભગવાન માટે વર્તે એવો યોગશાસ્ત્ર મત લેવો. હું બ્રહ્મ અક્ષર છું, મારામાં પુરૂષોત્તમ પ્રગટ પરબ્રહ્મ વસેલા છે એવો વેદાન્તનો મત લેવો. જગત જડ છે, ચેતન વડે ચાલે છે, એવો ન્યાયનો મત લેવો. આ બધુ દિવ્ય છે એવો પ્રગટ પ્રભુનો મત લેવો.**

કુંવરજી મેપાની પહોંચ સંવત ૨૦૩૫ નાં ૨૫૦૦ ના ફાળાની આ સાથે મોકલવી છે. તે સાંચવીને દઈ દેજો. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૭૪ **તારીખ : ૧૭-૦૧-૧૯૮૧**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીશ્વેતાયન વ્યાસ ભગવાનને નમો નમઃ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીહરિ શરણાગતિ મંડળોની જય હો, મંડળો સુખી હો, મંડળીઓ બધી આનન્દમાં રહો, કુટુમ્બ પરીવાર સાજા નરવા રહો, કમાઓ, વાપરો, સેવો, ભજો, તન્મય થાઓ, ભગવાન અને ભગવાનના સંત દિવ્ય છે, નિર્ગુણ છે, કલ્યાણ કરનારા છે, તેને યોગે કરીને ભક્ત પણ મુક્ત થાય છે, બીજાનું કલ્યાણ કરવા સમર્થ છે. ભગવાનનાં લીલા ચરિત્રો ગાવાં અને સાંભળવા તથા સંભારવા.

ભગવાનની મૂર્તિ પરમચિન્તામણિ છે, આનન્દ આપે, સુખી રહેવા, એવો લાભ ચિન્તવવો. પ્રેમીથી ભગવાન દૂર નથી, પ્રેમમાં પ્રીતિમાં આવરણ ન હોય, પ્રીતિ તે એકાન્તિકપણું છે, ભગવાનમાં સર્વ પ્રકારની પ્રીતિ તેમાં પણ જે વડે ભગવાન વધારે રાજી થાય તેવી સેવા તે દિવ્યભાવે કરવી, ભગવાનની મૂર્તિમાં ત્યાગ ભાગનો માગ નથી. ભગવાનની મૂર્તિ એક રસ આનન્દઘન ચૈતન્ય છે, તેમાં અઘટિત કોઈ તત્ત્વ નથી, બધા તત્ત્વો સેવ્યેથી સેવકને પાવન કરે છે. ધામમાં તથા આંહી અનુવૃત્તિ પાળીને રાજી કરવા કરી લેવા છે.

તન, મન, ધન, સ્ત્રી, પુત્ર, પરીવાર, પતિ, સમ્પતિ, બધુ ભગવાનનું છે. ગોપીયુંના જેવી સાચી પ્રીતિથી ઉપરવટ રાજી કરવાનું કોઈ

મોટું સાધન નથી. ભક્તના મનોરથ ભગવાન પૂરા કરે છે, ભક્ત રમાડે તેમ રમે છે. પોતે તો નિર્લેપ છે. ભક્તજન પોતાના આનન્દ માટે ભગવાનને અતિ રમાડે, સેવે છે અને ભગવાન પણ ભક્તને રાજી કરવા જ બ્રહ્માંડોમાં દેખાય છે,જે ધામમાં છે, જે બ્રહ્માંડોમાં છે તે આ તીર્થવાસી ભક્તોના ભગવાન હૃદયમાં જીવમાં રહ્યા છે. એકાન્તિક દિવ્ય દ્રષ્ટિએ સાક્ષાત્ જોતા રહેવા.

સેવકો રતિલાલ, અમરજી, ટપુલાલ, રતિલાલ જા., છગન મૂ., હરિભાઈ વિગેરે શરણાગતિ મંડળ સુખી રહો, ગુલાબ પાંખડીઓ જમો. સંભાળ રાખે છે, તો પાંસે જ છે. દાસાઈલેન્ડના ભક્તો ખૂબ ઉન્નતિમાં છે. વેલજી ભગત તા. ૧૨, ૧૩ ના જૂનાગઢ આવ્યા હતા. ચન્દ્રકાન્તભાઈ સેવા સારી કરી ગયા. હરિલાલભાઈ પણ સારી સેવા કરવા ધારે છે. રસ્તે વિઘ્ન ન હોય તો જ સાથે ફાળા બધા મોકલવો, નહિં તો જ્યારે સગવડ ત્યારે જૂદા-જૂદા ડ્રાફ્ટ મોકલવા, પોસ્ટથી મળી જ જાય, પ્રવાસીને તો નડતર પણ થાય. પ્રાગજી ડાયાભાઈની પેટી બલૂનમાં ઉવારે ચઢી ગઈ તે બે ત્રણ મહિને પાછી આવી.

જન્મઘર તો જલ્દી લેવાશે, યોગ્ય રીતે વ્યવહાર કરવો છે, ઘણો વ્યવહાર વધારે પડતો દેખાય તેમ થવા નથી દેવું. **તમારા ભગવાન પ્રત્યક્ષ ઈષ્ટદેવની અકળ કળા છે. કળા વાપરે છે, કામ થતા જાય છે. ભક્તો સેવે છે, રાજી કરે છે, અને સત્સંગ જામતો જાય છે,** જન્મઘરમાં દરરોજ સાંજે કથાવાર્તા વિગેરે ૫૦ (પચાસ) થી સો જેટલા નાના મોટા ભજન ધુન્ય કરે છે, વધતી કળા છે, નવા સત્સંગીઓ થયા છે, જૂના પણ ભળ્યા છે. નિષ્પક્ષ શ્રીજીને સેવો અને સન્ત ભગવાનને સંભારો, ગુણગાઓ વિગેરે છૂટ મેલી છે. રાસ મંડળી ભોજન સમૂહ મંડળી વિગેરે જામી છે. તમોને કમાવાનું હાલમાં સોંપ્યું છે. દેશના આંહીના ભક્તોને વિસ્તારવાનું સોંપ્યું છે. **પ્રગટના નિશ્ચયવાળાને કાળ કર્મ માયા નડી શકતા નથી, તે પણ મદદ કરે છે. કમ્પનીને સારાવાના દેખાશે. ભક્તોના પુણ્યે કરીને કમ્પની પણ પુણ્યશાલી લાભમાં નીવડશે. તમારી ચિન્તા ભગવાનને છે.**

નવીન નવીન ભક્તોના આનન્દના પત્રો આવે છે, લ્હેરમાં છે. ભગવાન પણ આ વર્ષે તૃપ્તિ સમાધિમાં બિરાજે છે. નાણાં વડે છલકાવી દીધા છે. સારા કામો થાય છે. સારડો હમણા બંધ રહેશે. ફૂલવાડીમાં ગઢના ત્રણ ઈંટોના થર તથા બીજો રૂમ અને દરવાજા ઉપર રૂમ એ કામ હવે હીરાભાઈ વિગેરે કરશે એમ લખે છે.

ટપુલાલભાઈ બહેરીન સુખી છો, ભજન કરો છો, આનન્દથી ભજો છો. ભેગા છો, જમો છો, સાજા છો, સારૂં છે. **કમ્પની તમોને સાંચવશે. પ્રગટનો પ્રતાપ છે. ચાવડા, વંથળી, મુમ્બઈ, પુના વિગેરે સ્થળે આ પ્રગટ ભગવાન નજર રાખે છે.** પત્ર લખશું, રાજી રહેશે. જલ્દી આવતી કાલે જ લખશું. સુખી રહો.

ગુલાબ પાંખડીઓ ખાજો. આશીર્વાદો.

જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર

•❀•❀•❀•

પત્ર નં.-૨૭૫ **તારીખ : ૨૨-૧-૧૯૮૧**

સેવકો વેલીબેન ટપુભાઈ તથા દમયંતીબેન તથા **કુટુંબીને પ્રગટ ભગવાન સુખી રાખો.** પ્રાર્થના કાગળ આવ્યો, વાંચ્યો.

આશીર્વાદ, જય સ્વામિનારાયણ. ભક્તિ કરો, ભજો, જમાડો સેવો, ભગવાન રક્ષા કરો, અને ગાયવીયાણી દૂધ જમાડજો, બધાના કાગળો આવે છે. **ઘડીયાળ મળી જાશે, માનતા કરજો. સુવાસ મટી જાશે, ચા પીવો તેમાં આદુ રસ વાપરવો. રામજી ટપુલાલ બધા સુખી છે, પ્રગટ ભગવાન રક્ષા કરે છે,** બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૭૬ તારીખ : ૨૩-૧-૧૯૮૧

સેવક મોહન ભગત, ભગવાનની ઈચ્છાએ ભક્તો કામ કરે અને ભગવાન સફળ કરે. ભગવાનને બહુ ગમતી વાત છે, જે મારા મુક્તો એકાન્તિકો પરમ ભાગવતો પરદેશમાં એકત્રિત હોય તો શરણાગતિ સત્સંગ પુષ્ટ થતો જાય, ભગવાનની ઈચ્છાએ કરીને જ **MANAMA, BAHARIN** માં ટપુલાલ કાનજી વિગેરે જોરદાર મંડળનો વસવાટ થયો છે. **DUBAI** જોરદાર મંડળ વસેલું છે. **ABUDHABI** માં જોરદાર મંડળનો વસવાટ થયો છે. **AJMAN** માં **MOHARAQ** માં **RIYADH** માં **BAGDAD** માં **RUVI** માં **DASISLAND** તથા વિશાળ એરિયામાં એકાંતિક ભક્તોનો વસવાટ આ પ્રગટ ભગવાનની ઈચ્છા વડે અને એકાન્તિક ભક્તોની પ્રીત ભક્તિ વડે વસવાટ થયો છે.

પૂના, મુમ્બઈ, જામવણથલી, ચાવડા, ધોરાજી તથા છૂટા છવાયા નગર નગરીઓમાં શરણાગત મંડળો આ પ્રગટ ભગવાનની દયા વડે સાક્ષાતમૂર્તિ પૂજે છે. સુખે લ્યે છે. રક્ષા થાય છે. ઉત્સવ થાય છે. તૃપ્તિમાં વર્તે છે. ધનદોલત રેલીઓ ઉછળી છે. સેવાઓ થાય છે. ભાવિ કુટુમ્બીઓને ભજવા માટે પણ પાતાળ પાયા આ ભગવાનના પ્રતાપે થતા જાય છે. વિશ્વમાં વિદ્વાનોમાં (યુનિવર્સીટીઓ - પાઠશાળાઓમાં) શ્વેતાયન વ્યાસ ભગવાનના પાયાઓ મજબૂત બની ચૂક્યા છે. વિદ્યાલયો, યુનિવર્સિટીઓ, પાઠશાળાઓમાં સર્વત્ર શ્વેતાયન વ્યાસના તમામ શાસ્ત્રોના તત્વજ્ઞાન ભણાવવામાં પ્રચલિત છે.

મૂર્તિ પર તીર્થમાં ધજા ફરકે છે. જન્મસ્થળે દરરોજ કલાક સત્સંગ થાય છે. ભગવાને પહેલા પ્રતાપ વાપર્યો અને બસો વર્ષ, દોઢસો વર્ષ ફરીથી પ્રતાપ વાપરશે તે એકાન્તિકોને જણાવવામાં આવે છે. આવડે તેવી વાતો કરવી, ચમત્કાર, પરચાઓ વર્ણવવા અને દિવ્યતાને દ્રઢ કરવી. જે ભક્તો પ્રગટના સત્સંગમાં લાભ મેળવનારા થયા તેના પુણ્યનો અને ભગવાનના રાજીપાનો પાર નથી. વેવલા વેવલાઈમાં રહી જાય અને વેવલીયું ખાટી જાય.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સાક્ષાત્ વિચરતા પ્રભુ છે, તેણે પરદેશ મોકલ્યા છે, એ પરચો છે. મંદિર થશે ત્યારે ૧૪ ભૂવનોમાં નગારા ફરીથી વાગશે. જન્મજયન્તિએ વાગે છે. બ્રહ્મરસાયનનો સમય છે. એ જ.

પૂના વિગેરે આજે કાગળો લખ્યા છે. વેલજી ભગત જામવણથલી છે. એ જ. બધા દેશને, દુબઈને, આબુધાબી, અજમાનને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૭૭ **તારીખ : ૨૪-૧-૧૯૮૧**

સેવક અમરશીભાઈ કુટુમ્બ સુખી રહો, સાજા નરવા રહો. ૨૦૦ નો પાટલો નોંધાવ્યો તથા **જેણે પાટલા નોંધાવ્યા તે બધાને ઘણું સારૂં ઉત્તમ પુણ્ય મળશે,** ભગવાન તમોને ઘેરે દિકરા આપે. સારાવાના હો.

આશીર્વાદ, ગુલાબ પાંખડી ખાજો. જય શ્રીસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૭૮ **તારીખ : ૨૭-૦૧-૧૯૮૧**

સેવક શાન્તિલાલભાઈ, લીલાવન્તી, કુટુમ્બ બધું સુખી રહો. ભગવાનના આશીર્વાદ. જય સ્વામિનારાયણ પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

શાન્તિલાલને પત્ર આશીર્વાદ લખ્યા છે. સાજા નરવા રહેશે. હાથ કામ કરશે. હાથપગ ખૂબ જ બળમાં રહેશે. સાજા રહેશે. **બધા ઉપર દયા છે. ધામમાં સેવામાં રહેવાનું છે જ જીવન સારૂં રહેશે. ભજવા - સંભારવા - ભેગા રાખવા. પ્રભુ ભેગા જ છે, રક્ષા કરે છે. સંભારતાં ઉંઘવું. મનોરથ પૂરા થાય.**

બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૭૯ **તારીખ : ૦૨-૦૨-૧૯૮૧**

પ્રિય સેવક રતિલાલ મોહનલાલ ચૌહાણ તથા સાથે વસતા શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્તજનો, બધાને શ્રીજી મહારાજ સુખી રાખો. તમારો પત્ર મળ્યો તથા પ્રવિણ ભગત, ચીમનલાલ ભગત, મગનલાલ ભગત, ચંદુ ભગત, ઓધવજી ભગત આદિ સેવકોને વાંચ્યા, યાદ કર્યા, આશીર્વાદ આપ્યા છે. સુખી હો, સાજા નરવા હો, કમાઓ, ભજન કરો, ભગવાનને ભેળા રાખો. ભજો, આનન્દમાં રહો. રકમ ૧૧૧૧ નો ડ્રાફ, લેટર રજીસ્ટર્ડ બન્ને આજે મળેલ છે, બહુ જ રાજી.

અન્તર્યામી ભગવાન તમોને તન, મન, ધન, સમૃદ્ધિ વિગેરેમાં હેમ ખેમ લાભ આપે એમ આ ભગવાન આશીર્વાદ આપે છે. ભજજો, સુખી રહેજો. સંભારીને ભેગા રાખીને ઉંઘવું, ભેગા રાખીને કામ કરવું, રક્ષા કરશે.

નાથાલાલભાઈએ વહેલી સવારે દેહ તજયો ત્યારે તેની શેરીમાં આ ભગવાન માળા ફેરવતા, ફૂલહાર પહેરીને તેડવા ગયા હતા, આંટા મારતા હતા, તમારી કાકીને, બહેનને બીજાને દર્શન થયા હતા અને એ રીતે બધાને તેડવા જાય છે. ઓળખે તેના ભગવાન, ન ઓળખે તેના પુણ્ય હોય તો સારાવાના થયા કરે. એ જ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.



પત્ર નં.-૨૮૦ **તારીખ : ૨-૨-૧૯૮૧**

પ્રિય સેવકો, વ્હાલા મુક્તો - મોહનલાલ રતનશીભાઈ તથા દયાળજી લાલજીભાઈ ઘણાં ઘણાં સાજા નરવા રહો, ઘણું ઘણું જીવો, ઘણું ઘણું જ કમાઓ, ઘણી ઘણી ભક્તિ કરો, ભગવાનને ભેગા રાખ્યાં છે અને રાખજો, મૂર્તિમાં ધ્યાનમાં અંદર બાહેર જોતા રહેવાં.

ડ્રાફ ૧૦૦૦૦ = ૫૦૦૦ મોહનલાલ + ૫૦૦૦ દયાળજી અને તે સાથે લખેલો કાગળ, બન્ને આજે મળ્યા, બહુ જ રાજી. આ પત્રમાં પ્રસાદી ગુલાબ પાંખડીઓ મોકલી છે, ખાજો. આશીર્વાદ, બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેજો. **ભક્તિ તો વધારે કરવી. આરબ દેશ તમારે લઈને પવિત્ર થાય.** આપણા ભક્તો મળે તેમણે જય સ્વામિનારાયણ કહેવાં, **શ્રીહરિ શરણાગતિ મંડળ ચઢતી કળામાં છે, વધતાં રહો, ભગવાનને ઓળખ્યા સેવ્યાં ધામના સુખ મેળવ્યા અને હજુ અતિ આનંદ મેળવશો.** બહુ જ રાજી. શુક્રવારે શ્રીહરિ શરણાગતિમંડળ સેવકો મળે તો અમારા આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ કહેવાં.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૮૧ **તારીખ : ૦૮-૦૨-૧૯૮૧**

સેવકો નરેન્દ્રભાઈ, મનસુખભાઈ, હસમુખભાઈ, વિનોદભાઈ આદિકને **શ્રીહરિ પ્રગટ ભગવાન સુખી રાખો, રક્ષા કરો, નજર રાખો, કાંઈ ઉપાધિ ન થવા દ્યો. ભક્તિ કરવી, કમાઓ, વાપરો, માવતર, કુટુમ્બ, ભાઈઓ વિગેરેને સેવો, સુખી થવાય. ભગવાન, સન્ત, મા-બાપ વિગેરેના આશીર્વાદ લેવા.** અમારા આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા. પ્રસાદી ગુલાબ પાંખડીયો ખાજો. શ્રીજી રક્ષાઓ ૪ મોકલાવી છે, બાંધજો, વિઘ્ન નહિં આવે, સારાવાનાં થાશે. તમારા પત્રો વાંચ્યા, બે વરસ રહેજો, કમ્પની કામ આપશે, નજર રાખશે, બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, ઈન્ડિયા

•❀•❀•❀•

પત્ર નં.-૨૮૨ **તારીખ : ૧૦-૦૨-૧૯૮૧**

સેવક વ્રજલાલભાઈ તથા ભગવાનજીભાઈ તથા કુંવરજીભાઈ, દેવરાજભાઈ, પ્રવિણભાઈ, મોહન કરસનભાઈ, રતિલાલભાઈ, પ્રાગજીભાઈ, રામજી ટપુભાઈ, રામજી તુલસીભાઈ, રતિલાલ પ્રેમજીભાઈ, મધુ ધનજીભાઈ, તથા છૂટા છવાયા ભક્તો. બધાને શ્રીહરિ શરણાગતિ મંડળને આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

તમારા કુટુમ્બી બધા સુખી છે. આવતા જતા ભક્તો તરફથી સમાચાર મળે છે. **પ્રગટ ભગવાન નજર રાખે છે. ભગવાનની મહેરબાની છે. જેથી બધા પરદેશમાં સાજા નરવા સુખી રહો. કથાવાર્તા કરો.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાઓ. હેલીકોપ્ટરમાં ગગન ગતિના આનન્દ લ્યો. કામકાજ કરો. સારાવાના કરવા. વાંકમાં ન આવવું, ભજન કરવું. પ્રગટ ભગવાનને સંભારવા, બધાના કાગળો નમ્બરો આવી ગયા છે, નોંધ છે. કામકાજે સુખી રહો. જય સ્વામિનારાયણ વાંચજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

પત્ર નં.-૨૮૩ **તારીખ : ૧૫-૦૨-૧૯૮૧**

પ્રિય સેવક ભગવાનજી રાજા. બાર જણા સુખી હો. કમાઓ. પ્રગટને ભજો. પત્ર મળ્યો. બધાના નમ્બરો મળ્યાં. ગઈકાલે કાન્તિલાલ તેના બેન પુષ્પાદેવી તથા બીજા સગા દર્શને આવ્યા હતા. રતિલાલ રવજીનો કાગળ બપોરે આવ્યો, તેમને વંચાવ્યો. રાજી થયા છે. મુંબઈ ગયા છે. મધુ ધનજીના ભાઈ આવ્યા હતા. ખુશી થાય છે. (ત્રણ પહોંચ્યા). રામજી ટપુલાલનો પત્ર મળ્યો. પ્રાગજી ડાયાનો પત્ર મળ્યો, મોહન કરસનનો પત્ર, શાન્તીનો પત્ર મળ્યો. પ્રવિણ ખીમજી ત્યાં આવ્યો. બહું જ રાજી થવાયું છે. તેને પરચો આપ્યો છે. લટકી રહ્યો હતો. દેવરાજ ડાયા, કુંવરજી મેપા તમે બારેય આનન્દમાં

રહો. સુખી હો. સરનામા સાથે ટોકન નંબર મળ્યા તે સારૂં થયું. હવે કવરો ઉપર બે નામ લખવા નહિ પડે. જરૂર હશે તેના ટોકન નંબર લખાશે.

બધા હળીમળીને રહેશો. ગુલાબ પાંખડી જમજો.

'પૂર્વ અવતાર થયા, તે કરતાં સત્સંગીના છોકરાં અધિક છે ?' તેનો જવાબ આ ૧ પેજ - ૨ પેજ વાંચજો, ઉત્તર મળશે. અવતારીના મુક્તો સત્સંગીના છોકરાં થયા છે. તે મહાપુરુષના કરતાં, વાસુદેવના કરતાં, પ્રકૃતિ પુરૂષ કરતાં, પ્રધાનપુરૂષ, મહાવિષ્ણુ, વિરાટ વિગેરેના કરતાં, જે તે અવતારો કરતા, ધામ - સ્થાન - ઉપાસના મોટાની છે, માટે મોટાં છે, અધિક છે.

પાના નં.-૧

અવતારી સાથે અક્ષર મૂક્તો આવ્યા તે સત્સંગીના છોકરાં થયાં છે. આ ધ્યાનમાં રાખીને નીચેના ફકરા વાર્તાઓ વાંચો. બધા સમાધાન થઈ જાશે.

ગુણાતીતાનન્દસ્વામી પાંચ પ્રકરણની વાત - પ્રકરણ પાચમાં વાર્તા નં. ૩૭ (૩૬ પછીની) મહારાજે કહ્યું જે 'જ્યારે ઈન્દ્ર કલ્યાણ કરવા આવે છે ત્યારે એના શિષ્ય દેવતા જેવાં થાય છે. અને બ્રહ્મા કલ્યાણ કરવા આવે ત્યારે એનાં શિષ્ય ઈન્દ્ર જેવાં થાય. અને વૈરાજ આવે ત્યારે એના શિષ્ય બ્રહ્મા જેવાં થાય, અને પ્રધાન મહાપુરૂષ જ્યારે કલ્યાણ કરવા આવે ત્યારે એના શિષ્ય પ્રધાનપુરૂષ જેવાં થાય. અને અક્ષર આવે ત્યારે એના શિષ્ય પુરૂષ જેવાં (મહાપુરૂષ) થાય છે. અને પુરૂષોતમ કલ્યાણ કરવા આવે ત્યારે એના શિષ્ય અક્ષર જેવાં થાય. માટે અક્ષર આગળ તો કોઈ અવતારાદિકનું સામર્થ્યપણું હોતું નથી. એમ કરવું વાર્તા ૩૯ પછી ૪૦ નાગડકામાં સ્વરૂપાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું જે ગુરૂ સાહેબ આજ તો સત્સંગીકા કલ્યાણ કૈસા હોતા હે ?' ત્યારે મહારાજ કહે, 'કપિલદેવકા, જૈસા દતાત્રેયકા, જૈસા ઋષભદેવકા, ઐસા હોતા હૈ.' અહો તબતો બહોત બડા કલ્યાણ હોતા હૈ. વાર્તા - ૪૧ સમૈયો હતો ત્યારે સત્સંગી સર્વે આવેલ. તેણે કહ્યું કે, અહો મહારાજ જેવી ગોપી - ગોવાળને પ્રાપ્તિ થઈ હતી તેવી

અમોને થઈ છે. ત્યારે મહારાજ કહે, ના-ના, ગોપી-ગોવાળને જે મળ્યા હતા તેને તો આ ભગવાનના હજી દર્શન પણ નથી થયાં. અને તમારે તો બહુ મોટી પ્રાપ્તિ થઈ છે. પાંચમું પ્રકરણ વાર્તા - ૨૨, બીજા અવતારની ઉપાસનાએ તો તેના ધામમાં જાય બીજે પ્રકૃતિપુરૂષ લગી કાળ ખાઈ જાય છે. મહારાજે બીજા અવતાર જેટલાં તો હરિભક્ત તથા સાધુ દ્વારે કામ કરાવ્યાં છે. તમારે ભગવાનના જેવા તો એ છે. ઓલ્યાથી સરસ થયા. પાંચમું પ્રકરણ - વાર્તા - ૮, અનન્ત અવતાર થયાં. બીજા અવતાર જેવાં તો આ સત્સંગમાં ઘણાય છે.

મહાપ્રલયમાં વૈકુંઠ, ગોલોક બધાં લય પામે છે.

પાના નં. - ૨

પ્રકરણ - ૪ વાર્તા - ૨૮, બ્રહ્માંડના આવરણ પર ચિદાકાશ પર્યન્ત અનન્ત અવતારના સ્થાનક છે. તેના મુક્ત કોઈ અક્ષરધામને પામતાં નથી.

પ્રકરણ - ૪ વાર્તા - ૨૪, આ પુરૂષોત્તમ ભગવાન, ધામના પતિ, ઐશ્વર્ય, અક્ષરધામ, મહાપુરૂષાદિક ઈશ્વરકોટિ સહિત આ પૃથ્વી પર પધાર્યા છે તે આ સર્વે છે, સભામાં બેઠા છે. તેને હું દેખું છું.

પ્રકરણ - ૪ વાર્તા - ૨૨, સાક્ષાત્ પુરુષોત્તમનો તમારે આહીં સંબંધ છે.

પ્રકરણ - ૪ વાર્તા - ૧૬, આ પ્રત્યક્ષ ભગવાનની સાક્ષાત પ્રાપ્તિ થઈ છે. દ્રઢ આશરો થયો છે. તે આ પુરુષોત્તમ સંબંધને આવી, તમારી મોટયપ છે.

પ્રકરણ - ૪ વાર્તા - ૧૫, તમો સર્વે ત્યાં બેઠા છો. ગૌલોક, વૈકુંઠ આદિ સભાથી આ સત્સંગીની સભાને અધિક જાણું છું - અતિશય પ્રકાશેયુક્ત દેખું છું.

પ્રકરણ - ૪ વાર્તા - ૧૬, બધા ધામમાં તમારા વખાણ થાય છે.

પ્રકરણ - ૪ વાર્તા - ૧૪, અક્ષરધામ, અનન્ત કોટિ પાર્ષદો, બીજાં ધામના ઈશ્વર સહિત પધાર્યા છીએ.

પ્રકરણ - ૪ વાર્તા - ૧૧, અવતાર ક્રિયા કરે તો સિધ્ધ થાય. અવતારી સંકલ્પ કરે તે સિધ્ધ થાય.

પ્રકરણ - ૪ વાર્તા - ૭, જૈસા કલ્યાણ બડે બડે અવતારકા હોતા હે તૈસા કલ્યાણ આજ સત્સંગીકા હોતા હૈ.

પ્રકરણ - ૪ વાર્તા - ૫, પૂર્વે થયા જે અવતાર તેમનાં જેવું ઐશ્વર્ય તો અમારા સાધુ સત્સંગીમાં જણાય છે.

રામાનન્દસ્વામીના જેવો આ બાળકને વિષે તમારે પ્રતાપે કરીને ચમત્કાર જણાણો. **'જેને પ્રત્યક્ષ પ્રગટ ભગવાન રીજ્યા, તેની મોટાઈ વડે, તેનું મંડળ બધાથી મોટું છે. બધી રીતે અધિક છે.'**

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૮૪ તારીખ : ૧૯-૦૨-૮૧

સેવક રતિલાલ પ્રેમજી વાઘેલા, ડ્રાફ પ૦૦નો મળ્યો. રાજી. સુખી રહો. કમાઓ. ગુલાબ પાંખડી ખાજો. પત્રો મળ્યાં. ડ્રાફ પણ મળ્યો. વટાવવા બેન્કમાં મોકલાવ્યો છે. **પત્રો પ્રમાણે ભગવાન અને ભક્તોને લાભ સેવા મળતી રહેશે. બીજા છૂટા છવાયા ખુશી ખબરના પત્રો મળ્યા. બધાયને છાતીમાં ભીડીને આશીર્વાદ. મૂર્તિ સંભારજો, અક્ષરધામનું સુખ મળશે. આ ભગવાન બહુ જ જબરા છે, બધી સંભાળ રાખે છે. સુખી રહેશો.** તુલસીદાસનો પત્ર મળ્યો. તે આઘાં એકલા છે. રક્ષા કરીએ છીએ. મધુ ધનજીભાઈના સાળા દેરડીવાળા પોતાના પુત્રને કંઠી બંધાવવા આજે જૂનાગઢ આવ્યાં હતાં. વ્રજલાલ રણછોડનો પત્ર મળ્યો છે.

ભગવાનજી રાજા, કુંવરજી મેપાભાઈ, દેવરાજ ડાયાભાઈ, પ્રવિણચંદ્ર ખીમજીભાઈ, મોહન કરસનભાઈ, પ્રાગજી ડાયાભાઈ, રતિલાલ રવજીભાઈ, વ્રજલાલ રણછોડ, રામજી ટપુભાઈ, રામજી તુલસી, રતિલાલ પ્રેમજી, મધુ ધનજીભાઈ તથા છૂટાં છવાયાં શ્રીહરિ શરણાગતિ મંડળને ખૂબ જ હેત છલકતાં આશીર્વાદો. ભજજો.સાજા નરવા રહો.

નથુ ગંગદાસનો એક ભાઈ ભગવાનજી ધામમાં ગયો. તેની રસોઈ આપવા તથા એક ત્રીજા છોકરાની પત્ની ધામમાં ગયા એની રસોઈ આપવા આવ્યાં હતાં. રતનશી રવજીના ઘરેથી પણ આવ્યાં હતાં. જીવન ધનજી-ધોરાજીવાળા દર્શને આવી ગયા. ભાણેજ માટે શ્રીજી રક્ષા લઈ ગયાં છે.

તમારા કુટુમ્બો દેશમાં અતિ ભાવના વડે ભજે છે. ભગવાન પણ ભક્તિ પ્રમાણે સંભાળે છે. આશીર્વાદ, દર્શન, ફૂલ પાંખડીઓ વડે રાજી કરે છે. બધાં સુખી છે. એ જ.

હાલમાં નથુ ગંગદાસભાઈ, દેવરાજ લક્ષ્મણભાઈ, ગોવિંદ ભગાભાઈ, નાનજી વશરામભાઈ, મગનલાલના બાપુજી, પરસોતમ શામજી વિગેરે વિગેરે દર્શન કરવા આવી ગયા. અને દરરોજ દર્શને, યાત્રાએ સેવકો આવે છે. ખબરો પૂછે છે. સંભાળ રાખીએ છીએ. બે દિવસમાં કુંકાવાવની સોનીની નાત જૂનાગઢ આવશે. બસ આવશે. ઘણાં ભક્તો આવશે. કાનજીભાઈ મળે તો જય સ્વામિનારાયણ કહેજો. જામવણથલી શ્રીહરિ શરણાગતિ મંડળના સભ્યો સુખી છે. મોટા મોટાં ફૂલવાડીના કામકાજ માટે ઉત્સાહ ધરાવે છે. સીમેન્ટના અભાવે કામો અટકયાં છે. આવતાં ચોમાસે કે પછી તેમના ઉત્સાહ પ્રમાણે કાંઈક આગળ કામ વધશે.

ભગવાનને સોનાના કળશોની મિત્રતાવાળી મોટી ધજાઓ અવકાશમાં સ્વર્ગ-તારાગણ સમી ખુશીયાલી (ખુશી) બતાવે તેવા હિરાભાઈ વિગેરેને ઉત્સાહ પ્રવાહો નિવેદિત થયા છે. આગળ ઉપર મૂર્તિ સ્વરૂપ ધારણ કરાશે. શ્રીહરિ શરણાગતિ મંડળે આવતા વર્ષમાં દીર્ઘદ્રષ્ટિ વડે મૂર્તિ સ્વરૂપ નિપજવા લાંબા સમય ઘડેલ પ્રાર્થનાઓમાં સૂચવાય છે. **વિશ્વંભર જે કરશે તે થાશે. ભક્તોએ ગેડીઓ ટકાવીને ગોવર્ધન ઊંચો રાખ્યો હતો. પ્રભુ ઈચ્છા.** જય સ્વામિનારાયણ. ભગવાન ઈચ્છે છે - ભક્તોના ઘરમાં લાખ લાખ મૂડી થઈ જાય તો ઘણું રાજી થવાય. એ જ. તમોને બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા

પત્ર નં.-૨૮૫ **તારીખ : ૨૦-૨-૧૯૮૧**

સેવક તૂલસીભાઈ, દયા, ધર્મેશ, ભાવેશ, ઉમા, તત્ત્વ પ્રભાવલી વાંચો. **શ્રીહરિ શરણાગતિ મંડળ લાલજીને જમાડો, પૂજા લ્હેર કરાવો, જમો-જમાડો, કથા વાંચો,** આજે જ તુલસીભાઈનો ભક્તનો કાગળ આવ્યો છે. તેઓ આનંદમાં છે. હવે લખશું. તમો ગુલાબ પ્રસાદી પાંખડી ખાજો. ભજન કરજો.

સંભારવા, ભેગા જમાડવા, રમાડવા, જાગૃત ઉઘમા શ્રી ભગવાનને ભૂલવા નહિં.

આ જન્મ સુધરી ગયો, સુખી હો,

આશીર્વાદ, જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

- કૃ.વ.આ.

જૂનાગઢ.



પત્ર નં.-૨૮૬ **તારીખ : ૦૩-૦૩-૧૯૮૧**

સેવક હરિલાલ વેલજીભાઈ બહેરીન - શરણાગતિ મંડળ સુખી રહો, તમારા પત્ર નિરાતે વાંચ્યા, રાજી. બે ડ્રાફ નવ હજાર, નવ હજાર, ૧૮ હજારના મળ્યા બેંકમાં વટાવા મોકલ્યા છે.

રતિલાલ ભગતે વિગતવાર નામ લખ્યા છે, તે પ્રમાણે નોંધમાં નામો સાથે જમા કરી લીધા છે, બાકીના આવશે ત્યારે તેમાં ભેળવાશે, પૂરી રકમો થાશે.

તૂલસી વડોદરાથી આવશે પાંચ લાવશે, તે બન્ને રકમો ૭૫૦૦ ભેગી કરી લેશું, બાકી લેતા આવજો, કંઠી બંધાવી દેશું સારાવાના થાશે, સારાવાના થયા છે અને થાશે.

નારાજગી મટી જાશે, કાગળ લખશું. મુમ્બઈ પાટોત્સવનો ડ્રાફ આવશે તે તેમાં જમા કરાવશું.

સેવકો રતિલલ હંસરાજ, હરિલાલ વેલજી, ટપુલાલ કાનજી, વેલજી મનજી, હરિલાલ પ્રેમજી, રતિલાલ લાલજી, અમરશી, છોટા છગન, શાન્તિલાલ, ધરમશી, જયન્તીલાલ, મનસુખ શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી હો.

સમૂહ ભોજન, દુગ્ધપાક બાપાને જમાડ્યો, જમ્યા, ઓડકાર આવ્યા, રાજી. ફૂલપાંખડીઓ ખાજો, દર જુમાએ ભોજન કરતા રહેજો. કાગળ વાંચ્યો, નોંધ લખી છે - ૧૮૦૦૦

દુબઈ, અજમાન, દાસાઈલેન્ડ, આબુધાબી વિગેરેના પત્રો આવે છે, અમો જવાબ લખતા રહીએ છીએ રાજી છીએ. **અટાણે જે ભગવાન અને ભક્તોની જોડ્યો થઈ છે, તે કોઈ યુગમાં થઈ નથી.** જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ, ઈન્ડિયા



પત્ર નં.-૨૮૭ **તારીખ : ૦૩-૦૩-૧૯૮૧**

સેવકો - હરિલાલ વેલજી, ચન્દ્રકાંત પટેલ, ટપુલાલભાઈ કા., વેલજીભાઈ રા, રતિલાલભાઈ હે., રતિલાલ લા., અમરશી હે., છગનલાલ મૂ., જયન્તીલાલ મ., શાન્તિલાલ પ., ધરમશી કુ., મનસુખ દા., આંબાલાલ ડા., હરિલાલ પ્રે., પ્રભુલાલભાઈ, હેમરાજભાઈ, વૃન્દાવનભાઈ તથા પરશોતમ ચકુ, મનસુખ દામજી તથા શ્રીહરિ શરણાગતિ મંડળને ભગવાન ચઢતી કળા આપો, સાજા નરવા રહો, ખૂબ જ કમાઓ, વાપરો, ૯૦૦૦ + ૯૦૦૦ બે મળી અઢાર હજાર ડ્રાફ બન્ને મળ્યા, ઘણા રાજી. તમારા પત્રોમાં જે જે લખેલ છે તે પ્રમાણે વરતી લેશું, રૂપિયા આવશે ત્યારે જમા લેશું, બાકીના પણ તે પ્રમાણે જમામાં લઈ લેશું. ડ્રાફ, રકમ, સંખ્યા, તમારા નામો નોંધ નીચે જમામાં લખી લીધા છે.

ભજન કરજો, ભગવાન સંભારજો, ભય રાખશો નહિં, ભક્તિ સત્સંગ કથા કરતા રહેવા, ભગવાનના પરચા ગાવા, ભાગવત સન્ત થયા છો, ભેગા છો તે ભારે લાભ છે.

મસ્કત, બહેરીન, અજમાન, આબુધાબી, દુબઈ, દાસાઈલેન્ડ, **શ્રીહરિ શરતાગતિ મંડળોને પ્રગટ ભગવાને બળ આપ્યું, જોર આપ્યું, સમાગમ આપ્યો, સારાવાના આપ્યા. પરદેશોમાં ગુરૂભાઈઓનો સત્સંગ સમાગમ થતો જાય છે, આ એક મહાન બળવાન પરચો છે, પ્રત્યક્ષનો બળવાન સંકલ્પ છે.**

'કોઈ ન પ્રીછે પરચો, એવું કરવુ મારે નિદાન છે' પોતાના એકાન્તિકોમાં વસીને ભગવાન બધું નિભાવે છે, ભગવાન અને સન્તોની ક્રિયા રહેણી, કહેણી, કરણી, લીલા ચરિત્રો, પ્રકૃતિ, તત્ત્વો વિગેરે દિવ્ય છે, માયા ટળી ગઈ છે. મુક્તપણાનો સમ્બન્ધ રાખવો. કાકા, ભાઈ, ભત્રીજા એ તો દેહના કોથળાનો સમ્બન્ધ છે, રાખ થાય એટલે બધો મટી જાય. એકાન્તિકતા, દિવ્યતા, અક્ષરના બ્રહ્મસુખનો સમ્બન્ધ, બ્રહ્મરસાયણ પીયૂષનો સમ્બન્ધ, અનાદિ અનન્ત છે. અનન્ત મુક્તો મરજી પ્રમાણે ધામમાં સેવે છે તેમને મૂર્તિનું અમૃત મળ્યા કરે છે, ખૂટતું જ નથી, સાચા મુક્તોને માટે એમ જ છે, બીજાને માટે તો પંચામૃતનો ઘૂંટડો પણ સુખ નથી. આમ તો ભગવાનની મૂર્તિમાં બધા રસ, બધા ગન્ધ, બધા રૂપ, બધા સ્પર્શ, બધા તત્ત્વો, બધા આકર્ષણો, બધા આનન્દ સુખો રહ્યાં છે. મૂર્તિમાં હુ અને મારામાં મૂર્તિ આ રીતે એકમેક વર્તવે કરીને ધામમાં મૂર્તિમાં આનન્દ લેવાની વીઝા કાયમી છે એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર

•❀•❀•❀•

પત્ર નં.-૨૮૮ **તારીખ : ૦૭-૦૩-૧૯૮૧**

સેવક પ્રાગજી ડાયાભાઈ તથા ભગવાનજી રાજાભાઈ, દેવરાજ ડાયાભાઈ, કુંવરજી મેપાભાઈ, વ્રજલાલ રણછોડભાઈ, મોહન કરશનભાઈ,

રતિલાલ પ્રેમજીભાઈ, રામલાલ ટપુભાઈ, રતિલાલ પ્રેમજીભાઈ, રતિલાલ રવજીભાઈ, મધુભાઈ ધનજીભાઈ, રામજી તૂલસીભાઈ, પ્રવીણચંદ્ર ખીમજીભાઈ, દાસાઈલેન્ડ કોસ્ટેલ સીવીલ, શ્રીહરિ શરણાગતિ મંડળ તથા આસપાસના સેવકો સુખી રહો. **તમારી રક્ષા હો, ભગવાન નજર રાખો, વિશ્વંભર બધું વિશ્વ સંભાળતા રહે છે. પોતાનું વિશ્વમંડળ પણ સંભાળતા રહે છે. આશીર્વાદ, સહી સલામત રહો, ભક્તિ કરો, કમાઓ, વાપરો, પરોપકારક, સ્વોપકાર, કુટુમ્બોપકાર, ધર્મોપકાર, મોક્ષોપકાર કરતા રહો, ભક્તો અને ભગવાન એકમેક રહો,** પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો.

હીરજી પેથાભાઈ જૂનાગઢ દર્શને આવ્યા હતા, ફૂલવાડી માટે ઘણી ઉત્સાહ ભરી હકીકતો કહેતા હતા, તેમનો ઉત્સાહ તથા શ્રીહરિ શરણાગતિ મંડળનો ઉત્સાહ ઘણો છે, આગળ વધવા ભવ્ય વિશ્વવંદ્ય વખણાય એવું તીર્થ કરવા ઉત્સાહ ધરાવે છે. તેમની રજૂઆત પછી તેમને અમોને કહ્યું છે તમો પરબારા પત્રવ્યવહાર કરીને શ્રીહરિ શરણાગતિ મંડળોને માહીતિ જણાવો. તેઓ ઉત્સાહથી તમોને ટેકો આપે તે પ્રમાણે કરો. અમારા આશીર્વાદ સુખી રહો, તમારા કામમાં ભગવાન અને ભક્તો ભળો, **શ્રીહરિ શરણાગતિ મંડળના તમામ સાચા સિંહો છે, ભેડિયા નથી,** માટે ભગવાન સારૂં કરો. તમોને સારૂં થાય તેમ કરવા આશીર્વાદ. એ જ.

જેઆએ ભગવાનને રાખ્યા તેઓનાં શાસ્ત્રોમાં અવિચળ યશ રહી ગયા છે અને રહેશે. તન, મન, ધન, સમય, જીવ અર્પ્યા વિનાના જીવો તો ખરાબાના તળાવડાઓમાં જન્મમરણ લ્યે છે અને જીવતી જમપુરી ભોગવે છે. જગત મરતૂં જ જાય છે, પણ ભગવાન માટે કરનારાઓ જીવતાજ છે, જેઓ બ્રહ્મલોક સુધી સત્ય જીવનવાળા છે, કુટુમ્બો પાવન ગણાય છે. નન્દ, સુનન્દ, મુક્તાનન્દ, મુકુન્દાનન્દ, રાધા, લક્ષ્મી, જયા, લલિતા, રૂકમણી, રમા, ભગુજી, રતનજી, દાદોખાચર, ઝીણોભાઈ, પર્વતભાઈ, ગોરધનભાઈ, નર-નારાયણ એ બધા ધામોમાં ભગવાન જોડે આનંદ કરે છે અને આ લોકમાં

સ્વભક્તો સાથે બ્રહ્માનંદમાં વર્તે છે. તમારામાં કાંઈ ખોટ નથી. જીવ નબળો, મન નબળું, વિચાર નબળા અને લોભ - સ્વાર્થ સબળા હોય તો તે ઉપલા કહ્યા તેવા ભાગવત પરમભાગવતો થઈ શક્તા નથી. તમારા બધાની ચઢતી કળા હો, આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

આ આખું વર્ષ અમારે નિજસુખશયનમાં જ વરતશે. આવતે વર્ષે નવું સૂઝશે તો ધ્યાનમાં લેવાશે. હેતના બધાને જય સ્વામિનારાયણ. છોકરાઓ બધા રાજકુંવરો હો. સુખી હો, દેવદેવીઓના શણગારો વાપરો, મીષ્ટ ગરિષ્ટ જમો, ઠંડા શરબત પીઓ, અમૃતના ઘૂંટડા ભરો, ભજન, ભક્તિ, કીર્તન, પૂજન, ધ્યાન, સ્મરણ, રાજીપો, સેવા પ્રત્યક્ષ શ્રીહરિ ઈષ્ટદેવમાં કરો. આત્માની કિરણમાંથી મીઠો આશીર્વાદ.

-કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૮૯ **તારીખ : ૦૭-૦૩-૧૯૮૧**

સેવક, વિપ્ર દેવ - ગોવિંદજી નારાયણજી ભાઈ તમો વધારે સુખી હો, કમાઓ, ભગવાન ભજો, સારો લાભ રહો, સાજા નરવા રહો, **ભજન કરાવો અને દૈવી જીવોને પ્રગટ ભગવાનને માર્ગે ચઢાવતા રહો, મૂર્તિ પ્રતિમા પૂજવી, ભગવાનને જળ ભોજન અર્પણ કરવું અને માનસ મૂર્તિ સંભારીને ખાવું પીવું.**

નહિ કલ્યાણ કૃત્ કશ્ચિત્
દુર્ગતિં તાત ગચ્છતિ.

સારૂં કરનાર સદ્ગતિને પામે છે. બ્રાહ્મણ સ્વધર્મ, ભગવદ્ ભક્તિ, જ્ઞાન, ઉપદેશ વડે પૂજ્યતાને પામ્યા છે. તમોને ઉપદેષ્ટા સ્થાપીએ છીએ, ઉપદેશ કરવો, ભજન કરવું. એ જ.

૧૦૦૦ ડ્રાફ આજે મળ્યો છે. વટાવા આપ્યો છે. સેવા સારી કરી છે અને રાજી છીએ, ખુશી રહો. શાન્તિલાલ કેશવજીભાઈ વિગેરે તથા માલદેભાઈ, શાંગાભાઈ, કેશુભાઈ, કારાભાઈ, કારા દેવાભાઈ વિગેરેને **જય સ્વામિનારાયણ, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહેજો.** આશીર્વાદ, સુખી રહો. જય સ્વામિનારાયણ વાંચજો. પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, રૂપિયા સેવામાં વાપરશું.

શાન્તિલાલ કેશવજી તથા તૂલસીદાસ મનજીને પત્રો લખ્યા છે. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૨૯૦ **તારીખ : ૧૧-૦૩-૧૯૮૧**

દ.દ.રા.ટ.હં. ભાઈના કુટુમ્બ સુખી રહો. સેવક રામજી તથા ટપુલાલના કાગળો છે, આનન્દમાં છે, કામકાજ કમાણી સારી છે. **તમારે ભજન કરવું, ભગવાનને ભજવા, સેવવા, ધરીને થોડીક ખીર ખાવી, પચી જાય, પેટમાં નહિં દુખે, ઘડિયાળની માનતા કરજો, ભગવાન લાવી આપશે, આવે તો માનતા ચઢાવવી, ગાય દૂધ દેશે, સગપણ પણ થાશે, માનતા કરવી.** એ જ. પ્રસાદી ગુલાબ ખાજો.

જય સ્વામિનારાયણ વાંચજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૯૧ **તારીખ : ૧૪-૦૩-૧૯૮૧**

વ્હાલા સેવક પ્રાગજી ડાયાભાઈ તેમજ શ્રીહરિ શરણાગતિ મંડળ, ભગવાનજી રાજાભાઈ, દેવરાજ ભગત, મોહનલાલ ૨. ભગત, કુંવરજી ભગત, રતીલાલ ભગત, રતિલાલ પ્રે. ભગત, રામજી તૂ. ભગત, રામજી

ટપુ. ભગત, પ્રવીણ ભગત, મોહન ક. ભગત, તથા સાથે વ્રજલાલ રણછોડ ભગત, મધુ ધનજી ભગત તથા સાથેના શ્રીહરિ શરણાગતિ મંડળને ચઢતી કળા ભગવાન આપો. તમારા પત્રો વડે બહુજ રાજી, ચઢતી કળા હો ખૂબ જ નાણાં, ભક્તિ, ભગવાન સેવા, ઘર સંપ, મદદ વિગેરે કરતા રહો. હાલમાં તો બહુ જ ઉંચી કળા ચઢતી છે. બધાને આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા.

જા.વં. ફૂલવાડીથી હીરજીભાઈ તથા છગન પ્રેમજી આવ્યા હતા, તેમના ઘણા સંકલ્પો છે. પ્રાગજીભાઈ, ભગવાનજીભાઈ, મોહનલાલ રતનશીભાઈ ૧૧ ના **મંડળમાં આગેવાનો તથા બીજા બધાયને ભલામણ કે કમાઓ, વાપરો, ખૂબજ સારાવાના કરો, જેમ વાપરશો તેમ સોનાની લગડીઓ મળશે. "આસમે અઢળક ઢળ્યા રે લાલ, કાંઈક કહ્યામાં નાવે વાત મારી બેની, પ્રગટ પ્રભુ અઢળક ઢળ્યા રે લોલ" સુખ શાન્તિથી આગળ વધજો,** તીર્થમાં વાણીયાનો વંડો ૩૦૦ વાર મળે એમ છે, થાય તે ખરૂં, એ જ.

શ્રી કૃ.વ.આ.નાં રાજીપાનાં જય સ્વામિનારાયણ વાંચજો. જૂનાગથી બધાનાં જય સ્વામિનારાયણ કહેજો.

•❀•❀•❀•

પત્ર નં.-૨૯૨ **તારીખ : ૧૮-૦૩-૧૯૮૧**

સેવક શ્રીયુત હરિલાલભાઈ તથા શ્રીહરિ શરણાગતિમંડળને ભગવાન સુખી રાખો, આ સાથે પ્રસાદી ગુલાબ પાંખડીઓ છે, ખાજો. બધાને જય સ્વામિનારાયણ તથા આશીર્વાદ.

મુમ્બઈથી બાળકૃષ્ણનો કાગળ છે તે, તથા અમોએ બાળકૃષ્ણને જવાબ ધીરજનો સમઝાવટનો લખ્યો તે વાંચજો. મુમ્બઈ પત્ર લખવો ઘટે તો લખજો. તમારો પત્ર મળ્યો હતો. મુમ્બઈવાળા અકળાતા હશે, ધીરજ રાખે તેમ આશીર્વાદ આપ્યા છે. તમો સુખી સાજા નરવા વીઝા સાથે દેશમાં આવો એમ ઈચ્છીએ, આ વર્ષમાં ભગવાન છાનામાનાં છે, ભજન કરે છે, આશીર્વાદ આપે છે, સેવાઓ, ફાળા રકમો આપ્યા કરે છે, આગળ કામ થશે જ.

આવતે વર્ષે મસ્કત, બહેરીન, રૂવી, સફાત, દુબઈ, આબુધાબી, અજમાન, દાસાઈલેન્ડ વિગેરે બધા શરણાગતિ મંડળો મળીને વધારે કામ ઉપાડશે એવા અભિપ્રાયો જામવંથળીથી જાણવા મળે છે, **ભગવાનનું કામ ભગવાન કરે છે, ભક્તોનું કામ ભક્તો કરે છે. સારાવાના હો, કમાઓ, સુખી હો, સુખે દેશ તરફ આંટા ફેરા કરો, બધા ઉત્સાહમાં રહે, આ જગત ટૂંકા વિચારો કરે, લાંબી નજર વિનાનું છે, તો તે પ્રમાણે મનોરથ પૂરવા, ભગવાન સારૂં કરો, શ્વેતાયન વ્યાસ ભગવાન નજર રાખો,** જય સ્વામિનારાયણ.

ટપુલાલભાઈ, રતિલાલ, અમરશી, વેલજી મનજી, રતિલાલ લાલજી, ચન્દ્રશેખરભાઈ, તૂલસી છગન, મૂળજી, આંબા ડાયા, શાન્તિલાલ પરશોત્તમ, ધરમશી લાલજી, હરિલાલ પ્રેમજી, વેલજી રવજી વિગેરેને જય સ્વામિનારાયણ. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૯૩ **તારીખ : ૨૫-૦૩-૧૯૮૧**

સેવક વાલજી કેશવજીભાઈ તથા નરેન્દ્ર, દીનેશ, કાનજીભાઈ, જયન્તિલાલ વિગેરેની પ્રગટ શ્રીહરિ રક્ષા કરે, દુબઈ ગયા, પહોંચ્યા પછી પત્ર લખજો. **અમોને હૃદયમાં સંભારજો, તે દર્શન ગણાય, સાથે રાખવા, દર્શન થતાં રહેશે, બીક ન રાખવી, પાંચ માળા દરરોજ વધારે ફેરવજો, રક્ષા કરે, ધામનો સમય આવશે ત્યારે પ્રગટ ભગવાન આવશે,** બધાને જય સ્વામિનારાયણ. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૯૪ **તારીખ : ૨૫-૦૩-૧૯૮૧**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમઃ

સેવક સોરઠીયા જયન્તીલાલ દેવશી સાજા નરવા રહો.

પરદેશ જવાય તો સારૂં, કોશીષ કરવી. **શ્રીજી રક્ષા બાંધજો, માથાનો દુઃખાવો મટી જાશે.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. આશીર્વાદ બધાને જય સ્વામિનારાયણ કહેવા.

ભાવના જાગી તો ભગવાન દેખાશે. રૂ. ૧૦ મળ્યા છે, રાજી. ભક્તિ ભજન કરજો, સારૂં થાશે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ



પત્ર નં.-૨૯૫ **તારીખ : ૫-૦૪-૧૯૮૧**

સેવક - પ્રાગજી રણછોડ, માવજી રણછોડ તથા **શ્રીહરિ શરણાગતિ મંડળને શ્રીહરિ પ્રગટ ભગવાન સુખી રાખે. માવતર, ભગવાન, સંતની તન-મન-ધન વડે સેવાથી રાજીપો મેળવ્યો, તે સદા સુખી જ છે.** કમાઓ, વાપરો, આનંદ કરો, દિવ્યભાવે સત્સંગ પાળો, ભક્તિ કરો, સાજા નરવા રહો, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. ફોટો મોકલ્યા છે, ચાર દર્શન કરજો. એ જ. જય સ્વામિનારાયણ.

રાજકોટ વંથલી આશીર્વાદ લખ્યા છે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ,



પત્ર નં.-૨૯૬ **તારીખ : ૧૦-૦૪-૧૯૮૧**

સેવક નારાયણ હંસરાજ, કાનજી રાઠોડ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ જે સાથે હોય તે બધાની ચઢતી કળા હો, ભક્તિ કરો, આજે હંસરાજભાઈ

વિગેરે કુટુમ્બ જૂનાગઢ સમૈયા ઉપર આવેલ છે, રૂપિયા તમારા ૨૫૦૦ લેતા આવ્યા છે. અમો તે તીર્થ સેવા માટે આપ્યા છે, તે જમા લીધા છે. એટલે તમારા બનેવી રવજી ગોપાળ તથા તમારા ૨૫૦૦ , ૨૫૦૦ મળીને પાંચ હજાર સેવાના જમા કરી લીધા છે. બહુ જ રાજી છીએ, **ભજન કરો, ભગવાન ખૂબ જ નાણાં આપશે. પ્રગટ ભગવાને આરબદેશ સોનાનો પોતાના ભક્તો માટે ખાસ ખોલી દીધો છે, ભક્તોએ કમાઈ લેવું, અભક્તોને તો મહિમા જ નથી.** આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચવા, ગુલાબ પાંખડી ખાજો.

મનસુખ ભગત, મોહન ભગત, દયાળજી ભગત, વાલજી ભગત, નાનજી ભગત, રવજી ભગત, પ્રવીણ ભગત, શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેવા.

હંસરાજભાઈ સાથે આણંદીબા તથા દરબાર ગરાસીયા કુટુમ્બો આવ્યા છે, તમારૂં કુટુમ્બ પહેલા દર્શન કરી ગયા છે, યજ્ઞમાં ૧૧૧૧ નો ૧ પાટલો હંસરાજભાઈનો છે તે યજ્ઞમાં બેસશે. સમૈયો ઘણો સારો ભરાય છે.

બધા મજામાં છે, રવજી ગોપાળ સાથે કંઠીઓ મોકલાવશું, ઘરે ચાવડા કાગળ ખુશીખબર લખ્યા છે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, મું. જૂનાગઢ.



પત્ર નં.-૨૯૭ **તારીખ : ૧૯-૦૪-૮૧**

સેવકો - પ્રાણથી વ્હાલા ભક્તો - વચનપાળકો, તન, મન, ધન, સમર્પણ કરનારાઓ. તમોને ધન્ય છે. ભગવાન સન્ત ગુરૂભાઈઓને પોતાના ગણ્યાં છે. એથી ઉપર કોઈ કાંઈ મેળવવાનું નથી. પ્રત્યક્ષ મળ્યાં છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ આશીર્વાદ વાંચશો.

પ્રાગજી ડાયા - ૫૦૦૧
મોહન કરસન - ૩૦૦૧
મધુ ધનજી - ૩૦૦૧
ભગવાનજી રાજા - ૩૦૦૧
રામજી ટપુ - ૨૫૦૧
રતિલાલ પ્રેમજી - ૨૦૦૧
રતિલાલ રવજી - ૧૦૦૧
પ્રવિણચંદ્ર ખીમજી - ૧૦૦૧
રામજી તુલસી - ૫૦૧
વ્રજલાલ રણછોડ - ૫૦૧

આ ફાળો તમોએ કર્યો રાજી થવાયું. નોંધ પ્રમાણે રૂપિયા ૨૧૫૧૦ - રોકડા આજરોજ.

તા. ૧૯-૦૪-૮૧ હીરજી પેથાભાઈને તીર્થની રકમમાંથી ઉછીના આપ્યાં છે. ફૂલવાડીના કામ પૂરાં કરશે. બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

દેવરાજ ભગતના ૫૦૦૦ જમા તીર્થ માટે. કુંવરજી ભગતના ૫૦૦૦ જમા તીર્થ માટે. પાંચ પાંચ તીર્થ માટે જમા કરી લીધા છે. સુખી રહો. એક તમારો પત્ર વીશ હજાર કે તેથી વધારેનો ડ્રાફ થાય છે તે બાબત લખ્યો છે. મળ્યો હશે. એ જ.

- કૃ.વ.આ.

<u>પત્ર નં.-૨૯૮</u> **તારીખ : ૨૮-૦૪-૧૯૮૧**

સેવકો - પ્રાગજી ભગત ૫૦૦૧, મોહન પ્રસાદ સ્વામી ૩૦૦૧, મધુભગત પાર્ષદ ૩૦૦૧, ભગવાનજી રાજા-મૂળજી બ્રહ્મચારી ૩૦૦૧, રતિલાલ રવજી-બાણુગાર વિશ્વાસુ ૧૦૦૧, વ્રજલાલ ભગત-વૃન્દાવન ગોપ

૫૦૧, રામજી ભગત ગોકુલ ગોવાળ ૫૦૧, મળીને ૧૬૦૦૭ - ૧૬૦૦૦ નો ડ્રાફ મળ્યો તથા ૫૦૦ રસોઈ જમવાના મહિને મહિને જમવા કોઠારી સ્વયંપ્રકાશ સ્વામીને ભલામણ કરી. બંને ડ્રાફ વટાવવા આપ્યા. હીરા પેથાને આપેલા ખાતામાં આઈસલેન્ડના આ રૂપિયા જમા લીધા, તા. ૨૮-૪-૮૧ હિસાબ બુક નોંધમાં ચડાવ્યા, બાકી ૫૫૧૦ ઉધાર, હવે તે આવશે ત્યારે જમા લેશું. હીરાભાઈ ફૂલવાડીનું કામ કરતા થઈ ગયા છે. તમોને ખૂબ જ આશીર્વાદો, રાજીપો. આબૂધાબી, બેહરીનવાળાઓ **તીર્થ માટે શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્ત સેવકો યથાશક્તિ સગવડે મોકલતા રહે છે. બધાં સારાવાનાં છે. ભગવાન વિશ્વંભરને કાંઈ અજાણ્યું નથી.** પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણની ઈચ્છા છે કે - શ્રીહરિ શરણાગતિ મંડળ સેવકો લાખો પતિ હો, જલ્દી હો, સુખી હો, ભગવાન તમોને આપે, તમો ભગવાનને આપો, કુટુમ્બ વ્યવહાર ખૂબ જ સાંચવો. હરિલાલ વેલજી હવે દર્શને આવવાના છે, ભગત વિસરામ ભીમજી આજે આંહી છે. સુખ, શાન્તિ, આનન્દ રહો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ. હેમંત ભગતનો કાગળ જવાબ આ સાથે છે.

પ્રાગજી ડાયાભાઈ, દેવરાજ ડાયાભાઈ, ભગવાનજી રાજાભાઈ, વ્રજલાલ રણછોડભાઈ, કુંવરજી મેપાભાઈ, સુખલાલ ટપુભાઈ, મોહન કરશનભાઈ, રતિલાલ પ્રેમજીભાઈ, રતિલાલ રવજીભાઈ, મધુ ધનજીભાઈ, રામજી તુલસીભાઈ, પ્રવીણ ખીમજીભાઈ, તમામ દાસાઈલેન્ડ સેવકોને આશીર્વાદો. જય સ્વામિનારાયણ કહેવા રાજી છીએ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણમંદિર, જૂનાગઢ.

પત્ર નં.-૨૯૯ **તારીખ : ૨૯-૦૪-૧૯૮૧**

દુબઈ - સેવક મોહનલાલ રતનશી, દયાળજી ભગત, વાલજી ભગત, નાનજી ભગત, શાન્તીલાલ ભગત, જયન્તીલાલ ભગત, આબૂધાબી વાળા તુલસીદાસ ભગત, રામજી ભગત તથા દાસાઈલેન્ડ ભગવાનજી ભગત ૧૨ જણા તથા છૂટા છવાયા શ્રીહરિ શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો, સાજાનરવા રહો, ઘરબાર છોકરા-છાબરા સુખી રહો, ભૂલ બધી માફ, **પરદેશમાં ભજન ભક્તિ વધારે કરવા, ભગવાનમાં હેત વધારે રાખવું, ભગવાન ખબર રાખે છે,** વીરજી ડાયા તથા મોટા બે છોકરાઓને નિમિતે સત્કર્મ વિગેરે દાન પુણ્ય કરવા જૂનાગઢ આવ્યા હતા, તેના જીવોની સદ્‌ગતિ થઈ, ભગવાન તેના જીવોને સુખી રાખે.

હરિલાલ વેલજી દેશમાં આવ્યા છે. ભગવાજી ટપુ પોરીયા દેશમાં આવ્યા છે. હવે દર્શને આવશે.

વિસરામ ભીમજી હાલાઈ કચ્છી દર્શને આવ્યા છે, હવે કચ્છમાં જશે પછી પરદેશ આવશે.

દ્વિશતાબ્દિ સમૈયો પાંચેક લાખ માણસોનો થયો હતો. શોભાયાત્રા એક માઈલ લાંબી શહેરમાં ફરી હતી, પહેલે શણગારેલ વાહને વહાણશોભામાં પ્રત્યક્ષ ભગવાન બિરાજયા હતા, ચોખા ફૂલોથી વધાવાતા હતા, જય જય કાર થયો છે. બધાને જય સ્વામિનારાયણ, ગુલાબ પાંખડીખો ખાજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણમંદિર, જૂનાગઢ.



પત્ર નં.-૩૦૦ **તારીખ : ૧૨-૫-૧૯૮૧**

સેવકો ટપુલાલ કાનજી, રતિલાલ હંસરાજ, અમરશી, વેલજી મનજી, રતિલાલ લાલજી, તુલસી છગનલાલ, નાનો પ્યારો ભક્ત મૂળજી

રાજા, આંબાલાલ ડાયા, શાન્તિલાલ પરશોતમ, ધરમશી લાલજી, હરિલાલ પ્રેમજી, ચન્દ્રકાન્ત ચમનલાલ, વેલજી રવજી, મનસુખ શાન્તિલાલ વિગેરે સેવકો બધા વ્હાલા ભક્તો સુખી રહો.

હરિલાલ વેલજી તા. ૧૦-૦૫-૮૧ જૂનાગઢ આવ્યા, તીર્થ કર્યા, જમ્યા, જમાડ્યા, સેવા આપી, ડ્રાફ આપ્યો, તીર્થમાં આજે જન્મભૂમિ દર્શને ગયા છે. વેલજી વીરા પટેલ, હીરજી પેથા, છગનલાલ પ્રેમજી, હરિલાલ વેલજી તથા પરણેતરો યુગલો દશર્ને આવ્યા, સુખી થયા. તેમણે હરિલાલ વેલજી વિગેરેએ સેવકોની જન્મનગરી ફૂલવાડીને ખૂબ જ આગળ શોભાવવી એવી સલાહ આપી, દાસાઈલેન્ડથી, આબુધાબીથી તથા પ્રત્યક્ષ આવ્યા તેમનાથી પણ એ જ સલાહ મળી છે, ફૂલવાડીને શોભાવો, તો હવે તે કામ આગળ વધશે.

તીર્થભૂમિવાળા વાતો કરે છે કે, હવે તો આ ઘરના ૧૦, ૧૨ લાખ આવશે ત્યારે આપવી છે, તો શ્રીહરિ શરણાગતિ મંડળે તે બાબત પડી મેલી છે. ફૂલવાડીમાં ત્યાંના ભક્તોની સેવાઓ વાપરવી, આ બાબત ધ્યાનમાં લેવી, અમોને પણ ગમ્યું, ત્યાં આગળ ધાર્યુ થાશે. મસ્કત, બેહરીન, અજમાન, આબુધાબી, દુબઈ, દાસાઈલેન્ડ, કુવેત, સફાત, બગદાદ, દમામ, એલબોબર, દોહા, કતાર, ધોફર, કુવેત, સોજેકસ, સુદાન, ઈરાક વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળોએ લાગતા વળતાએ તે બાબતની સલાહો લખાવી લેવી, ફાળો મોકલવો. ગયે જન્મજયન્તિએ લખેલો જે જે બાકી તે પૂરો મોકલાવી દેવો અને આગળ કામ ચાલૂ કરવું, આવું બળવાન મુહૂર્ત ભગવાનનો સંકલ્પે આંટો માર્યો છે, તે પ્રમાણે થશે.

હરિલાલ વેલજીના રેકર્ડમાં રતિલાલ હંસરાજનો પ્રગટ નિશ્ચય ઉપદેશ પૂરો સાંભળ્યો, ભગવાનજી રાજાનો પત્ર હીરજી પેથા ઉપરનો પૂરો વાંચ્યો. **પ્રગટના ઉપાસકોમાં પ્રગટ વસ્યા છે. જેઓને વ્યાસો જેવા સિદ્ધાન્તો, સિદ્ધિઓ બોલતાં આવડે છે. ધન્ય છે, શાન્તિ વધે છે, આનન્દ થાય છે, તેવા ટેપરેકોર્ડો ઉતારવા બધે મોકલવા, આજ્ઞા કરી છે.** એ જ.

ગુલાબ પાંખડી ખાજો. મૂર્તિ પૂજજો, સુખી હો, બધાને આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૦૧ **તારીખ : ૧૨-૦૫-૧૯૮૧**

સેવકો - પ્રાગજી ડાયાભાઈ, ભગવાનજી રાજાભાઈ, દેવરાજ ડાયાભાઈ, વ્રજલાલ રણછોડભાઈ, કુંવરજી પેથાભાઈ, રામલાલ ટપુભાઈ, મોહન કરશન ભગત, રતિલાલ પ્રેમજીભાઈ, રતિલાલ રવજીભાઈ, મધુ ધનજીભાઈ, રામજી તૂલસીભાઈ, પ્રવીણ ખીમજીભાઈ તથા આસપાસના **શ્રીહરિ શરણાગતિ મંડળોને પ્રગટ ભગવાન સુખી રાખો, ખૂબ જીવો, ખૂબ કમાઓ, ખૂબ આનંદમાં સાજા નરવા રહો, ખૂબ જ ભગવાનને સેવો, કુટુંબને સેવો, ઘરબારને રાજી રાખો, આત્માને આત્મનિવેદી સન્ત કુટુમ્બ વર્તાવો, વિશ્વંભરને ખોળે બેઠા તેને વિશ્વ હથેળીમાં જાણવું.**

રામલાલ ટપુલાલને માલૂમ થાય ટપુલાલના માતૃશ્રીને ધામમાં પહોંચાડ્યા છે, બેઠા બેઠા બોલતા ચાલી નીકળ્યા ભગવાન ભેગા રહ્યાં છે.

મોહન કરશન ભગતને માલૂમ થાય હરિલાલ કરશનના વિવાહ થયા. અહીં દર્શન કરી વિવાહમાં ગયા હતા. હરિલાલ જોડલું આજે જૂનાગઢ દર્શને આવ્યા છે, આનંદમાં છે, સુખી છે, બધાં સુખી છે.

મધુ ધનજીને માલૂમ થાય-કાનજી મૂરજીભાઈના ત્રણ પુત્રો, પત્ની, રણછોડબાપા બે દિવસ જૂનાગઢ આવ્યા હતા, રસોઈ અમોને જમાડી આજે તીર્થમાં ગયા છે.

હરિલાલ વેલજી, વેલજી વીરા પટેલ, હીરજી પેથા, છગનલાલ પ્રેમજી તથા બાઈઓ આજે તીર્થમાં રોકાણાં છે, ત્યાંથી રાજકોટ જશે, જૂનાગઢમાં તેઓ બે દિવસ રોકાણા હતા.

કાનજી મૂળજી સોજીત્રાને માલમ થાય, તમારૂં કુટુંબ રસોઈ જમાડવા આવ્યા હતાં, સુખી છે, તમો પણ સુખી રહો.

રામજી તુલસીને માલમ થાય, ઠંડીમાં બધાં ગૂમડાં મટી જાશે, સાજા રહેશો, ઠંડો ઉપચાર રાખવો.

ભગવાનજી રાજાને માલમ થાય, હરિકૃષ્ણ ભગવાનજી વિગેરે દર્શને આવશે, સેવા આપશે તે સ્વીકારશું, સારા આશીર્વાદો, પ્રસાદી વિગેરેથી સાંચવશું.

હેમત ભગત વિગેરે મંડળ દેશ ગામડા ફરવા ગયા છે, આશીર્વાદ તથા તમોને બધાને જય સ્વામિનારાયણ.

બધાનાં પત્રો તથા સમ્મતિથી ફૂલવાડીનું કામ, સેવક ભક્તોની જન્મભૂમિને સારૂં શોભે તેવું, તેમના ફાળાઓ વડે આગળ ધપાવવું, ફૂલવાડી તેમની છે, તેમના નાણાં છે તેથી ઈન્દ્રાપુરી જેવું કરવું એમ સલાહ પડી છે. અમે હા પાડી છે, તે પ્રમાણે ફાળો ત્યાં વાપરવો.

તીર્થવાળા વધારાની ભૂમિ માટે હાલમાં દોઢ લાખ અને ભવિષ્યમાં દસ બાર લાખ આવશે માટે હાલમાં નથી વેચવી એવા વિચાર ઉપર વર્તે છે તેથી તે વાત હવે પડી મેલી છે, લીધું તેટલું જન્મઘર બસ છે, ફૂલવાડીને વિકસાવી તે બદલ લખાણ, સહીયો કરી છે, તે જાણજો.

રતિલાલ હંસરાજના ટેપરેકર્ડ ઉતારવા જેવું છે. ભગવાનજી રાજાનો પત્ર હીરજી પેથા ઉપરનો છે તે વાંચ્યો, ટેપરેકર્ડમાં ઉતારવા આજ્ઞા કરી છે. રતિલાલનું ટેપરેકર્ડ પૂરૂ સાંભળ્યું, બહુ જ રાજી.

વેલજી ભગતનો ઉપદેશ સારા પ્રમાણમાં ટેપરેકર્ડમાં લેવાય તો તે ઈચ્છવા યોગ્ય છે. મોહન કરશન તથા દેવરાજ ડાયા વિગેરેના પ્રગટ ભગવાન ઉપર ટેપરેકર્ડ ઉતારવા, ટપુલાલ કાનજીનું ટેપરેકર્ડ ઉતરાવવું. પરસ્પર કાગળ પત્રના વ્યવહાર કરતા રહેજો, સારૂ થાશે.

ગયે જન્મજયંતીએ નોંધાયેલ ફાળા બાબતે જયન્તીલાલ પોરીયાને સૂચના આપવી જેથી આ વર્ષમાં તે ફાળો પૂરો ભરપાઈ થઈ જાય તો મોટું કામ આગળ વધે.

ભગવાનજી ટપુ પોરીયા, રતિલાલ ગંગાદાસ જે કોઈ દેશમાં આવ્યા પણ કાંઈ કરી ગયા નથી.

ઉનાળાના રોડમાં ઉઘાડે પગે ડામર રોડમાં ચાલનારને પગ તળે વળગે તે ઉખડે નહિં, ભગવાન લેખે કરીશ કે નહિં, અન્તે નાસ્તિ નાસ્તિ નાસ્તિ જેવું થાય પછી લમણા પકડીને રોવે, અત્યારે ડામર રોડે ચાલનારાના ઘર કુટુમ્બ તો ઉપરથી રોતાં જણાય છે. અંદર હોય તે ખરૂ, સત્યનો જય છે. લોભી, કપટી, સ્વાર્થી, છેતરામણાં, કામ કઢાઉ, ખોટા હેતસ્વી લોકોને પછી ફટકો લાગે. આસુરી સમ્પત્તિની શુદ્ધિ ન કરે તેને તે ભોગવે નહિં. વિશ્વંભર ભગવાને નમૂછિયાઓને દયા વડે ઘણું જ આપ્યું ગણાય પણ મૂછુ ઉગે તાં તો ઉકરાટા કરવા માંડે, પ્લોટ, ઘરવાળી, મકાન, આબરૂ, વિલાસ, મોટર, બંગલા બધા ગુલાબ કુંવરી જેવા કરવા માંડી પડે, પણ કપાળનું તકદીર કેવી રેખાવાળું છે, હતું અને રહેશે તે ન સંભાળે, જગત આખું એવું જ છે.

છે છે છે, નથી છે છે, નથી નથી છે, છે નથી નથી, છે છે નથી જ, આમાં બધા જીવો ખપે છે.

જાલંધર જેવા તો ભગવાનને અને ભગવાનની લક્ષ્મીને પણ બથાવી પાડવા મહેનત કરે.

ભસ્માસુર જેવા પાર્વતી શંકરને પણ ભોગવટામાં બાંધવા ઈચ્છે.

શંખાસુરને એમ જ હોય કે વૃન્દા તૂલસી મારી જ છે, શિશુપાળને એમ જ હતું, હું જ રૂકિમણીનો ઘેલછાં છું.

ભગવાને બધાને આપ્યું છે, ભગવાનને ખોટ્ય નથી. પત્રં પુષ્પં ફલં તોયં જલં ઢલપૂંચ રૂપ્યકમ, કમ્બલં કુકુલં ભોજ્યં પ્રેરણા દદાતિ ગૃહયતે. ભગવાનને તાંદલજાની ભાજી પણ મીઠી, પ્રેમ વિનાના પકવાનો પણ કડવા.

ચામડ તોડ ચીકણાનાં હરકડા પણ ખરકડાં
રસિક ભક્તનું નેત્ર પણ અમૃત પિયૂષ ભરેલું

મરેલાને શું મારવાં, ડેંડાને શું કનડવા, વાંદરાને શું દાંતીયા દેખાડવા, ભૂંડણાંને શું સુગંધી આપવું, ભૈરવને કયું શુકન સારૂં, લમ્બકર્ણને કઈ અંબાડી શોભે ! આ બધૂં જેવા માણસ તેવું ઘટે !

ખબરદાર રહો, કમાઓ, ભજો છે છે છે તેવું વર્તન રાખો, ભગવાન છે તેને બધૂંય છે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૦૨ **તારીખ : ૧૪-૦૬-૧૯૮૧**

સેવક પ્રવીણ દામજી, પ્રેમજી કાચા તથા સેવક ચન્દુલાલ રણછોડ, રવજી કાચા બન્નેને પ્રગટ ભગવાન ખૂબ જ વધારે વધારે સુખી રાખો. પ્રવીણના ૧૧૦૦ દામજીભાઈ પ્રેમજીભાઈ ભીમ એકાદશીના સમૈયે આવીને અમોને સેવા રોકડા આપી ગયા છે, ખૂબ જ રાજી, તમો ચઢતી કળા ભોગવો.

ચન્દુલાલના પિતાજી રણછોડ રવજી કાચા પણ દામજી પ્રેમજી સાથે સમૈયે આવ્યા અને ૧૧૦૧ રૂપિયા રોકડા આપી ગયા છે, ખૂબ જ રાજી થયા છીએ. બન્ને પોતાનાં પત્નીઓ સાથે આવ્યા હતા, સુખી થયા, સમૈયે રોકાણા, તીર્થમાં નોમને દિવસે દર્શન કરીને કુંકાવાવ એક રાત રહીને દશમનાં જૂનાગઢ આવ્યા હતા. આહીં પણ આનન્દથી સમૈયો કર્યો. આજે જેતપુર થઈ, રાજકોટ થઈ ઘેર જવા બપોરે નીકળ્યા છે. તમો બધા સુખી રહો.

સેવા વડે દ્રવ્યની શુદ્ધિ થાય છે, તમોએ પહેલો પગાર બચત માનતા પ્રમાણે મોકલ્યો, તમારા માવતરો બહુ જ રાજી થતાં હતા, કેટલાક મોકલી શકતા નથી, ઉદારતા કરતા નથી તો બીજા નુકશાન થાય છે. પ્રગટ ભગવાન અને પ્રગટ સન્ત રાજી થાય, માવતર રાજી થાય એટલે મોક્ષ માટેની કમાણી કરી લીધી ગણાય. ભજન કરવું દેશ પ્રમાણે સમય પ્રમાણે વરતવું.

મનસુખ, અમૃતલાલ વિગેરે સાથે છે, તે બધાને આશીર્વાદ અને જય સ્વામિનારાયણ કહેજો. સુખી રહો, હવે ચોમાસું ચાતુર્માસ આવશે, ભજનનો નિયમ રાખવો, સાજા નરવા રહો, પ્રસાદિ ગુલાબ પાંખડી ખાજો, મૂંજાવું નહીં.

ધીરજલાલ, જયન્તિલાલ - ચાવડાવાળો, કાન્તિલાલ, હીરજી, અમરશી, નરસીંહ, કુંવરજી, નાનજી, તુલસી વિગેરે ૨૮૦૨૪ પોસ્ટ બોક્સવાળા ખંડારી સાઈડમાં છે, મળે તો જય સ્વામિનારાયણ કહેવા. ૨૮૦૨૪ પોસ્ટ નમ્બરમાં છે, રામજી ટપુ સાંપરીયા - બાલંભાવાળા, મનસુખ રવજી, વેલજી રણછોડ ટાંક ૨૮૦૨૪ વાળા છે. બધા સુખી રહો, કમાઓ, વાપરો, જય સ્વામિનારાયણ.

કોઠારી સ્વયંપ્રકાશદાસજી - એકાઉન્ટ નંબર ૧૦૬૭૪

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૦૩ **તારીખ : ૧૫-૦૬-૧૯૮૧**

શ્રીજીના લાડિલા, પ્રગટના વ્હાલા, અન્તરમાં આનન્દના ઉછાળાવાળા સુખીયા મુક્તોને પ્રગટ ભગવાન સુખી રાખો.

પત્ર મળ્યો, ૫૧૦૦ આજે ડ્રાફ મળ્યો.

૨૦૦૦ વેલજી - મનજી કાચા

૧૦૦૦ રતિલાલ એન્ડ અમરશી રાઠોડ

૧૦૦૦ રતિલાલ લાલજી જાવીયા

૧૦૦૦ છગનલાલ મૂળજી મનાણી

૧૦૦ વીરજી રામજી રાઠોડ

બાકી હતા તે - તે નામે જમા કરી પૂરા લખી લીધા છે. એ જ.

બહુ જ રાજી, **તમોએ સેવાઓ સમય સમય ઉપર ખૂબ જ કરી, બહુ જ આનન્દ થાય છે, અન્તરના આશીર્વાદો તમારે ત્યાં પહોંચે છે, ખૂબ કામધંધા મળશે. કમ્પનીને પણ તમારા જેવા ભક્તોને અંગે ભગવાન સારા**

કામધંધા આપશે. સારી રીતે કમાઓ, તમો રૂપિયાવાળા હો, લાખલાખના આશામી હો, પછી નિરાન્ત કરવી, પરદેશ છોડવો નહિં. હરિલાલ વેલજી તથા દાસાઈલેન્ડવાળાઓ ભારે આનન્દમાં છે, લક્ષ્મીજી અઢળક ઢળ્યા છે, બધા રાજકુમારો છે, લ્હેરમાં છે, નાનો વ્હાલો છગન મૂળજી એવા એવા બીજા પ્રવીણ વિગેરે છોકરાઓ પણ **ભગવાનને રાખનારા સહેજે લક્ષ્મીવાળા થવા લાગ્યા છે.** ભક્તિ કરો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, સંભારજો આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા.

વ્હાલા સેવકો હરિલાલ પ્રેમજી, વેલજી રવજી, મનસુખ, શાન્તિલાલ, ધરમશી લાલજી જે મળે તેમને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૦૪ **તારીખ : ૧૭-૦૬-૧૯૮૧**

સેવક વાલજી કેશવજી, મોહન રતનશી, વસરામ ભીમજી, શાન્તિલાલ પૂંજા, શાન્તિલાલ કેશવજી, શાન્તિલાલ નરસિંહ, પ્રવીણચંદ્ર, રવજી ગોપાળ, જયન્તિલાલ, ભગવાનજી વિગેરે વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળની ચઢતી કળા હો. ૨૦૦૦, ડ્રાફ મળ્યો રાજી. **આશીર્વાદો વડે, આત્મ સમઝણ વડે, ભક્તિ વડે માથે ધણી જબરા છે તેના કેફ વડે સુખી રહો,** કમાઓ એક એક લાખની કમાણી કરો, વધારે કરો એવી ભલામણ.

કમ્પનીઓને કામ મળતા રહેશે, કટીંગને પાછા દાખલ કરી દેશે, ગરમી નહિં નડે, સાજા નરવા રહેશો, ભજન ભક્તિ કર્યા કરજો. દેવજી કાનજી ઘણું કમાણાં છે, ચીકણો સ્વભાવ હોવાથી જલ્દી કરજ ઉતારતા નથી, કટીંગ પાછું શરૂ થઈ જાશે, **ભગવાનને ખોટ નથી, કમાણીના ગ્રાહકોને ખોટ જણાય, ભગવાન ખોટ નહિં આવવા દે, મુસીબતથી બચી જશે.**

પુણ્ય અને રાજીપો એ બે જલ્દી મેળવવા શીખવા જોઈએ, આત્મનિવેદી ભક્ત તે કરી શકે, સર્વનિવેદી તો ભગવાનમય હોય છે તેનો વ્યવહાર ભગવાન ચલાવતા હોય છે.

ભંડારાવાળાના બે ત્રણ કાગળો આ કવરમાં મોકલ્યા છે, નીરાન્તે વાંચજો, તે સારી મહેનત કરે છે. એડ્રેસ (હરીકૃષ્ણ જવેલર્સ, માધવજીને મળે, મેઈન રોડ, મુ. ભંડારા, મહારાષ્ટ્ર) ધાતુની બે મૂર્તિ તેઓએ કરાવી છે, તેનો ઉત્સવ ઉજવશે.

રાજકોટ પ્લોટ ભલે લેજો, લીધો હોય તે શોભાડજો. મકાન કરવાં કમાવું, સારાવાના થાય તેમ કરતા રહેવા. **શ્રીહરિ શરણાગતિ મંડળ ભવિષ્યમાં ખૂબજ વધશે, જેના ભગવાન જબરા તેના ભક્તો પણ જબરા.**

વેલજી રવજી સિવાય બેહરીનવાળા ટપુલાલ વિગેરેનો ઉપ હજારનો ફાળો આવી ગયો છે, ભરપાઈ થઈ ગયો છે, ફૂલવાડીનું કામ ચાલુ થયું છે. હરિલાલ વેલજી ખોલિયા ૩૦-૬-૮૧ લગભગ બેહરીન જશે. આજે જૂનાગઢથી મુંબઈ જવા ઉપડી ગયા છે. સુખી રહો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૦૫ **તારીખ : ૧૮-૦૬-૮૧**

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના શ્રીહરિ શરણાગતિ મંડળ બધાને આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

રામલાલ ટપુલાલ ખરેખરો શ્રીહરિનો ભગત છે, પોતાના બાપ કરતા વધારે કમાવા માંડ્યો, રૂપિયા ખૂબ જ કમાજો, **ચાવડાના ખારામાં કાંકરા છે, રૂપિયા અરબી ખારામાં છે માટે લાખનો આસામી થા પછી દેશ તરફ નજર કરવી, સુખી થા.** આજે હંસરાજ કાનજીબાપા આહીં જૂનાગઢ બા ધામમાં ગયા તેની રસોઈ છે, મંડળને જમાડવા આવ્યા છે, જયંતિલાલ

હંસરાજ, હંસરાજ વશરામ પણ આવ્યા છે. ૫૦૦ સેવા લેતા આવ્યા છે, બધા સુખી રહો. પ્રાગજી ડાયા, વ્રજલાલ રણછોડ, કુંવરજી મેપા, દેવરાજ ડાયા, ભગવાનજી રાજા, મોહન કરશન, રતિલાલ પ્રેમજી, રતિલાલ રવજી, મધુ ધનજી, રામજી તૂલસી, પ્રવીણ ખીમજી તથા છૂટા છવાયા ભક્ત જીવો સુખી રહો.

રામજી જેઠાનો કાગળ છે, સેવા કરશે. તમો બધા એક એક જણા લાખ લાખપતિ થાઓ પછી આનન્દ માનવો, કમાઓ, સુખી હો.

જામવંથળીથી સુખિયાના કાગળો છે. ચોમાસું આવે છે. **ચાતુર્માસમાં વધારે પાંચ મિનિટ ભજનનું નિયમ કરવું.** એ જ. સાજા નરવા રહો, સુખી હો, ભક્તિ કરો. કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

-કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૦૬ **તારીખ : ૧૯-૦૬-૧૯૮૧**

સેવક વાલજી કેશવજીભાઈ તથા નાનજી લક્ષ્મણભાઈ તથા રતિલાલ લાલજી, વ્રજલાલ લાલજી, નારણ હંસરાજ, પ્રવીણ લક્ષ્મણ, દયાળજી લાલજી, મોહનલાલ રતનશી, વિસરામ ભીમજી, નારણ પ્રેમજી, કાનજી મૂળજી, રવજી ગોપાળ, જયન્તીલાલ રાઘવ, ભગવાનજી ટપુ, રતિલાલ ગંગદાસ, દામજી ગંગદાસ, દેવશી કચ્છી, શાન્તિલાલ કેશવજી, તૂલસી મનજી, રામજી ટપુ, રતિલાલ રવજી, મનસુખ, પ્રેમજી, હીરાલાલ, છગનલાલ, પોપટલાલ, નાથાલાલ વિગેરે **શ્રીહરિ શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો, સાજાનરવા રહો, આનન્દમાં રહો, ભક્તિ કરો.**

ચોમાસું ચાતુર્માસ આવે છે. નિયમ ભજનનો રાખવો, થાય તે પાળવું, ભગવાનનું બળ જબરૂં છે, સ્વરૂપનિષ્ઠા જબરી છે, અર્જુન સ્વરૂપ નિષ્ઠાવાળા હોવાથી અનેક ભયને તર્યા હતા. શ્રીહરિ શરણાગતિ મંડળને

સ્વપ્નમાં પણ ન દેખાય તેવે ઠેકાણે નાખ્યા છે, પ્રગટ શ્રીહરિના બળથી તેવો દેશ પણ પાવન થયો છે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, મળે તેમને જય સ્વામિનારાયણ, આશીર્વાદ કહેજો.

આ પત્ર સાથે ભંડારા મહારાષ્ટ્રના હરિભક્તનો પત્ર કવરમાં છે, સરનામું છે, ત્યાં ભંડારામાં નવું બળ વધતૂં જાય છે, તે જાણજો, આગળ ઉપર ભગવાન વધારતાં જાય છે.

કચ્છી વિસરામ ભીમજી તથા રામજી જેઠા મકવાણા તથા કાનજી મૂળજી સોજીત્રા તથા રામજી ટપુલાલ તથા દામજી ગંગાદાસ તથા શાન્તિલાલ પૂંજા વાઢેર તથા દયાળજી લાલજી તથા તુલસીદાસ મનજી મકવાણા, આ ભક્તોના હેત ભર્યા પત્રો આવ્યા છે, બધાને આશીર્વાદ, જય સ્વામિનારાયણ કહેવરાવવા. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૦૭ **તારીખ : ૨૭-૦૬-૧૯૮૧**

સેવકો - વિસરામ ભીમજી હાલાઈ, મોહનલાલ રતનશી, મોહન કરશન, પ્રાગજી ડાયાભાઈ, દયાળજી લાલજી, ભગવાનજી રાજા, શાન્તિલાલ કેશવજી, કાનજી મૂળજી, વાલજી કેશવજી, નાનજી લક્ષ્મણ, રામજી જેઠા વિગેરે વિગેરે **ભક્તોને પ્રગટ ભગવાન સુખી રાખો.** પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, કામકાજ પૂરતાં કરો. ખૂબ કમાઓ લાખ લાખના આશામી થાઓ, માવતર ગુરૂ ભગવાનને સંભારો, ભક્તિ કરો, સાજા નરવા રહો, બાળબચ્ચાં સંભારતાં રહો.

સૌરાષ્ટ્રમાં ૧૫ તારીખથી વરસાદ ચાલુ છે, વાવણાં ચાલુ છે, લીલા લ્હેર છે. ફૂલવાડીના કામકાજ ચાલુ છે, **ચોમાસુ આવે છે પળાય તેટલા નિયમો પાળજો, ભક્તિ વધારે કરજો. પ્રગટ ભગવાન બધાની રક્ષા કરે છે,**

શુદ્ધિ કરે છે, નજર રાખે છે, બલૂનમાં ફેરવે છે, ઘરે પહોંચાડે છે, લક્ષ્મીઓને આનન્દ આપે છે.

કુટુમ્બ પરીવાર સુખી છે, ધનજીભાઈનો પત્ર હતો. બધા સુખી છે, તમો પણ સુખી હશો, કામે લાગ્યા હો, બધા મળીને રહેજો, કમાવાના ટાણા છે માટે મૂંઝાવુ નહિ. તે જ કંપનીમાં હશો, મારો પરદેશ પહોંચ્યાનો કાગળ મળ્યો હતો. ફરીથી નક્કી કાગળ નથી.

ચોમાસુ આવે છે, નિયમ પળે તેટલા પાળવા, ભજન કરવું, જીવમાં ભગવાન રહ્યાં છે. નજર રાખે છે. કમાઓ આનન્દમાં રહો. આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૦૮ **તારીખ : ૨૯-૦૬-૧૯૮૧**

સેવક મોહનલાલ રતનશી, મોહનલાલ કરશન, શાન્તિલાલ કેશવજી, પ્રાગજી ડાયા વિગેરે બાર જણા આઈસલેન્ડ, આબુધાબી, દેવરાજ ડાયા, રામજી તૂલસી, કાનજી મૂળજી, રામજી કાન્તિલાલ ડાયા, ભગવાનજી કુંવરજી, દેવજી કાનજી, શાન્તિલાલ પૂંજા, જયન્તિલાલ ભગવાનજી પોરીયા, છગન ડાયા, વાલજી દેવરાજ, મગનલાલ ટપુ, વેલજી હીરજી, નાનજી કલાભાઈ, પુરૂષોત્તમ કેશવજી, મોહન ખોડીદાસ, જયન્તી હંસરાજ, મનહર ભવાન, શામજી હીરજી, રણછોડ ધનજી, શાન્તિલાલ નરસિંહ વિગેરે વિગેરે સુખી રહો.

સૌરાષ્ટ્રમાં વરસાદ સારા છે, વાવણાં વવાય છે. **ચોમાસુ આવે છે, નિયમો ભજન થાય, તેવા પળાય તેટલા પાળવા, ભગવાનને સંભારવા.** ખૂબ જ કમાઓ, બાળબચ્ચાંઓ સુખી થાય, આશીર્વાદ, જય શ્રીસ્વામિનારાયણ.

ભગવાન, સન્ત મળ્યા તેના શિષ્યો પણ સન્ત જેવા મુક્તો જગતનું કલ્યાણ કરનારા છે. પોતે અર્પણ થાય તે આત્મનિવેદી, પોતે પોતાનું કુટુમ્બ, ધન, માલ, સમુદ્ધિ, મન, સ્વભાવ, બધું અર્પણ થાય તે સર્વસ્વનિવેદી એવા ભક્ત થાવું, ભગવાન ભજવા, પ્રગટ ભગવાન તમારી રક્ષા કરો, વિશ્વંભર લ્હેરમાં છે, ભક્તોને સંભારે છે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, આનન્દમાં રહો, આશીર્વાદો વાંચવા.

જય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, શ્વેતાયન વ્યાસ ભગવાનને નમો નમઃ

છોકરાઓ સુખી છે, કામ મળશે, કમ્પનીઓ સારી છે, કમાઓ, પ્રભુ ભજો, એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૦૯ **તારીખ : ૦૮-૦૭-૧૯૮૧**

સેવકો પ્રાગજીભાઈ ડાયાભાઈ, દેવરાજભાઈ ડાયાભાઈ, ભગવાનજી રાજાભાઈ, વ્રજલાલ રણછોડભાઈ, કુંવરજી મેપાભાઈ, રામલાલ ટપુભાઈ, તથા મોહનલાલ કરસન ભગત તથા રતિલાલ પ્રેમજીભાઈ તથા રતિલાલ રવજીભાઈ તથા મધુભાઈ ધનજી ભગત તથા રામજી તુલસીભાઈ તથા પ્રવિણચંદ્ર ખીમજીભાઈ, તથા રામજી જેઠાભાઈ તથા કાનજી મૂળજીભાઈ, તથા શાન્તિલાલ કેશવજીભાઈ તથા કાન્તિલાલ ડાયાભાઈ તથા દેવજી કાનજીભાઈ તથા શાન્તિલાલ પૂંજાભાઈ તથા જયન્તિલાલ રાઘવભાઈ તથા ભગવાનજી ટપુભાઈ તથા તુલસી મનજીભાઈ તથા છગનલાલ ડાયાભાઈ તથા તુલસી મૂળજી રાજા તથા છગન રાજાભાઈ તથા વાલજી દેવરાજભાઈ તથા વાસુદેવ કાનજીભાઈ તથા મગનલાલ ટપુભાઈ તથા ધીરજલાલ દામજીભાઈ તથા ધીરજલાલ ધનજીભાઈ તથા વેલજી દેવરાજભાઈ તથા નાનજી કલ્યાણભાઈ તથા રામજી અને પરસોત્તમ કેશવજીભાઈ રણછોડ

ધનજીભાઈ તથા છગનલાલ માવજીભાઈ તથા મોહનલાલ ખોડીદાસભાઈ તથા જયન્તિલાલ હંસરાજભાઈ તથા રતિલાલ ઓધવજીભાઈ તથા મનહર ભવાનભાઈ તથા શામજી હીરજીભાઈ તથા છગનલાલ હીરજીભાઈ તથા **શ્રીહરિ શરણાગતિ મંડળોને પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સુખી રાખો.** તમારા પત્રો પહોંચ્યા છે. **ચાર્તુમાસમાં બને તેટલા નિયમ ભજન ભક્તિના, કથા કીર્તનના રાખવા. ભગવાન સન્ત માવતર કુટુમ્બ બાળ બચ્ચા પરીવારને રાજી રાખવા.** પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો.

ભગવાનનો સત્સંગ ફેલાતો જાય છે. ૧. તીર્થમાં ૨. ભંડારામાં ૩. મુંબઈમાં ૪. બહેરીનમાં, મસ્કતમાં ૫. સલાલામાં ૬. મનામામાં ૭. દુબઈમાં ૮. આબુધાબીમાં ૯. સફાત-કુવેતમાં ૧૦. બગદાદમાં દાસાઈલેન્ડમાં વિગેરે વિગેરેમાં પ્રગટ ભગવાનના પ્રગટ ભક્તોને બળે ફૂલવાડીમાં સત્સંગ વધતો જાય છે. ફુગાવાડી, જીર્ણદુર્ગ, ધોરાજી, રાજકોટ, જામસર, પાડાબેકડ, દહીંસરાં આદિકમાં સત્સંગ વધતો જાય છે. શ્વેતાયન વ્યાસના શાસ્ત્રો બ્રહ્માંડોમાં ગાજે છે. સુખી હો. ભંડારાવાળાનો પત્ર આ સાથે છે, વાંચશોજી. બધાને જય સ્વામિનારાયણ.

ફૂલવાડીને દાસાઈલેન્ડવાળાના ફાળાના ૨૧૫૧૦ પહેલાં આપ્યા હતા. કાજકાજ ગઢ, દરવાજા, મેડી, નિજરૂમ, બગલનો રૂમ એ ત્રણેય કામ ઉપાડેલ છે. અને બહેરીનનાં ફાળાનાં ૨૫૦૦૦, પચ્ચીસ તા. ૫-૭-૮૧ ના રોજ હીરજી પેથા તથા છગન ભગતને આપ્યા છે, બાર બાકી છે. તો દિવાળી ઉપર અપાશે.

પછી દુબઈનો જબરો ફાળો ગગન ચુમ્બી મહાપ્રાસાદની ભૂમિકામાં અર્પણ થતો જાશે.

બધા સુખી રહો. **ભગવાન રાજી છે. લાખ લાખનાં આસામી થાઓ. કમાઓ. વધારે ધની બનો. સત્સંગમાં પણ વધો, આશીર્વાદ.** જય સ્વામિનારાયણ. દેશમાં વરસાદ સારા છે. વાવણા થઈ ગયા છે. બેલીયુ ચાલે છે. આગળતો ભગવાનની મરજી.

- કૃ.વ.આ.

પત્ર નં.-૩૧૦ **તારીખ : ૧૩-૦૭-૧૯૮૧**

સેવક શાન્તિલાલ પૂંજાભાઈ તથા **શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્તજનોને પ્રગટ ભગવાન સુખી રાખો.** તમારા તમામ પત્રો મળ્યા તમો અનન્ય ભક્ત છો, **ભક્તિ કરો, મૂંઝવણ નહિ આવે, સારાવાના થાશે.** કામ નહિં હોવાથી કંપનીઓ માણસોને દેશમાં મોકલી દે છે. **ભગવાન સંભારવા, ભગવાન જે કરતા હશે, ઠીક કરતા હશે.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. ઘરે આશીર્વાદ લખ્યા છે. **ભગવાન રાખે તેમ રહેવું, ભગવાનને સોંપણા પછી આત્મનિવેદી ભક્તને ભગવાન રાખે તેમ રહેવું, ભક્તને ઈચ્છાઓ થયા કરે પણ ભગવાનને ધ્યાનમાં હોય-મુસીબતો નહિં આવે.** એ જ. ખબરદાર સહી સલામત ભગવાન રાખશે. એ જ. આશીર્વાદ, જય સ્વામિનારાયણ. મળે તેમને જય સ્વામિનારાયણ કહેવા.

સૌરાષ્ટ્રમાં બધે વરસાદ ખૂબ જ છે, વર્ષ સારૂં થાશે. પરદેશમાંથી કમાણી દેશમાં મોકલે છે, ઘણા આવી રહ્યાં છે, સુખી રહેવું. એ જ. વાલજીભાઈ, નાનજીભાઈ, દેવજી ભગત વિગેરેને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

પત્ર નં.-૩૧૧ **તારીખ : ૧૫-૦૭-૧૯૮૧**

સેવક ક., હરિકૃષ્ણ ભગવાનજી રાજા જાવીયા તથા **કુટુમ્બ પરીવારને પ્રગટ ભગવાન સુખી રાખો.**

ક. હરિકૃષ્ણને માલૂમ થાય જે **ચાતુર્માસમાં વધારે નિયમ, ભક્તિ, સેવા કરવી, શરીરે સાજા નરવા રહેવાય તેમ કરવું. ધાર્યું ભગવાનનું થાય, ભક્ત પ્રાર્થના કરે.** તમારા ત્રણ કાગળો મળ્યા, ઉપરા ઉપર આવ્યા, કવરમાં ૫ મળ્યાં, તથા સમાચાર પણ મળ્યા, બધા સારાવાનાં હો. **ભજે તેને ભગવાન ભેગા જ છે.** આશીર્વાદ, સુખી હો, રાજી.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

ગુરૂપૂનમ શુક્રવારે સવારે છે, ઘરે પૂજા કરજો.

ફૂલવાડીમાં મોટું પૂજન થાશે, ત્યાં પણ જાજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૧૨ **તારીખ : ૨૨-૦૭-૧૯૮૧**

સેવક પ્રમુખ પ્રાગજી ડાયાભાઈ તથા દાસાઈલેન્ડ **શ્રીહરિ શરણાગતિ મંડળ તથા આસપાસ ભક્તજનોને પ્રગટ શ્રીહરિ સુખી રાખો.** ચોમાસામાં વધારે ભક્તિ કરો. કમાઓ. સારો વખત છે. વરસાદ અહીં સારા છે. વરસ સારૂં છે. બધા સુખી છે. અભાગીયા કોક જ દુ:ખી છે. એક વર્ષ પહેલા મુંબઈથી તમોએ જન્મ જયન્તી આઠમે રસોઈ બાંધવા ૧૦૦૦ મોકલાવેલા તેની પહોંચ આ કાગળ સાથે છે. લેખ કોતરાય છે. ગુરૂપૂજા ગુલાબ પાંખડીઓ મોકલી છે. બધા ખાજો. તમારા **આઈસલેન્ડ તરફથી મહિને મહિને રસોઈ માટે સેવા આવી છે. તે પ્રમાણે પ્રગટ ભગવાન શ્રીહરિ સન્તો જમે છે.** કેટલાક આબુધાબી કે દુબઈની કમ્પનીએ છૂટા કર્યા તે દેશ આવે છે. ભગવાન સારાવાના કરતા રહો. બધાને જય સ્વામિનારાયણ.

ઘનશ્યામના બપોરે, સવારે, સાંજે, બારેમાસે તમામ સેવાઓ બંધાઈ ગઈ છે. શ્રીહરિ શરણાગતિ મંડળ તરફથી ૧૫૦૦૦૦ એક લાખ ૫૦ હજાર.

શ્રીગુણાતીતાનંદ સ્વામી, શ્રીબાલમુકુન્દદાસ સ્વામી, તીથીએ રસોઈઓ બંધાઈ ગઈ છે. ૧૫ હજાર, ૧૫ હજાર = ૩૦ હજાર લેખ કોતરાઈ ગયા છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જન્મ જયન્તી ૨૧ હજાર કોતરાય છે. જેઓ ઉપલા બધામાં આવી ગયા તે સિવાય કોઈ ૧૦૦૦ ના ભક્ત થાશે તો આમાં જન્મ જયન્તી રસોઈમાં સમાવેશ કરીશું.

બબ્બેવાર નામ કોતરાવવા નથી. આપનારા તો ઘણા છે. એજ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૧૩ **તારીખ : ૨૪-૦૭-૧૯૮૧**

સેવક રાઘવભાઈ કુટુમ્બ સુખી હો, **પ્રારબ્ધ પ્રમાણે જીવન ગાળવું પડે છે, ભગવાનની ભક્તિ વધારે કરવી,** પરદેશ પણ બધા સુખી છે, કમાય છે, સાજાનરવા છે.

દવા કરવી શરીરે સારૂં રહે, **ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું, જાગ્રત સ્વપ્ન સુષુપ્તિમાં સંભારવા, ભક્તિ પ્રેમ વધે તો ભગવાન મળે, મોંઘા છે સોંઘા થાય.**

ગુરૂપુર્ણિમા પૂજા ગુલાબ પાંખડી ખાજો, આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૧૪ **તારીખ : ૨૯-૦૭-૧૯૮૧**

સેવક તૂલસીદાસ મનજીભાઈ મકવાણા **શ્રીહરિ શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો,** તમારો પત્ર મળ્યો, ઘણી સારી સમઝણ છે. **ચોમાસામાં વધારે ભક્તિ કરજો. પ્રગટ શ્રીહરિ રક્ષા કરતા રહેશે, કામકાજ મળતા રહેશે,** હજુ કમાવાના વખત સારા છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો,

દેશમાં વરસાદ સારા છે, ફૂલવાડીનું કામ ચાલે છે, કુટુમ્બ બધાં સુખી છે, તમો સુખી હો, આશીર્વાદ, કમાઓ, ભક્તિ કરો.

પ્રગટને કોઈ ન કળે એમ વરતે છે,વિશ્વંભરનું આખુ વિશ્વ છે, અનેક અવતારોને ધર્યા, ધરાતા જાય છે, ધરશે, બધા આ વિશ્વંભરને ભજે છે, માટે વિશ્વંભર પરિપૂર્ણ, આનન્દપૂર્ણ છે, તૃપ્તિ મોટું ઐશ્વર્ય છે. તમો સુખી હો, ન ઓળખે તે ન સેવે, ઓળખે તે સેવે, રાજી કરે. પરદેશ-સ્વદેશ વિશ્વંભરને દૂર નથી, ઓછી ભક્તિવાળાને દૂર છે. દુબઈ, આબુધાબી, દાસાઈલેન્ડ વિગેરે મળે તેને જય સ્વામિનારાયણ કહેવા. નારાયણ ખોલિયા, દયાળજી લાલજી, બીજાઓ પણ દેશમાં આવ્યા છે, આવે છે, હવે દર્શને આવશે. દેશ ભૂખ્યો છે, ઉદારતા ખવાઈ જાય છે. **આત્મનિવેદી, સર્વસ્વનિવેદીને પ્રાણપતિ માટે બધૂંય છે.** એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૧૫ **તારીખ : ૨૬-૦૭-૧૯૮૧**

સેવક જયન્તિલાલભાઈ તથા કુટુંબને પ્રગટ શ્રીહરિ સુખી રાખે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, **ચોમાસામાં વધારે ભજન, ભક્તિ, નિયમ બની શકે તે કરજો.** તમારો પત્ર મળ્યો, તમારી સમજણ સારી છે. **કંઠી બાંધી તેમને ઉપદેશ મળે, ભક્તિ કરો, સુખી હો.** બેબી પૂર્ણાયુષ્મતી, ભક્તિમતી સુખશાન્તિ પ્રદા હો, આશીર્વાદ જય સ્વામિનારાયણ. પરદેશી શરણાગતિ મંડળના જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૧૬ **તારીખ : ૨૭-૭-૧૯૮૧**

સેવક વાલજીભાઈ તથા કુટુંબને પ્રગટ ભગવાન સુખી રાખો. સર્વને જય સ્વામિનારાયણ. નાનજી આનંદમાં રહેજો, પ્લોટ લેજો, મકાન કરજો, આગળ કામકાજ વધારજો, પુનાની સોસાયટીમાંથી છૂટા થજો. સારો આશીર્વાદ આપીએ, ત્રણ-ચાર-પાંચ ગણાં નાણાં મળશે. **પરદેશમાં જવા માટે મુલતવી રાખવું, કોઈ વખત સારો આવે, લાભ દેખાય તો પરદેશમાં જવા માટે યત્ન કરવો, હાલમાં ભક્તિ કરો, દેશમાં ધંધો, રોજગાર વધારો.** પુત્ર પરીવારને આશીર્વાદ જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૧૭ **તારીખ : ૨૭-૭-૧૯૮૧**

સેવક હરિલાલભાઈ વેલજીભાઈ તથા હરિલાલ પ્રેમજીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ ટપુલાલભાઈ વિગેરે તથા વેલજી રવજી વિગેરેને શ્રીહરિ ચઢતી કળા રાખો. ચોમાસામાં ભક્તિ વધારે કરો. દેશમાં વરસાદ સારા છે. સર્વે ઠેકાણે શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી છે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

સેવક, હરિલાલ પ્રેમજી દેશમાં આવ્યા પછી ડ્રાફ્ટ કે નાણાં આપવા આવી શકશે નહિં, માટે ત્યાંથી મોકલાવાય તો સારૂં, અને કાં નિરાશા સારી.

હરિલાલ વેલજીભાઈ ટપુલાલ વિગેરે ને મળ્યા ઘણું સારૂં. **ફુલવાડી ફળે ફૂલે ફાલે એવી થાશે, શ્રીહરિ શરણાગતિ મંડળો ખૂબ કમાય ખૂબ જ ભક્તિ કરે, આશીર્વાદ. ભક્તિ કરવી, ધ્યાન કરનારને વધારે દર્શન થાય.**

ઓપરેશન ભલે કરે, સુખી થવાય, તમો પણ ખબર લખજો. અહીંથી બધાને જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૧૮ **તારીખ : ૨૭-૭-૧૯૮૧**

સેવક તૂલસીદાસ મનજીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ, સાથીદારો ગુરૂભાઈઓ તમામને **શ્રીજી મહારાજ પ્રગટ ભગવાન સુખી રાખો, સાજા નરવા રહો, ભક્તિ વધારે કરો, ચાતુર્માસના નિયમો પળે તેટલા પાળવા, ભગવાન સંભારવા.** તમારૂં રજીસ્ટર્ડ કવર આજે મળ્યું, તીર્થભૂમિ માટે નોંધાએલો ડ્રાફ ૫૦૦૦ નો આજે મળ્યો, રાજી, ભગવાન તમારી રક્ષા કરો, ગુલાબ પાંખડી ખાજો. દેશમાં આવે તો પરદેશથી ઉદાસ થયેલા હોય છે, ભગવાન તેનું હૈયું ઉત્સાહ ભર્યુ કરો. દેશમાં થોડા મહીના રહ્યાં પછી ખાલીને ખાલી, હજારની આવક બંધ પડે, ખર્ચા વધારે વધે, તકદીર નબળા એટલે પાછા ચિન્તામાં પડે, તમો સુખી હો, બધા સુખી હો, અરબસ્તાન પાંચ કલાકનો રસ્તો ઘર ગણાય, **સુખી રહીને કમાતા આવડવું તકલીફ વેઠવી જોઈએ.** આશીર્વાદ, સુખી હો, જય સ્વામિનારાયણ કહેવા. મળે તેને આશીર્વાદ, વરસાદ સારા છે, પૂના બધા સુખી છે.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૧૯ **તારીખ : ૨૮-૭-૧૯૮૧**

ઓં અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ ।।

શ્રીશ્વેતાયન વ્યાસને નમો નમઃ ।।

સેવકો ભગવાનજી રાજા તથા મોહન ભગત, કુંવરજી ભગત, પ્રાગજી ભગત, રતિલાલ ભગત, રામજી ભગત, બીજા રામજી ભગત, મધુ ભગત, ભગવાનજીભાઈ, રતિલાલ ભગત, વ્રજલાલ ભગત તથા હાજર ગેરહાજર **શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોને પ્રગટ શ્રી હરિ સુખી રાખો.** આશીર્વાદો, પરદેશમાં કોઈ દુઃખ ચિન્તા ન હો, સાજા નરવા રહો, કુટુમ્બ બાળ બચ્ચાંઓ સુખી રહો, લાભમાં હો, રક્ષામાં હો, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, દેશમાં વરસાદ સારા છે, બધા આનન્દમાં છે.

ભૂખ્યાને દુઃખ, ભરેલાંને સુખ, એ તો આલોકની રીત છે. જ્ઞાનીને આનન્દ, અજ્ઞાનીને ઉદ્વેગ, એ પણ શરીરધારીઓની રીત છે. સન્તોષીને તૃપ્તિ, તૃષ્ણાવાળાને તરશ એ પણ રીતિ છે. ભગવાનને સુખે સુખિયાને આનન્દ જ છે. તમો બધા આનન્દમાં રહો. ભગવાને જ્ઞાન, સમઝણ, વિચાર, વિવેક, દીક્ષા, વૈરાગ્ય, સન્તોષ, આશરો, ઉપાસના, બળ, ઉપજ, લાભ, વિદેશ પરિચય, આકાશગતિ, શાન્તિથી સત્કર્મ, મજૂરી, આત્મમોક્ષ સ્થિતિ વિગેરે આપ્યાં જ છે, મૂલ્ય સમઝે તેને બ્રહ્મસુખનો પાર નથી, ન સમઝે તેને યમદુઃખનો અન્ત નથી, આ તો પ્રગટનો વેદ ઉપદેશ છે.

સેવો છો, જમાડો છો, વસ્ત્ર પાગરણ સાધન યન્ત્રો મોકલો છો, ફાળાઓ આપો છો, રાજી રાખો છો, શરણમાં પડો છો, માવતર પુત્ર પરીવાર કુટુમ્બથી વધારે ગણો છો, તે કાંઈ નાની સૂની વાત નથી. સુખી હો, આશીર્વાદ. લાભ હો, આશીર્વાદ. ભગવાનને તમારો વિશ્વાસ છે એ પણ એક અલૌકીક વાત છે, ભગવાન તમને ભગવાનને વર્યા છો એ પણ અક્ષરધામની વાત છે. (અધૂરો પત્ર)

•❀•❀•❀•

પત્ર નં.-૩૨૦ **તારીખ : ૨-૮-૧૯૮૧**

સેવક ક. હરિકૃષ્ણ ભગવાનજી રાજાભાઈ સુખી રહો, ભગવાનને વધારે ભજો. તમારા સમાચાર, પૂજા, પત્ર, સેવા વિગેરે ઘણાં સાથે આવે છે. ભગવાનજીભાઈના પત્રો પણ ખૂબ જ આવે છે, રાજી રાજી છીએ, નજર રાખીએ છીએ. ચોમાસામાં વધારે ભક્તિ કરો. **અમો પત્રો ખૂબ જ ઓછા લખીએ છીએ, દિવ્યપણે ફરવા પણ બહુ જ ઓછા નીકળીએ છીએ. મૂર્તિ સેવામાં મોળું ન રહેવું, શ્રધ્ધા વધતી ચઢતી કળા હો.**

દેહ, ઈન્દ્રિય, અન્તઃકરણ ઘરબાર એ બધું માયાનું છે, તેનો સ્વામી જીવ છે, જીવના સ્વામી ભગવાન છે, ભગવાનને સંભારવા, ભગવાનને સુખે સુખિયા રહેવું, દેહને પોતાપણું ન માનવું, મુક્તપણું માનવું,

ભજન કરવું. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. સારા આશીર્વાદ જય સ્વામિનારાયણ.

- કૃષ્ણવલ્લભાચાર્ય

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૨૧ **તારીખ : ૧૦-૮-૧૯૮૧**

સેવક ભરતકુમાર તથા તમારૂં કુટુમ્બ સુખી રહો, નાશિક બધા સુખી રહો. આશીર્વાદ - બધું કામ જલ્દી શીખી લઈશ, પરદેશ ખૂબ જ ફાવશે, જલ્દી જવાનું થાશે. આશીર્વાદ - **પ્રગટ પ્રભુજીને ભૂલીશ નહિં, બળ આપીએ છીએ, ભગવાન દિવ્ય મૂર્તિ, દિવ્ય ગુણ, દિવ્ય ક્રિયા, દિવ્ય લીલા ચરિત્ર, દિવ્ય રહેણી કહેણી, દિવ્યમૂર્તિ, સમઝવામાં કચાશ ન રાખવી. કમાણી થાય તો સેવા કરવી, ભજન ભક્તિ ખૂબ જ કરવા. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.**

અન્તર્યામી ભગવાન તમારી ભેગા જ છે, તે તમારી નજર રાખશે. અન્તર્યામી ભગવાને સૃષ્ટિ રચી છે, તે ચલાવે છે, તે પૃથ્વી ઉપર માનવ સ્વરૂપે હોય છે, તેનો જે કોઈ આશરો કરે તે તેને ભજીને, સેવીને ધામમાં જાય છે. શ્રીહરિ શ્રીકૃષ્ણનારાયણને ચિન્હ સહિત સંભારવા, પતંગનો દોર સર્વના નિયન્તાના હાથમાં જ છે, રક્ષા કરતાં રહીશું, સર્વે સંકલ્પો સિદ્ધ થાશે. બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૨૨ **તારીખ : ૧૮-૮-૧૯૮૧**

સેવકો - ૧. પ્રાગજી ડાયાભાઈ, ૨. ભગવાનજી રાજાભાઈ, ૩. રામલાલ ટપુલાલભાઈ, તમારા ત્રણેય પત્રોમાં ભારત આવવા દસ બાર

બોનસના આપે છે, તેમ જણાવેલ છે. તો અવશ્ય લાગતૂં હોય તો આવવું, તેટલા ખર્ચાઈ જાય અને માસિક ન મળે તે કરતાં તો ત્યાં રહેવું, કમાવું અને સ્થિર રહેવું તે ઠીક છે, માટે કમાઓ, પેટ ભરીને કમાઓ, કમાણીના ઓડકારો આવ્યા પછી દેશમાં આવવું જવું ઠીક છે. **પરદેશ કમાવા માટે ભગવાનને પ્રતાપે મળ્યો તો શા માટે ભાગ-ભાગ કરવું, દેશમાં ખર્ચો હાનિ ગેરલાભ સિવાય કાંઈ નથી, બાળ બચ્ચાંઓ આનન્દમાં છે. બધા સુખી રહો, કમાઓ, વાપરો, છોકરાઓ પરણાવવા જેવડા થાય તેને પરણાવ્યા પછી પરદેશ છોડવો, આવી લાંબી દ્રષ્ટિ રાખવી, પોતાની વૃદ્ધ જિંદગી સુખે જાય એવો ખ્યાલ રાખવો, એ જ. સેવા તો થતી જ રહેશે. ફૂલવાડી ફૂલતી, ખીલતી, ફળતી રહેશે, શ્રીહરિ શરણાગતિ મંડળ કરતા રહેજો, તે થયા કરશે,** તમારા સંકલ્પો પૂરા થાઓ, આશીર્વાદ, જય સ્વામિનારાયણ. ચોમાસામાં ભજન ભક્તિ કરજો.

દેશમાં આવ્યા તે બધા શ્રાવણમા દર્શન કરી ગયા છે, વ્રજલાલ હવે આવશે. આવતી જન્મજયન્તિ, જન્માષ્ટમીએ ઉત્સવ કરો, ફંડફાળો કરશો તો તે અમારે હાથે ત્રીજા નમ્બરે છપાતી બુકમાં ખર્ચ વપરાશે. **ફૂલવાડી તો દસ વર્ષો ભીક્ષા માંગશે ત્યારે તે ઊંચા સ્વરૂપમાં આવશે, બધા ખબરદાર થઈને સંપે શ્રીહરિ શરણાગતિ મંડળે તો કામ ચલાવવાનું છે, અમારો વળ ચઢાવ્યો કેટલો ટકશે, સાચો પ્રેમ ઉત્સાહ ભાવ હશે તે ટકશે. સાચા ભક્ત છો, સન્ત છો, સાચું ટકવું, સાચું કરવું. મા બાપ પત્ની ભાઈને પૂછવા જાવ તેણે પણ સાચા થવાની જરૂરત છે.** એ જ. આશીર્વાદ, બધાને જય સ્વામિનારાયણ. (અધુરો પત્ર)

પત્ર નં.-૩૨૩ **તારીખ : ૦૫-૦૯-૧૯૮૧**

દાસાઈલેન્ડ સેવકો પ્રાગજી ડાયાભાઈ, ભગવાનજી રાજાભાઈ, રામલાલ ટપુલાલ ભગત (દેવરાજભાઈ, વ્રજલાલભાઈ, કુંવરજીભાઈ)

દેશમાં છે. (મોહન કરશનભાઈ, રતિલાલ પ્રેમજીભાઈ, રતિલાલ રવજીભાઈ, મધુ ધનજીભાઈ, રામજી તૂલસભાઈ, પ્રેમજી ખીમજીભાઈ તથા દુબઈ આબુધાબીના સેવકો તથા છૂટા છવાયા વિસરામ ભીમજીભાઈ, તુલસી મનજીભાઈ, શાંતિલાલ કેશવજીભાઈ, જયન્તિલાલ ભગવાનજી પોરીયા, મોહન ભગત, શાન્તિલાલ નરસિંહ, નારણ પ્રેમજી, વિગેરે વિગેરે બધાને સારા આશીર્વાદ, સુખી રહો, વધારે સુખી હો. ભક્તિ કરો, કમાઓ, સાજા નરવા રહો, દેશમાં બધા સુખી છે, લ્હેરો કરે છે, દર્શને આવે છે, તીર્થ કરે છે, ભજે છે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. **સેવાઓ કરતા રહેજો, મૂડી ભેળી કરતા રહેજો. હાલમાં કમાવાનો સમય સારો છે, પછી દેશ કામો ઓછા વત્તા થાય, કટીંગ થાય, કમ્પની નબળી પડે, શરીરે તંદુરસ્તી ફેરફાર થાય, વિગેરે હાલમાં પ્રગટ ભગવાનની કૃપાથી નડે તેમ નથી. જેને પૂર્ણ શ્રધ્ધા, ભક્તિમાં ખામી તેને કદાચ નડી આવે, સૂકા સાથે લીલુ બળે. બધાને સાગમટા આશીર્વાદ, ખૂબ જ લીલા પાલવ ફળો.** એ જ. જય સ્વામિનારાયણ.

કામ કંઈ નથી, પણ પત્ર વડે સંભાળ લીધી. પ્રસાદી ગુલાબ પાંખડીઓ તાજી મોકલાવી છે. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

પત્ર નં.-૩૨૪ **તારીખ : ૧૨-૦૯-૧૯૮૧**

સેવક હરિલાલ વેલજીભાઈ તથા ટપુલાલભાઈ, રતિલાલભાઈ, અમરશીભાઈ, રતિલાલભાઈ, હરિલાલભાઈ, વેલજીભાઈ, આંબાલાલ ભાઈ, છગનલાલભાઈ, શાન્તિલાલભાઈ, જયન્તીલાલભાઈ, વેલજીભાઈ, **શ્રીહરિ શરણાગતિ મંડળ તમામને પ્રગટ ભગવાન સુખી રાખો.** જય સ્વામિનારાયણ વાંચવા. **સારા આશીર્વાદો - સવળા કામો હો, સવળી ઉપજ સારા લાભ હો, કમાણી જીંદગીને આરામ આપે તેવી હો, આ ભગવાન રક્ષા**

કરે છે. સારી સેવાઓ કરતા રહેજો, કુટુમ્બમાં ભગવાનને દેખતા રહેજો, સકામ ભક્તને કામના પૂરી ન થાય તો સત્સંગ નિશ્ચય ચૂંથાઈ જાય. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. **ફૂલવાડીનું કામ સારૂં થાય છે અને થાશે.**

ભીમ એકાદશીએ - ભગત મોહન કરશન, હીરજી પેથાભાઈ, શામજી હીરજી, તથા ભક્તજનો દર્શને આવ્યા હતા. ફૂલવાડીને ઉત્તર તથા દક્ષિણ પડખે જમીનો લેવાનું કહેતા હતા. પરદેશી શ્રીહરિ શરણાગતિ મંડળોનો, તમારો પૂરતો ટેકો છે તેથી હિંમત ધરાવતા હતા, અમોએ છૂટ આપી છે, લેજો એમ કહેલ છે, હવે ધોરણસર કરવા પણ સમઝાવ્યું છે. તે આ પ્રમાણે -

શ્રીહરિ શરણાગતિ મંડળ જે છે તે રજિસ્ટર્ડ સરકારમાં કરાવી લેવું, તેનો નમ્બર મળે તે સાથે પત્રો, લેટરો, વ્યવહાર માટે છપાવવા, તેના પ્રમુખ બધા વતી કામ કરે, સરકારી કામો, ઈજનેરી કામો, મામલતદારી કામો, લેખપત્ર કામો, બીલ્ડીંગ અરજીઓ, સીમેન્ટ અરજીઓ, વિજળી વ્યવહાર, આવક જાવક ખર્ચ, જમીન ટેક્સ, મકાન ટેક્સ, મ્યુનિસીપાલ ટેક્સ, ગ્રામ પંચાયત સાથે વ્યવહાર, જામનગર ઓફિસે વ્યવહાર, બેન્કમાં ખાતું ખોલાવવું, ડ્રાફ્ટ ચેક વિગેરે, તેના એકાઉન્ટ નમ્બર મુજબ જમા થાય, દેશ પરદેશથી આવે તે વટાવાય, નાણાં ઉપાડાય, વપરાય, તેના હિસાબ, નાનું એવું ઓડીટ, અરજીઓ કરવાનો અધિકાર, સહી સિક્કા વિગેરે બધૂંય શરણાગતિ મંડળે ઉપાડવું, તો ધારેલાં કામો થશે. અમો એ બાબત કાયદા પ્રમાણે ટ્રસ્ટી શરણાગતિ મંડળને સહી કરીને સોંપી દઈએ અને ભવિષ્યમાં લાંબા વર્ષો વહિવટ બરાબર ચાલૂ રહે, અમારે તો આશીર્વાદ આપવાનો રહે. મુહૂર્તાદિ ટ્રસ્ટીઓ જોવરાવીને આગળ કામ વધારે એમ ગોઠવણીની ભલામણ કરેલ છે, તમારે જાણી રાખવી આ ગોઠવણી સધ્ધર ગોઠવણી છે. મૂળ જમીનનો લેખ પ્રેમજીભાઈ પાસેથી હીરાપેથાને મળી ગયેલ છે, જેમાં અમારી મૂળ સહી છે. એ જ. બધાને જય સ્વામિનારાયણ. હવે અમારૂં

કામકાજ તો સેવામાંથી ચલાવશું, ફાળાની અમારે માટે જરૂરત નહિં પડે, ઘણાં કામ પતી ગયા છે.

શ્રીહરિ શરણાગતિ મંડળો ઘણે સ્થળે ઘણાં છે, સર્વે પોતપોતાની શક્તિ પ્રમાણે કામો કરતા રહેશે. એકબીજાએ પરસ્પર કાગળ પત્રો તથા નાણાં, મદદ, સલાહ વિગેરેની જરૂરત લેતી રહેવી. જેથી મંડળોનો સમુદાય જાગ્રત રહે, અને સારા કાર્યો કરી શકે.

લોલાંઓથી કાંઈ થવાનું નથી,
પેટભરાથી કાંઈ થવાનું નથી,
સ્વાર્થીઓથી કાંઈ થવાનું નથી,
અવગુણીયાઓથી કાંઈ થવાનું નથી,
કપટીઓથી કાંઈ થવાનું નથી.

ખરા આત્મનિવેદી, સર્વસ્વનિવેદીઓથી બધું ધામધૂમ થવાનું છે. આશીર્વાદ, સારાવાના થાઓ.

હરિલાલભાઈ તમારે એગ્રીમેન્ટ આવેલ છે પણ તમો આગળ કમાણી વધે, લાંબૂ ત્યાં રહેવાય, કમ્પનીમાં વાંધા ન આવે, ગેરલાભ ન થાય એમ પગલાં ભરીને સારાવાનાં નિભાવજો. આશીર્વાદ સારૂં થાઓ, **સુખ દુઃખ વેઠવાં, પ્રગટ ભગવાન રક્ષા કરો.**

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. બધાને આશીર્વાદ, જય સ્વામિનારાયણ કહેશો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૨૫ **તારીખ : ૦૪-૧૧-૧૯૮૧**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

બહુ જ રાજી સેવકો -

આરતીનાં

૮૦૧ શાન્તિલાલ બગીયા
ગોવિંદજી નારણજી
માલદેવજી ભૂરા
૧૦૧ કાનજી મૂળજી
૧૦૧ તુલસી મનજી
૧૦૧ રવજી ગોપાળ
૧૦૧ ખીમજી રવજી
૭૦ કાન્તિલાલ ડાયા
૫૨ શાન્તિલાલ હીરજી
૫૧ વ્રજલાલ લાલજી
૫૧ મોહનલાલ ખોડીદાસ
૫૧ છગનલાલ માવજી
૫૧ દેવજી કાનજી
૫૧ શાન્તિલાલ રણછોડ
૫૧ ભગવાનજી કુંવરજી

૧૬૩૩

૩૦ બીજી આરતી
૧૦ સેવા પરચૂરણ

૧/૫૦ આરતી

૧૬૭૪/૫૦

૩૭૪/૫૦ બાદ સમુહ ભોજન

૧૩૦૦/૫૦ ધીરામ સેવાના તેના રૂા. નો ડ્રાફ મળ્યો.

તેના રૂપિયા ૩૨૫૦ ડ્રાફ્ટ પૂરા અમોને આજે મળેલ છે. બહુ જ રાજી છીએ.

બધાને આશીર્વાદ, ખૂબ જ કમાઓ, ભગવાનને જન્મજયંતિએ લાડ લડાવ્યા, તે ખાસ કરવાનું કર્યું, સારૂં કર્યું. ગુલાબ પાંખડી નવા વર્ષના રાજીપા માટે તથા જન્મજયંતીની પૂજા, આરતી, ભેટ, સેવા વિગેરેના રાજીપા માટે કવરમાં તાજી મોકલાવી છે, ખાજો.

તુલસી મનજીભાઈ તથા દેવજી કાનજીભાઈ તથા તૂલસી મૂળજીભાઈનાં કાગળો મળ્યા છે, વાંચી ખૂબ રાજી થયા.

જન્મ સમય, શ્રેષ્ઠ સત્કાર્યોનો લાભ ભક્તો ભૂલતા જ નથી. પરમ એકાન્તિક, આત્મનિવેદી, સર્વસ્વનિવેદીઓનો ઉત્સાહ ઝાલ્યો કે દબાવ્યો દબાતો નથી. ઉછાળા ભરતી વધામણીઓ ભગવાન માટે મૂર્તિમાન સ્વરૂપે ભક્તોમાં વિરાજે છે, આપણી સ્થિતિને આપણા અંતર્યામી સાક્ષી અંતરાત્મા બ્રહ્મ પોતે ઓળખાવે છે, જેટલી સ્થિતિ તેટલો સંતોષ, જીવની વાત ઉપર પ્રમાણે છે.

વિશ્વંભરને બધું ભરપૂર જ છે. એ જ. સારા આશીર્વાદ, ખૂબ જ નવા વર્ષે કમાઓ, સાજા નરવા રહો, ભક્તિ કરો, ભેગા ભગવાન રાખો, દીલ કેટલે દરજે ઈષ્ટદેવને સોંપવામાં આવેલ છે તેની તપાસ કરતા રહેવી. પર્વતભાઈ, જીણાભાઈ, દાદાખાચર, કુટુંબની સ્થિતિમાં વર્તનાર ભક્તો ધામમાં અમારા ચરણોમાં બેઠાં જ છે, એમ શ્રીજી મહારાજે અંજવાળું આપ્યું છે. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.



પત્ર નં.-૩૨૬ તારીખ : ૮-૧૧-૧૯૮૧

વ્હાલા સેવકો, ચરણકમળમાં વસતા સર્વનિવેદી તથા આત્મનિવેદી પ્રિય શિષ્યો, ભગવાનને ધારનારા, એકાન્તિક પરમ એકાન્તિક મુકતો, પ્રત્યક્ષના કૃપાપાત્રો, લોભ તૃષ્ણા સંકોચ રહીત ઉદારતાવાળા, પ્રગટ

માટે ફનામકાના ફિરસ્તાઓ - પ્રાગજી ડાયા ભગત, ભગવાનજી રાજા ભગત, દેવરાજ ડાયા ભગત બગીચા, કુંવરજી મેપા ભગત, મોહન કરશન ભગત, મધુ ધનજી ભગત, રામજી તૂલસી ભગત, વ્રજલાલ રણછોડ ભગત, રામલાલ ટપુલાલ ભગત, રતિલાલ પ્રેમજી ભગત, રતિલાલ રવજી ભગત, પ્રવીણ ખીમજી ભગત તથા શ્રીહરિ શરણાગતિ મંડળ - દયાળજી લાલજી ભગત, મોહનલાલ રતનશી ભગત, શાન્તિલાલ કેશવજી બગીચા, કાન્તિલાલ બગીચા, રામજી બગીચા, નાનજી લક્ષ્મણ, રામજી જેઠાભાઈ, કાનજી મૂળજી તીર્થ, ભગવાનજી કુંવરજી સોલંકી, દેવજી કાનજી રાઠોડ, શાન્તિલાલ પૂંજા વાઢેર, બન્ને પોરીયા ભગત, તૂલસી મનજી મકવાણા, તૂલસી મૂળજી રાજા, વાલજી દેવરાજ, વાસુદેવ કાનજી ગંગદાસ, ધીરજલાલ ધનજી ચકુ, શામજી હીરજી પેથા, છગન હીરજી પેથા, રવજી ગોપાળ ધૂળકોટ, શાન્તિલાલ નરસિંહ, લાલા સ્વામી, દામજી ગંગદાસ, દુબઈ - જગજીવન રવજી વિગેરે વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્તોને નવા વર્ષના આશીર્વાદ.

નવા વર્ષમાં ખૂબ જ કમાઓ, સેવો, ભક્તિ કરો, સાજા નરવા રહો, કુટુમ્બને રાજી રાખો, માવતરને પૂજો, ગુરૂભાઈઓને સ્વકુટુમ્બ માનો વરતો, પરોપકાર કરો, પરદેશી નાણાં દેખિતાં પાપભર્યા છે, તેની શુદ્ધિ કરતા રહેજો, લક્ષ્મીજીને પગ ઉતાવળા હોય છે, શુદ્ધિ ન દેખે તો ભાગવાનું બાખું ખોળે.

ભગવાનના જન્મદિવસ જેવો મોટો કોઈ દિવસ નથી. બધા નવા વર્ષે ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો, ભક્તિ કરજો, બળ રાખજો. પ્રાગજી ડાયાભાઈ ચૌહાણને શરણાગતિમાં મુરબ્બી માનજો. હળીમળીને સમૂહની રીતે કામ કરજો તો સારાવાનાં ટકશે, આપનારાને સેવવા, ભૂલકણાનો સંસાર સાગરમાં માયાના અરણ્યમાં, તૃષ્ણાના રણમાં કયાંઈ પતો લાગે તેમ નથી. સુખી થાઓ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૩૨૭ **તારીખ : ૧૯-૧૧-૧૯૮૧**

પ્રગટ ભગવાનના સેવકો - ભાઈ જાદવજી વિસરામ તથા માતા પિતા તથા શશીકુમાર તથા બહેનો વિગેરે કુટુમ્બને શ્રીહરિ સુખી રાખો. **પરીક્ષામાં પાસ થાશો, નવા વર્ષના અભિનન્દન વાંચજો, દશમીમાં સારી રીતે પસાર થશો, એસ. એસ. સી. વાર્ષિકમાં પાસ થશો, આળસ દૂર થાશે, મહેનત વડે સફળતા થાશે, બાપુજીના સારા કાગળ આવ્યા છે. ભણવાનું ફાવે તો ભણજો નહિં તો કામ કરજો, કામ કરશો તો કમાશો.**

સન્ત ભગત બધાના જય સ્વામિનારાયણ વાંચજો. હેમંત ભગતના જય સ્વામિનારાયણ વાંચજો, તે તમોને યાદ કરે છે, ઘરે આવ્યા હતા તેથી વધારે યાદ કરે છે, કુટુમ્બ સુખી રહેશે, ગુલાબ પાંખડી ખાજો પ્રસાદી છે. **સવાર સાંજ પ્રગટના દર્શન, આરતી, અગરબતી, દીવો, શ્લોક બોલજો, શ્લોક બોલવો.** નાના ભાઈ ખરા ભગત રહેશે, વેકેશન પૂરાં થયા, સ્કૂલ જજો, ભૂજ દર્શન કરજો. જાદવજીનો કાગળ આવ્યો તેમ બાપુજીને લખવું છે, ભૂલચૂક માફ છે, બધાને જય સ્વામિનારાયણ કહેવા, આશીર્વાદના જય સ્વામિનારાયણ વાંચવા.

આ ભગવાન તમારી રક્ષા કરતા રહેશે, ભક્તિ ભજન વધારે કરજો, સુખી થાઓ, ઘરે બધા સુખી રહો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૨૮ **તારીખ : ૦૪-૧૨-૧૯૮૧**

સેવકો, પ્રાગજીભાઈ વિગેરે ૧૨ શ્રીહરિ શરણાગતિ મંડળ વ. દાસાઈલેન્ડ ભક્તોને તથા આસપાસના શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્તોને ઘણાં-ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ. **વિશેષ બધા ખૂબ જ ભક્તિ કરો, સેવાઓ કરો, કમાઓ, હેતપ્રીતે વરતો, સારાવાનાં સુખ લ્યો,**

ભગવાન સંભારો, દિવ્યભાવનાઓ રાખો, નવા વર્ષમાં વધારે ભક્તિ કરો, સાથે રહેવામાં આનંદ, અક્ષરધામનાં સુખ લ્યો.

દેશમાં બધા સુખી છે. એડ્રેસો ૧૦૬ મોકલ્યાં છે, નકલો ૧. હીરજીપેથાને ૨. હરિલાલ વેલજીને ૩. ટપુલાલ કાનજીને ૪. વેલજી રવજીને મોકલાવેલ છે. એકબીજા ફૂલવાડી માટે હળીમળીને ધામમાં રહેવા માટે દિવ્ય પ્રાસાદ મોટા મહેલ બાંધજો. તન, મન, ધન, સમૃદ્ધિ, કુટુંબ, જમીન, બાગ, બગીચા, પુત્ર, પરીવાર, ગોધન, વાહન, ઈન્દ્રિયું, અન્તઃકરણ, સમજણ, કથાઓ, કમાણી, આકર્ષણ, આવડત, મદદ, લાભ, વિગેરે પોતાના ઈષ્ટદેવ લેખે કરવા. ઈષ્ટદેવ વિશ્વંભર છે, તે હજારો ગણું મુક્તદશામાં કે સ્વર્ગાદિકમાં ત્યાં આપશે, આપે છે, આપ્યું છે. અરેબીયા પોતાના ભક્તો માટે ખોલ્યો છે, તેનો સવળો લોભ લેવો. લોભ, તુષ્ણા, અહંમમતા, દરિદ્રતા, અણસમઝણ આડાં ન રાખવાં. ભગવાનની સેવા ભક્તિમાં આડી આવે તે બધી માયા, પોતાની સ્થિતિ ભગવાન લેખે દિવ્ય બનાવવી. ગુલાબ પાંખડી ખાજો, ઉત્સવ કરતા રહેજો. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૨૯ **તારીખ : ૧૬-૧૨-૧૯૮૧**

સેવકો ૧૨ દાસાઈલેન્ડ આબુધાબી, બધાની ચઢતી કળા હો, સાજા નરવા રહો, કમાઓ, વાપરો. ગુરૂભાઈઓએ મહિમા સમઝવો, નિર્વિકલ્પ ઉત્તમ નિશ્ચય રાખો, ભજો, ભક્તિ કરો, ભગવાન રક્ષા કરે, પેટનું તો થાય જ પણ ઠેઠનું ખૂબ જ કરવું. એક જનમનાં થોડાક થોડાક માસ વર્ષ આદિકના જીવો બધા સાથીદારો લેણાદેવી પ્રમાણે થતા જાય છે. ભગવાન અનન્ત જન્મોથી અક્ષરધામમાં પણ શાશ્વત સાથીદાર છે. સમઝે તે તરે.

૧. દુઃખી, ૨. જાણવા મથતો અધૂરો, ૩. સ્વાર્થી, ૪. પૂરો જ્ઞાની સમઝુ. આ ચાર ભજે છે, બાકીના લટકે છે, કલેશ વેઠે છે. બધાને જય સ્વામિનારાયણ. ફોટા ચારેય મળ્યા, સારા છે. આપી દીધા છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. ભગવાનના કેફે સુખી રહેવાશે, આનંદ કરો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૩૦ તારીખ : ૧૮-૧૨-૮૧

સેવકો શાન્તિલાલ પૂંજાભાઈ તથા જયન્તીલાલ દેવશીભાઈ બન્નેનો પત્ર મળ્યો. બહુ જ રાજી થયા. કમાઓ, ભજો, સંભારો, સાજા નરવા રહો. ભક્તિ કરો, તમારી તથા ઘરની ખબર રાખશું. સારાવાના થાઓ. મુંઝાશો નહીં. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. શ્રહરિ શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેવા. આશીર્વાદ **ભગવાનની ફૂલવાડી ખીલે તેમ ભક્તિ સેવા વધારવી.** ખૂબ જ તૃપ્તિ થાય તેમ કમાઓ. શરીરને ઠીક રહે તેમ વર્તવું. એ જ. દેશકાળે રક્ષા કરીશું. કોઈ વાંકમાં ન આવવું. પરદેશમાં સારૂ રહે તેમ વર્તાવ રાખવો. **મૂર્તિ અંતરમાં સંભારવી. માનસ દર્શન કાયમ કરતા રહેવા. ધ્યાન ભજન કરવું. ભગવાન બધું દેખે જાણે છે.** એ જ. બન્નેના શિરનામું લખી લીધા છે.

- કૃ.વ.આ.
સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૩૧ **તારીખ : ૩૦-૧૨-૧૯૮૧**

આશીર્વાદ - સેવક હરજીભાઈ, કાનજીભાઈ, ડુંગરભાઈ, શંભુભાઈ તથા પુત્ર પરીવાર આદિ નાના મોટા બધા માવતરો વિગેરેને ઘણાં

ઘણાં આશીર્વાદો સાથે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા મંડળનાં જય સ્વામિનારાયણ વાંચવા. બધા સાજાનરવા રહો, મોલપાણી સારા ઉપજો, દુજાણા રસકસ ખૂબ નીપજો, ભગવાનની ભક્તિ કરો, સુખી રહો, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, બધાં સારાવાનાં હો, એ જ. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ વાંચવા.

ખાસ - કાશી યુ.પી.માં તમારા ફોટાઓ સાથેના છપાતાં અમારા અભિનન્દન ગ્રન્થો આવી ગયા છે, તમો ચાર ભાઈઓને ચાર, બે દિકરીઓ પરણ્યા છે સુરત તેમને, દેખશે ત્યારે માંગશે માટે બહેનોને બે વધારે, એકાદ (ત્યાગી બા) પૂજારીને, એમ સાત પુસ્તકો તમોને મળ્યા પછી બીજે ચાલુ કરીશું.

ખાસ તો એક એકની કિમ્મત ૨૦૦ છપાણી છે, પણ ૨૫૦ હોય તો તેનો બીજો ખર્ચ પણ ઉપડી જાય, તે પ્રમાણે ૧૭૫૦ ની મદદ સેવાની જરૂરત છે. સગવડ થાય તો કરવી, નહિં તો નહિં, પુસ્તકો આવો અને લઈ જાવો, દર્શને આવો. એ જ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૩૨ **તારીખ : ૦૪-૦૧-૮૨**

સેવક ટપુલાલ કાનજીભાઈ, લલિતાના કુટુમ્બને ભગવાન સુખી રાખો. પરદેશથી કાગળ છે, બધા સુખી છે. **શ્રીજીરક્ષા બાંધજો પેટ દુખતું મટી જાશે,** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. બધાને જય સ્વામિનારાયણ.

દમયન્તી દવા ન કરાવે, વચનથી સારૂં થઈ જાશે, ભજન કરે. આશીર્વાદ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૩૩ **તારીખ : ૦૪-૦૧-૧૯૮૨**

સેવક હરિલાલભાઈ, વેલજી પટેલ તથા ટપુલાલભાઈ વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો. **બધા કમાઓ, ફૂલવાડીને શોભાવવા પ્રયત્ન કરો છો, ભગવાન રાજી છે, ખૂબ જ સારાવાનાં કરો,** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. આશીર્વાદ, ખુશીના જય સ્વામિનારાયણ. **પાંચ વર્ષોથી યુ.પી. કાશી વારાણસી છપાતો અભિનન્દન ગ્રન્થ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, અંગ્રજીમાં તૈયાર થએલો ૨૦૦ અર્થાત ૨૫૦ની કિંમતનો ગ્રન્થ પૂરેપૂરો જૂનાગઢ આવી ગયેલ છે,** રોકડ સેવા કરશે તેમને બધાને પહોંચાડી દેવો છે, ઉધાર રાખવાનો અવસર નથી, પ્રેસને ભરપાઈ કરવાના છે. માટે આ 'અભિનન્દન ગ્રન્થ' ઉપર કંટ્રોલ રાખવો પડે તેમ છે, એ જ.

કિંમતી ગ્રન્થ છે, વિદ્વાનોના અભિપ્રાયો છે, પ્રગટ પ્રભુ ઈશ્વર, સરસ્વતી, શંકર, વાચસ્પતિ, બ્રહ્મનારાયણના અવતાર વ્યાસ આદિ સ્વરૂપે વર્ણનમાં ઘણું જ છે. પરદેશ મોકલવામાં મુશ્કેલી, પોસ્ટ મુશ્કેલી છે.

તમોને મોકલાવેલ શિરનામાઓમાં બાકીના નં. ૩૧ થી ૬૪ સુધીનો કાગળ આ મોકલાવેલ છે. (ફૂલવાડી માટે ઉપયોગી થશે) જય સ્વામિનારાયણ.

ટપુલાલ, રતિલાલ, અમરશી, છગનલાલ, હરિલાલ, ચન્દુલાલ, જયન્તીલાલ, નારણભાઈ, પટેલ સાહેબ વિગેરેને જય સ્વામિનારાયણ. વેલજી રવજી મળે તો જય સ્વામિનારાયણ, આશીર્વાદ કહેવા.

- કૃ.વ.આ

જૂનાગઢ.



પત્ર નં.-૩૩૪ **તારીખ : ૦૪-૦૧-૧૯૮૨**

સેવક તુલસીદાસ, દ., ધર્મેશ, ભાવેશ તથા **શ્રીહરિ શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો.** રપ, ભગવાનજી ભીમજીને નામે લખી

લીધા છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. **નવું પુસ્તક પાંચ વર્ષથી છપાતું હતું, તે તૈયાર થયું છે, સંસ્કૃત હિન્દી અંગ્રેજી ગુજરાતી એમ ચાર ભાષામાં છે. મોટા મોટા વિદ્વાનો તરફથી અભિનન્દનો પ્રશંસાઓ છે, શ્વેતાયન વ્યાસજીના અવતાર ઈશ્વર, વિષ્ણુ, નારાયણ, સરસ્વતી, સૂર્ય, કૃષ્ણ એવા એવા જૂદા-જૂદા ઘણાંએ ઘણાં પ્રકારે લખ્યાં છે.**

કિંમતી ગ્રન્થ છે, ૨૫૦ કિમ્મત લેવાની છે, કિમ્મત ૨૦૦ છાપેલ છે, પણ છાપખાનાને ભરપાઈ કરવા માટે અને ઉપલક ખર્ચને પહોંચી વળવા માટે ૨૫૦ કિમ્મત એક પુસ્તકની છે, **શ્રીહરિ શરણાગતિ મંડળ સેવકોને પ્રથમ પહેલાં આપવાનાં છે, પછી બીજાને અપાશે,** તો તમો કિમ્મત મનીઓર્ડર મોકલાવેલ અમોને મળશે એટલે રજીસ્ટર્ડ બુક પોસ્ટથી ત્યાં મોકલાશે., ફૂગાવાડી શ્રીહરિ શરણાગતિ મંડળમાં બધાને જય સ્વામિનારાયણ કહેવા.

આબુધાબી પત્ર લખવો છે તે લખશું ત્યારે દેશમાં આંટો દઈ જાવાનું લખશું. કમ્પનીને કામ મળશે તો ત્યાં રોકાવાનું લખશું. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૩૫ **તારીખ : ૧૯-૦૧-૧૯૮૨**

સેવકો - પ્રાગજીભાઈ, ભગવાનજીભાઈ, દેવરાજભાઈ, મોહનભાઈ, કુંવરજીભાઈ, મધુભાઈ, રતિલાલભાઈ, રતિલાલ વા. ભાઈ, રામજીભાઈ, છગનલાલભાઈ, રામલાલભાઈ, પ્રવીણભાઈ, એ આદિ ૧૨ અવતારોને ભગવાનના આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા. સાજા નરવા રહો, રામજીભાઈ તથા તમારા કાગળો મળ્યા છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. વંથલી, મસ્કત, બેહરીન, એલેન, કુવેત, દુબઈ વિગેરેથી પત્રો તમારે ત્યાં આવશે. **ભગવાન ભેગા છે, સુખી હો, સારા ઝબરા કામ કરો, ભક્તિ કરો, પ્રગટનો પ્રતાપ ભારી છે.**

''મહામહોપાધ્યાય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અભિનન્દન ગ્રંથ સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી''માં કાશીમાં પ્રગટ થયો, ભગવાનને વિદ્વાનોએ ઓળખ્યા લખ્યા છે, ભગવાનને રાખવા હોય તેણે તે ગ્રંથ ઘરે રાખવા જેવો છે. કિમ્મત ૨૫૦ રાખી છે, (૨૦૦ છાપેલ છે) પણ તે ઓછી છે, રોકડે આપવાનું રાખેલ છે.

કોઈ સેવકને જોઈએ તો ઘરેથી ૨૫૦નું મનીઓર્ડર કૃ.વ.આ.ને જૂનાગઢ મોકલાવે, ડ્રાફ્ટ નહિં.

ફૂલવાડી માટે જામવંથલીથી શ્રીહરિ શરણાગતિ મંડળ સર્વે સ્થળે લખશે, જણાવશે, ઉત્સાહ ખૂબ જ છે. અમારા આશીર્વાદ.

ભજન ભક્તિ વધારે કરજો, સુખી રહો. બધાને જય સ્વામિનારાયણ.

- શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૩૩૬ **તારીખ : ૨૧-૦૧-૧૯૮૨**

સેવક ભગવાનજી રાજાભાઈ તથા દાસાઈલેન્ડ ભક્તો, મધુભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો. દેશમાં બધા સુખી છે, ભક્તિ કરવી, ૨૫૦ ડ્રાફ મધુભગત તીર્થ તરફથી મળેલ છે, વ્યવસ્થા કરી છે, આશીર્વાદ આપ્યા છે, સુખી હો, બધાં આનન્દમાં છે. **ઓશિકે શ્રીજીરક્ષા રાખવાથી સારી ઊંઘ લેવાય, ભક્તિ કરવી, દર્શન થાશે, સંભારતા રહેવા, તન્મય હોય તો દેખાય જ.** બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૩૩૭ **તારીખ : ૨૨-૦૧-૧૯૮૨**

સેવક શાન્તિલાલ લીલાવન્તી, **ગ્રન્થ વાંચજો, સુખી રહો. ભક્તિ કરજો. ધ્યાન ધરજો. ઉંઘતા, જાગતા મૂર્તિ ભેગી રાખીને સંભારજો. સારાવાનાં હો.** તબીયત સારી સાજી રહે તેમ વરતવું. આશીર્વાદ. જય સ્વામિનારાયણ. ભગતની ટપાલ છે.આનંદમાં છે. બે લાભ ફળો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૩૮ **તારીખ : ૨૭-૦૨-૧૯૮૨**

સેવક હરિલાલભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ સમસ્તને આશીર્વાદ અને જય શ્રીસ્વામિનારાયણ.

તમોએ પાંચવર્ષીય યોજના ઘડી છે, તે બધાને સેવા લાભ મળશે. લીસ્ટ અમારા ઉપર ન મોકલવું પણ જામવંથળી શરણાગતિ મંડળના પ્રમુખને કે ખજાનચીને મોકલવું. તેનો રજીસ્ટર્ડ નમ્બર તથા બેંક નંબર મળ્યા પછી તમો ડ્રાફ, ચેક વિગેરેનો વ્યવહાર જામવંથળી ખજાનચી ઉપર કે પ્રમુખ ઉપર રાખજો, જેથી કાયમી વ્યવસ્થા, સેવા ઉપયોગ ચાલૂ રહે. દુબઈ, આબુધાબી, દાસાઈલેન્ડ, પનામા, સરાટા, સફાત, કુવેત, બગદાદ વિગેરેના **શ્રીહરિ શરણાગતિ મંડળો ખૂબ જ ઉત્સાહમાં છે, તેઓ મોટા કાર્ય કરશે. તમો બધા શરણાગતિ મંડળો મળીને જે કરશો તે સફળ થાશે જ.** અમો બાહેર નીકળવામાં શરીરે અશક્ત છીએ, તેથી આશીર્વાદ પત્ર પાઠવશું.

ઘડીયાલ ડબો આવશે તેની સૂચના પત્ર લખીશું. બાબાની કુંભ રાશિ છે. ગ,સ અક્ષરો છે. ગિરીશ, ગંગેશ, ગોપાળ, ગંગાધર, સુરેશ, સૂર્યકુમાર, સન્તોષ, સતીશચન્દ્ર આદિમાંથી જે ઠીક લાગે તે નામ રાખજો.

હવે જે ફાળાની રકમો થાય તે જામવંથળી શરણાગતિ મંડળના ખાતા નમ્બરે બેન્કમાં ત્યાં મોકલાવજો. જૂનાગઢ મોકલાવતાં નહિં, શ્રીહરિ શરણાગતિ

મંડળ જામવંથળીનો ખાતા નંબર આવે તે નમ્બરે તે ખાતે રકમો મોકલજો, નંબર મળતાં સુધી ફાળા રોકી રાખજો એટલે હિસાબ ઠીક રહેશે. **પરદેશમાં સર્વત્ર આનન્દ, ઉત્સવ છે. બધાને ઉત્સાહના પત્રો લખ્યા છે, આનન્દમાં રહી સેવશો.** એ જ. બધાને જય સ્વામિનારાયણ કહેજો. પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૩૯ **તારીખ : ૦૩-૦૩-૧૯૮૨**

સેવક જયન્તીલાલ દેવશી બાંભણીયા સુખી હો, ભક્તિ કરો, સાજાનરવા રહો, કમાઓ. શાન્તિલાલ પૂંજા, રામજી જેઠા, કાગળો મળ્યા, આનન્દ થયો. જયરામભાઈએ આદિપુરથી ૨૫૦ મનીઓર્ડર મોકલાવ્યો, મળ્યો છે. આજે અભિનન્દન મોટો ગ્રન્થ રજીસ્ટર્ડ બુક પોસ્ટ દ્વારા રવાના કરેલ છે, જયરામભાઈ છોડાવી લેશે, પોષ્ટકાર્ડ પણ ત્યાં લખેલ છે. તમો ત્રણેય ભેગા છો, એકાન્તિક છો, ભક્તિ વધારે કરજો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. **પ્રગટ ભગવાન ઘરબાર, દેશ-પરદેશ બધાની ખબર સંભાળ રાખે છે, જૂનાગઢથી કયાંય બહાર જવાના નથી. શ્રીહરિ શરણાગતિ મંડળે બધાં કામો ઉપાડ્યાં છે તેથી ભગવાનને નિરાન્ત છે, ભગવાન વિશ્વંભર છે, પરિપૂર્ણ છે.** સુખી હો. બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૪૦ **તારીખ : ૧૨-૦૩-૧૯૮૨**

પ્રિય સેવક મધુ ધનજી બાબરીયા, ધનજીભાઈ, અઠવાડીયુ થયુ દર્શને આવ્યા હતા, લક્ષ્મણભાઈ કુંકાવાવ રવિવારે ગયા હતા. ૧૦૦૧

તમારા રૂપિયા અમોને આપવાના ધનજીભાઈએ લક્ષ્મણકાકા સાથે મોકલાવ્યા છે તે મળી ગયા છે રોકડા, તમારા નામ લીસ્ટમાં જમા કરી લીધા છે, **તમારું ભાગ્ય ઉઘડીયું છે. ભગવાન કાં સંત કાંતો ભગવાનના ભક્ત ગુરૂભાઈ ભગવાનને લઈને ભાગ્ય ઉઘાડે તો ઉઘડી જાય,** તમારું ભાગ્ય ભગવાનજી રાજાના હસ્તે ઉઘડીયું, ખૂબ જ કમાઓ, **દરિદ્ર દૂર થાય તેમ માવતરને સેવજો,** ખૂબ રોકાજો, કમાજો, સંભારજો, ભક્તિ કરજો, ભગવાનજી રાજાને ખુશી રાખવા ભક્ત છે માટે તથા તમારા પ્રતિ ઘણુ હેત છે માટે તથા તમોને પહેલા વહેલા વીઝા અપાવીને ઉંચી કંપનીમાં પહોંચાડ્યા માટે આ બાબત ભૂલવી નહીં, અમો ખૂબ રાજી છીએ, ગુલાબ પાંખડી ખાજો, ભજાય તેટલા ભજજો. આનન્દમાં રહો, સુખી હો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચવા.

દાસાઈલેન્ડના ભક્તો -

૧. મધુ ધનજી બાબરીયા, ૨. રતિલાલ રવજી ગોહિલ, ૩. રતિલાલ પ્રેમજી વાઘેલા, ૪. મોહન કરશન મનાણી, ૫. રામજી તુલસી ટાંક, ૬. પ્રવીણચંદ્ર ખીમજી મનાણી, ૭. રામલાલ ટપુલાલ રાઠોડ, ૮. કુંવરજી મેપા મનાણી ૯. વ્રજલાલ રણછોડ કાચા, ૧૦. પ્રાગજી ડાયા ચૌહાણ, ૧૧. દેવરાજ ડાયા બગીચાવાળા ૧૨. ભગવાનજી રાજા જાવીયા, બીજા પણ શ્રીહરિ શરણાગતિ મંડળ, બધાને જય સ્વામિનારાયણ.

વધારે સંપથી આનંદથી રહો, સુખી રહો, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો. શામજી હીરજી ત્યાં આવ્યા હશે, બધાને જય સ્વામિનારાયણ.

બાર સેવકો તથા નવા હોય તે, તમારી કંપની બળમાં છે, મંડળ બળમાં છે, તમારા ભાગ્ય ઉઘડ્યા છે, સુખી છો, સુખી રહો.

હેલીકોપ્ટરમાં આકાશ દેવતાઓ વિચરે છે, સુખી છો, સુખી રહો. બધાને આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

નારણ જેરામ મુંબઈથી દર્શને આવ્યા હતા. આજે વાલજી કેશવજી ભગત જૂનાગઢ દર્શને આવ્યા છે. રવજી ગોપાલ પણ બે દિવસ પછી આવશે, દેવશી ખીમજી પટેલ પણ આવશે.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૪૧ **તારીખ : ૧૩-૦૩-૧૯૮૨**
શનિવાર

સેવકો પ્રાગજીભાઈ, ભગવાનજીભાઈ, મોહન ભગત, દેવરાજ ભગત, કુંવરજી ભગત, બંનો રતિલાલ ભગત, બંનો રામજી ભગત, વ્રજલાલ ભગત, પ્રવીણ ભગત, મધુ ભગત આદિક શ્રીહરિ શરણાગતિ ભક્તજનો હૃદયના પાનબીડાં, સંસારથી નિરાળા, ભગવાનની ભક્તિમાં ગોપીમંડળ, તન મન ધનથી પ્રગટ પ્રભુજીને વરેલા, પતિવ્રતાની ટેકવાળા, દિવ્યભાવે વરતનારા, બારેય મુક્તિમંડળના સુખ શય્યાના શણગાર એવા સેવકો, મૂર્તિના અર્ધાંગ, બધા ખૂબજ ધામને ધામના ધણીને, સતીપતિને, રાધાલક્ષ્મીપતિને, આત્મપતિને, તન મન ધન ભાવના, સંપત્તિ, દેહ ઈન્દ્રિયો અંતઃકરણ વડે, દિવ્ય બંગલા માટે રહેવા માટે, સુખ શય્યાના સુખ લેવા માટે સેવજો. ફૂલહાર, શરબત, મેશુબ, અત્તર, તેલ, ફૂલેલ, સુગંધ, થાળ, છપ્પન ભોગ ધરજો. નાણાં ખૂબ જ ફૂલવાડી માટે વાપરજો. બધા પરદેશી ભક્ત સેવકો શ્રીહરિ શરણાગતિ ઉત્સાહમાં છે, ભગવાન જેવા ધણી ભેગું રહેવું છે, રાજાનું રાજ્ય તેટલામાં ટિલાયતનું રાજ્ય, રાજ્યનું રાજ્ય એ સત્ય છે.

લૌકિક બધું એવું નથી, કાદવના બાચકા છે, ફટાકડો ફૂટ્યો એટલે ધૂમાડો અને શરણાગતિ ભક્ત ઉપડ્યો એટલે હજારો સૂર્ય કરતાં વધારે રૂપાળો અંગ ભક્ત. આ વાત સંભારીને કમાવું, વાપરવું, ફૂલવાડી ફૂલાવવી.

આશીર્વાદ સુખી રહો. ફાગણ વદ બીજે ભગવાનને ધામધૂમે ફૂલવાડીમાં ફૂલાવ્યા છે. તમો સગ ચઢાવો, સોનું રૂપુ લેખે લગાડો.

બધે ઠેકાણે ભક્તો ઉત્સાહમાં છે, ભગવાનને છાતી ઉપર લઈને બ્રહ્મરસ માણો, સુખી હો, શાશ્વત પ્રેમ સખી 'માગે પ્રેમ સખી કર જોડી દેજો દાન (બ્રહ્મરસ દાન) દાસને રે લોલ.' ઘડીક ભેટજો, સંભારજો અને કમાણીમાં આગેવાન છો, તેવું જ વરતી બતાવજો, મરી જવાશે ત્યારે જે કોઈ જુદું છેટું, સ્વાર્થ ભરેલું હશે તે પડ્યું રહેશે. હીરા કસ્તૂરીની માળાઓ પહેરીને ભગવાનને ચૂમ્બા લેવાની તૈયારીમાં રહો. પ્રસાદી ગુલાબ પાંખડી છે, ખાજો. એ જ.

- કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૪૨ **તારીખ : ૧૫-૦૩-૧૯૮૨**

સેવક મંજુલાને માલૂમ થાય જે ૫૦ કે ૭૦ની હઠ પડી મેલજો, ચિન્તા ન કરવી, કલેશ ન થાય, ૨૦ જાવા દેવા એટલે જાણે જે આવ્યા જ ન હતા, ખોવાઈ ગયા હતા, પડી ગયા હતા, એમ સમજવું. **ભાગ્યમાં ન હોય તે કલેખે જાય તેની ચિન્તા ન કરવી, ભક્તિ કરવી,** એ જ.

આશીર્વાદ, સુખી હો, પરદેશ સુખી છે, રાજકોટ બાપો સુખી છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૪૩ **તારીખ : ૨૩-૦૩-૧૯૮૨**

વ્હાલા સેવક હરિલાલ વેલજીભાઈ તથા ટપુલાલ રતિલાલ, અમરશી, છગન, આંબાલાલ વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળને આશીર્વાદ. જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

પંચવર્ષીય યોજનાનું મોટું લીસ્ટ ખૂબ વાંચ્યું. બધા તન મન ધન વડે સેવા કરે તેવા છે, કોઈ નબળા પણ છે.

જામવંથળી ફૂલવાડી શ્રીહરિ શરણાગતિ મંડળ રજીષ્ટર્ડ નમ્બર, બેન્ક નમ્બર, ડ્રાફ માટે નામ એડ્રેસ, ચોખ્ખો વહીવટ, સર્વે શ્રીહરિ શરણાગતિ મંડળોમાં જણાવવો. તે પ્રમાણે ફંડફાળા સેવાઓ ત્યાં ફૂલવાડી એડ્રસે મોકલાવવી, જૂનાગઢ ન મોકલાવવી, હવેથી એ પ્રમાણે વ્યવસ્થા કરજો. **અમો ખમતીધરને ઉત્સાહમાં રાખશું, નબળાને મરજી મુજબ કરવા દેશું.** એ જ, રાજી. બધા સુખી હો, જય સ્વામિનારાયણ વાંચવા.

બેહરીન, આબુધાબી, દાસાઈલેન્ડ, બગદાદ, જૂનાગઢ હિસાબ સમાપ્ત કરેલ છે, જે કાંઈ તે ફૂલવાડીને સમર્પિત કરેલ છે, કામકાજ જોરથી કરશે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૪૪ તારીખ : ૨૫-૦૩-૧૯૮૨

સેવક ભગવાનજી, કુટુમ્બ બધું સુખી છે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાતા રહેજો, શાન્તિ રહેશે. **ભગવાન, સંત, સત્સંગ, લાભ, સેવા, પુણ્ય, ભક્તિ, ચમત્કારોને સંભારવા વડે ખૂબ જ શાન્તિ વરતે. દેહથી આત્મા જુદો છે, ભગવાન મારી ભેળા છે, ધામમાં બેઠા છીએ. ઘણું આપ્યું છે, માન તજાઈ ગયું છે, અહંભાવ મેલાઈ ગયો છે, કર્યું ન કર્યા જેવું લોકોએ કરી દેખાડ્યું છે, આ બધા વૈરાગ્યનાં સાધન છે. ભગવાન શાન્તિમૂર્તિ છે, બ્રહ્માનન્દ આત્મામાં સાચવવો.** આશીર્વાદ, શાન્તિ વરતો, જય સ્વામિનારાયણ વાંચવા.

હરિકૃષ્ણ વિગેરે આવી રસોઈ જમાડી, સેવા કરી, ખુશી થયા છે. એજ બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.



પત્ર નં.-૩૪૫ **તારીખ : ૨૨-૦૪-૧૯૮૨**

સેવકો પ્રાગજીભાઈ, ભગવાનજીભાઈ, રતિલાલભાઈ, દેવરાજભાઈ, વ્રજલાલભાઈ, કુંવરજીભાઈ, રામલાલ, મોહનભાઈ, રતિલાલ પ્રે., રતનશીભાઈ, મધુભાઈ, રામજી તૂ., પ્રવિણભાઈ વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળ દાસાઈલેન્ડ એકાન્તિક ભક્તોને ભગવાન સુખી રાખો, સાજાનરવા રહો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, **ભક્તિ સારી રીતે કરવી, ફૂલવાડી માટે ખૂબ જ કરો છો. ભગવાન માટે ઘણું જ કરો છો, ભગવાન રાજી છે, બધાને સારાવાનાં હો. વિશ્વંભર ભગવાને બધું આપેલ છે, તે પ્રમાણે ભક્તિ કરતાં રહેવી.** તમારા પત્રો છૂટક છૂટક મળ્યા, આનન્દ થાય છે, બધા ખૂબ જ ઉત્સાહમાં છો, **બધા શ્રીહરિ શરણાગતિ મંડળોની ચઢતી કળા છે, ચઢતી કળા રહો. ભગવાન માટે બધુ કરો છો અને કરતા રહો.**

પ્રત્યક્ષ ભગવાન અને સંતોના લીલા ચરિત્રો સંભારવા સેવાઓ સંભારવી જેનો આનંદ ખૂબ જ વર્તે આત્મામાં ઘણી શાન્તિ વર્તે, સુખના પ્રવાહો વહે સંસારની જાળ ગરમ હોય તે અડવા ન દેવી. જાળકાતરણી માછલાની પેઠે જાળાં કાંપતા રહેવું જેથી માયાજાળાં પરાભવ ન કરે, મૂર્તિમાં સુખ છે તેવું બીજે નથી.

અમારે પોતાને અંગત સેવા કાંઈપણ જોઈતી નથી, ભરપૂર ભગવાન રાજી છે, એ જ. બધાને આશીર્વાદ જય સ્વામિનારાયણ વાંચવાં.

બધાને ઘેર દેશકાળ સારા છે. બધાની દેશ પરદેશ ખબર રાખીએ છીએ. વિઘ્ન ન હો, સુખી હો. ચારેકોરથી પરદેશના પત્રો આનન્દના ભરેલા

આવે છે, બધા લહેરમાં છે, ભગવાનના સુખે સુખીયા છે, બધાનાં બાળબચ્ચાં કુટુમ્બો સુખીયા છે. કમાવો, ખાઓ, પીયો, આનન્દ વિરામ શાન્તિ લ્યો.

સત્સંગ સાચો બંગલો છે. તેમાં બ્રહ્મસુખ મેળવતાં રહો, કુંજ વૃત્તિથી ભગવાન રક્ષા કે છે, કેફ રાખવો. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૪૬ **તારીખ : ૨૮-૦૪-૧૯૮૨**

સેવકો - હરિલાલ વેલજી તથા ટપુલાલ, રતિલાલ, બીજા રતિલાલ, છગનલાલ, હરિલાલ પ્રે., અમરશી, વેલજી, જયન્તિલાલ મ. વિગેરે **શરણાગતિ મંડળની ચઢતી કળા હો. ભગવાન સાથે છે, સારા યશસ્વી ભવ્ય કાર્ય કરો, સારાવાનાં હો, બળમાં રહો, નીંકના સાંઠાને શિયાળ અડે તો બગડી જાય, સંસારમાં એમ જ બને, વિશ્વંભરને ખોટ નથી, બધુંય વિશ્વંભર ભગવાનનું બનાવેલ છે.**

તીર્થનો ફાળો રતિલાલ પ્રેમજી ૨૦૦૦, હરિલાલ પ્રેમજી ૩૦૦૦નો ડ્રાફ = ૫૦૦૦ મળ્યો, બહુ જ રાજી. આ અમારા સાહિત્યમાં વપરાશે, જરૂરત છે માટે. બીજા બધા હિસાબો શ્રીહરિ શરણાગતિ ફૂલવાડીને હસ્તગત સોંપાઈ ગયા છે. **કામ સારૂં કરે છે, તેનો જય હો, તમારો જય હો, નબળાને બળ હો, કંગાલને ઉદારતા હો. આશરો મોટી વાત છે, રખડુમાંથી રાજખડું ભોગવે તે કૃપાનું ફળ છે, રાજખડુંમાંથી રખડું થઈ જાય તે કુરાજીપાનું ફલ છે, એમ ચાલ્યુ આવે છે, માટે વિશ્વંભરને કાંઈ ઓછપ નથી, ભગવાન સારૂં કરો.** નવો હિસાબ ઘણો સારો પંચવર્ષીય ગોઠવેલ છે, **ભાગ્યવાનો લાભ લેશે, ફૂટલાંને આવક નહિં મળે તો શું લાભ લ્યે, માટે વિશ્વભંરે ધાર્યુ હશે તે થાશે.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, સંભારજો, આનન્દમાં રહેજો.

અમારાં કામકાજો દેશી ભક્તો વડે પણ થઈ શકે તેમ જણાય છે, જેથી અંગત બાહેર ફાળા ફંડ બે જન્મજયંતીથી બંધજ કરેલ છે. **ભગવાન રાજી છે, આનંદ સાગરમાં વર્તે છે, સેવાવાળા ભક્તો પણ તેમ જ આનંદ મહાસાગરમાં રહો, સુખી હો, હા-વાળા લીસ્ટ શોભશે, ના-વાળા આકાશમાં રફુચક્કર ગણાશે.** શિલારોપણ ધામધૂમે થાશે, બળ આપેલ વાપરવું, વધારે અપાતું જાય છે.

ક્યાં કાંઈ હતું ! તેને બદલે કેવું કેવું છે, તે મુક્ત ભક્ત સમઝી શકે, સ્વાર્થી સમઝે પણ ફળ ન મેળવે, પછી થતું હોય તેમ થાય, કર્મફળ બધાને મળે છે, ભગવાનને રાખે તેણે બધૂંય રાખ્યું.

અમો જીવીએ છીએ એના જેવું નવીન બીજું કાંઈ નથી, અમોને રાજી કરે છે તેના જેવું મોટું મોક્ષસાધન બીજું એકેય નથી, અમો ત્રિકાળદર્શી છીએ, થશે તે દેખાશે, સમ્રાટ ઉભડને કાંઈ ન ફરમાવે, આ ભગવાનનો પણ કાયદો છે. એજ. ભિખારી પણ દુનિયામાં હોય ! તો શોભે !

બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૪૭ **તારીખ : ૦૮-૦૫-૧૯૮૨**

સેવક લી. શાન્તિલાલ કુટુમ્બ સુખી રહો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, ભક્તિ કરતા રહેજો. ૭૨૫ મનીઓર્ડર સેવા મળી છે, ખૂબ જ રાજી. **લી. શા. ભક્તો પ્રગટ ભગવાનના જ છે. દીલમાં રાખવા, ભજવા, સેવવા, જીવમાં ઘરમાં સાથે બેઠા છે, દૂધ પાણી પાવા જમાડવા, સુખી રહેવાય. પરીક્ષિત રાજાની ગર્ભમાં રક્ષા પ્રગટ શ્રીકૃષ્ણનારાયણે કરી હતી. તમારી રક્ષા કરતા રહે છે, પુત્રાદિ પરિવારવાળા થાઓ.** શાન્તિલાલને સોમવારે લખશું એ જ. સાજાનરવા રહો. આશીર્વાદ - જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૪૮ **તારીખ : ૩૦-૦૬-૧૯૮૨**

સેવક તૂલસીદાસ, દયાબેન, કુટુમ્બ સુખી હો. **કુંભારીયા મેઘપરના - રવજી રતનશી ભગતને અક્ષરધામમાં મેલ્યા છે, તે પાછળ મનીઓર્ડર ૨૦૦ મળ્યાં, રસોઈ જમ્યાં છીએ. ભક્તિમાં રાજી છીએ, આશીર્વાદ આપ્યા છે.**

તમો પણ વધારે ભક્તિ કરજો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. જય સ્વામિનારાયણ વાંચજો.

શ્રીહરિ શરણાગતિ મંડળ બધાને જય સ્વામિનારાયણ કહેજો.

-કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

પત્ર નં.-૩૪૯ **તારીખ : ૨૬-૦૭-૧૯૮૨**

સેવક ભગવાનજી રાજાભાઈ, બધા પત્રો મળે છે, આનન્દમાં રહેવું, ભક્તિ કરવી, બધેથી બધા પ્રકારના પત્રો મળે છે, ભિન્નગતિ લોક છે. ગુલાબ પાંખડી મોકલી છે, પ્રસાદી ખાજો. જેટલો સમય કામકાજ ચાલે, કમાજો, દેશમાં વરસાદે લીલા લ્હેર કરાવ્યાં છે. **જગત સુખમાં છે, ફૂલવાડી લ્હેરમાં છે. ભગવાનનું કામ ભગવાન કરે, ભક્તોનું કામ ભક્તો કરે. ભગવાન અંતર્યામી ભક્તોનાં સુખે સુખીયા રહે છે, વિશ્વંભરે બધું રચ્યું છે, સાર લેતો રહેવો, અસાર ધ્યાનમાં ન લેવાય તો સુખી રહેવાય, સુખી થતાં આવડવું જોઈએ,** બધા સુખી રહો. આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા.

શ્રીહરિ શરણાગતિ મંડળને આશીર્વાદ, જય સ્વામિનારાયણ કહેવા. હરિકૃષ્ણ લ્હેરમાં છે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

પત્ર નં.-૩૫૦ **તારીખ : ૨૨-૧૦-૧૯૮૨**

સાઉદિયા, રીયાધ, સેવકો -

કાંતિલાલ રણછોડ ચોટલીયા, ભેંસદડ તથા નારાયણ હંસરાજભાઈ તથા સાથેના બહેરીન વેલજી ભગત, ભગવાનજી ભગત, મોહન ભગત, કાન્તિલાલ ભગત, સર્વેને ભગવાન સુખી રાખો, સાજા નરવા રહો. કામ મળો, કમાઓ, આનન્દમાં રહો. આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચવા. ભક્તોનો સમાગમ કરવો. હેમંત ભગત બદ્રિનારાયણ બસમાં યાત્રામાં ગયા છે. ૧૨૦૦નો ચેક મળ્યો. અંગત સેવા થાળ, ધોતી, ફૂલહાર વિગેરેમાં વાપરશું. ૧૦૦૦ કાંતિલાલ રણછોડ ચોડલીયા ભેંસદડવાળા, ૨૦૦ નારાયણ હંસરાજ ચાવડા, બન્નેને રાજીપાના આશીર્વાદ. રાજી, રાજી. અધિક માસમાં તે રકમ વાપરીએ છીએ. તમારી સેવાથી રાજી. હવે કાંઈ અહીં સેવા જોઈતી નથી. ફૂલવાડીને બને તે આપવું. **ભગવાનમાં હેત રાખો એટલે સંસાર ન નડે. ભગવાન રક્ષા કરે છે**. બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચવા. જન્માષ્ટમી તા. ૦૮-૧૧-૮૨, સંવત ૨૦૩૮ આશ્વિન વદ આઠમ સોમવાર.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૫૧ **તારીખ : ૨૫-૧૦-૧૯૮૨**

સેવક હરિલાલ વેલજીભાઈ, હરિલાલ પ્રેમજીભાઈ, ટપુલાલ કાનજી, રતિલાલ હંસરાજ, રતિલાલ લાલજી, અમરશી હંસરાજ, પટેલ ચન્દ્રકાન્તભાઈ, છગનલાલ મૂળજી, શ્રીહરિ શરણાગતિ મંડળ સમસ્તને ભગવાન સુખી રાખો. તમારો પત્ર ૦૫-૦૭-૮૨નો સોમવારનો આવેલો, ફિકરવાળો વાંચેલો. **ભગવાનનું કામ ભક્ત કરે, ન કરે તો ભગવાન તો સમર્થ છે, અટકવા નહીં દીયે. ફૂલવાડી ફૂલે છે, કામ થાય છે, જેટલા સેવશે**

તેને અખૂટ છે. ભગવાન સેવકોને યોગમાં રાખશે, પુરૂં કરશે, ધીરે ધીરે થાશે. ટપુલાલ રૂબરૂ મળી ગયા છે, બધું બધાને ન સદે, તેની મૂંઝવણ કરવાની નથી, બળવાળા છો, પત્ર થોડા લખવામાં માભો સંચવાય છે. શરણાગતિ ફૂલવાડી મંડળ પરદેશી મંડળ બધાં જોરમાં છે, ભગવાન આશીર્વાદ આપે છે, સારાવાના થાશે. એ જ. **ફૂલવાડી ફૂલાવવી, અન્તે જય છે, અમારે કાંઈ જોઈતું નથી, ફૂલવાડીને આપજો.**

હંસરાજનો કાગળ છે, જવાબમાં - **ફૂલવાડી સેવો, પ્રત્યક્ષને ભજો, સુખી થાઓ.**

રતિલાલ લાલજી, વ્રજલાલ લાલજીનો કાગળ છે, સુખી હો, અમારે કાંઈ જોઈતું નથી, ફૂલવાડી સેવો સુખી રહો, બધાને આશીર્વાદ, જય સ્વામિનારાયણ સુખી રહો. ભગવાનનું ધાર્યું થાશે, ધીરજ રાખીને ફૂલવાડી સેવવી.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૫૨ **તારીખ : ૦૯-૦૧-૧૯૮૩**

સેવક ગોવિંદજી ભગત, સુખી રહો. સાજા નરવા રહો. બે કાગળો મળ્યા. કમાઓ, **ફૂલવાડી સેવો, સન્તદશામાં વરતો, તે ઉત્તમ છે.** ભગવાન ભજો. ત્યાં રહો. પૂજા પાઠ કરો. દેશમાં આવવાનું ન કરવું. કામકાજ મળતા રહેશે. ગુરૂભાઈઓ મળતા રહેશે. **સાચું કુટુમ્બ શ્રીહરિ શરણાગતિ મંડળ છે. પ્રગટ ભગવાન માવતર છે, ભજવા.** આનન્દે રહો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. ભક્તિ કરજો. સાથે હોય તે બધાને જય સ્વામિનારાયણ કહેજો. **વિશ્વંભર તમારી રક્ષા કરો.** બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા

•❀•❀•❀•

પત્ર નં.-૩૫૩ તારીખ : ૦૭-૦૭-૮૩

ભેંસદડવાળા -

સેવક કાન્તિલાલ રણછોડ ભીમજી ચોટલીયા તથા નારણ ભગત તથા વેલજી ભગત તથા ભગવાનજી ભગત તથા મોહન ભગત પૂજારી તથા મોહન ભગત તથા શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તજનોની ચઢતી કળા રહો. સુખી રહો. કમાઓ, ભક્તિ કરતા રહો, સાજા નરવા હો - **વધારે સત્સંગ કરવો, માવતરને કુટુમ્બને સુખી રાખવું.** પરદેશ છે તો ત્યાં મુંઝાવું નહિં. ભગવાનને સાથે દિલમાં રાખવા તે સ્વદેશ જ કહેવાય, ધીરજ રાખવી, પળે તેટલું પાળવું, શરીર સાચવવું તમો સુખી છો તેથી આનન્દ, ફૂલવાડી વાડીમાં પહેલે માળે થાંભલા ઊભા થઈ રહ્યાં છે, એવા સમાચાર છે. કામકાજ મળશે, ફૂલવાડીને ફૂલાવજો, રીયાધવાળાને જય સ્વામિનારાયણ - આશીર્વાદ કહેવરાવવા, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. **ગ્રન્થ વાંચવા, કંઠે કરવા જેવું કંઠે કરવું પરચા પ્રગટના લખવા, વાંચવા. શ્રવણ, મનન, નિદિધ્યાયસન કરવો. અન્તરમાં પ્રગટને જોતા રહેવા. માનસી પૂજા કરવી. એ જ. આખા ઘરની વૃત્તિ પ્રગટ ભગવાનમાં વળે એવા આશીર્વાદ આપીએ છીએ. રાત્રે ભજન કરતા સંભારતા સુવું, દર્શન થાશે.** બન્ને પત્ર મળ્યા છે. શ્રીહરિ શરણાગતિ મંડળ રીયાધ ભેગા થાય ત્યારે જય સ્વામિનારાયણ કહેવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાવી.

-કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા

•❀•❀•❀•

પત્ર નં.-૩૫૪ **તારીખ : ૧૮-૧૦-૧૯૮૩**

સેવક કોમળ ભક્તાત્મા ડો. કે. એમ. ખોલિયા સાહેબ, જીવન સુખે ગાળો. ઉદ્યમ કરતા રહો, પ્રભુ દ્વારા ભાગ્ય ફળે અને વૃદ્ધિ પામે છે,

શરણાગતિ આત્મામાં અનુભવો છો, જેથી વધારે અભ્યુદય પ્રગતિ થશે. આશીર્વાદ સારા ફળશે, ભગવાન નજર રાખશે, ઈષ્ટ બાબત પૂરી કરશે, ચઢતા જીવનને અનુરૂપ સામગ્રી આપશે, અભ્યાસ યોગ્યતાને અનુસાર ફળમાં સન્તોષ-શાન્તિ વધારે અમી ઓડકાર આપશે. આસ્તિકતા સ્નેહ દ્વારા વધારે ભક્તિ વિષય પ્રભુને કરતા રહેવા, અનુભવ યથાવશ્યક લાંબા સમય લેવો, જે કાંઈ અસ્થિરતા જણાય તે જેટલી ગરીબોની સેવા મળે તે કરતા રહેજો. આપે શહેરમાં સ્વતંત્ર કામ રોગનિદાન પૂરતું દવાઓ લખી દેવા પૂરતું કરવું તો તેમાં કદાચ પ્રભુ ભળશે, ઘણા સારાવાનાં દેખાશે. નકામો સંસાર છે, પણ તેમાં સકામપણું તે કંસાર છે, ઓડકાર પૂરતો ઉપયુક્ત કરવો, આપત્કાળ આવે, સ્વગતિ વિપરીત અથવા બાહેરગતિ કાંઈપણ થઈ આવે તે પોતે સ્વશિક્ષણમાં ઉમેરીને પ્રભુપદે અર્પણ કરવું. દાખલા તરીકે, 'જેમ તમોએ પત્ર સન્ત શરણે પાઠવ્યો' ભાર હળવો કર્યો. સન્તમાં વિશેષપાત્ર પ્રમાણે ઉપાસ્ય, આરાધ્ય, ધ્યેય, શરણ્ય પ્રભુનો વસવાટ નિશ્ચિત હોય જ છે, તેમાં સાંજે સવારે સ્વકર્તવ્ય અર્પી આગળને માટે નજર રાખવા આરાધના કરવી જ. સારૂં કાર્ય, સંયમ, પ્રભુ નિશ્ચય, સેવા વૃતિ તેનું ફળ સદા માટે હોતા રહો. એવો આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૫૫ તારીખ : ૦૪-૦૧-૧૯૮૩

સેવક અમરશીભાઈ કુટુમ્બ સુખી રહો, શરીરે સાજા નરવા રહો. આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા.

શ્રીજી રક્ષા બાંધજો, સારૂં થાશે, ઔષધ લેતું રહેવું, નબળાઈ મટી જાય. તમામને ચાલીસ વર્ષ પછી નબળાઈ ઓછી વધારે થાય છે માટે પુષ્ટિની દેશી દવા ઉપયોગ લેવી, સારૂં રહે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

શ્રીજી રક્ષા ૧ ગળે, શ્રીજી રક્ષા ૨ પથારીમાં સાથે રાખવી, કોઈનું કરી મૂકેલ હશે તો તે વયૂં જાશે, સાવ સારૂં થઈ જાશે, જેવી તબીયત તે પ્રમાણે રાજી રહેવું, થોડું કામ કરવું, શક્તિ એવી ભક્તિ.

જય સ્વામિનારાયણ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૫૬ **તારીખ : ૦૯-૦૧-૧૯૮૩**

સેવકો ટપુલાલભાઈ, અમરશીભાઈ, રતિલાલભાઈ, નારણભાઈ, બે હરિલાલભાઈ, વેલજી ભગવાનજીભાઈ, બેહરીન, મસ્કત બધાને આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા. સુખી રહો, કમાઓ, શ્રેયઃ કરો છો, વાપરો, ફૂલવાડી સેવો છો, સેવજો, કુટુમ્બ પરિવાર સુખી રહો. ચાવડા બધા સુખી છે, ભક્તિ કરે છે. કમાવાનાં સારા ટાણાં છે, પરદેશમાં મૂંઝાવું નહિં, ભજન કરવું. **ઉત્સવ કરજો, ભજન કરજો, શ્રીહરિ શરણાગતિ મંડળ બધૂં સુખી છે, વધારે સુખી હો.**

ભગવાન તે ભગવાન, ભગવાનને ભાગ ત્યાગનો માગ નથી. પરચા ગાવા, પ્રત્યક્ષ મૂર્તિ હૃદયમાં જોવી, સારાવાનાં હો. ખૂબ જ ચાવડા ભક્તોને તેમાં તમોને સારૂં છે, સારૂં ટાણું મળ્યું છે, રાજી કર્યા. **સૂર્ય, ચન્દ્ર, અગ્નિ સન્તનો સેવીનો તેજસ્વી થયા છે.** ખૂબ આનન્દ કરો, જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

•❀•❀•❀•

પત્ર નં.-૩૫૭ તારીખ : ૦૯-૦૧-૧૯૮૩

સેવક વિસરામભાઈ ધનજીભાઈ તથા **શ્રીહરિ શરણાગતિ મંડળ બધાને પ્રગટ ભગવાન સુખી રાખો. ભગવાન ધામમાં બેઠા છે, ઈશ્વરો ભેગા બેઠા છે, સૃષ્ટિમાં બેઠા છે, જીવમાં બેઠા છે, સંભારવા ભક્તિ કરવી, આનંદમાં રહેવું.**

તમો દેશમાં આવવાના હતા એમ ખબર મળ્યા હતા. બધા સુખી છે, દેશમાં આનન્દમાં છે. **ભક્તિ ખૂબ જ કરવી,** કમાઓ, વાપરો, કુટુમ્બ સેવો, ફૂલવાડી સેવજો, આનન્દ મેળવો, ભજન કરો, સાજા નરવા રહો, કામ ધંધા મળતા રહો, આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચવા.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, ફૂલવાડી સેવજો. બધા મંડળને મળો ત્યારે જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૩૫૮ **તારીખ : ૧૦-૦૧-૧૯૮૩**

સેવક શાંતિલાલ પૂંજાભાઈ સુખી રહો, આનંદથી રહો, ભજન કીર્તન, પ્રગટ ચિંતન કરો, કામકાજ મળશે. રાજી છીએ સેવા કરો છો, વિશ્વંભર રાજી છે, સારાવાના કરશે, નજર રાખીએ છીએ, સાજા નરવા રહો, બધા તે ઘરે સુખી છે. હૃદયમાં ધ્યાનમાં મૂર્તિ જોવી, જેને કાંઈ નથી જોઈતું, ભગવાન લેખે જ છે, તેને ભગવાન બધું આપે છે, આનંદી રહેવું. શ્રીહરિ શરણાગતિ મંડળ ભેગુજ આવેલ છે, એકાન્તિક છે, ધામમાં હોય તેમ સુખ માણે છે, બ્રહ્મરૂપે વર્તે છે, સેવે છે.

પ્રત્યક્ષ ભગવાન બ્રહ્માંડમાં પ્રસિધ્ધ છે. અવતારોએ તમામ ભક્તોને પાત્ર પ્રમાણે લાડ લડાવ્યાં છે, નકલી ભક્તો છેતરવા તૈયાર રહે છે, હથેલીમાં બધું દેખનારા ભગવાન છેત્રાતાં નથી, પ્રેમદોરીએ બંધાય છે, ભક્તિ વડે ભેગા છે, ખોટા દેખાવવાળાને ઝાંઝવાના પાણી જેવા પણ થાય, જે જીવ છેતરે તે પોતે છેતરાય, લોભમાં છે તેને લોભિયાં લૂંટે, સ્વાર્થીને આશા ડાકણ ખાઈ જાય, ધક્કો લાગે ત્યારે રોવે, પાપી અશુદ્ધ ધન કામનારને પહેલા હોય તેવોને તેવો છેવટે કરી મેલે છે, ભગવાન અર્થે વાપરનારને અનન્તગણું મળે છે, પહેલા જે કામ કરવાનું છે તે કરો છો, બહું જ સારું

થાય છે, સારૂં કરો, ભગવાન મળશે, મળ્યા છે. તમોએ કાગળમાં ભક્તને ઘટે તે પ્રમાણે ખૂબ જ ભાવથી લખ્યું છે, માટે તે પ્રમાણે તમારો વિજય જ છે. લીલા ગાવી સાંભળવી, બહુ જ મહિમા સમઝણ લખો છો. રામજી ભગત, જયન્તિલાલ, રામજીભાઈ, આબુધાબીવાળા ભક્તો વિગેરેને આશીર્વાદ, જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

-કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૫૯ **તારીખ : ૦૫-૦૨-૧૯૮૩**

સેવક ભગવાનજી રાજા જાવિયા, વ્હાલા સેવક સુખી રહો, ઘેર બધા સુખી છે, ડ્રાફ્ટ ૧૦૦૦નો મળ્યો, વ્યવસ્થા કરી દીધી છે. **કુંજ સેવે છે, પ્રભુને ભક્તની ચિન્તા હોય જ.** સુખી સાજા નરવા રહો, વીજા લાગી જાઓ. હ. ક. બધાનું ધ્યાન છે. ભગત ફોટાની કાળજી રાખીને કામ કરશે, દર્શન થાય છે. જય સ્વામિનારાયણ. હે. ભગતનો કાગળ આ સાથે છે.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૬૦ **તારીખ : ૦૮-૦૨-૧૯૮૩**

સેવકો હરિલાલ વેલજી, ટપુલાલ ભગત, રતિલાલ ભગત, રતિલાલ લાલજી, છગનલાલ અમરશી, વેલજી મનજી, હરિલાલ પ્રેમજી, ચન્દ્રકાન્ત પટેલ, ધરમશી કુકડીયા શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો, ચઢતી કળા હો, સાજાનરવા રહો. **ભગવાનનો સંકલ્પ આશીર્વાદ જોરદાર છે માટે કોઈને આંચ નહિં આવે, વધશો લાખોપતિ હો. ભગવાનને વિશ્વંભરને તૃપ્તિ છે, પ્રાસાદ મહેલ ફૂલવાડી ગગનમાં સંદેશા મોકલે છે,**

ભક્તોને માટે ધામમાં તેવા પ્રાસાદ દેવા નક્કી કર્યા છે, આનન્દ કરો, રક્ષા કરનારા જબરા છે.

૬૦૦૦૦ વાળો ઈન્કાર કરતો હોય તો પડ્યું મૂકવું, સુખે રહેવાય, એક મહીનો કે બે મહિના ભિખારી લેખે ગણી કાઢવા, શિક્ષણ મળ્યું, માટે આગળ ઉપર ધ્યાન રાખવું, **પરદેશ આપણને દબાવી ન દે એવું સાવચેત રહેવું, દેશમાં પગ પહોળા કરાય, પરદેશમાં વિસ્તાર કરવામાં સાવચેત રહેવું.** (પગલા ન ભરવાં) પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

વિશ્વંભરને પોતાને હવે કાંઈ સેવા આવશ્યક જરૂરત નથી, તૃપ્તિ છે. ફૂલવાડીને ૧૦૦ બાળકો છે, વધારે છે, બધાની માતા ફૂલવાડી છે, તેને શાક રોટલો છોકરાઓ આપશે, તેમાં ખુશીથી જીવશે.

ભગવાનનાં આશીર્વાદ જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૬૧ **તારીખ : ૧૮-૦૨-૧૯૮૩**

સેવક શાન્તિલાલ કેશવજી બગીચાવાળા તથા રામજી જેઠા, મોહન ભગત, કુંવરજી ભગત, શાંતિલાલ પૂંજાભાઈ, કાન્તિલાલ ડાયાભાઈ, છગન માવજીભાઈ તથા દરબાર તથા ખીમજી રવજી, મનસુખ હંસરાજ, જગદીશ આદિ શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો, ભક્તિ કરો. જયન્તિલાલ કચ્છી તા. ૧૫,૧૬ના આહીં હતા. શાન્તિલાલ બગીચાના ૧૨૫ સેવાના આવ્યા છે, મળ્યા, રાજી છીએ. **તમારા હૃદયમાં ભગવાન કાયમ વસ્યા છે. તમારા કુટુમ્બો સુખી છે, ભગવાને જોઈએ તે આપ્યું છે, સુખી રહેવું.**

ચરણ તથા મૂર્તિ પધરાવશો તો સમાજવાળાનું દીલ પાવન થાશે, સારા સંસ્કાર થાશે - પાપીને ઉધ્ધારતા આવ્યા છે, ઉધ્ધારશે. ગોવિંદજી ભગત દર્શને આવી ગયા છે, તેમને ત્યાંનું પદ સોંપ્યું છે, સુખી થાશે. લાભુને લખશું.

ત્યાં બધાને જય સ્વામિનારાયણ કહેજો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૬૨ તારીખ : ૦૫-૦૩-૧૯૮૩

શનિવાર

હેતસ્વી કૃપાપાત્ર વ્હાલા સેવકો, બેહરીન -

હરિલાલ વેલજી પટેલ, ટપુલાલ કાનજી, બંને રતિલાલ, અમરશી, છગનલાલ, વેલજી મનજી, હરિલાલ પ્રેમજી, ધરમશી કુકડીયા તથા ચંદ્રકાંતભાઈ પટેલ શ્રીહરિ શરણાગતિ મંડળ બેહરીનની ચઢતી કળા હો, સુખી હો. તા. ૨૮-૨-૮૩નો પત્ર તા. ૪-૩-૮૩નો મળ્યો. ભક્તોમાં બળ હોય છે જ, ભક્તિ વડે વધે. ફણીધરોને મોરલીનો અવાજ ખુશીયાલી પૂરતોં જ હોય છે. અમારે સેવા બાબત બંધ છે, જરૂરત નથી, ત્રણ વર્ષથી આ સંપૂર્ણ કરેલ છે. ફૂલવાડીને સેવવી અને આનંદ લેવો. શાસ્ત્રીજીએ દ્રષ્ટિ આપેલી ફૂલવાડી શાસ્ત્રીજીનાં શ્રીહરિ શરણાગતિ મંડળ ફણીધરોની છે. ડેંડા, સાંપોલીયા, ખજૂરા, આંધળી સાંકળ, ભોફીણડા, નોળીયા, જાંજરાં, કરચલા, કાકીડાઓની પણ છે. જેવી શક્તિ તેવી ભક્તિ. ખેતવાડીમાં બધાને રહેઠાણ, સેવા, જળપાન, ભોણ, તરડ, પોલ, આશરો મળે. ફણીધર હોય તો પ્રભાવ પડે, મણિધર સેવશે, આપશે, ફાલવશે. બીજા શક્તિ પ્રમાણે ચાં ચી હૂં હૂં હા હા હેં હેં કરશે તે પણ સહાયક તો ગણાય જ, સૈન્યમાં બધા ખાતા હોય, બધાને ઈનામ પ્રોત્સાહન અપાય. સુખી રહો, કમાઓ, વાપરો, ભજો, પરલોકમાં ધામમાં સુખી થવાય તેમ કરો. ભગવાન વિશ્વંભર દયાળુ બધાને રક્ષામાં રાખશે. આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચવા.

પ્રગટ ભગવાનને સૂર્ય ચંદ્ર જેવી આંખ્યો છે, બધે બધૂં દેખે છે, દિશાઓ ગગન જેવા કાન છે,બધે સાંભળે છે, વિશ્વંભરના ઉદરમાં વિશ્વ

રહ્યું છે, મહાતેજ જેવો દિવો દિલમાં છે, બધે અજવાળું કરે છે, ફૂલવાડીના અજવાળામાં ભળશે તેને બ્રહ્મલોકના બંગલાઓમાં બગીચાઓ સાથે અજવાળાં, અમૃત ભોજન, આનંદ લ્હેરોના ઓડકાર મળશે જ. આંહી લેશે તેને ત્યાં દેશે, દીધું જ છે, વાપરતા આવડવું જોઈએ.ખર્ચ જોઈતો નથી, તૃપ્તિ છે. બે શિક્ષાપત્રી સોમવારે બુક રજીસ્ટર્ડ પોષ્ટથી રવાના કરશું.

ચરણોમાં બધું સોંપ્યું છે, માટે ખૂબ ઉમંગ છે, ૩૬૫ દિવસોની સેવાઓ થઈ ગઈ છે, વધારે દિવસો નથી, એટલે અધૂરી સેવા નથી. તબીયત ઘણી સારી છે, વૃદ્ધપણાને અનુસારે ઘણું સારૂં છે, શરીરના નોકરો રિસાણા નથી, કામ કરે છે.

બળતરા, ઉપાધિ, ચિંતા સંસારી માયાના ધર્મો છે, તેને અશુભ દેશકાળ ટેકો આપે, શુભ દેશકાળ શાન્તિ આપે. જ્યાં ભગવાનની મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય છે તે શુભ દેશકાળ છે, આત્મામાં ભગવાન છે તે શુભ દેશકાળ છે, શાન્તિ આપતા રહો.

રોલ મોકલાવજો, સ્ટુડીયાવાળાને હાથે ૨૪ અવતારોનો ફોટો ફીલ્મરૂપે લેવરાવશું અને મોકલાવશું - તે કામ કરવું જરૂરી છે. રાજીપો ખૂબ જ છે, અધૂરો નથી, પણ ભક્તને કાયમ રાજીપો ઈચ્છવાનો ધર્મ છે. શ્રીહરિ શરણાગતિ મંડળનો ચાલુ દસકો ઘણો ઉત્તમ છે, પછી ફેરફાર પણ થાય. દેશમાં પૂના, કાંદીવલી, મુંબઈ, સુરત, થાણા, વંથલી, ચાવડા, રામપર, પાડાબેકડ, કચ્છ, સૌરાષ્ટ્ર વિગેરે સ્થળે પત્ર લખતા રહિએ છીએ, નજર રાખીએ છીએ, ફૂંજની માફક સેવીએ છીએ, ભૂલ હોય તે માફી કરીએ છીએ.

પહેલા જમાનામાં મુમુક્ષુઓ ભગવાનને ખોળતા, અત્યારે ભગવાન મુમુક્ષુઓને ખોળે છે. આત્મનિવેદી, એકાન્તિક, બ્રહ્મવૃતિવાળાને સ્થિતિ પ્રમાણે નિર્વિકલ્પ સમાધિનો લાભ મળે છે. જેવી સ્થિતિ તેવો લાભ, આશા બધાને અતિશય પણ સ્થિતિ પ્રમાણે ફળે. સુદામાને સોનાના મહેલ મળ્યા, ગોપીઓને ગોલોક મળ્યું, કુબ્જાને સોઢચ મળી, ઉદ્ધવ અકુરને શાન્તિ

મળી, બીજાને સ્થિતિ પ્રમાણે વાહવાહ મળ્યું. પોતાને તો વનવાસ જ, એકલા ફક્કડને ઘરે પણ વનવાસ ગણાય, જીવન આખુ વનવાસમાં. માટે કર્તા હર્તા અન્તરાત્મા લખે છે, તે આજ્ઞા, ઉપાસના, ભક્તિ, સત્કર્મ, પુણ્ય, નિર્ગુણક્રિયામાં અપનાવવા.

બધાને જય સ્વામિનારાયણ કહેવા, આશીર્વાદો બલૂન ભરી ભરીને મોકલીએ છીએ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૩૬૩ **તારીખ : ૦૭-૦૩-૧૯૮૩**

વ્હાલા સેવકો - દેવજી કાનજી, રામલાલ ટપુલાલ, છગનલાલ માવજી, ખીમજી રવજી, મોહન કરશન, કુંવરજી મેપા, રામજી જેઠા, શાંતિલાલ પૂંજા, દામજી કેશવજી, રવજી ગોપાલ, મનસુખ હંસરાજ, પરષોતમ, નરસી અમરશી, ખીમજી રવજી, વ્રજલાલ લાલજી, પ્રાગજી ડાયાભાઈ, માવજી લખમણભાઈ, આંબાલાલ ડાયાભાઈ, કાન્તિલાલ બાબુભાઈ, દયાળજી લાલજી, નાનજી લક્ષ્મણ, પ્રવીણ લખમણ, ધીરજલાલ લાલજી, ઓધવજી ટપુ, મધુ ધનજી, તૂલસી મૂળજી, વીરજી ડાયા, નાનજી મેપા, દીનેશ ધનજીભાઈ તથા આસપાસના **તમામ સેવકોને પ્રગટ શ્રીહરિના અનેક આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચવા** - બધાને નામે તા. ૦૪-૦૩-૮૩નો લેટર રવાના કરેલ છે. દેવજી કાનજીના શિરનામે કરેલ છે, કદાચ આજે મળશે, આ લેટર ફરીથી ગુલાબ પાંખડી મોકલવા રવાનાં કરેલ છે. હસમુખ ગોપાલ, રવજી ગોપાલના ભાઈ આજે પાલસણાથી જૂનાગઢ દર્શને આવ્યા છે. **બીજા ભક્તો દેશમાં આવે છે, દેશમાંથી પરદેશમાં જાય છે, ભગવાનની દયા છે - લોઢાનાં બેલીમાંથી સોનાની લગડીયું કરી**

દીધી છે. સારો યુગ છે, પ્રગટનું બળ રાખવું, માયા જોરદાર છે, અહંમમતા વધારે - સ્ત્રી, પુત્ર, પતિ, ધન, ભવન, પ્લોટ, પટારા, એ બધા અહંમમતા વધારનારા છે. તેમાં હેત હોય તો તેને માટે કમાવાય, સુખ દુઃખ વેઠાય. ભગવાનને સાધુમાં જેવું હેત, મા-બાપમાં જેવું હેત, પુત્ર પરીવારમાં જેવું હેત, સ્ત્રીમાં જેવું હેત, પોતાના શરીરમાં તેથી વધારે હેત કરવું. ભગવાન સર્વ વિશ્વપતિ પાલન કરનારા છે. બધા મળો ત્યારે જય સ્વામિનારાયણ કહેવા. ગોવિંદ, દામજી, કાનજી, પોપટલાલ, જયન્તિલાલ વાઢેર, કચ્છી વીસરામ, ભગવાનજી રાજા આઈસલેન્ડ, ધીરજલાલ વિગેરે ઘણા છે, બધાને જય સ્વામિનારાયણ કહેવા. કમાઓ વાપરો, લાખપતિને જોઈને આનંદ. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૩૬૪ **તારીખ : ૨૧-૦૩-૧૯૮૩**

સેવક મનસુખ હંસરાજ, રામજી રાઠોડ, સુખી રહો, બધા સુખી રહો. ચાવડાથી વીશેક નામ અધિક પુરુષોત્તમ મહીનામાં ગોપી વર્ગે પૂજા કરી તે સેવા હંસરાજ વાટે શાન્તિલાલે જૂનાગઢ આપી છે, તેમને આશીર્વાદ લખ્યા છે. તમોએ ૧૦૦૦ ડ્રાફ મોકલ્યો, તે મળ્યો, રાજી છીએ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. ચાવડા, વંથળી બધા આનન્દમાં છે, પૂનાવાળા સુખી છે. શ્રીહરિ શરણાગતિ મંડળ બધાને જય સ્વામિનારાયણ કહેવા.

શ્રીહરિ શરણાગતિ મંડળોએ કરી બતાવ્યું જે - અમારા ભગવાન માટે તન, મન, ધન, પરીવાર બધું કૂરબાન છે. કુંકાવાવમાં ૧૫૦ નવા સત્સંગી ઘરો થયા છે, સવારે સાંજે ધૂન ભજન કાયમ ચાલૂ જ છે. ફૂલવાડી ખીલતી જાય છે, મંદિર ભવ્ય થાશે, ડંકો વાગે છે. ધન્ય છે સેવકો અને માવતરોને બધાને ધામમાં ભેગા રાખવા છે. બધાને લાખોપતી થાઓ. હેતના આશીર્વાદ.

બધા પત્રો મળ્યા છે, શાન્તિલાલ બગીચા, કાન્તિલાલ બગીચા વિગેરેને જય સ્વામિનારાયણ.

શાન્તિલાલ બગીચાનું કવર મળ્યું, પત્ર મળ્યો, જવાબ હવાઈ પત્ર આજે મોકલ્યો છે.

- કૃ.વ.આ.



પત્ર નં.-૩૬૫ **તારીખ : ૩૦-૦૬-૧૯૮૩**

કૃપાપાત્ર સેવક ભગવાનજીભાઈ રાજાભાઈ, ક., હરિકૃષ્ણ વિગેરે કુટુમ્બ સુખી છે, નજર રાખીએ છીએ, તમો આનન્દમાં રહો, શુભ સંકલ્પો પૂરા હો, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રાણપતિના આશીર્વાદ. પ્રગટનો રાજીપો ઘણો લીધો છે સંભારવા, ગુલાબ પાંખડી એક જ ફૂલ છે તે આમાં મોકલ્યું છે, ખાજો. બ્રહ્માંડોમાં પ્રગટનું કર્યુ થાય છે, તમો બધા શ્રીહરિ શરણાગતિ મંડળ જામવંથળીમાં ફૂલવાડીમાં મંદિર સારૂં બનાવો છો, ધામમાં તેવા મંદિરો રહેવા માટે બધા સેવકોને પ્રગટ ભગવાન આપશે, પ્રગટ ભગવાન અને પ્રગટના સન્તની સેવા હજારોગણું પુણ્ય આપનારી થાય છે, રાજી છીએ.

ફૂલવાડી, જન્મસ્થાન - જયન્તીલાલ કચ્છી, સાઉદીયા વેલજી ભગત, બેહરીન, લંડન ઓર્ડર ફૂલવાડી ખાતે ૪ સેવા કરો છો જેથી ભગવાનમય થઈ ગયા છો. પોતાનું તે ભગવાનનું અને ભગવાનનું તે પોતાનું - એકમેક ઓળખાણ, સેવા, ધગશ આ બધૂં અતિ ઉત્તમ સુખનું સાધન છે. હૃદયમાં, આત્મામાં, શાન્તિ કાયમ મુક્તસ્થિતિની વરતશે. હવે તો અંતર્યામી મૂર્તિને સુખે સુખિયા રહેવું, ક. હ. ને બધાં ભગવાનમય છે.

હિરજી પેથાને ફૂલવાડી માટે મોટુ મંડળ, લાઉડસ્પીકર, ૫૦ સ્ટીલ થાળીઓ, ૫૦ વાટકાઓ - તે દાન મહાદાન, પ્રગટને માટે દાન, પ્રગટના ભજનારા માટે દાન, અતિ અનન્તગણું ફળશે,સારૂં કરો છો, પત્ર વાંચી બહુ જ રાજી થયા.

પરદેશમાં ઘણે સ્થળે હવે મૂંઝાવા માંડ્યા છે, ભગવાનની મરજી. વિશ્વંભરને સિધ્ધિયું સેવે છે, કામ બધાં લક્ષ્મીજીઓ કરે છે, વિષ્ણુઓ બધા સોનું રૂપું વરસાવે છે, પ્રગટ પ્રભુ કુંજ પક્ષીની પેઠે સેવે છે, મરીને જેને પામવા છે, તે છતે દેહે સત્સંગમાં મળ્યા છે, કોઈ કાંઈ ખામી નથી, સારાવાના છે. આશીર્વાદો - કળા વધતી જાઓ, ભક્તિ સેવાઓ થતી જાઓ, ડંકો વગાડો. એ જ. આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

શરણાગતિ મંડળ જે મળે તેને રાજીપો આશીર્વાદ જય સ્વામિનારાયણ કહેવા. ૫ જૂના, ૫ નવા તથા વધારે હોય તેને પણ સંભારવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૬૬ **તારીખ : ૦૩-૦૭-૧૯૮૩**

સેવક શાન્તિલાલ પૂજાભાઈ, કુટુમ્બ સુખી હો. ત્રણ પત્રો મળ્યા, વાંચ્યા, ખૂબ લખો છો. **ભાવે ભજવા, પ્રત્યક્ષ સેવવા, આત્મનિવેદીપણુ મોક્ષનું, સુખનું, સમ્પતિઓનું સાધન છે, હેત વડે સંકલ્પ સિધ્ધિ થાય છે. ભક્તિ કરવી, સમય, દેશ, સમાગમ ક્રિયા વગેરે જેવા હોય તેવાને વધાવીને પ્રત્યક્ષને સેવવા. સેવા વડે સર્વે પુરૂષાર્થની સિદ્ધિ થાય છે.** વંથલી લી. વિગેરે આનન્દ મજામાં છે, ભગવાન ધ્યાન રાખે છે. તમારા ભાવ લખાણ પ્રમાણે ભગવાન સારાવાનાં કરશે. **ફૂલવાડી સેવો છો, બહુજ રાજી.** સાજાનરવા રહો, કમાઓ, અંગત સેવા મળે તેમ ભક્તિ કરો. આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચશો.

રામજી, જયન્તિલાલ, બીજા રામજી, શાન્તિલાલ કચ્છી, ગોવિંદજી ભગત, દેવજી ભગત, રમેશ ભગત સર્વે આદિક શ્રીહરિ શરણાગતિ મંડળને સદા આશીર્વાદ છે. અમારી તબીયત સારી છે.

પતિવ્રતાધર્મ, ભાગવતધર્મ, નિર્ગુણધર્મ વડે ધામમાં રહેવાય છે. ભગવાનને માટે વરણ સર્વસ્વ અર્પણવાળાને ચરણ સેવામાં રહેવાનું મળે છે. તમારી સેવાઓ ફૂલવાડીને મળી છે, મળતી જાય છે, થાંભલાઓ ઉભા થઈ રહ્યાં છે, એવા ખબર આવ્યા છે, **શરણાગતિ મંડળ બધાની રક્ષામાં રહીએ છીએ.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. બધાને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચવા.

તમોએ સેવા ઘણી કરી છે, કરો છો અને કરજો. બાકી કાંઈ સેવા સૂઝી આવે તે કરવી, શાન્તિ લેવી, ધામમાં સુખિયા થવાય ભગવાન મળે. કમ્પનીઓને કામકાજ મળતા રહો. તમોને મુખ્ય ઉપજ મળતી રહો. આનન્દથી વાપરો. આશીર્વાદ, દેશમાં વરસાદ ઘણાં છે, સોરઠમાં કાંઈક નુકસાન થયું છે. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૬૭ **તારીખ : ૦૩-૦૭-૧૯૮૩**

સેવક વિસરામ ભીમજીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ બધા ભક્તો સુખી રહો, ભક્તિ કરો, સાજા નરવા રહો. કાનજીભગત નરસિંહ ભગત વિગેરે સુખી રહો, કમાઓ, વાપરો, **કુટુમ્બને સેવો, ફૂલવાડી વધાવો, પ્રગટનું પૂજન વિગેરે કરતા રહેવું.** વિસરામભાઈ કાનજીભાઈ વિગેરેના પત્રો મળ્યાં છે, મળે ત્યારે આશીર્વાદ જય સ્વામિનારાયણ કહેશો.

પત્રો વાંચી આનન્દ સાથે બધાને આશીર્વાદો આપ્યા છે, સુખી રહો, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

દેશમાં વરસાદ ઘણાં છે - વધારે પાણી પડવાથી નુકસાન પણ સોરઠમાં છે, વવાય છે, સારાવાનાં છે, બધે બધા સુખી છે. કંપનીને કામ મળતા રહો, તમારા કામકાજ ચાલુ રહો, ભજન કરવું.

ચાતુર્માસમાં પાંચ મિનિટ ધ્યાન કરવાનો કે માનસીપૂજા કરવાનો નિયમ રાખવો. ભગવાન ભક્તોની સંભાળ રાખે છે. એ જ. આશીર્વાદ સાથે કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૬૮ **તારીખ : ૦૪-૦૭-૧૯૮૩**

સેવક મધુભાઈ ધનજીભાઈ તથા વીરજી ભગત તથા ઓધવજી ભગત, દયાળજી ભગત, નાનજી ભગત, પ્રવીણ ભગત, ધીરજલાલ ભગત, દિનેશ ભગત તથા દાસાઈલેન્ડ, આબુધાબીમાં શ્રીહરિ શરણાગતિ મંડળ ભગવાનજી રાજા વિગેરે જે જે ભક્તો હોય તેમને જય સ્વામિનારાયણ કહેવા. સુખી રહો, દેશમાં વરસાદ સારા છે, વધારે વરસાદ હોય ત્યાં કાંઈક નુકશાન છે. વંથળી, માણાવદર, કુતીયાણા, શાપુર, ઘેડ સોરઠમાં ઓજત - ભાદર વિગેરેના પાણી છલકાણા તેથી નાના ગામડાને નુકશાન છે, વાવણા વવાઈ છે, વરસાદ પણ હજુ આછો પાતળો વરસે છે. **તીર્થમાં સારાવાનાં છે, તમારી રક્ષા પ્રગટ ભગવાન કરે છે.** પગારમાંથી ઈન્ડિયાના બે ધોતીયાનાં મોકલાવ્યા, ૨૮૦ મળી મળીને જે સાત ભક્તોની સેવા આવી, ઘણા રાજી છીએ. **વિશ્વંભર બધા વડે લ્હેરમાં છે. ભક્તોને વિશ્વંભરનો કેફ ખૂબ જ છે.** કમાઓ, સુખી હો, વાપરો, સાજા નરવા રહો, બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચશો. શરણાગતિ મંડળ સુખી હો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

અમારી તબીયત ઘણી સારી છે, તમો બધા આનન્દમાં રહો, ફૂલવાડીમાં થાંભલા ઉભા થાય છે એમ ખબર છે, ભારે કામ થાય છે, જય સ્વામિનારાયણ. **અનાદિ શ્રીકૃષ્ણનારાયણને શ્રીશ્વેતાયન વ્યાસ ભગવાનને નમો નમઃ**

દિનેશ, ધનજી આનન્દમાં રહો, ભક્તિ કરો, કમાઓ, ભગવાન રક્ષા કરે છે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૬૯ **તારીખ : ૦૬-૦૭-૧૯૮૩**

સેવક જયન્તીલાલ દેવસી બામણોલીયા તથા રામજી ભગત, શાન્તિલાલ પૂંજા, રામજી કેશવજી રાઠોડ, શાન્તિલાલ ભગત, ગોવિંદજી વિપ્ર, ભગવાનજીભાઈ જીરાગઢ, રતિલાલભાઈ આદિક **શ્રીહરિ શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો, બધા ભક્તોની ચઢતી કળા હો,** કમાઓ, વાપરો, સેવો, સુખી હો, કુટુમ્બને રાજી રાખો. **દેશમાં બધા પ્રત્યક્ષ ભગવાનની મીઠી દ્રષ્ટિ વડે સુખી છે, વરસાદ ૫૦ ઈંચ લગભગ થયો છે, વાવણાં વવાય છે, નીચાણ પ્રદેશમાં નુકશાની થઈ છે, હરિભક્તોમાં કયાંઈ નુકશાની નથી, ભક્તોની રક્ષા ભગવાને કરેલ છે,** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, મળે જે જે તેને શ્રહરિ શરણાગતિ મંડળને આશીર્વાદો, જય સ્વામિનારાયણ કહેજો.

કચ્છમાં સારાવાનાં છે, જૂનાગઢ જિલ્લાનાં સમુદ્ર તરફ નિચાણવાળી જમીન ગામડાંઓમાં નદીઓના પાણી છલકાવાથી દાણા નીરણ વિગેરે નુકશાની થઈ છે. કયાંક ચારેતરફ પાણીના વાવેતર જમીન રસ્તાના પૂલ વિગેરેમાં ઢોર ઢાંખરમાં નુકશાની છાપાવાળાઓ છાપે છે. તેમને મદદ પણ મળી ગઈ છે, બધા આનન્દમાં છે. પોરબંદરમાં પાણી પેસી ગયાં હતાં તેથી ભોં તળેના રૂમોમાં, દુકાનોમાં, નુકશાની થઈ છે, પ્રજા બધી આનન્દમાં છે, ભગવાન કરે તે થાય.

અમારી તંદૂરસ્તી ઢીલી હોય ત્યારે પાંચભૂતની સૃષ્ટિમાં પણ ઢીલાપણું થાય, હવે અમારી તંદુરસ્તી ઘણી સારી છે. ભગવાન સાજા નરવા તેથી જગત, દેશ, માણસો સાજા નરવા જાણવા. પરદેશમાં ગયેલા

શ્રીહરિ શરણાગતિ ભક્તોના ઘરબારો બધા સુરક્ષિત છે, કુટુમ્બો બધા સાજા નરવા છે, ચીજ સામગ્રીઓ પણ સુરક્ષિત છે. લોકો આનન્દમાં છે, કયાંઈ નીંચાણના રસ્તા ધોવાઈ ગયા તે બધા દુરસ્ત થઈ ગયા છે, વ્યવહાર ચાલુ થયો છે. ભક્તિ કરો, ભજો, સેવો, ઉદારતા રાખો, ભગવાનને ભેગા રાખો, ફૂલવાડી ફૂલાવો. ભક્તો સુખી હો - આશીર્વાદો સાથે બધાને જે મળે સેવકો તેમને જય સ્વામિનારાયણ કહેવા. ફૂલવાડીને ડ્રાફ વડે સેવો છો રાજી.

આકૂલ વ્યાકૂલ ન થવું, ધીરજ રાખવી, ભગવાન બધુ દેખે જાણે છે, રક્ષા કરે છે, ભગવાનતો સૃષ્ટિના પ્રવાહ ભેગા વરતે, સાજા માંદા થાય ત્યારે જગતને પણ સાજા માંદા થવાનું અનુભવાય, ધીરજ રાખવી.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૩૭૦ **તારીખ : ૦૮-૦૭-૧૯૮૩**

સેવક ગોવિંદજી નારાયણજીભાઈ, ટૂકડીયા શ્વેતાયનાચાર્ય, ભગવાનજી રાજા, રમેશ રામજી, રામજી ભગત, શાન્તિલાલ પૂંજા, હરિલાલ, છગનલાલ, કાન્તિલાલ, આદિ **શ્રીહરિ શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો.**

પ્રગટ ભગવાન સર્વેની જીવનદોરી છે. મંદવાડ નથી, સ્વાસ્થ્ય સારૂં છે, ઘરે બધા સુખી છે. મૂર્તિને ધ્યાન, ધારણાં, થાળ, પાણી, પૂજા પાઠ કરે છે. તમારા માતા-પિતા, કુટુમ્બ, બાળબચ્ચાનું કલ્યાણ થાશે. **લીલાચરિત્ર વાંચવા, સાંભળવા, સંભારવા, સંભારતા સુવું દર્શન થાશે. પરચા લખવા, મનન થયા કરે, ભગવાન ભજવા, મૂંઝાવું નહિં,** બધાએ ધીરજ રાખીને કમાવું, કંપનીને કામ મળશે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

ટુકડા ગોસામાં, ઘેડમાં વરસાદ સારો હતો, નુકશાની સંભળાણી નથી, આનંદમાં રહેવું, ભક્તિ કરવી, આશીર્વાદ જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૭૧ **તારીખ : ૨૯-૦૯-૧૯૮૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ વાંચશો. સેવકો હરિલાલ રામજી પરમાર ૧૦૦, ખીમજી રવજી સોલંકી ૫૦ (૧૫૦ મળ્યા), તથા છગન માવજી રાઠોડ તથા દેવજી કાનજી રાઠોડ, શાન્તિલાલ ડાયા બગીચાને પ્રગટ ભગવાન સુખી રાખો.

૧. કાલ માયા પાપ કર્મ શત્રુ યામ્ય કુહ્યદ્ ભયાત ।
શૂલ મીન ધ્વજ ધનુષ ચક્ર સ્વસ્તિકવાન્ અવ ॥

૨. અનાદિ શ્રીકૃષ્ણનારાયણઃ સ્વામી પતિશ્ચમે ॥

૩. શ્રીહરિઃ શરણં મમ ।

એ ત્રણ મન્ત્રો વાંચીને બોલીને ભગવું ગંજી પહેરજો, રામજી જેઠા હસ્તક પહેરજો. ૮૦ જન્મજયન્તી, શનિવાર આસો વદ ૮ અષ્ટમી, તા. ૨૯-૧૦-૮૩, એંસી ૮૦ જન્મજયંતિ ધામધૂમે કાનજીભાઈ તીર્થને ત્યાં ઉજવજો, ભૂલ્યો માફ.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. છગન માવજી, દેવજી કાનજી, શાન્તિલાલ હીરજી, રામજી જેઠા, શાન્તિલાલ કે બગીચા, કાનજી મૂળજી તીર્થ, કાન્તિલાલ ડાયા બગીચા, બધા સુખી હો.

દેશમાં વરસાદ સારા છે, અમારી તબીયત સારી છે, તમો સાજા નરવા રહો. શ્રીહરિ શરણાગતિ મંડળના જે ભક્તો મળે તેને જય સ્વામિનારાયણ કહેજો. આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા, કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૭૨ **તારીખ : ૦૧-૧૦-૧૯૮૩**

આત્મનિવેદી પ્રગટના બળવાળા સેવક હરિલાલ વેલજીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળના સાથે રહેતા સ. હરિલાલ પ્રેમજી તથા ચન્દ્રશંકરભાઈ તથા **નવા-જૂના તમામ સેવકોને તા. ૨૯-૧૦-૮૩ આસો વદ ૮ શનિવાર, નવા વર્ષ જન્મજયન્તી અમારા ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.** ભગવાન ભજો, કમાઓ, સારાવાના હો, સમૃદ્ધિવાળા હો, ખૂબ સુખી હો, દેશમાં બધાં સુખી છે, દેશકાળ સારા છે, **ભક્તિ કરજો, પ્રગટ ભગવાન રક્ષા કરો.** શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ વાંચજો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૩૭૩ **તારીખ : ૦૧-૧૦-૧૯૮૩**

આત્મનિવેદી એકાન્તિક પ્રગટના હરિભક્તો સેવકો, ટપુલાલભાઈ, રતિલાલભાઈ, અમરશીભાઈ, છગનલાલ મૂળજી રાજાભાઈ તથા સાથે રહેતા, મળતા, કામકાજ કરતા **શ્રીહરિ શરણાગતિ મંડળ પ્રગટ શ્રીહરિના ભક્તજનોને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં નવા વર્ષના તા. ૨૯-૯-૮૩ આસો વદ અષ્ટમી શનિવારે જન્મજયન્તીનાં ઘણાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.**

નવા વર્ષે વધારે લાભવાન, આરોગ્ય, સાજાનરવા, સમ્પત્તિવાળા હો, ભક્તિમાં વધો, ભગવાન તમારી સંભાળ રાખે, દેશમાં બધા સુખી છે, ત્યાં પણ સુખી હો, સારાવાના હો, વધારે ઉન્નતિ હો, સારો લાભ હો, બધાને આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. શ્રીહરિ તમારી રક્ષા કરો. નવું વર્ષ વધારે સમ્પતિવાળું હો.

નાના રતિલાલ, હરિલાલ પ્રેમજી, જયન્તીલાલ, અમરશી માધાપરવાળા તથા નવા ભક્તો મળે તેમને નવા વર્ષના જય સ્વામિનારાયણ કહેશો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.



પત્ર નં.-૩૭૪ **તારીખ : ૨૮-૧૧-૧૯૮૩**

પ્રગટ શ્રીહરિના આત્મનિવેદી શ્રીહરિ શરણાગતિ મંડળ શિષ્યો સેવકો - શાન્તિલાલ કે મકવાણા તથા આબુધાબી, દુબઈ, કુવેત શરણાગતિ મંડળ સેવકો - શાન્તિલાલ રામજી જેઠા, ભક્ત શ્વેતાયનાચાર્ય ગોવિંદજી, ભગવાનજી રામજી રા., જયન્તીલાલ કચ્છી, તીર્થ કાનજી ભગત, રવજી ગોપાલ (આજ અહીં છે, ડ્રાફ્ટ ૧૬૪૯) નો મળ્યો. **રાજી, રાજી, રાજી, રાજી ,રાજી ,રાજી, રાજી બધા ઉપર રાજી, લીસ્ટ નામવાર સેવા મળેલ છે, ખૂબ પ્રસન્ન છીએ** તથા રામજી કેશવજી, વશરામ ભીમજી, દેવજી કાનજી, છગન માવજી, ખીમજી રવજી, રમેશ રામજી, મનસુખ હંસરાજ, પ્રવીણ મોહન, રતિલાલ મોહન, કાન્તિલાલ ડાયા, લાલજી મોહન, લખમણશી તેજા સોરઠીયા, શાન્તિલાલ મોહન, કરશન પરસોતમ કચ્છ, ગોરધન ચકુ વેગડ, આદિ **ભકતો ઘણાં ઘણાં સુખી હો, નાણાં બંગલા પુત્ર પૌત્ર પરીવારવાળા હો, અનાદિ શ્રીકૃષ્ણનારાયણને હૃદયમાં ભેળા રાખો.** જય શ્રીકૃષ્ણનારાયણના ટ્રસ્ટીઓ મંદિર કરાવે છે.

ત્રણ દિવસ છૂટી જન્મજયન્તીમાં ભક્તમંડળ મળ્યા સત્સંગ કર્યો, પ્રસાદી, ભોજન, જળ, નિંદ્રામાં તમામને હૃદય ઉપરથી દિવ્યમૂર્તિ પ્રગટ પ્રભુ ચરણારવિંદ આપતા દર્શન દેતા ગયા, દંડવત કર્યા, સંભારજો, દિવ્ય સુખ મળતા રહેશે, ભેગા રાખવા છે, ભૂલચૂક માફ. ફૂલવાડીને સેવો છો નવા ભક્તો પણ લાલજી સાડા સાત કે વધારે, રતિલાલ મોહનના દસ, રામજી

વિગેરેએ પણ પૂરી સેવા કરી, તમામની નોંધ પણ આવે છે, જાણવામાં છે, **ખૂબ જ મંદિર થાય છે, સારૂં થાય છે, ભેગા રાખવા છે, ધામમાં ભેળા છે, અહીં ભેળા છો. તન, મન, ધન, ભાવ, શ્રદ્ધા, પરિવાર વડે સેવો છો, બધા પ્રગટ શ્રીહરિના ધામના બંગલામા નિજ મંદિરના અધિકારી છો. સન્ત છો, સન્તપતિ સાથે જ રહેશો, ભક્તપતિને રાજી કરતા રહેશો, રાજીપામાં બાકી નથી, વિશ્વંભર ભગવાન તૃપ્ત છે પણ ભક્તજનો સેવે છે તેથી વધારે રાજી છે.** એ જ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૭૫ **તારીખ : ૦૧-૦૧-૧૯૮૪**

શ્રીશ્વેતાયન હરિકૃષ્ણ શ્રીહરિ વ્યાસ ભગવાનના આશીર્વાદો, જય સ્વામિનારાયણ, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, **પ્રગટની જય બોલો !**

દાસાઈલેન્ડ સેવક પ્રાગજી ડાયા, ભગવાનજી ભગત, આંબાલાલ ભગત, માવજી ભગત, રતિલાલ હંસરાજ ભગત, દિનેશ બાબરીયા, કિશોર પરષોતમ, હસમુખ ભગત, શ્રીહરિ શરણાગતિ મંડળ આનંદમાં રહો, સાજા નરવા રહો, કમાઓ, વાપરો, સાંચવો, સેવો, ભગવાન સંભારો, રક્ષા કરતા રહેશું, વિઘ્ન ન આવે, કામ મળે, નાણાં ખૂબ મળે. અમારે કાંઈ કામકાજ નથી, બાળબચ્ચાનું ધ્યાન રાખશું, સારાવાનાં થતા રહેશે, કુટુમ્બને રાજી રાખશો, ભગવાન રાજી છે, **ભક્તો બધા મળો ત્યારે પ્રગટના ભજન કીર્તન કરવા, શ્રીહરિને પૂજવા, જમાડવા, આરતી કરવી, જીવમાં ભગવાન મૂર્તિમાન છે, આંખ પાસે મૂર્તિ તરી વળે તે અન્તઃ કરણમાં વસેલા દેખાય છે માટે ભેગા જ છે, વિશ્વંભરને સારા સેવકો છે તે સારો મોટો આનંદ છે.**

ભગવાનજી રાજા જાવીયા, આંબાલાલ ડાયા ટાંક, માવજી લખમણ મકવાણા, દીનેશ ધનજી બાબરીયા, હસમુખ બાબરીયા, કિશોર કેશવજી

જાવીયા, જયંતિલાલ હંસરાજ રાઠોડ, ખીમજી રવજી સોલંકી, પરસોતમ તૂલસી ટાંક, પ્રાગજી ડાયાભાઈ ચૌહાણ નવા જૂના સાથે રહેતા, સાથે કામ કરતા, સાથે અઠવાડીયે મળતા, દરેક સેવકોને આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

ફૂલવાડી લ્હેરમાં છે, શ્રીહરિ શરણાગતિ મંડળ લ્હેરમાં છે, સેવાઓ ખૂબ જ કરી છે, તે પ્રગટ ભગવાનનું બળ છે.

શરણાગતિ મંડળ ભેગા કે છૂટા છવાયા સુખી એટલે ભગવાન સુખી, ભગવાન રાજી એટલે સદા આનન્દ, તાંજળીયાની ભાજી જેટલું પણ અર્પણ, લાખોગણું માનનારા વિશ્વંભર ભગવાન બધેય જમે છે, આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા.

મા-બાપ, પત્ની, પુત્ર, પુત્રી, સગા સંબંધી જે ગણો, રોકડ સ્થાવર મિલકત જે ગણો, દેશ ગામ ઘર જે ગણો, દૂધ, દહીં, ઘી, સાકર, ગોળ, અન્ન, જળ, બાગ, બગીચા, ફલ, ફૂલ જે ગણો, આનંદ વિલાસ સુખ જે ગણો તે તમારૂં સર્વસ્વ ભાગ્ય પ્રગટ ભગવાન છે. ધ્યાન કરવું, ભજવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ

•❀•❀•❀•

પત્ર નં.-૩૭૬ **તારીખ : ૦૩-૦૧-૧૯૮૪**

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમઃ

સેવક - દયા તુલસી મનજી મકવાણા, ધર્મેશ, ભાવેશ શ્રીહરિ શરણાગતિ મંડળને આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા.

ઘણું અણઘટતુ થયું, ઘણું દુઃખ થયું, ભગવાન પણ કાગળો વાંચી વાંચીને રૂએ છે, પણ તૂલસીદાસ તૂલસી દેવતાની પેઠે પ્રગટ ભગવાનના ચરણમાં છે. ધર્મેશ, ભાવેશ પ્રગટ પ્રભુના હૃદયમાં છે, ઘણું જીવો, ભાગ્યશાળી જલ્દી મોટા થાઓ, માતૃશ્રીને ટેકા રૂપ છો, સુખી હો, શોક ધીરે ધીરે મોળો પાડવો.

જોડલુ થાય ત્યારે હરખ, વિખુટું થાય ત્યારે શોક, ભગવાન અને સન્ત સત્સંગ શાન્તિ આપો, હિંમત રાખો, વચનામૃત અને ગુણાતીતાનંદ સ્વામીની વાતો વાંચવી, મૂર્તિ સંભારવી, બચલાં મોટા થાય, ફૂલ પધરાવવાં - જે પાંસે તીર્થ હોય તેમાં પધરાવજો, દૂર ન જજો, તેને નામે રસોઈ જમશું, માળાનું પુણ્ય ખૂબ જ આપીએ છીએ, આઘાત મોળો પાડવો, છોકરાઓ લેનસર થતાં જાશે, ભક્તિ સામું જોયું, પણ આવરદા ખલાસ, તમારી આવરદા પછી સાંભરી, ગરીબડી અભાગણીને ઘણીય રક્ષા કરી છે, કરતાં રહીશું, ધીરજ રાખજો, મહેર છે, બાળબચ્ચાં પોષવા શક્તિ રહેશે, ટપાલ લખતા રહેશું, **પ્રગટની મૂર્તિ હૈયામાં જોતી રહેવી, પ્રગટ પ્રભુજી ભેગા જ સંભારતા રહેવા, દર્શન હૈયામાં કરતાં રહેવા,** ધર્મેશ - ભાવેશની સંભાળ લેતા રહેશું.

સેવકો - મોહન ભગત, શાન્તિ ભગત, દયાળજી ભગત, કુંવરજી ભગત, જગજીવન ભગત તથા દયા, જયા, લાભુ, સન્તોક, માનુ, ભાનુ, વિજયા, લક્ષ્મી, સવિતા, મંજુલા, જીવી, જસુ **શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્તિવાળાં બધાં સુખી રહો, ભગવાન રક્ષા કરો, ભગવાનને સંભારતા રહો, સંસાર ખોટો છે, દુઃખ ઝાજું, સુખ થોડું, ઉપાધિ મોટી, અફસોસ ભર્યો સંસાર છે, ભગવાન રાખે તેટલું સુખ, ખામી હોય તેટલું દુઃખ માટે મુક્ત જેવી આનન્દિત સ્થિતિમાં રહેવું,** સારાવાના હો, આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા. ગુલાબ પાંખડી ખાવી.

તુલસીદાસના માતા પિતા, બેન બનેવીવાળા વિગેરે સુખી રહો, **ધૂન્ય કરો છો તે સારૂં કરો છો, યથાશક્તિ સારૂં કરવું, ભગવાનની મરજીને કોઈ ઉલ્લંઘન કરી શકે નહિં., મન ધીરજવાળું કરવું, દુનિયાના સમ્બન્ધો સ્વાર્થના બધાં છે તે રોવારે છે, ભગવાનના સમ્બન્ધો સુખિયા કરનારા છે, તે વધારવા.** શ્રીહરિ શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ, આશીર્વાદ, સુખી હો. **કીર્તન-કથા, ધૂન્ય ભજન કર્યા તે ઘણું સારૂં કર્યુ.**

- કૃ.વ.આ.

પત્ર નં.-૩૭૭ **તારીખ : ૧૬-૦૧-૧૯૮૪**

સેવકો દુબઈ વિસરામ ભીમજી, કાનજી ભગત, પોપટ ભગત, નરસી ભગત, દાસાઈલેન્ડ મંડળ, આબુધાબી મંડળ, રૂવેસ મંડળ, **શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો. પ્રગટ ભગવાન સાજા નરવા છે, તમો બધા સાજા નરવા રહો, કમાઓ, વાપરો, કુટુંબની સંભાળ રાખો, શરણાગતિ મંડળમાં અક્ષરધામનું હેત રાખો, ગુણ ગ્રહણ કરો, કથાવાર્તા કરો, પ્રગટને ભજો, ધારણા ધ્યાન સમાધિ કરતા રહો.**

જયન્તી ભગત દર્શન કરી ગયા છે, જર્મની કંમ્પનીમાં બદલી મળે તેમ આશીર્વાદ છે, જાદવને મસ્કત જવાની સગવડ કરવી. ધનજી ભગતનો ડ્રાફ સેવા મળી ગયા છે. **સંભારીને ઊંઘ લેવી દર્શન થતા રહેશે, રક્ષા કરશું, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, બળ વધજો, કસર નહીં રહે.**

પૂનામાં ભગત તુલસી મનજી એક્સીડન્ટમાં ધામમાં ગયા છે. તેમના પુત્રો ધર્મેશ, ભાવેશ, દયાદેવી નિરાધાર બની ગયા છે, યથાશક્તિ શરણાગતિ મંડળે મદદ કરવી. ભગવાન રાજી, ભગવાન ભક્તોનું ભલું કરતા રહો. એ જ. આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૩૭૮ **તારીખ : ૧૭-૦૧-૧૯૮૪**

વ્હાલા સેવકો - મોહનલાલ રતનશી - પૂજારી, વેલજી રવજી વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાઓ. ભક્તિ કરો, અમો સાજાનરવા છીએ, તમો સાજાનરવા રહો, કમાઓ, ભક્તિ કરો.

મોહન કરશન, કુંવરજી મેપા, દયાળજીભાઈ, જગજીવનભાઈ, પરસોત્તમભાઈ વિગેરે સુખી છે. **સેવક તૂલસી મનજી મકવાણા એક્સીડન્ટમાં ધામમાં ગયા, બહુ જ દુઃખ શોક ચાલૂ જ છે, ભક્તોના**

પત્રો આવે છે, બધા સુખી હો. તૂલસીદાસના પત્ની દયાદેવી, ભાવેશ, ધર્મેશ દુઃખી થઈ ગયા છે. તેમને મદદ, આશ્વાસન માટે કાંઈક મોકલજો. ધામમાં તુલસીદાસ સાથે છે.

બેહરીન, દુબઈ વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળ દયાદેવીને મદદ કરો.

ભંડારા હેમંત ભગત ગયા છે, એકાદ મહિનો રોકાશે, સત્સંગનો ઓપ ચઢાવશે. અમો તમારા જીવમાં છીએ, દર્શન તો કાયમ દેખાઈએ છીએ, અધૂરૂં નથી, બન્નેને બધા સેવકોને જય સ્વામિનારાયણ, આશીર્વાદ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૭૯ **તારીખ : ૨૭-૦૧-૧૯૮૪**

વ્હાલા સેવકો ભક્તજનો, નાનજી લક્ષ્મણ મકવાણા તથા રમેશ રામજી મકવાણા તથા પ્રવીણ મોહન ચૌહાણ, પ્રિય ભક્તિવાળા તમોએ મોકલાવેલ ૫૦૦નો ડ્રાફ્ટ તથા ૧૦૦નો ડ્રાફ્ટ સેવા પહોંચ્યા છે. બહુ જ રાજી, તમો પણ ખૂબ જ સુખી હો, સાજા નરવા હો, કમાઓ, બાળબચ્ચાં કુટુંબને રાજી કરજો. ભગવાન વિશ્વંભર ઘણા જ રાજી છે, ભગવાન ધારે તે થયા કરે છે, બ્રહ્માંડો તેના ચલાવ્યા ચાલે છે, આપણા નાડીપ્રાણ તેના હાથમાં છે.

માનવો આશીર્વાદ મેળવે તે બહુ સુખી થાય છે. પરોપકાર, સેવા, ઉપકાર, પ્રેમ, મદદ વિગેરે સારા ધર્મો વડે આશીર્વાદ મળે, ભગવાન રાજી થાય, હેત મહેરબાની વધે, બધા દેવો, ઈશ્વરો, પંચભૂતો પણ તેની રક્ષામાં રહે છે, જેને પોતાના પડખામાં ભગવાન રાખ્યા તેની રક્ષા બધા કરે છે, જેઓ ગરીબોને કનરડે છે, પીડે છે, ભક્તોના અવગુણ લ્યે છે, પોતાનું અભિમાન વાપરે છે તેના પડખે ભગવાન જેવા તેવા રહે છે. દેખાવકારનાં કામો દુઃખમાં પરિણમે છે, સાચા ભક્તના કામો સુખમાં ખિલે છે, પરીવાર

સુખી થાય છે. લોકો અલ્પબુદ્ધિ વડે ભગવાનને તિરસ્કારે અને વાંકમાં લ્યે તેને ભગવાન શું કરે, ઉદાસ વરતે. તેના ફળ દુઃખરૂપ થાય. આ ભગવાન આજ્ઞાંકિત પતિદેવ છે, તેનું સારૂં થયા કરે છે, વધારે હેત ત્યાં વધારે પ્રત્યક્ષ દર્શન જાણવાં. બીજા ભક્તો પણ આબુધાબી આવી જાશે.

સ્વાર્થીઓને ભગવાન ફળતા નથી, ભગવાન પતિવ્રતા ભક્તને સુખ આપવા હાજર જ છે. ભક્તોમાં વસીને થાળમાં જમીએ, દર્શન દઈએ, સભામાં વિચરીએ, સોઢમાં સાથ દઈએ, આત્મનિવેદીને લાડ લડાવીએ છીએ. ફૂલવાડી રાજી વર્તે છે, બધા પત્રો મળ્યા છે. ભક્તપતિ, શાન્તિ ભક્તિ, પ્રાણપતિ, જીવનપતિ, વિશ્વંભર સર્વવ્યાપક ભેળા જ છે. ગોવિન્દ, રામજી, નાનજી, ભગવાનજી, પ્રાગજી, મનસુખ, મધુ, દેવજી, છગન, હરિલાલ રમેશ, લાલજી રામાણી, માલદે જયસુખ, રામજી, કાન્તિલાલ, વલ્લભ, નાના મોટા શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી હો, શરણાગત બધા સુખી છે, દિવ્ય સમઝણ કામ આવે, લૌકિક બધું દિવ્ય કરી સેવા કરવી, અમારી મૂર્તિ અનન્ત પ્રકારના આનન્દ ભર્યા સાગર જેવી છે, પાત્ર થઈ બધા સુખ મેળવવા, ભગવાનમાં સુખીની ખોટય નથી, અનન્ત રસના, રૂપના, સ્વાદના, સ્પર્શના, શબ્દના, સેવાના, તદાત્મકપણાના મળવાના, સુખ આનંદો ભર્યા છે. મહામુક્ત સ્થિતિવાળા થાય તે આનન્દ પ્રવાહ અમૃત પીયૂષ મેળવે, મૂર્તિમાંથી તમામ ભોજનનાં ઓડકાર અમી મળે, પડવાળા સોનું ન થાય, પડ ન હોય તો ચિન્તામણિ પારસમણિ સોનું બનાવે, શાસ્ત્રો દિવ્યભાવે ભગવાનમાં જોડાવાનું કહે છે, લોકભાવે રોકાણ કરે છે, ભક્તોએ દિવ્યભાવે જોડાવું, લોકદ્રષ્ટિ ખારભૂમિ અને કાદવ છે, દિવ્યદ્રષ્ટિ પ્રેમ પીયૂષ રસની અખૂટ અખંડ તૃપ્તિ છે, પાત્રતા પ્રમાણે પતિવ્રત પાળવું, ભગવાનમય જાણીને કુટુમ્બને રાજી રાખવાં, સેવવા, પોતે સુખીયાં થવું અને ભક્ત મંડળને સત્સંગ, સમાગમ, કથાવાર્તા, મહિમા વડે સેવવા. ભગવાનને તે જીવને સુખ મેળવવા દેહ, ઈન્દ્રિયો, અન્તઃકરણ, ભાવના, હેત, પ્રેમ, મહિમા,

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ, ઘરબાર, દુધ, દહીં, માખણ, ઘઉં, ચોખા, સાકર, ગોળ, શાકભાજી, રસ, અત્તર, તેલ, ઘરેણાં, વસ્ત્ર, વાહન, પુત્ર, પરીવાર, પત્ની, પતિ, ધન, દોલત, સમ્પત્તિ, સદ્‌ગુણો આપ્યા છે, તે સાધનો વડે સાધ્ય એવા ભગવાનમાં હોમ કરવા, અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ સ્વાહા જુહોમિ એમ ભગવાનમાં, શેરડીમાં સાકરરસવત્ દૂધમાં ઘી માખણ સ્વાદવદ હોમેલી જીંદગીએ વરતવું, ઉપદેશ પચાવવો. એ જ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૩૮૦ **તારીખ : ૨૭-૦૧-૧૯૮૪**

પ્રિય સેવક શાન્તિલાલભાઈ તથા હરેશ તથા લલિતાદેવી કુટુમ્બ પરિવાર સુખી રહો. સારા આશીર્વાદ વાંચવા.

પ્રાણપતિ પ્રભુજી તમારી નઝર રાખો. કમાઓ - ભક્તિ કરો, સુરતમાં રોજ ૫૦ છે. પૂનામાં રોજ ૭૦ થી ૮૦ છે. તમો સારા કારીગર છો. ભગવાન જ્યાં નજર પહોંચાડે ત્યાં કમાઓ. કુટુમ્બ પોષણ કરો - સેવા ઘણી કરી છે. વળી સારો વખત આવે ત્યારે સેવા કરવી. **સેવા થાય એવી કમાણી માટે સાવચેત રહેવું.** વિઝા મળે તો કઢાવવી. ભગવાનજી રાજાને લખતા રહેજો. સારો વખત આવશે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. ગલગોટા પાંખડી ખાજો. આશીર્વાદ. **બાળક સહિત તમારી નજર રાખીએ છીએ.** જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૮૧ તારીખ : ૦૨-૦૨-૮૪

સેવકો - શ્રીહરિ શરણાગતિ મંડળ મનામા, બેહરીન, ટપુલાલભાઈ, રતિલાલ, અમરશી, હરિલાલ, બીજા રતિલાલ, દિનેશ, છગન વિગેરેને પ્રગટ ભગવાન સુખી રાખો. ભક્તિ કરો છો, કાયમ સંભારો છો, સાથે રાખો છો, આત્મનિવેદી છો, હેતવાળા દૂર થકા પણ પાસે જ છો, સ્વપ્નમાં બીજા પદાર્થો સાથે જીવમાંથી પ્રગટ થઈને ભગવાન દેખાય તેથી એકમેક સાથે જ છો. પ્રગટના સુખે સુખીયા છો, શરણાગતિ મંડળને સુખે ભગવાન પણ સુખીયા જ છે, નિજ સુખે સુખિયા, ભક્તોના સુખે વધારે સુખીયા છે, આ ભગવાન કામકાજ રક્ષણ નજર રાખે છે, ધણી જબરા છે વિશ્વંભર છે, અમારે સાજાનરવાપણું છે, તમો બધા સાજાનરવા રહો, કમાઓ, વાપરો, કુટુમ્બને રાજી રાખો.

ભગવાનની સંભાળ શરણાગતિ રાખે છે, શરણાગતની સંભાળ ભગવાન રાખે છે. ફૂલવાડી ઉતાવળ કરે છે. ભક્તોને દરરોજ દર્શન થાય છે. તે પ્રગટ ભગવાનના સમૈયા ઉત્સવ થાય છે, સ્થૂળ સ્વરૂપે વિચરતા ભગવાનને ઓળખવામાં પછાત રહી ગએલા અને હવે સૂક્ષ્મસ્વરૂપે ખૂબ જ લીલા લ્હેર વર્તાવે છે, દેશ પરદેશ બધા શરણાગત સુખી છે, તૂલસીદાસની ખોટ પડી છે, ચરણોમાં રાખેલ છે. દૈત્યોનાં દેશોમાં મારા દેવતાઓ છે, તે મહાન આનન્દ છે, દેવીયું બધી સુખી છે, લક્ષ્મીદેવી બધાને રાજી રાખે છે, વધારે સુખી હો, આશીર્વાદ, જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

-શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.



પત્ર નં.-૩૮૨ તારીખ : ૨૧-૦૨-૧૯૮૪

સેવક પ્રવીણ, રમેશ, મનસુખ, શાન્તિલાલ, શ્વેતાયન, રામજી, નાનજી, મધુભાઈ, વ્રજલાલ જા., છગન, હરિલાલ, દરબાર, રમેશ ભી.,

ભગવાનજી, આબુધાબી મંડળ, દુબઈ, દાસાઈલેન્ડ વતી પ્રવીણ શ્રીહરિ શરણાગતિ મંડળની ચઢતી કળા હો, સુખી હો, સાજાનરવા રહો, કમાણી સારી છે, પરદેશ અનુકૂળ છે, કમાવાનો સમય છે, સુખ દુઃખ વેઠીને ભક્તિ કરતાં કરતાં. આનન્દમાં રહેવું, બધાની ચઢતી કળા છે, ફૂલવાડી ચઢતી કળામાં છે, પત્રો મળ્યા છે, જવાબ તો ભગવાનને ઈચ્છા થાય તો લખે છે.

સભા કથાવાર્તા કરવી, પરચા ગાવા, અક્ષરધામનું હેત રાખવું, દિવ્ય પ્રગટને હૃદયમાં રાખવા. આત્મનિવેદી, પતિવ્રતા એકાન્તિક દાસદાસીપણાની સેવા ભક્તિ કરવી, ભગવાનને રમાડવાં, જમાડવાં, સેવવા, દાબવા, રાજી કરવા, પાછું ન પડવું, વિશ્વંભર ભગવાનને દાસ ભક્તો દ્વારા ઘણાં કામ છે તે થયા કરે છે, તૂલસીદાસને સાથે રાખ્યા છે, તેના કુટુંબને મદદ આપો છો તેથી બહુ જ રાજી છીએ. દીક્ષાઓ આપવી, દીક્ષા વડે ભગવાનની ભીક્ષા સંપૂર્ણ ફળે છે, દર્શન તો થયા જ કરશે. બધાને આશીર્વાદ, ગુલાબ પાંખડી ખાજો, જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર

•❀•❀•❀•

પત્ર નં.-૩૮૩ **તારીખ : ૨૧-૦૨-૧૯૮૪**

પ્રગટ ભગવાનને નમઃ

સેવક શાન્તિલાલ કે, રમેશ, રામજી, શ્વેતાયન, ભગવાનજી, છગન, નાનજી, મધુ, દેવજી, હરિલાલ, જયસુખ, પ્રવીણ, મનસુખ, વ્રજલાલ, રતિલાલ, રમેશ, કાનજી, વિસરામ, પોપટ, નરસિંહ, રામજી આદિ શ્રીહરિ શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ. આશીર્વાદ, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો, **કીર્તન કથા - વાર્તા કરજો.** સાજાનરવા રહો, કામકાજ મળો, **પ્રસાદી જમો, પરચા સંભારો.** વંથળીથી દર્શને આવે છે, આશીર્વાદો લ્યે છે. શાન્તિલાલના ૫૫૧ મળ્યા હતા, બીજાઓના પણ મળ્યા છે. સુખી

હો, આશીર્વાદ, **ભજન કરવું, મૂંઝાવું નહિં, શ્રીહરિ શરણાગતિ મંડળ ભેગા જ પ્રગટ પ્રભુજી છે.**

રામજી જેઠા દર્શન કરી ગયા છે, સેવા કરી ગયા છે. **ફૂલવાડી મજામાં છે, ધામધૂમે કામકાજ ચાલે છે, ગગનમાં પરચા ગવાય છે, દેશ પરદેશ પ્રગટ ભગવાન તથા પ્રગટનાં ભક્તો, શરણાગતોની જય બોલાય છે.** સુખી રહો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો એ જ.

ફૂલવાડીના ઉત્તર પડખાની વાણીયાની જમીન લેવાઈ ગઈ છે. હીરાભાઈએ ખબર આપ્યા છે.

કેશવજી પણ પૂંજાબાપાની વાડી સાથેની ઉગમણી જમીન લેવા યાદીમાં છે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.



પત્ર નં.-૩૮૪ **તારીખ : ૨૨-૦૨-૧૯૮૪**

સેવક ભગવાનજી રાજા, પ્રાગજી ભગત, આંબા ભગત, ખીમજી ભગત, જયન્તીલાલ ભગત, દિનેશ ભગત, હરસુખ ભગત, **શ્રીહરિ શરણાગતિ મંડળ નવા જૂના સેવકોને પ્રગટ ભગવાન સુખી રાખો.** મારી સૂચના મુજબ તમોએ દયાદેવીને મદદ કરી એ ખૂબ સારૂં થયું.

અને **મારા વ્હાલા ભગવાનજી તમારી પાસે પ્રસાદીનું પાણી છે, તે સર નાયડુને આપજો, એના વડે નાયડુને આરામ સાથે સારી ઊંઘ આવશે.** વધારે અને વધારે ખાવાથી સારી ઊંઘ આવશે, રાજી રહેજો. મારા અને ભગવાનજી સંતના આશીર્વાદ છે.

મારો તાજો ગુલાબ પાંખડીનો પ્રસાદ ખાજો. ગુલાબ પાંખડી અને પ્રસાદીનું પાણી પીવાથી નાયડુ તંદુરસ્ત થાશો.

ભગવાનજીનો આત્મા પવિત્ર સંતનો છે. એટલે નાયડુ ચોક્કસ ગુરૂમંત્ર કંઠી સાથે સાંભળજો અને ભક્તિ કરજો. નામ 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી' દરરોજ સવારે અને સાંજે આ મંત્રથી નાયડુનું કુટુંબ, પત્ની વગેરે ખૂબ રાજી થાશે.

સેવાના ૧૦૦૦ રૂપિયા મળ્યા છે, નાયડુને એના જીવનમાં સારી સફળતા મળશે. બંનેના જીવનમાં અને ઘણાના જીવનમાં ભક્તિથી સારી સફળતા મળશે. રાજી રહેજો.

સેવક ભગવાનજી પડખે શ્રીજી રક્ષા છે તે બન્નેનો ઉપયોગ સર નાયડૂ લ્યે, બધી ઈચ્છાઓ પૂરી થાશે. તમારા લખવા મુજબ રાજી થાશે. રોલ ભરેલા રજીસ્ટર્ડથી હેમંત ભગતે તમોને મોકલાવ્યા છે. ઘરે બધાં સુખી છે, આશીર્વાદ. ગાદલા મળ્યાં, ધૂસો મળ્યા, જરસી ગંજીયા મળ્યા, આવેલા ભક્તો મળ્યા, આનન્દ આનન્દ થયો. બધાને આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ. ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૮૫ **તારીખ : ૨૮-૦૨-૧૯૮૪**

સેવક મોહનલાલ રતનશીભાઈ તથા વેલજી ભગત તથા નારણભાઈ તથા ટપુલાલભાઈ, અમરશીભાઈ, રતિલાલભાઈ, છગનલાલ વિગેરેને જય સ્વામિનારાયણ કહેજો. તમારા પત્રો મળ્યા છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. મોહનભાઈ તમારા છોકરાવનો કાગળ હતો, બધા સુખી છે, દેશમાં આવો ત્યારે દર્શને નીકળવું, બધાને કમાણી ભગવાને આપી છે, સુખ આપ્યા છે, વાપરો, કુટુમ્બને પોષો, **સેવાથી ભગવાનને ઓગાળી દેવા, વિશ્વંભરની અનેક લીલાઓ સંભારવી. કર્તા થકા અકર્તા, માયિક થકા**

અમાયિક, લેપ થકા નિર્લેપ, નિત્યમૂર્તિને સંભારવા. ત્યાં શ્રીહરિ શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેવા.

આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ, સુખી રહો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૩૮૬ **તારીખ : ૦૨-૦૩-૧૯૮૪**

સેવક હરિલાલ વેલજીભાઈ તથા ટપુલાલ કાનજીભાઈ તથા રતિલાલ હંસરાજભાઈ તથા અમરશીભાઈ તથા રતિલાલભાઈ તથા લાલજીભાઈ તથા છગનલાલ, મૂરજીભાઈ, નારણ મોહનભાઈ ગોહિલ વિગેરે **શ્રીહરિ શરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો.** જય સ્વામિનારાયણ વાંચશો. દિવાળીના આશીર્વાદ તથા ૧૦૦૦ના ડ્રાફ્ટ મળવાના પત્રો જૂદા જૂદા લખ્યા છે. ગુલાબ પાંખડીઓ ઘણી મોકલાવી હતી. ડ્રાફ્ના ભોજન પાણી પણ કર્યા હતા અને આશીર્વાદો આપ્યા હતા. ટપાલની ગડબડને કારણે વરસાદની બહોળાઈ અને ટપાલ બંધને કારણે કાગળો નહિં મળ્યા હોય. ગુલાબ પાંખડી ખાજો. દર્શન થશે.

સેવક નારણ મોહને સમાચાર તમોને કહ્યાં, સારૂં થયું, અમારી માંદગી આ વર્ષે લાંબી ગઈ, હવે સારૂં જ છે.

અમારા જેવી સેવા હોય તો લખશો.

મકાનનું કામ ચાલુ કર્યુ, ભોં તળા સુધી સાફ થઈ રહ્યું છે. હવે પાયા તથા શિલારોપણ પણું નવું મકાન થવાનું જે માનેલ છે, સેવકોએ પુરૂં પાડવાનું છે, પાડીને ભોં તળા સુધી સાફ કરવું તે દસહજારમાં ઉધડું આપેલ છે, નવું મકાન ત્રણથી ચાર લાખ સુધી માગશે એમ જણાય છે.

સેવકો, નાણાં, કમાણી, તન, મન, ધન બધું વિશ્વંભરનું છે ત્યાં વિશ્વંભરે આપેલ છે તેમાંથી વિશ્વંભર શું માગે, તેની મેળે સેવા કરનારા કરતા રહે છે. આ શિયાળામાં જે જે દર્શને આવ્યા તે તે કમાઉ સેવકો તેની મેળે શક્તિ પ્રમાણે મકાન માટે સેવે છે, વિશ્વંભર રાજી છે. ચમત્કાર વાપરે તો કાંઈનું કાંઈ કરે તેવા છે, દયાળુ છે, પરિપૂર્ણ તૃપ્ત છે, માટે મકાનને નાણાંની નદીયો પુરૂં કરશે, ભક્તેન્દ્રો બધા લાભ લેવા માંડ્યા છે. એ જ. બધાને જય સ્વામિનારાયણ.

ફૂલવાડી પણ ફૂલી રહી છે.

- સમંડળ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી
સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૮૭ **તારીખ : ૦૫-૦૩-૧૯૮૪**

સેવક હરિલાલ કુટુમ્બ સુખી હો. તમારા બા સંતોકબેન દેશમાંથી જૂનાગઢ દર્શન કરી ગયા છે. શાન્તિલાલ વિગેરે સાથે હતા, માનતાનાં રરપ આપી ગયા છે, રાજી.

હરિલાલને પરદેશ જવાનું જલ્દી થાશે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. **માનતા પહેલો પગાર પ્રગટ ભગવાન માટે કરેલો છે તે જલ્દી ફળી જાશે. સુખી થાઓ.** આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચજો.

- કૃ.વ.આ.
સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૮૮ **તારીખ : ૧૪-૦૩-૧૯૮૪**

વ્હાલા સેવક હરિભક્ત શાન્તિલાલ લી. પૂંજા **પરિવાર કુટુમ્બને પ્રગટ ભગવાન સુખી રાખો. આનન્દમાં રહો. સમઝણ દિવ્ય છે. દિવ્યભાવે**

વર્તવું. સુખી રહેવું. ભક્તિ કરવી. કમાઓ. આનન્દ કરો. નવો પાસપોર્ટ કઢાવીને પરદેશ જાઓ તો કમાણી સારી મળે. **ભક્તિ વધારવી, સેવામાં રહેવા મળે, સંભાળ લેતા રહેશું. સાજા નરવા રાખીશું. કામકાજ મળશે. સંભારીને ઉંઘવું, દર્શન થતા રહે. અન્તરમાં બેઠા છે તે બહાર દેખાશે.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. આનંદમાં રહો. આશીર્વાદ સાથે જય સ્વામિનારાયણ વાંચશો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૮૯ **તારીખ : ૧૫-૦૩-૧૯૮૪**

સુવિચારશીલ સેવક દિલુભાઈ, કુટુમ્બીઓ સુખી હો. તેમની ચઢતી કળાઓ હો. **મન્દિર થાય, તીર્થ ધામ ગણાય. તે બધી કુટુમ્બની અમર સ્થિતિ ગણાય. મોક્ષભાગી મોક્ષ પણ મેળવે. ભક્તોની ભજન ભક્તિમાંથી વિવિધ ભક્તિ સેવાઓ દ્વારા પુણ્યાંશ કુટુમ્બને મળતો રહે. આ બધું ઉત્તમતો થાય જ.** ભગવાને નાથાલાલભાઈને ઉત્તમોત્તમ કાર્ય સાધક શક્તિઓ આપી છે. તેઓ ધારશે તો જરૂર મન્દિર તીર્થધામ થશે. **શ્રીહરિ શરણાગતિ મંડળ, કુકાવાવ (તીર્થ) ના સેવકો તથા બાહેરના પણ સેવકો જે સેવામાં ભળશે તે બ્રહ્મલોકના વતની થશે. શ્રદ્ધાળુઓને માટે આશીર્વાદો ફળશે.**

તમારા પત્રથી મન્દિર માટે પોપટભાઈ તથા કુટુમ્બનું વલણ જાણ્યું, નાથાલાલભાઈની ઈચ્છા પણ જાણી.

અમારે દર્શને નાથાલાલભાઈ આવ્યા ત્યારે મન્દિર માટેની સામાન્ય કે વિશેષ વાત થઈ ન હતી. તમોએ શ્રીહરિની પ્રેરણા વડે મન્દિરની વાત ઉચ્ચારી તેમાં નાથાલાલભાઈ ભળ્યા, ટેકો આપ્યો તેથી અમો તો અતિ રાજી થયા છીએ. પોપટભાઈએ પણ જમીન ઘર આપવાના ખબર હરિભક્તો દ્વારા ખબર મોકલેલ છે.

તમો આગળ વધશો. વાત ચલાવશો તો આ વાત સફળ થશે.

જન્મઘર વેચાણ હક્ક તરીકે છગનલાલ (વંથલી)ના નામે લીધેલ છે તે પ્રમાણે વેચાણ હક્ક તરીકે લેવાની જરૂરત ખરી. રૂપિયાઓ જે તમો કે બીજા ભક્તો દ્વારા (બંગલાની કિંમત જેટલા) ભેળા થાય ત્યારે વેચાણ હક્ક તરીકે પોપટભાઈનું મકાન લેવામાં પહોંચી વળાય. કિમ્મત ઓછામાં ઓછી પંચ ઠરાવે તે પ્રમાણે કાગળ પત્રો થાય. અને પોપટભાઈ તે શેઠ બંગલો શેઠ પાસેથી ખરીદે એ પ્રમાણે વેચાણ હક્કથી લેવાય બન્ને વેચાણ હક્ક પતી ગયા પછી મન્દિર માટે ટ્રસ્ટ વિગેરે નિમાય અને કામ ઉપાડાય.

ઉપલી બાબત - બુદ્ધિ વંતો દ્વારા થઈ શકે. તમો ઓતપ્રોત થઈ કરશો તો તમામ રીતે સફળતા મેળવીને તે માટે આગળ વધજો. એ જ. આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચવા. પ્રસાદી ગુલાબ પાંખડી મોકલાવી છે.

નાથાલાલભાઈ, તમો તથા બીજાઓ મળીને જેટલી જે રકમ બંગલો લેવા ભેગી કરો તે રકમમાંથી જે પોપટભાઈના મકાનની ઓછામાં ઓછી કિંમત અંકાય તે વેચાણ હક્ક પત્રમાં લખાય સહી સિક્કા થાય અને તે કાર્ય ટ્રાન્સફર સહિતના ખર્ચે અપાય લેવાય. તે કામ પતી ગયા પછી તે બધી રકમથી બંગલો લેવાય. બન્ને મકાનના ટ્રાન્સફર સરકારી ખર્ચ સાથે ખરીદાય. પછી ભગવાનની ઈચ્છાએ આગળ પ્રવૃતિ કરશો.

બન્ને જન્મઘર એક કરાય, **શરણાગતિ મંડળ ટ્રસ્ટ વ્યવસ્થિત થાય, પછી ધાર્યું કામ સફળ જરૂર થશે.** એ જ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના આશીર્વાદો સાથે જય શ્રી સ્વામિનારાયણ વાંચવા.

સ્વામિનારાયણ મંદિર, જવાહર રોડ, ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર

પત્ર નં.-૩૯૦ **તારીખ : ૨૨-૦૩-૧૯૮૪**

દયાદેવી, ભાવેશ, ધર્મેશ, ઉમા વિગેરે કુટુમ્બ તથા **શ્રીહરિ શરણાગતિ મંડળ બધા સુખી રહો. તમારા બધા મનોરથો પૂરા થાઓ, ભક્તિ કરવી, ભગવાન રક્ષા કરે છે.** એ જ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. સુખી રહો.

પરદેશથી મદદરૂપે સેવા મળતી રહો, ડ્રાફ્ની નોંધ અમારા ઉપર પણ આવેલ છે. તુલસીદાસ માટે દાન, પુણ્ય, ધર્મ, કર્મ કરતા રહેજો. તમારા પત્રોમાં એ બાબત ન હોવાથી અમો તેમાં ન કહિયે તો પણ તમારે સત્કાર્ય કરવું. એ જ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૯૧ **તારીખ : ૨૬-૦૩-૧૯૮૪**

સેવકો હરિલાલ વેલજીભાઈ તથા ટપુલાલભાઈ, અમરશીભાઈ, રતિલાલભાઈ, બીજા રતિલાલભાઈ, નારાયણ મોહન ગોહેલ તથા છગનલાલ મૂળજી તથા વેલજી રવજીભાઈ તથા **શ્રીહરિ શરણાગતિ મંડળ ભગવાનજીભાઈ વિગેરે વિગેરેને પ્રગટ ભગવાન સુખી રાખો, રક્ષા કરો, સાજાનરવા રાખો, ભક્તિ કરો, કમાઓ, કુટુમ્બને પોષો, ભગવાન ભજો, સન્ત સેવો, પોતાનાં કામ જરૂર કરો, નાણાંની શુદ્ધિ કરતા રહો. વિશ્વંભર તૃપ્ત છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, લીલા ચરિત્ર સંભારજો, મૂર્તિ ધ્યાન ધરજો, ફૂલવાડી ખીલી છે, ભક્તો વધે છે. શ્રીહરિ શરણાગતિ મંડળ વધારતા રહેજો, ચારે તરફથી સુખ સમાચાર આવે છે. સંપ, સેવા, ભક્તિ, સુખના સાધનો છે. પ્રગટને મળ્યા તે પાર પામ્યા, બાકીના પાર ન પામે, તમો ધારણા, ધ્યાન, સમાધિની રીતે પ્રગટને ભજો, દિવ્ય દ્રષ્ટિ થાશે, મુક્ત થવાશે, સેવામાં રહેવાશે.** એ જ. આશીર્વાદ, બધાને જય સ્વામિનારાયણ. ૧૧૦૦, ૧૦૦

સેવાનો ડ્રાફ મળ્યો હતો. પ્રવીણ, નારણ બધા સુખી હશે. રામલાલ, ટપુલાલ કયાં છે ? તે લખજો, તેનો પત્ર નથી.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર,ઈન્ડિયા

•❀•❀•❀•

પત્ર નં.-૩૯૨ **તારીખ : ૩૦-૦૩-૧૯૮૪**

સેવકો ખીમજી રવજી સોલંકી ચાવડાવાળા - ૧૦૦૦ તથા ભગવાનજી રાજા - ૨૫૦, તમારો ૧૨૫૦નો ડ્રાફ મળ્યો. ૨૫૦ હેમંત ભગતને આપ્યા છે, હજાર સેવામાં રાખ્યા છે.

દેવજી કાનજી જયન્તીલાલ હંસરાજ, ભગવાનજી ભગત, પ્રાગજી ભગત, આંબાલાલ ભગત, માવજી ભગત, દિનેશ ભગત, કિશોર ભગત, હસમુખ ભગત, ખીમજીભાઈ તથા ભગવાનજીભાઈ વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો.

અરબસ્તાની ફિરસ્તાઓને લઈને ફૂલવાડી ખીલી નીકળી છે, ધન્ય છે ધામના ધણીના વ્હાલા મુક્તરાજોને તથા દેશી દેવતાઓને કે જેણે મન્દિર એક માળનું તો તૈયાર કર્યુ છે, બીજો માળ હવે પછી ક્રમે ક્રમે થાશે. ફૂલવાડી ઉંચી ફૂલી ફળી છે, તેમ ઉત્તર દક્ષિણમાં વિકાસ પામી છે, તમો પણ બધા અક્ષરધામમાં વિકાસ પામશો, પ્રગટના ખોળામાં રમશો, નવલ કિશોર મૂર્તિના અમૃત ભોજન કરશો, આનન્દના ઘૂંટડા ભરશો, કુટુમ્બો તમારા પ્રગટને ભજનારા છે, તે પ્રભુજીના બંગલાના બ્રહ્મમહોલના અધિકારી છે.

ખીમજીભાઈ ૧૦૦૦ મકાનની સેવા સ્વીકારી છે. વિશ્વંભરની તિજોરી અખૂટ છે, ભક્તો અખૂટ હોવાથી તિજોરી પણ અખૂટ રહેશે.

સુરત રહેવા જાજો, મકાન કરજો, સપલાઈમાં કામ કરો, કમાઓ, સારૂં થાશે.

...ઉપર

ભગવાનજી ભગત, ખીમજી ભગત બન્ને એકમેક થઈને બ્રહ્મ સ્વરૂપે વરતજો, ભગવાનને પોતાની મૂરતિમાં રાખીને સેવવા, ભગવાન રાજી છે.

બધા ભક્તો પોતામાં પ્રગટને રાખીને સેવા પરસ્પર મહિમાથી કરજો. બધુ માફ, સુખી હો. હેમત ભગતને તેનો પત્ર આપ્યો છે.

તમારા કાગળો, મધુનો કાગળ ફોટાઓ વિગેરે મળ્યા છે. કુંકાવાવની જમીન પોપટબાપા દેવાણીએ આપણને આપવા કહેવરાવ્યું છે, આગળ થાય તે ખરું.

પ્રસાદી ગુલાબ પાંખડી મોકલી છે, ખાજો.

જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ

- કૃ.વ.આ.
જૂનાગઢ.



પત્ર નં.-૩૯૩ **તારીખ : ૨૧-૦૪-૧૯૮૪**

સેવકો પ્રાગજી ડાયાભાઈ સુખી હો, **તમોએ ફૂલવાડીને ખૂબ સેવી, ધન્ય છે, સેવનારા બધાને ધન્ય છે, તમારા પહેલાના પત્રો મળ્યા છે, વિશ્વંભરને બીજી સેવાઓની જરૂરત નથી, ભગવાનનું કામ ભગવાન કરે છે, થાય છે અને થશે, ભગવાનના સંકલ્પમાં બધું રહ્યું છે, સર્વે લીલા લ્હેરમાં ઉજળાં છે. શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી હો, આરામથી કામ કરો, કમાઓ, કુટુમ્બ સુખી રહે તેમ નાણાં સાંચવો, ભગવાનના કામો થઈ ગયાં, ભક્તોને ધન્ય છે. ગુલાબ પ્રસાદી ખાજો. આત્માના સ્નેહની પ્રસાદી સંભારજો, રાજીપાની પ્રસાદી વડે સાજાનરવા સુખિયા રહો,** આઈસલેન્ડનાં સર્વે કાગળો સર્વેના ભાવભર્યા મળ્યા છે, બધાને આશીર્વાદ જય સ્વામિનારાયણ.

ભગવાનજી રાજા, દેવજી કાનજી, આંબાલાલ ડાયાભાઈ, માવજી લક્ષ્મણ, જયન્તિલાલ હંસરાજ, ખીમજી રવજી, દિનેશ ધનજી, હસમુખ, કિશોર કેશવજી, પ્રાગજી ડાયાભાઈ, માધવજી લક્ષ્મણ, દેવરાજ ડાયા, રવજી એમ., રતિલાલ પ્રેમજી, પરસોતમ તુલસી, રતિલાલ રવજી, નરસિંહ મૂળજી બધાને જય સ્વામિનારાયણ. બધાનાં છૂટાં છૂટાં કાગળો મળ્યા છે, રાજી છીએ, બધા સુખી હો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ. સાજા નરવા રહો, અમો સાજાંનરવાં છીએ, નવા-જૂના બધાને આશીર્વાદ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૯૪ **તારીખ : ૦૫-૦૫-૧૯૮૪**

પ્રગટ ભગવાનના મુક્તો, તન-મન-ધન સર્વસ્વ આત્મનિવેદી શિષ્યો, સન્તો તમારો સદા જય થાઓ. ભગવાને આપ્યું છે, ભગવાનને આપો છો, ભગવાનનું અને તમારૂં એક જ છે. ભગવાનને જમાડો છો, રમાડો છો, સેવો છો, ઈચ્છો છો, આનન્દ કરો છો. ભગવાન પણ તમોને જમાડે છે, રમાડે, સેવે, ઈચ્છે, આનન્દ કરાવે છે. ભગવાનમાં તમો ઓતપ્રોત છો, એકમેક છો, નિત્ય ભજો છો, સંભારો છો, હૃદયમાં રાખો છો, ભગવાનના મહાપ્રસાદ ગગનચૂમ્બી શિખરોવાળા મહેલ મન્દિરોમાં તમો સહકુટુમ્બ પરીવાર તરીકે સાથે છો અને રહેશો.

જમવાના થાળ, રહેવાના મંદિર, પીવાના પીયૂષ, અમૃત, પહેરવાના અમ્બર હાર, માળા, ઘરેણાં, શોભાના દ્રવ્ય, ચન્દન, સુગન્ધ, શૃંગારો, આપવા લેવાના હેત ભર્યા પ્રિય સાજ સમાજો સાધનો, ઉપકરણો, અંગો, વાપરવાના રસકસ ફળ ફૂલ, બાગ બગીચા, ક્ષેત્રો, વાડી, વાહનો, શોભાના કિંમતી હીરામણી, માળા, મુકુટ, શણગાર, ગાલીચા, શય્યા, પથારી, ઓછાડ, રજાઈ, સુખશય્યા, પાન, મુખવાસ, કેસર, બદામ, એલચી,

તજ, લવિંગ, જાયફળ, મસાલાઓ, ધોતીયા, ચાદર, મોજડી, મફલર, પાઘ, કામ્બળી, કામ્બળા, ધૂસા, સુંવાળા પોશાક, ઈન્ડિપેન, બોલપેન, ખડીયા, વાસણો, સાબુઓ, અત્તર, ફૂવારાઓ, કેસેટો આદિક ઘણી ઘણી વસ્તુઓ ભગવાનને સમર્પણ કરીને રાજી રાજી કર્યા છે, તે બધાં દિવ્યરૂપે તમારે માટે ભગવાનના દિવ્ય મહેલોમાં કાયમી તૈયાર છે. પ્રથમ ૧ રૂપિયો માંડ માંડ આપતા, તેને સોનાની લગડીઓ ભગવાને આપી છે, આપનારને જરૂર આપે છે. બકરાંઓ જેવાં છોકરાઓને રાજશાયબીઓ મળી, નિસ્તેજ નારીઓને સ્વર્ગની રાજકુમારીઓ જેવી શોભાડી, વાંદરા જેવા બાળકોને જય વિજયથી મોટી પદવીમાં પહોંચાડ્યા, ભંગાણ જેવાં ખોરડાને રાજમહેલ બનાવ્યાં, ભીંડી સૂતળીની નાડીઓને સોનાની સાંકળીઓ બનાવી દીધી.

ધન્ય છે ભગવાન અને ભગવાનના મુક્તોને, જેને પારકું પોતાનું એમ જુદાઈ નથી, પોતાના તન કરતાં પણ ગુરૂદેવ વધારે વ્હાલા છે. સેવકો વધારે વ્હાલા છે, તમો મનુષ્ય જન્મ કમાઈ ગયા, સફળ કર્યો, રાજી રાજી રાજી છીએ. વિશ્વંભરની વાત જ ન્યારી છે.

૧૫ સેવકો - ગોવિંદજી, શાન્તિલાલ, મધુ, નાનજી, રમેશ, જયસુખ, કાનજી, વ્રજલાલ, કાન્તિલાલ, રમેશ હં., વલ્લભ, પ્રવીણ, વ્રજલાલ ના., રતિલાલ ચો., રણછોડ ભગત, છગન મા. તથા વશરામ ભ., કાન્તિલાલ, બાબૂ વિગેરે ખૂબ સુખી હો. દેશમાં આવે છે તે પણ સેવે છે, દર્શને આવે છે. તમો કમાઓ, ભજો, સાજા નરવા રહો, જાગતા ઊંઘતા પ્રગટને ભેગા રાખો, આ પ્રગટમાંથી સુખ આનન્દ મેળવો, રણછોડ ભગત સામપર ઉરબેટવાળાને પુણ્ય ઉઘડ્યાં છે, મહામંદિરની સેવા નોંધાવી. બધાના પુણ્યનો પાર નથી, જેટલા ભગવાનને તમો સંભારો છો તેટલા જ ભગવાન તમોને સંભારે છે. આખા અરેબીયામાં જ્યાં જ્યાં શ્રીહરિ શરણાગતિ ભક્તો છે, ત્યાં ત્યાં ભગવાન મરજી મુજબ જરૂર વિચરે છે, બધાની સંભાળ રાખે છે, જમી રમીને વયા જાય છે, વિઘ્નો આવવા દેતા નથી.

ઉણપવાળાને ધોખાનો વખત ક્યારેક આવે પણ તે પાકો ભક્ત થવામાં ઉપયોગી થાય છે. જમાડો, રમાડો, ગુણ ગાઓ, સેવો, સાજા નરવા રહો, વિશાળ યોજનોના દિવ્ય મહેલોમાં બધાને સાથે જ રાખવા છે, સેવા ભક્તિ ભાવના પ્રમાણે કરવી કરાવવી છે. ભગવાન ભક્તોનાં વેચાણ છે જ, ભક્ત ભક્તાણીઓનું સર્વસ્વ ભગવાન જ છે, જગત્પતિ પ્રભુ સર્વેના સ્વામી છે, સ્થૂલપણે સેવા ન મળી, તો તેને દિવ્યપણે સેવા મળશે જ. ભક્તિ શ્રદ્ધામાં હારી જાવું નહિં, મોળા ન પડવું, જગતનો સ્વભાવ છે, દુઃખ ઊભા થાય પણ તેને ભક્ત ન ગણકારે ભગવાનના સુખે સુખિયા રહે. પત્ર, પુષ્પ, ફળ, જળ, વસ્ત્ર, થાળ, તન, મન, ધન, પરીવાર ભગવાનમય કરવા અને ભગવાનના પ્રસાદીમય પવિત્રને સેવવા સંભારવા, શ્રીહરિ શરણાગતિ મંડળને આવી સમઝણ તે ભગવાનને વરવામાં વાર લાગવા દેતી નથી. ભગવાનનો કેફ વધે, સુખી થવાય, ભક્ત જ્યાં સત્સંગ કરે છે, ત્યાં મૂર્તિમાં ભગવાન હાજર હોય છે, દિવ્યદ્રષ્ટિએ મૂર્તિમાં જોવા. એ જ. ગુલાબ પાંખડી ખાજો. રાધા જેવા ખીજાળ અને અકાણાં ન થાવું. લક્ષ્મી જેવા સરલ અને હેતાળ થાવું એ જ. વ્હાલાની વાલપને વધારવું.

રમેશ, રામજી અને મધુભગતનો કાગળ ટપાલ આજે બપોરે મળી છે. સુખી હો, દીક્ષા લીધી તે સારૂં કર્યું. શાન્તિઃ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૯૫ **તારીખ : ૨૨-૦૫-૧૯૮૪**

સેવકો - ગોવિંદજી, શાન્તિલાલ, નાનજી, મધુ, (મધુના કાકાજી સસરા જૂનાગઢ દર્શને આવ્યા હતા, પાંચ દિવસ થયા)

રમેશ, જયસુખ, કાનજી ભગત, પોપટ, રતિલાલ, વ્રજલાલ, વજુ, રમેશ, કાન્તિલાલ, વલ્લભ, કાન્તિ, લાલજી, વશરામ, આદિ શ્રીહરિ

શરણાગતિ મંડળ સુખી હો. દીક્ષા આપજો, સત્સંગ ફેલાવજો. પોપટ ભગત હવે ભગત થયા અને ધ્યાન ભજન કરશે, સેવા કરશે, દર્શન થાશે. લાલજી ભગત પૂજા કરે છે, ઘણુ સારૂં. છગન, રણછોડ, તુલસી દર્શને આવ્યા હતા. ભક્તોએ રાજી રહેવું. **પ્રગટ ભગવાનને સંભારવા, પૂજવા,** બધા શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેશો, ચારેકોરથી પત્રો આવે છે. **બધાને આશીર્વાદ. એકાન્તિક, આત્મનિવેદી, નિર્વિકિલ્પ સ્થિતિ મૂર્તિના ભક્તો થાશે.** આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૩૯૬ **તારીખ : ૦૧-૦૬-૧૯૮૪**

સેવક હરિલાલ વેલજીભાઈ, વેલજી રવજી તથા ટપુલાલભાઈ, અમરશી, રતિલાલ, બીજા રતિલાલ તથા નારાયણ કુકડીયા તથા બેહરીનવાળા શ્રીહરિ શરણાગતિ મંડળો તથા તમોએ લખેલા નામોવાળા બધા શ્રીહરિ શરણાગતિ મંડળ સેવકોને શ્રીજી મહારાજ સુખી રાખો, **ભક્તિ વધારે કરજો, સેવા કરો છો તેમ કરતા રહેજો, નાણાં મૂડી ભેગી કરવી, ભગવાને આપેલ છે સાંચવજો.**

૨૧૦૦૦ મકાન માટે નોંધાવ્યા, ઘણી સહાય મળી, **બધૂં બાપનું કમાએલ હોય પણ છોકરાવને સોંપ્યા પછી બાપ માંગતા અચકાય. અનાદિ શ્રીકૃષ્ણનારાયણે તમામને આપેલ છે પણ માગતા અંચકાય, ચારેક વર્ષેથી સૂચના પણ કરતા નથી જેથી વિશ્વંભરપણું જળવાય છે અને વફાદાર સેવકો સેવા કરતા જાય છે, ભગવાનનું કામ થતું જાય છે,** પત્રોમાં લખે કે અમારા જેવું કામકાજ હોય તો લખજો, પણ ભગવાન લખતા નથી. બધા સુખી થાઓ, સારાવાના હો, બધાને જય સ્વામિનારાયણ કહેજો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, આનન્દમાં રહેજો, જય સ્વામિનારાયણ સાથે આશીર્વાદો વાંચવા.

તા. ૩૦-૦૫-૮૪ ફૂલવાડી પહેલે માળે લાંબી પાટ્યો ઢંકાવી શરૂ થઈ છે, સારૂ કામ થાય છે, **બધાની જય થાઓ.** એ જ. જય સ્વામિનારાયણ વાંચશો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૩૯૭ **તારીખ : ૦૫-૦૬-૧૯૮૪**

સેવકો મોહનલાલ ભગત તથા હરિલાલ, ભરત કુમાર, મોહનલાલ ક., કુંવરજી ભગત, જગજીવન ભગત, વિનોદ ભગત, દયાળજી ભગત, ભાવેશ વિગેરે શ્રીહરિ શરણાગતિ મંડળને શ્રીજી મહારાજ ખૂબ જ સુખી રાખો, **સોસાયટીમાં રહેવા જજો. ભગવાન મંદિર ત્યાં સાથે લઈ જજો. ભજન, ભક્તિ સેવા ચાલૂ રાખવા.**

વિનોદને પિલાસ્તર વિગેરે કડીયાકામ શીખવાડજો, હરિલાલ માટે સાઉદીયા જવા મહેનત કરવી, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, **મુહુર્ત શનિવારે કે મંગળવારે જજો, સારે ચોઘડીએ જજો, સુખી હો,** શ્રીહરિ શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૯૮ **તારીખ : ૦૫-૦૬-૧૯૮૪**

જૂનાગઢ

સેવકો બેહરીન - હરિલાલ વેલજી, ટપુલાલ કાનજી, રતિલાલ હંસરાજ, રતિલાલ લાલજી, અમરશી તથા છગનલાલ તથા નારાયણ તથા કાન્તિલાલ તથા ભરતકુમાર તથા પટેલ ચંદ્રકાંતભાઈ સર્વે **શ્રીહરિ શરણાગતિ મંડળની ચઢતી કળા હો, પ્રગટ ભગવાન સુખી રાખો, ખૂબ જ ધનવાન, ભક્તિમાન સેવાવાળા હો, અક્ષરધામમાં ભગવાનની સેવા કરો એવા**

એકાન્તિક આત્મનિવેદી ભક્તો હો. ભંડારના મેડાવાળા મકાનને ભોં તળેથી કાઢીને નવે નામે મકાન ચાલૂ છે. પ્રથમ માળ ચાલૂ છે, તેના સીમેન્ટ કોંક્રેટ તળ નખાયા પછી બીજો માળ ચાલુ થશે. તમોએ એકવીશ સેવા કરવા લખ્યું, ઘણી મદદ મળી, રાજી છીએ. સન્તો રાજી થયા છે, **સેવા માટે જન્મ સફળ કરો છો. ઘરબાર, મકાન, મિલ્કત, સગાં વિગેરે કરતા ભગવાન વધારે વ્હાલા રાખો છો, ભગવાન ભેગું રહેવાશે.**

નવા મકાનના વાસ્તાનું - ત્યાં દેશી બ્રાહ્મણો મળતા હશે તે હાથે જેવું કરે તેવું કરાવી લેવું, ગણેશ સ્થાપનમાં ભેળા અમો રહેશું, જમાડશો તો જમશું, નજર રાખશું. ફૂલવાડી ખૂબ જ લ્હેરમાં છે, પ્રથમ માળ લાલ પત્થરની પાટ્યો વડે ઢંકાય છે, ભગવાન અને શરણાગતિ મંડળ જે કરે તે સારૂં જ કરે છે, મીઠી નજર છે, ભજન કરતાં સુવું- દર્શન થાય જ, બળ રાખજો.

સ્વપ્નદોષ નહિં થાય, ભગવાનની મૂર્તિ સંભારજો, ધ્યાન રાખશું. રક્ષા કરશું, પ્રસાદી ગુલાબ પાંખડી મોકલી છે. ૨૧૦૦૦ કોઠારી સ્વયંપ્રકાશની બૂકમાં લખાઈ ગયા છે. **ભગવાનનું કામ ભગવાન કરે, ભક્તોનું કામ ભક્તો કરે,** સેવા માટે લખવાનું પાંચ વર્ષથી બંધ છે, સેવા મળે તો મોકલે તે લઈ રાજી થાઈએ છીએ. એ જ. ત્યાં બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૩૯૯ **તારીખ : ૦૬-૦૬-૧૯૮૪**

સેવકો - કાન્તિલાલ તથા ગોરધન ભગત તથા વેલજી ભગત, પ્રાગજી ભગત તથા શ્રીહરિ શરણાગતિ મંડળની સદા ચઢતી કળા હો. સુખી હો, ધન કમાઓ, ભગવાન ભજો, સેવા કરો, તમારા બધાના પત્રો મળે છે. આશીર્વાદ દઈએ છીએ. કામકાજ કરો. સાજા નરવા રહો. **દોષ નહિ પીડે, અન્તઃકરણ શુદ્ધ રહેશે, પ્રગટ ભગવાને હૃદયમાં જોતા રહેવા, મહિમા સર્વોપરિ છે, તે સમઝતા રહેવો.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

ગોરધન ભગતના ૫૦૦, ડ્રાફ મળ્યો છે. પાંચ છ દિવસો જમશું જમાડશું, આશીર્વાદ આપશું, સુખી રહેવામાં બ્રહ્મરૂપે થાવું, ભજવા.

નારાયણ ભગતના વિવાહ થઈ ગયા છે. મોહનલાલ રતનશી પુના ગયા છે. નારાયણ ભગત તેના બાપુજી વિગેરે, દમ્પતી પણ દર્શન કરી ગયા છે. **સમઝણ સારી હશે તો પ્રગટપ્રભુપણું ઓળખાય.**

ફૂલવાડી લહેરમાં છે, ભોં તળાનો એક માળ પૂરો થવા આવ્યો છે. લાલ લાંબી પાટયો પાંચ દિવસોથી ઢંકાય છે, કામ જોરમાં છે, **પુસ્તક વાંચવાથી ઘણું સમઝાશે** - બે જનોઈ કવરમાં મોકલી છે. શ્રીહરિ શરણાગતિ મંડળ બધાને જય સ્વામિનારાયણ કહેવા.

અમારૂં મકાન ચણાય છે તેમાં હરિલાલ વેલજી ખોલિયાએ ૨૧૦૦૦ એકવીશ હજાર નોંધાવ્યા છે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૦૦ **તારીખ : ૦૮-૦૬-૧૯૮૪**

આઈસલેન્ડ, આબુધાબી સેવકો (૧) પ્રાગજી ડાયા ચૌહાણ, (૨) ભગવાનજી રાજા, (૩) આંબાલાલ ડાયાભાઈ, (૪) દેવજી કાનજીભાઈ, (૫) માવજી લક્ષ્મણભાઈ, (૬) જયંતિલાલ હંસરાજભાઈ, (૭) ખીમજી રવજી સોલંકી, (૮) દિનેશ ધનજીભાઈ, (૯) હસમુખ ભગત બાબરીયા, (૧૦) કિશોર કેશવજી ભગત, નરસિંહ મૂળજી અમરોલીવાળા, (૧૧) પરસોતમ તૂલસી ટાંક, (૧૨) રવજી મૂળજી ટાંક, (૧૩) જયંતિલાલ રામજી જેઠા, (૧૪) ગોવિન્દજી નારાયણજી ટૂકડીયા, (૧૫) શાન્તિલાલ કેશવજી બગીચા, (૧૬) પરસોત્તમ લધુભાઈ ફાટસરના.

આ સોળ સેવકોનાં એક એક હજાર રૂપિયા મળી સોળ હજારની રકમની જૂનાગઢ મંદિરમાં આરસના લેખમાં ૩૬૫ દિવસોની મહાપૂજાઓ એક જ લેખમાં કોતરાવવી છે, દરરોજ મહાપૂજા થાય, તમારા સર્વેના રક્ષણ થયા કરે. આ કામ જન્મજયન્તી ૮૧મી ની પહેલાં આવી જાય તો તે દિવસનો લેખ થઈ જાય, સોળ નામો રકમ સાથે કોતરાશે, મળીને વિચાર કરજો, થઈ શકશે તો કરીશું, **ભગવાને ધાર્યું હશે તેથી થશે જ.**

ઉપલા સેવકો પોતાના હેતના પત્રોમાં સેવા હોય તો જણાવજો. તો મારે પોતાની સેવા સમાપ્ત છે, તમારા રક્ષણ માટે દાસાઈલેન્ડનો એક લેખ કરવા ઈચ્છા છે, તે કરજો. એ જ. બધા માટે ગુલાબ પાંખડી પ્રસાદી મોકલાવી છે. સોળેય જણા ધીરે ધીરે પત્ર લખજો.

તીર્થવાસી કાનજી મૂળજીભાઈ દેશમાં આવ્યા છે, દર્શને આવવાનાં છે, તેના આવ્યા પછી તે સાથે રકમો મોકલનારાઓને આશીર્વાદ પત્રો લખશું. તમારા સોળેયના પત્રો જૂદા જૂદા આવવા જોઈએ. જે નોંધમાં લેવાય, **પ્રભુ ઈચ્છા બલીયસી.** મધુ ધનજી તીર્થવાળા ૧૭ નામ લઈ લેવા, રહી ન જાય. એ જ. સુખી રહો. આશીર્વાદ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૦૧ **તારીખ : ૨૦-૦૭-૧૯૮૪**

પ્રગટના કૃપાપાત્રો, પ્રત્યક્ષ પ્રભુજીનાં સેવકો, રાજીપો મેળવનારા આત્મનિવેદી ભક્તજનો, શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો. ફૂલવાડીના બીજા માળ માટે કુંભીઓ ઘડતર શરૂ થઈ છે, જૂનાગઢમાં બીજા માળની નોંધ કોંક્રેટનાં સ્તંભના સળીયા વિગેરે ઉભા કરાવા લાગ્યા છે, વરસાદ સૌરાષ્ટ્રમાં બધે સારો છે, કુંજવૃતિ વડે સર્વ ઠેકાણે રહેલા ભક્તોને પ્રગટ

પ્રભુ સેવે છે, ધામનું મંડળ વધે, ભગવાનનો રંગ ચઢતો રહો, બધાંને નીજઆનન્દ આપતા રહો, દેશમાં પરદેશમાં શ્રીહરિ શરણાગતિ મંડળની નજર પ્રભુજી રાખે છે.

સેવા ૩૦૦૦ ડ્રાફ મળ્યો, બહુ જ રાજી છીએ, કમાઓ, માવતર કુટુમ્બ પ્રગટ પ્રભુજીને રાજી કરો છો જેથી અક્ષરધામનાધામી બ્રહ્મમહોલના વાસી પ્રાણપતિ ભગવાન બહુજ રાજી છે, શરણાગતિ મંડળ સેવકવર્ગને ધામમાં ભગવાનનાં નીજ અંગત સુખમાં ઝાબોળ રસબસ રહેવું છે, ભગવાન અસંખ્યરૂપ ધારીને ભક્તોને સેવે છે, સેવા સ્વીકારે છે, ભક્તમંડળ બળમાં છે, ખૂબ જ ચઢતી કળામાં છે, બધાં કામકાજ જલ્દી તૈયાર થઈ રહ્યાં છે, તીર્થમાં શ્રીહરિ શરણાગતિ મંડળ ૩૦૦ ઘર નવા સત્સંગીઓ થયા છે, નિત્ય ધૂન્ય ભજન આરતી થાળ નિયમો ચાલુ છે. શુક્રવારે સભા કરવી, ભગવાનની ભક્તિ કરવી. અભિનંદન ગ્રંથ વાંચવા જેવો છે, બરાબર વાંચવો, વિશ્વમાં ભગવાન જેવા ભગવાન જ છે, તે પ્રગટ પ્રભુ તમારી રક્ષા કરો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. સુખી હો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૦૨ **તારીખ : ૨૭-૦૭-૧૯૮૪**

સેવક રતિલાલ મોહનલાલ દુબઈ, ૧૦૦૦ ડ્રાફ મળ્યો, સેવામાં વાપરશું. તમો સુખી હો. ભક્તિ કરો. **પ્રગટની ભક્તિ વડે પાર પામ્યાં ઘણાં, ગીધ ગણિકા કપિવૃન્દ કોટી, વ્રજતણી નારી વ્યભિચાર ભાવે તરી પ્રગટ ઉપાસના સૌથી મોટી આટલું સમજો. ભક્તિ કરો. એકાંતિક થાઓ - તમારી ઈચ્છા પૂરી થાશે.** તમોએ કાગળમાં જણાવ્યું તે બધૂંય સત્ય છે. ચિન્તામણિ

હાથમાં હોય તેને ખામી કોઈ વાતની રહેતી નથી. સવળું ચિન્તવવું. **શ્રીહરિ શરણાગતિ મંડળ વિજય પામે છે. માટે તેમાં રહેવું, તેને સેવવું.** અમારા આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાવી.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

પત્ર નં.-૪૦૩ **તારીખ : ૦૩-૦૮-૧૯૮૪**

સેવક રતિલાલ કુટુમ્બી સુખી હો. દુબઈ રતિલાલ મોહનલાલ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો. ભગવાન તમારૂં ધ્યાન રાખો. આબુધાબી વિગેરે ભક્તો સુખી હો. કમાઓ વાપરો ભક્તિ કરો. પ્રસાદી માટે ડ્રાફ્ ૧૦૦૦ મળ્યો. પ્રસાદી લીધી છે, સન્ત રાજી છે, સેવા સ્વીકારી છે. દિવાળી પછી અવાય તો આવવું. કમાણી પડી ન મેલવી. રણછોડ ભગત,મનસુખ ભગત એવા એવા વ્હાલા ભક્તો ભગવાનમાં એકમેક છે. **સેવા કરવી, રાજી કરવા, મોક્ષ મેળવવો, ભગવાનને ચિહ્નોથી ઓળખવા, ચમત્કાર, પરચાઓ સાંભળવા, ભક્તિ કરવી, આત્મા પવિત્ર હોય તો સમઝાય, મેલા આત્માને સમજાનું નથી માટે ધામમાં - પૃથ્વીમાં ભગવાન એના એ જ છે. તન, મન, ધન, પ્રાણ વડે ભગવાનમાં રસબસ રહેવું, સ્નેહભક્તિ સેવાભક્તિ દિવ્યભાવ રાખવા.** બધાને જય સ્વામિનારાયણ કહેવા, વાંચવા. ગુલાબ પાંખડી ખાજો.

પચીસ હજાર પચીસ(૨૫૦૨૫) રૂપિયાની મહાપૂજાઓ કોઠારે જૂનાગઢ મંદિરે જમા થઈ છે. લેખ કોતરાય છે. હવે વધારે જરૂરત નથી. બધાને જય સ્વામિનારાયણ કહેજો. આઈસલેન્ડ ભક્તોને આશીર્વાદ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

પત્ર નં.-૪૦૪ **તારીખ : ૦૫-૦૮-૧૯૮૪**

સેવકો - જયંતિલાલ શામજી, શાન્તિલાલ કે. બગીચા, આચાર્ય શ્વેતાયન, રામજી ભગત, ભગવાનજી ભગત, બન્ને રમેશ, વલ્લભ ભગત જયસુખ, પોપટ ભગત, નાનજી ભગત, મનસુખ ભગત, પ્રવિણ ભગત, મધુ ભગત, લાલજી ભગત, **શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્તોને પ્રગટ શ્રીહરિ સુખી રાખો, તમારી નજર રાખશું, સુખી થાઓ. ચાદર ભગવીમાં ગુલાબ પાંખડી સાથે આરસનો ઓરીસો ચંદન ઘસવાનો તમારે ત્યાં આવ્યો, તો તમો પ્રસાદી અમૂલ્ય જાણીને તેને સાંચવજો. ૫૦ વર્ષોથી અમો તેમાં ચંદન ગોળી ઘસીને તિલક કરતા. જેદિથી ખોવાણો તે દિવસથી કંકુનું તિલક કરીએ છીએ. તે ઓરીસો પ્રસાદી સાંચવજો, હજારો દેતાય ન મળે તેવી પ્રસાદી છે. સુરત સંભાળ રાખશું. શુક્રવારે ધૂન્ય ભજન, કથા, ચમત્કાર, પરચા વાંચજો, કરજો.** છવ્વીસ હજાર મહાપૂજાના સેવાનાં થઈ ગયા છે, હવે સેવા બંધ છે. તમારે ઓરીસા બદલે સેવા કરવી હોય તો અમોને સેવા માટે ડ્રાફ્ટ સ્વયંપ્રકાશને નામે મોકલજો.

શાન્તિ કે. બગીચાને માલમ થાય જે હવે મહાપૂજાની સેવા બંધ છે. ૧૦૦૧ રમેશ હંસરાજ મગન રાઠોડ ચાવડાના, લેખમાં ચઢાવી દીધા છે. છૂટી ઉપર અવાયતો આવવું, ગુલાબ પાંખડી ખાજો. મહાપૂજાઓ ૨૬-૨૬નો લેખ કોતરવા આપ્યો છે. એ જ. ગુલાબ પાંખડી ખાજો. શુક્રવારે બધાને જય સ્વામિનારાયણ કહેજો. દાસાઈલેન્ડ, આબુધાબીથી ભગવાનજી રાજાના કાગળમાં જણાવ્યા મુજબ લેખ લખવા કોતરવા આપેલ છે. બધાના જય સ્વામિનારાયણ વાંચજો.

સૌરાષ્ટ્રમાં આખા દેશમાં ત્રણ દિવસથી રાતદિન વરસાદ વરસે છે, દેશને સંતોષ થાય છે, વરસાદ આજે પણ ચાલુ છે, ભગવાન કરે તે થાય. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

પત્ર નં.-૪૦૫ **તારીખ : ૦૭-૦૮-૧૯૮૪**

સેવકો - હીરજીભાઈ, કરશનભાઈ, દામજીભાઈ, છગનભાઈ શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી હો, ચઢતી કળા હો.

જામનગરના શાસ્ત્રી મહાશંકરભાઈએ જણાવ્યા મુજબ શ્રાવણ વદ પાંચમનું મુહૂર્ત ઉતાવળું આવ્યું તે સાંચવી લેવું. મુહૂર્ત ઉપર પરદેશથી પહોંચી ન શકે તો જે આવવાના હોય તેના પુત્ર જેમ કે- હરિકૃષ્ણ ભગવાનજી, એવા બીજાના પુત્ર, જેના પિતાનો કાગળ બેસવા વિચાર દર્શાવતો હોય, તેને તમારી સાથે બેસાડી **મુહૂર્ત પૂજા વિધિ સાંચવી લેશો, મુહૂર્ત જાવા ન દેવું.** મહાશંકર ભાઈને બોલાવી લેજો, **મુહૂર્ત સાંચવી ધામધૂમ કરજો અને પરદેશથી યજમાન આવે ત્યારે તેને હાથે ફરીથી પૂજન કરાવજો, ધામધૂમ કરજો.** આશીર્વાદો સાથે જય શ્રીસ્વામીનારાયણ વાંચજો. બીજુ કાંઈ કરવુ ઘટે તે પણ તે મુહૂર્તમાં કરાવી લેવું.

પરદેશથી આવવાના હોય તેને વાયરલેસ ટેલીફોનથી મુહુર્તના ખબર આપી દેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૦૬ **તારીખ : ૦૭-૦૮-૧૯૮૪**

પ્રિય વ્હાલા સેવકો. સેવા કરો છો સાજા નરવા રહો. કમાઓ ભક્તિ કરજો. તમારા બધાના પત્ર પ્રમાણે લેખમાં ફેરફાર ઉમેર્યા છે.

દાસાઈલેન્ડમાં સેવકો - દેવજી કાનજી રાઠોડ તમારો પત્ર મળ્યો. જયન્તિલાલ સાથે ડ્રાફ, શરણાગતિ મંડળની ટપાલ પણ મળી ૧૧૫૧ દરેકના રૂપિયા મળી ગયા છે. લેખમાં પણ છેલ્લો કાગળ ભગવાનજી રાજાનો પત્ર તથા માવજી લક્ષ્મણ જેઠાનો પત્ર પણ મળ્યો છે. અમારી તબિયત સારી છે. જામવંથલી એક માળ ઢંકાઈ ગયો છે. બીજા માળની ઘડતર ચાલું છે. બીજા

માળની કુંભીશિલા કોઠલાચાલુ કરવાનું મુર્હુત શ્રાવણ વદ પાંચમનું સવારે ગુરૂવારે પહેલે ચોઘડીયે સારૂં છે. શ્રીહરિ શરણાગતિ મંડળને વાત કરજો. જે હાજર નહીં હોય તેના પત્ર પ્રમાણે હીરજી પેથા યજમાનોના દીકરાઓને સાથે સાટકે બેસારીને મુર્હૂતને વધાવી લેશે. પૂજા કરાવી લેશે. મહાશંકરભાઈ જામનગરથી પધારશે. પરદેશમાં જે શ્રીહરિ શરણાગતિ મંડળે મંદિરનો સંકલ્પ કરેલ હશે તે નક્કી રહેશે તમે કહેજો. હીરજી પેથાભાઈને ભલામણ કરેલ છે. જૂનાગઢ નિજ ભવનનાં બીજા માળના થાંભલા ઉભા થઈ ગયા છે. કામ ચાલુ છે.

આંબાલાલ ડાયાભાઈ ટાંક તમારો પત્ર મળ્યો. લેખમાં છેલ્લા અઠવાડીયામાં જે નામો ફેરફાર સાથે સુધારો વધારો કરીને કોતરાવવામાં સામેલ કર્યા છે. બધા ફુલવાડી સેવો છો. એક માળ પૂરો થયો છે. બીજો માળ શ્રાવણ વદ પાંચમે મુર્હુત થાશે. બધા શરીરે સાજા નરવા રહો. ભૂલચૂક ક્ષમા. ભગવાનજીભાઈને ત્યાં કથાવાર્તા કરો છો. શરણાગતિ મંડળ લહેરમાં રહો. દ્વારકાથી સુરેન્દ્રનગર ભાવનગર વેરાવળ પોરબન્દર બધા સૌરાષ્ટ્રમાં ચાર દિવસોથી વરસાદ ઘણાં સારા છે. સૌરાષ્ટ્રમાં વર્ષ સારૂં થયું છે. જૂનાગઢમાં વરસાદને પાણીએ મકાન પાકે છે.

સેવક ભીમજી ભાણજી કોસંબાવાળા તમારો પત્ર મળ્યો. ભૂલચૂક માફ. તમારા રૂપિયા ૧૧૫૧ બધા સાથે ના મળ્યા. ભગવાનજી ભાઈને ત્યાં કોસ્ટનમાં જતા જાજો, રહેજો. **ધૂન્ય ભજન કરજો.** લેખમાં તમારા બધાના નામો લખવા શરૂ કર્યા છે. મહાપૂજાઓની રકમ ૨૮૦૨૮ અઠાવીસ હજાર અઠાવીસ થઈ છે. હવે વધારે જરૂરત નથી. ઘણું કામ થયું છે. બધાને કહેજો હવે મહાપૂજા માટે ન મોકલે.

સેવક રવજી મૂળજી ૧૧૫૧ મળ્યા. લેખમાં નામ કોતરાય છે. કવર મળ્યું. માતુશ્રીના મોક્ષાર્થે એમ ૧૦૦૧ તમારા મહાપૂજાના નામ સાથે લખાવ્યું છે. અમરોલી આશીર્વાદ લખ્યા છે. તમો ફૂલવાડીને સેવો છો. નાનજી લક્ષ્મણ પણ ફૂલવાડીને સેવે છે. ઘણું સારૂં કરો છો. સુખી રહો. **શ્રીહરિ શરણાગતિ મંડળ બધા સુખી રહો. ભગવાન પ્રગટપણે રક્ષા કરે છે.**

ભગવાનજી રાજાભાઈ તમારો લેટર ૨૯-૦૭-૮૪ નો મળ્યો. તમો ૧૧-૦૮-૮૪ પ્લેનમાં શીખર શીલા રોપવા માટે આવો છો. ઘણાં આનન્દની વાત છે. આવો પહોંચી જાઓ. કદાચ મોડું થાશે તો હરિકૃષ્ણને હાથે પૂજન કરાવવા હીરજી પેથાભાઈને અમોએ જણાવેલ છે. શ્રાવણ વદ પાંચમ, ગુરૂવાર તા. ૧૬-૦૮-૮૪ સવારે છે. તમારા વતી હરિકૃષ્ણ પૂજા કરશે. તમો આવશો ત્યારે ફરીથી પૂજન કરાશે. મુર્હૂત સાંચવી લેવાશે. ૧૧ કે ૧૨ તારીખે તમો જામવંથલી હશો. ઘણી ખુશીની વાત છે. બધા સારાવાના થાશે. લેખમાં નામો તમારી ૨૯-૦૭-૮૪ના કાગળ પ્રમાણે ફેરફાર નોંધ કરીને કોતરવા આપેલ છે. જયન્તિલાલે કેશ તેર હજાર તથા વધારે આપ્યા છે. મુકેશકુમાર પરસોતમ તુલસી ટાંક નામ ઉમેર્યું છે.

સેવક પરસોતમ લધુભાઈ ચોટલીયા તમારો પત્ર મળ્યો છે. ઉજીબેન પત્રમાં લખ્યા મુજબ લેખમાં ફેરફાર ઉમેર્યા છે. રૂપિયા બધાના મળી ગયા છે. ૨૮૦૨૮ અઠાવીસ હજાર અઠાવીસ મેમ્બરોના થાય છે. હવે બંધ રાખવા ભક્તોને કહેજો. તમોએ ફૂલવાડીને સારી સેવી છે. મુકેશકુમાર નામ ઉમેર્યું છે.

દેવજી કાનજીભાઈ પત્ર મળ્યો. જયકૃષ્ણ નામ ઉમેર્યું છે. બધાના ફેરફાર પ્રમાણે નામો ગોઠવ્યા છે. એ જ. સુખી હો. આશીર્વાદ.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. પ્રાગજીભાઈ તથા ૧૭ શ્રીહરિ શરણાગતિ ભક્તોને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

<u>પત્ર નં.-૪૦૭</u> **તારીખ : ૦૯-૦૮-૧૯૮૪**

ઘણુ જીવો ભગવાનજી રાજાભાઈ ઘણુ જીવો, શરણાગતિ મંડળ ભક્તજનો ઘણું જીવો. શ્રી શાસ્ત્રીજી મહાશંકરભાઈ તથા ઘણું જીવો મણિભાઈ મીસ્ત્રી વિગેરે કારીગરો અને ઘણું જીવો તન મન ધનથી સેવા કરનારા, ભક્તિ કરનારા બાળબચ્ચાંઓ સુખી હો, સાજાનરવા હો, ધામધૂમ ઉત્સવ કરો,

ભગવાન અને ભગવાનનાં સત્સંગવર્ગોને રાજી કરો, સેવા કરો, ઘણાં ઘણાં લાભ મળો, બધાને જય મળો, સારા આશીર્વાદો મેળવો, સુખશાંતિએ તા. ૧૬-૦૮-૮૪ નો સવારનો ઉત્સવ ઉજવો. જયજયકાર કરો.

કોઈપણ પૂજા ઈચ્છે તેમને મોટા યજમાનો સાથે ભેળવીને પૂજા કરાવો, બધાને લાભ આપો, બધાને ભગવાનનો રાજીપો આપો, શક્તિ પ્રમાણે બધા સેવકો પુણ્યકાર્ય, દિવ્યભાગમાં ફલતે હૃદયે ભળો, નાના વર્ગને અશક્ત વર્ગને, નિર્ધન વર્ગને શોક દુઃખ ન થાય, લાભ ન આપ્યો એમ ન થાય તેમ કરજો. બધા સેવકોને નામ લઈ લઈને પૂજન પછી ધન્યવાદ આપજો. આશીર્વાદો છે.

અમારા બધા આશીર્વાદો તન, મન, ધન વડે મહેનત કરનારા, સેવા કરનારાઓને, તમામને અતિ આશીર્વાદો છે, દુબળા સેવકોને તારવવા નહિં. એ જ. જય સ્વામિનારાયણ વાંચજો.

મુહુર્તમાં જેઓ જેઓ દેશ પરદેશથી આવ્યા. ઘર, ગામ, શહેરથી આવ્યા તે તમામનો જય હો. જય હો. આશીર્વાદ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૪૦૮ **તારીખ : ૧૦-૦૮-૧૯૮૪**

સેવક હરિલાલ વેલજીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો, સાજા નરવા રહો, કમાઓ, વાપરો, ભક્તિ કરો, **પ્રગટ ભગવાન તમારી રક્ષા કરો,** ફૂલવાડી બીજામાળનું શિલાપૂજન તા. ૧૬-૦૮-૮૪ના જલ્દી કરવાનું આવેલ છે. ભગવાનજી રાજાએ ટેલીફોન દ્વારા આઈસલેન્ડથી પૂછાવ્યા પ્રમાણે તેઓને ખબર મળતાં તા. ૧૨ના જામવંથળી આવશે એવા ખબર છે. જૂનાગઢ નિજભુવનનો બીજો માળ સિમેન્ટ કોંક્રેટના થાંભલાઓ ઊભા થઈ ગયા છે. વચ્ચે દિવાલો અને બીજા માલને ઢાંકણ તે બધું ભાદરવામાં થઈ જાશે, ગુલાબ પાંખડી ખાજો.

ફૂલવાડીમાં તન, મન, ધન વડે સેવા કરનારાઓને સાથે રાખીને નામ બોલીને ગેરહાજરને સંભારીને, વ્યાપક નાના મોટા

તમામ પૂજનમાં હાજરી તરીકે મહાશંકરભાઈ શાસ્ત્રીજી પ્રતિનિધિમાં સંભારીને પૂજન, શિલાપૂજન, શિલારોપણ કરાવશે એમ સમાચાર છે. તમો બધા ૧૬ તારીખે સવારે પહેલે ચોઘડીએ હાજરી તરીકે સંભારી ધ્યાનમાં ચિન્તવન કરજો. ફૂલવાડીથી પત્રો સર્વત્ર ગયા છે, મોડા મળે, ફૂલવાડીમાં ઉત્સવ ધામધૂમ થશે. આશીર્વાદ બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૦૯ **તારીખ : ૧૨-૦૮-૧૯૮૪**

દયાબેન, તૂલસીભાઈ, ધર્મેશ, ભાવેશ તથા ઉમા તથા કુટુમ્બીજનો સુખી રહો. વેલજી ભગત, મોહન ભગત, તુલસી ભગત, ભાનુ, શાન્તિ, દયા, મોહન, સંતોક તથા બાળબચ્ચાંઓ સુખી હો.

ભાનુબેન **મૂર્તિને હેતથી પૂજજો, સત્સંગ મળીને કરજો, કથા વારતા કરજો.** શ્રાવણ વદ ૧૩ની રસોઈ ભગવાન જમશું. સન્તોને જમાડશું, તુલસીભગતને જમાડશું, ૫૦ મંડળ પૂરાવશું, **લાલજીને પંચામૃતથી નવરાવજો, શરીરે ખમાય તેમ એકટાણાં કરવા, ફલ ચા વિગેરે પીવાય.** કોર્ટનું કામ ભગવાન જલ્દી પતાવશે. **૨૮૦૨૮ રૂપિયા અઠાવીશ હજાર ઉપર અઠાવીશ રોકડાની મહાપૂજા જૂનાગઢમાં દાસાઈલેન્ડ દુબઈ, આબુધાબી વિગેરેથી ૩૬૫ દિવસો કાયમ શ્રીહરિ શરણાગતિ મંડળની તરફથી ૨૮ જણા તરફથી બંધાઈ ગઈ છે, ભગવાન બધાની રક્ષા કરશે,** લેખ કોતરવા આપ્યો છે, અઠાવીશ જણાએ ૨૮ અઠાવીશ હજાર અઠાવીશ મોકલાવી દીધા છે, તે જૂનાગઢ કોર્ટ પહોંચો કઢાવી છે, ફૂલવાડી બીજા માળ કોઠલા ડેરાનું શિલાપૂજન તા. ૧૬-૮-૮૪ સવારે પહેલે ચોઘડીયે છે. ત્યાં તેઓ ધામધૂમ કરશે.

મોહન ભગત, કુંવરજી ભગત, દયાળજી ભગતને, કુટુમ્બને જય સ્વામિનારાયણ કહેજો. જૂનાગઢ નિજભુવનનો બીજો માળ ચાલુ કર્યો છે. કોંક્રેટ થાંભલા ઉભા થઈ ગયા છે.

તમો ભરત ભરવાનું કામ કરતા રહેજો. ભગવાન સારાવાનાં કરતા રહેજો, અમારા સારા આશીર્વાદ સાથે જય સ્વામિનારાયણ કહેજો, વિનેશને તમો બધા સાંચવજો, સારા સમાચાર આપજો, કેશવજીભાઈ દરરોજ દર્શન કરવા હાર લઈને આવે છે, ઘરે બધા સુખી છે. અમો સાજાનરવા છીએ, તમો બાળબચ્ચાં સાજાનરવા રહો.

ગુલાબ પાંખડી ખાજો, સુખી રહો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૧૦ **તારીખ : ૩૧-૦૮-૧૯૮૪**

સેવક કાનજી મુળજીભાઈ સોજીત્રા સુખી રહો, તમારા રૂપિયા ૧૦૦૧ મહાપૂજા સેવાના ભગવાનજી રાજા સાથે આવ્યા તે મળી ગયા છે. આ કાગળ સાથે નં. ૭૭ પહોંચ કોઠારની મોકલાવી છે. લેખ માટે ૨૮ - ૨૮ મહાપૂજાઓ લખાય છે. બધા સુખી રહો, આશીર્વાદ. ૧૦૦૧ રમેશ મગનના મકાન ખાતેના સેવાના મળ્યા છે, બહુ રાજી. મકાન બે માળ ઊભા થઈ ગયા છે, ત્રીજો હવે બંધાશે. ભગવાન શ્રીહરિ તમોને સુખી રાખો. ભગવાનજીભાઈ જામવંથલીથી આવીને રકમ આપી ગયા છે. હવે જામવંથલી બીજો માળ થવા લાગ્યો છે. ધામધૂમ સારી થઈ હતી.

નિજ મકાન બે માળ કોંક્રેટ થઈ ગયા છે, ત્રીજો માળ દિવાળી સુધીમાં થઈ જાશે. બધા સુખી આનન્દમાં છે. ફૂલવાડી બીજો માળ, પ્રદક્ષિણા, બેઠક વિગેરે ચાલુ છે. ગુલાબ પાંખડી ખાજો. બધાને જય સ્વામિનારાયણ કહેજો. જયંતિલાલ હંસરાજ ચાવડા સાથે જે જે રકમો આપી તે બધી મળી ગઈ છે, ચીજો મળી ગઈ છે. દાસાઈલેન્ડથી તથા આબુધાબી,

દુબઈ વગેરે સ્થળેથી ભક્તજનોએ જે જે રકમો, ચીજો, સેવા મોકલાવી તે બધી મળી ગઈ છે.

ધન્ય છે ઉદાર શિષ્યોને કે જેઓ વચન ઝીલી લ્યે છે. ભક્તિ, ભજન કરતા રહેજો, ભગવાનને સંભાળતા રહેજો. પૂર્વનું દાળદર પણ સંભાળતાં રહેવું તો સુખીયા થવાય, પૂર્વના તમારા ભાગ્ય કેવા મૂઠીમાં હતા તે પણ સંભાળવા, અત્યારે ઈષ્ટદેવ શ્રીહરિની કૃપાથી જાહોજલાલી પણ સંભાળવી.

ભગવાને આપ્યું છે, તમારૂં કાંઈ નથી. સારી કમાણી કરી લેવી, કુટુમ્બ સેવવું, ભગવાન ભજવા, અક્ષરધામમાં રહેવાના દિવ્ય મહેલ પણ બાંધવા ત્યાં મોક્ષમાં રહેવાય, દ્રવ્ય પુણ્ય ભેગું કરતા શીખવું, સારૂં કરવું, ભૂલ બધી તમારી માફ, તમારી ચઢતી કળા વિશ્વંભર ભગવાન કરતા રહે, આશીર્વાદો દુબઈ, આબુધાબી, આઈસલેન્ડ તમામ શરણાગતિ ભક્તોને ખૂબ આપીએ છીએ. ગુલાબ પાંખડી ખાજો, જય સ્વામિનારાયણ વાંચજો.

મનસુખ હંસરાજ રાઠોડનો કાગળ મળ્યો છે. રામજી જેઠાનો કાગળ આવ્યો છે. મધુ ધનજીની સેવા તથા પત્રો મળ્યા છે. સેવક ખીમજી રવજીનો પત્ર પણ મળ્યો છે. રૂપિયા પણ મળ્યા છે. દિનેશ ધનજીનો પત્ર મળ્યો છે. સેવા રૂપિયા પણ મળ્યા છે. દુબઈ, રમેશ હંસરાજ રાઠોડના ૧૦૦૦ થાળ નિમિતે આવ્યા. બધાનો સાથે ડ્રાફ્ટ મળી ગયેલ છે. પચીસને બદલે ૨૮૦૨૮નો ૨૮ નામો પૂરા થઈ ગયેલ છે. પત્ર મળ્યો છે. શુક્રવારે મળો ત્યારે જય સ્વામિનારાયણ કહેવા. સેવક વિસરામ ભીમજીનો પત્ર તથા સેવા મળ્યા છે. સુખી રહો, આનન્દમાં રહો, ભક્તિ કરો. જય સ્વામિનારાયણ વાંચવા. સેવાઓ મળી છે, રાજી છીએ. શાંતિલાલ કે. બગીચા, કાંતિલાલ બગીચા, શ્વેતાયનાચાર્ય ગો., રમેશ મગનભાઈ દરબાર, ભગવાનજી જીરાગઢ કાગળ મળ્યો છે, રકમ પણ મળી છે.

- કૃ.વ.આ.

પત્ર નં.-૪૧૧ **તારીખ : ૦૪-૦૯-૧૯૮૪**

સેવક હરિલાલભાઈ સુખી હો, સારાવાનાં હો, ભક્તિ કરો.

તમારા પત્ર ઉપર ટીકીટ ચોડતા ભૂલી ગયા છો. (નોટ પેઈડ થયો) તમારો પત્ર ખૂબ ધ્યાનથી વાંચ્યો, ઘણી બાબતો વાંચી, ભગવાન રક્ષા કરેજ છે, રાજ્યના ગુન્હામાં કે કમ્પનીના ગુન્હામાં ન અવાય તેવું અનુસંધાન પરદેશમાં રાખવું જોઈએ, તેમ રાખજો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

કમાણી, આબરૂ, નાણાં, દેશ, રહેવાનું બધા ઉપર પાણી ફરી જાય, દુઃખી થવાય તેવું પગલું ન ભરવું જોઈએ, હવેથી સાવધાન થતાં રહેજો, ભગવાન રક્ષા કરશે પણ ભૂલના ભોગી ન બનવું, ચેતતા નર સદા સુખી. આશીર્વાદ, સારાવાનાં હો, નાણાં મળતા રહો, ભવિષ્યનો સારો લાભ દેખાય તેમ દ્રષ્ટિ નાખીને પાછા વળવા ધ્યાન દેજો, બીજું તમોએ લખ્યું તે પણ ભગવાનના ધ્યાનમાં છે. આશીર્વાદ, સુખી હો, સારાવાનાં હો, લોકોને હંસવાનું ટાણુ ન આવે તેમ ભૂલ સુધારજો, વધારજો નહિં, એ જ.

- કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચવા

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૧૨ **તારીખ : ૧૧-૦૯-૧૯૮૪**

દાસાઈલેન્ડ, સેવકો - માવજી લક્ષ્મણ મકવાણા, અમૃતલાલ ડાયા પોરીયા, ખીમજી રવજી સોલંકી, દિનેશ ધનજી બાબરીયા, ભગવાનજી રાજા જાવીયા, પરસોત્તમ લધુ ચોટલીયા, ભીમજી ભાણજી પરમાર, રવજી મૂળજી ટાંક, કિશોર કેશવજી વસ્તા, જયન્તિલાલ હંસરાજ વશરામ રાઠોડ (આજે કાગળ મળ્યો છે) પ્રાગજી ડાયા ચૌહાણ, પરષોતમ તુલસી ટાંક, મગનલાલ તુલસી ટાંક, દેવજી કાનજી રાઠોડ, આંબાલાલ ડાયાભાઈ, હસમુખ ભગત બાબરીયા, નરસિંહ મૂળજી, રતિલાલ રવજી, રતિલાલ પ્રેમજી, એ આદિ દાસાઈલેન્ડના ભક્તજનો તથા આબુધાબી, દુબઈ સમસ્ત **શ્રીહરિ શરણાગતિ**

મંડળોને શ્રીહરિ સુખી રાખો, ભક્તિ સેવા ભજન કરો, સુખે કમાઓ, ગુલાબ પાંખડી ખાઓ, ઘર કુટુમ્બને સંભાળી પોષણ કરો, ગણેશને સંભારો વિઘ્ન ન થાય, પ્રગટ શ્રીહરિને ભજો રક્ષા કરતા રહે.

બધા ભક્તો સુખી થયા છે, ગામડીયામાંથી શહેરી રાજકુમારો નાણાં-દાણાં, યશ, આબરૂવાળા થયા છે, પ્રગટ ભગવાનનો પ્રતાપ છે. લાખોપતિ, પ્લોટપતિ, બંગલાપતિ, પૃથિવીપતિ, અપ્સરાપતિ થતા જાય છે, ઘર દેવઘર જેવા થતાં જાય છે, ચહેરા ઈન્દ્ર જેવા થતા જાય છે, જ્ઞાન ભક્તિ મુક્તો જેવા થતા જાય છે, સુખિયા શ્રીપુરૂષોત્તમ શ્રીહરિ જેવા થતા જાય છે. પ્રગટ ભગવાનને રાખશે તે પ્રગટ ભગવાનના મહેલમાં રહેશે. સુખી હો આશીર્વાદ, સોનાનાં સિક્કા સ્વપ્નમાં દેખાય, સોનેરી ભગવાન આત્મામાં દેખાય, અક્ષરધામ આકાશના બલૂનમાં દેખાય, સૂંવાળાપણું ધાબળાઓ ધૂંસાઓમાં જ દેખાય, ભગવાન હૃદયમાં દેખાય, આવો સત્યુગ બ્રહ્મયુગ તમોને આપ્યો છે. જય સ્વામિનારાયણ વાંચવા.

નાના મોટા બધાને જય સ્વામિનારાયણ. ફૂલવાડી ખીલે છે, જન્મસ્થાન ચળકે છે, રાષ્ટ્રીય ભવનમાં સાકર નાળીયેર જમે છે, બધા ભક્તોને ઘેર થાળ જમે છે, દૂધ પીયે છે, પૂજાય છે, નજર રાખે છે, ૨૮૦૨૮ અઠાવીશ હજાર અઠાવીશની મહાપૂજાઓ કોઠારે જમા થઈ ગઈ છે, શાન્તિ વધી છે, બધાની રક્ષા હો, બધાના કાગળો મળ્યા છે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૧૩ **તારીખ : ૨૫-૦૯-૧૯૮૪**

સેવકો -

૬૦ કાનજી કુંવરજી ટાંક બાલંભાવાળા,

૪૫ રમેશ રામજી લક્ષ્મણ, પ્રવિણ મોહન, મનસુખ હંસરાજ (ત્રીપુટીના)

૫૦ નાનજી લક્ષ્મણ મકવાણા,
૪૫ જયસુખ પરસોતમ રાઠોડ,
૧૦૦ શાન્તિલાલ કે. બગીચા,
૧૦૦ ગોવિંદજી નારાયણજી,
૧૦૦ ભગવાનજી રામજી રાઠોડ (જીરાગઢ),
૫૦૦ રોકડા, દિનેશ ધનજી બાબરીયા સાથે મોકલાવ્યા તે મળ્યા.

ખૂબ રાજી. બધાના પત્રો મળ્યા, વાંચ્યા, રાજી થયા, આશીર્વાદો આપ્યા છે. કંપનીઓને કામ વધારે મળો. તમોને કામકાજ મળો, લાભ હો, સેવા હો, ધનદોલત વધે, જીવનમાં સુખ પ્રાપ્ત હો, કુટુમ્બીજનો સુખી હો, બધાને માટે ગુલાબ પાંખડી પ્રસાદી મોકલાવી છે. ફૂલવાડી માટે ઘણું કરો છો, **જયન્તીતિથિ ઉજવાશે, જયન્તી મહોત્સવ ભોજનનાં ઘણાં આશીર્વાદો મળતાં રહેશે.** કારીગરોનાં આશીર્વાદો મળે છે. શ્રીજી મહારાજ તમારી ચઢતી કળા રાખે. બધાને જય સ્વામિનારાયણ કહેશો.

ઉપલી રકમોવાળા બધાનો ભેળો આ પત્ર છે. શુક્રવારે વંચાવવો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૧૪ **તારીખ : ૧૬-૧૦-૧૯૮૪**

દયાદેવી, ભાવેશ, ધર્મેશ, બાળબચ્ચાં સુખી હો. પરદેશી ભક્તોના તુલસીદાસ ભગતનાં ધામમાં જવાથી શોકના પત્રો આવે છે, બધાને ઘણો શોક થયો છે, અમોને દરરોજ કાગળો વાંચી શોક થાય છે.

તુલસીદાસ ભગત અમારા ચરણોમાં ધામમાં છે. તમો ભજન કરજો. ધર્મેશ, ભાવેશ માટે મદદ એક હજાર અમો આપશું. સુખ શાન્તિ રાખજો, બીજા ભક્તો પણ આપશે. દયાળજી ભગત, કુંવરજી ભગત વિગેરેને જય સ્વામિનારાયણ વાંચવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. **શોક કરશો નહિં, ભક્તિ કરજો, સારાવાનાં થાશે.**

આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

શા. દ. વિ. જ. સં. વિગેરે દસ ભક્તાણીઓ ફૂગાવાડી બધાને આશીર્વાદ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૧૫ **તારીખ : ૨૦-૧૧-૧૯૮૪**

સેવક મનસુખ હંસરાજભાઈ તથા બીજા **સેવક ભક્તોની ચઢતી કળા હો, ખૂબ જ સેવાઓ કરો છો, બધા ખૂબ ખૂબ સુખી હો, લાખોપતિ હો, ભગવાન ભેગા આનંદ મંગળ કરો, લાડ ખેલો, કુટુમ્બ સુખી હો,** તમોએ તા. ૨૨-૮-૮૪નું કરેલું ડ્રાફ ૧૦૦૦નું રજીસ્ટર્ડ મકાન માટે સેવાનું તા. ૨૮-૮-૮૪ ના અમોને મળી ગએલ છે, તે સેવામાં વાપર્યા છે. મકાન ત્રણ મજલા ચણતર પુરૂં થયું છે, વચ્ચેના ઓરડા વિભાગો વિગેરે અભેરાઈ લેન્ટર એવું કામ ચાલુ છે પછી પિલાસ્તર, પછી રંગકામ, પછી નળ ઈલેક્ટ્રીક પંખા, રસોડું, સ્ટોર, કોઠાર, ભંડારના રહેવાના રૂમ વિગેરે કમ્પલીટ થાશે, પછી વૈશાખમાં કે દિવાળી સુધીમાં રહેવા માટે વપરાશમાં લેવાશે. **બધા હરિભક્તોને ધન્ય છે, ફૂલવાડી શોભે છે, મંદિર ગગન સાથે વાતું કરવા તૈયારી કરે છે, ત્યાં પણ ધામધૂમ છે.**

ટપુકાકા આવી ગયા છે, વેલજી ભગત આવ્યા છે, શુકવારે બધાને જય સ્વામિનારાયણ કહેજો. જયન્તી વ. ના બે કાગળો આવ્યા છે, જય સ્વામિનારાયણ કહેવા, બીજી ઘણી સેવાઓ આવી છે, ચઢતી કળા છે, **ભગવાન આંબાની ડાળે લીલા લ્હેર કરે છે.** એ જ.

જન્મજયન્તી આરતીના છ હજાર ઉપર કાનજી મૂળજી હથુ આવ્યા છે. ૨૫૦૦ રામજી જેઠા મકાન માટે આપ્યા છે, ધન્ય હો, રાજી રાજી રાજી.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૧૬ તારીખ : ૧૭-૦૧-૧૯૮૫

ભગવાન પ્રગટ શ્રીહરિને નમઃ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમઃ

ચાવડાનાં સેવક ટપુલાલ કાનજીભાઈ તથા ચિ. પુત્ર રામલાલ ટપુલાલભાઈ તથા વેલીબેન, દમયન્તીબેન તથા કુટુમ્બ પરિવાર બધાને ભગવાન પુરૂષોત્તમ અનાદિ શ્રીહરિકૃષ્ણ મહારાજ શ્રીકૃષ્ણનારાયણ સુખી રાખો, ભગવાન તમારી નજર રાખે છે. ખાતે, પીતે, કામ કરતે, સૂતે, બેઠતે પ્રગટ ભગવાન શ્રીહરિને સંભારવા, સેવવા, દર્શન કરવા, જમાડવા, દૂધ જળ પાવાં, આરતી કરવી, ધૂન્ય ભજન કરવાં.

આ માનવ જન્મ ઘણો અમૂલ્ય મળ્યો છે. ભગવાન ઓળખાણા, સત્સંગ થયો તે તો અલૌકિક લાભ છે. કુટુમ્બ ભક્ત તે કુટુમ્બ, સ્નેહથી રહેવું, ભક્ત અને ભક્તિનો મહિમા સમઝવો. માનવદેહમાં ભગવાન મળ્યા તેથી ધામમાં જ બેઠા છીએ. એકાન્તિકી ભક્તિ કરવી, ભગવાન દીનદયાળુ છે તે ખબર રાખે છે, નજર રાખે છે, મુક્તના ભાવે વરતવું, માનવ ભાવના દોષ દબાવી દેવા અને પરદેશમાં ભક્તો છે પણ ઘરબાર, પુત્ર, પત્ની, પરિવાર માટે અને ભગવાન માટે દુઃખ વેઠીને કમાય છે તેનો પણ મહિમા સમઝવો.

પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, ભક્તિ કરજો, સંપથી રહેજો, પરસ્પર સેવા કરવી, ચાકરી કરવી અને ભગવાનને સંભાળીને કુટુમ્બમાં હળી મળીને વરતજો, બહુ જ સુખી થશો. સાસુ, સસરા, પતિ, પત્ની, બાળકો બધામાં પ્રગટ ભગવાન રહ્યાં છે તેનો મહિમા સમઝવો, અને આશીર્વાદ રાજીપો લેવો. બધાને જય સ્વામિનારાયણ, ધીરઝ રાખવી, બ્રહ્મમુકતરૂપે વરતવું.

દેહ ભેળું ભળી જાવું નહિં, ગાય ભેંસ દોવા દેશે, સુખી રહો.

પરદેશમાં બધા સુખીયા છે, સાજાનરવા છે, કાગળો આવ્યા છે, તમારી સંભાળ લેવા લખ્યું છે, પ્રગટ ભગવાન તમારી સંભાળ લ્યે છે, સૂતા

જાગતા ભગવાનને સંભારવા, ભેગાજ છે, અતિ પ્રેમ વડે દર્શન જરૂર થાય. રાજી રહેવું.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૧૭ **તારીખ : ૨૧-૦૧-૧૯૮૫**

સેવક જયન્તીલાલ શારદા, દક્ષા, કુટુમ્બી ઘરમંડળ વધારે સુખી હો, ગવર્મેન્ટનાં કામમાં લાભ રહેશે, આશીર્વાદ. **હરિકૃષ્ણ મહારાજને સેવજો, પ્રેમથી જમાડજો, પાજો, પોઢાડજો, સાંચવજો, રાજી રાખજો, તમોને મદદ કરશે. શ્રીજીરક્ષા મોકલી છે, બાંધજો, સુખશાન્તિ વરતો, સાજાનરવા રહો.**

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, સારાવાના હોજો, ભગવાન રાજી રહેજો, ખૂબ ખૂબ બધું આપજો, ઘણું ઘણું હોજો, સુખશાન્તિ આનન્દ માણજો, રાજી રાજી છીએ. તમો લખો છો તે સેવા મનીઓર્ડર આવશે તે મકાનમાં વાપરશું, મકાનમાં અર્ધું પિલાસ્તર થયું છે. કામ ચાલે છે, લાદી,નળ, વિજળી વિગેરે કામ ઉનાળામાં પૂરા થઈ જાશે. તમોને આશીર્વાદ સુખી હો, જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૧૮ **તારીખ : ૦૧-૦૩-૧૯૮૫**

સેવકો જયન્તીલાલ ભગત, ગોરધન ગોવિંદ કાચા, લાલજી મનજી રાઠોડ, ભગવાનજી ભગત, ગોવિંદજી - શ્વેતાયન મહારાજ, રામજી ભગત, નાનજી ભગત, રમેશ ભગત, જયન્તીલાલ ભગત, તીર્થવાસી દિનેશ ભક્ત, જયસુખ ભક્ત, હેમરાજ ભક્ત, કરશન ભક્ત, જયન્તીલાલ કાચા, લાલજી ભક્ત, તીર્થવાસી કાનજી ભક્ત, મનુ ભક્ત, દુબઈ મંડળ તથા

આબુધાબી તથા દાસાઈલેન્ડ ભક્તોને શ્રીહરિ સુખી રાખો, સાજાનરવા રહો, કોઈને માંદગી ન હો, બધા કમાઓ, રજીસ્ટર્ડમાં ૨૨૦૮નો ડ્રાફ મળ્યો છે.

૭૦૮ ગોરધન ગોવિંદ કાચા - જીરાગઢ, ૫૦૦ દયાળજી મૂળજી રાઠોડ - જીરાગઢ, ૧૦૦૦ જયન્તીલાલ શામજી રાઠોડ - જીરાગઢ, ભક્તો તરફથી મળ્યા, રાજી થયા છીએ. નિજભવનમાં (બાલમુકુન્દભવન) નામ અક્ષરોમાં કોતરાવેલ છે. તેમાં લાદી શાહબાદી ઘડાય છે, તેનું કામ હવે પછી ચાલું કરવું છે, તેમાં વાપરવા ૨૨૦૮ રકમ કોઠારી સ્વયંપ્રકાશ સ્વામીને ડ્રાફ આપ્યો છે, બધા રાજી છે, સેવા ભક્તિ ઘણી કરો છો. આઈસલેન્ડ, દુબઈ, આબુધાબીના જેઓ જેઓ ભક્તો આવ્યા તેઓ તેઓ સાથે સાથે બધાની સેવાઓ વારમવાર લાવ્યા છે, બધા કામ પૂરાં થયા છે.

ફૂલવાડી ભગવાનને માટે પ્રસન્ન પ્રસન્ન વરતે છે, ૩ કોઠલાઓ છજાં સુધી બારીયોના લેન્ટર સુધી ચણાયા છે, હવે પછી તેનાં માપ પ્રમાણે છજાં ફરતાં થર કાંગરાંઓ, ઘૂમટો, ઘૂમટીઓ, ત્રણ ડેરાઓનું માપ નવા મીસ્ત્રી હથૂ મપાવ્યું છે, તે પ્રમાણે ઘડતર ચાલૂ કરવા તૈયારી છે, હૂતાશિની પછી વધારે વેગથી કામ થશે. બાલમુકુન્દભવનમાં શોભાસ્પદ વેલ, ફૂલવડી, કાંગરાં, કમાનો વિગેરે થયા છે. લાદી, નળ, વિજળી ફીટીંગ વિગેરે, રંગ વિગેરે થશે. ઘણી સેવાઓ થઈ છે, પેટ ભરીને કામ ઠંડે દીલે હેતથી થયાં છે. કારીગરો બે માસથી સેવામાં આવતા જતા કામ કરે છે, આનન્દ આનન્દ થયો છે, થાય છે. **ભગવાન શ્રીહરિ રાજી છે, કાંઈ વિઘ્ન થયું જ નથી, શ્રીહરિ બેઠા બેઠા દેશમાંથી આપણી નજર રાખે છે, બધાની નજર રાખે છે, મહાપૂજાઓ થાય છે, સત્સંગીઓ રાજી છે.**

ફૂલવાડી અને નિજભવનમાં લાખોના કામો થયા છે, ૩૬૫ દિવસોની તમામ સેવાઓનાં કામ સર્વોપરી થયા છે, કારીગરોને બન્ને સ્થળે વીશ લગભગ સુધીનાંઓને આરામ, ભોજનદાન, ચોમાસામાં સમંડળ ભોજનદાન, વસ્તુઓદાન વિગેરે ખૂબજ તમો સેવકોએ ચારે તરફથી મોકલાવ્યાં છે, આવી સેવા કોઈને માટે કોઈએ કરી દેખાડી નથી એવી સેવા થઈ છે, ભગવાન તમારા બધાની રક્ષા કરે છે.

મધુ ભગત સાજાનરવા રહો, બધાને આશીર્વાદ સુખી હો, વધારે હેત વધો, **ભગવાનને સંભારતાં સંભારતાં તમામ કામકાજ જાગ્રત સ્વપ્ન નિંદ્રામાં વરતવું, દર્શન થયા કરશે.** જયન્તીલાલ ચાવડાવાળાને પત્ર લખ્યો છે, આ સેવા પહેલા સેવા આપી તેનો જવાબ લખ્યો, બધાના પત્રો આવે છે પણ જવાબ બહુ જ ઓછા લખીએ છીએ. **સારાં કામમાં સો વિઘ્ન આવે, અહીં કાંઈ વિઘ્ન નથી, શાન્તિ છે,** ગુલાબ પાંખડી શુક્રવારે સભામાં આપજો. દેશમાં બધા ભક્તો સુખી છે, જય સ્વામિનારાયણ. બધે સ્થળે બધા ભક્તો સુખી છે. જય સ્વામિનારાયણ વાંચવા કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે,બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૧૯ **તારીખ : ૨૪-૦૩-૧૯૮૫**

સેવકો - ભગવાનજી રાજાભાઈ તથા દેવજી સ્વામી, આંબાલાલ ડાયાભાઈ, માવજી લક્ષ્મણ, કિશોર કુમાર, પરસોતમ તુલસીભાઈ છ ભક્તોનો ડ્રાફ ૩૬૦૦ આજ તા. ૨૪-૧૦-૮૫ વ્રજલાલભાઈ હસ્તક મળ્યો છે, રાજી છીએ, બધા સુખી રહો. **સેવાઓ ઘણી કરો છો, લખવું પડતું નથી, વિશ્વંભરપણું સત્ય છે**. પ્રસાદી ગુલાબ પાંખડી કવરમાં બે ચાર દિવસો પહેલા મોકલાવી છે, ખાજો, બધાને જય સ્વામિનારાયણ કહેજો. અમારે સેવાઓ પૂરી થઈ ગઈ છે, કમાઓ, કુટુમ્બને પોષણ કરો, ભક્તિ કરો, આશીર્વાદ.

નિજમકાનનાં છૂટાં છવાયા કામ ઉકેલાતા જાય છે, પૂરા થયે વાસ્તુ ઉનાળામાં લેશું. બધાને જય સ્વામિનારાયણ કહેજો. દેશમાં બધાની રક્ષા ભગવાન કરે છે, સારાવાનાં છે.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૨૦ **તારીખ : ૩૧-૦૩-૧૯૮૫**

સેવકો -

૨૦૭૫ મનહર ભવાન પરમાર - મુલુન્ડ (વંથળી)

૫૧૯ વ્રજલાલ જાદવજી ચોટલીયા

૫૦૧ કાન્તિલાલ નરસીંહ રાઠોડ - જીરાગઢ,

૫૦૧ શાન્તિલાલ અમરશી મનાણી - જીરાગઢ,

૫૦૧ મોતીલાલ વેલજી ગાંગાણી

દુબઈનો ૪૦૯૭ નો ડ્રાફ રજીસ્ટર્ડ પત્ર દ્વારા મળ્યો, રાજી. તમો બધા સુખી થાઓ, બધાને આશીર્વાદ વધારે વધારે સુખી થાઓ, વધારે નાણાં મળો, **સુરત ગળાનો દુઃખાવો મટી જાશે, માનતા કરશો તો જલ્દી મટી જાશે.**

બધા ગુલાબ પાંખડી ખાજો.

ભાવના સાથે ભક્તિ કરવી, ભગવાન બધા કામ સિદ્ધ કરશે. ત્રણ ભક્તો તથા બીજા ભક્તો સંપ રાખજો. આબુધાબી, દુબઈ, દાસાઈલેન્ડ વિગેરે ભક્તોને આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, ઈન્ડિયા

•❀•❀•❀•

પત્ર નં.-૪૨૧ **તારીખ : ૧૧-૦૫-૧૯૮૫**

સેવકો - પ્રવિણ રતિલાલ, કાનજી ભક્ત, રમેશ ભક્ત, કાન્તિલાલ ભક્ત, વશરામ ભક્ત, શાન્તિલાલ ભક્ત, જયન્તીલાલ ભક્ત, ધીરજલાલ ભક્ત, મનસુખલાલ ભક્ત, રમેશ ભક્ત, આચાર્ય ગોવિંદજી ભક્ત, નાનજી ભક્ત બધાને ભગવાન સુખી રાખો, ભક્તિ કરો, શ્રીહરિ તમારી રક્ષા કરતા રહો, કમાઓ, વાપરો, માવતરને સુખી રાખો, મૂંજાશો નહિં, **ભગવાનના ભક્ત કથાવાર્તા, દર્શનનો યોગ છે તે બહુ પુણ્યનું ફળ છે. ભક્તોને સેવીને રાજી કરવા, તેમાં ભગવાન રહ્યાં છે. ભગવાનની**

ટેલચાકરી કરવી, સંપ રાખવો, સભામાં ધુન્ય ભજન કરવા, ત્યાં સરકારી કામમાં રહેવું, સરકારના વાંકમાં ન આવવું. એ જ. અહીં ચોમાસા પહેલા નિજમકાનનું વાસ્તુ લેવા વિચાર છે.

સેવક પ્રવીણ **સન્ત સમાગમે ભગવાન મળે, માયા મટાડીને મુક્ત થવા શીખવું, ભક્તોને કુટુમ્બી ગણવા, સેવવા, રાજીપો લેવો, ભક્તમાં ભગવાન રાજી થાય છે, રાજી કરવામાં સેવામાં ખામી ન રાખવી, ધામમાં જઈને ભેગૂં રહેવું છે માટે મુક્તપણે વરતવું.** એ જ.

બધાને જય સ્વામિનારાયણ, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૨૨ **તારીખ : ૧૧-૦૫-૧૯૮૫**

સેવક શાન્તિલાલ પૂંજાભાઈ તથા ભક્તજનો સુખી હો, **ભગવાનની મૂર્તિને હૃદયમાં જોઈને ઊંઘ લેવી, દર્શન કરવા વધારે શાન્તિ મળે, સેવા થાય, ભક્તિ થાય, દર્શન તો થાય જ.** તબીયત સારી હો, પગાર કામમાં લાભ ખૂબ જ હો, સરકારી વાંકમાં, કંપનીના ગુન્હામાં ન અવાય આશીર્વાદ, તમારે સાવચેત તો રહેવું, ભગવાન તમારી નજર રાખો, **સભામાં કથા-કીર્તન, ભજન-ભક્તિ કરતા રહેજો, દર્શન થતાં રહેશે. મન્દિરની સેવા, ભક્તિ, ભજન વિગેરે પુણ્યો જે કમાઈને વાપરે છે તેને ભાગે તેના કુટુંબને ભાગે જરૂર જાય છે. વિસ્તાર, વંશ, પરીવાર સુખી રહેશે.** બધાને જય સ્વામિનારાયણ કહેશો. તમોએ પત્રમાં ઘણો ભાવ, પ્રેમ જણાવ્યો છે, તે પ્રમાણે શ્રીહરિને ભજવા, સુખી હો. દેશમાં તમારૂં કુટુમ્બ સુખી છે. એ જ. ગુલાબ પાંખડી ખાજો.

કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૨૩ **તારીખ : ૧૭-૦૫-૧૯૮૫**

સેવક શાન્તિલાલ કે બગીચા, રામજી જેઠા, ગોવિંદજી નારણજી આદિક સેવકો સુખી હો, ભગવાન બહુજ રાજી છે, સાજા નરવા હો. દેશમાં આવવા ઈચ્છો, **શ્વેતાયનાચાર્યને મરજી હોય તો છૂટી મળે તેટલું આવવું, તમોને ગાદીવંશ સોંપ્યો છે, તે ફેલાવવો, સુખી હો, બ્રાહ્મણ છો દીક્ષા આપવી, ભજન કરાવવું.** દેશમાં બધા સુખી છે. ૧૬૨૦૦ - કાનજી મૂળજી દ્વારા, ૧૨૦૦૦ આબુધાબી આંગડીયા દ્વારા, ૫૨૫૦ આઈસલેન્ડ, ૧૫૦૦૦ પોરીયા બે રાઘવ પોપટ હથુ, ૭૦૦૦ મધુ ધનજી સાથે એમ સેવાઓ આવી ગઈ છે. ચોમાસા પહેલા વાસ્તુ લેવું છે, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. લાઈટ વીજળી, પંખા, ગીઝર, એરકન્ડીશન, સેવક કારીગરોને ભોજન સત્ર વિગેરે વિગેરે તથા છૂટક છૂટક ડ્રાફ સેવાઓ આવી ગઈ છે, આવતી જાય છે અને આવશે.

વિશ્વંભરને બધા ભજે છે, બહુ મોટો લાભ છે, ભગવાન રાજી થાય છે, બધાને ઘણું પુણ્ય મળો, રાજીપો મળો સન્તોષ આનંદ મળો, ટાઢુ થાઓ, ટાઢું વરતો, છોળબોળ થાતી રહો, કુટુંબને સેવો, સન્તોને રાજી કરો, ભગવાનને ભજો, મળ્યું તે વાપરો, શુદ્ધિ કરતા રહો, આનંદ ઝીલો, ધામનું સુખ લ્યો, દિવ્યતા ચાખો, મુકત કુટુમ્બ વરતો. આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૨૪ **તારીખ : ૧૭-૦૫-૧૯૮૫**

સેવકો - રમેશ, રામજી જેઠા, શાન્તિલાલ કે, શ્વેતાયનાચાર્ય, જયસુખ ભગત, રમેશ ભગત, નાનજી ભગત, જયન્તી ભગત, લાલજી ભગત, ભગવાનજી ભગત, કાન્તિલાલ, શાન્તિલાલ, વશરામ ભગત, બે પોરિયા ભગત બધા સુખી છો, આનન્દ કરો, **ભગવાનની મરજી હોય તેમ રહેવું, કમાવું, વાપરવું, કુટુમ્બને પાળવું, ભગવાનને સંભારવા, ભજવા, પ્રસાદી ગુલાબ પાંખડી**

ખાવી, શુક્રવારે ભગવાનની કથા લીલા ચરિત્ર સંભારવા, ભજન ભક્તિ કરવાં, રસોઈ જમવી, જમાડવી, પ્રસાદી લેવી, ધૂન્ય ભજન કરવું.

વાસ્તુ માટે દુબઈના સોળ ઉપર, આબુધાબીના બાર ઉપર, આઈસલેન્ડના પાંચ ઉપર તથા બે ઉપર તથા છ ઉપર તથા છૂટાછવાયા તથા પંદર ઉપર સેવાઓ મળી ગઈ છે, રાજી. વરસાદ પહેલાં વાસ્તુ લેવા વિચાર છે. **શ્વેતાયનને ગાદીપતિ ગુરૂપદ સોંપેલ છે. દીક્ષા લેવી, તે બ્રાહ્મણ ગુરૂપદે શોભે તેવા ગુણીઅલ છે, ભક્તિ કરાવવી, સેવવા.** એ જ.

લાલજી મહારાજે રંગ રાખ્યા છે, લાલજી બધે જમે છે, રક્ષા કરે છે. તીર્થમાં, ફૂલવાડીમાં, ભંડારા, પૂના, કાંદીવલી, ધોરાજી વિગેરે પવિત્ર હરિભક્તોની રક્ષા કરનારા, જમનારા ભગવાન સેવા સ્વીકારે છે. ઊંઘમાં ભગવાનને સંભારતા સુવું, દર્શન થાય, બધાને ઘરે રક્ષા કરે. એ જ. જય સ્વામિનારાયણ.

વશરામ લક્ષ્મણ તથા દિનેશ અહીં આવ્યા છે.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૨૫ **તારીખ : ૨૦-૦૫-૧૯૮૫**

સેવકો - રતિલાલ હં., અમરશી ટપુ, રતિલાલ લાલજી, હરિલાલ વેલજી, નારણ મોહનભાઈ તથા છગનલાલ મૂળજીભાઈ તથા કાન્તિલાલ પરસોતમ, ભરતકુમાર અમરશી તથા બાબૂલાલ, જમનાદાસભાઈ વિગેરે ભક્તોને શ્રીહરિ સુખી રાખો. ભજન ભક્તિ કરો, ગુણગાન કથાવાર્તા કરો, દેશમાં બધા સુખી છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.અપાર કૃપા છે, સુખી છો. ભગવાનના સુખ આગળ ત્રિલોકીના સુખ ઉકરડા જેવા છે. કંપની ત્યાં રોકે ત્યાં સુધી રોકાજો, કમાઓ, વાપરો, માવતરને રાજી કરો, બધાં સારાવાનાં હો, બધા કરતા તમારૂં ઘર નાણાં, દાણાં, ભક્તિમાં ચઢીયાતું છે. પરીવાર સુખી છો, અક્ષરધામનો દિવ્ય આનન્દ અનુભવો છો, ધન્ય છે તમારા

જન્મને, મા-બાપને, કુટુમ્બને, બાળબચ્ચાંઓને ધન્ય છે, સુખી રહો, ભગવાન રક્ષા કરે છે, આશીર્વાદ, કાંઈ જોઈતું નથી, હેત મોંઘુ નાણુ છે, તે દેવું, સેવાઓ તો ઘણી થઈ જાશે. આત્મા, દીલ, સાક્ષી, પરમાત્મા, હેત એ પાંચની મૂર્તિ હૃદયાકાશમાં બ્રહ્મમાં બેઠી છે, તેમાં વરતવું. બધા નિજ મકાનની સેવાઓ કરી ગયા, મકાન પુરૂં થયું છે. ચોમાસા પહેલા વાસ્તુ લેવા ઈચ્છા છે. કાલાઘેલા બાળકોને વરસતાં હૃદયે આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

અમરશી સુખી રહો, અન્તર શત્રુ નહિં નડે, બળ વધારે રાખવું, મુક્તપણે વરતવું, બધૂંય ભગવાનનું છે, ભગવાને આપેલું છે, બધા પત્રો વાંચીને આજે આ આશીર્વાદો લખ્યા છે. સુખી રહો, વિશ્વંભરને કાંઈ જોઈતું નથી, છતાં બધુ જોઈએ છીએ, ભક્તોને જોઈએ તે ભગવાનને જોઈએ, ભક્તોનું ભગવાનનું એક જ છે, માટે સત્સંગ વધારવો, દિવ્યભાવ વધ્યો જ છે. તન, મન, ધન, ભાવના, વિશેષ ગુણો, સદ્‌ગુણો વડે ભગવાન રાજી છે, દાસ ભક્તિ ઉત્તમ છે, કરતા રહેવી.

આશીર્વાદ બધાને જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. ટપુકાકા આનન્દમાં છે, કામકાજે ગામડે ગયા હતા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૨૬ તારીખ : ૨૦-૦૫-૧૯૮૫

સેવક જયન્તીલાલ હંસરાજ વશરામ ચાવડાવાળા, સુખી હો, તમો ભગવાન ભજો છો, સેવા કરો છો, પરદેશમાં પણ ભક્તિ કરો છો, ભગવાનને સંભારો છો, દર્શન ઈચ્છો છો, કમાણીમાંથી સેવાઓ કરતા રહો છો, ભાવનાભર્યા સ્તુતિપત્રો લખો છો. ભગવાન શ્રીહરિ તમારા મનોરથો પૂરા કરો, આશીર્વાદ. ખૂબ જ ભક્તિ કરવી, છૂટી મળે સાજા નરવા દેશમાં આવો ત્યારે પણ પવિત્ર કમાણી સેવાઓ તો કરવી, જેથી આત્માના ઉદ્ધારના

સાધનો વધે ફળરૂપ થાય, મૂર્તિમાં જોડાવાય અને રાજીપા વડે ધામના સુખનો લાભ થાય, મુક્ત થવાય, માયા ટળે, ભાવના ફળે અને ભગવાનના ચરણોમાં રહેવાય, શ્રીહરિની અખંડ સેવા થાય, ધામમાં પણ મહામુક્ત થઈ સેવા થાય. શ્રીહરિને ભજજો અને સત્સંગ વધારજો, બધા મનોરથો ભગવાન પૂરા કરો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, પૂજા કરેલી પ્રસાદી ખાજો અને શ્રીહરિને હૃદયમાં સંભારજો, છતે દેહે અક્ષરધામના આનંદસુખને પ્રાપ્ત કરશો, ઈયળમાંથી ભમરી થાય તેમ મૂર્તિના સુખ સાગરના સેવક થશો, કાયા પલ્ટી જાય અને મુક્તસ્થિતિ વરતે એવા ભક્ત થવું. એ જ.

જય સ્વામિનારાયણ વાંચવા.

મનુ છૂટી ગયો, નવીન પણ છૂટી ગયો હશે, આશીર્વાદ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૨૭ **તારીખ : ૨૦-૦૫-૧૯૮૫**

સેવક શાન્તિલાલ ભગત કુટુમ્બ સુખી હો. સુરત બધા સુખી છે. તમો વધારે સુખી થાઓ. તમો સાવચેતીથી કામ કરજો. ભગવાન રક્ષા કરતા રહો. વાંકમાં આવેલ જન રાજયનો ગુન્હેગાર ન થાય એવા આશીર્વાદ વાંચવા. ભૂલચૂક માફ. કમાઓ વાપરો કુટુમ્બને રાજી રાખો. **ભગવાનને સેવા વડે રાજી કરવા.** તમોએ લખ્યું તે બધુ વાંચ્યું. રક્ષા થાય, ઉંઘવુ ત્યારે ભગવાનને સંભારતા રહેવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. **શ્રીજી રક્ષા ગળામાં કે પુજામાં રાખજો. દુઃખ ન આવે. નાણાં વડે પુણ્ય તો કરતા રહેજો.** સારાવાનાના આશીર્વાદ સાથે જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૨૮ **તારીખ : ૩૦-૦૫-૧૯૮૫**

સેવકો - રમેશ હંસરાજ રાઠોડ, દુબઈના ભક્તજનો, કાનજી ભગત, વિસરામ ભગત, શાન્તિલાલ વાઢેર પોરીયા, જયન્તીલાલ તથા ભગવાનજી તથા બન્ને ધીરજલાલ ભગત તથા રતિલાલ ભગત, ખીમજી રવજી રાઠોડ, મહાસુખાનન્દ મનસુખ ભગત, દુબઈ નવા ભક્તો આબુધાબીના આચાર્ય દેવ તથા શાન્તિલાલ બગીચા તથા રામજી, ભગવાનજી, તથા મનુ ભગત તથા પ્રવીણ તથા નાનજી ભગત તથા લાલજી ભગત, આદિ આદિ દુબઈ, આબુધાબી, બેહરીન, દાસાઈલેન્ડના શ્રીહરિ શરણાગતિ ભક્તજનોએ જય શ્રીહરિ વાંચવા.

રમેશને પત્ર નથી લખાયો જેથી ખાસ આજે લખેલ છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, **ભક્તિ કથાવાર્તા વધારે કરજો, વિશ્વંભરને સેવા કાંઈ જોઈતી નથી, ભગવાન રાજી છે, કથા અમૃત પાન કરતા રહેવું, સંભારવા, દર્શન થાતાં રહેશે. ભાવના પ્રમાણે ભક્તિ વધારવી,** રમેશે જીરાગઢના કાન્તિલાલ સાથે મોકલાવેલ પત્ર મળ્યો, વાંચ્યો, આશીર્વાદ આપ્યા છે. તમો લખો છો તે ઉત્તમ ભક્તિ છે, કાંઈ કરવું બાકી નથી રહેતું, શ્રીહરિ રાજી છે. **જીવપ્રાણી માત્રના સ્વામી રક્ષણકર્તા ભગવાન છે તેને સેવવા,** દેશમાં આવો ત્યારે વધારે ભક્તિ સેવા કરવી, રમેશ હંસરાજને ઘણાં આશીર્વાદો, જય સ્વામિનારાયણ.

૧૨૦૦૦નું લીસ્ટ કાગળો, ચાર્જીંગ બેટરી તથા ૧૦૦૦નો ડ્રાફ આરતી તથા ૪૪૨ આબુધાબી તથા ૧૦૦૦ રોકડા તથા ૧૪૧૬ દુબઈના વિગેરે મળ્યા, રાજી રાજી છીએ. બધા આનન્દમાં રહો, શુક્રવારે સભામાં ગુલાબ પાંખડીઓ ખાજો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

પત્ર નં.-૪૨૯ **તારીખ : ૩૦-૦૫-૧૯૮૫**

સેવક - કાનજીભાઈ તમારા બન્ને પત્રો તથા ડ્રાફ મળ્યા, રોકડ રકમો મળી, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો. શુક્રવારે સભામાં આશીર્વાદ તથા જય સ્વામિનારાયણ કહેવા, સેવકો - કાનજીભાઈ, વશરામભાઈ, ભીમજીભાઈ, શાન્તિલાલ વાઢેર, જયન્તીલાલ, બાબૂલાલ, મોહનલાલ, દામજી ભગત, કિશોર ભગત, ધીરૂભગત, અમરસી આદિને જય સ્વામિનારાયણ. કાગળ સાથે ડ્રાફ ૧૦૦૦ દર શુક્રવારે સભામાં આરતીના મળ્યા, રાજી. **જે માંગો છો તે વરદાન મળશે, ભક્તિમાં ખામી ન રાખવી.** જીરાગઢના ભગત કાન્તિલાલ આજે તીર્થમાં દર્શન કરવા ગયા છે, કાલે સવારે જામવંથળી જાશે. પછી જીરાગઢ જાશે, સેવક સારા છે. જેઠ સુદ એકાદશીથી જીણા છૂટા છવાયા વરસાદના મંડાણ થયા છે.

વરસાદ ચોમાસુ દેખાવા માંડ્યું છે તેથી વાસ્તુ નિજ મકાન માટે કોરાડું થાશે ત્યારે કરાશે. રંગકામ ઓગળે તે ઠીક નહી તેથી સૂકાવા દેવું જોઈએ. વાસ્તુ મોડું થાય એમ જણાય છે.

બીજો પત્ર આબુધાબી, શાન્તિલાલ બગીચા, શ્વેતાયનાચાર્ય, રામજી ભગત, કાનજી ભગત તીર્થ, નાનજી ભગત, વિસરામ ભગત, મનસુખ ભગત, જયસુખ ભગત, રમેશ, જયન્તી ભગત, શાન્તિલાલ વાઢેર, પ્રવીણ ભગત, મનુ ભગત, મોતી ભગત, દુબઈ કાન્તિલાલ જયંતિલાલ જીરાગઢ, વ્રજલાલ ભગવાનજી, વજુભાઈ, કરશન ભગત, દયાળજી ભગત, ભીમજી, ખીમજી, દિનેશ, કાન્તિલાલ, રણછોડ, લાલજી ભગત આદિકને આશીર્વાદ, જય સ્વામિનારાયણ, બધા સુખીયા રહો. કાન્તિ, શાન્તિ, મોતી ભાગવતી દીક્ષાવાળા છે, તબીયત સારી થાઓ, દર્શન થયા કરો, બાર હજારનું લીસ્ટ લખી લીધું છે, આનન્દ છે.

પત્ર નં.-૪૩૦ **તારીખ : ૦૩-૦૮-૧૯૮૫**

સેવકો - જયન્તીલાલ હં. વ. રાઠોડ, મનુ, નવીન વિગેરેને ભગવાન રક્ષા કરો, સાજાનરવા સુખી રહો, જલ્દી સારાવાના હો, નવીન જલ્દી છૂટે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. તમારી સેવાઓ પહોંચી છે, આઈસલેન્ડની સેવા ૨૦૦૦ રામજી જેઠા મકવાણા સાથે મળી છે, એમ ભગવાનજી રાજાને કહેજો. આહીં વરસાદ ઘણાં સારા છે, વર્ષ સારૂં થાશે, ભક્તિ કરજો, શુક્રવારે બધાને જય સ્વામિનારાયણ કહેજો.

જૂનાગઢ અમારા નવા મકાનનું વાસ્તુ પૂજન, હવન, ભોજન આદિ વિધિ બીજા શ્રાવણ સુદ ૧૩ બુધવાર, તા. ૨૮-૮-૮૫ ના દિવસે રાખવામાં આવેલ છે, ઉત્સવ ઉપર જરૂર આવવું, શરીરે - મનવડે - ભાવના વડે - સ્નેહ ભક્તિ વડે પણ આવવું, પાંચ માળાઓ ફેરવજો, શુક્રવારે ઉત્સવ કરજો. એ જ. આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચશો. બધાને જય સ્વામિનારાયણ કહેજો.

સમંડળ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ભારત.

•❀•❀•❀•

પત્ર નં.-૪૩૧ **તારીખ : ૦૫-૦૮-૧૯૮૫**

સેવક પ્રાગજી રણછોડ તથા ભગવાનજી કુંવરજી, શાન્તિલાલ કુંવરજી તથા અરવિન્દ મનજી બાબરીયા તથા વિનોદ ગંગદાસ, દામજી ગંગદાસ, રામજી કાનજી, મોહન નાથુ, દયારામ નાથુ, ગોવિંદજી કુંરજી તથા ત્યાં કમાતાં **હરિભક્તો શરણાગતિ સેવકો બધા સુખી રહો, ખૂબ જ કમાઓ, માવતરને કુટુમ્બને રાજી કરો, દ્રવ્ય શુદ્ધિ કરો. ભક્તિ કરો, અધિક શ્રાવણ માસમાં વધારે માળા કરો.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. તમારા પત્રો મળ્યા છે, દેશમાં વરસાદ સારા છે, ઘર કુટુમ્બો બધાં સુખી છે. આશીર્વાદ લ્યો, અધિક શ્રાવણ માસમાં ભજન વધારે કરો, બાળ બચ્ચાંને સાંચવજો.

જૂનાગઢમાં સ્વામિનારાયણ મંદિરમાં આપણા નવા મકાનનું વાસ્તુપૂજન હવન, ભોજન વિગેરે બીજા શ્રાવણ સુદ ૧૩ ને બુધવાર, તા. ૨૮-૮-૮૫ના દિવસે રાખેલ છે, તે દિવસે પૂજન ભક્તિ કરજો, સુખી રહો.

- સમંડળ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જય સ્વામિનારાયણ વાંચજો.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ગુજરાત, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૩૨ **તારીખ : ૦૮-૧૦-૧૯૮૫**

સેવકો હરિલાલ, રતિલાલ, રતિલાલ લા., અમરશી, છગનલાલ મૂ., નારણ મો., ભરત અમરશી, બાપુલાલ ગોવિન્દ, કાન્તિલાલ પ., જમનાદાસ દ. આદિ શરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો. **શ્રીહરિ શરણાગતિ મંડળને ટેકે વાસ્તુ ઘણું શોભ્યું. તમો સર્વત્ર પરદેશમાં બધેય સેવકો જમ્યાં છે, સમૈયો સારો થયો, ત્રણ કલાકનો વીડીયો રેકર્ડ ઉતરાઈ ગયાં છે, વર્ણન લખવું પડે તેમ નથી,** આબુધાબી કે બીજેથી મંગાવી લેજો, રામજી જેઠાને ગોવિંદજી નારણને સાથે છે ત્યાંથી ઉતરાવી મંગાવી લેજો. વીડીયો કેસેટ જ્યાં જ્યાં હોય ત્યાં ખર્ચ કરી ઉતારી લેવરાવજો. તમો એકબીજા તે કામ પરબારૂં કરજો. સુખી રહો, આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

-કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ભારત.

•❀•❀•❀•

પત્ર નં.-૪૩૩ **તારીખ : ૦૫-૧૧-૧૯૮૫**

સેવકો વીસરામભાઈ શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી હો. ભગવાનજી રાજા તથા જયન્તીલાલ હે. વ. તા. ૪ બપોરે જૂનાગઢ દર્શન કરી સાંજે જામવંથળી પહોંચી ગયા છે, વીડીયો કેસેટ ઉત્સવની ઉતારશે,

મોટો સમૈયો કરશે. બધા સુખી હો, ગુલાબ પાંખડી ખાજો. ૬-૧૧-૮૫, બુધવાર જન્મજયન્તી નવું વર્ષ બધાને લાભમાં હો. એરકન્ડીશન આવી જાશે, થઈ જાશે, જયન્તી પોરીયા કેશ મોકલાવાના છે, તે પણ સેવા હવે કરી શકશે, સેવા હ.ક. નામવાર લીસ્ટ આવશે તે નોંધી લેશું.

નવા વર્ષના આશીર્વાદો - લાભ, આરોગ્ય, કમાણી, ભક્તિ, આત્મદર્શન, ભગવાન સેવા, શ્રીહરિ શરણાગતિ મંડળમાં હેત બધું સારૂં વધો. ફૂલવાડી ખુશી ખુશી છે, શિખરો માટે તૈયારી છે, પ્રગટનો આશરો મોટી ચીજ છે. વાસ્તુ, શરદપૂનમ, જન્મ જયન્તી ત્રણ વીડીયો કેસેટ થઈ છે, બધીમાં ભગવાન સાથે છે, દર્શન કરવા, સાંભરવા, શ્રીહરિ શરણાગતિમાં પરસ્પર મંગાવવી, ઉતારવી. આંધ્રના નારાયણ ભક્ત ચઢતી કળામાં હો, સભામાં શુક્રવારે કથાવાર્તા કરવી, સંકલ્પ પ્રમાણે સેવા કરવી, વિશ્વંભર ભગવાન રાજી પરિપૂર્ણ છે. કાનજી ભગત, રમેશ, રતિલાલ, જયન્તી, ભગવાનજી, વિસરામ, કિશોર, મનુ, રતિલાલ, રામજી, પ્રવીણ, નરસીંહ, ધીરૂ આદિ ઘણા સુખી હો. **તન, મન, ધન, પરીવાર, નાણાં, કીર્તિ વડે સુખી હો. લાલો હિંડોળે હીંચકે.**

બધાને જય સ્વામિનારાયણ. મૂર્તિને જમાડજો, પૂજજો, પાજો, ઝુલાવજો, સાંચવજો, તે તમોને સાંચવશે. એ જ.

- શ્રી કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન - ૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૩૪ **તારીખ : ૦૮-૧૧-૧૯૮૫**

સેવક પ્રવીણ મોહન ચૌહાણ - આબુધાબી સુખી રહો. તમારો પત્ર જયન્તીલાલ સાથે મળ્યો, વાંચ્યો, રાજી. પૂરૂં સરનામું જોઈને ઉત્તર લખ્યો છે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. સુખી રહો, સેવા કરો છો, કરતા રહેજો, બધાને નવા વર્ષના જય સ્વામિનારાયણ. **ખૂબ જ કમાઓ, ભક્તિ કરો,**

વીડીયો કેસીટ જોજો. જન્માષ્ટમી, વાસ્તુ અને શરદપૂનમ તથા જામવંથળીની કેસીટો જોવી સાંભળવી. એ જ. રાજી.

શ્રીહરિ શરણાગતિ મંડળ દુબઈ, આબુધાબી, આઈસલેન્ડ વિગેરે બધાને જય સ્વામિનારાયણ કહેવા. સુખી રહો તથા કાનજીભાઈ સોજીત્રાએ શ્રીજી રક્ષા મંગાવી છે તે કિશોર માટે છે. પરસોતમ ગોહિલ તેને આપજો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન - ૨, જૂનાગઢ, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૩૫ **તારીખ : ૦૮-૧૧-૧૯૮૫**

સેવક હરિલાલ વેલજીભાઈ તથા રતિલાલ હંસરાજ તથા રતિલાલ લાલજી તથા અમરશી તથા છગનલાલ તથા શાન્તિલાલ તથા ભરત કુમાર તથા જમનાદાસભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળના તમામ ભક્તોને આશીર્વાદ, નવા વર્ષના જય શ્રીસ્વામિનારાયણ. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. **સાધુ તે ભૂલાય તો ભગવાન ભૂલાય માટે બન્નેને ન ભૂલવા.** વાસ્તુ, ગુરૂપૂનમ, શરદપૂનમ, જન્મજયન્તીના વીડીયો કેસેટ ઉતરાવવા અને જોવા આ બાબત ફૂલવાડીએથી કરાવશો તો થાશે.

બીજુ કે ડૉક્ટર પ્રફૂલ્લભાઈ ત્રણે ડૉક્ટર ડૉક્ટ્રાઈન આવ્યા. સંધ્યા આરતીએ ૧ કલાક રોકાણા. સત્કાર, ચા-પાણી થયા, રાજી થયા, જેતપુરના રહેવાસી જેમને અમો ઓળખીએ, મન્દિરની શેરીમાં જ દુકાન હતી, જૂની ઓળખાણ હતી. સમ્પત્તિ સેવા બોલ્યા પણ અમોએ માળા ફેરવવા કહ્યું. તેઓ રાજી થયા. એ જ. ભગવાન તેમની ઈચ્છાઓ પૂર્ણ કરો. બધા તમો નવા વર્ષના અમારા આશીર્વાદો તથા જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન - ૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૩૬ **તારીખ : ૦૨-૧૨-૧૯૮૫**

સેવકો - હરિભક્તો, હંસરાજભાઈ વિગેરે કુટુમ્બીઓ પરીવાર તમામ બાળબચ્ચાંઓને શ્રીહરિ પ્રગટ ભગવાન સદા સુખી રાખો.

ચિ. જયન્તીલાલ દમયન્તીના શુભ વિવાહ.

તથા

ચિ. મગનલાલ દયાકુમારીનાં શુભ વિવાહ.

ઘણાં સારા ધામધૂમે નિર્વિઘ્ન હો.

બન્ને દમ્પતીઓનાં જીવન સંપ, શાન્તિ, પ્રેમ, સમૃદ્ધિ, આરોગ્ય, ધન, દોલત, સમ્પત્તિ, યશ, કીર્તિમાન, સન્માન, ભક્તિ, ધર્મ, પુણ્ય, સત્કાર્ય, સારી કમાણી, લાભ હો, સારા આશીર્વાદ છે.

નવા વર્ષના ઘણાં આશીર્વાદ છે સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

- સમંડળ, શ્રી કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન - ૨, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૩૭ **તારીખ : ૦૩-૧૨-૧૯૮૫**

દુબઈ સેવકો - કાનજી મૂળજીભાઈ, **શ્રીહરિ શરણાગતિ મંડળે જન્મ જયન્તી ધામધૂમે ઉજવી, અમો ઘણા રાજી થયા.** વિડીયો કેસેટ આવશે ત્યારે જોશું. ફૂલવાડી ભાગ્યશાળી છે, સવા લાખ રૂપિયા મોકલાવ્યા તે મળી ગયા છે. જયન્તી, ભગવાનજી, વશરામ, રમેશ, પ્રવીણ પાંચે જન્માષ્ટમી ખર્ચ ઉપાડ્યો, અમો બહુ જ રાજી છીએ. તમોને કમાણી મળો, સાજાનરવા રહો. સાડા ત્રણ ધીરામની આરતી જયન્તી, ભગવાનજી, વશરામ ત્રણ ભક્તોએ ઉતારી, ઘણા રાજી. **ગોવિંદજી શ્વેતાયનાચાર્યને ઘેર પ્રગટ ભગવાનની ગાદીની આરતી સાંજ સવારે દરરોજ ઉતરે છે,** તેના ભાઈઓ આજે અહીં દર્શને આવેલ છે, બધા ખુશી મજામાં છે.

ધોતીયાનું બીલ લીસ્ટ મળ્યુ નોંધ લીધી છે. જયન્તીલાલ હંસરાજ,

વશરામ સાથે આવેલા તમામ રૂપિયા મળી ગયા છે. ભગવાનજી રાજા આહીં આવીને હાથોહાથ (બેતાલીશ) તથા એક બે વધારે (ચુમાલીશ) એમ આવી ગયા છે. એરકંડીશન જોવા બધા અમદાવાદ, સુરત, મુંબઈ જઈ આવ્યા છે, સારૂં ઉતમ મળશે તે ઠેકાણેથી અથવા પરદેશથી મગાવીને પોતે ફીટ બેસાડી જશે, હમણાં વિવાહોમાં જાવા આવવાનો વ્યવહાર સાંચવે છે. પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, ભક્તિ કરજો, શુક્રવારે બધાને જય સ્વામિનારાયણ કહેજો.

આરતીનો ચઢાવો ૩૫ તે નોંધમાં લીધેલ છે. ધોતિયા, પૂજા, થાળી, આરતી, જન્મજયન્તી ખર્ચ વિગેરે નોંધમાં લખી લીધા છે.

નવા વર્ષના દુબઈ, આબુધાબી, આઈસલેન્ડ શ્રીહરિ શરણાગતિ મંડળને ખૂબ ખૂબ જ આશીર્વાદ, વધારે કમાણી મળો, વધારે આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૩૮ **તારીખ : ૦૫-૧૨-૧૯૮૫**

સેવક વિસરામ ભીમજી હાલાઈ કુટુમ્બીજનો સુખી રહો, શ્રીહરિ શરણાગતિ - દુબઈ, આબુધાબી, આઈસલેન્ડ ગુરૂભાઈઓ બધા સુખી હો. નવા વર્ષના ખૂબ જ આશીર્વાદો છે.

અફસોસ મટાડી દેવો, બીજી મૂર્તિઓ લઈને પૂજા કરવી, **માળા ફેરવવી, ભક્તિ કરવી, ભગવાનની મરજી હોય તેમ થાય, અફસોસ મટાડી દેવો. પાંચ માળાઓ દરરોજ વધારે ફેરવવી, ઊંઘ આવો, શાન્તિ રહો, ફફડાટ મટી જાઓ. ભક્ત કહે તેમ ભગવાન કરે, ભગવાને કર્યુ તે સાવચેતી માટે કર્યુ.** આશિર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન - ૨, જૂનાગઢ.

પત્ર નં.-૪૩૯ **તારીખ : ૧૭-૧૨-૧૯૮૫**

સેવક રામજી તુલસીભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો. તમો બધાને જય સ્વામિનારાયણ કહેજો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. **તમારી ભેગા છીએ, તમારી રક્ષા કરીએ છીએ, ભજન કરજો.** સાજા નરવા રહેશો. એ જ.

રામજી તુલસી	તુલસી મનજી
રામજી જેઠા	મોહન ભગત - બે
શાન્તિલાલ - ત્રણ	નાનજી ભગત
કાનજી ભગત	પોપટ ભગત

બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ. ભગવાનજી હીરજી કાચા - જામવણથલીવાળાને જય સ્વામિનારાયણ કહેવા.

- શ્રી કૃ.વ.આ.

પત્ર નં.-૪૪૦ **તારીખ : ૧૯-૧૨-૧૯૮૫**

સેવક દેવસી વસતા જાવીયા કુટુમ્બ સુખી હો, દેશમાં બધા સાજાનરવા છે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

એક વૃક્ષમાં એક જીવ છે, જ્ઞાન શક્તિ આખા વૃક્ષમાં છે, ડાળ કપાય તેમાંથી જીવની જ્ઞાનશક્તિ મૂળ વૃક્ષમાં ખેંચાઈ જાય છે. કમલ છોડવાનું ભોથુ, મૂળવાળી ધરો, ગાંઠોવાળી કાતરીયુ, બધા ઝાડ છોડ વેલુ વગેરે જોંઈટમાં એક જ જીવ છે, જ્ઞાનશક્તિ ફેલાયેલી છે. ડાળની છોડ, કલમ કપાય ત્યારે તેમાં બીજો જીવ અને પ્રાણકર્મ પ્રમાણે આવે છે, સુખ દુઃખ ભોગવે છે, એક જ જીવના બે કટકા થયા અને કટકાઓમાં તેનો તે જીવ આવતો નથી. પૃથ્વીના તળના થરમાં અગણીત જીવો સૂક્ષ્મ રહ્યાં છે તે તે કટકાઓમાં આવે, પ્રાણ આવે તે જન્મ લીધો કહેવાય પછી જીવ તેમાં વસે જુદુ ઝાડ થાય એમ સૃષ્ટિની રીત એક જ શરીરમાંથી બીજા શરીરો થવાની રચના ભગવાને કરી છે.

વરાહ, મચ્છ, કચ્છ જેવું કામ તેવુ રૂપ ધરીને અવતરી પોતે તે કામ કરીને વયા જાય છે અને અવતારી તેમાં શક્તિ મેલીને કામ પાર પાડે છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ અવતારી છે અને અનેક પ્રકારે મનુષ્ય, સંત, ગુરૂ, આચાર્ય પંડીત વિગેરે કામ કરીને અદ્રશ્ય થાય છે. અવતારી ઓળખવા તેને ભજીને ધામમાં જવું એમ રીત છે.

જુદા પ્રકરણ હોય ત્યાં શિવ, વિષ્ણુ, નારાયણની એકતા બતાવેલ હોય. અવતાર અવતારીની એકતા બતાવી હોય તો જ ઉપાસના ઉંચી થાય માટે સમજણ સર્વોપરી, પરબ્રહ્મ સર્વોપરી, ધામ સર્વોપરી, ભક્ત સર્વોપરી કાયમ સૃષ્ટિને આપવા માટે જ લખવાની મહેનત કરી ગયા છે. નાસ્તિક્તા ન આવવા, અવતારીમાં અવતારને સામેલ કર્યા છે. બુદ્ધિ હોય તેટલુ સમજે, ભજે તે ધામ મેળવે. એ જ.

- શ્રી કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૪૧ **તારીખ : ૦૨-૦૧-૧૯૮૬**

તીર્થના અનાદિ શ્રીકૃષ્ણનારાયણના વિશાળ ગગનગામી બ્રહ્મપેલેસ નિજનિવાસ રૂપ, સ્વર્ણ શિખરોવાળા મન્દિર માટે કટિબદ્ધ રહેવું.

''પૂર્વમાં વધારે ઉત્તમ''

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૪૨ **તારીખ : ૧૬-૦૧-૧૯૮૬**

શ્રીહરિ શરણાગતિ મંડળ.

કુંવરજીભાઈ પ્રમુખ - સુરત બધા સુખી હો. **ભક્તિ કથાવાર્તા ધુન્ય ભજન કરતાં રહો, સત્સંગ વધો વધારો** આશીર્વાદ, રાજી, રાજી, રાજી, તમારો પત્ર વાંચ્યો, સુખીયા રહો. કમાઓ - વાપરો, લલિતકુમાર, રા.પુ.પ્ર. ખૂબ સુખી હો.

ભગવાનના આશીર્વાદ. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. **ધામમાં ભગવાન પાસે રહેવું છે. મન્દિર કરો. ભજન ભક્તિ કરો, કરાવો.** શંકરનગર સોસાયટીમાં ૩૮૦૦૦નો પ્લોટ રાખ્યો છે. બહુ પુણ્યશાળી ખુલ્લી જગ્યામાં વિકાસ થાશે. ૩૦૪ નંબર પ્લોટ તમોને જીવાત્માઓને ભક્તિનો લાભ આપનારો થાશે. વીડીયો જોયો. સુખી થયા. વધારે વીડીયો જોવો. કેફ રાખવો. ભાઈ સમજીને વેતન આપશે, રાહત રહેશે. આશીર્વાદ. **સારૂ કામ મળીને કરો સમૂહબળથી કામ સારૂં થાય. શરણાગતિ મંડળ નામે વહિવટ કરનારાઓ વિગેરે ચોખવટ સારૂં કરવું.**

ભાઈલાલ રાજા, ખીમજી ભગત ચાવડા, ભગવાનજી જીરાગઢ, કાન્તિલાલ, જયન્તિલાલ, ચન્દ્રકાન્તભાઈ, મોહન ભગત, નારણ ભગત, મોહનલાલ ભીલાડ, પ્રેમજીભાઈ, વલ્લભ ભગત, તુલસી ભગત, હીરજી ભગત, આ બધા જૂના સત્સંગીઓ સારા છે. **મંડળ વધારજો, સારૂં કરજો.** આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૪૩ **તારીખ : ૧૯-૦૧-૧૯૮૬**

માનવોએ પોતાનો માનવ જન્મ અંતિમ જાણી મોક્ષ માટે યત્ન કરવો, ભગવાન સ્વઈષ્ટદેવ પ્રાતઃ સ્વયં સદા સંભારવા, ભજવા. ગુરૂદેવ, સન્તજન, પૂજનીય વૃદ્ધોને યાદ કરતા રહેવા. પરોપકાર, સેવા, મદદ, દાન કરતાં રહેવા. આ વિધિ શાસ્ત્રીય છે.

માયા તજવી, માયિક તત્વોમાંથી નિરાળુ નિર્લેપ રહેવું. માયા, અવિદ્યા, અજ્ઞાન જાય. અહંમમતા, માનસબન્ધન, વિષય લૂબ્ધતા, તૃષ્ણા, વિલાસ, વિવિધ ઉપાધિઓ વૃથા જાણી તજવા.

સર્વે ચેતનોમાં વિરાજમાન અન્તર્યામી પ્રભુને અન્તરની આંખ્યો વડે જોતા રહેવા. બધા ચેતનો આપણા મિત્ર છે, આપણને શુદ્ધિમાં રાખવા-

રખાવવા પ્રયત્ન કરનારા છે, તેઓને હિતકાર ગણવા. અહિતને તજાવનારા પ્રભુભક્તો આપણું ઈષ્ટ સુખ યોજનારા છે માટે તેવા પોતે પણ થવું. સારૂં જ મેળવવું અને મેળવાવવું.

વાંચવામાં લાભ લેવો જે સંસાર ચક્રને જલ્દી શિથિલ કરશે. સન્તજનોના ગુણ ગ્રહણ કરવા, જે અનિષ્ટ અવગુણોને તજાવશે, અન્તરની આખ્યોએ ઓળખો જે વડે બાહ્ય આંખ્યોએ આપેલી નિકૃષ્ટ કમાણી લુપ્ત થશે, તમારો ભાર ઉતરી જશે. પ્રભુ તથા પ્રભુમય હિતકર આત્માની દિવ્ય દીપ્તિ તમારામાં ભળશે. આપણે આ રીતે જીવને અમૃત્યુ મહાદિવ્ય સ્થળમાં સ્થિર કરવા યત્નવાળું રહેવું.

- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી

•❀•❀•❀•

પત્ર નં.-૪૪૪ **તારીખ : ૧૫-૦૨-૧૯૮૬**

કૃપાપાત્ર સેવકો તન, મન, ધન વડે સેવતા એકાન્તિક ભક્તોની ચઢતી કળા હો. ભગવાનના રૂમમાં એરકન્ડીશન ગોઠવાઈ ગયાં છે, હવાનો ઉપયોગ ચાલૂ છે. તમો બધા પુણ્યશાલી મુક્તો છો, ભગવાન લેખે કમાઓ છો, કુટુમ્બ બાળબચ્ચાંઓને સુખી રાખજો. ભગવાન, સન્તો સુખી જ છે, શ્રીજી મહારાજની તમારા ઉપર મહેરબાની છે, કમાણી આપી છે, સત્સંગનું ફળ આપ્યું છે, આ લોક પરલોકમાં સુખી થવાના સાધનો થઈ ચૂક્યાં છે.

ભગવાનજી રાજાભાઈ, રામજી જેઠાભાઈ, શાન્તિલાલ કેશવજી, કાનજી મૂળજી સોજીત્રા, ભીમજી ભાણજી પરમાર, મોહન જીવરાજ વાઘેલા, કાનજી વીરજી ટાંક, ધીરજલાલ લાલજી જાવીયા, શાન્તિલાલ પૂંજાભાઈ વાઢેર, લાલજી મોહન રામાણી, ભગવાનજી રામજી રાઠોડ, વ્રજલાલ લાલજી જાવીયા, મનસુખ દેવરાજ રાઠોડ, રમેશ દેવરાજ રાઠોડ, જયન્તીલાલ શામજી રાઠોડ, શાન્તિલાલ અમરશી મનાણી, મનહર ભવાન પરમાર, નરસિંહ અમરશી ચૌહાણ, ધીરજલાલ લક્ષ્મણ મકવાણા, આચાર્ય શ્વેતાયન મહારાજ,

અમરશી રામજી રાઠોડ, વશરામ ભીમજી હાલાઈ, મોતીલાલ વેલજી ગાંગાણી, હેમરાજ ધરમશી ગોહેલ, જયન્તીલાલ રાઘવ પોરીયા, ભગવાનજી ટપુ પોરીયા, વશરામ લક્ષ્મણ મકવાણા, રમેશ રામજી મકવાણા, પ્રવીણ મોહન કાચા, દામજી કુરજી મકવાણા, રતિલાલ મોહન કાચા, તુલસી નાનજી મનાણી, ગોરધન ગોવિંદ કાચા, જયન્તીલાલ ગોવિંદ કાચા, વ્રજલાલ લાલજી ચોટલીયા, કિશોર પરસોતમ ગોહેલ, નારાયણ નાયડૂ, તથા દુબઈ, આબુધાબી વિગેરે ભક્તો સેવા કરનારાઓ વાસ્તુમાં થાળ, મહાપૂજાઓ, ૩૬૫ દિવસોની દેવસેવા કરનારાઓ - પૂના, ફૂગેવાડી, સુરત, કાંદીવલી, નાશિક, જીરાગઢ, જામવંથલી, રાજકોટ, ધોરાજી, કચ્છ, સાઉદીયા, સાઉદી અરેબીયા, મસ્કત, બેહરીન, રૂવીરૂવેસ, મનામા ભોજન, ઉત્સવ, આરતીઓ, જન્મ જયન્તી ઉજવનારાઓ કુવેત, રફાત, બગદાદ, ગોસા ટૂકડા, પાડાબેકર્ડ, રામપર, અંજાર, ગોખરવાળા, તીર્થ કુંકાવાવ, ચાવડા, રાજકોટ, અમરેલી વિગેરે વિગેરે સ્થળવાસી શ્રીહરિ શરણાગતિ મંડળોના ભક્તજનો સેવકોને હજારો હજાર આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ.

એરકન્ડીશન મશીન ઠંડા ગરમ ગોઠવીને, હવાની સેવા કરવાનું કામ બરાબર બજાવે છે. નિત્ય સેવાના પુણ્ય તમોને મળતા રહે છે, ઘણો રાજીપો લીધેલ છે, ફૂલવાડીને સેવો છો, તીર્થને પણ સેવશો, સુરતને સેવશો, ભંડારાને સેવશો, બધાને અક્ષરબ્રહ્મલોકમાં નિત્ય વસવાને દિવ્ય વિભૂતિઓ, સામગ્રીઓ, કુટુમ્બ, મુક્તમંડળીઓ સાથે વસવાટ ભગવાન શ્રીહરિકૃષ્ણ મહારાજે નક્કી કરી બગીચાઓ સાથે નિવાસ ભવનો ઘી, દૂધ, દહીં, શેરડી, રસ, સાકર, મોરસ, ખાંડ, ગોળ, પકવાન, વિવિધ શરબતો, અલંકાર, વેષ, ઝુલા, પાગરણ, મણિઓ, અંજવાળાઓ, ગાયન, વાજિંત્રો, અમૃત સરસ્વતી નદીયો વિગેરે વડે તમારે માટે સેવા તૈયાર થએલી છે. સેવશે તેને ભગવાનની કૃપા વડે બધુ મળશે. અક્ષરધામમાં અતિ સુખી થશો, સુખ આનન્દના સાગરમાં ફલ ફૂલો, મિષ્ટાન્નના વનોમાં, રસોડાઓમાં, ભવનોમાં આનન્દ કરશો, પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ મહારાજનાં સુખ માણશો, મેળવશો. આશીર્વાદ

સાથે જય સ્વામિનારાયણ. સાજાનરવા રહો, કમાઓ, વાપરો, સત્સંગ કરો, ભગવાનજી રાજાનો પત્ર, રામજી જેઠાનો પત્ર, રમેશ રામજીનો પત્ર, મનસુખ હંસરાજનો પત્ર, શાન્તિલાલ બગીચા, શાન્તિલાલ પૂંજાનો પત્ર, કરમશી મોહનનો પત્રો તથા ડ્રાફો મળ્યા છે, રાજી છીએ, રાજી રહો, સુખી રહો, ગુલાબ પાંખડી ખાઓ, ભક્તિ કરો.

- સમંડળ આશીર્વાદ, કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૪૫ **તારીખ : ૧૭-૦૨-૧૯૮૬**

સેવક શાન્તિલાલ કેશવજી મકવાણા તથા સાથે રહેતા મળતા શ્રીહરી શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેવા. સાજા નરવા રહો, સેવાઓ બધી મળી છે, રાજી છીએ. તમારા ઘર કુટુમ્બીઓ બધા સુખી છે, **તમો સેવાઓ ઘણી કરો છો, ઘરને સારી રીતે સાંચવો, માવતર રાજી રહે તેમ કરતા રહેજો. કાકા, ભાઈ, ભત્રીજાઓ બધા કામધંધે ચઢી ગયા, સુખી થવા લાગ્યા તે પ્રગટ ભગવાનની દયા જાણવી. સેવાની ઉદારતા તથા ભક્તિમય જીવન અને ભગવાનમાં હેત એ બધુ બહુ મોટી કૃપાનું ફળ છે.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. સુખી હો, બધા મંડળને જય સ્વામિનારાયણ, કહેવા. શ્રીજી રક્ષા કરતા રહો, આશીર્વાદો, કામકાજ મળો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૪૬ **તારીખ : ૧૮-૦૨-૧૯૮૬**

નવો સેવક કરમશી મોહન સવાણી તથા મોહન ભગત, રામજી ભગત, શાન્તિલાલ ભગત, હેમરાજ ભગત, નાનજી ભગત, મગન ભગત,

રામજી ભગત, લાલજી ભગત, કાનજી ભગત, મનહર, લક્ષ્મણ, ભગવાનજી પોરીયા, વશરામ ભગત, રતિલાલ ભગત, પ્રવીણ ભગત, બન્ને ધીરજલાલ ભગત, કાન્તિલાલ ભગત, નારાયણ ભગત, રણછોડ ભગત, શાન્તિલાલ વાઢેર, દામજી ભગત, શ્રીહરિ શરણાગતિ મંડળ બધાની ચઢતી કળા હો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, ભક્તિ કરજો, સુખી હો, **સત્સંગ કરવો, પ્રત્યક્ષની સેવા ઉપાસના મોક્ષ આપનારી છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ રક્ષા કરો, સુખી હો, ભક્તો સુખી હો.** દેશમાં અવાય ત્યારે બની શકે તો દર્શન કરવા, સેવા કરો છો કરવી, ધ્યાન ભજન ભક્તિ કરવા. આજે રામજી જેઠાનો પત્ર મળ્યો છે, બીજાના પત્રો મળ્યા છે, બધા સુખી રહો, આશીર્વાદ. રાપકોમાં જવું આવવું, સત્સંગ કરવો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન - ૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૪૭ **તારીખ : ૨૪-૦૨-૧૯૮૬**

ક. સેવક ભગવાનજી રાજા, કુટુમ્બી સુખી હો. હેમંત ભગત બાલમુકુન્દ ભવનમાં આવી ગયા છે, કેડને પડખે સાથળનાં થપ્પામાં એટલે રન્ધામાં પછાડ લાગવાથી તરડ પડી તે દવાથી અને ઓપરેશનથી રૂજાઈ ગયેલ છે, આનન્દમાં છે, **બ્રહ્મમહોલ પરચા ચમત્કાર વિગેરે પટેલ સાહેબ તથા શુકવારે સભામાં વાતો કરવી, ભગવાનની વાતો વડે શાન્તિ થાય, સુખી રહેવાય.** વિડિયો કેમેરા માટે મંગળદાસભાઈના ૧૦૦૦ આવશે, તમારા માનેલા ૧૦૦૦ લખાવેલા તે કસ્તૂર હરિકૃષ્ણે મોકલાવી દીધા છે, મળી ગયા છે, રાજી.

મજૂરી મળે સેવા પૂરી થાય. તમારો પત્ર હેમન્ત ભગતને વંચાવ્યો છે, જય સ્વામિનારાયણ કહ્યાં છે, રાજી થયા છે, પગને પાટો છે, તે સીધો રાખવો પડે છે, જેથી પત્ર લખી શકાય તેમ પગ રખાય નહિં એટલે રાજી થઈને જય સ્વામિનારાયણ લખાવ્યા છે.

ભીમજી ભાણજી, હીરજી પેથા, દેવપ્રકાશ, જયન્તીલાલ વિગેરે મથુરા ધાતુ મોટી મૂર્તિ હરિકૃષ્ણ મૂર્તિ માટે ગયા છે, અઠવાડિયામાં આવશે, મૂર્તિ સારી કરાવશે. મૂર્તિ તૈયાર થયે શિખરો ઘૂમટ તૈયાર થયે તમોને પત્ર લખાશે. આશીર્વાદ બધાને જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.



● <u>નોંધ</u> :- અહીંથી જે પત્રો અધૂરા, તારીખ વગરના છે છતાં ઘણાજ દિવ્ય ઉપદેશવાળા, માર્ગદર્શનવાળા તેમજ પ્રેરક વિધાનોવાળા હોવાથી તેનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

જે ભક્તો પાસે આ અપૂર્ણ પત્રોની પૂર્ણ માહિતી હોય તે સંપાદકને જૂનાગઢધામે મોકલશે તો બીજી આવૃત્તિમાં તે મુજબ ફેરફાર કરી પ્રકાશિત કરવામાં આવશે.

<u>પત્ર નં.-૪૪૮</u>

સેવક કિશોરકુમાર, પરસોતમ ગોહેલ, ગોવિંદજી મહારાજ તથા શ્રીહરિ શરણાગતિ તમારા મિત્ર ગુરૂભાઈઓ, દુબઈ, આબુધાબી બધાને સારા આશીર્વાદ. નવા વર્ષમાં સારી કમાણી હો, સુખી હો, જય સ્વામિનારાયણ.

પરચો મળ્યો, ભગવાન ઓળખાણા, ગુરૂભાઈઓ મુક્તોનો સમાગમ મળ્યો, કમાણી મળી, આઠ મહિના ત્યાં ગયા. કુટુમ્બની સેવા કરજો, ભગવાનને સન્તને રાજી કરજો, પરદેશ રૂપિયો અને જિન્દગી ધડા વિનાના જ છે, તેમાં જે સમજાણું, સેવાયું, ભજાણું તે જ કામનું છે. ગોવિંદજી મહારાજ, કાનજી મહારાજ, શાન્તિલાલ કે. બગીચા, રામજી જેઠા, વિસરામ હાલાઈ વિગેરેથી ઉપદેશ લેવો. તમારો પત્ર વાંચીને આ કાગળ લખ્યો છે, હવે સમજ્યાં ત્યાંથી સવાર. એ જ.

શુક્રવારે બધાને સભામાં જય સ્વામિનારાયણ કહેવા, રજીસ્ટર્ડ કવર તથા ડ્રાફમાં લખવાનું આચાર્ય મહારાજથી શીખી લેવું, બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૪૯

રાઘવભાઈ, ગોવિંદભાઈ, ડાયાભાઈ, ગંગદાસભાઈ, નારણભાઈ, ધનજીભાઈ, જેઠાલાલભાઈ તથા જે સાથે હોય તે બધા -

સેવક રાઘવભાઈ તથા સમસ્ત હરિભક્તોએ સ. શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

તમો સર્વે સુખી રહો, **ભજન કરો, કમાઓ, મોક્ષનું મુખ્ય કમાઓ, કામકાજ સાથે કરજો, સંપ રાખજો, ભગવાનમાં જીવ સોંપવો અને સંતમાં જીવ જોડવો તેથી મોક્ષ હથેલીમાં છે એમ સમજવું.**

- શ્રીજીના ચરણમાં જાવું છે અને સન્ત ત્યાં પહોંચાડનારા છે.
- ભગવાનની મૂર્તિ ચિન્તામણિ છે અને સન્ત તે પારસમણિ છે.
- ભગવાન કૃપા કરીને મોક્ષ આપે અને સન્ત સમાગમ કરાવીને મોક્ષ આપે.
- ભગવાન મુમુક્ષુને ચરણે લે, સન્ત મુમુક્ષુને પાંખમાં છે.
- ભગવાન મૂર્તિનું સુખ આપે, સન્ત બ્રહ્મસ્થિતિનું સુખ આપે.
- ભગવાનથી તરી જવાય, સન્તથી પાવન થવાય.
- ભગવાન બધુંય આપે, સન્ત તો મોક્ષ જ આપે.
- ભક્ત ભગવાનનું કહ્યું કરે, ભગવાન સન્તનું કહ્યું કરે.
- ભગવાને અર્પણ કરેલું નિર્ગુણ થાય, સન્તને અર્પણ કરેલું બ્રહ્મરૂપ થાય.
- ભગવાન ભેગા થકા જુદા છે, સન્ત જુદા થકા ભેગા છે.
- ભગવાન અન્વય થકા વ્યતિરેક છે, સન્ત વ્યતિરેક થકા અન્વય છે.
- ભગવાન દિવ્ય આંખેથી જુએ છે, સન્ત હેતની આંખેથી જુએ છે.

- ભગવાન કરેલા કર્મનું ફળ આપે છે, સન્ત રેખ ઉપર મેખ મારે છે.
- રક્ષણ ભગવાનથી મળે પણ સમઝણ સન્તથી મળે.

સર્વે વાંચજો, વિચારજો, હૃદયમાં ધારજો. આ કાગળ સાચવજો. એ જ. સર્વેને જય સ્વામિનારાયણ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૫૦

દુબઈ - મોહન ભગત, તુલસીદાસજી ભગત તથા ટપુલાલ ભગત આદિક શરણાગતિ મંડળ સુખી હો.

જેમ જેમ ભગવાનમાં હેત થાય તેમ તેમ ભગવાનનું સુખ આવે, જેટલું હેત અને જેટલું સુખ, જેટલા સાંભરે તેટલા ભગવાન પાંસે અને ભેગા છે. દૂર દેશ, દરીયો, પર્વતો કાંઈ ન દેખાય અને પરબારા ભગવાન જ દેખાય તે જો ભગવાન પાંસે છે માટે પરબારા આંખમાં અને હૃદયમાં તરી વળે છે અને દેખાયા કરે છે. સવારે સાંજે ભગવાનને સંભારતા, નિહાળતા રહેવા, તે રક્ષા કરનારા છે, તે બધુ આપનારા છે. રેતીમાંથી સોનુ બનાવીને અને ઢેફામાંથી ઘઉં બનાવીને, ગર્ભાશયમાંથી દિકરા બનાવીને, સમઝણમાંથી આનન્દ બનાવીને, આકાશમાંથી જળ બનાવીને, સાંઠીયુમાંથી કપાસ બનાવી દે, ઢોરમાંથી દૂધ બનાવીને, વૃક્ષોમાંથી ફલરસ બનાવીને, ખાટા કડવામાંથી મીઠો રસ બનાવી દે, જીવને સુખીયા કરવા બધું ભગવાન આપે છે.

સૂર્ય, ચન્દ્ર એ બે શેકવા અને અમૃત આપવા બનાવ્યા, ડાબી જમણી બે આંખ્યો બનાવી, નરનારી બનાવ્યા, દિવસ રાત્રિ બનાવ્યા, કારીગરીઓ વિશ્વકર્માઓ પણ બનાવ્યા, આ બધું જીવને સુખ આપવા બનાવ્યા છે. ભારાડીઓમાંથી ભક્તો બનાવ્યા તે તો ભગવાનને રમત ગમત કરવા, પોતાનો કદમ્બ, ચમ્પો, આંબા, મોગરા, અત્તર, મધ વાળો બનાવ્યો છે, ભક્તોને સુખ આપવા બનાવ્યો છે. સાચા માળી લોકો બગીચામાંથી ભગવાનની પેઠે બધું, ભગવાનને આપીને પ્રસાદી વાપરે તે સુખી થાય. રેઢીયાર ચોર, અભિમાની, આવડત વિનાના માળી હેરાન થાય, દંડાય, દુઃખી થાય.

માટે જન્મતીથિઓ ઉજવવી, વ્રતો ઉજવવા, પૂજાઓ, થાળ, નૈવેદ્ય, આરતીઓ, ધૂન્ય ભજનો કરવા અને ચૂનાવડા તો ઉપાડેલા જ છે પણ માળા રાખતા શિખવુ, બકવાદ તો વૈખરીમાં ભરેલો જ છે પણ પરાવાણી બોલવી, આત્મનિવેદી થાવું, જેથી રાજાનું રાજ્ય તે રાણીનું ગણાય જ, ભજન કરજો, કાગળ પત્ર લખજો, બધા ભેદભાવ પડ્યા મેલીને હળીમળીને રહેજો, સુખી થાશો. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના આશીર્વાદ સાથે જય સ્વામિનારાયણ.

જન્મભૂમિ માટે ફાળો ૧૬૦૦૦ ઉપર ચાલે છે, સાંભળીને વધારે રાજી, હેતપ્રીત વધારજો.

- કૃ.વ.આ.



પત્ર નં.-૪૫૧

ભગવાન દયાળુ બાળકોની રક્ષા કરો.

મૂર્તિ સંભારે અને ભગવાનની કથાઓ સંભારે તેને વધારે શાન્તિ મળે.

શ્રીહરિના ભક્ત અમ્બરીષ રાજા બપોર સુધી પૂજામાં બેસતા, તે સમયે શંકરનો અવતાર દુર્વાસા ઋષિ આવ્યા, રાજાએ પૂજા મેલીને દુર્વાસાનું સન્માન કર્યુ નહિં. તેથી દુર્વાસાએ અમ્બરીષને સર્વ વિનાશનો શાપ ઉચ્ચાર્યો. અમ્બરીષને ભગવાને પૂજામાં પોતાનું સુદર્શન ચક્ર આપ્યું હતું, તેણે શાપને બાળ્યો અને દુર્વાસાને વાંસામાં બાળવા અગ્નિ ઉપજાવી બાળવા આરંભ કર્યો, દુર્વાસા ભાગ્યા, ચક્ર પાછળ થયું, દુર્વાસા સ્વર્ગાદિક લોકમાં નિજરક્ષા માટે મોટા મોટા પાંસે ગયા, કૈલાસ વૈકુંઠ ગોલોકમાં ગયા. ભગવાને પણ રક્ષા કરવા ના પાડી, મારા ભક્તના કે ગરીબના અપરાધીની રક્ષા હું કરતો નથી, ભક્તનો રાજીપો લ્યો, તે રક્ષા કરશે. દુર્વાસાએ અમ્બરીષને દંડવત્ કર્યો, ક્ષમા માંગી ત્યારે સુદર્શને દુર્વાસાને ન બાળ્યા, પૂજામાં બેસી અમ્બરીષને દુર્વાસાની રક્ષા કરવા પ્રેર્યા. દુર્વાસા અપરાધમાંથી છૂટ્યા.

વિશ્વકર્માએ શ્રીકૃષ્ણના ગરીબ ભક્તને, ઉદ્ધવજીને સાથે રાખી બંગલાઓ કર્યા, ગરીબ ભક્તને કાંઈ ભાગ ન આપ્યો,ગરીબ ભક્ત જોડલું રોયું, સોનાનું ઘરેણું વેચી કરજ પાર પાડ્યું, સાથો સાથ વિશ્વકર્મા અને પત્ની અપ્સરા એ બન્નેને ગરીબ ભક્તની ઘા-શાપ લાગ્યો, જેથી વિશ્વકર્માને પદભ્રષ્ટ અને નાશમાં ઓરાવું પડ્યું, ત્યારે ગરીબ ભક્તને તેનો ભાગ આપવા સંકલ્પ કર્યો તેટલામાં સજીવનપણું આવ્યું, ભક્ત જોડલાની દયા વડે વિશ્વકર્મા જીવતા રહ્યા, ભગવાને વિશ્વકર્માને ગરીબને કલ્પાવવાની ના પાડી.

શ્રીકૃષ્ણ ભગવાને યુધિષ્ઠિરને કહ્યું - તું ગરીબને આંતરડી કલ્પાય, કપાય તેવું દુઃખ આપીશ નહિં, ગરીબને કલ્પાવીશ તો તું વંશ સહિત નાશ પામીશ.

આમ શાસ્ત્રોમાં છે, શુભનું ફળ શુભ, અશુભનું ફળ અશુભ.

રાજ્ય, વિદ્યા, ધનના અભિમાનની મોટાઈમાં ઘેરાયેલાને ભૂલીને પ્રભુ ગરીબને પડખે ઉભા રહે છે, અભિમાનીને કર્મફળ ભોગવવા જ પડે છે.

બધાનાં નાશને બદલે એકાદનો નાશ થવા દઈને, બીજાને ઉગારે તે ભગવાનની દયા જાણી ભક્તિ કરનાર સુખી થાય છે, દુઃખ ભૂલી જાય છે. સ્વાર્થી જીવ પોતાનું ધાર્યું કરાવવામાં મંડ્યા રહે છે.

•❀•❀•❀•

પત્ર નં.-૪૫૨

સંસાર દરિયામાં દુઃખભર્યા પણ ભગવાનની ભક્તિરૂપી સહાયતાના સાગરમાં તરતાં, પુત્ર પુત્રી પરીવાર સાથે મુશ્કેલીમાં મૂકાએલા દયાદેવી, તથા ધર્મેશ, ભાવેશ, ઉમા તથા શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ તથા સારા આશીર્વાદો, દુઃખ મટો, સુખી હો, શાન્તિ હો, ઉદ્વેગ મટો.

અમોને આંસુ ટપકતાં પત્ર તાર પૂરા વંચાણા નહીં, ફરીથી ધીરે ધીરે વાંચ્યાં, પણ કેમ એક્સીડન્ટ થયો કાંઈ ન જાણવામાં આવ્યું, ભગવાન ગભરાણા, ભક્તને વિશ્વાસ તેમ ભગવાનને વિશ્વાસ કે ખેળ ન થાય, જીવાડવાની કોશીષ ચાલૂ હતી, પણ તૂટી ફાટી ગયેલ મગજની નાડીઓ,

ખોપડીનું કાચલું, લોહીમાં ભરાઈ ગએલ. આ લોકની ઘડતર પ્રમાણે કર્મ ફળ પ્રમાણે ક્યાંથી સાજા થાય અને ચાલૂ થાય. તીવ્ર કર્મફળ ભોગવનારા સંસારી જીવો પૂરી સારી કમાણી વિના ભગવાનના વાંક જુએ, મેઘપર ગામમાં શ્રીજી મહારાજ સાથે મૂળજી ભગત હતા, તેને ગામના લોકોએ ભાલું મારી મારી નાખ્યા હતા, ગુજરાતમાં એક ગામમાં શ્રીજી મહારાજ ગયા, તે ઘરે 'માં' મરી ગયા તેને કપડે ઢાંકીને ખબર ન પડે તેમ દિકરે રસોઈ જમાડી, શ્રીજી ચાલ્યા ગયા, પછી પોકારણ પાડ્યું. ભગવાન કર્તા હર્તા છે, ભગવાન ભૂલ કરે છે, દુઃખી થયેલા લોકો સારી માંગણી કરે છે, ત્રણેય બાળકોના સારા ભાગ્ય થાઓ, માં પણ ભાગ્યશાળી ભક્તિ કરનારા ધીરજવાળા હો. ભગતને તો ધામમાં પહોંચાડ્યા, તાર તો રઝળતાં લૂન્ગર ગામ ભારતમાં નથી તેથી અમારે નામે મુંબઈ, પૂના પોસ્ટ ઓફીસે ચોકડીયો મારીને પછી અમારે નામે જૂનાગઢ લખીને મોકલાવ્યો તેથી મોડો મળ્યો.

તમારા કાગળો બે આવ્યા ત્યારે વિલાપ, ઠપકો, અફસોસ, દુઃખ બધૂંય માલૂમ પડ્યું. આ લોકમાં મરણ તો નિમિત્ત વડે ભગવાન અને ભક્ત બધાનાં થાય છે. શ્રીકૃષ્ણભગવાનને મરણ પ્રાચીને પીપળે એકલા હતા ત્યાં થયું, ઋષભદેવ ભગવાનને એકલા જંગલના દાવાનળમાં બળી જાવું પડ્યું, દશરથનું રામ વિના મરણ થયું, શ્રીકૃષ્ણ હતા પાંડવો પાંસે રાતે બેઠા હતા અને અશ્વત્થામાએ દ્રૌપદીના પાંચ દીકરાઓ તંબુમાં સૂતેલા હતા તેમને તલવારે ગળાં કાંપી નાખ્યાં, પરશુરામ ભગવાને દુનીયાના ક્ષત્રિયોને કાપી નાખ્યા, આવા દુઃખ આવે પણ સગાં ભગવાન તે દુઃખ રાખવા અરજ કરે, ભગવાનને બધૂંય કરવુંય પડે અને સહેવૂંય પડે. હવે તમો ભક્તિ કરજો, સુખી હો, આશીર્વાદ, ધીરજ રાખો, માં ગયા, બાપ ગયા, ધણી ગયા, હવે ધીરજ તો ક્યાંથી રહે, પણ બાળકો રહ્યાં તે આધારે થોડું થોડું સુખી રહેવા શીખવું, રોયા ન કરવું, વધારે માળાઓ ફેરવવી. તૂલસીદાસના આત્માને ધામમાં પહોંચાડ્યો છે, જીંદગીનું દુઃખ મરતી વખતે પૂરૂં કરાવી નાખ્યું છે,

હવે તેની ચિન્તા ન કરવી, બાર દિવસનું લોક કર્મ સાદું બને તે કરાવી લેવું, જય સ્વામિનારાયણ વાંચવા.

ફૂલવાડી શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ. આશીર્વાદ

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૫૩

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ ભગવાનને નમો નમઃ

શ્રીહરિ શરણાગતિ મંડળ...

આબુધાબી -

૧. શ્રી શ્વેતાયન આચાર્ય મહારાજ	૨. શાન્તિલાલ કેશવજી મકવાણા બગીચા
૩. શાન્તિલાલ પૂંજાભાઈ વાઢેર	૪. મનસુખલાલ હંસરાજ રાઠોડ
૫. ભીમજી લક્ષ્મણ પરમાર ભગત	૬. હેમરાજ ધરમશી ગોહિલ
૭. વ્રજલાલ લાલજી જાવિયા	૮. જયન્તીલાલ શામજી રાઠોડ
૯. ભગવાનજી રામજી રાઠોડ	૧૦. કાનજી વીરજી ટાંક
૧૧. અમરશી રામજી રાઠોડ	૧૨. જયન્તિલાલ ગોવિંદ કાચા
૧૩. ગોરધન ગોવિંદ કાચા	૧૪. વ્રજલાલ જાદવજી ચોટલીયા
૧૫. લાલજી મોહન રામાણી	૧૬. મોહન જીવરાજ વાઘેલા
૧૭. કરમશી મોહન સવાણી	૧૮. નરસી અમરશી કાચા
૧૯. વિનુભાઈ ટેલર	

દુબઈ મંડળ -

૧. કાનજી મૂળજી સોજીત્રા	૨. વિશરામ ધનજી હાલાઈ
૩. પોરીયા જયન્તિલાલ રાઘવ	૪. ભગવાનજી ટપુ પોરીયા
૫. વશરામ લક્ષ્મણ મકવાણા	૬. દામજી કુંવરજી મકવાણા
૭. ધીરજલાલ લક્ષ્મણ મકવાણા	૮. ધીરજલાલ લાલજી જાવિયા

૯. રમેશ રામજી મકવાણા
૧૦. રમેશ હંસરાજ રાઠોડ
૧૧. પ્રવીણ મોહનલાલ કાચા
૧૨. બાબુલાલ મોહનલાલ કાચા
૧૩. નારણ. કૃ. આંધ્રપ્રદેશ
૧૪. કાન્તિલાલ રવજી કાચા
૧૫. મોતીલાલ દુબઈ વાળા
૧૬. શાન્તિલાલ અમરશી મનાણી
૧૭. મનહર ભોવન પોરીયા
૧૮. પ્રભુલાલ ખીમજી ચાવડા
૧૯. કુંવરજીભગત જીરાગઢવાળા
૨૦. રણછોડ ભગત - ઉરન
૨૧. પ્રવીણ ગોવિંદ સાપરીયા
૨૨, ૨૩, ૨૪ - કચ્છી ભક્તો

જન્મજયન્તી ઉત્સવના લાભ લીધેલા, ભક્તો સુખી થાઓ, વીડીયો કેસીટ ઉતાર્યો, બાળકો પ્રસાદી જમ્યા, ભગવાનને ઝુલાવ્યા, ચાંદલો કરાવી જયકાર બોલાવ્યો, ઇંગ્લીશમેને જય બોલાવી, ભગવાનની લીલાઓ ભગવાન જાણે, હેતે દર્શન થાતા રહેશે, ભીમજી ભાણજી આદિ સર્વે ભક્તોએ ૧ લાખ ૨૯ હજારની સેવા નોંધાવી, મહામંદિર ફૂલવાડી માટે નોંધાવી, બધા બહુ જ રાજી, પ્રવીણનો અન્નકૂટ ખર્ચ, ભગવાનની આરતી ૩૫૦૧ ચઢાવા કર્યા. જયન્તી, ભગવાનજી, વશરામ ત્રણે જય બોલાવી, રાસ મંડળ રમ્યા.

ભીમજી ભાણજી ભાઈ (મૂર્તિ) ખર્ચ ૧,૫૦,૦૦૦ નો છે, તે ભીમજી ભાણજી કોસંબાવાળા આપે છે, સાંભળીને અક્ષરધામ મંડળ રાજી રાજી થાય છે, ધન્ય છે તમોને, બીજા શિખરો વિગેરેના પણ યજમાનો થયા છે, ઘણું સારૂં, તમારો જય હો, ૧ શિખર હંસરાજ - ચાવડાવાળા, ૨ શિખર લુવાર કરશનભાઈ - જામવંથળીવાળા, ૩ ઘૂમટ મોટો હેમત ભગત - જૂનાગઢવાળા અને ઘૂમટીયો તથા કાંગરા વિગેરેના તથા હનુમાન ગણપતિ વિગેરેના તથા પડખાના બે શિખરોની મૂર્તિઓના યજમાનો પણ નક્કી રીતે ધીરે ધીરે બાહેર નામવાર જાહેર થતા જાય છે, આ કોઈ અલૌકિક પરચો છે. ભગવાનનું કામ ભગવાન કરો, ભક્તોના કામ ભક્તો કરો, વિશ્વંભરને ખોટ નથી, ભક્તોને ઉણપ્ય નથી, ભરપૂરતા છે, બધા સારાવાનાં છે, સર્વત્ર શ્રીહરિ શરણાગતિ મંડળો વખણાય છે, સાંભળીને રાજી થવાય છે.

વંથળીમાં, કુંકાવાવમાં, પૂનામાં, ભંડારામાં સહુ સહુના કામો ઉપાડી લીધા છે. કાંદીવલી, દુબઈ, આબુધાબી, બેહરીન, સફાત, આઈસલેન્ડ વિગેરે સ્થળોમાં પણ શ્રદ્ધા પ્રમાણે જોરદાર કામો ઉપાડી લીધેલ છે. સૂરતમાં, જીરાગઢમાં, અન્ય છૂટા છવાયા કામો પણ ઉપાડી લીધાં છે. રાજકોટમાં, ધોરાજીમાં, ગોખરવાળામાં તથા અન્યત્ર બળ પ્રમાણે ભક્તિ, ભજન, સેવા કરી રહ્યાં છે. લાલજી મહારાજનો તે તે લાલજીવાળા ભક્તો સ્નાન, પૂજા, થાળ, પાણી, દૂધ વિગેરેથી સેવે છે.બધાની ચઢતી કળા છે, લાલજીની માંગણીઓ ભક્તો કરે છે, ફૂલવાડી ટ્રસ્ટ તે વાત પૂરી પાડશે, અમો તો દુઃખીયાના દુઃખ ભાંગીએ, આશીર્વાદ દઈએ, ચરણજળ, શ્રીહરિ શ્રીજીરક્ષા વડે સુખિયા કરીએ છીએ, આશીર્વાદો છે.

- કૃ.વ.આ.



પત્ર નં.-૪૫૪

સેવક કિશોર નવા વર્ષમાં શરણાગતિ મંડળ તમામને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ. દમ માટે, શ્વાસ માટે, રોગ માટે આદૂ રસ-ચા દૂધ સાથે લેવો, શ્વાસ તુરત મટી જાશે. ત્યાં રોકાઓ, સાજા થાઓ, કામ કરો, કમાઓ, વાપરો, સેવો, ભક્તિ કરો, મૂંઝાશો નહિં, દમ મટી જાશે, ચાહમાં આદૂરસ નાખવો અથવા આદૂની કટકી ક્યારેક ક્યારેક ચાવતી રહેવી, છાતી ઉપર બામ ચોળવો, દરદ જલ્દી મટી જાશે, સહેજ ગરમ જળ પીવા મળે તો ઘૂંટડો, બે ઘૂંટડા પીવું, કફ, શરદી, લાળ, શ્વાસ બધું મટી જાશે, ખાટું ન ખાતા. એ જ. આશીર્વાદ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ.

પત્ર નં.-૪૫૫

તુલસીદાસ તમારો પત્ર મળ્યો, તમારે લાયક લેખ મોકલ્યો છે, સમજણ ઘણી સારી છે, જ્ઞાની આત્મામે ઉત્તમ જ્ઞાની સદા સુખી.

કાગળ જરૂર પડે તેમ જણાય તો લખાય છે, ભક્તે બહોણી સમઝણ રાખવી જોઈએ.

હેત છે તો પાંસે જ છે, ન હોય તો દૂર જ છે.

રાજીપાનાં ફળ બધાં સારા જ હોય, સેવાના ફળ દેશકાળે રક્ષા કરે, પરચા સંભારે તેને આનન્દ આવે, વાટ જોઈ રહે તેને ઉદ્વેગ જ થાય. બારેમાસમાં બે ચાર દિવસ ક્યારેક જ મહેમાન શ્રીહરિ શરણાગતિ મંડળ વિનાના જાતા હશે, અમે આશીર્વાદ આપીએ સુખી થાય. સત્સંગ લાલચથી ન કરવો, લાલચુ કરે નહિં કાંઈ અને જટ આપો, ક્યાંથી આપે, ભાગ્ય તો હોય નહિં, શું કામનું. સમઝણથી ભજવા, મનોરથ પૂરા ન થાય તો પાછા પડી જાય, તેમાં અનંત સૃષ્ટિના ધણીને કાંઈ ખોટ !

- કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ.

પત્ર નં.-૪૫૬

ઈ.સ. ૧૯૨૬,

જેઠ સુદ સાતમ, સોમવાર.

સ્વસ્તિ શ્રી કુંકાવાવ મધ્યે વિરાજમાન પરમ પૂજ્ય માતુશ્રી તથા ભગવાનભાઈ તથા પોપટભાઈ તથા વલ્લભભાઈ તથા જેરામ તથા ભીમજી તથા આણંદ તથા જેરામના માતુશ્રી આદિક ઘણાં દીર્ઘાયુષી તથા સુખી રહો.

શ્રીકાશીથી લખીતંગ શાસ્ત્રી કૃષ્ણવલ્લભદાસજીના જય સ્વામિનારાયણ વાંચજો. હું ભગવાનની દયાથી સુખી છું. અહિં કાશીમાં સંસ્કૃત ભણવા માટે ત્રણ વર્ષથી આવેલ છું. હંમેશા ગંગાજીનું પાણી પીવું ત્યાં નાવું આદિકથી ઘણો જ અમૂલ્ય લાભ લઉં છું તથા આપને દરેકને યાદ કરૂં છું. **હું ભગવાન સ્વામિનારાયણને પ્રતાપે આહિં સાધુ સાથે રહિને**

ભગવાનનું ભજન કથા કિર્તનાદિકનો ઘણો જ લાભ લઉં છું અને ભગવાન ભજું છું. તમોને પણ ઘણું પુણ્ય મળશે, તમો પણ ભગવાનનું ભજન કરજો. પોપટભાઈને માલમ થાય જે માતૃશ્રીને કહેજો જે મારા ઉપર રાજી રહે, હું હજુ બે કે ત્રણ વરસ પછી જૂનાગઢ આવીશ ત્યાં સુધી આહિં ભણવું છે. તમારા સમાચાર લખશો. આ કવરમાં એક ટીકિટ ચોડેલું લાંબુ કવર છે તેમાં કાગળ લખીને અહિં બંધ કરીને પાછું ટપાલમાં મોકલી દેવું, આહિં મને મળી જાશે. વળતો ઉત્તર જલ્દી લખશો. એ જ.

વલ્લભ ઘરે છે કે સાધુ ભેળો છે, તે લખજો.

મારૂં સરનામું મેં અંદરના કવર ઉપર લખ્યું છે તે છે. બીજું હું અહિં વિદ્યા ભણીને પરીક્ષા આપીને ભગવાનની કૃપાથી પાસ થયો છું. ન્યાય શાસ્ત્ર ભણું છું. એજ સમાચાર. તમારા સમાચાર જરૂર લખજો.

•❀•❀•❀•

પત્ર નં.-૪૫૭ **તારીખ : જેઠ વદી આઠમ**

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્.

સ્વસ્તિ શ્રી કુંકાવાવ શુભસ્થાને વિરાજમાન હરિભક્ત શીરોમણી ભાઈશ્રીભગવાન તથા પોપટભાઈ તથા માતૃશ્રી આદિકના પ્રતિ કાશીથી શાસ્ત્રી કૃષ્ણવલ્લભદાસજીના જય સ્વામિનારાયણ વાંચશોજી.

અમો સુખી છીએ, આપના સુખ સમાચારનો કાગળ મને મળ્યો છે, વાંચી ખૂબ સંતોષ થયો છે. બીજુ પોપટભાઈની વહુના મરણ સમ્બન્ધિ સમાચાર સાધુઓએ જૂનાગઢ હું હતો ત્યારે મને કહ્યા હતા, તે વખત હું દિલગીર થયો હતો, પણ હશે, **જેમ ભગવાનની મરજી હોય તેમ થાય છે, પરમેશ્વર જે કરે તેમાં આપણું કશુંય ચાલતું નથી.** બીજું લખવાનું જે ગંગાજળની લોટી એક પાર્સલ કરીને મોકલી છે. તે તમોને મળ્યા પછી આ સાથેના કવરમાં કાગળ છે, તે લખીને સમાચાર - પાણીની લોટી બરાબર પેક

બંધ મળી છે કે ફૂટી ટૂટી મળી છે તે લખશો તથા કાંઈ સમાચાર હોય તો લખશો, લોટીમાં ગંગાજીનું પાણી તથા હરિદ્વારની બદ્રિનારાયણની ગંગાજીનું પાણી છે તે જાણજો.

પાર્સલનું કપડું ઉપરથી તોડીને ઘાંસલેટના પતરાના ડબામાં લોટી પેક કરી છે, તેને મોઢે મીણ ચોડ્યું છે, તેમાં અંદર લોટી છે, તે સાંચવીને લઈ લેશો. એ જ. તમારા સમાચાર લખવા. એ જ.

અમારા તરફની ચિંતા તમો કાંઈ કરશો નહિં, હું પોતે ભગવાનની દયાથી સુખી છું. એ જ. તમારો કાગળ લખશો.

•❀•❀•❀•

પત્ર નં.-૪૫૮

જન્મનું ખાસ રેણઘર દર્શન કરવા.

સગાભાઈ દેવાણી પોપટભાઈને પૂછવું, સગાભાઈ દેવાણી ભગવાનભાઈના દિકરા આણંદભાઈને પૂછવું, ભગવાનભાઈના દિકરા ભીમજીભાઈને પૂછવું અથવા તેમના દિકરાઓને પૂછવું અને રેણઘરનાં દર્શન કરવા.

પોપટભાઈને સાથે લઈને જૂની કૂઈ હરજીબાપાના ઘર સામે હતી તે કુંકમવાપી જગ્યા જોઈ લેવી.

દેવાણી ધીરજલાલ ભીમજી ભગવાનને પૂછીને જન્મભૂમિકા ઘર જોઈ લેવું.

•❀•❀•❀•

પત્ર નં.-૪૫૯

શ્રીહરિઃ શરણં મમ

ક. ભગવાનજી રાજાભાઈ, હરિકૃષ્ણ વિગેરે કુટુમ્બને ભગવાન સુખી રાખો, આઈસલેન્ડથી અને ઘેરથી તમારી સેવાઓ ઘણી આવી. મકાન, વાસ્તુ, ડેકોરેશન, મહાપૂજાઓ, ચોમાસાનાં ભોજન, ફૂલવાડી કારીગરોને

ભજન, મંદિર શિખર, પરચૂરણ ઘણી સેવાઓ આવી. **તન, મન, ધન, ભક્તિ ભાવના, વિનય, પરીવાર, સુખ સમ્પત્તિ ઘણું વાપર્યું, આપ્યું, આપો છો, આપશો. તમારો વાવટો ગગનમાં ફરકે છે, સેવા વડે તૃપ્ત ભગવાન આશીર્વાદ આપે છે, નજર રાખે છે. લાલજીની આત્મનિવેદી સેવા ઘણી કરો છો.** હરિકૃષ્ણે હવનમાં સંપૂર્ણ બેસીને લાભ લીધો છે, ભરતભાઈ સાથે બેસાડેલ હતા. ગરમ પાણીનું ગીઝર ગરમ પાણી વડે નવરાવે છે, રાજી થવાય છે. મોટી બાલ્ટી, બે લોટા ભેટ મળ્યા, તે વડે નવાય છે, પીવાય છે, વપરાય છે.

ક. ચાંદીની લોટી માટે તમોએ લખ્યું, તેનો જવાબ અમોએ લખ્યો નથી, હવે લખીએ છીએ - તે સંકલ્પ પૂરો કરવો.

આંબાલાલ ભગત જે સાથે લાવ્યા તે રકમ મળી ગઈ છે, પંખાઓ બધા નખાઈ ગયા છે, **વાસ્તુ ઉત્સવની ધામધૂમ ખૂબ જ થએલ છે, સત્સંગ રાજી થયો છે. બંગલો સન્તો, હીરાબાપા, છગનભગત, હરીકૃષ્ણ, દેવસ્વામી વિગેરેએ ફૂલો મંગાવીને બને તેટલો શણગાર્યો હતો. જમનારા રાજી થયા, દેનારા રાજી થયા, જય જયકાર બોલ્યો, શ્રીહરિ શરણાગતિ મંડળે ખૂબ જ ખર્ચ ઉપાડ્યો, બસો મોટરો આવી, સારૂં થયું છે. રેકર્ડો સભાનાં બોલતી ફીલ્મ ઉતારી છે, તે કેસીટમાં ઉતારીને સાંભળવાથી ભક્તિનું બળ વધે.** કમાઓ, વાપરો, સુખી હો, ભક્તિ વધારે કરો, કુટુમ્બ બાળબચ્ચાંઓને આશીર્વાદ. જય સ્વામિનારાયણ કહેવા, વાંચવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. સમંડળ શ્રીકૃ.વ.આ.ના આશીર્વાદ.

- સ્વામિનારાયણ મંદિર, બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૬૦

સેવક જયન્તીલાલ હંસરાજ વશરામ તથા ત્યાંના સુખી ભક્તજનો, બધા આનન્દમાં રહો, ભજન કરો, હમણાં એક વર્ષ તમો જણાવો છો તેમ

કાંઈ ઉતાવળ ન કરવી, કામકાજ સુખે કરો, કમાઓ, ભજન કરો, સેવાઓ કરો, કથાવાર્તા કરવી, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, **શુક્રવારે સભા થાય - ભજન ભક્તિ થાય તે કરવું. ભગવાનના નામ હજાર, પાંચ હજાર, દસ હજાર એમ લખવાં જેથી ભજન થાય, બીજું ન લખવું.** એ જ. જય સ્વામિનારાયણ વાંચવા.

•❀•❀•❀•

પત્ર નં.-૪૬૧

પ્રિય સેવક ભ. ક. હ. રાજા જાવીયા સુખી રહો. **ભક્તિ જીવમાં કરવી, ભગવાન જીવમાં બેઠા છે, જીવ ભગવાનમાં ન ચોંટે, દેહમાં ચોંટે તેને કાથાની સીંદરી જેવો દેહનો વળ ચઢી ગયો છે. સૂક્ષ્મ શરીર, કારણ શરીર બળી જાય તો પણ વળ ન મેલે, માટે જીવને દૂધરૂપી બ્રહ્મમાં સાકર જેવો રાખવો, સમઝણે સુખી રહો, કમાઓ, વાપરો, ફૂલવાડી સેવો છો, સેવજો.** ભગવાનને બહુ જ સેવ્યા છે, રાજી છે, સારાવાના થાઓ, થતા રહો, સાથે શ્રીહરિ શરણાગતિ મંડળવાળા હેતસ્વીને જય સ્વામિનારાયણ કહેજો, આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૬૨

સેવક નરેન્દ્ર પ્રાગજી ચૌહાણ કુટુમ્બ સુખી હો, ભક્તિ કરો, કામકાજ મળો. **ભૂલ થાય તો પાંચમાળા તેના નિવારણ માટે કરી લેવી, ભૂલ માફ. ભગવાન સંભારવા, દયાળુ છે તે નજર રાખે, રક્ષા કરે.** સાજા નરવા રહો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, બાલમુકુન્દ ભવન - ૨, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૬૩

કોઈની જીવિકા હરનારને પુત્ર થતો નથી. મોલ સહીત જમીન અને શણગારેલ ગાયનું દાન આપે તો પુત્રવાળા થવાય.

પરબાલકનો ઘાત કરનારને પુત્ર થતો નથી, સોનાની મૂર્તિનું દાન અને અભિષેકનું જળપાન કરે તો પુત્ર થાય.

અતિથિઓને લાકડી વડે તગડનારને પુત્ર ન થાય, તે દેવાલય - જીવિકા બન્ને કરાવે તો પુત્ર થાય.

છેટે થયા પછી ચાર રાત્રી અશુદ્ધિ, પાંચમી શુદ્ધિ.

પાંચ, સાત, નવ, અગ્યાર આમાં યોગ કરે તો દિકરી થાય.

છ, આઠ, દસ, બાર, ચઉદમાં બેકીની રાત્રિમાં ઋતુદાન આપે તો દિકરો થાય.

પત્નીના જમણા પડખામાં બીજ અપાય તો દિકરો થાય અને પત્નીના ડાબા પડખામાં બીજ રેડાય તો દિકરી જ થાય.

•❀•❀•❀•

પત્ર નં.-૪૬૪

દર્શનનો આગ્રહ રાખે અને દર્શન ન થાય તો અમુકને ભગવાન, પણાનો ભાવ ઉડી જાય માટે પોતાના સ્વામીને પોતાની આજ્ઞામાં ન વર્તાવવા એ પણ એક સમઝી રાખવા જેવું છે.

•❀•❀•❀•

પત્ર નં.-૪૬૫

કાયમ સંભારો - મારામાં ભગવાન મૂર્તિમાન બેઠા છે, હું ભગવાનમાં સમર્પિત છું, ભગવાનના સમ્બન્ધ વડે ધામ છે, ધામમાં સુખ આનન્દ છે.

મૂર્તિનું રૂપ જોયા કરવું, શાન્તિ વરતે.

•❀•❀•❀•

પત્ર નં.-૪૬૬

સેવક મોહનલાલ રતનશી, વેલજી રવજી, કુંવરજી મેપા, મોહનલાલ કરશન સમસ્ત સેવકોને ઘણાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

તમો સર્વે સુખી રહો, શ્રીજી મહારાજને ભજો અને આનન્દમાં રહો, **ટેપરેકોર્ડીંગ વગાડ્યા કરજો, ભજન કીર્તન કરજો, જેમ સદે તેમ કથાવાર્તા કરવી, બધા સુખી થાઓ.** રણછોડ રવજીનો કાગળ નથી, મુંબઈ આવશું ત્યારે ખબર આપશું. બાલંભાવાળા હરિલાલ સુખી રહો, તમો સુખી રહો. અમો વૈશાખ વદ એકમ થી છઠ્ઠ સુધી રાજકોટ રોકાશું પછી જૂનાગઢ આવશું પછી પત્ર લખશું. એ જ. બધાય સેવકોને આશીર્વાદ.

બીજો પત્ર મહિમાવાળો મળ્યો, આજે બહારગામથી આવીને વાંચ્યો, તેમાં લખવા પ્રમાણે માંગ્યુ છે તે બધું તમારામાં ફળીભૂત થાઓ એવું વરદાન. આશીર્વાદો વાંચવા.

- કૃ.વ.આ.



પત્ર નં.-૪૬૭

પ્રગટનો સંબંધ થયો, ઓળખાણા પણ મામા, કાકા, સગા, ભળી દ્વેષીઆસુરીભાવનાવાળાઓ તેવા ભગવાન સમ્બન્ધવાળા ભક્તોને ભગવાનનો લાભ લેવા ન દેવા મથી રહ્યાં હોય છે, તે બન્ને ગેરલાભમાં છે, અંતે નાસ્તિક એવા ફળ મળે, સારાનું સારૂં ફળ છે, નરસાનું નરસું ફળ છે. પાપી દેશોના નાણાની શુદ્ધિ નથી કરી શકતા તે અંતે મોટી ખોટમાં જશે, કેટલાક ખોટમાં ગયા છે અને જઈ રહ્યાં છે. થપાટ મારીને ગાલ રાતા રાખે પણ આન્તરિક શાન્તિમાં રહેવા અસમર્થ જ બન્યા છે, બનતા જાય છે.

તન, મન, ધન, ભાવ, પરીવાર, સત્સંગ ભગવાન લેખેવાળા ખાટ્યાં છે, જીત્યાં છે. ખાટવું અને જીતવું. ભગવાનની દીક્ષા સમાન કોઈ

ઊંચું ભાગ્ય નથી માટે દીક્ષા લેવી, સાચવવી. કંઠી, પૂજા, ભજન, સેવાઓ પામીને નરનારીઓ માયાને જીતી ગયા છે.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૬૮ **શ્રાવણ સુદ ૨**

સેવક મોહનલાલ રતનશી બાલંભા, તમારો પત્ર મળ્યો, વાંચી ખુશી થયા. તમારૂં કુટુંબ, બાળબચ્ચાં બધા સુખી રહો, ભજન વધારે કરજો, બાળબચ્ચાં સાચવજો, અને રાજી રહે તેમ કરજો, સાવ ભગત ન થઈ જાવું, હરિલાલ વિગેરેને જય શ્રીસ્વામિનારાયણ કહેજો. વધારે સુખિયા થાઓ, સુખી થવાય એમ હોય તો વ્હેંચી લેવું, સંચવાય તેમ સંપથી કરજો.

પારાયણ વાંચી લેજો, મૂર્તિ પધરાવીને વાંચવું.

શ્રાવણમાં વખત મળે તો એક દિવસ દર્શને આવવું, સેવાની જરૂર નથી, ભજન કરો અને સુખે રહો. **વધારે માળા ફેરવવી અને બાળબચ્ચાં ને સાંચવવા તથા કમાવું અને પ્રસાદી વાપરવી, અને મોક્ષ મેળવવો.** અમો હાલ જૂનાગઢ રોકાએલા છીએ. એ જ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સન્તમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો તથા કહેજો.

•❀•❀•❀•

પત્ર નં.-૪૬૯

સેવક રાઘવભાઈ તથા લક્ષ્મણભાઈ તથા જેઠાલાલભાઈ તથા ડાયાલાલભાઈ તથા નારણભાઈ તથા નથુભાઈ તથા કેશવજીભાઈ તથા ધનજીભાઈ તથા ગંગાદાસભાઈ વિગેરે સર્વે હરિભક્તોને સ. શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

શ્રીજી મહારાજને સંભારીને કામકાજ કર્યા કરવા, ભગવાન જેમ રાખે તેમ રહેવું. વચનામૃત કે સ્વામીની વાતું (ગુણાતીતાનન્દ સ્વામી) સંભારીને વાંચવી. માળા ફેરવવી, તે જીવનું કરવું.

મન તો માયાના લાભની જાત્રા કરાવે, દેહ તો જગતની જાત્રા કરાવે, સન્ત તો અક્ષરધામની જાત્રા કરાવે, સન્તમાં જીવ જોડવો, પોતાના જીવથી વધારે વ્હાલા સન્તને રાખવા અને સન્તથી વધારે જીવમાં શ્રીજીને રાખવા, સન્તના રાજીપાથી સર્વે કાર્યોની સિદ્ધિ થાય છે.

લાડીલા સન્ત મળે તો બીજું શું બાકી રહે, અને સન્ત તથા ભગવાનથી વધારે આ જગતમાં કયું પદાર્થ સાચું છે ? આવી સમઝણ કરવી તો દિવ્ય બનાવી દેય, દિવ્ય થાય તો ધામમાં જવાય.

રાઘવ પોપટભાઈને માલમ થાય જે તમારા લખવા મુજબ દર્શને આવી ગયા હતા. એ જ.

કડબ માટે વંથળી સ્વયંપ્રકાશદાસજી ત્રણ દિવસથી ગયા છે. તમારા બસો પૂળા લખ્યા છે તેમ ખબર મળ્યા છે, અમોએ સમાચાર મોકલાવ્યા છે જે તમોને યોગ્ય લાગે તેટલા લખજો પણ ૨૦૦ ઘણા. એ જ.

બધાય મળીને જેઠાલાલ ભીમજીના કાગળમાંથી પણ સમજણ લેજો. એ જ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૭૦

સેવકો વાલજીભાઈ, માવજીભાઈ, નાનજીભાઈ, શાંતિલાલભાઈ સુખી થાઓ. કાગળ મળ્યો, તબીયત સારી રહેશે, ભક્તિ કરવી.

ભગવાનને ધરીને જળ ઘૂંટડો પીજો, તબીયત સારી થાશે. દવા પણ લેવી, બીવું નહીં. બધા મંડળને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૭૧

મહાપૂજાઓ માટે

૧૦૦૧ જયન્તિલાલ હંસરાજ વશરામ દાસાઈલેન્ડ

૧૦૦૧ + ૧૫૦ પરસોતમ તૂલસી ટાંક દાસાઈલેન્ડ

૨૦૦૦ મગનલાલ તૂલસી ટાંક દાસાઈલેન્ડ

૧૧૫૧ પરસોતમ લધુભાઈ ચોટલીયા

દેશમાં

૧૦૦૧ રામજી ટપુલાલ કાનજી ચાવડાના

૧૦૦૧ + ૧૫૦ રવજી મૂળજી ટાંક માતૃશ્રીના મોક્ષાર્થે મહાપૂજા તથા સેવામાટે (અમરોલીવાળા દાસાઈલેન્ડથી)

તથા પ્રાગજીભાઈ, ભગવાનજીભાઈ વિગેરે દાસાઈલેન્ડના સેવક હરિભક્તો શ્રીહરિ શરણાગતિ મંડળને ખૂબ જ આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. આવતા શુક્રવારે ઉપરના ભક્તો છ સિવાય મહાપૂજા માટે લખાવે તે નોંધ મોકલાવજો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, સુખી હો, **કાગળો બધાના મળ્યા છે, આશીર્વાદ આપીએ છીએ, રક્ષા કરીએ છીએ, પ્રગટ ભગવાન સાથમાં છે.કમાઓ, વાપરો, ખાઓ, પીઓ, પૂજો, કુટુમ્બને સુખી રાખો, ભગવાનને હૃદયમાં રાખો, રાજી જ છે, નવો રાજીપો મેળવવો પડે તેમ નથી, ભગવાન ભક્તની કિમ્મત ખૂબ જ આંકે છે. જેનો નાથ વિશ્વંભર તેના સેવકો પણ વિશ્વંભર જેવા સમૃદ્ધિવાળા હો, દાસાઈલેન્ડ કમાવા માટે છે, બીજે પણ કમાણી છે, સેવે છે, તેમને હજાર ગણું મળે છે.** અમો અમારી રક્ષા સાથે તમારી રક્ષા માટે મહાપૂજાઓ લેખ પંદરેક હજારનો નખાવવા ઈચ્છીએ છીએ. સત્તર હજાર થાય તો પણ ભલે. ઉપર નામ લખ્યા છે, છ જણા, તે સિવાયના નોંધ કરી શ્રદ્ધાળુ સેવકોના નામો લખી મોકલજો, દિવાળી સુધીમાં લેખ કરવો છે. આસો વદ ૮ ગુરૂવાર તા.૧૮-૧૦-૮૪ની જન્મજયન્તી

એકાશીમી આવે છે, ચોમાસાના નિયમ પણ આવે છે, ઠીક પડે તે પાળવા, આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા. દાસાઈલેન્ડના નવા જૂના, નાના મોટા તથા સાથે સામેલ કરવા માટે (બીજે રહેતા સેવકો) પણ મહાપૂજા નોંધાવશો તો તેમાં નામ ગોઠવશું.

આબુધાબી, દુબઈ વિગેરેના ભક્તો સેવા ઘણી કરે છે, ફૂલવાડીને દીપાવે છે, અરબસ્તાનમાં રહેતા તમામે ફૂલવાડીને શોભાડી છે અને શોભાડશે. રાજપૂતાનાની લાલ લાંબી પાટોથી ભોંતળાનો માળ ઢંકાય છે, એક માસમાં કમ્પલીટ થાશે. વીસેક માણસો કામ કરે છે, પછી પ્રદક્ષિણાની ફરતી બેઠક બેસવાની ખૂરશી ચારે તરફ થશે અને **શિખરોનાં શિલા પૂજન થશે, શિખરો ચાલૂ થશે, શિખર શિલારોપણ શરૂનું પૂજન વિરલાધની પુણ્યશાલી, ભાગ્યશાલી, એકાન્તિક, આત્મનિવેદી, સન્તગુણી, દિવ્ય સેવકને ફાળે નોંધાશે. ચારેકોર નજર ફેરવીએ છીએ, નજર ઠરશે ત્યાં નૈમિષારણ્ય બ્રહ્મધામ ક્ષેત્ર ચળકશે, સારા ભાગ્ય થશે, તમામને ફળ મળશે. ભગવાન જે કરે તે સારૂં કરે, સુખી હો, દૂર બેઠા નજર છે.**

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૭૨

ફૂગેવાડી, જય સ્વામિનારાયણ કહેવા. સેવક તૂલસી મનજી મકવાણા, તમારા કુટુમ્બ બધા સુખી રહો, **મૂર્તિના દર્શન કરવા, પૂજવા, કથા, ભજન, ધુન્ય કરવી. ભગવાન ધામમાં સુખ આપે તેવી ભક્તિ કરવી. આહીંના મલીન દેહને પોતાનો ન ગણવો.** દુબઈ બધા સુખી છે. હરિકૃષ્ણને તાવ મટી જાશે. કંઠ સાકર, દૂધ પીયે તો સારો ચાલે. ભજન કરવું. સુખી રહો.

•❀•❀•❀•

પત્ર નં.-૪૭૩

હરિભક્ત જયન્તીલાલભાઈ સેવક કુટુમ્બ સુખી હો. **ભક્તની રક્ષા ભગવાન કરતા જ રહે છે. ભક્તિ વધારે કરવી. વૃદ્ધો રાજી રહે તેમ વિનય**

રાખવો. વિશ્વંભર ભગવાનનું ધ્યાન બધા ભક્તોને રક્ષા કરવાનું છે, આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ

•❀•❀•❀•

પત્ર નં.-૪૭૪

વશરામભાઈ કચ્છી, મેઘજીભાઈ રામજી ભગતનો કાગળ આવ્યો છે. રવજી વલ્લભ, નાનજી, જયસુખ, પ્રવીણ, મનસુખ, કાન્તિલાલ, જયંતિલાલ જીરાગઢ બધાના કાગળો આવ્યા છે, **આશીર્વાદ આપ્યા છે, બધાની રક્ષા કરીએ છીએ. કથાવાર્તા કરજો, શ્રીહરિ શરણાગતિ મંડળ વધારજો, આરતી, ધૂન વિગેરે કંઠ કરવા. એક ચોપડી તીર્થની આ પત્ર સાથે છે. દિવ્ય સમજણ, સંપ રાખજો, ભગવો રંગ પહેરવો.**

શ્રીરુકિમણી કાન્ત અનાદિ શ્રીકૃષ્ણનારાયણની જય.

આઈસલેન્ડ, આબુધાબી, દુબઈ, બેહરીન, ભારત તમામ ભક્તોની મહાપૂજાઓનો લેખ કોતરાય છે.

શુક્રવારે બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.
સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા

•❀•❀•❀•

પત્ર નં.-૪૭૫

સેવકો - હરિલાલભાઈ, ટપુલાલભાઈ, અમરશી, રતિલાલ બન્ને વ્રજલાલ, ચન્દુલાલ, વેલજી રવજી, હરિલાલ પ્રે. બીજા બીજા ભક્તોને ભગવાન સુખી રાખો. ગુલાબ પાંખડીઓ ખાજો. ભજન કરજો.

હરિલાલ વેલજી કાગળ મળ્યો. **વિશ્વંભરને બધું પરિપૂર્ણ છે.** દેશમાં દિવાળી ઉપર આવશો તો શું શું કરવું તે આગળ સૂઝ પડશે, હાલમાં તો ફૂલવાડીમાં સારડો પાતાળ પાણી મોટો ચાલૂ છે, બીજુ **શ્રીહરિ શરણાગતિ મંડળે ધારેલ હશે તે થાશે.**

ફાળાઓ હવે ઘણાં પ્રકારનાં ઘણાં મળતીયાઓ તરફથી પરદેશમાં નવાં કામ નામે ચાલૂ છે, વિશ્વંભર સર્વેને આપે છે. અનુભવ કરીને ફાળાઓમાં આગળ વધવું.

દ્વિશતાબ્દિનો ફાળો આભમાં ના સમાય તેટલો ચાલે છે. મરણતિથિઓના ફાળા, મંદિર નવાં સેવાઓના ફાળા પણ ચાલે છે, **ભગવાનનો બગીચો જબરો છે, ટ્રસ્ટો બધા ઉપયોગ જમાના પ્રમાણે લેશે, દીલના સાથી કહે તે કરવું, પરોપકાર કરવો.** એ જ.

- કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચજો.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા

•❀•❀•❀•

પત્ર નં.-૪૭૬

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. ખુશીયાલીથી પરબારા કે સમૂહથી અમોને પત્ર લખજો. મોહનલાલ રતનશીને લખેલ છે. તમોએ તેમને કે તેમણે તમોને બે અઠવાડીયા થયાં સૂચન તો કરેલ હશે.

સુખી હો, ભજન કરો, કમાઓ, વાપરો, દ્રવ્યશુદ્ધિ કરો, કમાણી અશુદ્ધ હોય તો રહે નહિં, ભગવાનનું કામ ભગવાન કરો, ભક્તોનું કામ ભક્તો કરો.

મોહનલાલ રતનશી, રતિલાલ ઓધવજી ખોલીયા, મોહન કરશન મનાણી તમારી ચઢતી કળા હો. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૭૭

સત્સંગમાં અક્ષરમુક્તો, અવતારો, ઈશ્વરો, દેવતાઓ, ઋષિઓ, મુનિઓ, પિતૃઓ આદિ તમામ આવે પ્રકટે, જન્મ લે, ઐશ્વર્ય વાપરે, ચમત્કાર જણાવે અને તે પ્રમાણે હોય તોજ ચક્રવતી સમ્રાટની શોભા ગણાય. માટે સંપીને સમઝીને ભજવા, નિંદામાં ન ઉતરવું, ખોટ્યમાં ન જાવું, ભેખમાં દેખાદેખી, અદેખાઈ વડે હલકાઈના માર્ગમાં ધ્યાન ન દેવું, ઉત્તમતાના માર્ગમાં ધ્યાન દેવું, કોઈનું મંડળમાં મનાણુ, ન મનાણુ તો પણ અભિમાનથી કલેશમાં ન ઓરાઈ જવું.

દુનિયામાં ડાયો ડાપણમાં દુઃખ પામે, બધા મળીને ભજન ભક્તિ ઉત્સવ કરતા રહેજો. મોટાની મનદ્રષ્ટિ ઘણી ઉંચી હોય છે, નાનાની દ્રષ્ટિમાં ટૂંકાણ હોય છે, માટે સમઝીને સુખી રહેવું. એ જ. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૭૮

સેવક ક. હરિકૃષ્ણ ભગવાનજી રાજા કુટુમ્બને ભગવાન સુખી રાખો, બધા આનન્દમાં સાજા નરવા રહો, **ભક્તિ કરો, ભગવાનને સેવો,** સેવક પુરૂષોતમ ડાયા જીણા ભગત સાથે ૭૦૦ રૂપિયા મોકલાવ્યા. તે મળ્યા છે, રાજી છીએ.ભગવાનજીભાઈએ દાસાઈલેન્ડથી કાગળમાં લખ્યું છે - ક. હરિકૃષ્ણ પોતે દેવા આવશે અથવા બીજા સાથે મોકલાવી દેશે, તો આજે ભગવાનજીભાઈને પણ દાસાઈલેન્ડ કાગળ રૂપિયા મળ્યા તે લખીને રવાના કર્યો છે. તેણે **સુખદાયી દર્શન, ગુલાબ પાંખડી પ્રસાદી, અમૃતનાં મીઠાં પયઃ, દૂધપાન, સેવા, શાન્તિના ઉપદેશ, ભગવાનના સાક્ષાત્કાર વિગેરે પ્રાર્થના કરેલી છે તો સારા પવિત્ર ઉત્સવ, ભજન, ભક્તિ, સમયને અનુસારે ભક્તોને ખાસ**

લાભ મળે, તેમ તેમણે પ્રાર્થના કરી છે, તે પ્રમાણે ભક્તોને લાભ થાય છે, થતો રહેશે, આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચવા. પ્રગટ ભગવાનનું ભજન કરવું.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૭૯

સેવક ભગવાનજી, પ્રાગજી ભગત, દેવજી ભગત, આંબાલાલ ભગત, માવજી ભગત, ખીમજી ભગત, જયન્તીલાલ ભગત, કિશોર ભગત, દિનશ ભગત, હસમુખ ભગત તથા નાયડૂ ભગત આદિ શરણાગતિને ચઢતી કળા હો. હેમંત ભગતને ૨૫૦, આપ્યા છે.

૧૦૦૦, ખીમજી ભગતનાં સેવામાં રાખ્યા છે. તીર્થવાસી વિગેરેનું લીસ્ટ ફૂલવાડીને કૂલ ૧૫૦૦૦ મોકલાવ્યા, જે જે કાંઈ બીજા પણ મોકલાવ્યા તે જાણ્યું. હીસાબ બધો હીરાભાઈ આવે ત્યારે બતાવે છે, ઘણું જ મદદરૂપ થએલ છે. **આ ક્ષણ આ દિવસ આ વર્ષ આ દિવ્ય સમય અમૂલ્ય છે, અક્ષરધામનું મંડળ ઉતર્યું છે. ભંડારા મંદિર કરે છે, ફૂલવાડી મંદિરથી રાજી રાજી છે. કુંકાવાવમાં પણ મંદિર માટે આગળ વધ્યા છે.**

તમો બધા ભગવાવાળા ભગવાનના ભક્તો, નવો સત્સંગ વધારજો.

પ્રાણપતિથી અજાણ્યું કાંઈ નથી, પ્રાણપતિ દયાળુ છે, ભક્તોની પુષ્ટિ ઈચ્છે છે, લઉં લઉં લઉં એમ નથી કરતા, ઉંઘમાં દર્શન સંભાર્યા કરવા. આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ

•❀•❀•❀•

પત્ર નં.-૪૮૦

સેવક હરિકૃષ્ણ, વિશ્વંભર જગત્પતિ ભગવાનના આશીર્વાદ.

ભક્તપતિ ભગવાનની તબીયત સારી છે. ભગવાનને સંભારીને ધરેલા પ્રસાદી જળ વડે ન્હાવું, સીરહ મટી જાશે. દર્શન થાશે, ભક્તિ ભજન કરતાં રહેવા, ભગવાનનું ધ્યાન ભજન કરવું. સાકરનું જળ પીવું. દવાથી સીરસ મટી જાશે. આશીર્વાદથી મટી જાશે.

•❀•❀•❀•

પત્ર નં.-૪૮૧

સેવક અમરશી ટપુ, ખીમજી ટપુ, કરશન ટપુ વિગેરે કુટુમ્બને શ્રીજીમહારાજ સુખી રાખો. દયા છે તેથી વધારે છે, આશીર્વાદો છે, સુખી થાઓ, ભક્તિ કરો. **મૂર્તિને સાંચવજો, પૂજજો, થાળ ધરવા, શ્રીજી રાજી રહી તેમાં વસે છે સેવા અંગીકાર કરે છે.**

કથાકીર્તન - કથાવાર્તા કરવા, ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિમાં દ્રઢ રહેવું. કથા યાદ રહેશે. વચનામૃત - ભક્તચિન્તામણિ વાંચજો. અંગત સેવા તો શક્તિ પ્રમાણે કમાણી પ્રમાણે કરાય, કરજ કરીને કે રીતને પડી મેલીને ન કરાય. ભક્તિ કરતા રહેવી. સુખી રહો. એ જ. રાખડી બાંધી છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય સ્વામિનારાયણ વાંચજો.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૮૨

સેવક જયન્તીલાલ કુટુમ્બી સુખી રહો. **શ્રીહરિ જે કામ જ્યાં આપે ત્યાં રાજી રહીને કરવું,** પરદેશ જવા ઈચ્છા હશે તો તે પણ ફળશે. બધા સારાવાનાં થાશે.

ભક્તિ વધારે કરવી. ગુલાબ પાંખડી ખાજો. આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચજો. વીઝા મળે તો પરદેશ જજો. બી.બી. પરમાર સુખી રહો.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૮૨

શ્રીહરયે નમઃ

શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો, જય પામો અને કમાઓ ભજન કરો.

સુરતથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

ભાઈ અમરશીરાજાએ **દરરોજ ૧૦ માળા ભગવાનને સંભારીને ફેરવવી અને સત્સંગના નિયમ તમે જેમ પાળો છો તેમ પાળવા તો સારાવાના થાય, સુખી થાય.**

હરિલાલ, શાન્તિલાલ, અમરશીભાઈ ત્રણે જર્મન જવા ઈચ્છા હોય તો જજો, ઘણું જ સારૂ થશે, ઘણું કમાશો. **પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિને પૂજવા, ભજવા, સેવવા.** ૧ થી ૨૯ સુધી નમ્બરવાળા તમામને આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ કહેવાં.

આપણે હુતાશિની જૂનાગઢ કરીશું. એ જ. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

પત્ર નં.-૪૮૪

જૂના નવા જે જે જ્યાં રહેતા વસતા હો, મળતા હો, એકબીજાને જય સ્વામિનારાયણ કહેવાં. ખૂશી ખબર લખવા.

ઉત્સવ કરતા રહેજો. ઉદાસીનતા ન લાવવી, ભજન કરવું, પરદેશમાં જાય તે પરદેશનું જોઈને નાસ્તિક જેવા થઈ જાય છે પણ પરદેશીઓ ઈશ્વરને કેટલા સંભારે છે, ફકીરો સાંઈ માળા જપે છે, પરમેશ્વરને બ્હાને વિશ્વાસું છે, તેવો ગુણ ગ્રહણ કરી પોતાનો સત્સંગ દ્રઢ કરવો.કેટલાક તો આવલાં મારતા હોય છે, ઝપટમાં ન આવવું, ખબરદાર રહેવું, બધાને જય

સ્વામિનારાય. પારકા પોતાના જેમ ગણે, તેને બધાને આશીર્વાદ સહ સાથે જય સ્વામિનારાયણ.

કમાણી લેખે લાગે તેમ કરવું,ઘણાંય લૂંટાઈ જાય છે, તેમ ન થવા દેવું. સુખી રહો.

કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃષ્ણવલ્લભાચાર્ય

•❀•❀•❀•

પત્ર નં.-૪૮૫

સેવક ભગવાનજી રાજા, હરિકૃષ્ણ વિગેરેને ભગવાન સુખી રાખે.

ભક્તિ કરવી, ભગવાનને છડી ધરાવવી, તમો સુખી રહેશો. ભક્ત ભગવાનમાં મન પરોવવું, તેથી ભગવાનના દર્શન હૃદયમાં થયા કરે.

ક.હ.ભ.ન. વિગેરે સુખી હો. અમારા કાગળમાં કોઈનું નામ પણ ન લખવું અને ભક્તપતિ ભગવાન લખવા.

- કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચવા.

સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

•❀•❀•❀•

પત્ર નં.-૪૮૬

સેવક હરિલાલ વેલજી ખોલિયા, નવા વર્ષે ખૂબ જ સુખી રહો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, ભક્તિ કરજો, તમોએ સેવાઓ ઘણી કરી છે, કરજો, સુખી હો, બાળબચ્ચાંઓ સુખી હો. **શ્રીહરિ શરણાગતિ મંડળ બધાને આશીર્વાદ જય સ્વામિનારાયણ. દેશમાં દેશકાળ સારા છે, બધા સુખી છે. દેશમાં પરદેશમાં જન્મજયંતી, દિવાળી, ગુરૂપૂર્ણિમા, શરદપૂનમ, વાસ્તુ વિગેરે ઉત્સવો ઘણાં સારા થયા, બધા રાજી થયા, શરણાગતિ મંડળો પણ સર્વત્ર આનન્દમાં છે. કમાઓ, વાપરો, સાજાનરવા રહો,આશીર્વાદ.** જય સ્વામિનારાયણ.

વેલજી રવજી, નારણ મોહન, છગન મૂળજી, બન્ને રતિલાલ, અમરશી હંસરાજ, ચંદુલાલ કરશન, અરવિંદ, ચન્દ્રકાન્ત પટેલ સાહેબ, શ્રીહરિ શરણાગતિ મંડળને આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલ મુકુન્દ ભવન - ૨, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૮૭

સેવક હરિલાલ વિગેરેને જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. સુખી હો, આશીર્વાદ, બધાને જય સ્વામિનારાયણ કહેજો, મંદિરે જય સ્વામિનારાયણ કહેવા.

ફાળો કર્યો તે સારૂં કર્યું, જેટલા રૂપિયા તૈયાર હોય, તેટલા અમારા ઉપર મોકલાવી આપો.

કેશ, ડ્રાફ કઢાવવો, સ્વયંપ્રકાશદાસજી અથવા જે રીતે મોકલાવો.

પંદરથી સત્તર હજાર અમારી પાસે ફાળો ભેગો થઈ જાવો જોઈએ. પછી કામ ઉપડે ત્યારે અટકી જાય તે ઠીક નહી, તુરંત જ મળે અને પૂનાથી કાગળ હોય તો સારૂં. **તમો સંપથી રહેજો, ભજન ભક્તિ કરજો, ખૂશી ખબર લખજો. કરવું તો સારૂ છે પણ લમ્બાણ થાય છે, તે પણ શ્રીહરિની શ્રીકૃષ્ણનારાયણની મરજી. ફાળો કરજો, ત્રણ ચાર જણા છો પણ લાખ જેવા છો. તમોને જ્યારે સારા સમય દેખાશે ત્યારે વધારે મહિમા સાંભરશે.**

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૮૮

શ્રીહરિઃ શરણં મમ

જન્માષ્ટમી નવું વર્ષ શનિવાર તા. ૧૬-૧૦-૭૬ના સારો ઉત્સવ

કરવો, ભજન કરવું, શ્રીહરિને લાડ લડાવવા, પૂજા, પાઠ, કીર્તન, આરતી, ભોજન, ફૂલહાર વિગેરે કરવા. માવતરની સેવા કરવી, કુટુમ્બને સુખી રાખવું, ભગવાને ભજવા, સેવવા, સંપીને રહેવું. કમાઓ, ખાઓ, પીયો, નવે વરસે સોનાનાં નાણાં મેળવો, વાપરો, રાજી કરો, મુંઝાવું નહીં, એકબીજને મદદમાં રહેવું, સારા ધનવાળાથાઓ નિરોગી સાજા રહો, આશીર્વાદ.

સેવકો શ્રીહરિ શરણાગતિ મંડળ -

પ્રાગજીભાઈ ડાયાભાઈ, નાથાભાઈ ડાયાભાઈ, દેવરાજભાઈ ડાયાભાઈ, હરિલાલભાઈ, ડાયાભાઈ ટાંક, સવજીભાઈ ડાયાભાઈ કાચા, દયાળજી લાલજી મનાણી, પરશોતમ મનજી મનાણી, ધીરજલાલ લાલજી મનાણી, જયન્તીલાલ મનજી કાચા, દેવજી કાનજી રાઠોડ, મોહનલાલભાઈ, પ્રેમજી પોપટભાઈ, અમરશીભાઈ, જગદીશભાઈ, વજુભાઈ, વેલજીભાઈ, મનસુખભાઈ, રતિલાલ મોહનલાલ ચૌહાણ, ગોવિંદભાઈ, કુંવરજીભાઈ, નરસીહભાઈ, મનજી ભગત, રામજી તૂલસી ટાંક, વીરજીડાયા ભગત, દામજી ગંગદાસ રાઠોડ, મોહનલાલ રતનશી, રતિલાલ તથા અમરશી તથા હરજીવનભાઈ તથા બાબુલાલભાઈ તથા શામજી હીરજી ચૌહાણ, દયાળજી ગંગદાસ રાઠોડ, નટવરલાલભાઈ, લવજીભાઈ તથા ભાણજીભાઈ, મનજીભાઈ, નાનજીભાઈ, બાબૂભાઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળને આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ.

ડ્રાફ્ટ મોકલવાનું શિરનામું.

KOTHARI SWAYAMPRAKASH DASJI
BANK OF INDIA, JUNAGADH

બધાને જય સ્વામિનારાયણ કહેવાં, વાંચવા.
સાજા રહો, ધનવાળાં થાવ, શેઠિયા થાવ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૪૮૯

શ્રીહરિ શરણં મમ

ટપુભાઈ કાનજી, મોહન કરશન, મોહન રતનશી, રતિલાલ હંસરાજ, દયાળજી લાલજી, ધીરજલાલ લાલજી, તૂલસી મનજી, દેવરાજ ડાયા, માવજી લક્ષ્મણ, ભગવાનજી લક્ષ્મણ, વામન કેશવજી, રતિલાલ લાલજી, જયન્તીલાલ રાઘવ, ભગવાનજી ટપુ, નથુ ડાયા, જયન્તીલાલ દેવશી, રામજી તૂલસી, નાનજી લક્ષ્મણ, ચમનલાલ મોહન, મગનલાલ કેશવજી, શામજી હીરજી, કરશન હીરજી, વ્રજલાલ રણછોડ, વેંકટ સ્વામિ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ સર્વે...

તમોએ ફાળો, બે ડ્રાફ્ટ માવજી લક્ષ્મણ સાથે મોકલાવ્યા તે તા. ૨૪-૧૦-૭૭ના આંહીં જૂનાગઢ મળી ગયા. તેઓ મુંબઈથી પ્લેનમાં રાજકોટ ઉતરીને જૂનાગઢ દર્શન કરી ડ્રાફ આપીને તથા મુખ સમાચારો આનંદના કહીને તથા હકીકતો કહીને રાજકોટ વંથળી ગયા છે. **રાજી, રાજી, રાજી, રાજી, રાજી છીએ. બહુ જ કામ કર્યુ. જન્મતીર્થ લેવાય ગયું મદદ તમોએ શરણાગતિ મંડળે મળીને માથે ઉપાડી લીધી.બાંધકામ થશે, આનન્દ થયો. બધાને જય સ્વામિનારાયણ કહેજો. રાષ્ટ્રીય ભવન માટે કર્યુ હતું, તેવું જ ફરીથી દુબઈથી કરી બતાવ્યું. તન મન ધન આપ્યાં.**

બીજું કે બન્ને ડ્રાફ્ટમાં - કોઠારી સ્વયંપ્રકાશદાસજી, ખાતા નં. ૧૦૬૭૪ છે, તે બેન્ક ઑફ ઈન્ડિયાનો છે અને નાગરિક સહકારી બેન્કમાં ખાતા નંબર ૬૧૨ છે, તે બન્ને ડ્રાફ્ટ રજીસ્ટર્ડથી આજે તૂલસી મનજી મકવાણા ઉપર રજીસ્ટર્ડથી પાછા મોકલાવ્યા છે, તેમાં ૧૦૬૭૪ને બદલે ૬૧૨ કરાવીને બેંકનો સિક્કો લગાવડાવીને અમારા ઉપર રજીસ્ટર્ડથી મોકલાવી આપજો, બેંકનું નામ ન ફેરવશો અને ૧૦૬૭૪ નંબર ન ફેરવો તો બેંક ઑફ ઈન્ડિયા લખાવજો, નાગરિક સહકારી બેન્ક ફેરવાવી નાખજો, નંબર ફેરવાવવો સહેલો, તેના તે ડ્રાફ પાછાં મોકલાવજો. એ જ.

ભજન, ભોજન, કીર્તન, કથા, ચમત્કાર ગાજો કરજો, આનન્દ માણજો, બધા સંપથી રહેજો. ડ્રાફ પાછા આવશે ત્યાં તો જન્માષ્ટમી આવી જાશે. વેલજી ભગત તથા ભક્તોને જન્માષ્ટમી ઉજવવાનો ઉત્સાહ છે, તે ઉજવશે. મુંબઈમાં પણ ઉજવશે, વંથળી ફૂલવાડીમાં પણ ઉજવશે, ફાળો કર્યો છે અને ભજન ભોજન કીર્તન કરશે.

ઈલેકટ્રીક લાઈન રીપેરીંગ જોડાણ કરાવે છે, મકાનનું રીપેરીંગ કરે છે એવા ખબર મળ્યા છે. એ જ. બધાનો જય શ્રીસ્વામિનારાયણ કહેજો.

મોહનભગત વિગેરેને માલૂમ થાય જે - સેવક તૂલસી મનજી દુબઈમાં ડ્રાફને જલ્દી સુધરાવીને મોકલાવી શકશે એમ સેવક માવજી લક્ષ્મણે કહ્યું તે પ્રમાણે મોકલાવેલ છે. વેલજી ભગત તથા છગન ભગતને પણ ખૂબ સંભાર્યા છો, ખૂબ કામ કરે છે, ટેકો સારો છે, તમો પણ નજર રાખો છો, ઘણું સારૂં છે. ભગવાનજી ભગત મુંબઈ ગયા છે, બધા દુબઈ આવવા આકાશમાં ઉછળે છે બધા જલ્દી આવશે. **સોના-રૂપા કામમાં આવ્યા, સેવકો કામમાં આવ્યા, દિવ્ય થયા, દિવ્ય વધારે થાશો. ભગવાન ભેગા રહેવાય એવા ભક્તિવાળા થાવું.** એજ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૯૦

સુખી હો. ભજન કરવું. આશીર્વાદ. જય સ્વામિનારાયણ. દર્શન થતા રહો. સેવક શાન્તિલાલ દેશમાં આવવાનો વિચાર કરે છે. મનોરથો પૂરા થાય. બીજાઓ પણ વીઝા ઉપર એક મહિનો આવવા ધારે છે. **ભગવાનના ભક્તોને ભગવાન સિવાય બીજું કાંઈ નથી. સસલાં, મીંદડાં, કૂતરા, ભૂંડણા, ઘેટાં, બકરા મરતા જ જાય છે. જીવનો ઉદ્ધાર નહીં. માનવ જીવન ભગવાને**

સેવે ભજે તે ઉધ્ધરે. જાગતાં, ઉંઘતા સંભારવા. મૂર્તિ સેવવી. સદ્‌ભાગ્ય માનવું.
એ જ. ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૯૧

રામજી જેઠા, જયન્તિલાલ હંસરાજ, રવજી મૂળજી ટાંક, ખીમજી રવજી સોલંકી, ભગવાનજી રામજી, શામજી લક્ષ્મણ, કાન્તિલાલ રવજી, રમેશ હંસરાજ, રણછોડ ધનજી, પ્રવીણ મોહન, શાન્તિલાલ બગીચા, રામજી કે., ગોવિંદજી, જયન્તી, ચુનીલાલ ગોવિંદ વરૂ, વ્રજલાલ લાલજી, દેવજી મનજી, છગનલાલ માવજી, મનસુખ, જયન્તી કચ્છી, પ્રવીણ મોહન, કાનજીભાઈ, તીર્થ, વિસરામ ભ. કચ્છી, નરસિંહ ભગત, ભગવાનજી જરાગઢ, કાન્તિલાલ બાબૂલાલ, મનસુખ હંસરાજ, દેવજી દરબાર કાનજી, નરસિંહ મૂરજી, રામલાલ ટપુભાઈ, દિનેશ ધનજી તીર્થ, પરસોતમ તુલસી, રમેશ મોહન, અમૃતલાલ ડાયા, નરસિંહ અમરશી ભાઈઓ, મોહનલાલ ખોડીદાસ. આદિ આદિ જે જે જ્યારે જ્યારે મળે, આશીર્વાદ જય સ્વામિનારાયણ કહેશો.

શરણાગતિ શાસ્ત્રોમાં લખી છે. તે આ પ્રમાણે હરિભક્તો બાળક બાળકી કંઠી બંધાવે ત્યારે તેના કાનમાં વર્તમાન ધરાવવાનો ગુરૂમંત્ર સંભળાવાય છે.

સત્સંગિજીવનમાં લખેલો છાપેલો ગુરૂમંત્ર છે, તે હાથમાં જઈ લઈ સંભળાવે, સાંભળે ત્યારે સત્સંગી થાય છે. તે ગુરૂમંત્ર સત્સંગીજીવનના પ્રકરણ પ્રથમ, અધ્યાય ૧૪ શ્લોક ૫૧માં છે.

'મનૂ ધ્વૈચ પ્રપન્નાય તત શ્વેદ મુવારાહ' ।।૫૧।।

પ્રપન્ન શરણાગત એવા રામાનન્દ સ્વામીને રામાનુજાચાર્યએ બે મંત્ર રત્નો આપ્યા.

।।૧।। શ્રીમન્નારાયણં ચરણૌ શરણં પ્રપદ્ય

।।૨।। શ્રીમતે નારાયણાય નમઃ

આ બે મંત્ર પ્રપન્નામૃત ગ્રન્થને આધારે છે.

પ્રપન્ન - એટલે શરણાગત, શરણ જે શરણાગતિ.

'તત્ર તત્ર પ્રયન્નમ્યો દીક્ષા પ્રાદાચ્ય વૈષ્ણવીમ' ।।૫૯।।

ત્યાં ત્યાં પ્રપન્ન - શરણાગતોને વૈષ્ણવ હરિભક્ત થવાનો દીક્ષા મંત્ર આપ્યો. રામાનન્દ સ્વામીએ ધર્મદેવને પ્રયાગરાજમાં, તથા ઘનશ્યામ મહારાજને પીપલાણામાં શરણાગત મંત્ર આપ્યાં.

અધ્યાય ૪૬ શ્લોક ૨૭માં શ્રીકૃષ્ણશરણાગતિ મંત્ર.

।।૩।। 'કાલમાયા પાપકર્મ યમદૂત ભયાત અહમ્ । શ્રીકૃષ્ણદેવ શરણં
પ્રપન્નોસ્મિ સ પાતુ મામ' ।।૨૭।।

શ્રીકૃષ્ણશરણાગતિનો સંકલ્પ - તે મંત્ર કહ્યો. આ શ્રીકૃષ્ણદેવ શરણ પ્રાપ્તિનો સ્વામિનારાયણ સંપ્રદાયનો શરણાગતિ મંત્ર છે.

શ્રીકૃષ્ણમેવ શરણં યઃ પ્રપદ્યેત ધ્રુવમ્' અધ્યાય ૪૬ શ્લોક ૪૦ જે શ્રીકૃષ્ણશરણમાં નક્કી પ્રાપ્ત થાય તે સત્સંગી થાય.

સામાન્ય દીક્ષા લઈ હરિભક્ત થાવું અને વિશેષ દીક્ષા લઈ સાધું થાવું. તેના શરણાગતિ મંત્રો.

।।૪।। 'શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ' હે શ્રી કૃષ્ણ તમો મારી ગતિ છો. ગતિ એટલે પ્રાપ્તિ, આગતિ - આવવું, પામવું.

ઉપલા ચાર મંત્ર - સત્સંગિજીવનમાં શ્લોકોમાં શરણાગતિના છે. તે વડે હરિભગત થવાય છે. 'શ્રીહરિઃ શરણં મમ' શ્રીહરિને શરણે મારી ગતિ છે.

શ્રીજી મહારાજે આચાર્યો સ્થાપ્યા ત્યારે શ્રીહરિ - શ્રીકૃષ્ણ શરણાગતિના બે મંત્રો આપ્યા હતા. તેઓ આચાર્ય અને સન્તો તે મંત્રો દીક્ષામાં આપે પછી હરિભક્ત થવાય.

'પ્રપદ્યેત શરણં નિજાચાર્ય કૃતાંજલિઃ' ભક્તજન હાથ જોડીને પોતાના આચાર્યના શરણે જાય. ભક્ત આચાર્યના શરણમાં આવે. અધ્યાય ૪૭, શ્લોક-૨.

આ શ્રીકૃષ્ણમન્ત્રના છન્દ અનુષ્ટુપ ઋષિ નારદજી છે. એ અધ્યાય ૪૮માં શ્લોક ૪૪ માં છે. અષ્ટાક્ષર મંત્ર - નારદ પંચરાત્રમાં કહેલ છે. 'કુરૂમાં

કૃષ્ણવલ્લભમ'
કંઠી તુલસીની મને કૃષ્ણવલ્લભ બનાવો શ્લોક ૫૫ મો છે.
'ઔધ્વવીયમ આચાર્ય પ્રાપ્નુપાત શરણં દ્રુતમ' અધ્યાય ૫૦ શ્લોક ૨.
'આચાર્ય શરણં વ્રજેત્' અધ્યાય - ૫૧, શ્લોક - ૩.
પ્રપન્ન આચાર્ય શરણમાં આવેલને મંત્ર આપે. શ્લોક - ૧૩
'શ્રીકૃષ્ણ એવ શરણમ્' અધ્યાય - ૫૩ શ્લોક - ૨
નારીઓ શ્રીકૃષ્ણને શરણે જાય.
'શ્રીકૃષ્ણદેવં શરણં પ્રપન્નાસ્મિ સ પાતુ મામ' અધ્યાય - ૫૩ શ્લોક - ૨૦
બાઈઓનો શરણાગતિ મન્ત્ર છે.
'કૃષ્ણમન્ત્રં વામકર્ણે' ડાબા કાનમાં આચાર્યપત્ની નારીઓને શરણાગતિ મંત્ર આપે.
'તરોધીઃ શરણાગતિ' ગીતાર્થ સંગ્રહમાં ભગવાનમાં અર્પણ થવું તે શરણાગતિ છે.
'નવાસઃ શરણં સુહ્રત' ગીતા અધ્યાય - ૯, શ્લોક - ૧૮ ભગવાન શરણાગતના મિત્ર છે.
'તમેવશાદ્યં પુરૂષ પ્રપેદ્યે,' ગીતા - અધ્યાય - ૧૫, શ્લોક - ૪ અધિપુરૂષ અનાદિ એવા ભગવાનને શરણે પડું છું.
'તમેવ શરણં ગચ્છ' ગીતા અધ્યાય - ૧૮, શ્લોક - ૬૨ હે અર્જુન તુ ભગવાનને શરણે જા.
'સર્વધમાન્ પરિત્યજય મામેકં શરણં વ્રજ' ગીતા અધ્યાય - ૧૮, શ્લોક - ૬ બધા ધર્મ તજીને મારે શરણે આવ, તને તારા તમામ પાપથી છોડાવીશ.
'પ્રપતિઃ શરણાગતિઃ' શિક્ષાપત્રી ભાષ્ય - પ્રપતિને શરણાગતિ કહી છે. પગમાં પડવું, શરણે પડવું, કંઠી લેવી તેને શરણાગતિ કહી છે.

કાંદીવલી - પ્રાગજીભાઈ તથા નારાયણ વિગેરે સેવકો સુખી રહો. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. **જેરામભાઈ**

રૂવીથી શરણાગતિ પૂછી છે તેના જવાબ કાગળ ખૂલાસો મોકલી દીધો છે. આ તમોને પણ ઉપયોગમાં આવે. સમઝણ માટે મોકલેલ છે. સાંચવવો ટેપ રેકોર્ડીંગ કરી લેવો. બીજાને સંભળાવવા થાય. એ જ બધા સુખી રહો. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૯૨

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ વાંચવા.

સેવક રામજ તુલસી ટાંક દુબઈ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી હો.

અમારી તબીયત સદા મારી છે. આનન્દમાં છીએ. ભજન કરજો. ભૂલચૂક બધાયની માફ. બધાને જય સ્વામિનારાયણ કહેજો. સુખે રહેજો. **હેતથી રહેજો, એકબીજાને મદદમાં રહેજો. સારે દિવસે ભજન વિગેરે કરવું.** પરદેશમાં મનને ઉદ્વેગ ન થવા દેવો. ધીરજ રાખવી.

અહીં દેશકાળ સારાં છે. ત્યાં સારા હશે. કમાઓ, વાપરો, ઘરે મદદ કરવી. એ જ.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૯૩

જૂનાગઢથી અનાદિ શ્રીકૃષ્ણનારાયણના આશીર્વાદ.

ભક્તિ ધર્મ સત્સંગ ભજન માળા જપ આદિમાં તથા ધનલાભ આરોગ્ય વિગેરેમાં વધારે સુખી રહો. આશીર્વાદ ફળો. પુત્ર પરિવાર વધો. સારાવાના હો.

આબુધાબી - કાગળ શાંતિલાલ પૂંજાભાઈને જન્મ જયન્તી એ પહોંચે તે પ્રમાણે આશો પુનમનો લખ્યો છે. પરદેશમાં કાગળો ઘણાને મળતા નથી. હવે ફરીથી લખીશું.

બધા સુખી રહો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૯૪

સેવક કાન્તિલાલ, કુટુમ્બ સુખી રહો. સાઉદીયા રીયાધ, કાન્તિ, વેલજી ભગત, મોહન ભગત, મધુ ભગત, શ્રીહરિ શરણાગતિ મંડળને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ. બધા સુખી હો, દ્રવ્યથી ધરવ થાઓ. શાન્તિ વરતો. સાજા નરવા રહો. **પ્રગટ ભગવાન ઈષ્ટદેવ શ્રીહરિ રક્ષા કરે છે જ. સન્તો, ગુરૂઓ પણ રક્ષા કરે છે જ.** દેશમાં બધા સુખી છે. પ્રસાદી ગુલાબ પાંખડી જમજો. વધારે સારાવાના થાજો. એ જ. જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૯૫

ભક્ત મહેન્દ્રભાઈ તબીયત સારી રહો.

ભગવાનને અદ્રશ્ય રાધા-લક્ષ્મી કાયમ સેવા-પૂજામાં અર્ધાંગના દાસીઓ તરીકે ભજે છે.

ઉત્તાત્માને ઝાંખી થાય, પાત્રતા પ્રમાણે રૂપરંગ વિભૂતીઓ પણ પ્રકાશીત થાય, આશ્ચર્ય નથી. શીલવ્રતીઓને સ્પષ્ટ થાય તે કૃપા.

પ્રસાદિ ગુલાબની પાંખડીઓ છે તે ખાજો, સાથે રહે તો રાખજો. પાસ થાશો.

રાજીખુશીથી તુરંત રવાના કરેલ છે.

જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૯૬

સેવક યુગલ મહેન્દ્રભાઈ, કુટુંબ સુખી હો, ભક્તિ કરો. સાજા નરવા રહો. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

સંભારો છો, તે જ્ઞાનીઓ માટે મળવા તુલ્ય છે. સ્થૂળદર્શન સ્થૂળ ભેગા થાય ત્યારે માનવા, સૂક્ષ્મદર્શન સદાને માટે માનસ, આત્મબ્રહ્મમાં કરવા. સુખે રહો, સારી ભાવના વડે આનંદિત રહો. પ્રભુ ભેગા છે. બા-બહેન દર્શને આવે છે. આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૯૭

સેવક મહેન્દ્રકુમાર, હર્ષદાદેવી કુટુંબી સુખી હો, સાજા નરવા રહો, **ભક્તિ પ્રેમ વધો, આત્માને પરમાત્મા સહિત ચિન્તવો. ધાર્યા કાર્યો ભગવાન પાર પાડો, સુખે જીવન વીતો, પવિત્રતા, પરોપકાર વધો, હૃદયમાં પ્રભુજીને રાખો. જ્ઞાનમાંથી જ્ઞાનના ફડસવા ફૂટે, નવુ વિજ્ઞાન પણ ઘણા સુખી રાખે, વિવેક વિચાર વિમર્શ વિશિષ્ટ સમઝણ વધતી રહો, આશીર્વાદ.**

પરીવાર વધો, સારાવાના હો, જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

તબિયત સારી છે, દરેક દર્શને આવે છે.

મહેન્દ્ર, હર્ષદા ચીરંજીવી હો.

-કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૯૮

સેવક રમણિક જેરામભાઈ કુટુંબ સુખી હો.

સિંહ રાશિ છે. અક્ષરો મ, ટ આવે.

મનીષ, મહેશ, મુકુન્દ, મણિલાલ, માર્તંડ, મુકુટ, મનહર, મોરારિકુમાર, માવજી એવા નામ રાખવા.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાવી.

બાબો ઘણું જીવો, સુખી રહો.

હ. મા. પ્ર. બધા સુખી હો.

જય શ્રીસ્વામિનારાયણ.

-કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૪૯૯

સેવક જયન્તીલાલ શામજી રાઠોડ સુખી રહો. તમોએ મોકલાવેલ ડ્રાફ ૧૦૦૦ મકાન સેવાનો મળ્યો છે, ચન્દન ઓરીસો સાંચવજો, પૂજામાં રાખજો, દિવ્ય સમજજો, ભક્તિ કરજો, રાજી થયા છીએ.

સેવક રમેશ હંસરાજ રાઠોડનો પત્ર મધુભાઈ સાથે આપ્યો તે મળી ગયો છે, **દુબઈ મહાસભામાં ભક્તિ ભજન કરજો,** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. જન્માષ્ટમી જન્મજયંતી સર્વે મળીને ઠરાવ કરીને કરજો.

કાનજી મૂળજીભાઈનો કાગળ મળ્યો છે તેનો કાગળ મળ્યો છે,

૧૦૦૦ ની પહોંચ મોકલાવી દીધી છે. રૂપિયા ભગવાનજી રાજા સાથે મળી ગયા છે.

કાન્તિલાલ રવજી ચૌહાણનો કાગળ મળ્યો છે. નજર રાખીએ છીએ. બહોળો સમૂહ બધા ભજન કરજો. મધુભગત આજે આંહી જૂનાગઢ આવ્યા છે. ધૂસો લાવ્યા તે અમોને આપ્યો છે.

૩૧૦, કાનજી વીરજી ટાંક બાલંભાના સેવા મળ્યા છે.

જયંતિલાલ શામજીના ફુલહાર પ્રસાદી વિગેરે - ૨૨.૨૫ ના ફુલહાર, ૨૨ાા કુંકાવાવ પ્રસાદીના આપ્યા છે.

૩૦ રમેશ રામજી - મનસુખ ચાવડા - પ્રવિણ મોહન (ત્રિપુટી) ના.

ગુલાબ હાર ઝબરા ઝબરા વડે પૂજ્યા છે.

૧૦૦૦ આરતીના મળ્યા છે.
૧૦ જયસુખ મળ્યા છે.
૩૧૦ નવા ભક્તોના મળ્યા છે.
૧૫ કાનજી મૂળજી ફુલહારના.
૧૫ રમેશ હંસરાજ ફુલહારના.
૭૫ કાંતિલાલ રવજી ચૌહાણના.

બાકીના ૮૭ - ફુલહાર, સાકર, નાળીયેર, ત્રોફા, પુજા ફળ, સીમલા સફરજન વિગેરે ખૂબ જ વાપર્યા છે, આનન્દ ઉત્સવ - રાજી કર્યા છે બીજા ઘણાં શ્રીહરિ શરણાગતિ મંડળનાં બાકી છે, ભગવાન તેનામાં રહીને કામ કરતા રહેશે. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો.

જયન્તિલાલ - જીરાગઢ	આચાર્ય શ્વેતાયન
શાન્તિલાલ ભક્ત	રામજી ભક્ત
નાનજી ભક્ત	મધુ બ્રહ્મચારી
ભગવાનજી ભગત	જયસુખ ભગત

ત્રણ - રમેશ ભક્ત
પ્રવીણ ભક્ત
મનસુખ ભક્ત
લાલજી ભક્ત
શાન્તિલાલ ભક્ત - રોહીશાળા
મોહન ભક્ત
કાનજી ભગત - તીર્થ
વશરામ ભગત - કચ્છ
રતિલાલ ભગત
વ્રજલાલ ભગત - બંને
પોપટ ભગત
જયન્તીલાલ રતનશી - જીરાગઢ
મનુ ભગત
કાનજી ભગત - બાલંભા
જયન્તિલાલ - જીરાગઢ
કરશન ભગત પોરીયા - ધૂળકોટ
હેમરાજ ભગત - મેઘપુર
ચુનીલાલ ભગત - મેઘપુર
ચુનીલાલ ભગત - બોડકા
વશરામ લક્ષમત મકવાણા

આ બધા શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તો ખૂબ જ સુખી થાઓ. સાજા નરવા રહો. રાપકોમાં **કથાવાર્તા કરજો. પ્રેમ રાખજો. દિવ્ય ભાવે વરતજો.** નિજ મકાન ત્રીજો માળ થાંભલા કોંક્રેટ બંધાય છે. **ભક્તોના યોગ વડે સમજાય. ખૂબજ પરચાઓ સંભારવા.** આ ચોમાસામાં તો બધાએ ખૂબ જ સેવાઓ કરી છે. માટે ખૂબ જ નાણાવાળા થશો. આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૦૦

શ્રીશ્વેતાયન વ્યાસ પ્રભુનો ઉપદેશ -

ગ્રહણ કરવા યોગ્ય તો ભગવાન અને સાધુ એ બેજ છે, વર્ણન કરવા યોગ્ય પણ ભગવાન અને સંત એ બેજ છે, સેવવા યોગ્ય પણ તે બેજ છે, આ પ્રમાણે બધા શાસ્ત્રો પણ કહે છે. તત્વજ્ઞાન કરો પછી ફળમાં ભગવાન અને સંત ગ્રહણ કરી લ્યો. તેમાં પણ પરોક્ષ નહિં, પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ એવા ભગવાન અને સંતને ગ્રહણ કરી લ્યો, તેને નિષ્કપટ ભાવે સેવો, તેને સોંપાઈ જાઓ, તેના સત્સંગમાં સમર્પણ થઈ જાઓ, તેઓ જરૂર જરૂર જરૂર મોક્ષમાં લઈ જાશે.

પોતાનું અજ્ઞાન તે આત્માનું અંધારૂં તે નડે છે. અજ્ઞાન એટલે

સંશય થાય તે, અજ્ઞાન એટલે અભાવ આવે તે, અજ્ઞાન એટલે વિપરીત વર્તે તે, અજ્ઞાન એટલે ભ્રાન્તિમાં પડે તે, અજ્ઞાન એટલે ન મનાય તે, અજ્ઞાન એટલે પોતાનું અભિમાન, અજ્ઞાન એટલે પોતાપણાની મમતા, અજ્ઞાન એટલે નાસ્તિક્તા, અજ્ઞાન એટલે નરસી દ્રષ્ટિ, નરસું મનન, નરસા ભાવ અને બધી નરસી સમજ તે મોટા અજ્ઞાનો છે, તે મોટા અંધારા ગણાય છે, તે કાંઢી નાખવા. પોતે દિવો થાવુ, પોતેજ મશાલ થાવું,પોતેજ વિજળી થાવું, પોતેજ વડવાનલ થાવું, પોતે જ મહાતેજ થાવું, પોતે જ અક્ષરબ્રહ્મ તેજ થાવું, તો બધા અજ્ઞાન અંધારા ઉડી જાય.

પોતે જ સૂર્ય થયો તેને અંધારૂં ન હોય, અંધારૂં એટલે શું ? તો છતે પ્રગટ પ્રમાણ ભગવાન મળ્યે સતે અને પ્રગટ સંત મળ્યે સતે પણ પ્રત્યક્ષમાં તુચ્છબુદ્ધિ કરવી, તે તુચ્છબુદ્ધિ જ અજ્ઞાન છે. સંસારી જીવ પોતા જેવા દેખે તે અજ્ઞાન, પોતા જેવી ક્રિયા કલ્પે તે અજ્ઞાન, પોતા જેવા ડૂબેલા ચીંતવે તે અજ્ઞાન, પોતા જેવા મળ મૂત્ર, તાવ, ઉધરસ, ગૂમડા, વા, રોગ, અશક્તિ, કલ્પે દેખે, ચીન્તવે, માને અને હલકી દ્રષ્ટિ વાપરે તે અજ્ઞાન, માટે એવા અજ્ઞાનરૂપી અંધારા પ્રગટમાં ન કલ્પવાં, તે ખરા આત્મનિવેદી ગણાય. પ્રગટને ભજી ભજી પાર પામ્યાં ઘણાં, ગીધ ગણિકા કપીવૃન્દ કોટિ વ્રજતણી નાર્ય વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી. તે રીતે પ્રગટ મળે તો અંધારૂં ન રાખવું. શ્રીકૃષ્ણ કહી કહીને સમાપ્ત પણ થઈ ગયા, તોય યાદવોએ ભગવાન ન માન્યાં. શ્રીહરિ કહી કહીને ધામમાં પહોંચી ગયા, તોય જગતના જીવોએ ભગવાન ન માન્યાં. પ્રગટ હોય પણ કોઈ ન જાણે રમાપતિની રીત, રમાપતિની રીત પણ જગત આંધળું ભીંત. માટે ભક્તે ઓળખીને ભજી લેવા, સેવી લેવા અને મોક્ષ મેળવી લેવો.

શ્રીશ્વેતાયન વ્યાસ પ્રભુની જય હો.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર,બાલમુકુન્દ ભવન-૨, જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

• **<u>નોંધ</u> :-**

''પ્રગટના દિવ્ય ઉપદેશપત્રો'' આ શાસ્ત્રના યજમાન ભક્તરાજ શ્રી હરસુખભાઈ જેરામભાઈ મકવાણા (ગામ - જામવંથલી, હાલ - પુના) પરિવારને સ્વયં પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે લખેલ પ્રસાદીના પત્રો નીચે મુજબ છે.

<u>પત્ર નં.-૫૦૧</u> તારીખ : ૧૦-૧-૧૯૬૩
જામનગર

શ્રી પૂના - શ્રીજીના ભક્તરાજ, ગોવિંદ ડાયાભાઈ મકવાણા તથા તમારા ભાઈઓ સર્વે હરિભક્તો પ્રતિ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાંજ આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

તમારા મોકલાવેલ મનિઓર્ડરના રૂપીયા ૫-૫, શ્રીજી મહારાજની ભેટ, ધર્માદાની પહોંચો નંગ-૨, નંબર ૩૧૮૨ - ૩૧૮૩ મોકલાવેલી છે. આ પત્રમાં અંદર મોકલાવી છે.

તમોને શ્રીજી મહારાજની કૃપાથી આરોગ્ય હો, સાજા રહો. દુઃખાવો મટી જાશે, સાંજે શેક લેવો, સગડીનો શેક દર્દ મટાડશે. હાલમાં રેલમાં મુસાફરી ન કરવી.

ત્યાં જેરામ, દેવરાજ, પરસોત્તમ, રાજેશ્વર, હરસુખ, રાજેશ્વર વગેરેને જય સ્વામિનારાયણ કહેશો.

મોટર સાઈકલ ઠીક ન પડે તો વહેંચી નાખજો. **ભજન વધારે કરજો.** એ જ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા કોઠારી વિગેરેના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

પત્ર નં.-૫૦૨ તારીખ : ૧૬-૬-૧૯૭૨

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક મંડળ પરસોત્તમ ડાયા તથા ભાઈઓ તમારૂં કુટુંબ સુખી થાઓ. વધારે સુખી રહો.

વેંહચી લીધુ તે ઘણુ સારૂં. સર્વેને ઠંડે દિલે કમાવું અને ભજન કરવું.

દયાદ્રષ્ટિ ફેરવતા રહેશું, ભાર જેવું નહીં જણાય. સારાવાના થાશે.

વાતું કર્યા કરે તે તમો મનમાં પીઈ જાજો. અને દર્શને ખાસ જરૂર હોય તો આવવું. કામકાજ કર્યા કરવા. મગનલાલભાઈ જૂનાગઢ બદલીમાં આવ્યા છે. બધા આંહી રહે છે. દરરોજ દર્શને આવે છે.

બધાને જય શ્રીસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.



પત્ર નં.-૫૦૩ તારીખ : ૫-૮-૧૯૭૩

જૂનાગઢથી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો તથા દિનેશ બધાને શ્રીજી મહારાજ સુખી રાખો. સાજા નરવા રહો, કામકાજ મળતા રહો. **ભગવાનના લીલાચરિત્રો કથાવાર્તા કરતા સંભારતા રહેવા, સુખ આનંદ મળ્યા કરે. બધા ભજન કરજો.** જય સ્વામિનારાયણ વાંચશો.

અવતારો વચ્ચે અવતારી શ્રીજી મહારાજ પોતેજ પ્રગટ બિરાજે છે. તે દર્શન કરવા, આનંદ કરવો, શ્રીજી મહારાજના પ્રકટ સુંદર મુખ સામે જોતું રહેવું.

સેવક પુરૂષોત્તમભાઈ તથા દિનેશભાઈ વિગેરે બધાને આનંદમાં ભગવાન સાંભરો અને હૃદયમાં વસેલા વર્તો અને લાભ આપ્યા કરો અને પુરૂષોત્તમને સોસાયટી લેવાનો વિચાર હોય તો ભલે લે. સારાવાના થાશે, સુખી થાશે. એ જ. જય સ્વામિનારાયણ વાંચવા.

તમારા ભાઈ વિગેરેને આશીર્વાદ જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૫૦૪ તારીખ : ૨૭-૮-૧૯૭૭

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

હરિભક્ત અમરશીભાઈ પૂના, ભાણેજ રમણીકલાલ જેરામ ડાયા મકવાણા, બનેવી જેરામ ડાયા મકવાણા તથા ગોવિંદ ડાયા મકવાણા તથા કેશવજી પુંજાભાઈ તથા ધનજી મેપાભાઈ તથા નરસી મનજી કાચા તથા તમારી સાથે કામકાજે મળે તે બધાને અમારા જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

તમારો કાગળ મળ્યો. બીજાના કાગળો દિવાળી ઉપર આવશે - જશે. બધા સુખી રહો. શ્રીજી મહારાજ પરદેશમાં સાજા નરવા રાખો, ભજન કરજો. સ્વામિનારાયણ ભગવાન તમારી રક્ષા કરો. **કથાવાર્તા કરવી વિગેરે નિયમ પાળવા.**

તમોએ લખ્યું કે, સરખું કામ ચાલું થાશે ત્યારે સેવા મોકલાવશું. **ઘર કુટુંબનું પોષણ કરવું, વધે અને ઉત્સાહભાવ પ્રમાણે સેવા કરવી,** રાજી છીએ, નાણાવડે ભક્તિવડે વધારે સુખી રહો. આશીર્વાદ.

ડ્રાફ કઢાવો ત્યારે ડ્રાફમાં

KHOTHARI SWAYAMPRAKASHDASHG

NAGRIK SAHKARI BANK

ખાતા નંબર ૬૧૨ JUNAGADH

આ પ્રમાણે ડ્રાફમાં લખાવવું.

બધાને આશીર્વાદ. જય શ્રીસ્વામિનારાયણ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૦૫ તારીખ : ૩-૧૦-૧૯૭૮

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક રમણિકભાઈ બધા સુખી રહો, ભજન કરો.

સગાઈ કરજો, સારાવાના થાશે.

આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચવા.

પાસપોર્ટ સારો ફળીભૂત થાશે. પરદેશ ગયા પછી શિરનામું લખજો. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. એ જ.

-કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૦૬ તારીખ : ૧૫-૧૦-૧૯૭૮

સેવક છગનલાલ ડાયા મકવાણા.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણના આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

તમારો પત્ર મળ્યો. ધ્યાન રાખીએ છીએ. છોકરાઓ કહેવાઓ છો. એટલે ડોળી રમતે ન ચઢી જાવું. ભજન માળા આસને કરવા. **દેશકાળ પ્રમાણે રહેવું. તમોએ આગલા પત્રમાં માહાત્મ્ય ઘણું લખ્યું હતું. તે પ્રમાણે રહેવું, વરતવું, ભજવા, ચિંતવવા.** કામકાજ મળ્યા કરશે. કોઈના વાંકમાં ન આવવું. જન્મજયન્તિ ઉચ્છવનો કાગળ આઠમ પછી લખજો. એ જ.

કંપની સારી હોય તો મેલવી નહિં, ટાંઢે દિલે કમાયા કરવું. દેશમાં

કાંઈ નથી. માટે ટકી જાજો અને સહન કરજો, કમાજો. મુકુડદમ કંટ્રાટી કહે તેમ કહ્યા કરવું, સામું ન થાવું, બાધવું નહીં, પરદેશમાં જેમ તેમ ગુજારો ગુજરણ કરી લેવું, મહિને હજાર બચે તોય ઘણું. **પ્રતિષ્ઠા મેળવવી તો કૃપા ફળે. બાધ્યા કરો તો કૃપા ન ફળે.** સન્લીમાં ધામધૂમ કરજો.

પ્રસાદી ફુલ પાંખડીઓ થોડીજ મોકલી છે ખાજો.

-કૃ.વ.આ.ના બધાને જય સ્વામિનારાયણ

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૦૭ તારીખ : ૨૦-૧૦-૧૯૭૮

ફૂગાવાડી, સેવક રમણીક જેરામ ડાયા, ભગવાનના આશીર્વાદ. સુખી રહો.

નવા વર્ષે લાભ હો. વધારે ભજન કરજો. નવા વર્ષના જય શ્રીસ્વામિનારાયણ. ક્યારેક પત્ર લખવો, **નિષ્ઠા ઉપાસનામાં ભક્તિમાં વધવું, મોળું ન પડવું.**

નવા વર્ષે તમારી ઈચ્છા પુરી થાઓ, દેશમાં આવવું ત્યારે દર્શને આવવું. એ જ. બધા દર્શન કરી ગયા છે. એ જ. આઠમે ઉત્સવ કરજો.

- કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૦૮ તારીખ : ૮-૧-૧૯૭૯

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

મુ. ભૈયાવાડી, રમણીકલાલ, હરસુખ વ.મા.પ્ર. આદિ બધા માઉતરને ભગવાન સુખી રાખો.

રૂમ બદલાવ્યો સારૂં કર્યું. **ભજન વિગેરે કરવા. થાળ ધરવો, ધૂપ**

કરવો, ભગવાન રક્ષા કરે, હાજર રહે. કથાવાર્તા કરવી, ગુરૂભાઈઓ કથાવાર્તા કરજો. પાસપોર્ટ જલ્દી પાસ થઈ જાશે. આબુધાબીવાળા સુખેથી આવશે. **ટેપ સાંભળજો હવે તો ઘણી ટેપો ઉતરી છે.** ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. પરદેશ જાઓ ત્યારે ખુશી ખબર પોષ્ટ નંબર લખજો. બધા ગુરૂભાઈઓ શરણાગતિ મંડળને જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૦૯ તારીખ : ૧૮-૯-૧૯૭૯

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમઃ

સેવક છગનલાલ તથા શ્રીહરિ શરણાગતિ મંડળ તથા નટવરલાલ અગ્રાવત, તેને મળો. જય સ્વામિનારાયણ કહેવા.

૧૦૦૦ નું કોતરવા કામ આપેલ છે, ધીરે ધીરે કોતરાશે. અમૃતબેન ડાયાભાઈ મકવાણા પુત્ર છગનલાલ જામવણથલી એ પ્રમાણે કોતરાશે. ગુલાબ પાંખડી ખાજો. બધાને જય સ્વામીનારાયણ.

શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો. ભજન કરવું, ખબરદાર રહેવું. કાગળ મળ્યો, રાજી. એ જ.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૧૦ તારીખ : ૪-૧૦-૧૯૮૦

સેવક છગનલાલ તથા સાથીદારો.

શ્રીહરિ શરણાગતિ મંડળ ભક્તજનોને ભગવાન સુખી રાખો, વ્હાલો છગનભક્ત, સુખી હો, કમાઓ, વેતન ન મળે ત્યાં સુધી કામ કર્યા

કરવું. **નાણા પોતાને કબજે રાખવા, આગળ કામ આવશે, બીજાને હાથ ગયા તે પાછા ટાણે ન મળે. શરીરે સાજા રહેવું. ભગવાનની ધારણા રાખવી.**

એક કંઠી મોકલી છે. ગુલાબ પાંખડીઓ પ્રસાદી મોકલી છે ખાજો. કાંઈક માનતા કરી રાખવી. જય શ્રીસ્વામિનારાયણ.

તીર્થમાં જન્મભૂમિની જમીન લેવાની છે. આવતે વર્ષે ધ્યાનમાં રાખવું.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૧૧ તારીખ : ૨૯-૯-૧૯૮૧

સેવક હસમુખ જેરામભાઈ મકવાણા સુખી હો.

મસ્તકમાં આંબલાનું તેલ નાખજો, મસ્તકમ મેઘા સારી રહેશે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. બુદ્ધિમાં વધારે પ્રકાશ થાશે અને અધિક વિષયોમાં વધારે પાસ થાશો. ભગવાનને ખુબજ સંભારવા. એ જ.

- કૃ.વ.આ.ના આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો

જૂનાગઢ

•❀•❀•❀•

પત્ર નં.-૫૧૨ તારીખ : ૮-૨-૧૯૮૨

ભૈયાવાડી, ભક્તરાજ હરસુખભાઈ તથા કુટુંબ સર્વેને શ્રીહરિ ખુબજ સુખી રાખો.

૨૫૦, દોહાકટારવાળા, માનતાનાં, કે કોઈ સંકલ્પના, જે તે આજે મનિઓર્ડરથી મળ્યા છે, રાજી. અવાજ મટી જાશે, સાજા થઈ જવાશે. **ભક્તિ કરવી, સંભારવા, નડતર મટી જાશે, સાજા નરવા રહેશો.**

આશીર્વાદ. જય શ્રીસ્વામિનારાયણ.

કાયમ સંભારવા, સારાવાના થાશે. જ્યાં જ્યાં માલમ પડશે ત્યાં-ત્યાં રક્ષા ચીઠી મોકલશું, ચિંતા ન કરવી.

-કૃ.વ.આ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૧૩ તારીખ : ૨૧-૩-૧૯૮૨

વ્હાલો સેવક રમણિક તથા દામજી શરણાગતિ મંડળ સુખી રહો. ૧૨૫૦ નો ડ્રાફ્ટ મળ્યો. રાજી. બેંકમાં વટાવા મોકલાવ્યા છે.

JUNAGADH ને ઠેકાણે -

JUNAGARH એમ અંગ્રેજીમાં પણ લખાય છે. અંગ્રેજો ગર્હ લખતા, દેશી લોકો ગઢ લખતા. બંને ઠીક છે.

દયા છે. પૂજામાં સંભારજો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

અમારી સેવા ઘણી થઈ, હવે ફૂલવાડી શ્રીહરિ શરણાગતિ મંડળો મળીને ત્યાંની સેવા કરશે. હવે જૂનાગઢ ડ્રાફ કોઈએ ન મોકલવા. હવે ડ્રાફ સેવા ફૂલવાડી શ્રીહરિ શરણાગતિ મંડળ ઉપર તેને લખવા મુજબ મોકલવા. બધા શ્રીહરિ શરણાગતિ મંડળોએ દોહાકટાર, બહેરીન, રૂવી, મસ્કત, સલાલા, મનાપા, કુવેત, ઈરાક, બગદાદ, સાઉદી, આબૂધાબી, આઈસલેન્ડ, સોજેક્સ, લીબીયા વિગેરેએ ફૂલવાડીનું કામ ઉપાડ્યુ છે. જોર શોરથી ઉપાડ્યુ છે. એવા સમાચાર મળે છે.

અમોએ તેમને સોંપી દીધું છે.

તમો સુખી રહો. બધાને જય શ્રીસ્વામિનારાણ કહેવા. **ભક્તિ કરવી.** સાજા નરવા રહો.

અમારે હવે પરદેશ સેવાઓની જરૂરત નથી, દેશમાંથી થાશે તે કરશું.

- કૃ.વ.આ.

સ્વામિનારાયણ મંદિર - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૧૪ તારીખ : ૯-૪-૧૯૮૨

સેવક - હસમુખ જેરામભાઈ
હરસુખ જેરામભાઈ

ઘર મંડળને શ્રીહરિ સુખી રાખો. શ્રીજીરક્ષા બાંધજો, કાન મટી જશે. સુખી થાશો. પરિક્ષા પાસ થશો, જલ્દી સારૂં થશે. આશીર્વાદ. પુજા-પાઠ કરો છો તે કરતા રહેજો. પ્રસાદી જલ પીજો, બધા સારાવાના થાશે, સુખી હો. આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૧૫ તારીખ : ૨૬-૭-૧૯૮૨

સેવક હરસુખભાઈ

રાજી, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. પરીક્ષામાં બેસજો, **ભક્તિ કરજો.**

જેઠ વદ ૧, સોમવારે રાત્રે ધન રાશિ છે. અક્ષરો ભ, ધ, ફ, ઢ છે. ભૂપેશ, ધનેશ, ધર્મેશ નામ ઠીક લાગે તે રાખવું.

આશીર્વાદ. જય શ્રીસ્વામિનારાયણ.

-કૃ.વ.આ.
સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૧૬ તારીખ : ૨૩-૧૦-૧૯૮૨

સેવક હરસુખ વિગેરે કુટુંબ સુખી રહો.

ભજન માળા કરતા રહેજો - શત્રુ ક્ષય થાશે. હનુમાન પાઠ અથવા

જનમંગળ સ્ત્રોત્રના પાઠ કરવા. સારાવાના થાશે. ભગવાન રક્ષા કરો. આશીર્વાદ. જય શ્રીસ્વામિનારાણ વાંચવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૧૭ તારીખ : ૨૫-૧૦-૧૯૮૩

સેવક હરસુખભાઈ તથા કુટુંબીજનો સુખી હો.
શ્રીજી રક્ષા બાંધવી, તાવ ઉતરી જાશે.
પ્રસાદી ગુલાબ પાંખડી ખાવી, સારૂં થઈ જાશે.
અગીયાર રૂપિયાના પુણ્યે શ્રીહરિ જલ્દી સારૂં કરી દેશે. માળા ફેરવવી. આશીર્વાદ. જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૧૮ તારીખ : ૨૯-૪-૧૯૮૫

સેવક દિનેશ કુટુંબ સહિત સુખી હો. **ધાર્યા પ્રમાણે બધા કાર્યો સફળ હો. તમારી ઈચ્છા પુરી હો.** તમારા માવતરો વિગેરેને આશીર્વાદ. જય સ્વામિનારાયણ. ફૂલ હાજર નથી.

- કૃ.વ.આ.
સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે - જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૧૯

રમણિક તમો ભગત ટકશો તો બધાય તમારા પુણ્ય વડે સારાવાના થયા કરશે. નવું વર્ષ સુખે દેખો. **તીર્થની મૂર્તિ સંભારવી.** (અધુરો પત્ર)

- કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૫૨૦ તારીખ : ૬-૮-૧૯૮૫

આમંત્રણ

સેવક રમણીક જેરામ તથા વિરજી ડાયા, રમેશ મોહનલાલ, નરોત્તમ ગોવિંદ, ભગવાનજી હીરા, નાનજી લક્ષ્મણ, દામજી ભીમજી વિગેરે શ્રીહરિના ભક્તજનો સુખી રહો.

અધિકમાસમાં વધારે ભજન કરો, કમાઓ, વાપરો, કુટુંબ માવતરને રાજી રાખો, ભગવાનને સેવો, ભજન કરો, બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાઓ. દેશમાં વરસાદ સારા છે.

જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં આપણા નવા મકાનનું વાસ્તુ-પુજન હવન-ભોજન વિગેરે બીજા શ્રાવણ સુદ ૧૩ બુધવાર તા. ૨૮-૮-૮૫ ના દિવસે રાખેલ છે. તે ઉપર જરૂર પધારવું.

દેશમાં પત્રો મોકલાય છે. વરસાદ સારા છે. બધા સુખી છે.

- સમંડળ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જયશ્રી સ્વામિનારાયણ વાંચવા.

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે,
બાલમુકુંદભુવન, જૂનાગઢ, સૌરાષ્ટ્ર ભારત.

•❀•❀•❀•

પત્ર નં.-૧ **તા.૮-૮-૧૯૬૪** - જામવણથળી.

શ્રીજીના પ્રત્યક્ષ ભકત સન્તોના એકાન્તિક આશ્રિત તન-મન-ધનથી સેવક અત્યુત્તમ મુકત સમજાગવાળા મનજી લાધાભાઈ. મુ. પુના.

વંથળીથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.

તમો શ્રાવણની કથામાં હાજર જ છો એમ અમો માનીએ છીએ. અમારૂ દર્શન તમારા હૃદયમાં રાખ્યા છે માટે કાયમ દર્શન છે એમ જાણવું અને તમારા ઉપર હેત છે તેથી વિશેષ હેત છે. અમારા સેવક નારાણે અમને મખમલનો ઓછાડ લાલ તથા મખમલનું તકીયાનું પડ કરાવીને અમોને અર્પાણ કરેલ છે. ભારે સરસ ચીજો મોકલાવી. તમારા ઉપર રાજી થયા છીએ. કુલવાડીમાં ઓરડો ૧ ઓસરી ઉતાર સારા રૂપમાં પુરો થયો છે. વાડીમાં આરસના ચરણાવિન્દ પધરાવ્યા છે. સાંજે વાડીમાં સર્વ હરિભકતો તરફથી ભોજન છે ધામધુમ સારી થાય છે.

અમો ભાદરવા વદ બીજ જૂનાગઢ પડખે અગત્રાઈ કથા માટે જવાના છીએ. ભાદરવા સુદ ૧૧ પછી જામવણથલીથી જાશું. આસો વદ આઠમ ના તમો યથાયોગ્ય પુજન કરજો. વાસ્તુ તો હજુ બાકી છે. કામધંધા તમોને સારા મળશે. તમારી દિકરીઓએ સૌએ લાભ લીધો છે. નારાયણ આનન્દમાં છે.

આસોમાં અમો જૂનાગઢ રહીશું ત્યાં સર્વોને જયસ્વામિનારાયણ કહેશો. ક્યારેક ક્યારેક પત્ર લખતા રહેજો. **આપણી કુલવાડીમાં કામકાજ વધતૂં જાય છે. સારાવાના છે,** એજ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ઘણાં ઘણાં કરી જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨ **તા.૧૩-૧૦-૧૯૬૪**

એકાન્તિક સેવક મનજી લાધાભાઈ ફુગેવાડી, પુના. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં ઘણાં હેતથી અઢળક ઢળ્યા આશીર્વાદો સાથે જયસ્વામિનારાયણ વાંચજો.**

અમો ગામડાઓમાં કથાઓ માટે ગયેલા હોવાથી અગત્રાઈને શિરનામે તથા જૂનાગઢને શિરનામે લખેલા તમારા પત્રો આજ જૂનાગઢ આવ્યા અને મળ્યા છે. વાંચીને આનંદ થયો છે. અગત્રાઈવાળા પત્રના જવાબમાં ત્રણ દિવસ ટાઢા થેપલા ખાવાથી પેટ દુઃખતુ અને તાવ જેવું થઈ ગયું હતું તે બે ચાર દિવસોમાં આરામ થઈ ગયો હતો, એજ.

બીજું, **સગા-સંબંધીઓનો વ્યવહાર એમ લાગે તો બનતા સુધી ન તોડવો પાણ તોડવા જેવું લાગે તો પછી વળગી ન રહેવું, આ મનુષ્ય દેહ ભગવાન માટે છે, એમ ભકિત કરી લેવી. સમ્બન્ધ તો ભકિત કરવા દે તે સાથે સાચો, બાકી બધાય સમ્બન્ધો ખોટા એમ નકકી કરીને ભગવાનને રાજી કરવા, ભજી લેવા અને મોક્ષ સુધારી લેવો એમ કરવામાં કાંઈ હરકત નહી. ભગવાન ભજવા માટે છુટાછેડા જ શોભે, ભકતની ઈચ્છા ભગવાન પુરી કરો.** એજ.

જૂનાગઢવાળા પત્રના જવાબમાં - અમો દિવાળી સુધી જૂનાગઢમાં રોકાશું પછી ધોરાજી જાશું તે દેશ આખો શિયાળામાં ફરવાનો છે. **જામસર જઈને આમન્ત્રાણ માટે વિચારીને ઘટિત હશે તેમ થશે, અવિચારિતનું ફળ સુખદાયી ન થાય,** એજ. ભંડાર ઉપર માળ બાંધવો છે માટે ખરડો ચાલુ કર્યો હતો અને ચાલુ છે ત્યાં પણ ચાલુ હશે. એજ.

મકાનને જામવંથલી કુલવાડીમાં તૈયાર કરી દીધુ છે. ચરાણાવિંદ ચોકમાં આંબલીથી ઉગમાણા પધરાવ્યા છે, આવશો ત્યારે જોઈને રાજી થાશો. જળજીલણીના સામૈયા કુલવાડીમાં કર્યા હતા, બધાયે રાસ લીધા હતા, કીર્તનો કર્યા હતા. શ્રાવણની અમાસનું ભોજન કુલવાડીમાં કર્યુ હતું. ઘઉંના ધર્માદા ઉપર અમો વંથળી જાશું, એજ.

ત્યાં સર્વ હરિભકતોને જયશ્રીસ્વામિનારાયણ કહેજો. આંહીથી સર્વના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ઘણાં કરી જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૩ તા.૨૧-૮-૧૯૬૫ - શ્રાવણ વદ સાતમ, જામવણથળી

ભગવાન શ્રીહરિના ભક્ત સેવક વેલજીભાઈ રવજીભાઈ તથા વેલજી તથા સર્વે. જામવણથળીથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા તમારા પિતાશ્રી વિગેરેના જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

ભજન કરજો, માળા ફેરવજો, કામકાજ ધંધા સારા મળશે. કથાવાર્તા, જ્ઞાનવાર્તા કરતા રહેજો. રવિવાર સત્સંગ મંડળમાં જતા હશો અને જાજો.

આ લોકના પદાર્થમાં મોહ રાખવો નહીં. આ લોકની સમ્પતિમાં બંધાઈ જાવું નહીં. આ લોકના હેતુ મિત્રમાંથી અવગુણ અને કુસંગ વળગવા દેવો નહી. સુખદુઃખ દેશકાળે આવે તો પણ ઉદાસ થાવું નહીં, શ્રીજી મહારાજ અને ગુરૂદેવનું બળ રાખવું, જેથી કાળ કર્મ માયાના ઝાપટા ઉડી જાય. સત્સંગ વધારવો. આળસુ ન થાવું અને દિલ શુધ્ધિ રાખવી. ભકિત વિશેષ કરવી તો તમામ સિધ્ધિ થઈ છે એમ જાણવું. એજ.

ત્યાં સર્વેને જયશ્રીસ્વામિનારાયણ કહેશો.

આંહીથી તમારા પિતાશ્રી તથા સર્વના જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૪ **તા.૧૧-૧૦-૧૯૬૫**

જૂનાગઢ, સૌરાષ્ટ્ર

સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે.

સદા અમારા ભક્ત પણ ઉપેક્ષાવાળા મી. વેલજીભાઈ તથા રણછોડભાઈ તથા મોહનભગત પૂના વિગેરે પ્રત્યે જૂનાગઢથી લી. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.

તમારો પત્ર મળ્યો. તમો બધા સુખી રહો, તમારા સુખશાન્તિના સમાચાર લખતા રહેજો, **જગતમાં દેશકાળ ભલે મોળા હોય પણ આપણે પ્રત્યક્ષ ભગવાનનો યોગ અને સત્સંગ મળ્યો છે તથા સાક્ષાતની સમજણ થઈ છે તો મોળા પડશો નહી.**



તમારે તો પોતાનું કરવું પારકાનું ન જોવું, કમાવું, ભજન કરવું, સાક્ષાત શ્રીહરિને સેવવા અને આનન્દમાં રહીને ધામમાં જાવું, પાગ આળસ ન આવવા દેવી, તમો ત્રાણેય કે ચારેય કે પાંચેય કે છયેય ભેગા રહેજો અને દિવ્ય ભાવે રહેજો અને મોક્ષ થાય તેમ રહેજો અને ભ્રમમાં પડશો નહીં અને ધામ મુકતની પેઠે નિર્લેપ થાજો, રાગદ્વેષ મેલી દેજો તો સુખસુખના ઢગલા છે માટે સમય ચુકયા તે ભૂલ્યા અને યથાશકિત ભજી લીધા તો ખાટયા, માટે આઘા રહો પાગ પાસે થવાનું ભુલી ન જાવું અને એકબીજાને ભજન ભકિતમાં પુષ્ટિ થાય તેમ કરજો. અમો બે મહિના જૂનાગઢ રહેશું. એજ.

કૃ.વ.આ.ના બધાયને જય સ્વામિનારાયણ કહેવા. **પ્રસાદીની ચીજુ વાપરતા હશો- પ્રસાદીથી ભગવાન સાંભરે.** એજ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.



પત્ર નં.-૫ **તા.૫-૭-૧૯૬૬** - જૂનાગઢ.

સેવક વેલજીભાઈ, રણછોડભાઈ, રવજીભાઈ તથા તમારૂ કુટુંબ. **બધા સુખી રહો, પ્રગટને ભજજો.**

ધોળા તીખા ત્રાગ ચાર સવારે ગળી જવાથી વાયુ મટે. શિરો ખવાથી આંખો બળતી મટે. કોયદાનની ગોળી લેવાથી તાવ મટે. સન્તની પ્રસાદીથી બધાં રોગ મટે.

અમાસ ઉપર ઉપલેટા જાશું. એક મહીનો રોકાશું. એજ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જયસ્વામિનારાયણ વાંચજો, કહેજો.

મોહન ભગત ખુશીમાં હશે. ૧૦૧, વેલજી રવજીના આવ્યા. ૧૦૧ મોહનલાલ રતનશીના આવ્યા. એક ત્રીજા એકસો એક આવ્યા છે પણ તેનાં ફારમમાં નામ વાંચવું રહી ગયું તે કેના આવ્યા મોહન કરશન ભગતના આવ્યા કે બીજાના આવ્યા, તે મોહન ભગતને પુછીને લખી મોકલજો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.





પત્ર નં.-૬ **તા.૧૫-૨-૧૯૬૭** - ઉપલેટા-બુધવાર

સેવક છગનલાલ પ્રેમજી. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા અમારા મંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચજો. તમારો પત્ર આજ મળ્યો. પરીક્ષામાં પાસ થાઓ એવા અમારા આશીર્વાદ છે.

અમો શુક્રવાર તા.૧૭-૨ ભાયાવદર જાશું. એકાદ મહિનામાં ગામડા ફરીને જૂનાગઢ જાશું. પછી તમો પરિક્ષા બાદ દર્શને આવજો. ભણીને પાસ થાઓ. અને એક ઘણુંજ સારૂ ઠેકાણું છે, તે પણ તમોને અનુભવ કરાવશું. તમારી રૂચિ પ્રમાણે થાશે, તમો આવો ત્યારે વાતચીત કરીશું, રાજી થવા જેવું છે. ભગવાન તમોને પાસ કરો અને યોગ્ય બધાં વાનાં હો.

દિવ્યભાવના કેળવતી જ રહેવી, મુંઝવાણ દૂર થઈ જાશે. પુરૂષાતનવાળું થવું પાણ લબડેલ જેવું ન થાવું. એજ.

ભાયાવદર અઠવાડીયું - ભાડેર અઠવાડીયું પછી જૂનાગઢ જાશું.

અક્ષરો સારા લખતા શીખજો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૭ **તા.૧૨-૬-૧૯૬૭** - જૂનાગઢ

સેવક વેલજી રવજીભાઈ વિગેરેને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

તમારા બેનને માતાજી નીસર્યા છે તે શ્રીજી રક્ષા બાંધજો મટી જાશે.

ભગવાન તો છેટે છે, તેમ પાસે પાણ છે, રક્ષામાં જ હોય છે. પ્રાર્થના કરે એટલે રક્ષા કરે પાણ પ્રારબ્ધ ટાળવાનું કરતા નથી. પ્રારબ્ધ ટાળવા માંડે તો તમામ જીવને સુખ જ જોઈએ છે. પ્રારબ્ધ ટળાવવા લાગ્યા રહે, કેડ મેલે નહીં. માટે સારા નરસામાં ભકિતમાં મોળું ન પડવું.

જ્યાને કહેજો ભજન કરે સંભારે. ખુશી ખબર લખજો. એજ.

ભગવાન શ્રીહરિ ભગવાન. ત્યાં બધાને જયસ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૮ **તા.૭-૭-૧૯૬૭** - જૂનાગઢ

સેવક છગનલાલ-જામવણથલી. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.

તમારો પત્ર મળ્યો, **નોકરી ભગવાન રાજી થાશે તો થઈ જાશે, પ્રયત્નો કરતા રહેવા. બીજુ બધુ પાણ સારાવાના થાશે,** તે પણ ચાલુ તો રાખવું અને કડીયાકામ પણ શીખવાનું ધ્યાનમાં લઈ કદાચ મુંબઈ જાવું પડે તો જજે.

ભાઈઓની સલાહ લેવી. **એક જ કળા ઉપર ન રહેવું. તમારા માતુશ્રી, તમારા બ્હેન ભાઈઓ વિગેરેની સલાહ લઈને કામ કરજો.** તે બધાયને અમારા આશીર્વાદો સાથે જયશ્રીસ્વામિનારાયણ કહેજો. **દયા ઘણી છે. તમારૂં ભાગ્ય ઉંચું છે માટે બધું સારૂં થશે. ભજન કરજો.** અમો હાલમાં તો તે તરફ આવવાના નથી. જૂનાગઢ રોકાવાનું છે. ઓણ સારૂં પાકશે. એજ.

કૃ.વ.આ.ના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૯ **તા.૬-૮-૧૯૬૭ - જૂનાગઢ,**
શ્રીસ્વામિનારાયણ મંદિર.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો. કોઠારી, હેમંત વગેરેના જયસ્વામિનારાયણ વાંચજો.

સેવક માસ્તર છગનભાઈ પ્રેમજી મુ.જામશર તમારો પત્ર મળ્યો, સારૂ થયું. નોકરી મળી, તમારાથી કડીયા કામ થવું મુશ્કેલ છે. હાથમાં વાંધો ઉભો થાય માટે નોકરી સારી છે. સુખે-દુઃખે નોકરી ચલાવી લેવી. નોકરીમાંથી છૂટુ થવાનો કોઈદી સંકલ્પ ન કરવો. નાના ગામમાં શરૂઆતની નોકરી એ પાણ એક નિશાળનું ભાણતર છે. તેમાં પાસ થવાય તો સુખદુઃખ વેગ વતા આવડે માટે દુઃખ વેઠીને પાણ નોકરી કરજો. રોકડા, હાથમાં આવે, નોકરી સદી જાશે. પછી ધીરે ધીરે બદલી માગવી. ઓળખાણું થાય હેત થાય ખ્યાતિ થાય પછી સારાવાના થાય. ભાણાવતા પાણ સારૂં આવડે નવા માણસો ભેગાં રહેતાં આવડે. ગામ પછાત હોય

તેમાં ભાગેલાને લેર થાય. તમારી સાથે બીજા શિક્ષકને હેત રાખવું. વાહન ન મળે તો જાજું આવવું જાવું નહીં. એકાકીને કયાં વધારે આવવા જવાનું હોય, બેવડા થાય ત્યારે યોગ્ય જગ્યા પણ મળી જાય. શું કરવું, તેના જવાબમાં ભાગાવવું અને જયા નિમાણૂંક થઈ નિભાવી લેવું, જાણે તપ કરવા ગયા, ધીરે ધીરે સગવડ કરવી. શાક રોટલો કે દાળ રોટલો સારી પેઠે ખાવા. શરીર સાંચવવું.

અમો હમાણાં તો જૂનાગઢમાં જ છીએ. એજ. કૃ.વ.આ. ના જય સ્વા. ના. વાંચવા.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૦ **૩-૯-૧૯૬૭**

સૌરાષ્ટ્ર, સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે.

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ વાંચજો.

ચરણ સેવક વેલજી રવજીભાઈ-પુના. રણછોડની આંખ્યે સારૂં થાશે, વંથલી આવ્યા તે જાણ્યું.

મોહન રતનશી ગઈકાલે સવારે બાલંભા તરફ ગયા છે. તમારો કાગળ આજ મળ્યો. ખુશી રહો, કામકાજ કરો, કમાઓ, વાપરો, આનન્દ માનો, ભજન કરો, સેવા કરો, રાજી રહો, ખુશીથી દિવસો વિતાવો, **કથા કરો, સત્કાર્ય કરો, સારાવાના આદરો, સારૂં ફળ મળે તેમ કરો, ભકિત કરો, જ્ઞાન શિખો, સાંખ્યની આંખ્ય વાપરો, ગુરૂની છબી ધારો, ભગવાનને દીલમાં ઉતારો, મુકત રહો, મુકત જેવા વરતો. સર્વે વાત સાધુ વતે છે. જય સ્વામિનારાયણ.**

ધાર્યું ભગવાનનું થાશે, બીજા ડાયાનું ડાપણ જાશે, ખાલી કરવું ન કરવું ભગવાનના હાથની વાત છે. કેમ થાય તે પ્રત્યક્ષ ભગવાન જાણે પ્રત્યક્ષ ભગવાનને બધુય આવડે છે.

બધાને કુટુમ્બને જણાવવા કહેજો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૧ **તા.૧૦-૧૦-૧૯૬૭ -**

સ્વામિનારાયણ મંદિર ભંડારને મેડે. જુનાગઢ

ઘનશ્યામ, તમારો પત્ર મળ્યો.

સાકર અને તકમરીયા પલાળીને પીવાથી પેટની શરીરની ગરમી શાન્ત થઈ જાય અને ચન્દનનું તેલ (સુખડનું તેલ) પતાસામાં નાખીને ખાવાથી શરીરમાં અગ્નિ શાન્ત થઈ જાય માટે તેમ કરજો અને અમારા દર્શન થાશે અને ગભરામણ મટી જાશે. આઠમ ઉજવજો અને લાભ થાશે. શ્રીજી રક્ષા મોકલી છે તે બાંધજો.

સાચા ધણીરણી ભગવાન જ ગણાય, ભગવાનમાં પૂરી ભકિત રાખવી, દયા થાય અને સુખી રહેવાય. જય સ્વામિનારાયણ.

ઘનશ્યામ તમો તો આનન્દમાં હશો, કામકાજે જાતા હશો, બધા સારાવાના થાઓ.સુખી થાઓ, એજ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.



પત્ર નં.-૧૨ **તા.૧૩-૧-૧૯૬૮** મુ. ઉપલેટા,

ગામમાં-બોડકાયા,

શ્રીસ્વામિનારાયણ મંદિર, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી તથા સંતમંડળના ઘણાં કરી જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.

અમો ઉપલેટા દેશ ફરવા આવ્યા છીએ. ઉપલેટામાં હજુ એક મહીનો રોકાશુ. **તમો ભજન કરજો, બળ રાખજો, કષ્ટ સહેવું પાણ મોળુ ન પડવું, બદલીની અરજી પાસ થાશે, અરજી કર્યા કરવી. બધેય એમજ હોય છે. તમારે માટે પ્રત્યક્ષ ભગવાન નજર રાખે છે માટે બધાંય સારાવાના થાશે.** બીજુ કામ તમારાથી થાય તેવું હાથપગનું જોર શરીરમાં નથી. એટલે ભણાવવામાં જ સારૂં છે. બધાય સારાવાના થાશે, એજ.

કાંઈ ન સૂઝતું હોય તોય અફસોસ ન કરવો, બધૂય સૂઝશે. આનંદમાં રહવું અને ભણાવવું, બધાંય સારાવાના થાશે. **તમો એકાન્તિસન્ત ભગવાનના સેવક છો તેથી મુકત જેવું વરતે છે. પાણ ધ્યાન રાખીને કામકાજ કરવું. સાવ ઉદાસીન કે ભાન વિનાનું ન થાવું તે ધ્યાન રાખવું,** એજ.

કૃ.વ.આ.ના જયસ્વામિનારાયણ વાંચજો.



પત્ર નં.-૧૩ **તા.૩-૨-૧૯૬૮-** ઉપલેટા

સેવક છગનલાલ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સન્ત કોઠારી વિગેરેના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.

તમારો કાગળ ઉપલેટા મુકામે મળ્યો. સેવાના રૂપિયા તો જે દિવસ ભેગા થાય તે દિવસે આપવા. ઉતાવળ નથી, ધીરજ રાખવી. તમારૂ શરીર બીજી મહેનત કરી શકે તેમ નથી માટે ભણાવવાની નોકરી જ્યા મળે ત્યાં નિભાવી લેવા અને સગપણ વિગેરે પણ થઈ જાશે અને સુખી થઈશ. ભજન કરવું, ગભરાવું નહીં. અમો હવે બે મહીના ગામડામાં જશું. વચ્ચે હુતાશની જૂનાગઢ કરશુ તો ગામડામાં કાગળ નહી મળે. જ્યારે જૂનાગઢ ઉનાળામાં હશું ત્યારે કાગળ અમોને મળશે. એજ. સુખી રહો.

અમો તારી નજર રાખીએ છીએ માટે આનન્દમાં રહેજો.

- કૃ.વ.આ.



પત્ર નં.-૧૪ **તા.૨૦-૪-૧૯૬૮**

જુનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદ તથા હેત સાથે તમોને તમારા કુટુંબને તથા સ્નેહિ હરિભકતોને જયશ્રીસ્વામિનાારયણ કહેવા.

શ્રીપુત સેવક વેલજી રવજી તથા મોહન રતનશી અને મોહન ભગત વગેરેને જય શ્રીસ્વામિનારાયણ સ્મરણ હો.

તમારો પત્ર મળ્યો, કેશવજીભાઈ ને ત્યા કથાવાર્તા કરો છો તે ઠીક કરો છો. કથાઓ અને ઉપદેશ અનેક પ્રકારના હોય છે પણ સાર લેવા શીખવો, જે ભગવાન અને તેના સન્ત તે સદા દિવ્ય છે તેમની ક્રિપાઓ દિવ્ય છે અને સંસારી જીવોને મોક્ષ દેવા જ વિચરે છે અને તેની સાથે હળીમળી જાય છે અને કલ્યાણ કરે છે અને આપણે અક્ષરધામમાં છીએ અને આપણા યોગમાં આવશે તે પણ અક્ષરધામમાં જાશે. પ્રત્યક્ષ ભગવાન અને સંતનું ચરિત્ર વૃતાન્ત તે પૂર્વના અવતારો અને સન્તોના ચરિત્ર ચમત્કારો કરતા બ્હારા નથી જ માટે મોક્ષપ્રદ છે અને સમ્પતિઓ તન મન ગુણ ક્રિયા ઈન્દ્રિયો અન્તઃકરણ જ્ઞાન આત્મા વિગેરે સહિત

કુટુમ્બજન તે બધું પ્રત્યક્ષ ભગવાન અને સન્ત લેખે જ કરી રાખવું, જેવું સ્ત્રીમાં પુત્રમાં માવતરમાં હેત છે તેથી વિશેષ હેત કરી રાખવું, પોતાના ઘરના માણસનો અવગુણ આવતો નથી તો સન્તનો અવગુણ શું કામ આવે, પોતે સાચા સગાને વળગ્યો હોય તો પછી અધુરૂં કાંઈ નથી.

મુંબઈની કંકોતરીઓ છપાવાય છે. નકકી ખબર પડે તે તરફ અવાય કે કેમ ! એજ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૫ **તા.૨૩-૧૦-૬૮** - જૂનાગઢ.

સેવક રામજી જેઠા તથા તમારા ભાઈઓ માવતરો કુટુંબ પરિવાર સર્વેને નવા વર્ષના આશીર્વાદ, તમોને પોષ્ટકાર્ડ પૂના લખેલો છે.

તમો કુવામાં સારડો બોરીંગ નખાવજો પાણી થાશે જરૂર નખાવજો. શ્રીજી મહારાજ પાણી આપશે, થાળા ભલે રહે, તળાંમાં જયાં પાણીની સર આવતી હોય તેવા ઠેકાણે નખાવવો, નીચેથી પાણી જોર કરે તે જાણજો.

બધા નવા વર્ષમાં સુખી રહો, આશીર્વાદ કહેજો. એજ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬ **તા. ૧૩-૫-૧૯૬૯**

સેવક છગન, તમોને ચિઠ્ઠી મોકલાવી હતી, મળી હશે. તમારે માટે નકકી છે. તમારા બા સાથે જરૂર આવો. જૂનાગઢ સારૂ છે. તે બહાને દર્શનો થયા કરે. કુટુમ્બ સારૂ છે. પછી જેમ તેમ બીજા ત્રીજા વિચારો આડા ન લાવવા. ભાગ્ય સારૂં થાય માટે આવો અને નકકી કરીને જ જાવાનું છે. **આળસ રાખો તેટલી હાનિ, ગયે વર્ષે આળસ રાખી તો હાનિ થઈ, આ વર્ષે પણ એમજ કરો છો, તો તેમ ન કરવું.** આજે અમોને તમોને બોલવવાની ભલામણ કરી છે તેથી આ લખ્યું છે. રાજકોટથી જ તમોએ ભલામણ કરી છે અને વાર ન લગાડો, એજ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

તમારી બાને ભલામણ કહેજો, આવી જાઓ નક્કી કરી જાઓ, એજ. બીજાને વાત ન કહેવી, બહાર ન પાડવી, ત્યાગી સારૂં ન કરે માટે, ત્યાં કહેવું નહી. આંહી તમારી વાટ જોવાય છે. તેઓને રાજકોટવાળાનું બંધ નથી બેઠું અને તમોને ઇચ્છે છે. પછી આવું સારૂં કુટુમ્બ નહી મળે, રૂપવાળુ નહી મળે. એજ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૭ **તા. ૧૯-૧૨-૬૯**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદ તથા હેત સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક રતિલાલ, અમો પાંચ દિવસો રાજકોટ હતા. આજે જૂનાગઢ આવી તમારો કાગળ વાંચ્યો, સુખી રહો, કામકાજમાં ઘરબારમાં વ્યવહારે સુખી રહો એવા આશીર્વાદ છે.

વંથળી તરફ આવવાનું ઉનાળે થાશે. તમો ભજન કરજો કામકાજ કરજો, ઘરે જાઓ ત્યારે તમારા ભાઇઓ વિગેરેને જય સ્વામિનારાયણ કહેજો. બધા સુખી રહો.

પ્રત્યક્ષ ભગવાનને ભૂલવા નહિં સંભારવા ભજવા તે આપણી રક્ષા કરે છે. એજ.

શાસ્ત્રીજીના જય સ્વામિનારાયણ વાંચજો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૮ **તા.૧૩-૧૧-૧૯૬૯** - સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચવા કહેવા. બધા સુખી રહો. **ભગવાનને ભજો. નવું વર્ષ આનંદમાં રહો.** પ, સેવામાં મળ્યા છે.

જન્માષ્ટમી ઉજવવા ગયા તો ચમત્કાર, આકર્ષણ તમોએ જોયું એવા આનન્દ કરતા રહેજો. સુખી રહેજો.

બધે પ્રત્યક્ષ ભગવાન છે, માને તેને છે. એજ.દર્શન મૂરતીમાં કર્યા કરવા.

કમાવા લેણાદેળી રાજકોટમાં કામ મળશે, કરજો. એજ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૯ **તા.૨-૧-૧૯૭૦** - જૂનાગઢ

શ્રીસ્વામિનારાયણ મંદિર, ભંડારના મેડે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક મોહનલાલ રતનશીને માલમ થાય કે, તમારો પત્ર મળ્યો. **સેવક હરિલાલ તથા સર્વ કુટુંબને શ્રીજી મહારાજ સુખી રાખે. તમારા માતુશ્રીને શ્રીજી મહારાજે અક્ષરધામમાં સેવામાં રાખ્યા છે અને મુકત થઈને બેઠા છે.**

માઁ ધામમાં ગયા તે છોકરાઓને મોટી ખોટ ગણાય પણ ધાર્યું ભગવાનનું થાય. તમો સુખી રહેજો, ભજન કરજો, દર્શને નવરાશે

- કૃ.વ.આ.

પત્ર નં.-૨૦ **તા.૧૪-૯-૧૯૭૦** -જૂનાગઢ,

શ્રીસ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક છગનલાલ પ્રેમજી, જામવણથલી. તમો તમારૂં કુટુંબ સુખી રહો. **તમારી અશકિત મટી જાશે. દવા-અડદની દાળ ફોતરાવાળી કે ફોતરા વિનાની એક રૂપિયા ભાર સાંજે પાણીમાં પલાળવી સવારે સાકર કે ખાંડ સાથે ચાવીને ખાઈ જાવી તેથી સ્ત્રાવ ધીરે ધીરે બંધ થઈ જાશે. મહિનો દિવસ ખાજો. ઘટ્ટ થાશે શરીર પુષ્ટ થાશે અશકિત મટી જાશે, ખાસ દવા છે. સાજા થશો.** બધાને જયસ્વામિનારાયણ કહેજો વાંચજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૨૧ **તા. ૨-૧૦-૧૯૭૦**

- સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો. સેવક નારણ મનજીભાઈ તથા તમારા કુટુંબી બધાને આશીર્વાદ સાથે જય સ્વામિનારાયણ કહેવા.

નોકરીમાં બરાબર સાચા દિલથી કામ કરજો. સહન કરવું નીતિથી કામ કરવું ભજન કરવું. તારે ભગવાનનો આશરો છે, તો સુખી થઈશ. તું ભગવાનનો આપેલ છો તારી ભગવાન રક્ષા કરશે મોટો શેઠીયો થઈશ. શેઠને રાજી કરવા. કહે તેમ કરવું. જય સ્વામિનારાયણ વાંચવા કહેવા. બહુ રાજી. એજ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૨ **તા.૮-૧૦-૭૦**

જૂનાગઢ, શ્રીસ્વામિનારાણય મંદિર, ભંડારને મેડે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક રામજી જેઠાભાઈ-જામવંથળી. તમારા કુટુંબ સહિત તમોને શ્રીહરિ સુખી રાખો. ઘરનું ખાતમુહૂર્ત -પોષ સુદ ૫ સોમવારે, સવારે ૬ થી ૭ પહેલું ચોઘડીયું પછી ૯ થી ૧૦ ત્રીજું ચોઘડીયું તેમાં ખાતમુહૂર્ત કરી લેજો. બાપાને ભાઈઓને ઘરકુટુંબને જયશ્રીસ્વામિનારાયણ કહેજો.

સંપ રાખજો, ભજન કરજો, એકબીજાને મદદમાં રહેવું, સહારો આપવો અને ભજન વધારે કરવું. કલેશ કાંઈપણ ન થવા દેવો, બાપા કહે તેમ કરજો. એજ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૩ **તા.૨૧-૨-૭૧**

જૂનાગઢ શ્રીસ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રી સ્વામિનારાયણ વાંચજો.

સેવકો હેતસ્વીઓ કૃપાપાત્રો અંગત બધા તથા દયાળજી લાલજીભાઈ તમોએ ઘણી સેવા કરી અમો રાજી થયા, ભલે તમોને કામકાજમાં લક્ષ્મી મળતી રહો અને સેવાઓ વડે સાક્ષાત રાજી થતા રહો. કલ્યાણમાં વાંધો ન આવે, સમઝીને ભજવા સેવવા ઓળખીને શરણમાં પડવું. બધા સારાવાના થાઓ, તમારા સંકલ્પો પુરા થાઓ.

કૃપાપાત્રો – રતિલાલભાઈ, મોહનભાઈ તથા વાલજીભાઈ, અમરશીભાઈ, મોહનભાઈ ક. ભાઈ, કુવરજી મેપાભાઈ, વેલજી રવજી, દેવજી કાનજી, તૂલસી મનજી, ઓધવજી ટપુ, ખીમજી ટપુ સેવકો બધા વળી તમો જે કોઈ જૂના નવા તે બધા સેવકો નાના મોટા સુખી થાઓ. ૪પર સેવા મળી નોંધ લીધી છે, યાદીમાં રાખ્યા છે, ઘણું જ સારૂં થયું. **બધાઓને ખૂબ જ લક્ષ્મી મળો અને ઉંચા દર્જાના સેવકો થાઓ,** ઘરે બધાને જય સ્વામિનારાયણ સાથે આશીર્વાદો.

બધા સેવકો સહકુટુંબ સુખી રહો, ભજન કરો, કામકાજ કરો, આનંદમાં રહો, નિરોગી રહો. **ભગવાનનું સુખ સંભારો, નાના મોટાને શ્રીજીની સાક્ષાત કૃપા અને રક્ષા હો.**

આહિં બધા આનંદમાં છે, ધર્મશાળાનું ખંઢેર કાઢતા હજુ બે માસથી વધારે લાગશે, બે ત્રણ હજાર ખટારા થાય તેટલું ખંઢેર પડયું છે. એજ.

તમારા આત્માના આત્મા કૃ.વ.આ.

પત્ર નં.-૨૪ **તા.૨૪-૬-૧૯૭૧**

શ્રીહરિઃ શરણં મમ

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સન્તમંડળનાં ઘણાં આશીર્વાદો સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો. તમારો પત્ર બે દિવસ પહેલાં મળ્યો. આ એક પત્ર પણ મળ્યો વાંચી આનન્દ થયો.

મૂર્તિપ્રતિષ્ઠા સદ્. શાસ્ત્રીજી શ્રીગોપાલચરણદાસજી હસ્તક કરાવી લેશો. તેઓ હસ્તક વિધિ તથા ત્યાં બ્રાહ્મણ હસ્તક પ્રાણપ્રતિષ્ઠા શાસ્ત્રીજી કહે તે પ્રમાણે કરાવી, આરતી ઉતરાવી લેશો. ઉત્સવ કરજો, ધામધૂમ કરજો, શાસ્ત્રીજીના આશીર્વાદ લેજો, તમામને અમારા જય શ્રીસ્વામિનારાયણ કહેજો.

અમો હાલમાં તે તરફ આવવાના નથી માટે વાટ ન જોશો. ઉપર કહ્યા પ્રમાણે વર્તી લેજો. **ફુગેવાડીના શિવાજીનગરના તથા પેઠના તમામ હરિભકતોને ભલામણ - મૂર્તિ ધામધૂમથી પધરાવજો.**

વેલજી વિગેરેને તથા કેશવજીભાઈ વિગેરેને માલમ થાય જે - **યોગ્ય બને તેટલો સારો ઉત્સવ કરજો.** દેશકાળ પ્રમાણે યોગ પ્રમાણે કરજો. બધાને જયશ્રી સ્વામિનારાયણ કહેજો. જો કદાચ મૂરતિનો ફોટો લ્યો તો એક નાનો ફોટો અમારા ઉપર મોકલજો. ખુશી ખબર લખજો. (અમરશી ભગતે સારૂ કર્યુ છે)

સદ્. શા. બ્રહ્મનિષ્ઠ મુકતરાજ શ્રીગોપાલચરણદાસજી શાસ્ત્રીજી તથા સન્તમંડળને અમારા જયશ્રીસ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૫ **તા.૯-૮-૧૯૭૧**

સેવક વેલજી રવજી વિગેરે તમારા કુટુમ્બ સહિત શ્રીજી મહારાજ ચઢતી કળા રાખો. ભકિત વધારે કરો.

મનુષ્યભાવ તો મોક્ષમાંથી પાડી દે તેવો છે. મનુષ્યભાવમાં વર્તે તો મનુષ્યભાવ ન મટે. ભકતો ભકિતમાં વધે તેમ ભકિત કરવી ઘટે તેમ ન કરવી. અમારા દર્શન નહીં થાય, માટે છેટેથી ભજન, કરવા, સંભારવા, ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભકિતવાળાનો જય થાય તેમ વર્તવું. ભકિતજ્ઞાનને ઓથે ફેરફારમાં છકી જવાય અને અનુસન્ધાન ભૂલી જવાય તો આરો આવે નહિં.

ભજન કરજો, સુખી રહો. સત્સંગ ચૂંથાઈ ન જાય તે ધ્યાન રાખવાનું છે. બધાને જય સ્વામિનારાયણ કહેજો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય સ્વામિનારાયણ વાંચશો, આશીર્વાદ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૬ **તા.૧૩-૧૦-૧૯૭૧**

જૂનાગઢ શ્રીસ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી તથા અમારા સન્ત મંડળનાં જયશ્રી સ્વામિનારાયણ વાંચશો. તમોને નવા વર્ષનાં ઘણાં ઘણાં આશીર્વાદ વાંચજો.

પ્રત્યક્ષમૂર્તિ શ્રીહરિને ભેજો પૂંજો સંભારો અને આનંદમાં રહો. શ્રીજી મહારાજને હૃદયમાં જીવમાં ધારી રાખવા. સર્વ ક્રિયામાં શ્રીજીમહારાજને ભેગા રાખવા તો નિર્ગુણ થવાય. ગુણોના માયાના વેગ ન આવવા દેવા. મુકતાત્મામાં માયાનો ભેગ પેસવા ન દેવો. કથાવાર્તાઓ કરવી.ભગવાનની કથાવાર્તા એ જીવને બ્રહ્મરૂપ બનાવે છે.

સેવકો ગુરૂભાઈ મંડળ વેલજી રવજી, મોહન રતનશી, ઓધવજી ટપુ, દયાળજી લાલજી, કુવરજી મેપા, દેવજી કાનજી, કાન્તિલાલ કરમશી, રતિલાલ હંસરાજ, ભ.મોહન કરશન, તુલસી મનજી, અમરશી ટપુ તથા જે જે સેવકો હાજર હોય ગુરૂભાઈઓમાં સામેલ હોય તે સર્વેને તમારા કુટુમ્બ બાળબચ્ચાંઓને અમારા ઘણાં આશીર્વાદ સાથે જયશ્રીસ્વામિનારાયણ કહેવા.

નવા વર્ષના તમામ સેવકો આશીર્વાદ વાંચશો. **શ્રીજીમહારાજ તમારી ચઢતી કળા રાખો સત્સંગ વધારો ભજો અને શ્રીહરિના બાળચરિત્ર ગાઓ. મૂર્તિ સંભારો. ધન, સમૃધ્ધિ, સુપુત્ર પરિવારવાળા થાઓ. સત્સંગમાં ગુરૂ મંડળે ગુરૂભાઈઓએ ઘણાં કામ કરવાના છે. તે બધા તમારે હાથે તમારા વંશ પરમ્પરામાં થતા જાઓ, એવા આશીર્વાદ સાથે જયશ્રીસ્વામિનારાયણ.**

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૨૭ **તા.૨૩-૧૧-૭૧**

શ્રીજી મહારાજને નમઃ

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જયસ્વામિનારાયણ વાંચજો.

સેવક દયાળજીભાઈ તથા તમારૂં કુટુંબ સર્વેને શ્રીજી મહારાજ સાજા નરવા સુખી રાખો. ભજન ભકિત વધારે કરવી. પંચવિષય ઓછા કરવા. ધ્યાન સેવા વગેરે વધારે કરવા. પુજા પાઠ કથા વાર્તા કીર્તન કરતા રહેવા. સારૂં કરવું. બંધનથી છુટાય તેમ કરતું જાવું. વિષય ખોટા કરતા જાવું.

સત્સંગ વધે તેમ કરવું. સમજાણ નિર્વિકલ્પ ઉત્તમ નિશ્ચયવાળી વિશેષ રાખવી. ધામમાં છીએ એમ નિશ્ચયની ઘડય બેસારી રાખવી. આ દેહ નાતજાત મારા નથી એમ જુદા ગણતા રહેવા. ભગવાન સન્ત ધામ મુકત આપણા છે, એમ કેફમાં રહેવું.બધા સુખી રહો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૨૮ **તા.૧૯-૧-૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક રામજી જેઠાને માલમ થાય જે- ભજન કરવું, જમાનો ભજન કરવાનો છે, કર્મફળ સર્વેને મળે છે માટે ધીરજ રાખવી ભકિત કરવી, સારાવાના થાશે.

કોઈનું નામ લીધા જેવો જમાનો નથી, સમઝીને સુખી રહેતા આવડે તો સુખી રહેવું.

આંખ્યું મટી જાશે, છાશનાં પોતા મેલજો, સારૂં થાશે, તમારા કુટુંબને જય સ્વામિનારાયણ કહેજો, એજ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.



પત્ર નં.-૨૯ **તા.૧૦-૨-૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં જ આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક દયાળજી પુરૂં મંડળ તથા તમારૂં કુટુંબ તમામને શ્રીજી મહારાજ સુખી રાખો. ભજન ભકિત વધારે કરો.કામકાજ કરો સાજા નરવા રહો. બધાને જય સ્વામિનારાયણ કહેશો. **સત્સંગ વધે તેમ વર્તજો. સારાવાનાની સુવાસ ફેલાય અને સારૂં કહેવાય તેમ સત્સંગ વધારવો. બધા આનન્દમાં રહો ભજન કરો.**

પતાંસાંમાં બે ટીપાં સુખડનું તેલ નાખીને સવારે એક ટેમ ખવાય તો બળતરા બંધ થઈ જાય. બે ચાર દિવસ ખાવું-વધારે ખવાય તો શરદી લાગે. બધા સુખી રહો. સાજા રહો. કામકાજ લખજો. ખુશી ખબર લખજો.

- કૃ.વ.આ.



પત્ર નં.-૩૦ **તા.૩૧-૩-૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક દયાળજી વેલજી ગુરૂભાઈ મંડળને શ્રીજી મહારાજ સુખી રાખે. **ઉદ્વેગ ન કરવો. ભકિત કરવી પણ સુખી થવાય તેમ રહેવું. અખીલભુમણ્ડલીમાં ઘણા ઉપદેશ છે, વારંવાર છેવટનો ભાગ વાંચવો. ભગવાનના લીલા ચરિત્રો સંભારવા. શાંતિ થાય.**

સુખડના તેલથી આરામ થાય. આશીર્વાદ ફળે. સારાવાના થાય. જીવમાં દુર્બલતા નહી રહે, સત્સંગ સારો કરવો, કુસંગ ન કરવો તો સારૂં થાય. ડોળે ચઢી ન જાવું. બધાને જયસ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૩૧ **તા.૧૨-૬-૧૯૭૨**

ગુરૂદેવનાં આશીર્વાદો વાંચજો.

સાક્ષાત્ ભગવાનને ન ભજે અને બીજાને પાગ ભજે તો તેને ભગવાન દર્શન દેતા નથી. આ જગતમાં જેવા તેવા જીવમાં હેતવાળા થઈ જાય અને રખડે તેને ભગવાન કયાંથી મળે માટે ભકિત કરતાં કરતાં લાંબે કાળે એકાન્તિ ભકત થાય તો ધાર્યુ ફળ મળે.

આ જીવ કયાં કયાં રખડે છે તેની ભગવાનને ખબર હોય માટે ભગવાન શું કરે ? ભજન ભકિત કર્યા કરવા. આ જીવ આપણો છે કે બીજાનો પાગ છે એમ ભગવાન જોયા કરે છે, બીજાનાં જીવ થઈ ગયા તેને કયાંથી ભગવાન મળે.

૫, મળ્યા છે. **- કૃ.વ.આ.**

જૂનાગઢ.



પત્ર નં.-૩૨ **તા.૨૨-૭-૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક નારણ તથા હંસરાજભાઈ વિગેરેને શ્રીજી મહારાજ સુખશાંતિ આપો, વધારે ભજન કરો.

ધોળા બળદને દેશી દવા કરો તેમાં ઠાકોરજીનું પ્રસાદીનું જળ પાવું, વાંસામાં છાંટવું, ભગવાન સારૂં કરી દેશે તે નિમિત્તે વધારે ફેરવજો. બળદને આરામ લેવા દેજો, સારૂં થઈ જાશે, એજ, બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૩૩ **તા.૨૪-૧૧-૭૨**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક રતિલાલ, રામજી જેઠા વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો, કામે લાગી ગયા તે ઘણું સારૂં થયું, **નિરાંતે રહેજો, કમાજો, ભજન કરજો, સંપ રાખજો, કથાવાર્તા કરજો, ભગવાનના ગુણ ગાજો અને પૂજાપાઠ કરજો, સત્સંગ કરજો સુખી થાશો, કલ્યાણ થાય તેમ વરતજો.** એજ. બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૩૪ **તા.૧૩-૨-૭૩**

સેવક તથા તમારૂં દયાળજી કુટુમ્બ તથા ભકતો વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો.

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ઘણાં જ આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો તથા **ભજન કરજો તથા કોઈમાં લોભાશો નહિં તથા ખુશીમાં રહેજો તથા કૃપા છે તથા ભુમણ્ડલીય વાંચજો તથા કથા વાર્તા કરતા રહેજો ઘાટ સંકલ્પ ટાળતાં રહેજો તથા ઘણા પ્રકારના સત્સંગ થાય પાગ ટેક ન ચૂંકવી અને કોઈમાં તણાઈ જાવું નહિં. બળ રાખવું ભજન કરવું, ફરતીયા ઘણાં હોય નિર્લેપ રહેવું, અંજાઈ જાવું નહિં, ઓરાઈ જાવું નહિં, છેતરાઈ જાવું નહિં, વખાણમાં લેવાઈ જાવું નહિં. ભજન કરજો, સમજાણ વધારજો. કૃપાદ્રષ્ટિ છે.** એજ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૩૫ **તા.૧૮-૭-૭૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં ઘણાં આશીર્વાદ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક દયાળજી તથા સમસ્ત શ્રીહરિશરણાગતિમંડળ બધા સુખી રહો. **અવતારી મૂર્તિની પુજા કરજો. વચ્ચે ઉભા તે સાક્ષાત શ્રીજી મહારાજનું ધ્યાન કરવું, કથાવાર્તા કરવી. એજ. શ્રીહરિ પ્રત્યક્ષ જ છે. તેવો ભકત થાય તેને છે. સત્સંગીનો મલક આખો કહેવાય છે, પણ જેનો સંગી તેનો સત્સંગી, માટે શ્રીજીના સત્સંગી છો તેમાં આનન્દ માનવો.** બધાને જયસ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૩૬ **તા. ૪-૧-૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ સાથે આશીર્વાદો વાંચજો. તથા બધાને જય શ્રીસ્વામિનારાયણ કહેજો.

કથાવાર્તા સત્સંગ ઉત્સવ કરવા, શ્રીજી મહારાજ રાજી રહે તેમ કરવું અને કમાવું વાપરવું તથા સંપ રાખવો. શ્રી સ્વામિનારાયણ ભગવાનને કાયમ સેવવા ધ્યાન ભજન કરતા રહેવું.

સંત મંદિર દેવ ભગવાનની સેવા ઉપાસના કરતા રહેજો, સત્સંગના ફળ સારાં જ મળે છે, વ્રત ઉત્સવ સમૈયા વિગેરે જીવનો મોક્ષ કરનારા છે, સારા કાર્યો સારૂં ફળ જરૂર આપે છે. ભગવાન ભજવા.

સત્સંગી સેવકો તમામ સુખી રહો, નવા વર્ષે નીરોગી રહો, ધનવાન થાઓ, ભકિતવાન હો. આશીર્વાદ.

કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચવા.

પત્ર નં.-૩૭ **તા.૨૩-૩-૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો. તથા શ્રીહરિશરણાગતિમંડળને સર્વે તમારા કુટુંબ પરિવારને જયશ્રીસ્વામિનારાયણ કહેજો.

સેવક દયાળજી તમારૂં કુટુંબ તથા ભકતજનો બધાને શ્રીજીમહારાજ સુખી રાખો. **ભજન ભકિત કથા વાર્તા કરતા રહેજો. શ્રીજી મહારાજ પ્રત્યક્ષપણે ભકતોની રક્ષા કરનારા છે, તે રક્ષા કરશે. સત્સંગ સારો કરવો. ભગવાનનો મહિમા ગાઓ, કીર્તન કરો, ભકિત કરો, સુખી રહો. કમાઓ ખાઓ પીયો સેવો અને આનન્દ માનો ઉત્સવ સમૈયા કરો. નવા નવા સત્સંગી કરો.** એજ.

કૃ.વ.આ.ના જયસ્વામિનારાયણ વાંચવા.

પત્ર નં.-૩૮ **તા.૨૯-૩-૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક રામજી જેઠા તથા શરણાગતિ મંડળ.

બધા શરણાગતિ મંડળ દુબઈ, મસ્કત, ઈરાન વિગેરેમાં જાઓ કમાઓ સુખી થાઓ. તમારા કુટુંબો સુખી થાય, નાણાંવાળા થાઓ, **ભકિત કર્યા કરવી, ભજન કરવું, દેશકાળ પ્રમાણે વરતવું, આ જમાનો જુદી જાતનો છે, માણસ દેશકાળ પ્રમાણે ન વર્તે સમાજ સાથે ન રહે તો દુઃખી થઈ જાય, ભગવાન રાખવા, ભજવા, સુખી થાવું.** એજ.

૫૦ રૂપિયા મળી ગયા છે, રાજી છીએ, સુખી થાઓ. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૩૯ **તા. ૮-૪-૧૯૭૪**

આજ તો પેટ ભરીને ઠેઠ પેટે આશીર્વાદ લખીએ છીએ.

તમો શ્રીહરિશરણાગતિ મંડળ સાચા ખબડદાર થયા કહ્યા પ્રમાણે કામ કર્યું, સારાવાના થશે. જગતમાં તમારો જય થાશે.

૬૦૦૦ નો ડ્રાફ આજે મળી ગયો છે.



૩, ખીમજી ટપુ, અમરશી ટપુ, કરશન ટપુ
૧, ગંગદાસ રવજીભાઈ
૨, રતિલાલ હંસરાજ, અમરશી હંસરાજ
૧, વેલજી રવજી
૧, જગજીવન રવજી
૧, મોહન કરશન
૧, કુવરજી મેપા
૧, તુલસી મનજી
૧, ઓધવજી ટપુ
૧, મોહનલાલ રતનશી
૧, રામજી જેઠા
૧, દેવજી રામજી
૧, વાલજી કેશવજી
૧, નથુ ભીમજી
૧, દયાળજી લાલજી
૧, નાનજી લખમણ
૧, પરશોતમ શામજી
૧, કરશન કેશવજી
૧, દેવરાજ માવજી
૧, શાન્તિલાલ નરસી
૧, પરસોતમ મનુ
૧, માવજી રવજી
૧, ગાંડાલાલ મનજી
૧, નાનજી ભીમજી
૧, રતિલાલ પ્રેમજી

૨૮- સેવકો
૨૮- બાઈઓ

તમો ૫૬- શરણાગતિમંડળ સેવકો છો.

તન મન ધન વડે સેવનારાઓ તમો ઘણાં ઘણાં સુખી થાશો. ટાણું સાંચવી લીધું. હવે ધાર્યું કામ થાશે. રાજીપો વરસી પડયો છે. તમારી ઉન્નતિ થાઓ. અમો ઘણાં રાજી થયા છીએ. શરૂઆતમાં મુશ્કેલીઓ હોય છે, હવે મુશ્કેલી ઉડી ગઈ. ધાર્યું કામ થાશે. અમો હવે ઉતાવળે કામ થાય તેમ ભલામણ લખીને ઉધ્ધાટન અને મોટા ઉત્સવ થાય તેમ પ્રેરણા કરીશું. બધાને જયસ્વામિનારાયણ.

પ્રત્યક્ષ ભગવાનનો જયકાર, ઘણી શાન્તિ.

જામવાણથલીથી શરણાગતિમંડળ ભાઈ બાઈઓ તમામના નામો આવે છે. તમારે પણ તમામ નામો લખી મોકલવા. એજ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૪૦ તા. ૧૯-૬-૭૪

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

સેવક હરિલાલભાઈ તમોએ શ્રીહરિશરણાગતિ મંડળ-શ્રીહરિ મંદિરને ભજન કરવા જે સ્થાન કર્યું છે તેને માટે કાંઈ સેવાની ભેટમાં પહોંચ દેવાનું લખો છો તો તે ઉપલે નામે જ પહોંચ કરવી દેવી, જે તમારા વ્યવહારને કાંઈ હરકત ન આવે, નીચે દસ્તક વ્યવસ્થાપક.

નવો ધંધો ચાલુ કરજો લાભ રહેશે પણ ભાગીદારોનો મેળ રહેતો નથી, કાળ વિપરીત છે માટે વિચારીને કરવું, આ વાત એમજ છે. કાગળ તો કુ. લખતા રહેવા ત્યારે જલ્દી થશે. બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

પત્ર નં.-૪૧ **તા.૧૮-૭-૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીવાર્દો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક ક. ભગવાનજી રાજા, ન. હરિકૃષ્ણ વિગેરે તમારૂં કુટુંબ સુખી રહો, સુખી રહો, **ભગવાન ભજો, ભજન કરવું, હૈય ન રહે તે હરકત નહિં, ભગવાનનું નામ લીધા કરવું.**

શ્રીહરિને ભજવા, ગુણકીર્તન કરવા, ગુણકીર્તન હૈયે રહે તેવો આશીર્વાદ આપીએ, કીર્તન બોલતા રહેવા ભૂલાય નહિં.

નલીનની તબિયત સારી થઈ જાશે, સીરહ મટી જાશે, પોર માનતા કરી હતી ઓણ તેની દવા કરવી, વૈદ્યને પુછવું જેથી સારૂં થઈ જાય. ઓઠ નહિં સોજો આંખે પણ સારૂં રહેશે, ડાબી બાજુનો ભાગ દુઃખતો મટી જાશે, ધૂન્ય કરવી, હરિકૃષ્ણ સુખી રહે, ભજન કરજો.

કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચવા.

પત્ર નં.-૪૨ **તા.૨૨-૮-૧૯૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો. સેવક છગનલાલ પ્રેમજી તથા તમારૂં કુટુંબ સુખી રહો.

તમારા પત્રો મળ્યા છે, બધું વાંચ્યું અને ત્યાંથી આવતા માણસો દ્વારા સાંભળ્યું જાણ્યું. સમય બળવાન છે માટે પોચું હોય ત્યા પગ મેલાય પણ કઠણ નડે તેવામાં પગ ન ટકાવાય. જે થયું થાય છે અને થાશે તે ભગવાનની ઇચ્છા જાણવી. ન જાતા હો તે પણ સારૂં ધરવા દીયે તે પણ સારૂં સયારૂં ઝઘડાવાળું જ ગણાય. તમો અનુકુળતા આવે તેમ ભજન કરજો, રક્ષા ભગવાન કરશે, કયાંય ઘા માં ન આવવું, હડફેટે ન ચઢી જાવું અને ઘરે ભજન કરવું. મનમાં રાજી રહેવું. અમો આશીર્વાદ આપીએ તમારો વાળ વાંકો ન થાય પણ ધ્યાન રાખીને આગળ વધવું, હારીને રાજી થાવું ચઢવું નહિં. એજ.

અમારી છબીનું ગમે તેમ થાય આપણા કોણ ? તે ખરે સમયે ખબર પડે માટે ચેતવું. એજ. કુંકાવાવવાળાને શીરનામુ બદલાવી નખાવશું.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૪૩ **તા. ૨૯-૮-૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ સાથે આશીર્વાદો વાંચશો.

પ્રાગજી ડાયાભાઈ ચૌહાણ શ્રીહરિ શરણાગતિ મંડળને શ્રીહરિ સુખી રાખો. બધાને ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

ફાળો સારી રીતે કરજો, વધારે ભજન કરજો કામકાજ મળતા રહેશે, શ્રીહરિને સંભારવા. સારૂં નરસું થયા કરે ભજન કરવું. સારાવાના ભગવાનનાં હાથમાં છે, તે રાજી રહે તેમ સત્સંગ કરવો, નમ્ર થાઓ અને રાજી રહેવું.

તમોએ ૫૦ ફોટા મળ્યા કે કેમ તે વાત લખી નથી ભૂલી ગયા હશો.

બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૪૪ **તા.૭-૯-૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચજો તથા મંડળને જય શ્રીસ્વામિનારાયણ કહેજો.

સેવક હરિલાલભાઈ વિગેરે શરણાગતિ મંડળને સુખી રહો આશીર્વાદ, બધાને જય સ્વામિનારાયણ કહેજો. મંદિરે જય સ્વામિનારાયણ કહેવા.

ફાળો કર્યો તે સારૂ કર્યુ જેટલા રૂપિયા તૈયાર હોય તેટલા અમારા ઉપર મોકલાવી આપો. કેશ ડ્રાફ કઢાવવો અથવા જે રીતે મોકલાવો. (સ્વયંપ્રકાશદાસજી)

પંદર થી સતર હજાર અમારી પાસે રોકડો ભેગો થઈ જાવો જાઈએ પછી કામ ઉપડે ત્યારે અટકી જાય તે તક નહી તુરંત જ મળે અને પૂનાથી કાગળ હોય તો સારૂં.

તમો સંપથી રહેજો ભજન ભકિત કરજો ખુશી ખબર લખજો, કરવું તો સારૂં છે પણ લંબાણ થાય છે તે પણ શ્રીહરિ શ્રીકૃષ્ણનારાયણની મરજી. ફાળો કરજો, ત્રણ ચાર જણા છો પણ લાખ જેવા છો. તમોને જ્યારે સારા સમય દેખાશે ત્યારે વધારે મહિમા સાંભરશે.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૪૫ **તા.૨૭-૯-૭૪**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક હરિલાલભાઈ તથા શરણાગતિ મંડળ તમોએ ઘણો જ ટેકો કર્યો અને કરો છો તમોને ધન્ય છે, સુખી રહો ભજન કરો સેવા કરો કથા વાર્તા કરો આનંદમાં રહો કમાઓ વાપરો ભજન ભકિતમાં વધો.

પૂનાના રોકડા - ૭૦૦૦ આવ્યા, મુંબઈના રોડકા - ૧૬૦૦ આવ્યા, મુંબઈના રોકડા-૩૯૯૨ આવ્યા, વંથળી ચાવડાના રોકડા - ૧૧૦૦ આવ્યા, મુંબઈના બાકી છે - ૨૯૫૧ જે આજે મળે તેમ ભેળા કરી મોકલાવવા છે. (કુલ રકમ ૧૬૬૪૩)

કામ ઉપર ભગવાનજી રાજા ગયા છે માટે ઉતાવળ જલ્દી થાય. તમોએ કામ ઉપાડયું તો અમોએ મરજી કરી અને ભગવાન શ્રીહરિ સારૂં કરે. એજ. કામ બધું થઈ જશે.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૪૬ **તા.૮-૧-૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણનારાયણનાં જયશ્રી સ્વામિનારાયણ વાંચજો.

સેવક હરિલાલભાઈ, કેશવજીભાઈ, પ્રાગજીભાઈ, રતિલાલભાઈ, દેવરાજભાઈ વિગેરેને ભગવાન સુખી રાખો, ઉપજ ઉદ્યમ વધો, નાણાં મળો.

તમોએ લખ્યું તે પ્રમાણે કરવાનું નથી. **મંદિરમાં તમો મળતા હો ત્યાં તે સ્થળે કથાવાર્તા કરવી, ધીરે ધીરે સમઝણ પડશે પછી લાંબાકાળે જ્ઞાન થયે આવશ્યક જણાય તેમ કરવાનું રાખવું, ઉતાવળ કરવાથી લાભનો ગેરલાભ થાય, માટે ભજન ભકિત કથાવાર્તા કરવામાં તેમને તેમ ઉપયોગી કરવું.** ખુશી ખબર લખતા રહેજો, બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૪૭ **તા.૭-૪-૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીવાર્દો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

હરિભકત લાલજીભાઈ તથા ભગવાનજીભાઈ તથા તમારા ભાઈઓ કુટુંબ બધાઓને શ્રીજી મહારાજ સુખી રાખો.

રાજાબાપા ભગત ભગવાનના ધામમાં પહોંચ્યા, ભકિત ઘણી કરી, વાસના પણ બધી બાળીને ભસ્મ કરી નાખી, દુઃખ પરધીનમાં આત્મા શુધ્ધ થઈ જાય છે, તેમની ભકિત પ્રમાણે શ્રીજી મહારાજે તેમને શુધ્ધિ કરી અને ધામની પદવી આપી. તમોએ પણ સેવા ઘણી કરી, રાજીપો લીધો તેથી તમો પણ બધા સુખી રહેશો. એજ. બધાને જય સ્વામિનારાયણ કહેશો.

આંહીથી મંડળના જય સ્વામિનારાયણ વાંચશો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૪૮ **તા.૨૬-૮-૭૫**

ભગત વેલજી રવજીભાઈ તમોએ પુછાવ્યું તે - સાદા સ્ટેચ્યુ માટે શોભાવિધિ વિગેરે.

ધજા પતાકા બંધાવવા, કેળો મળે તો ચાર સ્તંભ ઉભા કરવા, મકાનના સ્તંભ સાથે મેલવા.

કંકુ અબીલ ગુલાલ વડે રંગોળીઓ સાથિયા પુરાવવા, ચોખો તથા ઘઉની ઢગલીઓ કરાવવી તેમાં અથવા બાજોઠ ઉપર ગણેશજી તથા ભગવાનનું પૂજન કરાવવું.

પત્ર, પુષ્પ, ફળ, જલ, તૂલસી, ચંદન, ચોખા, કંકુ, ધૂપ, દીપ, અત્તર, ફૂલહાર, સોપારીઓ, ડાભડો, દર્ભ રાખવા. જળનો ઘડો, ગરાણું, નાળીયેર, દૂધ, દહીં, ઘી, મધ, ખાંડ, સાકર વિગેરે હાજર રાખવા. ધરો-દુર્વા રાખવી, વિષ્ણુ અને લક્ષ્મી તથા શંકર અને પાર્વતીજી નું પૂજન કરાવવું તેને પ્રસાદ ધરવો. કળશ જળ ધરવા. લાલ કે ચિત્રવિચિત્ર રૂમાલ રાખવા, આટલું પૂજન કર્યા પછી.

સ્ટેચ્યુને શુધ્ધ જળ વડે નવરાવવું, તેને ચંદન કુમકુમ ચોખા પુષ્પો વડે પૂજા કરવી, તેને ખંભે જનોઈ તથા ભગવું કપડું ખેસ મેલવો, એક કપડું સ્ટેચ્યુના ખોળામાં મેલવું, મોટો ફૂલહાર કે પાંચ હાર પહેરાવવા, ધજા હોતી નથી વાજાં વગડાવવાં, તિલક ચાંદલો કરાવવાં.

સ્તંભ સ્ટેન્ડ પૂજન કરાવવું, સ્ટેચ્યુ સ્ટેન્ડ ઉપર પધરાવવું તે સાથે શ્રીહરિ ભગવાનની મૂર્તિ મેલવી, શ્રીકૃષ્ણની ચિત્ર પ્રત્તિમા મેલવી, તેની આરતી થાય તેને થાળ ધરાવાય, તે પ્રસાદ વહેચાય, બ્રાહ્મણોને દક્ષિણાઓ અપાય.

કીર્તન રાસ ધુન્ય ભજન થાય, જન્મજયંતી પ્રમાણે ઉજવાય.

યોગ્ય મહાપુરૂષો કહે તે પ્રમાણે ઉકેલ કરાય, જનસમુદાય અને વિપ્ર કહે તે પ્રમાણે ઉકેલ કરાય, આચાર્ય દેવપુરૂષો કહે તે પ્રમાણે ઉત્સવ કરાય.

આવા સ્ટેચ્યુમાં પ્રાણપ્રતિષ્ઠા ન કરાય, પ્રાણ પતિષ્ઠા થાય તો નિત્યપૂજન થાળ વિગેરે કરવા પડે તે આવા સ્થળમાં હોતા નથી.

વિપ્રવર્ય પંચાયતન દેવ (વિષ્ણુ, શિવ, પાર્વતી, ગણપતિ, સૂર્ય) ની પૂજા વિગેરે ધામધૂમ કરે તે થાય.

હોમ હવન કરવો હોય તો બ્રાહ્મણ દેવતાઓએ પંચાયતન પધરાવીને ટૂંકો હોમહવન પરમેશ્વરની પ્રસન્નતા માટે ગ્રામના સૌભાગ્ય ચઢતી કળા માટે ટૂંકમાં અષ્ટોત્તરશત ૧૦૮ ભગવાનના નામે હોમ કરીને થાય, તે અંગે અગ્નિમુખ વિષ્ણુ ભગવાનની આરતી થાય.

ગ્રહપૂજન, વાસ્તુપૂજન, માતૃકાપૂજન, દિગ્કપાલાદિપૂજન, પૃથિવીવરાહ ભગવાનપૂજન, ગૃહદેવાદિપૂજન વિગેરે થાય, બ્રાહ્મણોને અથવા બ્રાહ્મણોના બાળકોને તેમજ શકિત પ્રમાણે વધારે પાગ જમાડાય, બાળ-બાળિકાઓને જમાડાય.

ગામમાં મંદિરોમાં સિધાંપાણી દક્ષિણા મિષ્ટ ચિજો વિગેરે મોકલાવાય. સાધુસંતોને જમાડાય. ગૌમાતાઓને લીલા ઘાસ નખાય.

ગામની જનતા ઇચ્છા દર્શાવે તો શણગાર સહિત રથમાં સ્ટેચ્યુ ગીતકીર્તન વાજિંત્ર સહિત ફેરવાય, ત્યાની સરકાર કહે તે પ્રમાણે થાય.

ઉપરમાંથી સ્ટેચ્યુ નિમિત્તે થોડું પણ થાય અને વધારે પણ થાય જેવી ગામના અગ્રગણ્યોની સંપ સલાહ તે પ્રમાણે થાય. પુષ્પાંજલિ અપાય, વ્યાખ્યાનો થાય.

નવું મકાન છે માટે વાસ્તુ કરાવો તો સારૂં. વાસ્તામાં બધું આવી જાય.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૪૯ **તા.૨૫-૯-૧૯૭૫** - જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ વાંચજો.

સેવક વેલજી રવજીભાઈ તથા શરણાગતિમંડળ સમસ્ત જાણવા માટે-

તા.૨૩-૯-૭૫ ભાદરવા વદ ૩ મંગળવાર, રાજકોટથી નિકળતા 'જનસતા' માં જાહેરાત વચલી કોલમમાં.

''જૂનાગઢના શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્વાનસન્ત પૂ.શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીની જન્મભૂમિ મોટી કુંકાવાવ ખાતે, તેમની અર્ધપ્રતિમા મૂકી કાયમી સ્મૃતિ જળવાઈ રહે તે માટે ગ્રામપંચાયતની સહાયથી ''સદ્‌ગુરૂ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્મૃતિખંડ'' ગામની ભાગોળે ઉભો કરાયો છે. આ અર્ધપ્રતિમાનું આસો વદમાં જગદ્‌ગુરૂશ્રીશંકરાચાર્ય મહારાજશ્રીના હસ્તે ખુલ્લુ મુકવાનો કાર્યક્રમ યોજાયો હોવાનું જાણવા મળે છે.''

(આટલી જાહેરાત છપાણી છે. તે છાપાવાળાઓ તરફથી છપાણી છે.) બધાને જયસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૫૦ **તા.૨૬-૯-૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક હરિલાલ વેલજી તથા શ્રીહરિશરણાગતિ મંડળ સત્સંગિઓને જાણવા માટે-

તા.૨૩-૯-૭૫ ભાદરવા વદ ૩ મંગળવારના જનસત્તામાં નીચે મુજબ વચ્ચે કોલમ પેજ ૨ માં છપાયેલ છે-

જૂનાગઢના શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્વાન સંત પૂ.શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની જન્મભૂમિ મોટી કુંકાવાવ ખાતે તેમની અર્ધપ્રતિમા મુકી કાયમી સ્મૃતિ જળવાઈ રહે તે માટે ગ્રામપંચાયતની સહાયતાથી સદ્‌ગુરૂ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્મૃતિખંડ ગામની ભાગોળે ઉભો કરાયો છે.

આ અર્ધપ્રતિમાનું આશો વદમાં જગદ્‌ગુરૂ શ્રીશંકરાચાર્યજી મહારાજશ્રીના હસ્તે ખુલ્લું મુકયાનો કાર્યક્રમ યોજાયો હોવાનું જાણવા મળે છે. એજ.

તમોએ ઉપરના છાપ્યા પ્રમાણે તે પ્રસંગ ઉપર શું કરવું ! એ બાબત સાદી રીતે કે ખર્ચ ભરેલી રીતે કે કેવી ધામધૂમ થાય છે તે રીતે વર્તી લેવું. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

આ ખબર ઉપર શું થાય છે તે જોવાનું રહ્યું.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૫૧ **તા.૧૩-૧૦-૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય સ્વામિનારાયણ વાંચજો.

શ્રીહરિ શરણાગતિ મંડળને તમામને અમારા આશીર્વાદો સુખી રહો, ભજન ભકિત કરો, શ્રીહરિને ભજો.

સેવક હરિલાલ વેલજી, **ભારતીને બાંધવા માંદરડીમાં શ્રીજી રક્ષા લખી મોકલી છે તેથી તોફાન નહીં કરે. અગ્યારશના દિવસે ચઢતે પહોરે મૂર્તિ પધારાવજો.** એજ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૫૨ **તા.૧૩-૧૦-૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય સ્વામિનારાયણ વાંચશો.

સેવકો પ્રાગજી ડાયા વિગેરે બધા ભાઈઓ અને તમારા બાળબચ્ચાઓ અને કુટુંબ સુખી રહો. બહુ રાજી, તમોએ સમય પ્રમાણે સેવા ૧૦૦૧ રોકડા, ઘડાકો સારો કર્યો. ભગવાનજીભાઈ તથા વેલજીભાઈ આજે અહિં પહોચ્યાં છે.

તીર્થ માટે તૈયાર રહેજો, બધાને ભારે લાભ થાશે, ટાણું સાચવજો. બધાને જય સ્વામિનારાયણ. બહુ ઉત્સાહવાળા હો, ભજન કરજો.

તમારા ભાઈના ધર્મપત્નિએ ૨૦૧ આપ્યા છે, તેનો સંકલ્પ પૂત્રવાળા થાય, ભગવાન સિધ્ધ કરે. આશીર્વાદ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૫૩ **તા.૧૩-૧૦-૭૫**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.

સેવક હરિલાલ વેલજી તથા પ્રાગજી ડાયા તથા સમંડળ બધા સુખી રહો. ભગવાનજીભાઈ તથા વેલજીભાઈ આંહી પહોંચી ગયા છે. તિર્થમાં જશે પછી ખબર પડશે. તમો ત્યાનો બાકી ફાળો ઉઘરાવી લેજો, સમય ઉપર કામ લાગી જાય. બળ રાખજો, સુખી રહો, ભજન કરજો. નકકી થાશે તે જરૂર જલદી જણાવવામાં આવશે.

ખીસું ખાલી ન રહે તેમ ભર્યે ખીસે તિર્થમાં જજો, સુખી હો. બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૫૪ તા. ૧૭-૧૧-૧૯૭૫

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં તમામ મંડળ સેવકોને જયશ્રીસ્વામિનારાયણ.

શરણાગતિ મંડળ- તીર્થભૂમિની જનતા તથા બસવાળાઓ અને ગામડાવાળાઓ તમોએ કરેલ મહોત્સવના ગગન ગર્જિ વખાણો કરે છે, ભારે જાગ્રત કર્યુ. સરપંચ સાહેબ તથા પ્રિન્સીપાલ સાહેબ આંહી દર્શને આવી ગયા. ઘણો ઉત્સાહ છે.

શંકરાચાર્યે કહેવરાવ્યું છે, ઉદ્‌ઘાટનમાં ફરીથી આવીશું. મહામહોત્સવ ઘણા મોટા પ્રમાણમાં કરવો છે. કોઈ મોટા પ્રધાન બોલાવશે, પ્રધાનો આવશે. મોટામાં મોટો મેળવડો કરવા કટિબધ્ધ થયા છે. ફાળો ચાલૂ છે.

આ બધું યશ તમોને સેવકોને મંડળને છે, ધન્ય છે. સ્વર્ગ સુધી તો કીર્તિ એક દિવસમાં પહોંચાડી દીધી. આગળ પાણ સારાવાના દેખાય છે. કાર્તિક સુદ ૫ થી કામ પાયા વિગેરે ચાલૂ કર્યા છે. જે આવે છે તે વખાણ જ કરે છે. તમોએ વંથળી ગજાવી. તીર્થની શેરીઓ ગજાવી. તન, મન, ધન વડે સેવાઓ પુરી કરી, એ બહુ મોટું કામ થયું છે. હવે પાણ ઉદ્‌ઘાટન ઘાણે જબરે પાયે થશે. તમો ભેગા ભગવાન, ભગવાનનું કામ ભગવાન કરશે. થાક ઉતરી ગયો હશે. કેફ ચાલૂ હશે, કામકાજે લાગી ગયા હશો. આનન્દની વાતો કરતા હશો, સુખ લેતા હશો, આગળની તૈયારીઓ પાણ ધીરેધીરે ધારવામાં આવશે. સુખી રહો ભકિત કરો.વિરોધીઓ બધા બેસી ગયા તેવો મહોત્સવ થયો છે.

ખુશી ખબર કામકાજ લખજો. તીર્થના ઉત્સવનો સ્મૃતિગ્રન્થ તીર્થમાંજ લખવા મંડાયો છે. મૂર્તિ, ચરણકમલ, બીલા કરાવજો, બધાને જયસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૫૫ તા.૬-૧-૧૯૭૬ - જૂનાગઢ

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ

છગન ભગત-પત્ર વાંચ્યો. ગુજરાતનું પાણી તાવ અશકિત નાતંદુરસ્તી કળતર વિગેરેને તુરંત જ મટાડે તેવું છે, હવા ફેર કરવો.પણ ચડતે પગારે થતો હોય તો હવા ફેર કરવા જાવું, પગાર બંધ થાય કે,

નોકરી છૂટી જાય તેમ ન કરવું. છૂટી પડે ત્યારે ગૂજરાતનાં પાણી બદલા માટે જવું. હાલમાં જામનગરની દવા ચાલૂ રાખવી- દવાને ખર્ચ હવેથી નોંધી રાખજો. જે થશે તે ઉનાળાની છૂટી પડતાં સુધીનો તમારા માટે ફંડમાંથી કે યજમાન સેવકમાંથી કે કોઈપણ રકમમાંથી તમોને મળી રહેશે. તે નકકી જાણજો. ખુશી ખબર લખજો.

ચાહ સાથે કાળીજીરી પીવાય તો પીવી હાડની કળતર કાઢ ી મેલે છે. સાંજે સાંજે ઠંડે પહર નાકમાં ગરમ હવા જાણાય, કળતર જાણાય આંખમાં ધગશ લાગે તેવા ચિન્હ હોય તો તે કાંઈક સંયમથી જ મટે છે અને મુંજાવું નહિં. ભજન કરવું આનન્દમાં રહેવું, સાજા રહેશો, તમોએ લખ્યું તે પ્રમાણે અમો કૃપાદૃષ્ટિ રાખીએ છીએ. અમારા સેવક છો, આશીર્વાદ આપીએ સાજા જલ્દી થશો.

કડવાણ લીમ્બડાની અંતરછાલ પલાળીને થોડું પાણી પીવાય તો પણ કળતર મટે ગળોનું સત્વ મધમાં ચટાય તો પણ કળતર મટે, સારૂં થાઓ. બધાને જયશ્રીસ્વામિનારાયણ.

ફૂલવાડીનો અપશોશ કરવાનો નથી. રક્ષક ભક્ષક થાય ત્યાં બીજું શું હોય ?

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૫૬ **તા.૧૪-૧-૧૯૭૬** -જૂનાગઢ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમ:

સેવક ભકત વેલજી ભગત શ્રીહરિશરણાગતિમંડળ સુખી રહો.

સેવક કેશવજી હરિભાઈ ૫૦૦ નો ગલીચો લઈને મુંબઈથી આપી ગયા છે.બાળકને દર્શન કરાવી, તીર્થમાં ધ્વજ માટે ગયા છે.

ચરણકમળોમાં, આંગળીઓમાં કમળો અને વચલે ૧ માં ગદાનો આકાર કરવા સૂચન આપ્યું છે. સરખું ચિત્ર ૧ કરાવવું, ખર્ચ ભલે થાય, ન ગમે તો બીજું સુધારાવધારા સાથે કરાવવું, પછી ત્રીજુ થાય ત્યારે નકકી શોભા ગાણાય, તેના બ્લોક બીબાં ત્રાંબાના કરાવાય. ત્રિરંગી થાય અને પછી છપાય, આ બધી વાત તમોને કહેશે. સુખી રહો.

બધાને જય સ્વામિનારાયણ કહેવા. તીર્થમાં કેળવણી સમિતિને નાણાં નથી, તમારે સાવચેત રહેવું. નાણાં માટે ઝડફૂં નાખે છે, એજ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૫૭ **તા.૧૭-૧-૭૬**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો અને રાજીપા સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવકો રતિલાલ લા., વાલજીભાઈ, માવજીભાઈ, રતિલાલ હં., નાનજી, ઓધવજી, તૂલસીભાઈ, પ્રવિણચંદ્ર, નારણ, વેલજી - ૧૩૦ મળ્યા, તમો બધા સુખી રહો, **ઘાણું સારૂં સંક્રાન્તિની પૂજાદાન સમય ઉપર મળી ગયેલ છે,** આજે જમીને તમોને આશીર્વાદ આપ્યા છે. કામકાજ મળશે, નિરોગી રહેશો, લાભ થાશે, ખરા રાજી થયા છીએ.

બધાં શરણાગતિ મંડળને જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ, જમતા વધેલા રૂપિયા અમારા પુસ્તક પ્રકાશનમાં વાપરશું.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૫૮ **તા.૧૮-૬-૭૬ - જૂનાગઢ**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમોનમઃ

શ્રીહરિશરણાગતિમંડળ- પ્રાગજીભાઈ, રામજીભાઈ, દયાળજીભાઈ, દેવજીભાઈ, કેશવજીભાઈ, શાન્તિલાલભાઈ, હરિલાલભાઈ, નરશીભગત, કુંવરજીભાઈ, મોહનલાલભાઈ, ગોવિંદભાઈ, પરશોતમભાઈ જયંતિભલાલ, ધીરજલાલ, નાથાલાલભાઈ, સવજીભાઈ, પ્રેમજીભાઈ, જીવણલાલભાઈ, અમરશીભાઈ,જગદીશભાઈ, વજુભાઈ, વેલજીભાઈ, દેવરાજભાઈ, નરેન્દ્રભાઈ સોની, આદિ તમોને હરિભકતો સેવકોને શ્રીહરિ ભગવાન સાજા નરવા રાખો. મુંઝવણ ન આવવા દયો. રૂપિયા પૈસા કમાવામાં મદદ કરો, સુખી રહો, ભજન કરવું. દેશકાળ પ્રમાણે વરતવું. બને તેટલા ધર્મ જ્ઞાન ભકિત કરતા રહેવા. રહી શકે તેટલી શુધ્ધિ રાખવી. શ્રીહરિને ધરેલા જળ પૂજામાં ધરેલા પાણી તે સાકર ચાહમાં પિયો કે ખાઓ. દરરોજ સાંજે પ્રસાદીજળ પીવું, સાકર કાંકરી ખાવી, જેથી અશુધ્ધ દેશની કે અપવિત્રદોષની નિવૃતિ થઈ જાય, દરરોજ એક માળા દોષ નિવારણની ફેરવવી અને સૂઈ જાવું પવિત્ર રહેવાય. ભજન કરજો, પૂજાપાઠ કરવા. ઘરમાં મૂર્તિના દર્શન કરવા. વિગેરે નિયમ

પરદેશના હરિભકતો પાળે છે. આફ્રિકા, ઈંગ્લેન્ડ, અમેરિકા આદિક દેશોમાં હરિભકતો છે, રીતરીવાજોમાં યોગ્ય લાગે તેટલું સહન કરીને પણ ભગવાન ભજવા, જીવને અને ભગવાનને સંબંધ છે. હેતભકિત ઉપાસના સ્મરણ વડે રાજી રહે છે. દેહને જમીનનો સમ્બન્ધ છે જેવી જમીન તે પ્રમાણે તેને વરતાવવો પડે. એજ.

રમણિકલાલભાઈ લુવાર તેમના પુત્રી માંદા હોવાથી ત્યાં હોસ્પિટલમાં રોકાઈ ગયા છે. એમ કુંકાવાવથી ખબર મળ્યા છે. તમોએ મોકલાવેલા રૂપિયા જ્યારે મળે ત્યારે ખરા, રમણિકભાઈએ અમોને કાગળ પત્ર કે ખબર આપેલ જ નથી. કુંકાવાવમાં વરસાદ તા.૪-૬-૭૬ સાંજે પાંચ-છ વાગે એક કલાક ૧૦-૧૨ ગાવમાં પડયો તેથી પાણી તો ચાલ્યા જતા હતા. પણ નાની કુંકાવાવનું તળાવ તૂટયું તેથી પાણી વધ્યાં અને ઉચાં ચડયા. શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મૂર્તિપ્રતિમાને કંઠ સુધી જળ એક કલાક રહ્યાં. પછી ઉતરવામાં ૦ાા કલાકમાં ઉતરી ગયા. રેલ્વે પાટા ડુબ્યા ન હતા. સલેપાટને પાણી અડી ગયા હતા. પ્રતિમાને કાચનો કબાટ કરાવ્યો છે. તેને દોરાવા પણ પાણીએ હલાવેલ નથી. રીલીંગ જાળીને પણ જરાયે હલાવેલ નથી. મકાનને કાંઈ પણ નુકશાન નથી. રાષ્ટ્રીય પ્રાસાદ ઉપર ધજા ફરકે છે. ભગવાનને નજર બહુ જ રાખી, બધા ચમત્કાર માનવા લાગ્યા છે. સડકને પડખે હોટલનું મકાન પડી ગયું. સડકની ઉપરની કેબીનો પાણી વડે તાણાઈ ગઈ, ગામના દરવાજામાં બે-ત્રણ ગારાની ધૂળીયા દુકાનો પડી ગઈ, સકડ કિનારે ધુળીયા દિવાલો પાંચ-સાત પડી ગઈ, સ્કુલ કોલેજના મકાનો આબાદ છે. સામે ઉગમણા ભાગે ખારામાં મશાન કડી પાસે મગફળી ફોલવાનું મીલ હતું. તેમાં રસોડું રાખેલ હતું. તે ચીજો તાણાઈ ગઈ, મિલને નુકશાન નથી. બ્રાહ્મણો પોણા બસો હાજર હતા. તા.૫-૬-૭૬ ના પારાયણ બેસવાના હતા પણ વરસાદને અંગે બંધ રાખ્યા. હવે કાર્તિકમાં કરશે. તેવું અખબારોમાં જાહેર કરેલ છે. દેશમાં બધે વાવણા થઈ ગયા છે. કયાંક મોળું મોળું છે. જામનગર પ્રદેશમાં વંથલીમાં વાવણા થયાં છે અને નથી પણ તેવા ખબર આવે છે. વરસાદ કયાક કયાક ચાલૂ જ છે. ભગવાનનું કામ ભગવાન કરે, તમારૂં કામ તમે કરો. બધા સારાવાના છે. તમારા જેવા ભકતોનો જય થયા કરો. ભજન કર્યા કરો, કમાઓ, સેવા વાપરો, સુખી રહો, ભકતને માટે સારાવાના જ થતા આવે અને થયા કરે તે ભગવાનની મહેરબાની જાણવી. શ્રીહરિ સદા રક્ષા કરે. જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.

આ બધાને તમોને ખબર મળે તેમ કરજો. કારણ કે જૂદા કાગળ લખવા. તે કરતાં એક કાગળમાં ખબળ મળે અને તમોને પાગ ભેગા થવાનું તાન રહે તે નિમિતે મળાય એજ. આળસ ન કરવી.સીટીમાં કે મારકીટમાં જયા ભેગા થવાય ત્યાં જયસ્વામિનારાયણ કહેવા. હવે કાંઇ મોકલો તો કોઠારી સ્વયંપ્રકાશદાસજી ગુરૂશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી બેન્ક ઓફ ઇન્ડિયા, ખાતા નં.૧૦૬૭૪ દિવાન ચોક, જૂનાગઢ ભારત સૌરાષ્ટ્ર આ શિરનામે ચેક ડ્રાફટ મોકલવા જેથી સોની સાથે રકમ મોકલાવી પાગ રોકાણ થઈ ગયું તેમ ન થાય. એજ. બધાને જયસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૫૯ તા.૧૦-૬-૧૯૭૬ - જૂનાગઢ

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીહરિશરણાગતિમંડળ સુખી રહો. વધારે ભગવાન ભજો.

નાની કુંકાવાવનું તળાવ ટુટવાથી પાણી આવ્યું તે તીર્થમાં મૂર્તિને કંઠ સુધી એક કલાક રહ્યું. શ્રીહરિની રાષ્ટ્રીય પ્રાસાદની ધજા ફરકે છે, બતીઓ મજામાં છે, રીલીંગ જાળી તથા કાચનો કબાટ એક દોરાવા પાણ હલ્યાં નથી, બધા પરચા ગાય છે, તીર્થના હરિભકતો દર્શને આવ્યા તેમાણે વાત કરી. સકડ કાંઠે હોટલનું મકાન પડી ગયું ફર્નિચર, રેકડીયો, દુકાનો સડકની તાણાઈ ગયાં, કોળીવાડામાં મકાનો પડી ગયા, દરવાજામાં કાપડની દુકાનો પડી ગઈ વિગેરે.

સ્કુલ કોલેજના મકાનો અવિચળ છે. ભગવાને ભગવાનની રક્ષા કરી. વધારે ભજન કરજો. શ્રીહરિશરણાગતિમંડળને જયસ્વામિનારાયણ કહેવા. ખુશી ખબર લખજો. શરીરે સારૂ રહે તેમ રહેજો. ૨૦૮ પારાયણો બંધ રહી છે. બધાને સેવકોને જયસ્વામિનારાયણ.

અભિનંદનના તમામ પત્ર કાગળો સુરક્ષિત છે - મનુભાઈને નુકશાન નથી.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૬૦ **તા.૧૦-૮-૧૯૭૬**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ

વેલજી ભગત, રતિલાલ ભગત, મોહન ભગત, પૂ. મોહન ભગત, શ્રીહરિશરણાગતિ મંડળ જયસ્વામિનારાયણ વાંચજો.

તમામ સુખી હો, નાણાંવાળા થાઓ, ભજન વધારે કરો.

ઉંચાઈ પગતળાની પાટલી સહિત શિખા પર્યન્ત ૬॥ ઈંચ કે ૬ રાખવી જે સાથે રાખવા ફેરવવા તથા પેટીમાં કે નાની ખાટલી ઢોલણીમાં રાખવા કે દેશપરદેશ લઈ જવામાં ઠીક પડે.

છતાં તમોને નાની લાગે તો ૭ ઈંચ ૭॥ ઈંચ સુધી આદિ અન્ત તળેથી શિખા કે પાઘ સુધી લંબાઈ રાખવી. ૫, ૬, ૬॥, ૭, ૭॥ સુધીમાં તમોને ઠીક લાગે તે પ્રમાણે અને શણગાર પહેરાવાય તે પ્રમાણે, મુગુટ કુંડળ જરીયાની વાઘા આદિ શોભા થાય તે પ્રમાણે કરાવજો. મુખ સુન્દર, ફોટાને મળતું જુવાન ફોટા જેવું સુન્દર કરાવવું, સારાવાના થાઓ.

બીજુ લખ્યું છે તે પ્રમાણે કરજો, મદદ મળી જાશે. **ભગવાનનું કામ ભગવાન કરશે.** બતાવવા આવવાની જરૂર નથી.અને આવશો તો પણ બધાં કામ થઈ જાશે. જેવી તમારી મરજી. **આંહી આપાણે હરિકૃષ્ણ મહારાજ સાડા સાત ઈંચ છે પાટલી શીખા સહીત.**

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૬૧ **તા.૨૭-૯-૭૬**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શરણાગતિ મંડળની ચઢતી કળા હો, સેવકો ધનવાળા પુત્રપરીવારવાળા નિરોગી સુખી ભકિતવાળા હેતસ્વી હો, કમાઓ ખાઓ પીઓ આનંદમાં રહો, શરીર સાચવજો, દેશકાળ પ્રમાણે વરતજો, કયાંઈ બંધાઈ જવું નહીં, ફેલ ફતૂર વ્યસન વળગવા દેવા નહીં, ધર્મ સંયમ નિમયમાં બને તેટલું રહેવું, ભજન વધારે કરવું, વધારે સુખી થશો, સોનાના નાણાં વાપરો એવા સુખી થાશો. આશીર્વાદ.

શ્રીહરિશરણાગતિ મંડળ સેવકો - નાથાલાલભાઈ, પ્રાગજીભાઈ, દેવરાજભાઈ, મોહનભાઈ, હરિલાલભાઈ, રતિલાલભાઈ, દયાળજીભાઈ, રતિલાલ મોહન, ધીરજલાલ, હીરજીભાઈ, દેવજીભાઈ, રામજીભાઈ, અમરશીભાઈ આદિ તથા પરસોતમભાઈ, નરશીભાઈ,

હરિલાલભાઈ, જ્યંતિલાલભાઈ, સવજીભાઈ, મોહનભગત વિગેરે તથા પ્રેમજીભાઈ, જીવણલાલભાઈ, અમરશીભાઈ, જગદીશભાઈ, વજુભા, વેલજીભાઈ, બીજા રતિલાલ, ગોવિંદભાઈ, કુંરવજીભાઈ, નરસીંહભાઈ, દામજીભાઈ, બાબૂભાઈ, નાનજીભાઈ, ભાણજીભાઈ, લવજીભાઈ, નટવરલાલભાઈ, બીજા દયાળજી રાઠોડ, શામજી હીરજીભાઈ, અમરશી હરજીવનભાઈ વિગેરે વિગેરે **સર્વે ભગવાનના એકાન્તિક ભકતોનો ભગવાન શ્રીહરિ સદા સુખી રાખો. આશીર્વાદ.**

ડ્રાફ ૨૨૦૦ નો મળ્યો, ઘણાં રાજી, ઘણાં સુખી થાશો, **ભગવાનના પ્રતાપે તીર્થના ઉત્સવના ફળ વડે ચઢતી કળાની મોસમ આવી છે, ઘણી ઘણી ચઢતી કળા થાશે, મુંઝાવું નહીં, સાજા નરવા રહો, એકબીજાને મદદ કરવી, એક કુટુંબ તરીકે રહેજો અને ઉત્સવ સમૈયા કરજો, વર્ષમાં એક સારો ઉત્સવ પાણ કરવો, વર્ષે કે છ માસે એકવાર બધા ભેગા થવાય તેમ કરવું, ભોજન ભજન કરવું તેથી ભગવાન વધારે નજર રાખે, બહુ જ રાજી.**

૯૭૬ રીયાલના સેવકો નામો સહિત નોંધી લીધા છે, તે પ્રમાણે યાદગીરી રાખીએ છીએ, પહેલાના દયાળજી વિગેરેને યાદગીરી નોંધેલી છે, **ઘણું કામ કરવું છે, બધા કામ થઈ જાશે, ભગવાનનું કામ ભગવાન તથા સેવકો કરશે.**

મુંબઈ પૂના મસ્કતવાળાઓના વતી અમારા જય સ્વામિનારાયણ વાંચવા.

ડ્રાફ તા.૨૪-૯-૭૬ નો કાગળ અને ડ્રાફ રજીસ્ટર્ડ એક સાથે મળ્યા છે, વટાવવા બેંકમાં મોકલેલ છે, એજ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૬૨ **તા.૫-૨-૧૯૭૭**

જુનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદ. જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

તમો તમારૂ કુટુંબ માવતર ભાઈઓ સારૂ રહો સાજા રહો સાજા રહેજો. **ભકિત કર્યા કરવી ઉપાધિ ન કરવી. સંસાર બગીચામાં હવા ખાવા નીકળ્યા, ફળ ફુલ હવા પાણી દાણા દુણી ખાઈપીઈને સાંજ પડયે રવાના થવાનું હોય તે પ્રમાણે ભગવાન સાંચવશે અને નજર રાખશે અને ધામમાં પહોચાડશે.** સુખી હો. બધા સુખી હો.

જઠરાગ્નિ મંદ હોય તો ધોળો પેશાબ આવે, દવાથી સારૂ થઈ જાશે, જમીન ભાગમાં વાવવા આપવી, વાંધો નહી. **વરાણા રહેવું, સમય સારો ગાળવો. જરૂરત પડયે ઘેર આંટો દેવો, ભગવાન ભેગા રાખવા.**

મુર્તિઓ ૨૦ તૈયાર થઈ ગઈ છે. વેલજી રવજી હજુ રૂપિયા ચુકવવા જ બાકી છે. તીર્થમાં સારૂ છે. કાંઈ નવીન નથી. આપણું મંડળ ગામડે ફરવા ગયેલ છે, હુતાશની એ આવશે. પુના મુંબઈવાળા મસ્કત, દુબઈ વિગેરેમાં ગયા છે, સારૂ કમાય છે. એજ સમાચાર. શરણાગતિમંડળને જયસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૬૩ **તા. ૨૭-૪-૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક દેવજીભાઈ તથા ટપુભાઈ સુખી રહો, વર્ષ પુરૂં થાય ત્યારે આંટો આવવું, સારાવાના થાય, **સુખ માટે કમાણી છે માટે ઘરબાર પાણ સંભાળવા, વ્યવહાર સાંચવવો.**

દેવજીભાઈ, ટપુલાલ, વશરામભાઈ, પ્રાગજીભાઈ બધાને જય સ્વામિનારાયણ કહેવા. ભાગી ન જવું પણ કાયદે કામ કરવું, જે જે બધા ભેગા મળે તેને જય સ્વામિનારાયણ કહેવા.

''ભાગ્યનો દિકરો જીવે, ભાગ્ય વિનાનો થોડો વખત સારો પછી ચિત્રકેતુની પેઠે અફસોસ'' માટે તમો ડાયા છો, બાઈ માણસ કથા સાંભળે જ્ઞાન તો હોવું જોઈએ. વ્રત કર્યા કરવા તો આવરદાવાળો થાય, નહિં તો ઉદરડા જેવો થાય. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૬૪ **તા.૨૭-૫-૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ વાંચશો.

ગઈ કાલે ૨૬ તારીખે ડ્રાફ રજીસ્ટર્ડ રવાના કરેલ છે. મળ્યા પછી પહોચ્ચાનો કાગળ લખજો. બીજો ડ્રાફ દુબઈથી અમારા ઉપર આવી જાશે, રાજી છીએ.

બધાય ભાયુંની લક્ષ્મીઓ શરણાગતિમંડળ લીલાછમ તાજીમાજી ફળફૂલ રસકસ ભરેલી ભકિતમાં ગરકાવ રહો, આશીર્વાદ. સારા કામકાજમાં જીવન વપરાશ સાર્થક થયા કરો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૬૫ **તા.૨૧-૬-૭૭**

સેવક રામજીભાઈ, રમેશ, હરસુખ, પ્રભા, પુષ્પા બધાને આશીર્વાદ, સુખી રહો.

પૂજા કરો છો તે સારૂં, વધારે ભકિત ભજન પૂજન થાય તો સત્સંગનું બળ રહે. ભગવાન રક્ષા કરો.

પૂજાનું સોપી દેવું, તમો પરદેશ હો તો પણ પૂજા કર્યા કરે, એજ. જે જમો તે ભગવાનને જમાડીને જળ પાઈને જમવું. સુખી રહો.

વેલજી ભગત- કિતાબમે અભી છબી કા રખના ઠીક નહીં, દૂસરીબાર બાત.

વેલજી ભગતનો પત્ર મળ્યો. સોમ મંગળમાં બીજા બાકીના બુકપોષ્ટ પાનાં મળી ગયા હશે, તેના મળવાના સમાચાર જરૂર લખજો. બધાને જય સ્વામિનારાયણ. આશીર્વાદ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૬૬ **તા. ૨૬-૬-૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવકો રતિલાલ હંસરાજ રાઠોડ, અમરશી હંસરાજ રાઠોડ, દયાળજી ભગત, ધીરજલાલ ભગત, પરસોતમ મનજી મનાણી, મોહનલાલ ભગત, વાલજી ભગત, નાનજી ભગત, માવજી લક્ષ્મણ, દેવજી ભગત, પ્રાગજી ભગત વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળ તથા સાથીદારો કામકાજે ભેગા થતા હરિભકતોને તમોને બધાને સારા આશીર્વાદો, સુખી રહો, વધારે સુખી થાઓ, નાણાંવાળા હો, **ભજન વધારે કરવું, પાંચ-દશ મીનીટ કેવલ ભગવાનનું ભજન કરવું એવો નિયમ ચોમાસાનો રાખવો, બીજા નિયમ પળે તે રાખવા.**

પરદેશમાં શરીરે સાજા રહો, કોઈ વિઘ્ન ન થાઓ, **કમાઓ સેવો માવતરોને રાજી કરો, સત્સંગ સારો કરવો, વાર તહેવારે ભેગા થવું, ઉત્સવ કરવો, રાજીપો છે, આરતી પૂજન વિગેરે કરો છો તે ઘણું જ સારૂં.**

વેલજી રવજી ભગતને પૂના લખજો, ફૂગેવાડી દાપોડી. પૂના-૧૨, મહારાષ્ટ્ર, ભારત. એક મૂર્તિ ત્યાંજ તમારા માટે સાંચવી રાખે, અમો પણ લખીશું, આજે જ કાગળ લખીએ છીએ. **ભગવાનનું કામ ભગવાન કરે.** બધાને જય સ્વામિનારાયણ કહેવા.

જાણવા પૂરતું ડ્રાફનું શિરનામું -KOTHARI SWAYAM PRAKASHDASJI, BANK OF INDIA, જૂનાગઢ બ્રાન્ચ - NAGRIK SAHAKARI BANK JUNAGADH INDIA - કોઠારીનો નંબર - ૧૬૬૭૬.

કવર ઉપર અમારૂં શિરનામું - શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે. મુ. જૂનાગઢ, સૌરાષ્ટ્ર, ઈન્ડિયા.

- કૃ.વ.આ.

પત્ર નં.-૬૭ **તા.૧૫-૮-૧૯૭૭**

જૂનાગઢ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક વેલજી રવજી તથા શરણાગતિ મંડળ. સેવક ભગવાનજી રાજાભાઈ, રતિલાલ પ્રેમજીભાઈ બાલંભાવાળા તથા તેમના બનેવી ગઈકાલે આવ્યા હતા. તેમને સારા આશીર્વાદ આપ્યા છે, સાજા થઈ જાશે, સુખી રહે. તમારી ચીઠી મળી, બધાં કામ થઈ ગયા, એમ જાણી વધારે આનંદ.

બીજું કે, ભગવાનની ઈચ્છાથી નવું કામ પણ કરવાના વાવડ મળ્યા છે. તીર્થમાં જન્મઘર, મોટાભાઈ ભગવાનભાઈના દિકરા ભીમજીભાઈ તેના દિકરા તે ઘરમાં રહે છે, તેણે હિમ્મતથી આપવા વાત ખાનગી રીતે પહોંચાડી છે. તો શ્રીહરિશરણાગતિમંડળના ફંડમાંથી તે કામ જલ્દી પતી જાય તેમ મુહુર્ત આવેલ છે. જો તમો અઠવાડીયું મોડા દુબઈ ઉપડવાના હો તો બે દિવસમાં ત્યાં તીર્થમાં જઈને વાતચીત કરીને કામ પતાવી લેવાય તેમ કરવું. પહેલા જતાવેંત સ્ટેશન પ્લોટ અવેડા સામે, ડોબરીયા ગોવિંદ કરશનને મળવું અને તેને વાતચીતે મેળ કરી પછી ઘરધણીને મળવું, સોદો પતાવી લેવો, એક હજાર સૂંથીના સાથે રાખવા, સોદો પતે કે તુરંત જ કબજો લેવાય અને કિંમત દેવાય એ રીતે કરવું. તમારા ખુશી ખબર અમોને લખજો. ત્યાંના બધા કામકાજ પુરા થઈ ગયા હશે. બધાને જયસ્વામિનારાયણ કહેજો.

ખાનગી રાખવું બહાર પાડવાથી વિઘ્ન થાય. એજ. **- કૃ.વ.આ.**

પત્ર નં.-૬૮ **તા.૨૫-૮-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં ઘણાં આશીર્વાદો સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચવા. તમારે શરીરે સારૂં હશે. સાજા નરવા રહો. તમારૂં કુટુંબ સાજા નરવા સુખી રહો.

સેવક છગન ભગત, તીર્થમાં રીલ જાળીને રંગકામ કરવા માટે તમારે જવાનું થાશે. છૂટીમાં જવું, જન્માષ્ટમી પહેલા થોડા દિવસ જવું, સાથે લેવા ઘટે તે મદદગાર મદદ માટે લઈ જવા, મેળના લઈ જવા અને **જન્મનું ઘર ભગવાનભાઈ, રેણઘર, ભીમજી ભગવાનનો દિકરો રહે છે તે જૂનું ઘર રસ્તા કાંઠે પહેલું જ ઘર, આપે તે પ્રમાણે શ્રીહરિશરણાગતિ મંડળ તરફથી લઈ લેવું, આરસના ચરણારવિન્દો પધરાવી દેવા. આટલું શરણાગતિએ કામ કરવાનો ઉત્સાહ ધરાવેલ છે.** તો તે બાબત હાલમાં જ ભગવાનજી રાજા ત્યા હાજર હોય તો તેમને કહીને આ પત્ર વંચાવીને તુરતજ ત્યાં જવા કહેજો અને ઠે. સ્ટેશન પ્લોટ, અવેડા સામે, ગોવિંદ કરશન ડોબરીયાને મળે.

જન્મગૃહ મળવાની વેચાણની કિંમત ઠરાવવાની વાતચીત કરે, એક હજાર સૂંથી ભેગા લેતા જાય અને નકકી કરે, આ કરવાનું છે. પછી ત્યાં જન્મઘરમાં રહેતા હોય તેને મળે, કબજો કયારે સોંપે તે બાબત તથા કિંમત બાબત નકકી કરે. અને જો તે ભગવાનજી રાજા ત્યા હાજર ન હોય તો તમો છૂટી ઉપર રંગકામ માટે જાઓ ત્યારે તે વાત પતાવવાની રહેશે હાલમાં તમોને એકબે દિવસને છૂટી મળે તો પરબારા જઈ આવજો. પછી કાગળમાં વાતચીત લખી મોકલજો. શરણાગતિમંડળના ફંડમાંથી તો મકાન કિંમતને ખર્ચ થાય તેને પહોંચી વળાશે. એજ. વાત બહાર ન પાડવી. ભગવાનજી રાજાને પણ વાત છાની રાખવા કહેવું, બહાર પડે તો મુશ્કેલી થાય.

પત્રોત્તર લખજો. ફંડમાંથી ધાર્યા પ્રમાણે થઈ જાશે.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૬૯ **તા.૭-૯-૧૯૭૭**

સેવક શિક્ષક છગનલાલભાઈ તથા શરણાગતિમંડળને ભગવાન સુખી રાખો.

પત્રથી ખુલાસા જાણવામાં આવ્યા. કુલ ૧૮૦૦૦ થાય તે શરણાગતિમંડળના ફંડમાંથી પૂર્ણ અપાઈ જશે. માટે વેચાણહક તરીકે સોદો પતાવી લેજો. અને લેવડ-દેવડ શરૂઆતની સુંથીનો વ્યવહાર કરવો ઘટે તે કરી કરાવી લેજો અને દાનમાં લેવાનું ન રાખશો. વેચાણ હક તરીકે કાગળ કાચા અને પાકા રજીસ્ટર કરાવજો.

ખરીદી તથા લેખ નીચે મુજબ,

''શ્રીહરિશરણાગતિમંડળ વતી શિક્ષક છગનલાલ પ્રેમજી કાચા, રહીશ જામવાણથળી, તાલુકો જામનગર. એવે એક નામે જ કરાવજો.

બીજાઓને પરદેશ રહેવાનું થાય છે જેથી સર્વ કામકાજે સહી સીકકા માટે તમો હાજર રહી શકો. બાબુભાઈ તથા તમારા સહી સીકકા રાજયરીત પ્રમાણે પાકુ કામ કરી લેજો. શ્રીહરિશરણાગતીમંડળને જાણ કરવામાં આવેલ છે. તેઓ તે પ્રમાણે ઉપર મુજબ રકમની જલ્દી ગોઠવણી કરી શકશે, તમો પણ જલ્દી તે કામ પતાવી લેજો. હાલમાં સૂંથી અને પછી કાગળો મળ્યે ચૂકતે થઈ જાય અથવા તીર્થના પંચ સલાહ આપે તેમ કરજો. ખરીદનારને પરાધીન ન થવાય તેમ પંચે પણ ધ્યાન રાખવાનું છે. એજ સલાહ. શમ્. બધાને જયશ્રીસ્વામિનારાયણ કહેજો. જ્યારે સમય મળે ત્યારે તીર્થમાં જજો.

સેવક ભગવાનજીભાઈ કે વેલજીભાઈ એ પુરો ટેકો અને સલાહ આપેલ છે. સોંઘે મોંઘે લઈ લેજો. હાલમાં કોઈ બેમાંથી સાથે આવી શકે તો બે જજો ત્રણ જજો પણ ડોળાઈ જાય તેમ ન થવા દેવું. બહાર કામ ઉપર કે બીજા કામ માટે રોકાયેલાને તીર્થમાં હાજરી આપવાનું મુશ્કેલી પડશે માટે એકલા પતાવી લેજો. પછી પંચ ટ્રસ્ટ રજીસ્ટર્ડ કરી લેશું.

આરસના ચરણકમળનો સમયપણે સગવડે નકકી કરી લેવાશે.

ફંડની અઢાર હજારની રકમ તમો જ્યારે ઠીક પડે ત્યારે મેળવી જજો. તમારે નામે જે બેંકમાં ખાતું હોય તેમાં હાલમાં જમા કરાવી લેજો. અને જેમ આપવી ઘટે ત્યારે તેમ આપતા જજો. કોઈ હરકત ન નડે તેટલા માટે તમારે ખાતે તમારે હાથ રાખીને કામ લેજો. બધી રકમ બહુ જલ્દી ભેગી થઈ જાશે. ભેગી જોતજોતામાં થઈ ગણજો. રકમ મેળવવા ઉપસ્થિત મોડું રહેવું થવું ઘટે ત્યારે છૂટ છે. **તમારે હાથ બધુ કામ પતશે. બીજા હાજરી નહીં આપી શકે. વધારે હાજરી કરવામાં ડોળાશે. એજ. તમારે નામે કબજો મળ્યા પછી, ખાસ આગેવાનો ભ.વે.હ.કે.છ. એમ પંચ ટ્રસ્ટ રજીસ્ટર્ડ કરી લેવાશે. જે મજબુતી થશે, જોયુ જાશે.**

- કૃ.વ.આ.

પત્ર નં.-૭૦ **તા. ૧૩-૧૦-૧૯૭૭**

ખાનગી રાખજો.

છગન ભગત - અમોને કાંઈક વધારે ચઢતી કળા દેખાય છે. પરદેશી સેવકોએ સારી ભેટ બાંધી છે. સારૂં થશે, તમો જે રીતે ઠીક પડે, છૂટીમાં પરબારા એકલા તીર્થમાં જઈને પોપટબાપા પોતાના મકાનનો જેટલો ભાગ આપે તે અને ફળી પાગ તે પ્રમાણે વેચાણ હકથી લેવા ચુકશો નહીં. હવે માહીતગાર થઈ ગયા છો માટે આટલું ટુંક જ ચેતવવું બસ છે.

જેમ પહેલા મંડળ વતી તમોએ પતાવ્યું તેમજ પતાવવું. હાલમાં બીજાને સાથે ન રાખવા, બે માં ડોલાઈ પછી ટ્રસ્ટી તરીકે ગોઠવશું, હાલમાં નહીં. વાતચીત માટે એકલા જ જવું, એકલા જ ત્યાં તીર્થમાં યોગ્ય વ્યકિતઓને મળીને કામ કરી લેજો. મફત કે ધર્માદામાં ન લેવું, ખર્ચમાં ન અચકાવું. બધુંય પહોંચી વળાશે. કાગળો વડે જણાવવું એટલે તૈયારી પણ રહે. તમારા કુટુંબ સહિતને જયસ્વામિનારાયણ. ત્યાં હાજરને શંકા ન પડે તેમ પહેલા તો મેળ જવા આવવાનો કરવો. વાત બહાર ન પાડવી. રાજીપો. બધા પરદેશ જવાના છે માટે હાજર રહે નહીં તેઓ સાથે ડોળવું નકામું થાય. મનમાં રાખીને ગુપ્ત પ્રધાન અમાત્મ તરીકે અંગત કામ કરતું રહેવું નડતર થાય એમ હોય તો ગેરહાજરીમાં કરજો, વાર ભલે લાગે.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૭૧ **તા.૧૮-૧૦-૭૭**

ૐ શ્રીહરિઃ શરણં મમ

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં હેતથી જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવકો દયાળજીભાઈ, ધીરજલાલભાઈ, બન્ને મોહનલાલ મોહન ભગત, ટપુલાલભાઈ, રતિલાલભાઈ, તુલસીદાસભાઈ આદિક શ્રીહરિશરણાગતિમંડળને ભગવાન વધારે વધારે ચઢતી કળા આપો. વળી ખૂબ ખૂબ સુખી થાઓ. ભગવાનના લીલા ચરિત્રો ધ્યાન ભજન કથા વાર્તા સેવા સ્મરણમાં ગૂલતાન રહો. કમાવો વાપરો શરીરે સાજા રહો. કુટુંબને પોષણ કરો.

તમો સેવકો તમારી ફરજ બજાવો છો. ભગવાન ભગવાનની ફરજ બજાવે છે. ધાર્યું ભગવાનનું થાય છે. બધામાં અંતર્યામી ભગવાન શ્રીહરિ બેઠા છે. તેનો આનંદ સારી રીતે માણવો. મહોત્સવ કરજો. શરાણાગતિ મંડળ તથા સાથે સહવાસીઓને ધન્ય છે. ભેદભાવ રાખ્યા વિના ઉત્સવ સમૈયા કરજો. રાજી રાજી રહેજો. રાજીપો સંભારજો. ઉત્સાહ ખુબ રાખજો. તન મન ધન સાધન વડે સેવાનો સમય બરાબર આવ્યો, કમાવાનો સમય પણ બરાબર આવ્યો. એકબીજાને મળો. કથાવાર્તા કરો, દિવ્ય મૂર્તિ અંતરમાં અને આંખ્યો આગળ તરતી જ હોય છે, તે જોતા જોતા તૃપ્તિ માનવી. બધા કામ કરવા. તમો મંડળ જે નકિક કરો છો તે પ્રમાણે જ કરજો. ક્રમથી બધું જ થતુ જશે. ભગવાન તમારા સારા સંયોગો નિભાવશે.

જન્મ તિર્થભૂમિનું કામ અમારી હયાતિમાં થાશે પછી થાવું લટકી રહે. તમો સમજુ છો. માટે જે નકિક કરો છો તે બરાબર છે બધાને આશીર્વાદ, બધા કામો થાઓ, સુખી રહો.

જન્માષ્ટમીએ આરસના ચરણ કમળો કદાચ તિર્થજન્મભૂમિમાં પધારવવાનું થાશે.

શ્રીકૃ.વ.આ.ના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા કહેવા.

•❀•❀•❀•

પત્ર નં.-૭૨ **તા. ૧-૧૨-૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં શ્રીહરિશરણાગતિ મંડળ દુબઈ- દયાળજીભાઈ, ધીરજલાલભાઈ, બન્ને મોહન ભગત, દેવરાજ ભગત, ટપુલાલ ભગત, રતિલાલ ભગત, તુલસીદાસ, આદિક **બધાને ભગવાન સુખી રાખો, સાજા રાખો, નજર રાખો, ધનવાન હો, સંપ હો, ભકિત હો, સત્સંગમાં બળ હો.** ખાતા નંબર ફેરબદલ કરીને મોકલાવેલ ડ્રાફટ મળી ગયેલ છે. રૂપિયા પણ મળી ગયેલ છે. ઘણું જ સારૂં કર્યુ સુખી હો. **ખરી તક સાચવી રાજીપો લીધો. બીજા કામ મળશે, મહેનત કરજો. જલદી ત્યાંથી ભાગવું નહિં, ધીરજ રાખજો. સારાવાના થાવ. જેમ દેશકાળ જાણાય તેમ કરજો.** માવજી લખમણ સાથેના સમાચાર મળ્યા હતા, તે પ્રમાણે કરેલ છે.

લીલા ચરિત્ર ગાઓ, સુખી રહો, કથા વાર્તા આનંદ ઉત્સવ કિલ્લોલ કરતા રહેજો. આવો વખત ફરી નહિં આવે. મુંબઈ થી બોટમાં દુબઈ આવવા ભકતો રવાના થયા છે અને થાય છે તથા થતા રહેશે. હજુ નામ મળ્યા નથી. એક બે દિવસોમાં તમારે ત્યાં આવશે. એજ.

કૃ.વ.આ.ના આશીર્વાદ જયસ્વામિનારાયણ વાંચજો.

પત્ર નં.-૭૩ **તા.૧-૧૨-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચજો. **શિક્ષક સેવક છગનલાલભાઈ તથા તમારૂ કુટુંબ સર્વને શ્રીહરિ સુખી રાખો. તમો માંદા છો તે સાજા થઈ જાશો. તમારી રક્ષા ભગવાન કરતા રહો. માળા ફેરવવી, ભજન કરવું, ધીરજ રાખવી.**

શ્રીહરિશરણાગતિ મંડળ કેશવજી હરિભાઈ તથા વેલજી રવજીભાઈ તથા ભગવાનજી રાજાભાઈ તથા છગનલાલ પ્રેમજીભાઈ તમો શ્રીહરિશરણાગતિ મંડળે હિંમત વડે બધા મંડળના સભ્યો મળીને તીર્થમાં ભગવાનની જન્મભૂમિ ભવન વેચાતું લીધું તેટલું જ લેવા લાયક હતું. વધારે તો તે એક રૂમ અને તે પ્રમાણે સિધૂં ફળીયું આપે તો લેવું, નહિં તો ન લેવું, પાંચ ફુટમાં કાંઈ દીલ ન ઠરે, એટલે તે બાબત પડી મેલવી. તેનો તાગ લઈ લીધો તે ઠીક કર્યું. હવે લીધેલ ભૂમિમાં જે કાંઈ રૂમ કે સુધારો કરવો હોય તે નકશો કરવો કરાવવો અને તે માટે શ્રીહરિશરણાગતિમંડળે પુરતી રકમ એકત્રિત કરી રાખવી, જ્યારે ધારો કે સમય આવે ત્યારે જીર્ણોધ્ધાર થાય. કબજા પછી ચરણકમળ પધરાવાય, તેમ ધારી રાખજો. હાલમાં ટાઢમાં પ્રવાસ ન ખેડવો. નાતાલમાં ત્યાં રહો. દર્શને નિકળવું. બધાને જયસ્વામિનારાયણ કહેવા. ખુશ ખબર લખજો. રજીસ્ટર પત્ર મળી ગયા તે જાણ્યું.

સેવક શ્રીપુત છગનભગત, તમારા પત્રો મળ્યા હતા. પાંચ ફુટની ઉદારતાના વાવડ પણ મળ્યા હતા, પહેલા તો તે લોકો જોઈએ તેટલી લઈ લ્યે ઓરસ ચોરસ સરખુ થાય તેમ ઉદારતા કહેતા હતા. હવે તે વાત પડી મેલવી, લેવી જ નહીં. જે મળી તેનો સુધારો કરવો. તમો દર્શન માટે ટાઢમાં ન નીકળશો.

કેશવજી હરિભાઈને વેલજીને ભગવાનજીને મુંબઈ પણ આ પત્રમાં લખેલ અભિપ્રાય જણાવી દીધો છે. ૧- પાંચ ફુટ ન લેવી, ૨- નકશો કબજામાં આવે તે ઉપર જ ચીતરવો ૩- શું કરવું, કેમ કરવું ખર્ચનો ફાળો એકત્રિક કરેલો જોઈએ તે અંદાજ કરી રાખજો. તેઓ દુબઈમાં જવા તૈયારીમાં છે. બધૂ થઈ રહેશે. ઉપલી બાબતનું ફંડ એકત્રિક થયા પછી ત્યાંના ટ્રસ્ટીઓ હીરા પેથાભાઈ કરશનભાઈ વિગેરેએ ધારેલ ફંડફાળો એકત્રિક કરવો. આ બધૂ જણાવેલ છે. હવે આવો પત્ર દુબઈ કેશવજીભાઈ ભગવાનજીભાઈ વેલજી રામજી માવજી વિગેરે પહોંચ્યા પછી ફરીથી સુચન કરીશું. એજ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૭૪ **તા.૧૫-૧૨-૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવકો હરિલાલ મેપાભાઈ તથા દેવજી કાનજીભાઈ રાઠોડ તથા છગનલાલ જીવરાજ જાયવાવાળા તથા મૂળજી વેલજી તથા નરસિંહ મનજીભાઈ તથા શામજી હિરજીભાઈ તથા વશરામ લક્ષ્મણભાઈ તથા પ્રભુલાલ નરસિંહભાઈ બાણુગારવાળા તથા મગનલાલ વેલજી દુધઈવાળા તથા દયાળજી લાલજીભાઈ તથા ટપુલાલ કાનજીભાઈ તથા રતિલાલ હંસરાજભાઈ તથા **શ્રીહરિશરણાગતિ મંડળના તમામ ભકતોને શ્રીહરિનો રાજીપો શરણાગત વત્સલ ભગવાનની કૃપા વડે સુખશાંતિ નાણાં સાજા નરવાપાણું સંપ કમાણી ખૂબ જ હો, સત્સંગ વધો ભકિત કરો હેત રાખો સમજાણ ઉંચી દિવ્ય હો હળી મળી ને રહો સારાવાના દેખો, જમો રમો આનંદ કરો કમાઓ વાપરો અને ભગવાન સંભારતા રહો, દેશકાળ પ્રમાણે વરતવું, ખોટે હલકે રસ્તે ન ચઢી જાવું, ભગવાન રક્ષા કરો, પાછા કંપનીમાં આવી ગયા તેપણ સારૂં, કમાવું, મુંઝાવું નહિં, ગૂન્હામાં ન આવવું, પગાર મળે તેમાં સંતોષ રાખવો, કમાઓ સેવો ભજો આનંદ માનો કુશળ રહો, અમો રાજી છીએ.**

જ્યાં ઠીક પડે તે કંપનીમાં ટકી જાવું, **દેશ કરતાં ત્રાણ ગણું મળે છે માટે મૂકીને ભાગવું નહિં. બધી ભૂલચૂક ક્ષમા છે, દેશપરદેશમાં મૂર્તિનું બળ રાખવું તે સ્વરૂપ બળ કહેવાય, સ્વરૂપ બળ વડે બધા કાર્યોની સિધ્ધિ થાય છે, દુઃખ ઉડી જાય છે, હર્ષશોક સાજામાંદા જન્મ-મરણ તે તો દેહને લાગ્યા જ છે, પણ ભગવાનના સ્વરૂપનું બળ તે સર્વે ઠેકાણે રક્ષા કરે છે.** આનંદમાં રહો, આશીર્વાદ.

જન્મજયંતી ઉજવી તેનો આનંદ રાખવો. મોતૈયા જમ્યા ભગવાનને જમાડયા. જયંતિલાલ કરશનભાઈએ તથા તેમના બનેવીએ ૬૬૦ રિયાલની આરતી ઉતારી તે ઘણું સારૂં કર્યુ, રાજી છીએ, સુખ સંભારવાં. માવજી લક્ષ્મણ દુબઈ આવી ગયા છે.

કુંજની પેઠે ભગવાન સેવે છે. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૭૫ **તા. ૧૫-૧૨-૧૯૭૭**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જયશ્રીસ્વામિનારાયણ વાંચશો. સેવકો હરિલાલ મેપાભાઈ તથા દેવજીભાઈ કાનજીભાઈ રાઠોડ તથા છગન લાલજી જીવરાજ જાયવાવાળા તથા મૂળજી વેલજી તથા નરસીંહ મનજીભાઈ તથા સામજી હીરજીભાઈ તથા વશરામ લક્ષ્મણભાઈ તથા પ્રભુલાલ નરશીભાઈ બાણુગારવાળા તથા મગનલાલ વેલજી દુબઈવાળા તથા દયાળજી લાલજીભાઈ તથા ટપુલાલ કાનજીભાઈ તથા રતિલાલ હંસરાજભાઈ તથા **શ્રીહરિશરણાગતિમંડળના તમામ ભકતોને શ્રીહરિનો રાજીપો શરણાગતવત્સલ ભગવાનની કૃપા વડે સુખ, શાન્તિ, નાણાં, સાજા નરવાપાણું, સંપ, કમાણી ખુબજ હો, સત્સંગ વધો, ભકિત કરો, હેત રાખો, સમજણ ઉંચી દિવ્ય હો, હળીમળીને રહો, સારાવાના દેખો, જમો રમો, આનંદ કરો, કમાઓ વાપરો અને ભગવાન સંભારતા રહો.**

દેશકાળ પ્રમાણ વરતવું, ખોટે હલકે રસ્તે ન ચઢી જાવું, ભગવાન રક્ષા કરો, પાછા કમ્પનીમાં આવી ગયા તે પણ સારૂં, કમાવું, મુંઝાવું નહિં, ગુન્હામાં ન આવવું, પગાર મળે તેમાં સંતોષ રાખવો. કમાઓ, સેવો ભજો, આનન્દ માનો, કુશળ રહો. અમો રાજી છીએ, જ્યા ઠીક પડે ત્યાં કમ્પનીમાં ટકી જાવું. દેશ કરતા ત્રાણ ગણું મળે છે માટે મૂકીને ભાગવું નહી. બધી ભૂલચૂક ક્ષમા છે. દેશપરદેશમાં મૂર્તિનું બળ રાખવું તે સ્વરૂપબળ કહેવાય, સ્વરૂપબળ વડે બધા કાર્યોની સિધ્ધિ થાય છે, દુઃખ ઉડી જાય છે, હર્ષ શોક સાજા માંદા જન્મ મરણ તે તો દેહને લાગ્યાં જ છે. પણ ભગવાનના સ્વરૂપનું બળ તે સર્વ ઠેકાણે રક્ષા કરે છે. આનન્દમાં રહો, આશીર્વાદ.

જન્મજયન્તી ઉજવી તેનો આનન્દ રાખવો, મોતૈયા જમ્યા ભગવાનને જમાડયા. જયન્તિલાલ કરશનભાઈએ તથા તેમના પત્નીએ રૂા. ૬૬૦ રિયાધ ની આરતી ઉતારી તે ઘણું સારૂ કર્યુ. રાજી છીએ. સુખ સંભારવા, માવજી લખમણ પાછા દુબઈ આવી ગયા છે. કુંજની પેઠે ભગવાન સેવે છે. બધાને જયશ્રીસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૭૬ **તા. ૧૮-૧-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક દેવરાજ કાનજીભાઈ તમારો આગલો પત્ર મળ્યો છે. તેના ઉત્તરમાં આશીર્વાદ જ લખવાના હતા. ચાવડાના ભકતોને જયશ્રીસ્વામિનારાણ કહેશો. શ્રીહરિશરણાગતિમંડળ તમામને જયશ્રીસ્વામિનારાણય કહેશો. સેવક મુળજી વેલજી પટેલને અમારા આશીર્વાદ સાથે જયશ્રીસ્વામિનારાયણ કહેવા.

તેમની ભગવાને રક્ષા કરી, ખરાબ પ્રારબ્ધમાંથી ભૂલમાંથી વાંકમાંથી અસાવધાનિતામાંથી પાણ ભગવાન રક્ષા કરે છે. તમારી રક્ષા ભગવાને કરી, દુઃખ તો ભોગવવાના બધાને હોય છે પાણ પરદેશમાં વસમું પડે, છતાં પોતાના ગુરૂ ભાઈઓ ત્યાં ઘણાં છે, સંભાળ રાખે માટે સ્વદેશ જેવું જ જાણવું, ગભરાવું નહિં ભજન કરવું, સારૂં થઈ જશે. પગે કેમ છે ? શરીરે કેમ છે ? તે ખબર સાજા નરવા વિગેરે ધીરે રહીને કાગળ દ્વારા અમોને આપજો.

૫૦૦ નો ડ્રાફ ગઈકાલે મળી ગયો છે, રાજી છીએ. ભજન કરજો, જલ્દી સાજા થઈ જાશો. ત્યાં બધા શ્રીહરિશરણાગતિમંડળને જયશ્રીસ્વામિનારાયણ કહેજો.

ભજન કરજો. દુઃખ ન માનવું, ભગવાનને સંભારવા, દેશ પરદેશ ઘેર કે પરઘેર પ્રારબ્ધ કે ભુલના દુઃખ તો થાય જ, ભગવાન સંભારવા તે મોટો લાભ અને કમાણી તે ગૌણ લાભ અને ઈષ્ટદેવનું બળ તે રક્ષાણ કરનાર લાભ આ રીતે સમઝી સુખી રહેવું. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૭૭ **તા.૧૧-૨-૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવકો શ્રીહરિશરણાગતિમંડળ તથા સેવક દયાળજીભાઈ, ધીરજલાલભાઈ મોહનલાલ પુજારી, મોહન ભગત, ટપુલાલ ભગત, દેવરાજ ભગત, રતિલાલ ભગત, અમરશી ભગત, માવજી ભગત,

નાનજી ભગત, વાલજી ભગત, રામજી ભગત, તુલસી ભગત આદિક શરણાગતિ મંડળ તથા સેવા કરનારા ભકતો તમારી ચઢતી કળા રહો.

નથુભાઈ, રતિલાલ વિગેરેને ભારે બળ આવ્યું અને તરત જ ફાળો કરવા લાગ્યા. તમો બધાને ભગવાન શ્રીજી મહારાજ સોના ભર્યા મહલ આપશે, બંગલાઓ થશે. સત્સંગ વધારજો, દ્રઢ રહેજો, શરણાગતિમાં મજબુત રહેજો, પ્રત્યક્ષ ઉપાસનામાં પાછા ન પડશો. જગત તો બન્ને કોર ઢોલકી વગાડે પણ તમારે એક નિશ્ચય રાખવો. ફરીથી કામ પડશે ત્યારે તમારી શ્રધ્ધા પ્રમાણે જરૂર લાભ મળશે. તમોને સારા પ્રતાપ દેવાના વિચારો અમોને થયા કરે છે. તમારે માટે ટેકારૂપ ઘણું ઘણું થયું છે થાય છે અને થશે. ખબરદાર થઈને સેવા બજાવવી. જે નથી બજાવતા તે પત્ર નથી લખતા તે રહી જવાના. ઉપર ઉપરથી તમારા તમારા કરે પણ અંદરથી બીજાના તેને આશીર્વાદો આપ્યા થકા પણ ફળતા નથી. કારણ કે તેની કુડ-કપટ નીતિ તેને જ નડે છે. છાબડુ બેસી જાય, ત્યારે આંખ્યો ઉઘડે. તમો તો બધા પ્રથમથી જ સત્યના દેખનારા થયા છો, દિવ્યદ્રષ્ટિવાળા થયા છો, માટે બ્રહ્મરૂપ થશો લાભમાં જ રહેશો. સનાયા ભૂમિ ભાગ્યશાળી ગણાય જ્યાં ભગવાન માટે સેવાઓ લખાય. તુલસીદાસને, મોહન ભગતને, નથુ ભગતને તમોને બધાને ધન્ય છે. સોનાનો સુરજ ઉગ્યો એવો આનંદ થયો.

પુના કુગેવાડી, વંથળી બધે તમારા છોકરાની નજર ભગવાન રાખે છે. વેલજી ભગત પણ સર્વેને આશીર્વાદ પૂર્વક સાચવે છે. શુક્રવારે ભેળા થવાય છે તે સારૂં છે. એકબીજાના ખબર સમાચાર મળે, લીલા- ચરીત્રો, પરચાઓ ગાવા સાંભળવા ધુન્ય ભજન કરવા.

આ પાંચ પત્રો ૧ વાલજીને, ૨ મોહનને, ૩ ટપુલાલને, ૪ દયાળજીને લખ્યા છે. ૫ પાંચમો હરિલાલ વેલજીને બેહરીન લખવો છે. અને શ્રીહરિશરણાગતિ મંડળના સંત સભ્યોને તથા પરદેશમાં ત્યાં ત્યાં કમાતા દરેકને તેના તેના એડ્રેસ પ્રમાણે જુદા તથા ભેગા પણ પત્રો લખવા છે. હુતાશની સુધીમાં લખાઈ જશે અને દરેકે પોતાનો સ્વતંત્ર પત્ર લખવો. એમ આજ્ઞા છે. ભેળા પત્રથી કેટલાક રહી જાય છે. તેને ધોખો થાય છે. તારણ કરીને હવે બધાની સંભાળ વધારે લેવી છે. તમો મળો ત્યારે એ સુચના કરવી ભેગા હો તો પણ પોતપોતાનો પત્ર દરેકે

સ્વતંત્ર લખવો. થોડુ લખવું પાંચ જ મીનીટ લખવું પણ ચોખ્ખા શિરનામા સાથે દરેક ખુશી ખબર સ્વતંત્ર લખવા લખાવા, આમ અમારી આજ્ઞા છે, તેમ કરજો. નાના મોટા તમામને અમો સંભારીએ છીએ. પત્રમાં એડ્રેસ હશે તે પ્રમાણે આશીર્વાદ મોકલાવાશે. પત્રમાં ભલે જાજા નામ લખો. પણ એડ્રેસ તો એક જ પોતાનું લખવું અને સોનાની સેવાથી હવે બધા કામ ધાર્યા થાશે. બધાને જયસ્વામિનારાયણ કહેશો. ભગવાનને હૃદયમાં જોયા કરજો. પુજા પાઠ ભજન કરજો. તૂલસી વેલજી વીરાને સારૂં થઈ ગયું હશે. બીજા કચ્છી ભકતોને પણ આશીર્વાદો સાથે જયસ્વામિનારાયણ કહેશો. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના મંડળના જયસ્વામિનારાયણ વાંચજો.

વાલજી, નાનજીના ફોટાઓ તૈયાર છે. પાણી ખાઈ ગયેલ છે. છગન ભગત આંહી આવવાના છે, તે સાથે રાજકોટ મોકલાવી દેવાશે. એજ. બધા મુકત મંડળ છો, દિવ્ય ભાવે વરતજો, તમારા દોષ ભગવાન નહિં માને ક્ષમા કરશે અને દુઃખી ન થાશો. દેશકાળ પ્રમાણે વરતવું. એજ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૭૮ **તા.૯-૩-૭૮**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવકો દયાળજી, ધીરજલાલ, નારણ હંસરાજ, જયંતિલાલ બાળકો જરૂસલાદમાં શ્રીહરિશરણાગતિમંડળ સુખી હો.

નારણ હંસરાજ આપી જાશે તે સાથે અમારી પ્રિન્ટ ચિત્રેલ મૂર્તિની જરૂર નથી તમે રાખજો. છપાવેલી જ મોકલાવજો. બ્લોક મોકલાવજો. તમો દુબઈ સુખેથી જાઓ, પહોંચીને પત્ર લખજો. બહુ આનન્દ થાય છે. **રાજીપો તેજ સાધન સંપતિ.** પ્રસાદી ગુલાબ ખાજો.

રામજીભાઈને ભાગ્ય ખીલ્યુ સારૂ થયુ. **ભગવાનને બધૂંય નિજ મૂર્તિમાં છે, ભકતો માટે જૂદા દેખાય છે વર્તે છે, ગરજ બતાવે છે ભાવના જાણાવે છે, ધાર્યું તેનું જ થાય છે. ભજન કરજો.**

પૂર્વે થએલા તમામ અવતારોના ચમત્કારો અવતારીમાં હોય જ. એજ. આશીર્વાદ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

પત્ર નં.-૭૯ **તા.૧૨-૩-૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવક રમેશકુમાર તથા હસમુખ, લાલજી મહારાજ બધાને જય સ્વામિનારાયણ કહેવા. સુખી રહો. હીરા ઘસે તે વધારે સારૂં શિખાય અને પગાર મળે.

તમારા બાપુજીને પૂછાવજો તે કહે તેમ કરજો. **ઘાટી છાશ પીએ તો નીંદર આવે.**

લાલજી પોતે ભગવાન તો છે જ ઘરમાં જ બેઠા છે તેનું દર્શન વિગેરે કરવું, કુંડળ મુગુટ કડાં જાંજૂર શણગાર પહેરાવવા.

ટપાલ ઠીક લખી, લખવા શીખવું. દુબઈમાં તો મોંઘું પડતું જાય છે, સાઉદી અરેબીયામાં જાવાનું થાય તેવા આશીર્વાદ છે. **તમો સુખી રહો, માળા ફેરવવી, ભજન કરવું.** બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.



પત્ર નં.-૮૦ **તા.૧૫-૩-૭૮**

જૂનગાઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ વાંચશો.

મુ. ચાવડા. સેવક- જયંતીલાલ હંસરાજ **ભજન કરવું તો અંતઃકરણ ચોકખું નિર્મલ રહે.** બધાને જય સ્વામિનારાયણ કહેવા. નીચેની **૧ શ્રીજી રક્ષા ભેંસને શિંગડે બાંધજો, ૨ શ્રીજી રક્ષા ખીલે બાંધજો, આફરો મટી જાશે.**

માયાની વાત અમો ન જાણીએ, બ્રાહ્મણ જોવે, ટીપણું બોલે તો જાણવું.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૮૧ **તા. ૨૮-૩-૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ.

દેવજીભાઈ કાનજીભાઈ વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેજો, ભજન કરજો, સુખી રહો, સ્થિર રહેજો, સારાવાના થાશે.

પ્રભુઓકે વૃત્તાન્ત વાંચો છો તો સારૂં ભગવાન સંભારવા.

રતિલાલ, અમરશી મુંબઈ આવશે ત્યારે ખબર પડશે, અમો સાજા નરવા છીએ, એજ. આચાર્ય બે ને આમંત્રણ આપવાના છે.

સ્થૂલદેહ બહુજ મજાનો ખાય પીએ સુવે લેરમાં છે.

ભગવાનજી રાજાની ટપાલ છે તમો તો ત્યાં તેને લખતા નથી. તેનું એડ્રેસ -

BHAGAVANJI RAJA JAVIA
POSTBOX NO 4880
SOUDE TARMAE L.T.D.
RIYAD S.N. 197

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૮૨ **તા.૨૮-૩-૭૮**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

જૂનાગઢ, જય સ્વામિનારાયણ વાંચવા.

સેવક રામજી જેઠાભાઈ, સેવક મોહન ભગત બધાને પ્રભુજીના આશીર્વાદ, ભગવાનને આધારે ઘણું સારૂં થયું. આબૂધાબી સન્લી રામજી મોહન જોડયે બધા સારાવાના જાણવાં, તમોને બીજા કોઈના દર્શન થાય તેમ નથી. **ભગવાન ભેળા છે મૂર્તિમાં જોતા રહેવા ભજવાં આનંદ માનવો, દિવ્યભાવ રાખ્યો રહે છે, ઉછીનો કે દેખાવડો હોય તે મટી જાય, સમજણથી હોય તો ન મટે.**

સાડાતેરસોથી વધારે મળશે, **કમાઓ વાપરો આનંદ કરો, મુંઝાવું નહીં, તપશ્ચર્યા વેઠવી, દેશકાળ પ્રમાણે વરતવું, બધું ભગવાનનું ગણીને વરતવું.**

મોહન રતનશી વિગેરે સેવકો દયાળજી ભગત, રતિલાલ ભગત મળે તેમને જય સ્વામિનારાયણ કહેવા. રતિલાલ અને અમરશી ઈરાક જશે, આશીર્વાદ. ગુલાબ પ્રસાદી પાંખડી ખાજો, સુખી રહો, ઘરે બધા સુખી છે, સંભાળ ભગવાન લ્યે છે. એજ.

મોહન ભગત ગુલાબ પાંખડી ખાજો, અખંડ સેવામાં છો જ, કાગળ લખીએ છીએ, રાજી થાય, સુખી થાય, જમાડીને જમજો, નંબર લાગશે, દર્શન થાય છે. ભગવાનના દર્શનની તૃપ્તિ હોય જ નહીં. શ્રીકૃષ્ણના સત્સંગ વિના એક ક્ષણ એક યુગ થઈ પડતો હતો, રૂકમણીએ પણ એમ જ લખ્યું હતું. ભગવાન તો ભેળા જ છે. રમેશ પણ એમ જ લખે છે.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૮૩ **તા.૧૧-૫-૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક નાનજી લક્ષ્મણ વિગેરે અજમાનમાં ૨૦ જણાના નામ લખ્યા બધા **શ્રીહરિશરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો, ભજન કરજો, કમાજો, મુંઝાશો નહિં, ભગવાનને સંભારજો, શરીરે સાજા રહેવાય તેમ રહેજો, સંપીને રહેજો.**

તમારા કાગળો મળે છે, ખુશી ખબરનો પત્ર લખવો, અમારા જય સ્વામિનારાયણ બધા મળે ત્યારે કહેવા.

પ્રમુખ ટપુલાલને દુબઈ કંકોત્રી જાણવા પૂરતી મોકલી છે, બધાને મળે ટેપરેકર્ડ તેમ લખ્યું છે- આનન્દમાં રહો, વૈશાખ વદ ૨ નો સમૈયો સારો ભરાશે, **સેવા જેવું હવે તો પરિપૂરણ છે, તૃપ્તિ છે. છતાં મરજી થાય તો સેવા કરવી.** બધાને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૮૪ **તા.૧૪-૬-૭૮**

સેવક રામજી જેઠા વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો.

બાપાને ભગવાન તેડી જાશે, ભજન કરજો. ભગવાનને ગમશે તે કરશે. સારાવાના થાઓ. નાડીપ્રાણ ભગવાનના હાથમાં છે, બાપાને તમે નવરાવો તો ધૂન્ય ભજન સંભળાવજો, ભગવાન સારૂં કરે, એજ. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સંતમંડળ, હેમંત ભગત, રામજી તૂલસી વિગેરેના જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

પત્ર નં.-૮૫ તા.૨૦-૬-૭૮

સેવક મોહનલાલ રતનશી તથા શ્રીહરિશરણાગતિ મંડળ બધા પરદેશ કમાવા જાઓ, દેશમાં તમારૂં કાંઈ નહિં વળે પછી સમય જાય ત્યારે અફસોસ થાશે.

અમારી દ્રષ્ટિ છે પણ અમારી દ્રષ્ટિને ઉપયોગમાં ન લ્યે તો શું કરવું. વખત વયા ગયા પછી કાંઈ ન થાય માટે સાક્ષાત જોઈને દેશકાળ પ્રમાણે કરવું, કાંઈ હોમાઈ જવાઈ નહિં, એજ.

દુબઈની સમાધિ લખાઈ ગઈ છે. બધાને જયસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૮૬ તા.૨૭-૬-૧૯૭૮

પ્રિ. સેવક તથા તમારૂ કુટુંબ બધા સુખી રહો. બધાને જય સ્વામિનારાયણ. વરસાદ સારા થયા પાક સારો થશે. પત્ર વાંચ્યો.

તીર્થનું રાષ્ટ્રીય પ્રાસાદ ભવન લેખપત્ર હક વિના એમનમ છે. જમીન તળુ કે અડખાં પડખાં આપણા વેચાણ હકકે ધર્માદા હકના કાગળ વિનાના જ છે. ભગવાનજી રાજાએ બે ત્રણ વાર સરપંચને કહેલ પણ તેણે કર્યા જ નથી. માટે જેમ થાતું હોય તેમ ભલે થાઓ, સુચન કે હા ના કાંઈ કરવા જેવું નથી. રાષ્ટ્રીય પ્રાસાદ અને મૂર્તિ અને પ્રાસાદ ચોખુણા બીલ્ડીંગ ધજાવાળુ ફરકે છે તેનો ફેરફાર કોઈ કરી શકશે નહિં. એટલું થયું છે તે પણ ઘણું જ છે. ભગવાન બેઠા તેને લઈને કિંમત વધી છે. ભગવાનનું કામ ભગવાન કરતા રહેશે.

જન્મભવન કે ફુલવાડીમાં તમો બધું કરી શકશો. સરકારી જમીનનું શું થાય, તે ગમે તેમ થાય. હકકની જમીનમાં કોઈ કાંઈ કરી શકે તેમ નથી. હવે તે માટે આણહકમાં કાંઈ કરવું નહિં. એજ. સાંભળવા પુરતૂં જ સાંભળવું. તમોએ તમારા પત્રમાં ઠીક વિચાર કર્યો છે. ખંપે ન ભરાવું, હોય તે પણ જાય, માટે છે તે ઠીક છે. એજ.

કૃ.વ.આ.ના બધાને જયશ્રીસ્વામિનારાયણ.



પત્ર નં.-૮૭ **તા.૧૯-૮-૧૯૭૮**

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચજો. સેવક નારાણ મનજી સુખી રહો. બધાને જયસ્વામિનારાયણ. પહેલાના કાગળો મળ્યા છે. સારાવાના થાઓ. **કુસંપ મટી જાશે શાન્તિ થાશે.**

૨૫, ગુરૂપૂજા. ૫, રક્ષાબંધનના મળ્યા. રાજી રાજી થયા છીએ.

જગતને સુખી રાખવા જાય તોય જગત સુખી રહે તેવું નથી. ગોલોકમાં સુખ જ છે છતાં રાધિકાજી ઝઘડો જ કર્યા કરે તેને પૃથ્વીમાં અવતાર લેવા પડયા. સમજાણથી રહે તો સુખ - વડકા નાખે તેને દુઃખ. બધા સુખી રહો. આશીર્વાદ.

કામકાજ મળશે, આશીર્વાદ. સંપથી રહેશો. ૧૦ મળ્યા, રાજી. રક્ષા બાંધી છે, આશીર્વાદ આપ્યા છે. **ભજન કરજો, ભગવાનને સંભારજો.**

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૮૮ **તા.૧૧-૭-૭૮**

અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિને નમો નમઃ

પ્રિય મોહન ભગત, ટપુલાલ, તુલસીદાસ વિગેરે બધાને જયસ્વામિનારાયણ કહેવા. તીર્થના કાનજીભાઈ પોપટભાઈ મળે તો જયસ્વામિનારાયણ કહેવા. **તમારો પત્ર મળીયો. સમજાણ ઘણી સારી છે, ''જ્ઞાની સદા સુખી''.**

કાગળ જરૂર પડે તેમ જણાય તો લખાય છે. ભકતે બહોળી સમઝણ રાખી જોઈએ. હેત છે તો પાસે જ છે, હેત ન હોય તો દુર જ છે. રાજીપાના ફળ બધા સારા જ હોય, સેવાના ફળ દેશકાળે રક્ષા કરે, પરચા સંભારે તેને આનન્દ આવે, વાટ જોઈ રહે તેને ઉદ્વેગ જ થાય.

બારે માસમાં બે ચાર દિવસ કયારેક જ મેમાન શ્રીહરિશરણાગતિ મંડળ વિનાના જાતા હશે. અમે આશીર્વાદ આપીએ સુખી થાય. સત્સંગ લાલચથી ન કરવો, લાલચુ કરે નહિં કાંઈ અને જટ આપે કયાંથી આપે, ભાગ્ય તો હોય નહિં શુ કામનું. સમઝણથી ભજવા, મનોરથ પુરા ન થાય તો પાછા પડી જાય તેમાં અનન્ત સૃષ્ટિના ધણીને કઈ ખોટ ?

કૃ.વ.આ.ના જયશ્રીસ્વામિનારાયણ કહેવા વાંચવા.



પત્ર નં.-૮૯ **તા.૨૫-૮-૧૯૭૮**

સેવકો જેરામભાઈ વિગેરે ભાઈઓ તથા સર્વે સાથે રહેતા ભાઈઓને ભગવાનશ્રીહરિ સુખી રાખો, સાજાનરવા રાખો.

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.તમારો પત્ર ૧૧-૮-૭૮ નો મળ્યો. ''તમોએ લખ્યું જે શ્રીહરિશરણાગતિના અમે એક જ આંહી છીએ, બીજા કોઈ સભ્ય નથી'' તો તમો સુખી રહો તેમ રહેજો, ભજન કરજો, કોઈ ઉપાધિ ચિંતા કરશો નહિં. ભજન થાય તેટલું કરવું, સેવન થાય તે કરવું, તમો તો જાણો છો- બધા હરિભકતો કંઠી બાંધે તેદિથી સત્સંગિ જીવનમાં લખેલો શરણાગતિનો મંત્ર હાથમાં જળ લઈ, સાંભળે અને સત્સંગી થાય.

તે મંત્ર આ છે -

૧. કાલ માયા પાપ કર્મ યમદૂત ભયાત્ અહમ્ ।
શ્રીકૃષ્ણદેવં શરણં પ્રપનોઽસ્મિ સપાતુ મામ્ ।।

તથા શ્રીરામાનન્દસ્વામીએ રામાનુજાચાર્યથી લીધેલા શરણાગતિના બે મંત્રો -

૨. ''શ્રીમન્નારાયણણચરણૌ શરણં પ્રપદ્યે''
૩. ''શ્રીમતે નારાયણાય નમઃ''

આ બન્ને સત્સંગિજીવનમાં લેવાના નામ સૂચવ્યા છે.

ષડ્વિદ્યાશરણાગતિ :- શિક્ષાપત્રિ શ્લોક-૧૨૧.

''મતંવિશિષ્ટાદ્વૈતં, કૃષ્ણસેવામૂકિતશ્ચગમ્યતામ્'' ૧૨૧ શ્લોક, મોટી શિક્ષાપત્રી ભાષ્ય પાનું ૪૫૯ ૧૨૧ શ્લોક મોટી શિક્ષાપત્રીભાષ્ય પાનું ૪૫૯.

''પરમપુરુષં નારાયણં શરણમુપગમ્ય'' લીટી ૮,૯માં પુરૂષોતમનારાયણને શરણે જવું. પ્રપતિઃ- શરણાગતિ આશ્રય લેવો, પંકિત ૧૬,૧૭,૧૮,૧૯,૨૦,૨૧ સુધી તમે જ ઉપાય હેતુ થાવ, આવી પ્રાર્થના પ્રપતિ તે પગમાં પડવારૂપી શરણાગતિ.

''તદ્દેકો પાયતાશ્યા પ્રપતિઃ શરણાગતિઃ'' । તમો ઉપાય થાવ એમ યાચના કરી પગમાં પડવું તે શરણાગતિ જાણવી.

''પ્રપતિઃ શરણાગતિઃ પર્યાય'' છે પ્રાર્થનામતિ તે શરણાગતિ છે. શિક્ષાપત્રી પાને-૪૭૦ લીટી ભાષ્યમાં ૭મી ષડવિદ્યા શરણાગતિ છે.

''પ્રપતિ, ન્યાસ, શરણાગતિ: પર્યાયા: ષડ્વિદ્યાશરણાગતિ'' શરણાગતિ લેનાર ઉપર ભગવાન ઉદારતાથી દાતાર મોક્ષ દાતાર થાય છે.

''શરણં ત્વાં પ્રપન્ના:''તમારા શરણે પડયા તો ગતિ છે. ''દ્રોપદી શરણાગતિમ્ અકરોત્'' વસ્ત્રો ખેચાતા હતા ત્યારે દ્રોપદીએ શરણાગતિ કરી હતી, તરત ભગવાને વસ્ત્રો પૂર્યા. ગજેન્દ્રને મોક્ષ શરણાગતિએ થયો, કુલથી શરણે પડયો. વિભીષણ રામનો શરણાગત થયો.

શરણાગતિમાં 'તવાડસ્મિ' તમારો છું ઉગારો, એમ બોલે તેટલામાં તેને ઉગારી લ્યે છે. ૪૭૫ પાને પરમાગતિ = શરણાગતિ: શરણાગતિ-દેહાન્તર નિવારિણી છે. શરણાગતને અભયદાન આપુ છુ એવું મારૂં વ્રત છે.

૧૨૧ શ્લોકના ૪૬૮ થી ૪૭૬ પાનાનું મહાભાષ્ય શ્રીહરિશરણાગતિ ઉપર લખેલ છે. આવી શરણાગતિ લેનારાનું મંડળ એટલે તેવા સત્સંગીઓ પોતાને સમજે તે મંડળ, આખો સત્સંગ તે શરણાગતિ મંડળ છે. અને ન સમઝે તો થોડા ઘણાં જે સમઝે તેટલી શરણાગતિ મંડળ જાણવો. સમજતા થાય તેમ તેમ શરણાગતિ મંડળ વધતા જાય આમ તમોને ખુલાસો આપ્યો. બધા શાસ્ત્ર અને સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રયની આ બાબત શરણાગતિ છે. શ્રીહરિની શરણાગતિનું મંડળ કંઠી બાંધે તે બધા છે.

છ પ્રકાર :- ૧-વિશ્વાસ, ૨-વરવું, ૩-થાપણ થઈ જવું, ૪-ગરીબાઈથી રહેવું, ૫-સ્થિર રહેવું, ૬-અનુકૂલજ રહેવું.

''શ્રીકૃષ્ણ: શરણં મમ'' વૈષ્ણવોમાં

''શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ' સ્વામિનારાયણમાં

''વિશ્વાસો વરણં ન્યાસ: કાર્પણ્યં ચ સ્થિરામતિ:''

આનુકૂલ્યસ્ય સંકલ્પ:'' ''નિક્ષિપતિ વિપ્રદેવસ્ય પાદ્યો:'' શ્રીહરિના પગમાં છ પ્રકારે માથું મેલવું તે શરણાગતિ છે.

દ્રૌપદિ : વસ્ત્ર ખેંચાણા ત્યારે શરણાગતિ થઈ. વિભીષણ : રામને શરણાગત થયો. ગજેન્દ્ર : કમળ સોંઢમાં લઈ નારાયણને શરણે લ્યે છે.

સત્સંગિજીવન- અધ્યાય-૪૮, શ્લોક-૪૪ આ શ્રીકૃષ્ણશરણાગત તેના આચાર્ય નારદજી છે.

''કર્ણે મન્ત્રમુપાદિશેત'' આઠ અક્ષરનો આ મંત્ર કાનમાં કહેવો, નારદપંચરાત્રમાં કહેલ છે. વળી ''કુરૂ માં કૃષ્ણવલ્લભમ્''



શરણાગતિ મંત્ર વડે તુલસીની કંઠી તે મને કૃષ્ણના વ્હાલા બનાવો, શ્લોક-૫૫ માં છે.

''ઔધ્ધવીયમ્ આચાર્યમ્ શરણં પ્રાપ્નુયાત્ કૃતમ્'' ઉધ્ધવ મતના આચાર્યને શરણ જલદી જાવું - અધ્યાય-૫૦, શ્લોક-૨.

''આચાર્યમ્ શરણં વ્રજેત'' અધ્યાય-૫૧, શ્લોક-૩ માં છે. પ્રપન્ન-આચાર્ય શરણને પ્રાપ્ત એમ શ્લોક-૧૩માં છે.

''કૃષ્ણ એવ શરણમ્'' એમ અધ્યાય-૫૩, શ્લોક-૨ માં છે. નારીઓ શ્રીકૃષ્ણને શરણગતિ કરે.

''શ્રીકૃષ્ણદેવં શરણં પ્રન્નાઽસ્મિ સ પાતુ મામ્'' અધ્યાય-૫૩.

ઉધ્ધવ સમ્પ્રદાયની સ્ત્રીઓ કહે - શ્રીકૃષ્ણદેવતા શરણાગતિવાળી છું તે રક્ષા કરો. ''કૃષ્ણમંત્ર નામકરણે'' નારીઓને ડાબા કાનમાં આચાર્યની પત્નીઓ શરણાગતિ મંત્ર આપે.

''તિરોધીઃ શરણાગતિઃ'' ગીતાર્થ સંગ્રહગ્રન્થમાં ભગવાન શ્રીહરિમાં અર્પણ થવું તે શ્રીહરિશરણાગતિ છે.

''નિવાસઃ શરણ સુહ્રિત'' ગીતા અધ્યાય ભગવાન શરણાગતના મિત્ર છે.

''તમેવ આધ્યં પુરુષં પ્રપદ્યે'' આદિઅનાદિ તે પરમપુરૂષને શરણે પડુ છું. અ.૧૫, શ્લોક-૪.

''તમેવ શરણં ગચ્છ'' ગીતા અધ્યાય-૪, શ્લોક-૬૨માં. હે અર્જુન તે ભગવાનને શરણે જા.

''સર્વધર્માન પરિત્યજય મામેકં શરણં વ્રજ'' હે અર્જુન બધા ધર્મ પડયા મેલ મારે એક શરણમાં પડ આવ આગત થા, તો તને હું બધા પાપોથી છોડાવીશ. અધ્યાય-૧૮, શ્લોક-૬૬.

આ પ્રમાણે કંઠી અને મંત્રો શરણાગતિ છે. શ્રીહરિ શ્રીકૃષ્ણ શ્રીહરિકૃષ્ણ છે તેની શરણાગતિ, તે આખો સંપ્રદાય, શરણાગતિ સંપ્રદાય છે, આવો આપણો સંપ્રદાય શ્રીહરિ જે શ્રીકૃષ્ણ જે શ્રીહરિકૃષ્ણ તેની શરણાગતિ સંપ્રદાય છે. તે શાસ્ત્ર પ્રમાણે છે. રામાનુજ આચાર્ય રામાનંદસ્વામી, સહજાનંદસ્વામી, ગુણાતિતાનંદજી, ગોપાળાનંદજીસ્વામી, મુળજીબ્રહ્મચારી, ભગુજી, ત્યાગી ગૃહીનરનારી, બાળ યુવાન વૃધ્ધ બધા ''શ્રીહરિશરણાગતિ''સંપ્રદાયમાં છે. તેનું નામ સત્સંગ સ્વામિનારાયણ સંપ્રદાય ઉધ્ધવ સંપ્રદાય લખાય છે.

શ્રીહરિશરણાગતિ મંડળ એટલે આપણો આખો સંપ્રદાય.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.





પત્ર નં.-૯૦ **તા. ૨૮-૮-૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

સેવકો રતિલાલ, અમરશી, બન્ને મોહન ભગત, ટપુભાઈ, તૂલસીદાસ, બધા શ્રીહરિશરણાગતિ મંડળવાળા ભકતોને ભગવાન સુખી રાખો, સુખે કમાઓ, આનંદમાં રહો, તમારો કાગળ જુમેરાહથી લખ્યો તે મળી ગયો છે, ઉમંગ છે તે ઘણું સારૂં છે, **ફૂલવાડી સાચી ફૂલવાડી થશે. ભજન કરજો.**

કાગળ લખો તે જયા ઉત્તર જવાબ મળે તેવું શિરનામું લખવું. સારી કંપનીમાં કામ મળશે, મુંઝાશો નહિં. **ભગવાનને ધ્યાનમાં સંભારવા, બાળબચ્ચાંની સંભાળ પ્રગટ ભગવાન રાખે છે.** બધા આનંદમાં રહો, ગુલાબ પાંખડીઓ આમાં છે પ્રસાદી છે તે ખાજો, બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૯૧ **તા.૩૧-૮-૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં કરી જયસ્વામિનારાયણ વાંચજો.

સેવક દયાળજી લાલજી મનાણી. તમારૂં કુટુંબ સુખી રહો. **ભજન કરજો. શરીરની સંભાળ રાખવી.** અમારી કાંઈ કસર નથી પણ ધોળા પાણીને અંગે નબળાઈ ગરમી થયા કરે, તે મટી જશે. વળી બધા ગુરૂભાઈઓને જો પુના ભયંકર લાગતું હોય તો મુંબઈ રહેવું સારૂં છે. તમારી પતિદેવોની સલાહથી કરજો. અમો આશીર્વાદ આપીએ સુખી થાઓ. પાણી ન પડે તેવી દવા કરવી, થોડા દી માં મટી જશે, સુખી થશો.

દેહની ભુલ દેહને નડે, મુકતને જીવને કાંઈ છે નહિં ભજન કરવું. બધા શરણાગતિને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૯૨ **તા. ૧-૯-૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં ઘણાં આશીર્વાદો સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.

દુબઈ- શ્રીહરિશરણાગતિ મંડળ, દયાળજી ભગત, ધીરજલાલ, ટપુલાલ, બન્ને મોહન ભગત, રતિલાલ ભગત, અમરશી ભગત, તૂલસીદાસ ભગત, માવજી ભગત, નાનજી ભગત, વાલજી ભગત, રતિલાલ, લાલજી ભગત, ચિમનલાલ, જયન્તિલાલ કચ્છ, જયન્તિ રા., ભગવાનજી રાજા, દેવજી કાનજી ભગત આદિક **શ્રીહરિ શરણાગતિમંડળને પ્રગટ ભગવાન સુખી રાખો, બધાની ચઢતી કળા હો, સાજા નરવા રહો, ભજન કરજો, પરદેશ તો છે પણ ગુરૂભાઈઓ છે તે સ્વદેશ સ્વકુટુંબ છે, ભગવાન રાખો, તે સ્વભવન છે, અક્ષરધામ છે, શરણાગતને સાંચવો, ભાગવત ધર્મ પાળો, જ્ઞાનવાર્તા કરો, કથાવાર્તા ઉત્સવો ભોજન મંડળી વિગેરે કરવી, બધા સંપીને રહેજો.**

દુબઈની કોઈ કોઈ કંપની કામમાં પગારમાં સધ્ધરપણું નથી જાળવતી પણ ભગવાન જોગે રાખ્યા તેની રક્ષા ભગવાન કરે, શરણાગતિ મંડળની ભગવાન રક્ષા કરશે, શ્રીહરિ ભકતોની સારવાર સંભાળમાં જ છે, ખબરદાર રહેવું, દેશકાળ પ્રમાણે રહેવું, કષ્ટ સહેવું કમાવું, હિંમત ધીરજ રાખવી, કોઈ ગુરૂભાઈને મુંઝવાણ જેવું થાય તો મદદમાં રહેવું, કુંવરજી ભગતની રક્ષા ભગવાને કરી છે, તેના સમાચાર છે, તેને પોતાને કાંઈ વાંક વ્યાધિ નડતર નુકશાન નથી. એ સારૂ થયું.

વેલજી ભગતના હજી કાગળપત્ર પરદેશથી આવ્યા નથી. તમો બધા આનંદમાં રહેજો, **દિવ્ય ભાવ રાખજો, ભજન કરજો,** ખુશી ખબર લખવા. એજ. બધાને જય સ્વામિનારાયણ કહેવા. પ્રસાદીમાં ગુલાબ પાંખડી આપી છે.

- કૃ.વ.આ.

પત્ર નં.-૯૩ **તા.૬-૯-૧૯૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્ભાચાર્યજીનાં શ્રીહરિશરણાગતિ મંડળ વેલજી ભગત ભકત મંડળીને આશીર્વાદ તથા જયસ્વામિનારાયણ કહેવા.

ઘણા આશીર્વાદો છે, રાજીપો છે. કયારેક ભાગ્ય ખીલી જાય, સારાવાના થાય, તમો પરદેશ ગયા પછી ખુશીખબર લખજો, શિરનામું લખજો. લાભુને કાગળ લખવાનું કહેતા જજો, તુરંત ખબર લખે.

પરદેશથી હમાણા કોઈના કાગળો નથી. દુઃખમાં વધારે પ્રાર્થનાઓ લખાય. સુખમાં ભુલાય એવી બાબત કાચાપોચાને લાગુ પડે જ છે. ઘણાં જીવ એવા હોય છે, ગર્ભમાંથી નિકળ્યા પછી તૂં કયાં અને હું કયાં ? પરદેશનાં ૨૦૦ માણસો આજ્ઞાઓ આશીર્વાદ લઈને ગયા છે, સાચા તો સાઠેક જાણાં છે. બધા ચઢતી કળામાં છે.

ત્યાં રહેવા ન ઈચ્છતા હોય તો કાંદીવલી કે ધ્યાન પડે ત્યા રહેઠાણ બદલવા મારી સલાહ જાણવી પાછળથી દુઃખી થાય તે ઠીક નહી. સારે ઠેકાણે સારી સ્થિતિએ નીરાંતે રહેતા સુખી થવાય. તેમને અમારો પત્ર બળ આપશે. રક્ષા તો કરતા રહેશું, ભગવાનના ધ્યાન બારૂં કાંઈ નથી. પાણ અધિરાને ન પહોંચાય, શુરવીરને કૃષ્ણ ઉપદેશ કામ કરે ફોસી રોદડાં રોયા કરે,

સમૃધ્ધિ તો કમાવા ટાણા આપ્યાં છે કમાઓ, ખાઓ, વાપરો, પહેરો, સુખી રહો, ભગવાનનો ઓથ છે એટલે કોઈને વિજળીયું પડવાની નથી. ભુલના ભોગ ન થાવું તેમ વરતવું. બધાય સારાવાનાં આવ્યા છે. ભગવાનને પૂજવા ભજવા સંભારવા, બધા દુઃખ ઉડી જાય, ઉપદ્રવ જેવો દેશ દેખાય તો બીજે જઈને રહેવું. આશીર્વાદ. સુખી હો. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૯૪ **તા.૧૭-૯-૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ વાંચશો. બધાને જય સ્વામિનારાયણ કહેશો.

ભેંસ માટે આ પત્રમાં ગુલાબ પાંખડી ખવરાવવા મોકલી છે, ખાણમાં નાખી ખવરાજો, દોવા દેશે. મગનલાલ હિરાનું શીખશે. સારૂં થાઓ.

આ ચિઠ્ઠી નીચે પાણીમાં બોળીને તે પાણીવડે ભેંસનો વાંસો થાબડજો દોવા દેશે.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૯૫ **તા.૫-૧૦-૭૮**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા. સન્લીમાં જૂમ્મામાં બધાને જય સ્વામિનારાયણ કહેવા.

સેવક દયાળજી તથા ધીરજલાલ લાલજી તથા શ્રીહરિશરણાગતિ મંડળ ટપુલાલ વિગેરે. **આપ સર્વેને પ્રગટ ભગવાન સુખી રાખો.** સાજા નરવા રહો. વંથળી ફૂલવાડીના વંડા માટે ત્યા વંથળીના કરશન લુહાર, હીરજી પેથા તથા છગન ભગત વિગેરે ફાળાની રાહ જુએ છે.

૭૫ સાડા સાત હજાર તેમને આપ્યા તે બેંકમાં છે. દુબઈ વિગેરે જગ્યાએ ફાળો થાય છે એમ જાણવામાં છે. તો સાડાસાત હજારથી અલગ ચાલુ ફાળો કેટલો થયો તે પૂછાવે છે, ત્રીસ હજાર થયા હોય ત્યારે બધું કામ ચાલૂ કરવા ધારે છે તો ધ્યાનમાં હોય તો સાડા સાત અને પછીનો ફાળો બધો મળી કેટલે પહોંચ્યો તે જણાવજો. રોકડ હોય તો મોકલાવી દેજો અને ઉઘરાણું હોય તે ઉઘરાવવું. અને હવે પછી બીજીવારનો ફાળો જન્મજયંતિએ નવો ચાલુ કરવો, તો ચાલીસ હાજરનો એસ્ટીમેટ છે તેટલો ખર્ચ આવતી નવા વર્ષની હુતાસણી સુધીમાં કરીને તૈયાર વંડો તથા તે અંગેનું કામ બધું પૂરૂં કરી દેવું છે. એમ આ વાત ઉપર ધ્યાન દઈ પત્ર લખજો.

જીરાગઢવાળા પ્રાગજીના કાંઈ કાગળ કે વાવળ નથી, વેલજી જેદાહ-સાઉદી અરેબીયા છે, કાગળ આવી ગયો છે, સુખી છે. વીરજી ડાયા ચોટલીયા આજે પુનાથી આવી એક દિવસ રોકાઈને રાજકોટ ગયા છે.

ટપુલાલને માલમ થાય કે, હુતાશિનીને છ મહિના વિતી ગયા, હવે પછી ફૂલવાડીનું કામ ફાળા પુરતી ધારણા વિના અધવચ્ચે અટકે તો શું થાય માટે કેઢી ચાલુ કરવું તે ત્યાં વંથળીના શ્રીહરિશરણાગતિ મંડળના સભ્યો ધારે છે. માટે હકીકત જણાવજો જેથી આ કામ ગઈ હુતાશનીથી આવતી હુતાશની સુધી બાર માસમાં પૂરા ફાળાથી કરી લેવું એમ ધારેલ છે. તેની વાટ જુએ છે, કાગળ પત્ર જ ફાળાની સંખ્યાનો છે નહીં, **''ફાળો પૂરજોરથી ચાલે છે, આવા ખબર આવે તેથી પ્રાણને નિરાંત થાય.''** એજ બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૯૬ **તા.૮-૧૦-૭૮**

ક. હરિકૃષ્ણ સુખી હો.

આજ તા.૮ ના વ્હેલાં ત્રાગ વાગ્યે સુખ આપ્યા. ભગવાનને ઈચ્છા થાય તો દર્શન આપે. સુખી રહેવું.

તમારી સેવા આવશે, ભગવાનજી ભગત આવવાનાં છે એટલે હાલમાં પુસ્તક મોકલેલ નથી તે જાણજો. **ભજન કરજો, ભગવાનને ભજવા છાતીમાં રાખવા. કાંઈ બાકી નથી. ભકિતપતિ ભકતની રક્ષા ઈચ્છા પૂરે.** એજ. ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૯૭ **તા.૨૪-૧૦-૭૮ (મંગળવાર)**

નવું વર્ષ- જન્મજંયતિ, **ભગવાનની જય,** સુખી થાઓ.

મોહન રતનશી સાપરીયા, રતિલાલ હંસરાજ રાઠોડ, દયાળજી લાલજી મનાણી, શામજી હિરજી કાંચા, નાથાલાલ ડાયા કાચા, પ્રાગજી ડાયા કાચા, દેવરાજ ડાયા મકવાણા, તુલશી મનજી મકવાણા, જ્યંતિલાલ રાઘવ પોરીયા, ભગવાનજી ટપુ પોરીયા, ટપુલાલ કાનજી રાઠોડ, રામજી તૂલસી ટાંક, મોહન કરશન મનાણી, વાલજી કેશવજી ચોટલીયા, નાનજી લખમણ મકવાણા, માવજી લખમણ મકવાણા, છગનલાલ માવજી રાઠોડ, વિરજી ડાયા ચોટલીયા, વ્રજલાલ રણછોડ કાચા, રતિલાલ મોહન ચૌહાણ, જ્યંતિલાલ દેવશી બંભાણીયા તથા છૂટાછવાયા દુબઈ આસપાસ તમામ શ્રીહરિ શરણાગતિ મંડળ સુખી રહો, લાભ રહો. **કૃ.વ.આ. આશીર્વાદ જય સ્વામિનારાયણ વાંચવા.**

નવું વર્ષ, સુખી થાઓ.

બને તો પાંચ મળાઓ ફેરવવી. ન બને તો પાંચ મીનીટ છબી સામે બેસી ભજન કરવું. છબી ન હોય તો મનમાં ધારણા કરીને ભગવાનને જોતા રહેવા અને માનસ ભજન પાંચ મીનીટ કરવું. ૨૪ કલાકમાં જ્યારે વખત મળે ત્યારે ભજન કરી લેવું. દેશકાળ પ્રમાણે શુદ્વિ-અશુદ્વિ ધર્મ પાળવા. જેના ભગવાન જબરા છે, તેના ભકતોને ઉદ્વારવામાં સમર્થ છે. આત્મનિવેદી શરણાગતિ રાખવી, પાણી પીવું ખાવું તે બધું મૂર્તિ સંભારીને મનમાં જ કરી લેવું, ભૂલવું નહિં. ઉપલું ન થાય પરદેશ છે, અંદરનું થાય સ્વતંત્રા છે. ખબરદાર રહેજો. કમાઓ, શ્રીહરિને સંભારો, નવું વર્ષ સારૂં થાઓ, એજ. બધાને જય સ્વામિનારાયણ. ટેપ કરી લેવી.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૯૮ તા. ૯-૧૧-૭૮ - જૂનાગઢ

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવકો - માવજીભાઈ, નાનજી, વાલજીભાઈ તથા ઓધવજીભાઈ તથા જયંતિ રાઘવ પોરીયા તથા ભગવાનજી તથા દેવશી દેશમાં વંથળી છે, જૂનાગઢ આવશે, તથા **શ્રીહરિશરણાગતિ મંડળ તથા સન્લીમાં ઉચ્છવીયા ૨૦૦ નું મંડળ બધાની ચઢતી કળા હો, ફાળાનું મંડળ વધારે ચઢતી કળામાં હો, સુખી હો, ભકતોની નજર ભગવાન રાખે છે, સારાવાના હો.**

હજારનો ડ્રાફ રજીસ્ટર્ડ પંદરેક દિવસોમાં મળી જાય છે. હજુ અઠવાડીયુ વાટ જોઈશું, આવશે એટલે વટાવવા આપીને તુરંત જ બીજો કાગળ વાલજી કેશવજીના પરત શિરનામે પહોંચ્યાનું કવર લખશું. સુખી રહો.

ભગવાનને બહુ જ રાજી કરો છો તીર્થમાં ભગવાન બીરાજ્યા, તેણે કેવું ફળ નવો સોનાનો દેશ ખોળી આપ્યો અને જયન્તીના ઉત્સવોનું ફળ બંગલા ધન દોલત મોટરુવાળા થાશો. તમોને સુખીયા દેખીને વધારે સુખીયા થાઈ છઈ. એજ. બધાને જય સ્વામિનારાયણ કહેજો.

ટપુલાલ મળે તો ખબર આપજો અને પાંચ બેંકમાંથી વટાવાઈને આવી ગયા છે, બે ચાર દિવસોમાં વંથળીથી હિરા પેથા અને કરશનભાઈ આવવાના છે. તેમને આપી દેશું અને વંડાનું કામ ચાલૂ કરશે તે જાણજો, બીજું **તમોએ જન્મજયંતિએ જબરો ફાળો કર્યો, ધન્ય છે તમોને, તમો ધામના વાસી જ છો, રાજીપો છે,** બધાને જય સ્વામિનારાયણ કહેવા.

કૃ.વ.આ. સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૯૯ તા.૧-૧૨-૭૮ જૂનાગઢ - ભગવાન.

શ્રીહરિશરણાગતિ મંડળ તથા મોહનલાલ, તૂલસીદાસ, ટપુલાલ, મોહનભગત, રતિલાલ, અમરશી, વાલજી, નાનજી આદિ બધા તદાત્મક આત્મનિવેદી શ્રીહરિશરણાગતિ સેવકોને મહારાજ સુખી રાખે છે, નવા વરશના કાર્ડ કાગળો મળી ગયા છે. દેવજી કાનજી ટેપ રેકર્ડ સન્લીની બધી સાંભળી, ટપુલાલના પડકારા, આરતીના ચઢાવા,

ફાળાના લખાણ, ધુન્ય ભજન રાસ બધું સાંભળ્યું આનંદ થયો. ભગવાન તેવાજ ભકતો સુખી હો. કંપની બીજે મોકલે તો જાજો, નામ લખાવજો, કમાજો, આનંદમાં રહેજો, મુંઝાશો નહિં. પરદેશની આભડછેટ ભગવાનના ચરણ જળ પીશો એટલે શુદ્ધિ થઈ જાશે, દેશમાં અવાશે તેદિ શુદ્ધિ થઈ જાશે.

ફૂલવાડીમાં પાણા રેતી વિગેરે માલ ભેગો થવા માંડયો છે, સો બસો રૂા. તમારી પત્ની ભકત મંડળી દ્વારા મોકલાવશો તે અમોને મળતા રહેશે, રાજી છીએ. ખુશી ખબર લખતા રહેજો.

પ્રગટ ભગવાન સ્વપ્ન દર્શન દે છે, સુખી છે, સાજા છે, આનંદમાં છે. તમો બધા ભજન કરજો, ભકતો ભકતાણીઓની પ્રાર્થનાઓ પ્રમાણે બધાને ભગવાન સંભાળ રાખે છે, સંભાળ લ્યે છે, તમો કમાઓ ટાણું છે, માટે સારાવાના હો. એજ.

આમાં પ્રસાદી ગુલાબ પાંખડીયો છે તે ખાજો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૦૦ તા.૧૦-૧૨-૭૮

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચશો.

સેવક જયંતિલાલ - ચાવડા તમારા બા બાપા કેશવજીભાઈ શ્રીહરિશરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેવા, વાંચવા.

ભગવાન રક્ષા કરે છે અને કરતા રહેશે, ભકિત ખૂબજ કરવી, સર્પથી ભગવાને રક્ષા કરી છે, ઝેરનો ગરમભાવ હશે તે મટી જાશે, વૈદ્યને પૂછીને તેવો ગોટલા ચઢવાનો ઉપદ્રવ તે મટી જાશે. ઘ ી વધારે ખવાય તેમ કરવું, માથુ ગરમીથી ચઢે તો માખણ સાકરવાળું ભેળવીને રૂપિયાભાર સવારે ખાવું, માથુ નહિં ચઢે. મગજનો દુઃખાવો બ્રાહ્મીનું તેલ ચોળે તો મટી જાય, સારા થઈ જાશે. મગનલાલને કાડીયાકામ આવડી જાશે. એજ. કાંઇ ચિંતા ન કરવી.

ભગવાનને સંભારતા રહેવું જાગવું કામ કરવું ઉંઘવું ભગવાનને ભેગા રાખવા, સારાવાનાં થાશે. બધાને જય સ્વામિનારાયણ કહેવા. પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૦૧ **તા.૧૭-૧૨-૧૯૭૮**

ભક્ત લા.વેલજી રવજી શ્રીહરિશરણાગતિ મંડળ સેવકોને શ્રીહરિ ભગવાન સુખી રાખો. બધા સુખીયા થયા છો અને વધારે સુખી થતા જાઓ. **ધામના ધણી પૃથ્વીમાં મળે, લીલાચરિત્ર ભકિત મળે, મૂર્તિ મળે, ચરણકમળ મળે, તીર્થ મંદિર મળે, દર્શન મળે, ગુણગાન મળે, સેવા મળે, આજ્ઞા વાતોચીતો પત્ર ઉપદેશ મળે, થાળ, આરતી, સેવાપૂજા મળે, નિત્ય ચરણરજ સ્પર્શ વસ્ત્ર વાઘા ચંદન ફુલહાર જળ ભોજન પ્રસાદી મળે, નિજ ભવનમાં ભગવાન બીરાજે અને ભગવાનના મહલમાં ભકત બિરાજે આથી બીજો કયો લાભ ? આ સંભારીને પોતાની મોટી સ્થિતિ માનવી, રાજાનું રાજય તેટલામાં કુમારનું રાણીનું અક્ષરધામનું રાજય મળ્યું છે.**

બીજું કે, દયાળજી લાલનું ભગત (દયા) પુના બે ત્રણ દિવસમાં આવશે, આહીં દર્શન કરીને ત્યાં આવવા રવાના થયા છે. ધીરજલાલ પણ સાથે છે. તેમને શ્રીબાલકૃષ્ણ ભગવાનની એક મૂર્તિ પેટી સહિત આપજો. તેના રૂપિયા કિમ્મત જે હોય તે તમોને આપી દેશે તે રૂપિયા વેલજી ભગતે જે ખાતું સાંચવણ જમા રાખેલ હોય તેમાં રાખજો. પુજા થવા લાગે (દયા).

ત્રીજુ કે, એક મૂર્તિ બગીચાવાળા કેશવજી ડાયા માટે અને બીજી મૂર્તિ કાન્તિલાલ ધનજી ધોરાજી માટે અમારે સ્થાને આહીં જૂનાગઢ પેટી સહિત મોકલાવજો, તે દયાળજી ભગત જૂનાગઢ આવીને દઈ જશે. તે બન્નેની કિમ્મત અમોને આપશે તે અમો વાપરશું, તમોને નહિં મોકલાવીએ.

ચોથુ કે, લાભુ શાન્તિ સંતોક ભકતો મળીને ૩૦૩ મનીઓર્ડરથી મોકલાવી દેજો, ન મોકલાવ્યા હોય તો દયાળજી ભગત સાથે મોકલાવજો અને તે સાથે ત્રણ પુસ્તકો તમોને મળે તેમ હાથો હાથ મોકલાવાઈ જાશે.

પાંચમું કે, ત્યા શ્રીહરિશરણાગતિ મંડળ જે જે ખાસ છે તેમને પુસ્તક જોઈએ તે ૧૦૧ નું મનિઓર્ડર અમોને મોકલે અને કાગળ લખે - દયાળુ કૃપા વડે પુસ્તક મોકલાવજો, શિરનામું પુરૂં લખે, તો **પ્રસન્નતા ભેળુ પુસ્તક તેને મળી જાશે, નિન્દકને નથી આપવું તે ખ્યાલ રાખવો.**

છઠ્ઠું કે વેલજી ભગત, ભગવાનજી રાજા, ટપુલાલ ભગત, મોહનલાલ રતનશી, મોહન કરશન,રતિલાલ ભગતના કાગળો છે. બધા સુખી છે. વાલજી ભગત નાનજી ભગતનો આજે કાગળ છે. સુખી છે. માવજી લખમણ દેશમાં આવી ગયા છે. તૂલસી મનજીના ઘરે જય સ્વામિનારાયણ કહેજો, શ્રીહરિશરણાગતિ મંડળને આશીર્વાદ, આમાં ગુલાબ છે. તે ખાજો. ખબર લખજો. બધા સાજા નરવા રહો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૦૨ **તા.૨૫-૧૨-૭૮**

જૂનાગઢથી અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીહરિશરણાગતિમંડળ સુખી હો.

શ્રીદયાળજીભાઈ આનન્દમાં રહો. **ભગવાને તદાકાર સંભારવા, કામકાજમાં ભેગા રાખવા. તમારો પત્ર મળ્યો. દેવરાજ ભગત બે મૂર્તિઓ આપી ગયા તે પહોંચી. એક અપાઈ ગઈ છે, બીજી કેશવજીભાઈ આવીને લઈ જાશે. ત્યાં સ્ટોરમાં હવે મૂર્તિઓ નથી. તો હવે કોઈને જોઈએ તો તે માટે પાંચ જણા થાશે ત્યારે વળી પાંચ બીજી કરાવાશે અને કિંમત લઈને તે કામ થાય એમ નિયમ લાભુ દેવીએ રાખવો. જેથી લેવાદેવામાં હરકત ન આવે. મોંઘવારી પ્રમાણે કિમ્મત મૂર્તિ તથા પેટી તેની કિમ્મત વધારવી, ૨૫૦ કે ૩૦૦ એમ નકકી કરી રાખવી, તેમાં સંકોચ ન રાખવો.અતિ હેત ભકત લેશે.**

બીજુ તમોએ રૂપિયા લખ્યા તે છ મળી ગયા છે. પુસ્તકો દેવરાજભાઈ સાથે ૪, ૧ સં, ૨ લા, ૩ શા, ૪ કુંવરવજીભાઈ, ચાર પુસ્તકો મોકલાવ્યા છે તે મુંબઈથી મોકલાવી દેશે. તમો કોઈ મુંબઈ જાઓ તો મળી જાશે. એ બધી ચોખવટ સારી લખી છે, અમારી બુકમાં પણ ચોખવટ લખેલી છે. પુસ્તકો મળે ત્યારે ખબર લખવા, રામજી જેઠાના ૧૦૦ બાકી છે. તે પાસે તાણ હશે, પુસ્તક તેને આપેલ છે. છગન ભગત આવ્યા ત્યારે સાથે રામજી જેઠા આવ્યા હતા. તે વખતે આપેલ છે. જગજીવનભાઈના રૂપિયા મળ્યા તે મને કહેજો. બધા ભકતોના પણ મળી ગયા મંડળને કહેજો, રાજી છીએ.

મૂર્તિમાં બ્લોકમાં લખવા-વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ પછી જે (મિસ્ત્રી આર્ટ સ્ટુડીયો જામનગર ૧૯૭૮) તે કાઢી નાખવું (ઝવેરી દેવચંદ પ્રેમજી તરફથી ભેટ) તે પણ કાઢી નાખવું અને સાર્વભૌમ પછી તુરંત જ દાર્શનિકમાર્તણ્ડ, સાહિત્યમનીષી, ભારતભૂષણ, મહામહોપાધ્યાય, M.A., Ph.D., D.Phil., D.Litt. આટલું વધારે લખાવજો. બ્લોકમાં જ આવી જાય જૂદા ટાઈપથી ગોઠવવા ન પડે. ઓર્ડર આપી દેજો. જૂનાગઢ સ્વામિનારાયણમંદિર.

આ કાગળ રાખજો તે પ્રમાણે બધુ કરજો.ત્રણ શ્રીજીરક્ષા બીજા પત્રમાં મોકલીશુ. **આંખ્યોમાં કાળપ છે તે ન રહેવા દેવી ઉજળો ફેસ કરવો.** આ પત્રથી કાંઇ ઉકેલ ન લાગે તો બીજો કવર પત્ર લખશું તમો અમોને આન્તરદેશીથી ખબર આપજો ત્રાંબાના બ્લોકમાં સારૂં કામ થાશે. નામ ટાઈટલ બધું બ્લોકમાં આવી જાય તેમ કરજો. બ્લોક થોડો નાનો થાય અને અભિનન્દનમાં છે તેમ આવી જાય તેમ કરજો. એજ. ગુલાબ પાંખડી છે, ખાજો.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

પત્ર નં.-૧૦૩ **તા.૫-૧-૭૯**

શ્રીકૃષ્ણનારાયણને નમઃ

તમારો પત્ર મળ્યો, પ્રાણપતિ ભગવાનને ભજતા રહેવા, સુખી હો, ભાવ પ્રમાણે ભગવાન જરૂર દિવ્યપણે ચરણોમાં રાખે.

ભગતનો ગઈકાલે કાગળ છે, સુખી છે, ભલામણ લખે છે, દર્શન દેવા સાચવવાનું લખે છે, સુખી રહો. ભગવાન સાંચવે છે, આપણે ચિંતા ન કરવી, ખૂબજ ભજવા સેવવા.

જાન્યુઆરી છેવટે ભગત આવશે. ભગત સંભારે તેથી વધારે ભગવાન સંભારે.

બાળબચ્ચાં હરિકૃષ્ણ, નલીન હૃદયમાં. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.



પત્ર નં.-૧૦૪ **તા.૧૧-૧-૭૯**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સેવક દેવજીભાઈ તમારૂં કુટુંબ પરીવાર સુખી રહો. દેશમાં સાસરાનું કામ રાખ્યું સારૂં કર્યું યશ મળે લાભ હો હાનિ ન હો, ભજન કરવું. શ્રીજી રક્ષા બાંધજો, ગુલાબ પ્રસાદી પાંખડી ખાજો, સંકલ્પ પુરો થાય તો થાઓ, જય સ્વામિનારાયણ બધાને કહેજો.

ઉદારતાથી પૂણ્ય પ્રસન્નતા લાભ ઈષ્ટ બધું મળે છે, ભગવાન ભજવા.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૧૦૫ **તા.૨-૨-૭૯ - જૂનાગઢ**

પ્રિય પ્રાણથાન પ્રભુજી શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

વ્હાલા શિષ્ય દયાળજી, છગનલાલ, બાળકો, લા.સં.સ.મં.જ.દ.લ.વિ.અ.શા. શ્રીહરિશરણાગતિ મંડળને પ્રસન્નતાનાં આશીર્વાદ જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીસ્વામિનારાયણ વાંચવા.

ખૂબ ઉજળી મૂરતિ કરાવવી. છાયાં શેડ ન રખાવવા, આંખ નાક કાન ગળું અર્ધો ગાલ દાઢી વિગેરે ઝબાકારા મારતા શ્વેતગોરા કરાવવા અમો તેજસ્વી તેજસ્વી ઉજળા ધોળા છીએ. કાળપ્ય, ઝાંખપ્ય, અંધકાર ન જોઈએ.આરસની સોનાની ચાંદીની મુરતિ હોય તેમ ચિતરાવજો, કારીગરને કહેજો ભગવાનને છાયાની જરૂરત નથી, છાયાવાળી ગમતી પાગ નથી. પહેરવેશ ચમકતા એવા ભગવા રંગનો સારો કરાવવો. લાલ કે ગુલાબીમાં તાગાય ન જાય તેમ ખ્યાલ રખાવજો. ચિત્રકારના હૃદયમાં અમો બેસીને ચિત્રભાન આપશું, તેણે ધ્યાન રાખવું, લોકોના ચિત્ર દોરમાં ખેંચાઈ ન જાવું. સારૂં થાઓ, આશીર્વાદ.

દોષો નહિં નડે, તે બધા ભગવાનની મૂર્તિમાં ગુણરૂપે જ છે. રક્ષા કરશું, સેવામાં રાખશું. લાલજીને પુજજો, બધા લાડલડાવજો.

ભગવાનજી રાજા તથા ટપુલાલ કાનજી વંથળી ચાવડામાં છે. આંહી દર્શને આવવાના છે. આજે કાન્તિલાલ ડાયા બગીચાવાળા દેવજી ડાયાના ભાઈ દર્શન કરવા આવ્યા છે, રોકાણા છે. આમાં તાજી ગુલાબ પાંખડીઓ પ્રસાદી છે. જમજો, સંભારજો, ખુશીખબર લખજો.

સિમેન્ટ ન હોવાથી કુલવાડીમાં કામ અટકયું છે, એવા ખબર આવ્યા છે. એજ.

કૃ.વ.આ.ના જયસ્વામિનારાયણ. સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ (સૌરાષ્ટ્ર).

પત્ર નં.-૧૦૬ **તા.૧૯-૨-૭૯**

અનાદિશ્રીકૃષ્ણગારાયણને નમો નમઃ, શ્રીહરિઃ શરણં મમ

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.લા.રૂ.શા.સ.દ.જ.શં. શ્રીહરિશરણાગતિમંડળ બધા સુખી રહો.

ચિત્ર બ્લોક કામ સારૂં થાય રંગ સારો ભગવો દેખાય વિગેરે રૂચિકર કરાવજો. ડિગ્રીઓના અક્ષરોમાં ભૂલ ન રહે તે માટે અમોને દેખાડવા ઘટે તો અક્ષરો ચિત્રકાર પાસે ચોકખા લખાવીને મોકલાવજો. જેથી બ્લોકમાં ભૂલ ઝીણી એવી પણ ભૂલ ક્ષતિ ન રહી જાય.

સેવાપૂજા સાક્ષાત થાય છે મોક્ષમાં છો. ભગવાનની સૃષ્ટિમાં આનન્દે રહો અને ધામમાં અતિ આનન્દઘનમાં વસો નજીક ચરણોમાં રહો એવી ઉપાસના પ્રેમ કરવા. ભગવાન તો રાજી છે જ. પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો. બધાને જયસ્વામિનારાયણ કહેવા વાંચવા. એજ.

કૃ.વ.આ. સ્વામિનારાયણ મંદિર, ભંડારના મેડે, જૂનાગઢ (સૌરાષ્ટ્ર).

પત્ર નં.-૧૦૭ **તા.૨૧-૨-૭૯**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદ, જયસ્વામિનારાયણ વાંચવા. મોહન ભગત, હરિલાલ, હરસુખ, ભરત, લલીતા બધાને ભગવાન સુખી રાખો.

ભજન કરજો, ભગવાનને સંભારજો, આનંદમાં રહેજો, સાજા નરવા રહો, પુજા કરતા રહેજો, થાળ ધરજો, સુખી થાશો, આંટોફેરો આળસથી થતો નથી, દર્શન તો થયા કરે પણ કાયમ તો બધાને ઈચ્છા હોય જ છતા ભગવાન કાંઈક ઓછું કરે છે, તાજુ તો ભગત ખરા હોય તે ટકે, ખરા ન હોય તે નબળા પડી જાય, ભગવાનમાં સ્વારથ ન હોય તે દ્રઢ થાય બીજા મેલી દે, તમારે તો ભજતા જ રહેવા મૂર્તિ સાક્ષાત છે જ. રોટલા શાક જમાડવા, પાણી પાવા, હાથ જોડવા.

દયાળજીભાઈ સાથે ૧૦ આવ્યા હતા, મળ્યા છે. ભરત તોફાન નહિં કરે, નાસીક નહિં આવીયે, કીર્તન હૈયે રેશે, અંગ્રેજી આવડશે, આરતી કરવી. નિયમ આવડે તો બોલવાં, રાજી. ખુશી ખબર લખતા રહેવા- સરનામું બરાબર લખવું. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. મોહનલાલ રતનશીને અત્યારે જ કાગળ લખી મોકલ્યો છે, એજ.

ફુગેવાડીમાં સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિશરણાગતિ મંડળને આશીર્વાદ.

કૃ.વ.આ.નાં જય સ્વામિનારાયણ વાંચવા.

પત્ર નં.-૧૦૮ **તા.૨૫-૨-૭૯**- રવિવાર - શિવરાત્રી.

જૂનાગઢથી કૃ.વ.આ.ના આશીર્વાદ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ। શ્રીહરિઃ શરણં મમ । દુબઈ સેવક રતિલાલ, અમરશી, બન્ને મોહન ભગત, તૂલસીદાસ, ચમનલાલ, કાનજી ભગત આદિ શ્રીહરિશરણાગતિ મંડળની ચઢતી કળા હો. ગુલાબ પાંખડી પ્રસાદી મોકલાવી છે ખાજો, કાનજી ભગતના જોડીદાર પોપટ ભગત તીર્થવાસીના બન્ને પુત્રો અને તેમની માતા જૂનાગઢ આવી કંઠી બંધાવી ગયા છે.

ટપુલાલ ભગતનું તથા ચમનલાલનું તથા મુરજી ભગતનું પુસ્તક મળ્યા પછી મળવાના સમાચાર લખજ્યો, ૨૩૬૧ નંબર ટપુ ભગતનો છે, કાનજીભાઈ સોજીત્રા ત્યાંથી પુસ્તક લેવા લઈ આવવા પ્રયત્ન કર્યો કે નહિં તેમને પુછજો, ન મળે તોપણ જેણે પ્રાપ્ત કર્યુ હશે તે વાંચજો, મળે તો છોડાવજો.

દયાળજીભાઈ નવી છબીનો બ્લોક ત્રાંબાનો બ્લોક પોતાને ખર્ચે દોઢેક હજાર ઉપર ખર્ચે કરાવે છે, બ્લોક પુસ્તકમાં મૂર્તિ સમાય જાય તેવડો કરાવે છે, શોભાદાર છે, હવે પછીના પુસ્તકમાં તે મેલાશે એમ ધારેલ છે, ભગવાનજી રાજા સાઉદ્દી અરેબીયા ગયા છે, આંબાલાલ ડાયા ટાંક લિબિયા ત્રિપોલી ગયા છે, શાંતિલાલ મેપા દુબઈ દુહાકટાર તરફ ગયા એમ ખબર છે, રામજી જેઠાને માટે મોળું મોળું સંભળાય છે, પાસપોર્ટે ઉતાવળ કરતો નથી.

અમારી કૃપા છે સુખી રહો, ભગવાનને રાજી કરવાના કરી લીધા છે, સેવા વિગેરેના લાભ લીધા છે, ભકતોને ઉપયોગી થાય તેવી તમારી સેવાઓ છે, ઘાણું જ સારૂં કરો છો.

ફૂલવાડી ત્રણકોર પ્લીંથ બંધાણી છે, એક કોર બાકી છે, સિમેન્ટ મળશે ત્યારે કામ ચાલશે એમ સમાચાર હતા.

ટપુલાલ ભગત લાવ્યા તે આહિં સાંચવેલ છે, પાછું કામ ચાલૂ થયે તુરંત બોલાવીને અપાવી દેશું, **અંતરમાં સુખિયા વરતવું, સંભારવા લિલાચરિત્ર ભજન પૂજન દર્શન સેવા સંભારવા, રજ તમના વેગ નહિં નડે, ચિંતા ન કરવી, ઉધ્ધારનારા જબરા છે, રાજકુમારના સુખે કરીને ધામમાં પહોંચાડે એવા આપણા ભગવાન છે એમ કેફમાં રહેવું, શ્રીહરિએ બહુ દયા કરી છે, લેરથી રહેજો, શરીરે સાજા રહેવાય તેમ રહેજો.**

એક અભિનંદન ગ્રન્થ સોમવારે વાલજી કેશવજી ચોટલીયાને અજમાન પરત પોસ્ટ નંબરે રવાના કરશું. ૨૫ રૂપિયાની સ્ટેમ્પ લગાડીને રવાના કરશું, રાજી છીએ.

વેલજી રવજી ચૌહાણ, SIDE J 600 E DOK ETER S.A. TOK NO. 466 / PO.BOX NO. 3528 છે સાઉદ્દી અરેબીયા જીહાદ એ પ્રમાણે શિરનામું છે.

ફૂલવાડી કામ પૂરૂં થઈ જ જાશે, ઘટશે તો હૂતાશિની પછી વળી વિચાર કરાશે, જેવો સમય હશે તેમ કરાશે, દેશમાં બધા કુશળ છે, તમો સુખી છો એમ સાંભળી આનંદ થાય છે, આમા પ્રસાદી ગુલાબ પાંખડીઓ છે ખાજો. બધા શરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેજો.

રતિલાલને માલમ થાય તમારા બનેવી રવજીભાઈ ટપુભાઈ સાથે દર્શને આવી ગયા કંઠી બાંધી ગયા બહુ જ સારૂં થયું. **અભિનંદન ગ્રન્થ લઈ ગયા છે વાંચશે,** શ્રીહરિશરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેશો.

પરદેશમાં અભિનંદન ગ્રન્થ ઇચ્છા થાય તે મંગાવે, મોકલાવશું, બુક પોસ્ટથી સાચે શિરનામે અઠવાડિયે પક્ષમાં મળી જાય છે તેની કિંમત બદલે પરદેશમાં ૧૫૧, દેશમાં ૧૦૧, એમ રાખેલ છે, એટલે પ્રેસને આપી દેવાય, કરજ ન રહે, બધા સારાવાના ચિંતવ્યા છે, આ પછીનો બીજો ગ્રંથ ૨૫૦ પાના છપાઈ ગયા છે, ચાર મહિનામાં તૈયાર થશે, તેનો ખર્ચ ૧૨ થી ૧૫ ની અંદરનો છે, તે આ ૧૦૧ અને ૧૫૧ ના સાહિત્ય સેવાના સંગ્રહમાંથી અપાઈ જશે, **ભગવાનનું કામ ભગવાન કરે, ભકતનું કામ ભકતો કરે, જેને અઢીસો દિકરાઓ કમાઉસેવકો પરદેશ કમાય છે તેના માવતરને શું ચિંતા હોય અને તેવા માવતરના દિકરાઓને શું ચિંતા હોય, ભગવાન સાથે જ છે સાથે જ રાખવા, આનંદ માનવો, મહેતન કર્યા વિના ખાવું પચે નહિં ઉંઘ આવે નહિં, મહેનતવાળાને બધાં સારાવાનાં થાય, તમોને કામ ખૂબજ મળે ખૂબજ કમાઓ ખૂબજ આનંદમાં રહો, ભગવાન ગુરૂ માવતર પરિવારને આનંદમાં રાખો, આશીર્વાદ જય સ્વામિનારાયણ.**

અમો સાજા નરવા છીએ, તમો સાજા નરવા રહો,

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૦૯ **તા. ૧૩-૩-૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

તમો દેવજીભાઈ કુટુંબ સહિત સુખી રહો, ત્યાં કામ રાખ્યું તે સારૂં કર્યું, ભજન કરજો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

ભગવાન મનોરથ પુરા કરો, એવી પ્રાર્થના આશીષ. જય સ્વામિનારાયણ વાંચજો.

ટોપરાનું તેલ માથામાં નાખવું દુખાવો મટી જાશે, પિતૃ નડતર નથી. આશીર્વાદ ફલીભૂત થાશે, મોટી સારી માનતા ન કરવી, ભગવાનના હાથની બાજી છે, ભગવાનને ભૂલવા નહિં. એજ.

શ્રી કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચવા. જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૧૦ **તા.૨૩-૩-૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ

સેવક શાંતિલાલ, વશરામભાઈ, કેશવજીભાઈ, ટપુભગત બધાને શ્રીહરિ સુખી રાખો, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

શ્રીહરિશરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ. **ભજન કરો, આશીર્વાદો વાંચવા, સાજા નરવા રહો, અંતરના રોગ મેલ મટી જાય. પૈડું ફર્યું પાણ ભગવાને રક્ષા કરી.** જયંતિલાલ કામ શીખે પછી કમાશે. શાંતિલાલ બધા સુખી રહો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૧૧ **તા.૨૭-૩-૧૯૭૯** - જૂનાગઢ

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ
શ્રીહરિશરણાગતિ મંડળનો જય થાઓ.

બધાને જય સ્વામિનારાયણ.

સેવક વેલજી રવજી - ઠમામ સુખી. હો જીહાઠ ભગવાનજી તથા તમારા નામે પત્રો ગયા છે મળી જાશે, **જંગલમાં મંગલ ભકિત ભજન પ્રગટને યાદ કરવા.**

ડ્રાફ ૮૦૦ નો મળ્યો તેમાં ૫૦૦ ફુલવાડીના, ૧૦૦ અભિનંદન ગ્રંથના, ૧૦૦ રસોઈ સેવાના એમ તેમણે લખ્યુ હતું તે પ્રમાણે તેમને વળતો પત્ર લખ્યો છે, રાજી. સુખી રહો, આશીર્વાઠ ફળો, તકલીફ વેઠવી, કમાઓ, વાપરો, પચાસેક હજાર મિલાન થાય ત્યા સુધી ભાગવું નહિં, પરદેશમાં કમાયા કરો, બે વર્ષે ઘરે આટો ઠેવો, રામજીભાઈનું બે વર્ષનું તપ ફળ્યુ છે, હવે સન્લીમાં સુખી રહેશે. તેમને આશીર્વાઠ પત્ર લખ્યો છે.

મગજમાં પ્રગટ રાખવા, પ્રગટને લઈને ચારે પુરૂષાર્થ સિધ્ધ થાય છે. ભગવાન ભેગા હોય તો રિધ્ધિ સિધ્ધિ તાણાતી આવે, તમે ઉપાસક ભકત બધુ મેળવીને દિવ્ય મુકત થયા છો, તૃપ્ત છો, પ્રગટનો મહિમા કહો છો, ભકતો સેવકોને રંગો છો, અક્ષરધામના અધિકારી થયા છો, સારૂ છે.



દયાળજીભાઈએ મૂર્તિ કરાવી તે તેમને ઘેર પૂના રાખવા કહ્યું છે, તેનો બ્લોક અને છાપ મૂર્તિઓ નારાયણ હંસરાજ આંહી આપીને ચાવડા ગયા છે. તે પણ ટન લાગશે ત્યાં પરદેશ જાશે, પાસપોર્ટ કઢાવ્યો છે, તમોને મૂર્તિ મોકલીએ પણ અભિનંદન ગ્રંથ જેટલી પહોળી લાંબી છે એટલે કવરમાં ભાંગી જાય, કોઈ આવશે તો સાઉદીયા મોકલાવશું. બધાને જયસ્વામિનારાયણ.

તમારે અભિનંદન ગ્રંથ ત્યાં વાંચવા જોઈતો હોય તો તે સાથે મુરતિ મોકલાવાય, જવાબ લખજો. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. લા.શા.દ.વિ.જ વિગેરેને ભગવાન સુખી રાખે છે, **બધા ધામના સુખી છે. હવે સાધનમાં કાંઈ બાકી નથી. પ્રત્યક્ષ પ્રગટ મળ્યા તેને પ્રત્યક્ષ પ્રાપ્તિ થઈ તે સાધન તે સાધ્ય તે ફળ, જે આંહી છે તે ધામમાં છે, એજ.**

દિવ્ય ભાવના થઈ તે મુકિતસુખ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.



પત્ર નં.-૧૧૨ **તા.૩-૪-૧૯૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ
શ્રીશ્વેતાયનવ્યાસ ભગવાનને નમો નમઃ

સેવક લા. વેલજી રવજી તથા શ્રીહરિશરણાગતિમંડળ તથા તમારા કુટુંબ પરિવારને ભગવાન સુખી રાખે.

પ્રગટ ભગવાન રક્ષા કરે છે, ધ્યાન રાખે છે, આનંદમાં રહેવું, વેલજી ભગતનો ઠમામ થી પત્ર છે, પોષ્ટ ૪૧૨૮ છે, આનંદમાં છે, એમ લખે છે.ત્યાં ગોઠી ગયું છે. ત્યાં બધા શ્રીહરિશરણાગતિમંડળને જયસ્વામિનારાયણ કહેવા.

સવારે ખાંડેલી મેથી પૈસા બે પૈસા ભાર ફાકડો પાણી સાથે ગળે ઉતરી જાય તો સાંધાનો વા મટી જાય, પ્રસાદ ગુલાબ પાંદડી ખાજો. ટોપરાનું તેલ માથામાં નાથવું, માથું દુઃખતુ મટી જાય.

રમણીકલાલને ન જોઈએ તો તમો રાખજો, તમારે હેતપ્રીતવાળાને દેવા કામ લાગશે, **રમણિકના માતુશ્રીને વા હોય તો મેથી ફકાડો પાંચ દશ દિવસ લ્યે વા મટી જશે. અભિનંદન વાંચો, તેથી ભગવાનનો મહિમા સમજાય.** એજ. બધાને જયસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૧૧૩ **તા.૧૪-૫-૧૯૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ

સેવક છગનલાલ પત્ર મળ્યો, આનન્દ. નદી તરફ ફૂલવાડીની દિવાલ પાયાનું કામ બીજથી ચાલૂ થયું એમ જાણવામાં આવ્યું છે. વરસાદ પહેલા થઈ જાય એમ ધ્યાન દોરવું. તીર્થમા થતા આવવું. રંગ કામ કે બીજુ કામ હોય તો ધ્યાન પર આવે, થયેલ હોય તો નિશ્ચિંત થવાય, તડકા ખુબ જ પડે છે. છૂટી પડી છે પણ શરીરને ઋતુ પ્રકોપ ન નડે તે પ્રમાણે ઘેરથી હવામાન અનુકુલ પ્રમાણે નીકળજો. ઘર કુટુંબ તથા શ્રીહરિશરણાગતિમંડળ બધાને આશીર્વાદ સાથે જયશ્રીસ્વામિનારાયણ.

ફૂલવાડી માટેનો ૧૦૦૦ રવજી ભોજાનો, ૫૦૦ શાંતિલાલકેશવજી ડાયા બગીચાવાળાના રોકડા આવેલ છે. તે તમો આવશો ત્યારે સાથે જ મોકલાવશું. **કરશનભાઈ લુહારે દરવાજો કરવા હામ કરી છે. બધાએ રાજી થવા જેવું છે. અમો ઘણા રાજી છીએ. હાલના મોર્ડને મહા તોતીંગ બસ વાહનો અને તોતીંગ ખટારાઓ ભાર ભર્યા પહોળાં ઉંચા ફૂલવાડીમાં દરવાજામાં સરલપણે પેસે એવા હિસાબે દરવાજો તોતીંગ ગોઠવજો. ટ્રસ્ટીઓએ આ બાબત ધ્યાન રાખવી. નકશો ત્યાંજ કરાવવો. પૂરો પહોળો, પૂરો ઉંચો, પૂરો મજબુત, પૂરૂં મજબુત પ્રવેશ ઢાળીયાનું બાંધકામ સારૂં કરાવવું,** એજ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૧૪ **તા.૧૯-૫-૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

પ્રિય સેવકો નિજ અંગત શિષ્યો- રતિલાલ, અમરશી અને નારણ હંસરાજ તમોએ તન મન અને ધન વડે સેવાઓ કરી છે, વચનમાં વર્તો છો, મારા લેખમાં તમારૂં નામ આવે એવી આ વર્ષે ગોઠવણ કરી છે તે છેલ્લી છે, પછી થાય તે ખરૂં. નીચે વાંચો-

શ્રીઘનશ્યામ શ્રીહરિકૃષ્ણ શ્રીઅનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટશ્રીહરિને એક દિવસમાં જેટલું કાંઈ જોઈએ, મહિનામાં, બાર મહિનાઓમાં, વાર તહેવારોમાં જેટલું કાંઈ જોઈએ છીએ તેવી પ્રગટ શ્રીહરિ ભગવાનની બધી સેવાઓ શ્રીહરિશરણાગતિ મંડળ તરફથી જૂનાગઢ મંદિરના શ્રીઘનશ્યામ શ્રીહરિકૃષ્ણ એવા આ

અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીસ્વામિનારાયણને ગોઠવવી એવું મોટું કાર્ય કોઈએ બસો વર્ષોમાં કર્યું નથી, શ્રીહરિશરણાગતિ મંડળ અત્યારે ફૂલ્યુંફાલ્યું ભર્યું સમૃધ્ધિમાં વધતું કમાતું જાય છે માટે તેમણે આરસના એક જ લેખમાં લાખ સવાલાખની સેવા કરી બતાવવી અને ડંકો વગાડી જયજયકાર બોલાવવો એવું અમે પ્રગટપ્રભુજીએ ધારેલ છે. તેની ગોઠવણી આ ગઈ હૂતાશની પછી કરી છે, થતી જાય છે, તમો ઈરાકમાં ગયા તેથી તમોને જણાવેલ નથી. હવે તમોને જણાવીએ છીએ. હંસરાજભાઈને કે ટપુલાલભાઈને કહેલ નથી. બીજે નકકી નિરધાર થઈ ગયેલ છે તે વાંચો.

શ્રીહરિશરણાગતિ મંડળોના-

રૂપિયા ત્રીસ હજાર - ૩૦૦૦૦, બપોરના દરરોજના પાકો થાળ શ્રીઘનશ્યામ મહારાજને ધરાય છે તે માટે, રૂપિયા આવી ગયા છે (દેશમાંથી).

રૂપિયા પચીસ હજાર - ૨૫૦૦૦, સાયં આરતી પછી દરરોજના દૂધપુરી શાકના શ્રીઘનશ્યામ મહારાજને ધરાય છે તે માટે, રૂપિયા આવી ગયા છે (દેશમાંથી).

રૂપિયા વીસ હજાર - ૨૦૦૦૦, સવારે મંગળાએ દરરોજના મગજ લાડું દૂધસાકરના શ્રીઘનશ્યામ મહારાજને ધરાય છે તેના માટે (ચારેય કોરથી સામુહિક) રૂપિયા આવી ગયા છે.

રૂપિયા દશ હજાર - ૧૦૦૦૦, સાડા ત્રણ વાગ્યે મેવાના મીઠાજળોના (રૂપિયા યજમાન તૈયાર છે) નકકી છે.

રૂપિયા પાંચ હજાર - ૫૦૦૦, પાટોત્સવ ફાગણ, વૈશાખ બે ના દિવાળી અન્નકુટના, દશમના શ્રાધ્ધના ધરાવવા માટેના (રૂપિયા યજમાન નકકી છે)

રૂપિયા પાંચ હજાર - ૫૦૦૦, શ્રાવણના હિંડોળાના, કાયમી પાનબીડાના, સુખશૈયાની સેજના શણગારના (નકકી યજમાન થયા છે)

રૂપિયા પાંચ હજાર - ૫૦૦૦, કેશરીયા વાઘા, પતાંસા એલચી ખારેક હારડાનાં, વસંતપૂજા, કુંજ વસંતપૂજા મહાઉત્સવના (નકકી યજમાન થયા છે)

રૂપિયા પાંચ હજાર - ૫૦૦૦, શરદપૂનમના દૂધ પૌવા ધરવાનાં, પંચામૃત, પંજરીના, ધનુર્માસિના, પંખા પવન સગડી, જનાઈ પવિત્રા વિગેરેના (નકકી છે)

રૂપિયા પાંચ હજાર - ૫૦૦૦, દરરોજ તૂલસી ફૂલહાર ગજરા ટોપી છડી આરતી વાટયો ઘી સેન્ટ વિગેરે ઉપચારોના (નકકી છે)

રૂપિયા પાંચ હજાર - ૫૦૦૦, ચંદન કેસર અત્તર, ખસખસ સાદડી, ફૂલોના વાઘા રૂમાલ, મોજડી, મોજા, મફલર, ચાદર, ખેસ, જળ જીલવા કાકડી, રથયાત્રા ઉત્સવના સેવા ઉપચારોના (રૂપિયા યજમાન નકકી છે.)

રૂપિયા પાંચ હજાર - ૫૦૦૦, એકાદશી, નવમી, અષ્ટમી, પૂર્ણિમા આદિકના પંચપલ્લવ ઉદ્યાપનો વ્રતો નૈવેદ્યો છપ્પર પલંગ, દક્ષિણા વિગેરે જળપાન સામગ્રીના, મહોત્સવોના (બાકી છે) નકકી કોઈ નથી.

રૂપિયા પાંચ હજાર - ૫૦૦૦, દૂધ દહિં મધ સાકર અભિષેક, તિર્થજલ અભિષેક, નિત્ય દાતણ, દર્ભ, ધોતી, ખેસ, અંગરખી, રજાઈ વિગેરે જોઈતા ઉપચારોના (બાકી છે) નકકી કોઈ નથી.

આ રીતે સવા લાખનો લેખ પ્રગટ ભગવાન શ્રીઘનશ્યામ મહારાજ શ્રીહરિકૃષ્ણ મહારાજ શ્રીઅનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીસ્વામિનારાયણ ભગવાન માટે તન મન ધન વડે સેવા માટે નાખવો છે.

આ બે નંબરમાં લખ્યા આઈટમ છેવટના બે બાકી છે, તમારા તરફથી એક હજારથી પાંચ હજારની રકમ સુધીમાં કેટલું કરી શકશો તે પ્રમાણે અમારે અમારા શ્રીહરિશરણાગતિ મંડળના મહાલેખમાં ભેળવી લેવા છે, બે ત્રણ મહિનામાં થાય તેમ બળ કરવું.

આમાં પ્રસાદી ગુલાબ પાંખડી મેલી છે ખાજો. વિચારીને ખુશી ખબર લખજો.

કૃ.વ.આ. ના જય સ્વામિનારાયણ વાંચજો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૧૫ **તા.૨૩-૫-૧૯૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક વેલજીભાઈ તમોએ રાષ્ટ્રીય ભવન ઉભું કરાવી દીધું પછી બધાઓનો ઉત્સાહ વધ્યો, ખુબ સેવાઓ થઈ. તમારી પાસે કાંઈ નથી, જાણું છું. જેથી સાદો કાગળ જ લખ્યો, પણ ૧૧ શ્રીહરિશરણાગતિમંડળમાંથી કોઈ રહી જાય તેવું કૃતઘ્નીપણું ન કરાય, માટે બધાને જણાવેલ છે. લાખ ઉપર થઈ ગયેલ છે. તમારો પત્ર આવ્યો ખુલાસો લખ્યો સારૂ થયું. અમોને ઠીક પડશે તેમ જાળવીને કરશું. ઘણા કામ થયાં પણ વેલજી રવજી, મોહન કરશન, રામજી જેઠા, શિક્ષક છગનલાલ પ્રેમજી, શિક્ષક દામજી પ્રેમજી, મુંબઈ પ્રાગજી ડાયા, એવા એવા નાણામાં પછાત છે, નાણામાં ઉચા છે, કમાયા છે, પણ દીલના પછાત છે, વિચારના પછાત છે. વરસ દિવસે પણ દુઃખ આવે ત્યારે પ્રાર્થના લખે. દેશમાં આવે માનતા કરી હોય તે પણ ભુલી જાય, પાછા પરદેશ જાય, પણ જાણે જે કાંઈ લેવાદેવા નથી. **વિશ્વભરને શું અધુરું છે પણ પરીક્ષા થઈ જાય, અમોને ઠકી પડશે તેમ કરશું. શ્રી હરિશરણાગતિમંડળોના સમૂહોનો જ મહાલેખ પ્રકાશિત મેલવો છે. પછી તો જગત ભગતને ભગવાન થાતા જ રહેશે. સ્વાર્થ પરાર્થ વહેતા જ રહેશે. ભગવાન ગુણ ભુલતા નથી. આશીર્વાદ આપે છે. રાજી છે. ઘણાંય બાકી છે. પણ રાગમાં બી વાવ્યા, સર્વને પેટની પડી છે. ઠેઠનીમાં તો વિઘ્ન ઘણાં જેથી માયામાં લેર કરે. ભજન કરવું. અમારે ચારે તરફથી ખાસ તલના દાણા ખોળાના લાડિલાઓના પત્રો આવી ગયા છે. સવા લાખે પહોંચ્યા છે. હવે તો આવે તે મેળવી લેશું. બધૂંય પુરૂં થઈ ગયું છે. એજ.**

ભજન કિર્તન કરવા, કેફ રાખજો, છગન ભગત આજે મુંબઈ પાંચ મૂરતિઓ લેવા દેવરાજ ડાયાને ત્યાં જવા રવાના થયા છે. ફુલવાડીની નદી તરફ દીવાલ માટે પાયા ચાલૂ છે. એમ સામા ફેણ ફણીધર ચડાવે, તે સેવામાં કોતરાઈ જાશે. **ફાળો કરવો નથી. રકમોથી કામ લઈને ડંકો વગાડવો છે. ન લઈએ તો એવા ઉદાર ભકતો છે જે બીજે વાપરતા જ જાય વાપરી નાખે છે.**

આ વર્ષે ૩૬૫ દિવસોની તમામ સેવાઓ શ્રીઘનશ્યામ મહારાજ શ્રીબાલકૃષ્ણપ્રભુ માટે કરી લેવી છે. કોઈ દિવસ કોઈ વ્રત ઉત્સવ પ્રસંગ મહોત્સવમાં ઘનશ્યામને યથાયોગ્ય મળતું રહે, સેવકોને દરરોજ સંભારે. આતો આડો આંક વાળ્યા છે. એજ પુના મુંબઈ વંથલી વિગેરે સુખી છે સુખી રહો ભજન કરો જયસ્વામિનારાયણ. ગુલાબ ખાજો. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

પત્ર નં.-૧૧૬ **તા.૪-૬-૧૯૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રાણનાથ, આત્મપતિ, અક્ષરપતિ સર્વાત્માને નમો નમઃ

સેવક છગન ભગત, તમારો પત્ર મળ્યો, મૂર્તિઓની વ્યવસ્થા કરી દીધી તે જાણ્યું. તમો મુંબઈ હતા ત્યારે ધોરાજીના એક આહીર હરિભકત શ્રીહરિશરણાગતિમંડળના ૧ એક મૂર્તિ પૂજવા નિવેદન કરી. બસ્સો ૨૦૦, તે ખાતાના આંહી આપી ગયા છે, તેમને માટે એક મૂર્તિ કે જે- નાનજી લખમણ જેઠાને ત્યાં નાનજી લખમણના માતુશ્રી પાસે અપૂજ્ય રાખી મેલેલ છે. હીરા પેથા આ વાત કહેતા હતા, તો તેમના માતુશ્રીને રોકડા મૂર્તિ પેટી વિગેરેના ૨૨૫ કે ૨૩૦ તે વખતના થતા હતા તે આપીને લઈને રેવાશંકરભાઈ જેરામ તૈરૈયા ધોરાજી, સ્ટેશન પ્લોટ, પહોંચાડવી, અને તે ધોરાજી સોલંકી આહીર ભીખુભાઈ જીવાભાઈ ઠે. સ્વામિનારાયણ મંદિર પાછળ, બાવનજી પટેલના મકાનમાં, કઠીયાવાડ, વોંકળા કાંઠે છે. તેમને આપવાની છે. રેલ ખર્ચવિગેરે મૂર્તિ ધોરાજી પહોંચાડનારને પુરતો આપી દેવો. તે યજમાન પુરતા રૂપિયા આંહી અમોને આપી દેશે. તમો તમારી પાંસેથી તે ખર્ચ કરી લેજો, નોંધમાં હિસાબ રાખજો. તપાસ કરી કાગળ લખજો. અને ૧ મૂર્તિ વેલજી રવજીના માતુશ્રીને ત્યાં પણ છે. જો તે અપૂજ્ય હોય તો તે પણ લઈ લેવી પુરતા પૈસા આપી દેવા, ત્યાં પુજા થતી હોય તો ભલે પુજાય, તપાસ કરજો ખુલાસાવાર જણાવજો.

કુલવાડી કામ ચાલતું હશે. જય સ્વામિનારાયણે સેવક હીરા પેથાને રૂા. ૧૦૦૦ એક હજાર રવજી ભોજાના, ૫૦૦ શાન્તીલાલ કેશવજી બગીચાવાળાના આપવાના છે. તે પણ હિસાબ પતાવવો છે યોગ્ય કરવું. **હિસાબ ચોખ્ખો જમા ખર્ચ લખજો.** અમારી પાસે વધઘટ પુરાંત કરી લેજો. ગુલાબ પાંખડી ખાજો. તમારા કુટુંબને જય સ્વામિનારાયણ.

સેવક કરશન માવજીભાઈ દરવાજો બનાવતા હશે. બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૧૭ **તા.૪-૬-૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ

સેવક ભગવાનજી હીરજીભાઈ સુખી રહો, તમારા પત્રમાં પ્રાર્થના છે, ભગવાન પૂર્ણ કરો, આશીર્વાદ. કમાણી સારી, શરીર સારૂં, વિવેક વિચાર, સત્સંગ આશ્રય, સમઝણ, સારા પુણ્ય, શરણાગતિ સારી છે માટે શ્રીહરિ મનોરથ પૂરા કરશે.

પ્રગટ શ્રીહરિ માટે તન મન ધન ભાવના અર્પો છો તે થોડી વાત નથી, માવતરને રાજી રાખો છો તે પણ બહુ જ મોટી વાત છે, માવતર આવશેતો જૂનાગઢ સાંચવશું રાજી કરશું.

ભગવાનજી દામજી પુરૂષોત્તમ તમો જે ગુરૂભાઈઓ ત્યાં હો, તેમને સૂચન- દ્રવ્ય શુદ્ધિ અને પ્રગટ ભગવાનનો રાજીપો.

અમારી જન્મજયંતિ આશ્વિન વદ ૮ બધા સ્થળે શ્રીહરિશરણાગતિ મંડળો ઉજવે છે, તે દિવસે જૂનાગઢમાં શ્રી ઠાકોરજીને (કાયમી) વર્ષે એકવાર જ સવારે દૂધ મગજ, બપોરે પાકો થાળ, સાંજે દૂધ પૂરી, મેવો મુખવાસ વિગેરે બંધારણ, દશેક હજારની રકમ ભેળી કરીને કરીએ તો તેના ઉત્પન્નમાંથી બાર મહિને થાળ થાય અને વધારે રકમ ત્રીશેક હજાર જેટલી થાશે તો તે દિવસે આખી મોટી પાકી રસોઈ જૂનાગઢ મંદિરમાં થાય, અમારી જન્માષ્ટમી પૂરતી ઉજવાય, ધામધૂમ થાય.

રકમો - એક હજાર, બે હજાર, ત્રણ હજાર, ચાર હજાર, પાંચ હજાર એમ શકિત પ્રમાણે સેવકો આપે તો તે કામ થાય, તમો શકિત પ્રમાણે વિચારજો અને થાય તો અમોને પરબારા લખજો, જે અમો નોંધમાં લેશું, લેખમાં પણ સામેલ કરવાનું ધારેલ છે.એજ બધાને જય સ્વામિનારાયણ. (ફાળો કરવો નહિં) ડોળાઈ જાય.

આપનારા ઘણાં છે, તમારો ભાગ છે, થઈ જશે, સુખી થાઓ, વધારે સુખી થાઓ. ગુલાબ પાંખડી ખાજો.

કૃ.વ.આ.ના આશીર્વાદ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૧૮ **તા.૧૩-૬-૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક જ્યન્તિલાલ તથા ભગવાનજી તથા શ્રીહરિશરણાગતિ મંડળ તથા મોહનલાલ કરશન તથા રામજી જેઠા વિગેરેને **પ્રગટ ભગવાન સુખી રાખો.**

જ્યન્તિલાલ તમારો ૪-૬-૭૯ નો પત્ર વાંચ્યો, તેનો જવાબ લખ્યો છે, ત્યાંથી ડ્રાફ ભરો તે વધારે સારૂં અને મોહન કરશન મનાણી તથા રામજી જેઠા મકવાણા હાલમાં નાણાં વિનાના છે તેથી અમો લખતા અચકાઈએ છીએ પણ તમારા પત્રમાં - તે બેને એક આઈટમ લેવાનું કહ્યું છે. તો તેનો નંબર રાખ્યો છે, પૈસા પાંચ હજાર તેના બન્નેના ભરી દેવા, ચોખવટનો કાગળ આ જાણવો તેમને સારી આઈટમમાં ગોઠવી દેશું, હજુ આઈટમો ઘણી છે - આસો વદ ૮ નો બધે ધામધૂમે થાય રસોઈ થાઈ તે જૂનાગઢમાં પણ થાય તેમ કરવું છે, થાળ ના દસ હજાર અને રસોઈના પચીસથી ત્રીસ હજાર થાય તે બાકી છે.

બધાને વસમું ન પડે તે માટે હજુ બાકી રાખેલ હતું પણ ઘણાં રહી ગયા છે, માટે દુબઈ લખીને જાણ કરી દીધેલ છે, મોહન કરશન તથા રામજી જેઠાના હાથનો કાગળ હોય તે ઠીક ગણાય, નાણાનું કામ છે, તે નકકી યજમાનને જ લખવું જોઈએ તેમને કહેજો, અમે વાંટ જોઈએ છીએ પણ ફણીધરોના કાગળો જ નથી તેથી નાણા તંગી હોય તેમ જાણ્યું, આઈટમ થોડી પડી એમ પણ લાગ્યું, આઈટમ અઢાર છે, આઠ જ લખી મોકલી હતી, કેટલીક લખવી પણ ઉમળકેથી ચારેકોરથી લખાણ આવવા માંડશે, બધાએ પરબારા અમોને કાગળ લખવા એમ અમોએ લખ્યું હતું પણ જલ્દીથી આઠ આઈટમનો બંધ વળી ગયો, પછીના પત્રમાં વધારે આઈટમો લખી મોકલી છે, તો પણ ભકતો રહી જાય છે, જેથી અઢાર આઈટમો છેવટની છે, પત્રો લખ્યા છે, બાકી છે તેમના પત્રો આવશે તે લખશું, ગયે અઠવાડીયે સાત ઠેકાણે અને છ ઉપઠેકાણે પત્રો લખ્યા છે, હવે ખુલાસા હાથપત્ર આવશે તે લખી લેશું, બીજાના પત્ર પરબાર લખાવશે તો તેમાં તેના હસ્તાક્ષર બે લીટી પણ જોઈએ, **નાણાં માટે બીજાને ઉઘરાણું ન લખાય, ધણીને લખાય, આ મર્મ સમજવા જેવો છે, એજ. બધાને જય સ્વામિનારાયણ કહેવા.**

પ્રગટના ભકતોનો જય થાઓ. પોણા બે લાખે કદાચ પહોંચશે દોઢે પાણ પહોંચશે, સવાએ તો પહોંચી ગયુ છે, ઉપર જઈ રહ્યું છે, એજ.

પ્રગટના ભકતોનો જય થાઓ. બોલો પ્રગટની જય.

ભગવાનજી અલનાબુદામાં જોઈન્ટ થયો છે, તમો પાણ થજો, વીઝા લઈને આવજો, બન્ને ભેગા થઈ જશો, ભગવાનની કૃપા ઘણી છે, માગ્યા રાખો ભગવાન આપ્યા રાખે છે.

''અષાઢી મેઘે આવી વરસ્યા રે, જાજા બીજા ઝાકળ પુરૂષોત્તમ પ્રગટી રે''વીઝા મળી તો ઈન્ડિયા આવી સેવા લાભ દર્શન લાભ મેળવી કૃતાર્થ થાઓ, પાછા કમાવા જાઓ, જૂનાગઢ ન અવાણું તેથી પ્રગટમાં ઝાઝી તાણવૃત્તિ રહ્યા કરે તે વધારે સારૂં છે, અલનાબુદામાં ભેગા થઈ જાઓ. એજ આશીર્વાદ છે.

પ્રસાદી મોગરા પાંખડીઓ ખાજો.

કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચજો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૧૯ તા.૧૪-૭ ૭૯

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક દયાળજી લાલજી મનાણી, જ.ભા.ઉ.લા.સા.સા.દે.વી.મ. શ્રીહરિશરણાગતિ મંડળ બધા ભકતોની રક્ષા પ્રગટ ભગવાન કરે છે. ધામનાધામીને સંભારવા ભજવા, માનવપણાનો આનન્દ માનવો સારૂં થાશે. સવારે રાત્રે ધ્યાન ધરવું, હૃદયમાં ધરવા. આ ભગવાન જરૂર મનોરથ પૂરાં કરશે. ડ્રાફ મળ્યો છે. સેવા કોતરાશે, આરસમાં લખાશે ભેગુ આવશે, પ્રગટ સેવાશે, રાજી થાશે, પ્રસન્ન થાશે, ધામમાં ઘનશ્યામ શ્રીહરિ પ્રગટ ભેગા રાખશે, સેવા આપશે, દર્શન દેવા ધારશે ત્યારે મિનિટમાં દર્શન દઈ દેશે.

પ્રગટને ભજી ભજી પાર પામ્યાં ઘણા પ્રગટ ઉપાસના સહુથી મોટી. રાજીપો ખૂબ છે. દુબઈ કાગળ લખજો. બધાંય ભજન કરજો. તમારૂં મંડળ ભેળું રહેશે ભેળુ હાલશે પ્રગટ ભગવાન ધામમાં ચરણમાં રાખશે.

શ્રીકૃષ્ણભગવાનને અષ્ટપટરાણીઓની સેવા પરાણેલી બજાવી હતી. નવમાં રાધાજી હતા અને સોળ હજાર એકસો તો ભકિતવડે તલખતી હતી તેને સેવામાં લીધી હતી. ભકિત વધે, હેત વધે, સેવા કરાય, ધ્યાન ધરાય, મૂર્તિ પૂજાય અને કમાવાય, ખવાય પીવાય, સુખે જ્ઞાનધ્યાનમાં જીવન જાય તેમ વરતવું. ભગવાનના આશીર્વાદ. સુખી રહો. ગુલાબ પાંખડી ખાજો. જયસ્વામિનારાયણ. જૂનાગઢ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૨૦ **તા.૧૭-૮-૧૯૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક દયાળજી ભગત કથાની મુરતિના બ્લોકની સેવા રાજીપો ફળ્યો. બાબાને ગળ્યું ગળ્યું બહુ ન પાવું, ફક ન થાય તેમ સાજા નરવો આનન્દ કરે તેમ સાંચવવો. ચોમાસું શિયાળો ઠંડો પવન કે ભેજવાળી હવા કે ભેજવાળું ધોડીયું ગોદડી એવો કોઈ તબીયત ઢીલી કરે તેવો જોગ ન થવા દેવો, સાંચવજો. ગુરૂ ભગવાનની કૃપા ફળી છે. હેતની ગુલાબ પાંખડી મોકલી છે, બે ખાવી. શ્રીજી રક્ષા મોકલી છે, બાબાની પથારીમાં રાખજો.

તા.૧૨-૮-૭૮ રવિવાર શ્રાવણ વદ ૫ રાતે બે વાગ્યે રવિવારે મિથુન રાશિ છે, અક્ષરો ક,છ,ઘ (કૃષ્ણકુમાર, ઘનશ્યામકુમાર, છગનલાલ - આ ત્રણમાંથી) આમાંથી ઠીક પડે તે નામ રાખજો. ચોઘડીયુ લાભ છે બહુ જ સારૂં છે. બાબો સો વર્ષ જીવો.

દુબઈથી ૩૭૫૦નો ડ્રાફટ અમોએ ધારેલ સેવાનો આવી ગયો છે. લેખમાં કોતરાવું છે. જ્યાબેન દયાળજી લાલજી મનાણી- પુત્ર નામ તથા તમારૂં ગામનું નામ વળતા પત્રમાં લખજો. અમોને તો રાજીપાનો પાર રહ્યો નથી. આશીર્વાદ જય શ્રીસ્વામિનરાયણ. જ.ઉ.વ.જ.લા.ર.ઘ.વા.હ.બધાને આશીર્વાદ જય સ્વામિનારાયણ.

રાખડીઓ બધી મળી છે બાંધી છે, જવાબો પણ લખ્યા છે. ગુલાબ પાંખડી બધાને મોકલી છે. બન્ને કાગળ મળ્યા છે.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૨૧ **તા.૫-૯-૭૯**

ક. હરિકૃષ્ણ ભગવાનજી પ્રગટ ભગવાનને સેવજો. ઘરેણા હાર થાળ આરતી શણગાર જળપાન ધૂપ દિપ સ્તુતિ બધું ભગવાન દેખે સાંભળે ગ્રહણ કરે છે, પૃથ્વીમાં મનુષ્ય ભાવને જ દેખાડે, ભકતોને સુખ થાવા તેવા રહે છે.

૧, મળ્યો. રાજી, ભજન ભકિત કરવી. જય સ્વામિનારાયણ. ફૂલ પાંખડી ખાજો. જૂનાગઢ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

પત્ર નં.-૧૨૨ **તા.૮-૧૦-૧૯૭૯**

સેવક વેલજી રવજીભાઈ તથા ભગવાનજી હીરજીભાઈ પાડાબેકર્ડવાળા તથા શ્રી હરિશરણાગતિમંડળની નવા વર્ષે ચઢતી કળા હો, કામકાજ મળો, સુખ અનુભવો વધારે લાભ હો.

તા.૨૫-૯-૭૯ નો લેખલ તમારો પત્ર મળ્યો, બધા સારાવાનાં છે, **નવા વર્ષના અભિનંદન, ધડિક જન્માષ્ટમીએ ભજન કરવું.** હાલ ભગવાનજી રાજા જાવીયા ગામડાઓમા કામે જાય છે મુ.પોષ્ટ ઢસા-આંબરડી ગામે સ્વામિનારાયણ મંદિરમાં કામ કરે છે. વાયા -દામનગર, જીલ્લો અમરેલી, સૌરાષ્ટ્ર.

અમારે હવે સેવા કાંઈ બાકી નથી, હીરા પેથાને કુલવાડીની જરૂરત પુરતું જોઈશે તો લખશે.

જગજીવન રાવજી એ ૧૦૦૦ નોંધાવ્યા છે. તેને સગવડ થાશે તો તે દિ મોકલશે. હાલમાં મોકલી શકે તેમ નથી. રકમમાં ખાલી છે, ભગવાન સારૂ કરે.

ઓધવજી ટપુ મનાણીના ૧૦૦૦ લખાવેલ છે. તે સગવડ થાશે ત્યારે મોકલવાનું લખે છે. હાલમાં તેમની પાસે સગવડ નથી. દયાળજી લાલજી રાજી થયા છે, ભગવાનજી હીરજી પાડાબેકર્ડ પણ રાજી થાય આશીર્વાદ છે.

પૂના કુગાવાડી સોસાયટીમાં મકાન થાય તો તમારે રહેવાનું થાય. પૂના શરણાગતિ મંડળને આશીર્વાદ લખ્યા છે. શક્તિ પ્રમાણે જન્મજયંતિ ઉજવશે. બાળ બચ્ચાંઓ ત્યાં સાજા નરવા છે. મંડળી સુખી છે.

ભકતોના કામકામ ભગવાન માટે ઘણાં સારાં છે. પ્રગટ ભગવાન માટે પરદેશ અને દેશની લેખની સેવા બે લાખ સુધી નોંધાણી છે. આવતે વર્ષ ૨૦૩૬ ની જન્મજયંતિ સુધીમાં એ નોંધની રોકડ રકમ પૂરી આવી જાશે અને કોતરાઈ જાશે, વિઘ્નો ઘણા આવે, દુર કરીને કામ લેવું પડે છે, કોઈની નોંધ ખોટી પણ પડે એવું પણ થાય છે, દેશકાળ લાગે તેથી ન પહોંચી શકે. એટલે એમ થાય છે. કોઈ કોઈ દેશમાં આવીને અરધી રકમ આપે છે. ખર્ચાઈ જાય છે. એટલે લાંબૂ થાય તેમ લાગે છે. આંબા ડાયા દેશમાં જામવંથળી આવી ગયા છે. બીજા મુરજી વેલજી લખમણ જેઠા તથા અન્ય દેશમાં જા.વં. આવી ગયા છે. રકમો માટે

પણ ઢીલુ ખરૂં, હજુ દર્શને આવ્યા નથી. જયન્તીલાલ રાઘવ દેશમાં આવી ગયા છે હજુ દર્શને આવી શકયા નથી. **નાણાં બાબતની હાડમારીઓ, કુટુંબની રાખરખાવટ, બધું ભારે શોભાડવામાં કમાઉ પુત્રો પરીવાર હેબતાઈ જાય છે. ભગવાન સારાવાનાં કરતા રહે છે પાણ દેશકાળ આસુરીલક્ષ્મી જળકતી ચળકતી નથી. છતાં નવું વર્ષ સારૂં થાય ભકતો સુખી થાય એમ પ્રગટ ભગવાન આશીર્વાદ આપે છે.**

દુબઈ સન્લીમાં જામવંથલી કુલવાડીમાં, પુના કુગેવાડીમાં જન્મજયન્તિઓ ધામધુમે ઉજવશે, વિશ્વંભર નજર રાખશે. પાત્રીશ ઠેકાણે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ મૂર્તિ પૂજાય છે, સર્વત્ર ચાલૂ મૂર્તિમાં પૂજાય છે, બોલતા ચાલતા ગિરનારી ગુફામાં પૂજાય છે. ભગવાનની જય. તમો સુખી રહો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૨૩ **તા.૨૮-૧૦-૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ.

ખુબ જ રાજી, તમો ભકિત વધારે કરજો, કમાજો.

કુટુંબ ગુરૂદેવ ભગવાન ધર્મ સંત વિગેરેના આશીર્વાદ લેતા રહેજો, ચઢતી કળા થતી રહેશે, સેવાનાં ફળ સારા છે.

૧૦૦૧ આજે તમારે ઘરે મુંબઈથી તમારી ધર્મપત્નિએ આંબાલાલ ડાયાભાઈ ટાંક સાથે હાથોહાથ અમોને મોકલાવ્યા છે, તે મળ્યા છે, તમારે નામે જમાડયા છે, મુંબઈ પણ આજે રૂપિયા મળ્યાનો કાગળ લખ્યો છે, આંબાલાલ ડાયાભાઈએ પણ ૧૦૦૧ ચેક આજે આપ્યો છે, બીજા પણ આવતા જાય છે, લેખો કોતરાતા જાય છે. સારાવાના હો, સુખી હો, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો, ખુશી ખબર લખજો. એજ.

ત્યાં શ્રીહરિ શરણાગતિ મંડળ નાથાલાલ ડાયાભાઈ વિગેરે જે મળે કે હોય સર્વેને જય સ્વામિનારાયણ કહેવા. નવા વર્ષના આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૨૪ **તા.૧૦-૧૧-૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવક દયાળજીભાઈ, ધીરજલાલભાઈ, કાનજીભાઈ, વાલજી ભગત, રામજી ભગત, જમનલાલ ભગત, મોહન ભગત, પુજારી રામજી ભગત, કુંવરજી ભગત, તૂલસીદાસ ભગત, ભગવાનજી, ટપુલાલ, શાંતિલાલ પુંજા વાઢેર આદિકને ભગવાન સુખી રાખો.

મોહન કરશન શાંતિલાલ ડાયા ભકતોએ આરતી ઉતારી ૧૦૦૧, તેથી બહુ જ રાજી. કમાઓ, સાજા નરવા રહો. ભગવાન રાજી રક્ષા કરતા રહો. આબુધાબીથી ૪૪૪૦ રકમ ડ્રાફ આવ્યો છે- આવી ગયા છે તે જાણશો, **આનન્દ ઉત્સવ થયો સારૂ થયું, ધામ ને પામવાના સાધન કરો છો સુખી થાઓ.** ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. બધાને જયસ્વામિનારાયણ કહેવા. શરણાગતિમંડળ સુખી હો.

જામવંથળી કુલવાડી વંડો થઈ ગયો છે, તે ઉપર બબ્બે ફુટ ઈંટોના થર લેવા છે.એમ હીરા પેથાભાઈ કહેતા હતા, જરૂર પડશે તો ત્યાં લખશે, તેમને છૂટ આપી છે. અમારી સેવા આ વર્ષે બંધ છે, બાકી હશે તો તે મોકલશે, એજ.

વિશ્વંભરને કાંઈ ઉપાધિ નથી, ભકતોની સંભાળ રાખવી તે તો સરલ છે, એજ. આશીર્વાદ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૨૫ **તા.૧૭-૧૧-૭૯**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સેવકો રામજી જેઠા, મોહન કરશન, શાંતિલાલ કેશવજી, તૂલસીદાસ મનજી બીજા પણ શ્રીહરિશરણાગતિમંડળ, જે ત્યાં હોય બધાંને ઘણાં ઘણાં આશીર્વાદ, જય શ્રીસ્વામિનારાયણ.

વિશ્વંભર તૃપ્ત છે, ભગવાનમાં આનંદના સાગર ભર્યા છે, ભકતો સેવા વડે આનંદ સુખ મેળવે છે, ઘણી સેવા થઈ, સારાવાનાં થયા, ચઢતી કળા હો, આનંદ કરો, કમાઓ, સાજા નરવા રહો, સંપ રાખો, પરસ્પર મહિમા સમઝવો.

ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. જય સ્વામિનારાયણ કહેજો. ૧૦૦૦ ડ્રાફ આજે મળી ગયો છે. રાજી. જન્માષ્ટમીના વિભાગમાં રહેશે.

દેશમાં કાર્તિક વદમાં બધાંને આશીર્વાદ પત્રો વડે સંભાળ લીધેલ છે. પૂના, વંથળી, ચાવડા, મુંબઈ, મસ્કત, રૂવી, જીહાદ, સલાલાહ, અજમાન, દુબઈ બધા આનંદમાં છે. જય સ્વામિનારાયણ.

અન્તરના આશીર્વાદ કૃ.વ.આ. સ્વા.ના.મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૨૬ **તા.૧૨-૧૨-૧૯૭૯**

ભગવાનશ્વેતાયનવ્યાસને નમો નમઃ

સેવકો છગનભાઈ વિગેરેને ભગવાન રક્ષા કરો, આનન્દમાં રાખો.

ભગવાનને કયાંઈ વાગ્યું નથી, પરચો બતાવવો હશે અને સારી રીતે પેક કરીને પધરાવવા તેમ કરેલ હશે. સાજા થવાય એમ કરશું. બધું શ્રીહરિશરણાગતિમંડળ સુખી હો, બાળબચ્ચાં આનન્દમાં રહો.

ભજન ભકિત સેવા કરતા રહેવાં, ભગવાન ધારે તેમ કરશે. આનન્દમાં રહેવું. ઘઉ સારા થાશે, ફુલવાડી માટે સારાવાના થાશે, ભકતોને પરદેશ જવાનું ક્રમે ક્રમે થાશે, તમારી રક્ષા ભગવાન કરે છે, ભજન કરવું.ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

દસબાર શિરનામાં પરદેશના હીરા પેથાભાઈએ લખી મોકલ્યા છે. ઈંટોના ચણતર માટે મળી રહેશે. અમોએ શિરનામાવાળા વ્યકિતઓને સૂચના તો આપેલ છે. તેઓ પણ બીજાને ભેળવીને યથાશકિત કરશે. સુખી રહો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૨૭ **તા.૧૮-૧૨-૭૯**

શ્રીપુત સેવક ભગવાનજીભાઈ તમો ત્યાં પહોંચી ગયા ઘણું સારૂં થયું, વેલજીભાઈ વલ્લભભાઈ તુલરાજભાઈ નારણભાઈ તથા શ્રીહરિશરણાગતિ મંડળને ભગવાન સુખી રાખો.

વખત તો કઠીન છે પણ પ્રગટના ભકતોને સારો કમાવાનો છે, ભજન કરજો, વાંકમાં ન આવવું, નાના મજુર તરીકે કામ કરવું, ભગવાન ભેગા રહે તેમ ચલાવવું.

બાપુની આશા પુરી થાશે, આશીર્વાદ. બધાને જય સ્વામિનારાયણ કહેવા. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. પાડાબેકર્ડથી આવશે તેમને સાંચવશું.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૨૮ **તા.૨૫-૧૨-૭૯**

સેવક ભગવાનજીભાઈ, વેલજીભાઈ રવજીભાઈ, જેઠાલાલ ભીમજી પરમાર, કાન્તિલાલ, ખીમજી, જયન્તીલાલ, અમૃતલાલ કલ્યાણજી પટેલ તથા **શ્રીહરિશરણાગતિ મંડળ ભકતજનો સુખી હો કમાઓ વાપરો ભજન કરો.**

લોકની લાલચો, રાજયના ગુન્હાહ, ઉપરિનું અપમાન, સાથીદરા મીત્રોમાં ખટરાગ, ઘરમાં અપમાન, ગુરૂ ભગવાનમાં લૌકિક સ્વાર્થ, દેખાદેખીની ચઢતી, પરમેશ્વરમાં અનાસ્થા, પોતાના પંડનો અવિશ્વાસ, સંશયના લોઢ ઉડવા, મનોભંગ થવો, આ બધા સંસારી દુઃખો છે.

પાડાબેકર્ડ બધાં સુખી છે. ભંડારાથી માધવજીભાઈ લખે છે ૫૦ શિક્ષાપત્રીઓની પહોંચ રીયાધથી હજુ આવી નથી. ઉત્સવ ભંડારામાં ઉજવશે. મોહનભાઈ દામજીભાઈ અમરશીભાઈ ચુનીલાલભાઈ વિગેરે **શ્રીહરિશરણાગતિમંડળને ખૂબ જ આનન્દ લાભ ભકિત વરતો, વિદેશ છે માટે ભગવાન ભકતોની રક્ષામાં છે, વિદેશમાં પરસ્પર એકબીજાના પત્રો લખે છે તે સમાચાર ખુશી સાથે ભકતો લખે છે.** હાલમાં કંપનીઓમાં નાણાં બાબત સડો પેઠો છે, બધા દેશમાં આવવા મથે છે. આશીર્વાદ સારાવાના હો, સુખી હો, લાભમાં હો, શરીરે સાજા નરવા રહો, ભકિત કરો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૨૯ **તા.૨-૧-૧૯૮૦**

હરિભકતો મી.નાનજી પ્રેમજીભાઈ, દામજી પ્રેમજીભાઈ, છગન પ્રેમજીભાઈ તથા લાલજી પ્રેમજીભાઈ વિગેરે તમો ભાઈઓ પુત્ર પરીવારો બધાને ભગવાન શ્રીહરિ સુખી રાખો.

કવર તથા પોસ્ટકાર્ડ મળ્યા. **ગઈ એકાદશીએ તમારા માતુશ્રી ધામમાં ગયાં, ભકિત ઘણી કરતા હતાં, ભગવાન જલ્દી ધામમાં તેડી ગયા, તેમનું શરીર સાજુ નરવું ન રહેતું, તે કરતા ધામમાં ભગવાન શ્રીહરિને ચરણે પહોંચ્યા, ભગવાનને ગમ્યું તે ખરૂં. પુત્રોને માવતરની ઘણી ખોટ ગણાય. બધાને વૃધ્ધની ખોટ ગણાય. ધીરજથી ભજન કરવું,**

મરવું તો બધાને છે જ, મોક્ષમાં જવાય તેવું મરણ ઉત્તમ, માટે સત્‌ક્રિયા સત્સંગ સ્મરણ કીર્તન કરતા રહેવા, બધું સારૂં થાઓ, સારૂં હો.

તેમનો આત્મા મોક્ષમાં સુખી હો. એજ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સન્તમંડળના જયસ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૩૦ **તા.૨૯-૧-૮૦**

સેવક રમેશ રામજી જેઠા, હસમુખ રામજી તમારા માતાપિતા બહેન ભાઈઓને ભગવાન સુખી રાખો.

લાલજીને દૂધ પાજો જમાડજો. રાજી થાય સેવા કરજો.

રામજી જેઠાનો આબૂધાબીથી કાગળ છે, આનંદમાં છે, હજુ ત્યાં રોકાશે, કામકાજ મળશે, એમ લખે છે, ભગવાન સારૂં કરશે. તમો ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

જાંજરા શેકીને ઘણાં જમ્યા હતા, દૂધનો દૂધપાક કરીને જમ્યા હતા.

પાસ થઈ જાશો આશીર્વાદ છે, બોર્ડમાં પાસ થાશો. તમારા પિતાને દર્શન થાશે ત્યા જતા રહેશું. ઘરે પણ દર્શન થયા કરશે. ભજન કરવું, મૂર્તિમાં ભગવાન છે રક્ષા કરતા રહેશે, છત ભરવા જાવું બળ આપીએ છીએ.

દૂધ દરરોજ પીએ છીએ, તમોને ખબર ન પડે તેમ પીએ છીએ, બે ટેમ દૂધ જરાક જરાક પીએ છીએ.

શાળાએ જાવું ભણવું પાસ થાવ ભજન કરવું, એજ. આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૧૩૧ **તા.૧૯-૨-૮૦**

ભગવાનને નમઃ

શ્રીહરિશરણાગતિ મંડળ સુખી રહો, ભગવાન રક્ષા કરો.

સેવકો દયાળજી ભક્ત, ધીરજલાલ ભક્ત, મોહન ભક્ત, પૂજારી, કાનજી ભક્ત, રામજી ભક્ત, વાલજી ભક્ત, નાનજી ભક્ત, દેવશી ભક્ત, રવજી ગોપાલ ભક્ત, તુલસીદાસ ભક્ત, રામજી ભક્ત, કુંવરજી ભક્ત, ત્રણ શાંતિલાલ, કે.પૂ.ન. પોરીયા બાબુલાલ જયન્તિલાલ વિગેરે તથા જયન્તિલાલ કેશવજી હરિલાલ, રતિલાલ મોહન ડાયા ચૌહાણ, છગન ડાયા ભગત, દયાળજી, નથુ મેપા ટાંક, નટવરલાલ કેશવદાસ, રામજી જેઠા, દામજી ગંગદાસ, રતિલાલ ગંગદાસ ચાવડાવાળા, ધીરજલાલ ધનજી ડાયા, રામજી તુલસી મકન ટાંક જીરાગઢ વાળા, રતિલાલ ઓધવજી, ભગવાનજી રાઘવજી વિઠ્ઠલ પરશોતમ ગોપાલ વિરજી વેગડ બાલંભા, ભગવાનજી કુરજી સોલંકી, મૂળજી વીરજી વરૂ, ચમનલાલ મોહનલાલ રાઠોડ, તુલસી મુળજી રાજા,વાલજી દેવરાજ માવજી ટાંક, મગનલાલ મૂળજી રાઠોડ, મગનલાલ ટપુ પરમાર, વેલજી હીરજી ચૌહાણ, નાનજી કલ્યાણજી પોપટ મેઘા, રાઠોડ રામજી કેશવજી ચાવડાવાળા, પરશોતમ કેશવજી ચાવડાવાળા આદિ **બધાને ભગવાન સુખી રાખો. ભજન કરવું, ભગવાન યાદ કરવા, કામકાજમાં મુંઝાવું નહિં, ભગવાન મદદ કરે. વાંકમાં આવવું નહિં. પરદેશમાં ભગવાન રક્ષા કરે. પ્રસાદીમાં ગુલાબ પાંખડી ખાજો.**

મોહન કરશન ભગત સાથે લાલ કાપડ પાંચ-છ વાર આવ્યું તે મળ્યું. પ૦ શાન્તિલાલ નરસીંહ લાલા સ્વામીના રસોઈના મોહન ભગત હસ્તે મળ્યા. ભગત વિસરામ ધનજીભાઈ હવે જૂનાગઢ આવવાનાં છે. તે સાથે મોકલાવેલ ડ્રાફ જે કાંઈ મળશે પછી જવાબ લખશું. સેવા પણ નામ વિગતવાર મળે ત્યારે વિશ્રામ ભગતની હાજરીમાં લખશું.

રામજી ટપુના વિવાહ ચાવડા ૨૦ તારીખના આવતી કાલે છે, વિશ્રામ ભગત ત્યાં આવવાના છે. ભગવાનજી રાજા, રતિલાલ હંસરાજ વિગેરે જામવંથલી છે. ''ભક્તોની અભ્યર્થના''ઓ કાગળવાળાઓને આપવાના છે, જે જે લખશે તે તે તેને પહોંચતા થાશે. નિર્મળાને માટે થોડો વખત વાટ જોવી, તેના પતિને મેળ થાય પછી વિચાર કરવો, સારૂં થાશે, આશીર્વાદ છે. આજે દુબઈથી ભગવાનજી કુરજી સોલંકીનો કાગળ છે. સુખી રહો. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૩૨ **તા.૧૩-૩-૮૦**

સેવક ભગવાનજી હીરજીભાઈ તથા વેલજી ભગત, મુકેશ ભગત, દામજી ભગત, અમૃતલાલ ભગત સર્વે **શ્રીહરિશરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો.** કામકાજ મળતા રહો. અમૃતલાલને જેમ શરીર સારૂં રહે તેમ રહેવા છૂટ આપવી.

પરદેશમાં શરીર સાજું પહેલો ધર્મ, કમાણી બીજો ધર્મ, ભગવાન બધો ધર્મ. દેશમાં અવાય ત્યારે બધા સારાવાના ચોકખાઈ થાય. બધા નરવા રહો, દામામમાં બધા સુખી રહો, વેલજી સંત છે, જ્ઞાન ભકિત મહિમાવાળા છે. સત્સંગ કરવો વધારવો, યાદ રહેશે, ભજન કરજો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, રૂડા આશીર્વાદ સાથે બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૩૩ **તા.૨૦-૩-૧૯૮૦**

સેવક વેલજી ભગત તથા ભગવાનજી ભગત તથા શ્રીહરિશરણાગતિ મંડળ બધાને શ્રીહરિ પ્રગટ ભગવાન સુખી રાખો.

ભજન કરવું, કામકાજ મળો, ધીરજ રાખીને કમાઓ, કુલવાડી સેવા થાય તે કરવી, ગુરૂ માવતર તીર્થ વિગેરે કમાઉ દિકરા ઉપર નજર નાખે, રખડુ તરફથી નજર ખેંચી લ્યે. ઘણાં પરદેશ ગયા છે પણ આલોક-પરલોક બન્ને કમાણી કરતા ન આવડે માટે આ લોકમાં ભગવાને આપ્યું દૈત્યોનું રાજ્ય દેવોને આપ્યું તે કેટલું ટકવાનું ? પરલોકની કમાણી કરે તો થાય. રખડુથી ન થાય. વિશ્વંભરને કાંઇ પડી નથી, વિશ્વંભર ધારે તે કરે. બધા સુખી હો. સારાવાના હો. પરદેશથી પેક કરે છે, પાછા સાંધા ખાતા નથી માટે ધીરજથી કમાજો. આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા, કહેવરાવવા.

વિશ્વંભરને પ્રવૃતિ ગાણી ગણાય નહિં, વીણી વીણાય નહી. વસ્તું કાંઇ જોઇતી નથી. ભકિત પ્રીતિ લેતા આવવી. મોહન ભગત બાલંભાવાળાને તે સગપણ ન રાખવા લખ્યું છે. તે મુરતીયા સાથે તે કુમારીનું લેણદેણ નથી. કુગાવાડી કાગળ ન લખાય. મોહન ભગત કુગાવાડી લખશે. દેશમાંથી બધા દર્શને આવી ગયા છે, સુખી છે.

પુના મુંબઇ બધા સુખી છે. બધાને જય સ્વામિનારાયણ. પ્રસાદીમાં પાંખડીયો ખાજો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૧૩૪ **તા.૧-૫-૮૦**

સેવકો દુબઈ દયાળજીભાઈ, ધીરજલાલ, મોહન ભગત, રામજી, તુલસી ભગત, વાલજી ભગત, નાનજી ભગત, રવજી ગોપાલ ભગત, રતિલાલ ગંગદાસ ભગત, દામજી ગંગદાસ, પોપટલાલ ભગત તથા આબુધાબી મોહનલાલ રતનશી ભગત, રામજી ભગત, કુવરજી ભગત, ત્રણ શાન્તિલાલ ભગત, કાનજી ભગત, છગનલાલ ભગત તથા **શ્રીહરિશરણાગતિ મંડળના ભકતજનોને ભગવાન સદા સુખી રાખો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.**

દેવરાજ ડાયા બગીચાવાળા આજે આંહી જૂનાગઢ દર્શને આવ્યા છે, તુલસી મનજી આવી દર્શન કરી ગયા છે. વિસરામ ભગત સાથે ડ્રાફ તથા ઈન્ડિયાના ૧૦૦, તથા તુલસીદાસ ભગત સાથે ઈન્ડિયાના ૧૦૦ તથા તાકો લાલ કાપડ મળ્યા છે. રપ, વાર મળેલી છે. શાન્તિલાલ કેશવજી હવે દર્શને આવશે ત્યારે ત્રણ ફાઉન્ટેન તથા ૧૦૦ તે મળી જાશે. છુટાછેડા કરાવ્યા સારૂં થયું ભગવાન સારૂં ઠેકાણું આપશે. વાલજી ભગતે પંચાગ પહોંચાડયા તે જાણ્યું.

પુના મોહન ભગત, મુંબઈ ભકતો, વંથલી ભકતો બધા ખુશી મજામાં છે. મસ્કત બેહરીન વિગેરે સ્થળોના તથા સફાત વિગેરે સ્થળે બધા સુખી છે, કમાય છે, આનન્દમાં છે. હવે કામકાજ બધાં પુરાં છે. છતાં હીરા પેથાને છગન ભગતને સુચના દેતી રહેવી, કામકાજ હશે તો કહેશે.

ભકતોનું કામ ભકતો કરે, ભગવાનનું કામ ભગવાન કરે. ભગવાન રહે ભગવાનને રાખે ત્યાં અક્ષરધામ અને સત્યુગ, બધા ધર્મો ભગવાનની મૂર્તિમાં વસે છે, યુગોના તોફાનોમાં ધર્મભકિત ભગવાનની મૂર્તિમાં બીરાજે છે. આ સમજાણથી મોક્ષમાં જ વરતાય. એજ. બધાને જયસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.





પત્ર નં.-૧૩૫ તા.૭-૬-૮૦

સેવકો- ભગવાનજી હીરજી વશરામભાઈ તથા મુકતાબેન કુટુમ્બીઓ બધા ભાઈઓ બ્હેનો બાળબચ્ચાંઓને સાક્ષાત્ ભગવાન શ્રીહરિ સુખી રાખો.

અધિક માસનું સારૂં પુણ્ય હો, ભજન ભકિત ઘણાં ઘણાં ફળો.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. સુખી સાજા નરવા રહો, પુરૂષોતમ માસનું ખુબ જ પુણ્ય મળો. આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

૧૦૧, મનીઓડર મુકતાબેન ભગવાનજીએ મોકલાવેલ મળ્યા છે, રાજી છીએ, તમારા મનોરથો ભગવાન પુરા કરો. ભગવાનને વધારે સંભારવા, સારાવાનાં થાય.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૩૬ તા.૧૭-૬-૮૦

સેવક દેવજી કાનજી રાઠોડ વિદેશ જવાનું જલ્દી થાશે, **ચીઠ્ઠી વાંચી - રાજીપાના આશીર્વાદ.**

સેવક ચંદુલાલ રણછોડભાઈ પાસપોર્ટ જલદી મળશે, વિદેશ જવાનું જલ્દી થાશે, **ચીઠ્ઠી વાંચી, ભગવાનના આશીર્વાદ.**

સેવક જયંતીલાલ હંસરાજ વશરામ, તમારી ચીઠ્ઠી વાંચી. ૧૧૫ મળ્યા, રસોઈ જમ્યા, જલ્દી પરદેશ જવાનું જલ્દી થાશે, આશીર્વાદ. શ્રીજી રક્ષા નીચે છે.

અધિક માસમાં પ્રગટ ભગવાને ભકતો તરફથી આવતી રસોઈઓ થાળમાં મેશુબ, મોહનથાળ, બૂંદી, મોતૈયા, માલપુવા, પૂરણપોળી, પુડલા, પૂરી, શ્રીખંડ, દૂધપાક, મુરબ્બા, પાકપકવાન, પેંડા, પતાસા, ખારેક, ખજુર, માનભોગ, શીરાપૂરી, બિરંજ, ચૂરમા વિગેરે વિગેરે ખૂબજ જમ્યા છે. અન્નકૂટ જેવું જમ્યા છે. શાકભાજી, દાળ, અથાણા, દહીંના ઘોળવા, છાશું, શરબત ખૂબજ જમ્યા છે. તમોને સંભારીને સંભારીને જમ્યા છે.

મસ્કત પ્રદેશ, બેહરીન, અજમાન, દમામ, આબૂધાબી, દુબઈ પ્રદેશ, કુવેત પ્રદેશ, પૂના, મુંબઈ, વંથળી, તીર્થ વિગેરે સર્વત્ર જમ્યા છે.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

પત્ર નં.-૧૩૭ **તા. ૩-૭-૮૦** - જૂનાગઢ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, શ્રીશ્વેતાયનવ્યાસને નમો નમઃ, પ્રગટ શ્રીહરિને નમઃ

અજમાન સેવકો - વાલજીભાઈ, નાનજીભાઈ, દયાળજીભાઈ, મોહનભગત, રામજી તુલસીભાઈ, રવજી ગોપાલભાઈ, નારણ હંસરાજભાઈ, પ્રવીણ લક્ષ્મણભાઈ, જયંતિ રાઘવભાઈ, ભગવાનજીભાઈ, ટપુભાઈ, અમરશી ભગવાનજીભાઈ, વશરામ ભીમજીભાઈ, રતિલાલ ગંગદાસભાઈ, શાંતિલાલ નરશીભાઈ, નથુ હરજીભાઈ, કાનજી મૂળજીભાઈ, દેવશી ખીમજીભાઈ, તુલસીદાસભાઈ, શાંતિલાલ પુજાભાઈ, રામજી જેઠાભાઈ, પોપટભાઈ, આદિ શ્રીહરિશરણાગતિ મંડળની ચઢતી કળા હો, સુખી હો. નાનજી લક્ષ્મણની મુશ્કેલ, મુંઝવણ ઉડી જશે, બધા સુખી રહો.

કુંકાવાવ તિર્થમાં ડંકી સારડો ચાલું છે, બાથરૂમ બે, વંડી વિગેરે થઈ ગયા છે, નળ વિગેરે ગટર આદિ બાકી છે. સાડા ચાર હજારનો સામાન લીધો છે.

કુલવાડીમાં શુક્રવારે છત ભરાઈ ગઈ એમ ખબર છે, વંડીના થર લેશે, દરવાજો ચઢાવશે, સારડો સામગ્રી આવી ગઈ એમ લખે છે.

બધા સુખી સારાવાના છે, સૌરાષ્ટ્ર સર્વ દેશમાં ૨૦ ઈંચથી વધારે વરસાદ પડયા છે, મોલ સારા છે, ભકતો સુખી છે, તમોને દુઆ આપે છે. **સેવકોને પરદેશ મોકલવા ઉતાવળ કરીએ છીએ, તમારૂં મંડળ ત્યાં સારૂં છે, તીર્થમાં નવું મંડળ વધ્યું છે, કામકામ આગળ ચાલુ છે, રાત્રે જન્મઘરમાં દરરોજ કલાક કથાવાર્તા, ધુન્યભજન થાય છે, બધા સંપીને ભજન કરે છે,** પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો.

કમાઓ, સાજા નરવા રહો. **૧૧૯૫૩ નો ડ્રાફ ગઈ કાલે મળી ગયો છે. રાજી, બહુ જ રાજી, બની શકે સ્થિતિ ઉપર વટ કરો છો, ભગવાનના ભકતો ભગવાન જેવા વિશ્વંભર હોય જ. સારાવાના થાઓ.**

મોહનલાલ, વાલજીભાઈ, દયાળજીભાઈ, ત્રણ સ્થળે એક સાથે કાગળો ડ્રાફ પહોંચવાળા રવાના કર્યા છે. **બીજા સેવકોને રાજીપા ભેગો આશીર્વાદ.** જય સ્વામિનારાયણ કહેવા. બાકીનો ડ્રાફ તથા વિગત તીર્થની લખવી ખરી.

સેવકોના રકમ સહિત નામ નોંધ કરી લીધા છે, હિરા પેથાભાઈને તેની ચોપડીમાં લખાવવા પડે, રકમ પણ લખાવવાની છે.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૩૮ **તા.૪-૭-૧૯૮૦**

સેવક નારાણભાઈ વિગેરે તમારા કુટુંબ બધાને ભગવાન સુખી રાખે.

૧૨૫ મનીઓડર મળ્યો. લખ્યા મુજબ સ્વીકાર્યા, બહુ જ રાજી. સેવા જીવ જડયા ભગવાન માટે થાય, સાચા સગા પ્રાણપતિ ભગવાન સ્વામી સુખ દાતા છે.

આ પ્રત્યક્ષ શ્રીહરિ જો ભજયા સેવ્યા ઓળખ્યા તે અક્ષરધામમાં છે. દિવ્ય દેહ છે લોક જેવા દેખાય છે. શ્રીહરિ દાદાખાચર જયા લલિતા પૃથ્વીમાં હતા તો પણ ધામના તખતમાં હતા. એજ.

પ્રસાદી ગુલાબ પાંદડી ખાજો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૩૯ **તા.૨૪-૭-૧૯૮૦**

સેવક છગનલાલ પ્રેમજી તથા હં. તમારૂં કુટુંબ સુખી હો. **તમારા માતુશ્રીની તિથિએ થાળ બાંધવા ૧૦૦૧, તમોએ અર્પણ કર્યા તેની પહોંચ નં. ૦૩૧, આ પત્ર સાથે મોકલાવી છે. બધા સુખી હો. શ્રીહરિશરણાગતિમંડળ સુખી હો.**

કુવામાં સારડો નાખવાનો પત્ર મળ્યો છે, સારૂં થાઓ. મકાન પિલાસ્તર ગઢને ત્રણ ઈંટોના થર, દરવાજો, માઢ, એ કામ પતી જાય એ ઇચ્છનીય છે. **સારડો નખાવી નદીમાં જળ વહેતું થાય એ અતિઈષ્ટ છે. બધા સારાવાના હો.** ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

લેખ પહોંચમાં સૂચન પ્રમાણે કોતરવા આપી દીધેલ છે. એજ. આશીર્વાદ-રાજી. **કોઠારી વિગેરે મંડળ સન્તો, જૂનાગઢ શ્રીહરિશરણાગતિમંડળને ખુબ ખુબ આશીર્વાદ. પૂજા ધોતીયાના રૂપિયા મળ્યા. બધાને જયસ્વામિનારાયણ.**

નોંધ- નામો સહિત લખી લીધેલ છે.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૧૪૦ **તા.૨૫-૮-૧૯૮૦**

સેવકો મોહનલાલ, દયાળજીભાઈ, વાલજીભાઈ, મનજીભાઈ, વિસરામભાઈ, રામજીભાઈ, રવજીભાઈ, નાનજી આદિ સર્વે શ્રીહરિશરણાગતિમંડળને શ્રીહરિ સુખી રાખો, આશીર્વાદ. જયસ્વામિનારાયણ વાંચવા. ગુલાબ પાંદડી ગ્રહણ કરજો.

કુલવાડી સારડો ૧૮૦ ફુટ ગયો છે, પાણી કુવામાં ચડયું છે પણ ઉછાળો માટીને બહાર નીકળે તેટલું આવ્યું નથી. સારડો ચાલુ રાખવા તેમને સુચના તેમને અમોએ આપી છે, કદાચ વધારે જાય તો તેઓ તમને કાગળ લખશે. ફાળો કરવો પડે તો કરવો. નદીમાં પાણી જાય એટલે સારડો ચાલુ રાખવા કહેલ છે, એજ.

વંથળીથી આજે કાગળ છે, તેમાં ઉપલી હકીકત લખી છે, તમોને જણાવેલ છે. એજ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૧૪૧ **તા.૮-૯-૧૯૮૦**

સેવક મનજીભાઈ બધા ભગવાન ભજો. સીતોપલાદિ મધમાં બે ટાણા સવાર સાંજે પૈસાભાર લીયે તો ઉધરસ મટી જાય. ભજન કરવું.

ચાહમાં આદુરસ પીયે તો ખાંસીમાં રાહત થાય. સાજા નરવા રહો. આશીર્વાદ જયશ્રીસ્વામિનારાયણ વાંચશો, ગુલાબ પાંદડી ખાજો.

ચાહમાં જરા જરા કાળીજીરી ખાંડેલી નાખે તો તાવ નાબુદ થઈ જાય, બીજા રોગ હશે તે પણ મટી જાશે.

- કૃ.વ.આ.

જૂનાગઢ.



પત્ર નં.-૧૪૨ **તા.૨૯-૯-૮૦**

પ્રિય વ્હાલા સેવકો, આત્માના પ્રદિપો, શરીરના અંગો, મૂર્તિના સુગંધો, આંખોના બરફ, દીલના દુલારાઓ, હૃદયના પ્યારાઓ, પ્રાણના જીવનો ભગવાનના આત્મનિવેદી ભકતો ટપુલાલ, રતિલાલ, અમરશી, વ્રજલાલ, જયંતીલાલ, રામલાલ, ભગવાનજી, છગનલાલ વિગેરે ભકતોને આ ભગવાન સુખી રાખો. ભજન કરો સેવાઓ ઘાણી કરી છે કરો છો કરવા માટે કમાઓ છો, ભકતો વડે ભગવાન જાહેર પ્રસિધ્ધિમાં આવે ભગવાન ભકતો વડે ફાલ્યા ફુલ્યાં રહે.

ફૂલવાડી અર્ધે કૂવે પાણી ઉછળે છે, મશીનથી એક ઈંચ પણ ઓછું થાતું નથી, સારડો ૩૨૦ ફૂટ ગયો છે, હજુ ૪૦૦ કે ૫૦૦ ફૂટ જાશે, કાઠે ઉછળીને પાણી જાય, નદી કાયમી પાણી પરબ બંધાય, ઉપર પ્રમાણે દુબઈવાળાઓનો ઉત્સાહ છે, બહુ જ બહુ જ છે.

નવીન- તીર્થભૂમિમાં લીધેલ જન્મઘરથી ત્રણ ગણી જન્મભૂમિ પોપટબાપાના હાથમાં છે, ઘર ફળી રસ્તો મળી ૧૧૦૦-અગીરયારસો વાર છે, ગામમાં એકવારના ૧૦૦ રૂપિયા અત્યારે કિંમત છે, પંચ મળીને તે પ્રમાણે ઠરાવેલ છે, પોપટબાપા પોતાના ગામમાં રહેણાંક ઘર ફળી રસ્તો જમીન વેચાતી આપીને પ્લોટમાં રહેવા જાવા ઈચ્છે છે, વેચાતી લેવા ૧,૧૦,૦૦૦ - એકલાખ દશ હજાર થાય છે, તેટલા રૂપિયે લઈ લેવી એવો સામુહિક વિચાર ઉપજ્યો છે, દિવાળી પછી હૂતાશિની સુધીમાં કે જેઠ સુધીમાં તે કામ પતાવી દેવું, કબજો આપી દેશે, આમ કબૂલાત થઈ છે, તો હવે આપણે તેટલી રકમ ભેળી કરવી છે, **તો તમો આવતે વર્ષે આ કામ પાર પાડવા બનતી સેવા કરવી, પાંચ પાંચ હજાર થઈ શકે તો એક એક જાગાએ કરવા, અમારે માટે વધારે પરદેશ રોકાવું અને કમાવું, અન્નદાન થાળ, જળદાન, પરબ, વસ્ત્રદાન, ભવનદાન અને ભગવાનનો રાજીપો બધું આહીં છે પાણ ધામમાં પાણ ભેગું જ તમારા માટે છે માટે હાલમાં તાજા ગયા છો પાણ દિવાળી પછી બળમાં આવશો માટે ધ્યાન અનુસંધાન રાખજો, ફાળાઓ મંદિરોનાં મકાનોનાં ગુરૂઓનાં દેશોનાં ખૂબજ નીકળી પડયા છે, આપણું કામ પહેલું કરવું, આ બાબતમાં ખબડદાર થજો.** એજ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. ખુશી ખબર લખજો.

ખોલીયા હરિલાલ વેલજીનાં સાંઢુભાઈ જામસરના મોહનલાલ ડાયાભાઈએ ૫૦૦૧ ની આજે મંગળમાં નોંધાવી છે, પાંચ સાત દિવસમાં નાણાં મળી જાશે, મંગળ સારૂં થયું છે, સારૂં થાય તેમ કરજો, આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

રામજી જેઠા દેશમાં વંથળી આવ્યા છે, અમાસ ઉપર જૂનાગઢ દર્શને આવશે, સારડો વંથળીમાં ચાલું જ છે, ચાલું રાખશે, મોટા કામ થાય છે.

ભગવાનનું કામ ભગવાન કરે, ભકતોનું કામ ભકતો કરે.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૪૩ **તા.૪-૧૦-૮૦ (એકાદશી)**

પરમપ્રિય વ્હાલા ભકત ભકતજનો દયાળજી લાલજી મનાણી, ધીરજલાલ લાલજી બન્ને ભાઈઓ ઘણું જીવો, ઘણું કમાઓ, સાચી કમાણી કરો છો, વધારે વધારે સારાવાના થાતા જાઓ, બહુ જ રાજી, બહુ જ ખુશી, ભગવાન બહુ જ પ્રસન્ન છે.

૫૦૦ ડ્રાફટ સેવા રોકડો આજે મળ્યો, આશીર્વાદ. પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, ભજજો, ધ્યાન ધારણા કરજો, માનસિક પૂજા કરજો, શ્રીહરિને સાથે રાખજો, હૃદયમાં રાખજો, રામજી જેઠા તથા છગનલાલ પ્રેમજી તેનું કુંટુંબ બે દિવસો જૂનાગઢ પ્રભુજીને સેવી રાજી કરીને આજે બપોરે તીર્થમાં ગયા છે, ત્યાં જન્મઘરની બાકીની જમીન પોપટબાપાના હાથમાં છે તે વેચાતી દેવા ઈચ્છે છે, તે તપાસ માટે નકકી માટે માપ માટે પંચ મળીને કિંમત માટે દર્શન માટે કુંકાવાવ ગયા છે, કાલે રહેશે, પરમ દિવસે જામવંથળી જશે, ગુલાબ પાંખડી પ્રસાદી જમજો, **બન્ને ભાઈઓ ખુબ જ સેવો છો અને સેવજો, અમારા અંગતમુકતો છો, સાથે રહેશો અને આનંદ મેળવશો.** એજ.

દયાળજી, ધીરજલાલ, વાલજી, મોહન, નાનજી, રવજી, નારણ,શાંતિલાલ, રતિલાલ, એલાન- કાનજી ભગત, દેવશી ભગત, વિશરામ ભગત શ્રીહરિશરણાગતિ નો કાગળ તા.૨૬-૯-૮૦ નો ૪-૧૦-૮૦ મળ્યો ડ્રાફ મળ્યો, તે તથા રામજી જેઠાને છગન ભગતને બપોરે વંચાવ્યા, રાજી થયા. સુખી હો આશીર્વાદ. ગુલાબ પાંખડી ખાજો. જય સ્વામિનારાયણ.

તા.૨૮-૯-૮૦ કાગળ લાંબો કવરવાળો ડ્રાફ સાથે આજે બપોરે મળ્યો તે પણ રામજીને છગનને વંચાવ્યો, મોહન ભગત-૨૦૦૦, દયાળજી ભગત-૨૦૦૦, લાલજી ભગત-૨૦૦૦, નાનજી ભગત-૨૦૦૦ મળ્યા, તે પણ રામજી જેઠા તથા છગન પ્રેમજી ભગતે વાંચ્યો, બહુ જ રાજી થયા, **તમોને ભગવાનના પગમાં માથા અડાડીને આશીર્વાદો આપતા હતા, ધન્ય છે તે ભકતોને જેઓ ખૂબ સેવે છે.**

આજે તીર્થની જગ્યા માટે કુંકાવાવ ગયા છે, અઠવાડિયામાં જમીનનો નિર્ણય આવશે, દિવાળી પછી ઠીક પડશે તો ખરીદી સોદો થાશે, બંધ નહિં બેસે તો મૂલતવી રહેશે.

ફૂલવાડીમાં સારડો ચાલૂ છે, સાડા ત્રણસો ફૂટ ગયો છે, ૩૦૦ થી ૪૦૦ સુધીના ૪૦૦૦ ઠરાવ્યા છે, ૪૦૧ થી ૫૦૦ સુધીના ૪૫૦૦ ઠરાવ્યા છે, સારડાવાળા થાકશે ત્યારે બંધ રહેશે, વચ્ચે ખૂબ પાણી આવશે પણ પછી બંધ રહેશે. એજ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૪૪ **તા.૨૧-૧૦-૧૯૮૦**

સેવકો - મોહનલાલ રતનશી, દયાળજી લાલજી, ધીરજલાલ, દેવરાજ ડાયા, શાંતિલાલ, વિસરામ વિગેરે કાનજીભાઈ પોપટભાઈ તમારો આ કાગળ ભેગો સમજવો.

નાના મોટાને ભગવાન રક્ષા કરો, ભજન કરો, સુખી હો, કમાઓ, આનંદમાં રહો. જન્મજયન્તી જયન્તીને ત્યાં ઉજવજો, ધામધુમ કરજો. પ્રસાદી ગુલાબ પાંદડી ખાજો.

જન્મભૂમિ બાકીની લેવાની વાતો ચાલૂ થઈ છે. લાખ સવા લાખનો ખર્ચ આવશે, આવતા વર્ષે હુતાશનિ કે ભીમએકાદશી સુધી તૈયારી કરવા ધાર્યું છે. ગુલાબ પાંદડી ખાજો. બહેરીનનો ૩૫ હજારનો ફાળો નોંધાયો છે. વાલજી કેશવજીના કાગળમાં નકલ મોકલી છે.

તમો દુબઈ પ્રદેશના તમામ મળીને લગભગ પુરો થાય તેમ કરજો. જન્મજયન્તીના ઉત્સવમાં કરવો. **બીજા ફાળાઓ ઘણા થાય છે, આપાગે રહી ન જાય માટે આગળથી કરવો- આવતે વર્ષે ઘણા ફાળા મંગાશે, આપાગે તો ચુપ રહેશુ. સુખી હો ભજન કરો, આવતા વર્ષે રકમો ધ્યાનમાં રાખવાની.**

કૃ.વ.આ.ના જયસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૪૫ **તા.૨૧-૧૦-૮૦**

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, શ્રીશ્વેતાયનવ્યાસને નમો નમઃ

પ્રાણપતિ આત્મપતિ ભકતપતિ લક્ષ્મીપતિ સર્વપતિ અક્ષરપતિ મુકતપતિ અવતારોના અવતારી પરબ્રહ્મ પરમાત્મા પ્રગટ શ્રીસ્વામિનારાયણ ભગવાનને નમો નમઃ

શ્રીહરિશરણાગતિ મંડળ તમામ ભકતોની ચઢતી કળા ભગવાન રાખો, ખૂબ સાજા નરવા રહો, ખૂબ કમાઓ, ખૂબ સેવો ભજો, આત્મનિવેદીપણાના સુખ આનંદ પામો, પ્રગટનો આશરો સૌથી મોટો છે, પ્રગટનો યોગ સર્વેથી શ્રેષ્ઠ છે, સિંહને યોગે બકરી હાથી ઉપર બેઠી, કૃષ્ણયોગે આહીર ભરવાડો ગોપ ગોપીઓ તરી ગયા, શ્રીકૃષ્ણનારાયણના યોગે કડીયા કારીગરો તરી ગયા, શ્રીહરિશરણાગતિ મંડળ મંડળીઓ તરી ગઈઓ.

ફૂલવાડીમાં, તીર્થમાં, જન્મજયંતિમાં, શ્રીહરિશરણાગતિ ભકતોના ભવનોમાં, બાગ-બગીચાઓમાં, ક્ષેત્રોમાં, વાટીકાઓમાં, ઉદ્યાનોમાં, નગરોમાં, અરણ્યોમાં, નદી સરોવરોમાં દિનરાત ભગવાનના યોગાભ્યાસીજનો દિવ્યમૂર્તિઓ થઈએ આ લોકમાં વર્તે છે અને ધામમાં અક્ષરના સાધર્ત્યમાં શ્રીપુરૂષોત્તમના ખોળામાં રમનારા પાત્ર થયા છે.

ભગવાનના વચનો જીલનારા, ભગવાનના બ્રહ્મરસ આનંદ સુખને પામ્યા છે પામે છે અને પામશે.

બધા સેવકોએ પ્રગટની મૂર્તિ, પ્રગટનું જન્મતીર્થ, પ્રગટના ચરણકમળ, પ્રગટની મૂર્તિ ચિહ્નો, પ્રગટની જન્મજયંતિઓ, પ્રગટના પરચાઓ, પ્રગટની પૂજા માળા છબીઓ, પ્રગટના ગ્રંથો, પ્રગટના ધ્યાન ભજન પ્રસાદીઓ, ચરણસ્પર્શો પ્રસાદી ચીજો મંદિરો જેણે જેણે ગ્રહ્યા તે તેઓ પ્રગટની મૂર્તિમાં વસનારા થયા છે, વસે છે અને વાસ કરશે, એકાન્તિક શ્રીહરિશરણાગતિ મંડળ મંડળીઓ ભકતો સેવકોનો જય થાય છે.

પૂના, મુંબઈ, તીર્થ, ફૂલવાડી, દુબઈ મૂર્તિવાળા મંદિરોમાં મહારાષ્ટ્રમાં ભંડારા નગરમાં ઉજવાશે. પ્રગટની જન્મજયન્તી, બાળભોજનો, કુટુંબભોજનો, કુલેકાઓ, પૂજાઓ ધામધૂમે થાશે, આ સુખ સેવા લાભ જરૂર લેજો. (મુંબઈ સમાચાર, જયહિન્દ, ફૂલછાબમાં પણ પ્રકાશિત થશે.)

જન્મજયન્તીએ આશીર્વાદ સંદેશ મળે એટલા માટે આ પત્ર ઉત્સવ સ્થળે તમામ માટે આશીર્વાદરૂપે પાઠવ્યો છે, ધામધૂમ કરજો, મિષ્ટ જમજો, ભજન કરજો, આશીર્વાદ. પ્રગટના જય સ્વામિનારાયણ જય શ્રીકૃષ્ણનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૪૬ તા. ૨૩-૧૦-૧૯૮૦ - શરદપૂનમ

સેવકો રામજી જેઠા, ભગવાનજી રાજા, દેવરાજ ભક્તનું ઘર મંડળ, મોહન કરશન **શ્રીહરિશરણાગતિ મંડળ બધાં જાણ કમાવા માટે પરદેશ જાઓ, દેશમાં રોટલા પૂરતો નિર્વાહ થાય પણ પરદેશ વડે વસ્ત્ર અલંકાર ભવન વાહન ઉત્સવ ખર્ચા સેવા સત્સંગ વિગેરે થાય માટે પરદેશ જવું. કામ મળે કંપની રાખે ત્યાં સુધી રહેવું, પાછા બીજી કંપનીમાં જવું, એમ કરતાં રહેવું, મુંઝાવું નહિં.**

નાણું નાણાંને લાવે, આવક પ્રમાણે ખર્ચ પણ દીલછૂટ હાથછૂટ સેવાછૂટ રાજીપો વિગેરે મળે.

ત્રણ હજાર પગાર ઠીક ગણાય, ચાર મહિના પછીની કમાણી પોતાની થાય આવી આગમચેતીથી જવું. બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૪૭ તા.૩૦-૧૦-૧૯૮૦

સેવકો પ્રાગજીભાઈ મોહનભાઈ નારણભાઈ બધાને શ્રીહરિ સુખી રાખો. સાજા નરવા રહો. ગુલાબ પાંખડી ખાજો. આશીર્વાદ.

નથુભાઈને સારૂં થઈ જાશે, પાંચ માળા દરરોજ વધારે ફેરવવા કહેજો. નારણને દિવાળીના પત્રમાં લખીશું. બધા આનંદમાં રહો. જય સ્વામિનારાયણ વાંચવા.

૨૦ કાર્ડ જન્મજયંતિ નિમિત્તના દેવરાજ ડાયાના શિરનામે મોકલ્યા છે. **બાળકો જમાડજો ભજન કરજો,** બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૪૮ તા.૨૫-૧૧-૧૯૮૦

સેવક વેલજી રવજીભાઈ તથા ભગવાનજી હીરજી પાડાબેકર્ડ તથા અમૃતલાલ કલ્યાણજી પટેલ, જેઠાલાલ ભીમજી પરમાર તથા કાન્તીલાલ તથા ખીમજી તથા લાલજીભાઈ તથા બાણુગારવાળા ભાઈઓ સેવકો શ્રીહરિશરણાગતિમંડળની ચઢતી કળા રહો. આશીર્વાદ જયસ્વામિનારાયણ.

પ્રસાદીમાં ગુલાબ પાંદડી ખાજો. આજે લાભુ દેવીને આશીર્વાદ પત્ર લખ્યો છે. તમો બે મહિનામાં આવવાના છો, એમ સમાચાર છે. રણછોડનો પુત્ર પણ સારા સમાચાર લખે છે. અદ્દાનો કાગળ આવ્યો છે, મજામાં છે, એજ.

તીર્થમાં મુળ ધણીનો લેખ મુળ લેખ હજુ જોવા મળ્યો નથી. જેથી બધી ઉડતી વાતો જણાય છે. એટલે હાલમાં અતિ અત્યન્ત નાણાં માંગણીનો વાયકો ફેલાણો છે. તેથી શ્રીહરિશરણાગતિ મંડળે તે બાબત પુરો તપાસ કર્યા પછી ધ્યાન દેવા બાકી રાખી છે. હાલમાં તમારા જેવા કુશળ દેશમાં આવે બધો તપાસ કરે પછી કેમ કરાય, તે યોગ્ય થશે.

બેહરીન દુબઈ વિગેરે ભકતોની સેવા ફાંટે ફાંટે ફેકી દેવી નથી, બહુ જ સમજીને દશ પાણીએ ગાળીને આગળ યોગ્ય રીતે જ વધાશે, **ભગવાન ભોળા નથી. ભકતો ભગવાન માટે બધું કૂરબાન કરે છે પણ ભગવાન ભકતોને ગમે ગમી જાય તો જ આગળ વધે છે, ભકતોનું અને ભગવાનનું જે નાણું તે મહેનતનું નાણું છે, ભગવાન અને ભકતો મળીને કરશે, યોગ્ય હશે તો સારૂ થશે, અયોગ્ય જાણાશે તે પડયુ રહેશે.**

તમો આવો ત્યારે ખબર આપજો. બધાને જયશ્રીસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૪૯ **તા.૧-૧-૮૧**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સંતમંડળનાં જય સ્વામિનારાયણ વાંચજો.

સેવક જયંતિલાલ તથા ભગવાનજી તથા **શ્રીહરિશરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો,** તમારો પત્ર આજે મળ્યો વાંચ્યો આનંદ થયો, કોઠારી સ્વામી દેવપ્રકાશ, હેમંત ભગત વિગેરેને તમોએ સેવા બાબત કહ્યું તે જણાવ્યું તેઓ કરે છે, આંહી આવશે દર્શન કરવા ત્યારે જરૂર હશે તે સેવા કહેશું, હાલમાં કાંઈ લાવવાનું નથી. **રાજીપો, બધાને છે, તમો દેશમાં આવો તો બધા રાજી થાશે, સારા માંગલિક કામ પણ થાય, દેશમાં આવ્યા પછી ખર્ચા વધી જાય છે, એટલે ધામમાં સેવા કરી શકતા નથી. તમારે એવું અનુસંધાન રાખવું, અર્થ કે આંખુ ભાગ આવે અને હવે પછી મોકલજો આવી સ્થિતિ બને છે, સુખ પૂરતું છે, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો, બધાને જય સ્વામિનારાયણ કહેજો, સાજા નરવા રહો.**

કસ્ટમમાં હેરાન ન થવાય તે ધ્યાન રાખવું, ભગવાન ભેગા રાખવા, ત્યાં ચાલો ત્યારે વળાવવા આવેલ તેમને આશીર્વાદ જય સ્વામિનારાયણ કહેવા.

રામજી જેઠાનો પત્ર આજે છે, આનંદ મંગળમાં છે, વેલજી રવજી પુના આવી ગયા છે.

શિરનામા પો.બો.નં. દેવશી ખીમજી હીરાણી ૫૦૧, પ્રેમજી શામજી રાઠોડ ૧૦૦૧, પ્રાગજી ગોવિંદ રાઠોડ ૨૦૦૧, મનસુખ લાલજી રાઠોડ ૨૦૦૧ ફાળામાં નામો છે, તેના એડ્રેસો અમારી પાસે નથી. બને તો લેતા આવવા. એજ. આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૫૦ **તા.૨-૧-૮૧**

સેવક નાનજી લક્ષ્મણ, વાલજી કેશવજી તથા પ્રવીણ, દયાળજી, મોહનલાલ, જયન્તીલાલ, ભગવાનજી, કાનજીભગત, રવજીભગત, બે શાંતિલાલ, **શ્રીહરિશરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો, કમાઓ ભજન કરો આનંદ કરો સુખી રહો વાપરો, આશીર્વાદ જય સ્વામિનારાયણ વાંચવા.**

લક્ષ્માણ જેઠાભાઈ રસોઈ બંધાવી ગયા, લેખ કોતરાવી ગયા, જમવાની મોટી રસોઈ પાણ સવા હજાર તે ખર્ચ જમાડી ગયા, બધા ભાઈઓ ભાભીઓ પુત્રો પરીવાર તમારા બે બાબાઓ માવજીભાઈ કુટુંબ, લાલજી જાવીયા વિગેરે ૨૦ માણસો આવ્યા હતા. લીલાલહેર કર્યા છે, આનંદથી તમારામાં ધામમાં ભગવાન પાસે પહોચ્યા સુખી થયા. એજ.

કાન્દીવલીથી ૧. ભગવાનજી રાજા, ૨. મોહન કરશન પુના, ૩. દેવરાજ ડાયા, ૪. ભગવાનજી હીરજી, ૫. રામજી તૂલસી, ૬. મધુ ધનજી તીર્થ, ૭. કુંવરજી મેપા, ૮. પ્રાગજી ડાયા, ૯. વ્રજલાલ રણછોડ, ૧૦. રતિલાલ પ્રાગજી આટલા જણા તા.૧૮-૧૨-૮૦ ના મંદિર આઇસલેન્ડમાં ઉતર્યા છે બધા સાથે છે તે જાણજો. કંપની કોસ્ટેન સીવીલ છે, પગાર સારા છે, જરૂર કરવા છે, કરજો.

મોહન કરશનનો ટેલી નં. ૧૪૫૦૭ છે, તેનો પો.નંબર આવ્યો નથી. કા.નો. નંબર ૧૪૫૦૮ છે, આબુધાબી. એજ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૫૧ **તા.૨૨-૧-૮૧**

સેવકો વેલીબેન ટપુભાઈ તથા દમયંતીબેન તથા કુટુંબને પ્રગટ ભગવાન સુખી રાખો. પ્રાર્થના કાગળ મળ્યો વાંચ્યો. આશીર્વાદ જય સ્વામિનારાયણ.

ભકિત કરો ભજો જમાડો સેવો ભગવાન રક્ષા કરો અને ગાય વીયાણી દૂધ જમાડજો, બધાના કાગળો આવે છે, ઘડીયાળ મળી જાશે માનતા કરજો. સુવાસ મટી જાશે ચા પીયો તેમાં આદુ રસ વાપરવો. રામજી ટપુલાલ બધા સુખી છે, પ્રગટ ભગવાન રક્ષા કરે છે, બધાને જય સ્વામિનારાયણ વાંચવા. **- કૃ.વ.આ.**

જૂનાગઢ.

પત્ર નં.-૧૫૨ **તા.૨-૨-૧૯૮૧**

સેવક નારાણ મનજી ખોલીયા.

પત્ર વાંચ્યો, બધુ માફ છે. ભજન વધારે કરજો. તમારા જેવા એકાંતિકને સન્તમાં હેત તેથી એવો વિચાર આવે, પુણ્યહિનને શું વિચાર આવે ! પુણ્ય રહિતનો સંગ પણ સુખ ન આપે. સાંખ્યવિચાર કરવો અને ભગવાનમાં વધારે જોડાવું તેથી વધારે સુખ વરતશે, મૂર્તિ વધારે સંભારવી. આનન્દ હો. આશીર્વાદ.

નારાણભાઈ વિગેરેને જયસ્વામિનારાયણ કહેવા. ગુલાબ પાંદડી પ્રસાદી ખાજો. **- કૃ.વ.આ.**

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૫૩ **તા.૨-૨-૮૧**

ક. ભગવાનજી, હરિકૃષ્ણ, નલીન વિગેરેને ભગવાન સુખી રાખો.

ભજન કરવું, ઉપાધી મટી ગઈ, આગળ ઉપર ભગવાનજી હશે ને ધાર્યું થશે વળી ફરીથી લાભ થશે, સારાવાનાં થશે, આશીર્વાદ.

ભગવાનજીમાં રગેરગમાં ભગવાન છે, તેમ તમારામાં ભગવાન બિરાજે, આશીર્વાદ. હાલમાં ભજન કરવું, ભગવાનજીનો કાગળ છે, તેમણે બન્નેની ભકિત સેવા લાભ ફળ પ્રાપ્તિ વિગેરે લખ્યા હતા, તમારે હાલમાં દર્શને નિકળવું નહિં, હેરાન થવાય. ઘરબેઠા ભજન કરવું. એજ. જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૫૪ **તા.૩-૨-૮૧**

અતિપ્રિય વ્હાલા સેવકો દયાળજી લાલજીભાઈ તથા ધીરજલાલભાઈ તથા અતિ વ્હાલા તમો શ્રીહરિશરણાગતિ મંડળ સેવકો તથા સાથે આસપાસ રહેતા મળતા તમામને રૂડા રૂડા આશીર્વાદો તથા જય શ્રીસ્વામિનારાયણ.

મોહનલાલ રતનશી તથા બધા શાંન્તિલાલ તથા બધા રતિલાલ તથા કાન્તિલાલ તથા દેવરાજ ડાયા તથા કેશવાળા તથા આબુધાબી કાનજી સોજીત્રા તીર્થ તથા જયન્તીલાલ ભગવાનજી પોરિયા તથા **તીર્થ સેવાવાળાઓ તમામને પ્રગટ ભગવાન સુખી રાખો, તમારા બધાના પત્રો મળે છે, અમારા પત્રો ટપાલો પોષ્ટના ખાતામાં હોવાથી કોઈ કોઈને મળે છે, કયાંક રહી પણ જાય છે તો પણ સર્વદર્શી ભગવાન બધાને દેખે છે, બધાનું ભલું ચિંતવે છે.**

હમણા ઘણાં નવા સેવકો આવ્યા છે, જુના નંબરોમાં ફારફેર થયા છે, જેથી બધાને દિલમાં પ્રેમનું સ્થળ સાચા હૃદયમાં બધાને દિવ્ય દેહે વિશાળ વ્યાપક દ્રષ્ટિ વડે જોઈને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ, બધા સુખીયા રહો, હેતના ઘુંટડા પીવા માંગવા સંભારવા અને ભજવા, એજ.

પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો. ૫૦૦૦+૫૦૦૦ દશ હજારનો ડ્રાફ તા.૨-૨-૮૧ આવી ગયો મળી ગયો છે, રાજી છીએ, ખૂબજ નાણાંવાળા હો. દેશમાં બધાના ઘરબાર પરિવાર સુખી છે, આ ભગવાન નજર રાખે છે, એજ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૫૫ **તા. ૨૫-૨-૧૯૮૧**

સેવક છગન ભગત તથા કુટુમ્બ તમોએ લખેલ પત્ની પુત્ર પરિવાર નોંધ કરી લીધી છે. તમામને પહોંચો મોકલાઈ ગઈ છે. એક માવજી લખમણ જેઠા અજાની પહોંચ બાકી છે. તે રાજકોટ હશે, કાં તો પરદેશ હશે. તેનું સ્વતંત્ર શિરનામુ છે નહિં. બીજા બીજામાં સંચારૂ છે. છતાંપણ નાનજી લક્ષ્મણને પુછવા આજે પત્ર રવાના કરેલ છે. નાનજી લક્ષ્મણને જય સ્વામિનારાયણ કહેવા. સુખી હો. આશીર્વાદ.

કુલવાડી ફુલશે ફળશે ફેલાશે ફાવશે ફાઈનલ ફિલોસોફીની ફેનિલ ફળીયાત્મક ફાણિત ફેલાવને ફેરવશે. આનંદમાં હો. ગુલાબ પ્રસાદી ખાજો. પ્રાણપતિને સેવજો.

તમારા પત્ર વડે કામકાજ ચાલે છે, તે જાણ્યું. આગળ ચલાવવું. એજ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૫૬ **તા. ૧૨-૩-૮૧**

પ્રિય સેવક મધુ ધનજી બાબરીયા, ધનજીભાઈ અઠવાડિયું થયું દર્શને આવ્યા હતાં, લક્ષ્મણભાઈ કુંકાવાવ રવિવારે ગયા હતા. ૧૦૦૦ તમારા રૂપિયા અમોને આપવાનાં માનતાના ધનજીબાપાએ લક્ષ્મણકાકા સાથે મોકલાવ્યા છે, તે મળી ગયા છે. રોકડા તમારા નામ લીસ્ટમાં જમા કરી દીધા છે. **તમારૂં ભાગ્ય ઉઘડયું છે, કાં ભગવાન, કાં સંત, કાં તો ભગવાનના ભકત ગુરૂભાઈ ભગવાનને લઈને ભાગ્ય ઉઘડે તો ઉઘડી જાય, તમારૂં ભાગ્ય ભગવાનજી રાજાના હસ્તે ઉઘડયું. ખૂબ જ કમાવો, વાપરો, દારિદ્ર દૂર થાય તેમ માવતરને સેવજો, ખૂબ રોકાજો, કમાજો, સંભારજો, ભકિત કરજો.**

ભગવાનજી રાજાને ખુશી રાખવા, ભકત છે માટે તથા તમારા પ્રતિ ઘાણું હેત છે માટે તથા તમોને પહેલા વહેલા જ વીઝા અપાવીને ઉંચી કંપનીમાં પહોંચાડયાં માટે. આબૂધાબી ભૂલવી નહિં, અમો ખૂબ જ રાજી છીએ, ગુલાબ પાંખડી ખાજો, ભજાય તેટલા ભજજો, આનંદમાં રહો, સુખી હો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચવા.

૧. મધુ ધનજી બાબરીયા, ૨. રતિલાલ રવજી ગોહેલ, ૩. રતિલાલ, ૪. મોહન કરશન મનાણી, ૫. રામજી તૂલસી ટાંક, ૬. પ્રવિણચંદ્ર ખીમજી, ૭. રામલાલ ટપુલાલ રાઠોડ, કુંવરજી મેપા મનાણી, ૮.વ્રજલાલ રણછોડ કડીયા, ૯. પ્રાગજી ડાયા ચૌહાણ, ૧૦. દેવરાજ ડાયા બગીચા, ૧૧. ભગવાનજી રાજા જાવીયા - દ્વાસાઈલેન્ડ ભકતો વધારે સંપથી આનંદથી રહો, સુખી હો, બીજા પણ શ્રીહરિશરણાગતિ મંડળ સુખી હો, બધાને જય સ્વામિનારાયણ, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો.

શામજી હીરજી ત્યાં આવ્યા હશે, નારણ જેરામ મુંબઈથી દર્શને આવ્યા હતા. આજે વાલજી કેશવજી ભગત જૂનાગઢ દર્શને આવ્યા છે. રવજી ગોપાળ પણ બે દિવસ પછી આવશે. દેવશી ખીમજી પટેલ પણ આવશે.

બાર સેવકો તથા નવા હોય તે તમારી કંપની બળમાં છે, મંડળ બળમાં છે, તમારા ભાગ્ય ઉઘડયા છે, સુખી રહો, હેલીકોપ્ટરમાં આકાશ દેવતાઓ વિચરો છો, સુખી છો, સુખી રહો, બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૫૯ **તા. ૧૬-૩-૮૧**

સેવક દયાળજીભાઈ, ધીરજલાલ, મોહન ભગત, નાનજી ભગત, આબૂ. તુલસીદાસ, રામજી, મોહન શાંતિલાલ, કાનજી ભગત તીર્થ, દાસાઈલેન્ડ મોહન ભગત, કુવરજી ભગત, ભગવાનજી ભગત, દેવરાજ ભગત, પ્રાગજી ભગત, આદિ ૧૨ ભકતો શ્રીહરિશરણાગતિ મંડળો, જયંતિલાલ, ભગવાનજી પોરીયા બધા સુખી રહો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. પત્ર મળ્યો, **પ્રભુ સંભાળ રાખે છે, ભકિત કરતા રહેજો, ભકિત, કમાઓ, સાજા નરવા રહો, આશીર્વાદ.**

વાલજી ભગત પરમ દિવસે દર્શન કરી ગયા છે, રવજી ગોપાળ આજે આંહી જૂનાગઢ છે બપોર પછી ચાવડા જાશે, પછી દેશમાં ઘરે જાશે, વેલજી ભગત તમોએ પ્લોટ લીધો સારાવાનાં થાય, આશીર્વાદ.

જામવંથળી ભકતોનો ઉત્સાહ ઘણો છે, બને તેટલો ટેકો કરવો, અમો રાજી છીએ. તીર્થનું વાતાવરણ સવળું થાતુ જાય છે, સારે ચોઘડીયે ભગવાન કામ કરશે, બધા ખુશી રાજી, સાજા નરવા રહો, ભજન કરો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬૦ **તા.૧૪-૫-૮૧**

સેવક વિરજીભાઈ **ભજન વધારે કરજો, જાગો ત્યારે ભજન સારી રીતે કરવું. આ લોકમાં કર્મ પ્રમાણે બધાને ફળ મળે છે, તમે લખો છો તે પ્રમાણે કૂર કર્મકરનાર જરૂર કોઈ દી જાહેર થાય, ઢાંકયું ન રહે.**

તમારે સત્કર્મો કરાવવા જેથી તેનું પુણ્ય તેમને સારૂં મળે, સુખ મળે. ભગવાન પાંસે કોઈનું કપટ ચાલતૂં નથી. ભગવાન સારૂં કરશે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. માળા ફેરવતા ફેરવતા ઉંઘી જવું. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

જેતપુરની મહાપૂજાઓની પહોંચ કાર્ડ મુજબ મુંબઈ મોકલાવી દીધેલ છે, તે જાણજો.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬૧ **તા.૨૦-૫-૮૧**

વ્હાલા પ્યારા એકાન્તિક ભકતો સેવકો ટપુલાલભાઈ, રતિલાલ, અમરશી, છગનલાલ, રતિલાલ જા., વેલજી ભગત, હરિભાઈ વિગેરે શ્રીહરિશરણાગતિ ભકતોની ચઢતી કળા હો. કુકડીયાભાઈઓ સુખી હો, બધાંને આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

રતિલાલ તમારૂં રેકર્ડ ટેપ પુરૂં સાંભળ્યું, નિશ્ચય ઉપાસના ઉપદેશ બધું ઉત્તમ પ્રસન્નતા મેળવાવે એવું છે, પત્ર પણ વાંચ્યો, ચોપાઈઓ સહિત ગ્રંથના નંબરમાં ઉતારી લીધેલ છે.

ભગવાનજી રાજાનો પત્ર હરિલાલભાઈ ઉપર છે, તે પણ ટેપ રેકર્ડ કરવા કહેલ છે, **તમારી સેવાઓ મળે છે, ભકિત સારી છે, ભજન કરો છો બધૂંજ ઉત્તમ છે, આનંદનો પાર નથી.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

હરિલાલ વેલજી તીર્થમાં ગયા હતા, ત્યાં દૂધપાક જમાડયો હતો, ભકતો રાજી કર્યા. પછી જામવંથળી થઈને મુંબઈથી આબૂધાબી આવશે. એજ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬૨ **તા.૩૧-૫-૮૧**

શ્રીપુત સેવક હરિભકત મોહનલાલભાઈ ડાયાભાઈ તથા તમારા પુત્ર પરીવાર કુટુંબને ભગવાન સુખી રાખો. આંબાલાલભાઈ પરદેશમાં આનંદમાં છે. સમુહ હરિભકતોનો કાગળ હતો તેમાં ખુશી મજામાં છે એમ લખે છે. તમોને આશીર્વાદ જય સ્વામિનારાયણ સુખી રહો. પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો.

કેરી નંગ બે બાસ્કેટમાં ૬૧ કેરીઓ સહી સલામત શનિવારે પહોંચી છે. પાકતી જાશે તેમ થાળમાં ધરાતી જાશે. બહુ જ રાજી થયા છીએ. તમારા બધા મનોરથો પુરા થાઓ.

સારા મોટા ફળો મોકલાવ્યા છે. ઘણી જ ગમી ગઈ છે. ગયે વર્ષે પાગ મોટા ફળો મોકલાવ્યા હતા. તમોને કામધંધા ઉપજ લાભ સારા મળતા રહો. ઢેહે સાજાનરવા રહો. ભકિત વધારે કરો. બધા ભાઈઓ સુખી રહો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૬૩ **તા. ૪-૬-૮૧**

દુબઈ - સેવક દયાળજીભાઈ તથા ધીરજલાલભાઈ તથા મોહન ભગત, વાલજી ભગત, નાનજી ભગત વિગેરે તથા આબુધાબી કાનજી ભગત, તુલસીદાસ ભગત તથા શાંતિલાલ ભગત, રામજી ભગત તથા દાસાઈલેન્ડના પ્રાગજીભાઈ વિગેરે ભ. વિગેરે ૧૨ ભક્તો તથા આસપાસના **શ્રીહરિશરણાગતિ મંડળના ભકતોને પ્રગટ ભગવાન સદા સુખી રાખ્યો, સાજા નરવા રહો, ભકિત કરવી, સેવાઓ ખુબજ કરી છે, રાજી કરી લીધા છે, જૂનાગઢ મંદિરના આરસમાં નામો બોલે છે, હવે ભગવાનની મરજી હશે તેમ બીજા કામો થયા કરશે, કુલવાડી માટે શરણાગતિ મંડળ ખુબ રાજી છે, તિર્થ માટે ત્યાં નડતર હાલમાં ખસે તેમ લાગતું નથી. ભગવાનની મરજી, કામકાજ કૂલવાડીના આગળ વધશે, તેમાં તમામ શરણાગતિ મંડળો લાભ લેશે.**

ઈન્ડિયા આવવાનું થાય ત્યારે ખબર લખવા, હાથ સાજો થઈ જાશે, કુગેવાડી મુંબઈ સુરત જૂનાગઢ ધોરાજી જામવંથલી કચ્છ વિગેરે સ્થળે ભકતજનો અક્ષરધામના સુખ લ્યે છે. કથાવાર્તા ભજન કરે છે, પુજાઓ કરે છે, ધ્યાન થાળ સેવા કરે છે, મોક્ષમાં કાઈ ખામી નથી, બાળક યુવાન વૃધ્ધ નરનારીઓને પ્રગટનો રંગ દિલમાં વસેલો છે તેથી દુઃખ આવે જ નહિં, આવે તો વિસરી જવાય, આ લોક દુઃખદાયી છે, ભુલના ભોગ થવાય નહિં તે ધ્યાન રાખવું, ભગવાન ભુલ પડવા ન દિયે. એજ આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

છૂટાછવાયા - રામજી જેઠા, મોહનલાલ રતનશી, કાનજી મૂળજી, વિસરામ ભીમજી, જયંતિલાલ રાઘવ, નાનજી લક્ષ્મણ, વાલજી કેશવજી, તુલસીદાસ મનજી, કાન્તીલાલ ડાયા, શાંતિલાલ કેશવજી, મનહરલાલ ભવાન, શાંતિલાલ પૂંજા, શાંતિલાલ નરસિંહ, નારણ પ્રેમજી, ઠેવજી કાનજી, રતિલાલ ગંગદાસ, દામજી ગંગદાસ, રવજી ગોપાળ, નારણ હંસરાજ, રતિલાલ ઓધવજી, છગનલાલ ડાયા, છગન માવજી, પ્રવિણ લક્ષ્મણ, મનસુખ માવજી, પ્રાગજી ગોવિંદ, પ્રેમજી શામજી, ભગવાનજી કુંવરજી, ઠેવશી ખીમજી, ઠેવરાજ ડાયા, કુંવરજી મેપા વિગેરે વિગેરેમાંથી જે મળે જ્યારે મળે અમારા આશીર્વાદ જય સ્વામિનારાયણ કહેવા. **પ્રગટ ભગવાનના હેતભર્યા આશીર્વાદ.** ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૬૪ **તા.૩-૭-૮૧**

સેવક વેલજી ભગત- શ્રીહરિશરણાગતિ મંડળ લાભુ, જ્યા, શાન્તા, દયા, સંતોક, કમળા, લક્ષ્મી, મંજુ, ધની, જીવી વિગેરે વિગેરેને આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો, **ચોમાસાના નિયમ માળા દંડવતના રાખવા, સદે તેમ કરજો, ભજન ભકિત કરજો.**

સેવકો તુલજી મનજી, ચંદુલાલ ભીમજી, મોહન રતનશી, જગજીવન રવજી, દેવરાજ ડાયા કુટુંબ, નરશી પોપટ, વેલજી રવજી, માવજી મનજી, મોહન કરશન, દામજી કરશન પરમાર, વાલજી દેવરાજ ટાંક, મનસુખ કુવરજી મેપા, ધરમશી હીરા પેથા, જ્યંતિલાલ હંસરાજ રાઠોડ વિગેરે વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળ, પુના કુગેવાડી ડાપોડી શ્રીહરિશરણાગતિ મંદિરે આવતા હોય તેને તેને પુત્ર પુત્રી પત્નિ પરિવારને આશીર્વાદ, જય સ્વામિનારાયણ. **સુખી રહો, ભકિત કરો, સાજા નરવા રહો.** કૃ.વ.આ.

લાભુદેવી તથા દયાળજી ભગતને માલમ થાય જે - મું. ભંડારા. વાયાઃ નાગપુર, મહારાષ્ટ્ર, ત્યાં શ્રીહરિશરણાગતિ મંડળના કુંકાવાવના સોની માધવજી ભગવાનજી રહે છે, મેઈન બજારમાં દુકાન તથા રહેણાંક છે, તેમણે પ્રગટ ભગવાનની નવી બેઠી ધાતુની મૂર્તિ બનાવરાવી છે, તેમની પાસે, મુંબઈવાળાએ મૂર્તિવાળાએ બાબુલાલ રામચંદ્ર અગ્રવાલ માધવબાગ કમ્પાઉન્ડ, સી.પી. ટેન્ક રોડ, તેમણે મૂર્તિ મોકલાવી હશે, તે સોની તેની તેની પ્રતિષ્ઠા ભંડારામાં કરવાના છે, હજુ ખબર આવ્યા નથી. એટલે અમોએ પણ તેમને નકકી લખેલ નથી. પણ ''શ્રીકૃષ્ણ કે વૃતાંત'' હિન્દી પુસ્તકો વેલજી રવજી ભગત લાભુબેન પાસે છે, તે ભંડારાવાળા માધવજીને ૨૫ - પચાસ બંડલ આપવાના છે, પોષ્ટ પાર્સલ થાય, તમોને દયાળજી ભગતને વખત મળે તો એક કે બે પાર્સલ કપડે સીવીને થઈ શકે તો - મુ. ભંડારા, મહારાષ્ટ્ર, સોની માધવજી ભગતજી કો મીલે, ઠે. મેઈન રોડ, ભંડારા. આ સીરનામે કરવાના છે. દશ, વીસ, પચીસ પુસ્તક જેટલા પોષ્ટમાં જઈ શકે તેટલા મોકલવાના છે, આ થઈ શકે તો કરજો.

લાભુદેવીને ઉપલી સુચના અમોએ એક મહિના પહેલા આપેલ હતી. એજ. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૬૫ **તા.૧૪-૭-૮૧**

વ્હાલા સેવક પ્રાગજી ડાયાભાઈ તથા શ્રીહરિશરણાગતિ મંડળ, ભગવાનજી રાજાભાઈ, દેવરાજ ભગત, મોહનલાલ ર. ભગત, કુંવરજી ભગત, રતિલાલ ભગત, રતિલાલ પ્રે. ભગત, રામજી તૂ. ભગત, રામજી ટપુ ભગત, પ્રવિણ ખી. ભગત, મોહન ક. ભગત તથા સાથે વ્રજલાલ રણછોડ ભગત, મધુ ધનજી ભગત તથા સાથેના શ્રીહરિશરણાગતિમંડળને ચઢતી કળા ભગવાન આપો.

તમારા પત્રો વડે બહુ રાજી ચઢતી કળા હો, ખુબજ નાગાં ભકિત ભગવાન સેવા ઘર સંપ મદદ વિગેરે કરતા રહો, હાલમાં તો બહુજ ઉંચી કળા ચઢતી છે, બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચવા.

જામવંથળી કૂલવાડીથી હીરજીભાઈ તથા છગન પ્રેમજી આવ્યા હતા, તેમના ઘણાં સંકલ્પો છે. પ્રાગજીભાઈ, ભગવાનજીભાઈ, મોહનલાલ રતનશીભાઈ ૧૧નાં **મંડળમાં આગેવાનો તથા બીજા બધાયને ભલામાણ કે કમાઓ વાપરો ખૂબજ સારાવાના કરો, જેમ વાપરશો તેમ સોનાની લગડીઓ મળશે.**

''આ સમયે અઢળક ઢળ્યા રે લોલ, કાંઈ કહ્યામાં નાવે વાત મારી બેની, પ્રગટ પ્રભુ અઢળક ઢળ્યા રે લોલ.'' સુખશાંતિથી આગળ વધજો. તીર્થમાં વાણીયાનો વંડો ૩૦૦ વાર મળે એમ છે. થાય તે ખરૂં. પ્રસાદી ગુલાબ પાખંડી ખાજો.

શ્રીકૃ.વ.આ. ના રાજીપાના જય સ્વામિનારાયણ વાંચજો, બધાને જય સ્વામિનારાયણ કહેજો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૬૬ **તા. ૨૨-૭-૮૧**

સેવક મધુભાઈ ધનજીભાઈ આ પત્ર સાથે તમારી ૧૦૦૦ ની પહોંચ મોકલાવી છે.જન્મજયંતીની આઠમે રસોઈ બાંધવામાં સેવા માટેનો પત્ર મળી ગયો હશે, બધા શ્રીહરિશરણાગતિ મંડળ દાસાયલેન્ડ માટે પ્રસાદી ગુલાબ પાંખડીઓ ગુરૂપૂર્ણિમાની મોકલી છે.તમારી પત્ની અને પુત્રનું નામ મોકલજો લેખ કોતરાવવામાં આપવું છે, સુખી રહો, આશીર્વાદ જય સ્વામિનારાયણ.

ભગવાનજી રાજાભાઈ, દેવરાજ ડાયાભાઈ, પ્રાગજી ડાયાભાઈ, વ્રજલાલ રણછોડભાઈ, કુંવરજી મેપાભાઈ, રામલાલ ટપુભાઈ, મોહનલાલ કરશનભાઈ-પુરાણી, રતિલાલ પ્રેમજીભાઈ, રતિલાલ રવજીભાઈ ભગત, મધુભાઈ ધનજીભાઈ તીર્થવાસી, રામજીભાઈ તૂલસીભાઈ ભગત, પ્રવિણચંદ્ર ખીમજીભાઈ સેવકો બધાને જય સ્વામિનારાયણ.

દેશમાં વરસાદ ખૂબ જ છે, મોલ સારા છે, માણસો આનંદમાં છે, શ્રીહરિશરણાગતિ મંડળોના ઘર કુટુંબો લ્હેરમાં છે. ભજો ભકિત વધારે કરો, ચોમાસાના નિયમો બને તો પાળો, પ્રગટને ભજો, કમાઓ, લાખોપતિઓ થાઓ, લીલા લ્હેર છે, બધાનાં છોકરાઓ સાજાનરવા છે.

પ્રગટ મળે અને તુચ્છ માંગે ધ્રુવ જેવા અભાગિંયા, પ્રગટ મળે મુકિત સુખ સેવા માંગે પ્રહલાદ જેવા ભાગ્યશાળી. નંદ-સુનંદ જય-વિજય પાંચસો પરમહંસ રાધાલક્ષ્મી જયા-લલિતા ભકિતમાતા ભગવાનની મૂર્તિમાં વસનારા છે, તે ભગવાનના ભાગ્યમાં આનંદ લેનારા છે, સર્વ ઠેકાણે સુખીયા, પોતે સોંપાય તે આત્મનિવેદી, બધુંય પોતે પોતાનું સોંપાયું તો સર્વનિવેદી તે એવા થવું. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૬૭ **તા.૨૬-૭-૮૧**

પ્રગટને નમઃ

બેહરીન - સેવક ટપુલાલ કાનજી, રતિલાલ, હરિલાલ, અમરશી, રતિલાલ લાલજી, છગન, વેલજી, આંબાભાઈ, ધરમશી શ્રીહરિશરણાગતિ મંડળ જયંતિલાલ વિગેરેને પ્રગટ ભગવાન સુખી રાખો.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. હરિલાલભાઈ તમોને મળ્યા આનંદ થયો, **બધા ભકતો બધે સ્થળે સુખી છે, દેશમાં પાણ બધા સુખી છે, વરસાદ ખૂબ જ સારા છે, અમોને પણ સારૂં છે, બે વર્ષ પુરા કરજો, રામજીને લખજો, મહારાજે બે વર્ષ રોકાવાનું લખ્યું છે, હજાર બચે તો પણ વંથળી રાજકોટ કરતા સારૂં છે, દેશમાં કાગડા ઉડે છે, દેશ કરતાં તો ત્યાં સારૂ છે, રોકાજો, કમાજો, ફાવતા ફાવતા વર્ષ વિતાવી દેજો, પછી રાજકોટ કામ કરજો, ફુલવાડી કામ ચાલુ છે, તમો જેટલાં ભેગા છો બધાને આશીર્વાદ જય સ્વામિનારાયણ.**

બેહરીનથી રતિલાલ હંસરાજ વિગેરે તમો બધાનો કાગળ મળ્યો, રક્ષા કરતાં રહેશું. **ચાતુર્માસે ભકિત વધારે કરવી, પ્રગટના સંકલ્પ પુરા થાશે, તમો તે કરનારા છો.**

વેલજી મનજીને ૧૦૦૦ ની પહોંચ મોકલી દીધી છે, ડ્રાફ આવશે, સ્વીકારશું, લેખમાં વેલજી તેના પત્નીના રકમોના નામો કોતરવામાં આપી દીધા છે.

રવજી ગોપાળને પત્ર લખ્યો છે, રવજીને પણ લખ્યો છે, સાજા રહો. નારણ, રામજી, મોહનભાઈ બધા સુખી છે, **બધાએ પ્રગટને બહુ જ રાજી કર્યા છે, સેવા વડે રાજીપો લીધો છે, આનંદમાં રહો.**

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૬૮ તા.૨૮-૭-૮૧

ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીશ્વેતાયનવ્યાસને નમો નમઃ

સેવકો ભગવાનજી રાજા તથા મોહન ભગત, કુંવરજી ભગત, પ્રાગજી ભગત, રતિલાલ ભગત, રામજી ભગત, બીજા રામજી ભગત, મધુ ભગત, ભગવાનજીભાઈ, રતિલાલ ભગત, વ્રજલાલ ભગત તથા હાજર ગેરહાજર શ્રીહરિશરણાગતિ મંડળના ભકતોને પ્રગટ શ્રીહરિ સુખી રાખો. આશીર્વાદો, પરદેશમાં કોઈ દુઃખ ચિંતા ન હોય, સાજા નરવા રહો, કુટુંબ બાળબચ્ચાઓ સુખી રહો, લાભમાં હો, રક્ષામાં હો, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, દેશમાં વરસાદ સારા છે, બધા આનંદમાં છે.

ભૂખ્યાને દુઃખ, ભરેલાને સુખ એ તો આ લોકની રીત છે. જ્ઞાનિને આનંદ, અજ્ઞાનીને ઉદ્વેગ એ પણ શરીર ધારીઓની રીત છે, સંતોષીને તૃપ્તિ, તૃષ્ણાવાળાઓને તરસ એ પણ રીતિ છે. ભગવાનને સુખે સુખીયાને આનંદ જ છે. તમો બધા આનંદમાં રહો. ભગવાને જ્ઞાન, સમજાણ, વિચાર, વિવેક, દિક્ષા, વૈરાગ્ય, સંતોષ, આશરો, ઉપાસના, બળ, ઉપજ, લાભ, વિદેશ પરિચય, આકાશગતિ, શાંતિથી સતકર્મ, મજુરી, આત્મમોક્ષ સ્થિતિ વિગેરે આપ્યા જ છે, મૂલ્ય સમઝે તેને બ્રહ્મસુખનો પાર નથી, ન સમઝે તેને યમદુઃખનો અંત નથી. આ તો પ્રગટનો વેદ ઉપદેશ છે.

સેવો છો, જમાડો છો, વસ્ત્ર પાગરણ સાધન યંત્રો મોકલો છો, ફાળાઓ આપો છો, રાજી રાખો છો, ચરણમાં પડો છો, માવતર પૂત્ર પરિવાર કુટુંબથી વધારે ગણો છો, તે કાંઈ નાની સુની વાત નથી. સુખી હો આશીર્વાદ. લાભ હો, આશીર્વાદ.

ભગવાનને તમારો વિશ્વાસ છે એ પણ એક અલૌકીક વાત છે, ભગવાન તમને વર્યા, તમો ભગવાનને વર્યા છો એ પણ અક્ષરધામની વાત છે.

સ્વાર્થને લઈને કલેશ થાય તે ભગવાન ટાળે પણ પથ્થર કઠણ હોય તેમાં પાણી ન પેસે તેવું હોય તો ટાઢું કયાથી થાય, પથ્થરમાં અગ્નિ પેસે તે ઉદ્વેગ જ કરે. સારાવાના હો, ખૂબ કમાઓ, ખૂબજ સેવો, ખૂબજ પૂજો, ખૂબજ સંભારો, ખૂબજ આશરો રાખો, ખૂબજ ખાઓ પીયો ભોગવો વાપરો, રમુજમાં જીવન ગાળો, જળ કમળ પેઠે રહો.

ભગવાનમાં જ વર્તો, નાણાં તે ભગવાનનાં ઘરેણાં, બાળબચ્ચાંઓ તે ભગવાનનાં કુટુંબો, ખેતરવાડી તે ભગવાનની ભૂમિકાઓ, શકિત સામર્થ્ય તે ભગવાનના ઐશ્વર્યો, સારાવાના તે ભગવાનના સદ્‌ગુણો, સંપ સલાહ તે ભગવાનનું હેત, આવી બાબતો સમઝવી. એજ. આશીર્વાદ જય સ્વામિનારાયણ.

ડ્રાફ ૧૦૦૦, શ્રાવણના- કુલહારના ૫૦૦ અને કૃ.વ.આ.ની સેવાના ૫૦૦ એમ મળ્યો, રાજી છીએ, આશીર્વાદ આપીએ સુખી હો, વિઘ્ન ન હો, કમાઓ સારાવાના દેખો, વિશ્વંભરને કોઈ પહોંચી શકે તેમ નથી. તમોએ ઘણાં ઘણાં ફાળાઓ સેવાઓ આપ્યા, તીર્થમાં રાષ્ટ્રીય ભવન મૂર્તિ ધામધૂમના ફાળા, કોલેજના ફાળા, જન્મઘર લેવાના ફાળા, ડંકી વિગેરે પાગરણ ઠામવાસાણ સગવડના ફાળા, રંગરોગાનના ફાળા, બારેમાસ થાળ શ્રૃંગાર ઉત્સવ સમૈયા પૂજન મેવા રસોઈઓ આદિકના ફાળા, જન્મજયંતીના ફાળા, ખાનગી સેવાઓ તથા કળશ શતાબ્દી દ્વિશતાબ્દીના ફાળા, હોમ હવાન યજ્ઞ પૂજન મહાપૂજાઓ વિગેરેના ફાળા, કથાઓના ફાળા, આ બધાં પૂણ્યો તમોને નદીના પ્રવાહની પેઠે મળે છે માટે સમજે તેને અધુરૂં નથી. એજ.

તીર્થભૂમિ લેવા બહેરીનનો ફાળો, તીર્થભૂમિ લેવા જયંતિલાલ પોરીયાના ઘરે જન્મજયંતિના મહોત્સવમાં ફાળો તથા દાસાઈલેન્ડના ભકતોનો ફૂલવાડી માટે ફાળો, બીજાઓના પાણ ડંકી પાતાલકુવા સારડો વિગેરે માટે ફાળો આ બધું પૂણ્ય નદી પ્રવાહની પેઠે તમોને મળે છે.

દાસાઈલેન્ડનો ફાળા ૨૧૫૦૦ કુલ ફુલવાડી માટે અપાણો તેનો ગઢ ચણાણો તે સાથે બીજા કામો થયા.

તીર્થની વધારે ભૂમી માટે બહેરીનનો ૨૮૫૦૦ નો ફાળો જન્મજયંતીને દિવસે કર્યો.

તીર્થની ભૂમિ લેવા મકાન કરવા સારો ફાળો ૧૧૨૫૦૦ નો ફાળો લખાણો છે.તીર્થની વધારેની ભૂમિના માલિક દોઢ લાખ ભવિષ્યમાં તો આઠ દશ લાખની વાતો કરે છે જેથી તે વાત પડી મેલાણી છે.

રૂા.૨૮૫૦૦, રૂા.૧૧૨૫૦૦ આ બધી સેવા શ્રીહરિશરણાગતિ મંડળની જન્મભૂમી ફુલવાડીમાં વપરાય તેવો સમય બળવાન આવ્યો જણાય છે.

૨૮૫૦૦ માંથી ૨૫૦૦૦ ફુલવાડી માટે અપાઈ ગયા છે કામ ચાલૂં છે, ૧૧૨૫૦૦ નો ફાળો આવતો જશે તેમ ગગનમાં દેવો સાથે વાતો કરે તેવો મહામહોલ પ્રાસાદ સેવકો બાંધવા ઈચ્છે છે, તેમાં લેખે લાગશે, અક્ષરધામમાં મહાપ્રાસાદ ચળકશે. આ વાત બધાએ જાણી રાખવી, પ્રગટ ભગવાનની મરજી હશે તેમ થાશે, બધા સુખી રહો, સેવાઓ કરો.

ભગવાન તો રેતીમાં સોનું દેખાડે, નિપજાવે પણ ખરા. એજ. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૬૯ **તા. ૧૭-૮-૮૧**

સેવકો હસમુખ રામજી, રમેશ, પ્રભા, પુષ્પા કુટુંબ માંબાપ બધાને ભગવાન સુખી રાખો.

મૂર્તિમાં ભગવાન દરરોજ દૂધ પીયે છે, હાર પહેરે છે, દૂધ દહીં રોટલી ખાય છે.

રામજીભાઈનો પત્ર આવ્યો છે, આનંદ મજામાં છે, રમેશ કામ શીખે પછી પરદેશ જાય એમ કરવું છે.

ગાયમાતા દૂધ ખુબજ આપે, **ઘરે આંટોફેરો ભગવાન કરે છે, નજર રાખે છે.**

રાખડી આવી બાંધી, આશીર્વાદ. જય સ્વામિનારાયણ. ગુલાબ પ્રસાદી ખાજો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૭૦ **તા.૭-૯-૮૧**

સેવક દયાળજીભાઈ, મોહનલાલ રતનશીભાઈ તથા મોહન ભગત તથા કુંવરજીભાઈ તથા શ્રીહરિશરણાગતિ મંડળ સમસ્તને પ્રગટ ભગવાન સુખી રાખો.

તમારો પત્ર મળ્યો ઉભા ફોટાનું ચિત્રકામ કરાવ્યું, ઘણું સારૂં કર્યું, મુખ ઉપર ઉજળાશ સારી હોવી જોઈએ, શેડ છાયા ન જોઈએ, આકર્ષક મૂર્તિ, દેખાવ કરવો, આ કાગળમાં મૂર્તિ તમારે કરાવવી,

બ્લોકવાળો ફોટો કથા વાંચતો છે, બન્ને તરફ ત્રાણ ત્રાણ લાઈનો છે તે બધી જેમ છે તેમ ત્રાણ લાઈન પડખામાં લખાવવી, અક્ષરોમાં ફેરફાર ન રહી જાય તે પ્રમાણે બરાબર લખાવજો, (મુખરૂપ સુંદર છે) બીજી પાણ છબી જે પાઘવાળી તમોએ બે વર્ષ પહેલા ચિત્રાવેલી હતી તેનું મુખ સુંદર ચિત્ર હતું તેવું ઉજળું કરાવવું, આંખ, કાન, ગાલ, નાક, ચશ્મા વિગેરે છાયા ન રાખવી, કાળું ન રાખવું. એજ. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, કુલવાડી મંદિરમાં બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૭૧ **તા.૧૬-૧૦-૮૧**

જન્મજયંતી મહોત્સવ.

સેવકો શ્રીહરિશરણાગતિ મંડળ હંસરાજ કાનજીભાઈ, ટપુલાલ કાનજીભાઈ, દેવજી કાનજીભાઈ, હંસરાજ વશરામભાઈ, રતિલાલભાઈ, અરમશીભાઈ નારણભાઈ, જયંતીલાલભાઈ તથા સર્વે નાના મોટા કુટુંબોને **પ્રગટ શ્રીહરિભગવાન સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જૂનાગઢથી નવા વર્ષના જન્મષ્ટમીના ઘણાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.**

ઉત્સવ સારા ધામધૂમે કરવાં, ભજન ભકિત પ્રસાદ કીર્તન વિગેરે કરવા. બધાને આશીર્વાદ સુખી હો. જય સ્વામિનારાયણ. નવા વર્ષમાં બધા સુખી હો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૭૨ **તા.૪-૧૧-૮૧**

સેવકો- શાંતિલાલ કે. બગીચાવાળા તથા ગોવિંદજી નારણજીભાઈ અબોટી વિપ્ર તથા માલદેવજી ભૂરાભાઈ તથા શ્રીહરિશરણાગતિ મંડળ તમામ હરિભકતો સેવકોને અમારા નવા વર્ષના આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ.

નવા વર્ષે ખૂબ જ સાજા નરવા રહો, ભજન ભકિત કરો, આનંદમાં રહો, કમાઓ, કુટુંબને સુખી રાખો, ભકિત કરો, નવા વર્ષના આશીર્વાદની ગુલાબ પાંખડીઓ મોકલી છે. ખાજો.

જન્મજયંતીએ ૮૦૧ રૂા. ની આરતી ભગવાનની ઉતારી તેથી ઘણાં જ રાજી છીએ. ભકિત કરજો. બધા સાથીદારો ભકતોને જય સ્વામિનારાયણ કહેજો.

આબુધાબી ભકિત તુલસી મનજીને પત્ર લખી ડ્રાફ પહોંચ્યાના ખબર લખ્યા છે. એજ. ૩૨૫૦ નો ડ્રાફ આવ્યો છે. આબુધાબી દેવજી કાનજી ચાવડાવાળાને પણ પત્ર લખ્યા છે. **બધાને રાજીપાના આશીર્વાદ.** **- કૃ.વ.આ.**

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૭૩ **તા.૨૧-૧૨-૮૧**

સેવકો રામજી જેઠા, શાંતિલાલ પૂંજા, જયંતિલાલ દેવશી ત્રણેય પ્રિય ભકતોને ભગવાનના આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

પત્ર કવર મળ્યું, બહું જ રાજી.

રમેશનો પત્ર પૂનાથી, લીલાનો પત્ર જામવંથળીથી, જેન્તીલાલનો સ્વપત્ર એમ ત્રણયે પત્રો મળ્યા હતા, ઘણાં આશીર્વાદ છે. **ખૂબજ કમાઓ, ભગવાન કમાઓ, મોક્ષ કમાઓ, સેવા કમાઓ, મનોરથ કમાઓ, ધ્યાનમાં હૃદયમાં મૂર્તિ જોવી, જમાડવા પીવરાવવા સુવારવા પૂજવા રમાડવા ભેગા જ છે, સેવક સ્વામી છે, નજર રાખે છે, દેશમાં કુટુંબને પત્ર વડે સંભાળ્યા છે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.**

કાશીથી મહાઅભિનંદનગ્રંથો બે-ચાર દિવસોમાં જૂનાગઢ આવી જશે, સંસ્કૃત હિન્દી અંગ્રેજી ગુજરાતીમાં અભિનંદનો વડે જૂદાજૂદા શ્રીશ્વેતાયનવ્યાસ મહેશ્વર ઈશ્વરાંશ ભગવાનને ઘણાં પ્રકારે વર્ણવ્યા છે, ૨૦૦ કિંમત છાપેલ છે, ૨૫૦-૫૦૧ વિગેરે સેવાવાળા સેવકોને ખાસ મળવા, તે લાભ મળે તે માટે, ગ્રાહકમાં નામો ચઢતા જાય છે.

જયંતીલાલ દેવશીનું નામ ગ્રંથ બાબત વળતરમાં જોવામાં આવતું નથી. **બધા સુખી રહો સહન કરીને પણ કમાઓ, દેશમાં કાંઈ દ્રવ્ય લાભ દેખાતો નથી માટે ભગવાને સમય આપ્યો છે કૃપા વડે અષાઢી મેઘે વરસ્યા છે માટે સાર્થક કરી લેવો.**

આબૂધાબી તૂલસીદાસ, દેવજી ભગત વિગેરેને તથા દાસાઈલેન્ડ ૧૨ ભકતો મળે ત્યારે જય સ્વામિનારાયણ કહેવા. સુખી રહો , ભકિત કરો, આશીર્વાદ જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

પત્ર નં.-૧૭૪ **તા. ૨૭-૧-૮૨**

ફૂગેવાડી મંદિરમાં બધાને આશીર્વાદ જય સ્વામિનારાયણ.

સેવક દયાળજી તથા ધીરજલાલ તથા કુટુંબ પુત્ર પરીવાર તથા શ્રીહરિશરણાગતિ મંડળને ભગવાન ખૂબ જ સુખી રાખો, બે પત્ર મળ્યા, વાધા તમોને પહોંચ્યા, દરજીને યાદ રહેલ નહિં, અદલબદલ થએલ છે, કાપડ ત્યાં રાખજો, ઠાકરોજી માટે કે ભકત માટે વાપરી લેજો.

મૂર્તિ ધોળી મુખ હાથ પગ સફેદ ઉજળા હોય તો વધારે સારૂં, કથાવાળી ત્યાં રાખજો, હવે તો ઘણી મૂર્તિઓ થઈ ગઈ છે, નવી વધારવી નથી, લાડકીવાળી ઉભી મૂર્તિને જે દેખે છે તે લઈ જાય છે, સ્નેહ પ્રેમમાં કાનુડો કૃણ પાણ સારો જ લાગતો.

ભકિત કરો, હેમખેમ આવ્યા તે પાણ ભગવાનની ઈચ્છા, દર્શન કરવા આવજો, કામધંધા દેશમાં કરજો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૭૫ **તા. ૩-૩-૮૨**

સેવકો ટપુલાલ કાનજી, **તમારે ઘેર મોટો અભિનન્દનગ્રંથ હંસરાજભાઈ સાથે મોકલી દીધો છે. કિ.૨૫૦/ મનીઓર્ડર આવ્યુ તે મળી ગયું છે.**

રતિલાલ હંસરાજ, અમરશી હંસરાજ, રતિલાલ લાલજી, છગનલાલ મૂળજી, હરિલાલ વેલજી, હરિલાલ પ્રેમજી, વેલજી મનજી, શાન્તિલાલ પરમાર, આંબાલાલ, વ્રજલાલ, શ્રીહરિશરણાગતિ મંડળને શ્રીહરિ સુખી રાખો.

રામજી આનન્દમાં છે, કમાઓ સાજા નરવા રહો, **જામવંથળી શ્રીહરિશરણાગતિ મંડળ સરકારમાં રજીષ્ટર્ડ નોંધાઈને બેંક નંબર ડ્રાફ ને માટે તમોને જણાવેલ તે પ્રમાણે વહેવાર કરવો, લાંબો કાળ તે વહેવાર રહેશે.**

જાદવભાઈ, મનસુખ રવજી, મનજીભાઈ, મનસુખ લાલજી, જયન્તિલાલ, ધરમશી જીવરાજ, બચુ ભગવાન, નારણ વીરજી, દામજી બધાને આશીર્વાદ જય સ્વામિનારાયણ.

બધા સ્થળોએ બધા શ્રીહરિશરણાગતિ મંડળો ભગવાન માટે તન મન ધન વાપરી રહ્યા છે, ઉત્સાહિત છે, સારા મોટા કામોમાં સહમત છે માટે સંપૂર્ણ કામો થશે, વધારે અહેવાલ જામવંથળી શ્રીહરિશરણાગતિ મંડળ આવશે તે અનુસંધાને કામકાજ કરતા રહેજો, બધાને જય સ્વામિનારાયણ કહેજો.

અમો જૂનાગઢથી બાહેર જવાના નથી, શરીર કામ કરતૂં નથી, ખાસ જાણવું.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૭૬ **તા.૨૦-૩-૮૨**

સેવકો- રામજી જેઠા, જયંતીલાલ ભગત, શાંતિલાલ ભગત, તૂલસીદાસ ભગત, ઠેવજી ભગત શ્રીહરિશરણાગતિ મંડળ બધાને ભગવાન પ્રગટ ભગવાન સુખી રાખો, ચઢતી કળા રાખો, આશીર્વાદો જય સ્વામિનારાયણ વાંચવા, પ્રસાદી ગુલાબ પાંખડી આવી, ભક્તિ વધારે કરવી, સાજા નરવા રહો.

તમારા ભગવાન વરસાદ મોકલે છે, જયંતિલાલને કમળો મટી જાશે, ૧ પુસ્તક તેને ઘેર મોકલ્યું છે, કંપનીને કામ મળ્યા કરશે, ધનવાન પુત્રવાન લક્ષ્મીવાન હો. નવા ટેન્ડરો ભરનારા પણ પરદેશ આવવા જવા માંડયા છે. એજ.

વિશ્વંભર તૃપ્ત છે, સેવા હૃદયનો પ્રેમ, એજ. કાંઇ જોઈતું નથી.

ફૂલવાડી શ્રીહરિશરણાગતિ મંડળે ખૂબ જ કામ ઉપાડયું છે, બેહરીન રૂવી મસ્કત સલાલાહ દમામ તાયફ ઈરાક આબૂધાબી દુબઈ આઈસ્લેન્ડ કુવૈત બધા સ્થળોના શરણાગતિ ભકતો ખૂબજ આનંદમાં છે, બધા તન મન ધન વડે ભાવ સ્નેહ વડે ભગવાનને સોપાઈ ગયા છે, ઘણાંસારા કામ કરશે. પહેલાના કાગળો મળ્યા છે, બધાને આશીર્વાદ. હવે ફૂલવાડી માટે સેવા ડ્રાફ ત્યાના મંડળ ઉપર મોકલવા તેમને સોપ્યું છે. ફૂલવાડીના ડ્રાફ જૂનાગઢ ન મોકલવા ખબર આપવા, એજ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૭૭ **તા. ૮-૧-૮૩**

સેવક નારણભાઈ કુટુંબ ! આનંદમાં છીએ. ભારતીનું ભાગ્ય મોટું, કિશોર પણ સુખી થયો, સેવા ઘણી થઈ છે.

અમો સર્વત્ર મૂર્તિરૂપે છીએ, ભકતોનાં દિલમાં નેત્રોમાં છીએ.

મુકુંદ આનંદમાં રહો, સેવા ભકિત કરોજ છો, રાજકોટમાં નોકરી થાશે, અરજી કરવી, પાસ થાઓ. કિશોરનું અપડાઉન મટી જાશે. સારાવાના હો. આશીર્વાદ.

પપ મળ્યા રાજી. આશીર્વાદો જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

બધાને ભગવાન મળ્યા તેથી સુખી છો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૭૮ **તા.૯-૧-૮૩**

સેવકો ટપુલાલભાઈ, અમરશીભાઈ, રતિલાલભાઈ, નારણભાઈ, બે હરિલાલભાઈ, વેલજી, ભગવાનજીભાઈ, બહેરીન મસ્કત બધાને આશીર્વાદ જય સ્વામિનારાયણ વાંચવા. **સુખી રહો, કમાઓ, શ્રેયઃ કરો છો, વાપરો, ફૂલવાડી સેવો છો, સેવજો, કુટુંબ પરીવાર સુખી રહો, ચાવડા બધા સુખી છે, ભકિત કરે છે, કમાવાના સારા ટાણાં છે, પરદેશમાં મુંઝાવું નહિં, ભજન કરવું, ઉત્સવ કરજો, ભજન કરજો, શ્રીહરિશરણાગતિ મંડળ બધું સુખી છે, વધારે સુખી હો.**

ભગવાન તે ભગવાન, ભાગ ત્યાગનો માગ નથી, પરચા ગાવા, પ્રત્યક્ષ મૂર્તિ હૃદયમાં જોવી, સારાવાના હો, ખૂબ જ ચાવડા ભકતોને તેમાં તમોને સારૂં છે, સારૂં ઘણું આપ્યું છે, રાજી કર્યા છે, સૂર્ય ચંદ્ર અગ્નિ સંતને સેવીને તેજસ્વી થયા છે, ખૂબ આનંદ કરો જય સ્વામિનારાયણ.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૧૭૯ **તા.૧૮-૨-૮૩**

સેવક શાંતિલાલ કેશવજી બગીચાવાળા તથા રામજી જેઠા, મોહન ભગત, કુંવરજી ભગત, શાંતિલાલ પૂંજાભાઈ, કાંતિલાલ ડાયાભાઈ, છગન માવજીભાઈ તથા દરબાર તથા ખીમજી રવજી, મનસુખ હંસરાજ, જગદીશ આદિ શ્રીહરિશરણાગતિ મંડળ સુખી રહો, ભકિત કરો. જેન્તીલાલ કચ્છી તા.૧૫-૧૬ના આહીં હતા.

શાંતિલાલ બગીચાના ૧૨૫, સેવાના આવ્યા છે, મળ્યા, રાજી છીએ. તમારા હૃદયમાં ભગવાન કાયમ વસ્યા છે, તમારા કુટુંબો સુખી છે, ભગવાને જોઈએ તે આપ્યું છે, સુખી રહેવું, ચરણ તથા મૂર્તિ પધરાવશો તો અખાજવાળાનું દીલ પાવન થાશે, સારા સંસ્કાર થાશે, પાપીને ઉધ્ધારતા આવ્યા છે ઉધ્ધારશે.

ગોવિંદજી ભગત દર્શને આવી ગયા છે, તેમને ત્યાંનું પદ સોપ્યું છે, સુખી થાયશે, લાભુને લખશું. ત્યા બધાને જય સ્વામિનારાયણ પણ કહેજો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૮૦ **તા. ૮-૩-૮૩**

સેવકો - દેવજી કાનજી ચાવડાવાળા, રામલાલ ટપુલાલ, છગનલાલ માવજી, ખીમજી રવજી, મોહન કરશન, કુંવરજી ડાયા, રામજી જેઠા, શાંતિલાલ પૂંજા, રામજી કેશવજી, રવજી ગોપાળ, મનસુખ હંસરાજ, પરસોતમ જેઠા, નરસીં અમરશી, ખીમજી રવજી, વૃજલાલ લાલજી, પ્રાગજી ડાયા, માવજી લક્ષ્મણ, આંબા ડાયા, કાંતિલાલ બાબુ, દયાળજી લાલજી, નાનજી લક્ષ્મણ, પ્રવીણ લક્ષ્મણ, ધીરજલાલ લાલજી, ઓધવજી ટપુ, મધુ ધનજી, તૂલસી મૂળજી, દિનેશ ધનજી, રમેશ રામજી, અમૃતલાલ ખીમજી, નારણ જેરામ, ધીરજલાલ લાલજી, **નવા નવા ભકતોને શ્રીહરિશરણાગતિ મંડળને પ્રગટ ભગવાનના આશીર્વાદ, જય સ્વામિનારાયણ.**

તમારો ઉત્સાહ પત્ર મળ્યો, જેથી શ્રીહરિશરણાગતિ મંડળ મોળું ન પડે ખૂબ ઉત્સાહ કરજો, દામજી ગંગદાસ તથા સલાલાહ મનામા કુવેત ઈરાક બહેરીન રૂવી મસ્કત બધા ખુબ જ જોરમાં છે, ભકતો જોરમાં છે, લક્ષ્મીયું બધી જોરમાં છે, પોતાના ભગવાનનું મંદિર ઉપાસના ભકિત સત્કાર્ય પરોપકાર ધામધૂમ થાય છે.

આઈસલેન્ડ, મનામા, સલાલાહ, બહેરીન, આબૂધાબી, રૂવી, કુવેત વિગેરેમાં જન્માષ્ટમી ઉજવાણી ઉજવજો. પૂના, મુંબઈ, સુરત, વંથળી, ચાવડા, તીર્થ કુંકાવાવ ભંડારા મહારાજ બધા સ્થળે જન્માષ્ટમી ખૂબ ઉજવાણી, ખૂબ બાળકો ભકતોને જમાડયા, ધુન ભજન કર્યા. સારાવાનાં છે, સુખી હો, લાખોપતિ હો, પ્રાણપતિ હો, ભકતપતિ હો, લક્ષ્મીપતિ હો, સાજાનરવા રહો, ગુલાબ પાંખડી ખાજો.

દેશમાં બધા સુખી છે, પત્રોના જવાબ લખતા રહીએ છીએ, દર્શન થતા રહે છે.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૮૧ તા.૧-૭-૮૩

સેવક દયાળજીભાઈ લાલજીભાઈ, ધીરજલાલ તથા મધુ ભગત, વિરજી ભગત, ઓધવજી ભગત, નાનજી ભગત, પ્રવિણ ભગત, આદિ શ્રીહરિશરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો, ચઢતી કળા હો, કમાઓ, કમ્પનીઓ ચાલુ રહે, સેવા થાઓ, શાંતિ વર્તો, કાંઈક કરી ચુકયાં એમ ભગવાન કરી અપાવો, ખુબ જ આનંદમાં રહો, દેશમાં શ્રીહરિશરણાગતિ મંડળને ઘરે બાળબચ્ચાઓ બધા સુખી છે.

મનના દુઃખ તો વિવેક વિચાર વડે મટે, સારૂં સંભારવું નરસું પડયું મેલવું એથી શાંતિ વર્તે, ભગવાનના લાડ લડાવ્યાં તે સંભારવું, લીલાચરિત્રો વાંચવાં સંભારવા પૂજવા, આનંદમાં રહેવું, તમારા કાગળો બધા મળ્યા છે, કાગળોનો ઘસારો દેશ પરદેશ બન્નેથી વધી રહ્યો છે, જેમાં પહોંચી ન શકાય ખાસ લખવા ટાણે લખાય, કુંજ પક્ષી માફક સેવાય છે, બધાની નજર પ્રત્યક્ષ ભગવાન રાખે છે, મહિને મહિને બધા કાગળો લખાતા તે ઓછા કરવા પડયા છે, કૃપા ઘણી છે, બધા સુખી છે, ધોતિયાના બે હજાર મળ્યા છે, ૧૧-૬-૮૩ ના કાગળનો જવાબ લખેલ છે, બધાને આશિર્વાદ આપ્યા છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

તબીયત આ વર્ષે અમારે નબળી પડી હતી, બે મહિના નબળાઈ રહેલ તે અરસામાં ભકતોને પણ તબીયતમાં ફેરફાર થયેલ. ચોમાસું બેસી ગયું છે, તબીયત સારી છે, વાવાણી વવાય છે, લીલા લહેર છે, સોરઠમાં બહુ વરસાદને લઈને ગામડાઓમાં મુશ્કેલીઓ થઈ છે પણ પાછું સારૂં થતું જાય છે, ભકિત કરજો, રાજી છીએ, ધ્યાન રાખી છીએ, કમાઓ સુખી હો.

ભગવાને આપેલ છે, જે ભગવાનને ભુલ્યા તેને આપત્ આવે, ભગવાન રાખે તેને કોઈ ન ચાખે માટે તબીયત સારી થાશે, અનુકૂલ આવે તેમ ભુખ તરસ લાગે તેમ કરવું. તારણહાર રક્ષા કરશે. શ્રીહરિશરણાગતિ મંડળ મળે તેને જય સ્વામિનારાયણ તથા આશીર્વાદ કહેવા. ફૂલવાડી લ્હેરમાં છે, સારાવાના થાય છે, આશીર્વાદ સુખી હો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૮૨ **તા.૩-૭-૮૩**

સેવક શાંતિલાલ કે. મકવાણા તથા રમેશ રામજી જેઠા, શાંતિલાલ, ગોવિંદજી ભગત, જ્યંતિલાલ ભગત, રામજી ભગત, ભગવાનજી ભગત, દેવજી ભગત, મનસુખ ભગત, પ્રવિણ ભગત તથા જ્યંતિલાલ ગોવિંદ કાચા તથા હરિલાલ શ્રીહરિશરણાગતિ મંડળની ચઢતી કળા હો, સુખી હો, સાજા નરવા રહો, કમાઓ, સેવો, આશીર્વાદ મેળવો, મુંઝાવું નહીં. કંપનીઓને કામકાજ મળો, તમોને મહેનતાણા સારા મળો, ખુબજ ભકિત કરવી.

ભગવાનજી કુરજી, શાંતિલાલ કુરજી સોલંકી, ભગવાનજી રામજી રાઠોડ, મોહન જેઠા વાઘેલા, ગોવિંદજી નારણજી ટુકડા, મનસુખ હંસરાજ રાઠોડ, ભગવાનજી રાજા, દામજી ગંગદાસ રાઠોડ, મનસુખ પી. સોલંકી, પ્રવીણ મોહન ચૌહાણ, શાંતિલાલ પુંજા વાઢેર, જ્યંતી દેવશી કચ્છી, શાંતિલાલ ગોવિંદ, મોહન ખોડીદાસ, રામલાલ ટપુલાલ, તુલસી મનજી મકવાણા, નરસીંહ મૂરજી ટાંક વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ.

બધાને પ્રગટ ભગવાન સુખી રાખે, કમાઓ, વાપરો, ભકિત કરો, કીર્તન, પરચા લખો, ભજો.

દેશમાં બધાં સારાવાનાં છે, વરસાદ વધારે છે, ૪૦-૫૦ ઈંચ છે જેથી ગામડા નાના તથા નીચાણ ભાગને નુકશાની છે, દેશમાં બધે સારૂં છે, સોરઠમાં ઓજત ભાદર નદીઓ તથા નાની નદીઓના પાણી પડખે પડખે ગામોમાં ઘૂસવાથી અનાજ વિગેરે નુકશાની છે, ખેતરોમાં કામ કરતા માણસોની પણ હાની છે. **ભગવાને બધાને બચાવ્યા પાગ છે. ભગવાન ધારે તે થાય.** મદદમાં ચીજોના ખટારાઓ ચારેકોરથી મોકલાય છે. બધાને જય સ્વામિનારાયણ કહેવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. ૨ નો ડ્રાફ મળ્યો હતો, ઉપાડી લીધો છે.

- કૃ.વ.આ.

પત્ર નં.-૧૮૩ **તા.૪-૭-૮૩**

પ્રિય સેવક દયાળજી ભગત, મધુ ભગત, ઓવધજી ભગત, નાનજી ભગત, વિરજી ભગત, પ્રવીણ ભગત, ધીરજલાલ ભગત આદિ શ્રીહરિશરણાગતિ મંડળને પ્રગટ ભગવાન સુખી રાખો, બધા ભકતોના પત્રો મળ્યા છે, ધીરે ધીરે જવાબો લખાતા જાય છે, બધા સુખી રહો, કમાઓ સાજા નરવા રહો ભકિત કરો, વાપરો આનંદ કરો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

ભગવાન દયાળુ છે, દર્શન માનસદર્શન તો થયા જ કરે છે, માનસીપૂજાની મૂર્તિમાં ભગવાનના દર્શન કરતા રહેવા, નિર્ભય બન્યા છો, પરદેશ મોકલ્યા છે,

''આવ્યો સંદેશો નાથનો ભાગ્ય જાગ્યા આજ જાગવા, ગ્રહ્યો હરિએ હાથ ''

એમ સદા સુખિયા રહેજો, ભગવાનને જોતા રહેવા, લીલાચરિત્ર સંભારતા રહેવા, માનસ મનન કરતું રહેવું, ભગવાન અંતર્યામી જીવમાં બેઠા છે, ભેળા જ છે, આનંદ ગાણવો, ભકતો ભેગા થાય ત્યારે ઓછા વધારે બધામાં લીલાચરિત્રોની વાતો કરનારા ભગવાન જ છે, જમાડવા રમાડવા, આનન્દ કરાવવો, ભજવા, સેવવા વિગેરે તન મન ધન ભગવાન લેખે કરી રાખવું. ભગવાનને ભકત સાંભરે. તમારા પત્રો આવે છે- બધા ભકતોને જય સ્વામિનારાયણ કહેવા, ગુલાબ પાંખડી ખાવી, સુખી હો. આશીર્વાદ, જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૮૪ **તા.૭-૭-૮૩**

ભેંસદડવાળા સેવક કાંતિલાલ રણછોડ ભીમજી ચોટલીયા તથા નારણ ભગત તથા વેલજી ભગત તથા ભગવાનજી ભગત મોહન ભગત પૂજારી તથા મોહન ભગત તથા શ્રીહરિ શરણાગતિ મંડળના ભકતજનોની ચઢતી કળા રહો, સુખી હો, કમાવો, **ભકિત કરતા રહો, સાજા નરવા હો, વધારે સત્સંગ કરવો, માવતરને કુટુંબને સુખી રાખવું, પરદેશ છે તો ત્યાં મુંઝાવું નહિં, ભગવાનને સાથે દીલમાં રાખવા, તે સ્વદેશ જ કહેવાય, ધીરજ રાખવી, પળે તેટલું પાળવું, શરીર સાચવવું, તમો સુખી છો તેથી આનંદ.**

ફૂલવાડી વાડીમાં પહેલે માળે થાંભલા ઉભા થઈ રહ્યા છે એવા સમાચાર છે, કામકાજ મળશે, ફૂલવાડીને ફૂલાવજો, રીયાધવાળાને જય સ્વામિનારાયણ આશીર્વાદ કહેવરાવવા, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

ગ્રંથ વાંચવા, કંઠ કરવા જેવું કંઠે કરવું, પરચા પ્રગટના લખવા વાંચવા, શ્રવણ મનન નિધિધ્યાસ કરવો, અંતરમાં પ્રગટને જોતા રહેવા, માનસીપૂજા કરવી, એજ.

આખા ઘરની વૃત્તિ પ્રગટ ભગવાનમાં વળે એવા આશીર્વાદ આપીએ છીએ. રાત્રે ભજન કરતા સંભારતા સુવું દર્શન થાશે. બન્ને પત્રો મળ્યા છે. શ્રીહરિશરણાગતિ મંડળ રીયાધ ભેગા થાઈ ત્યારે જય સ્વામિનારાયણ કહેવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાવી.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૮૫ **તા.૨૯-૯-૮૩**

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં જય સ્વામિનારાયણ વાંચશો.

૧૫૦ મળ્યા રાજી. સેવકો હરિલાલ રામજી પરમાર-૧૦૦, ખીમજી રવજી સોલંકી-૫૦ તથા છગન માવજી રાઠોડ તથા દેવજી કાનજી રાઠોડ, શાંતિલાલ હીરજી, રામજી જેઠા, શાંતિલાલ બગીચા, કાનજીભાઈ તીર્થ, કાંતિલાલ ડાયા બગીચાને પ્રગટ ભગવાન સુખી રાખો.

શરણનો મંત્ર-

૧. કાલમાયાપાપકર્મશત્રુયામ્યકુહૃદ્ભયાત્ ।
શુલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્ અવ ।।
૨. અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામી પતિશ્ચ મે ।।
૩. શ્રીહરિઃ શરણં મમ ।।

આ ત્રણ મંત્રો વાંચીને બોલીને ભગવું ગંજી બુસ્કટ પહેરજો. રામજી જેઠા હસ્તક પહેરજો. ૮૦ જન્મજયંતી શનિવાર આસો વદ ૮ અષ્ટમી, તા.૨૯-૧૦-૮૩ એશીંમી જન્મજયંતી ધામધૂમે કાનજીભાઈ તીર્થને ત્યાં ઉજવજો, ભૂલ્યો માફ.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. છગન માવજી, દેવજી કાનજી, શાંતિલાલ હીરજી, રામજી જેઠા, શાંતિલાલ કે. બગીચા, કાનજી મૂળજી તીર્થ, કાંતિલાલ ડાયા બગીચા બધાં સુખી હો, દેશમાં વરસાદ સારા છે.

અમારી તબીયત સારી છે, તમો સાજા નરવા રહો, શ્રીહરિશરણાગતિ મંડળના જે ભકતો મળે તેને જય સ્વામિનારાયણ કહેજો. આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા કહેવા.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૮૬ **તા.૧-૧૦-૮૩**

આત્મનિવેદી એકાન્તિક પ્રગટના હરિભકતો સેવકો ટપુલાલભાઈ, રતિલાલભાઈ, અમરશીભાઈ, છગનલાલ, મૂળજી રાજાભાઈ તથા સાથે રહેતા મળતાં કામકાજ કરતા શ્રીહરિ શરણાગતિ મંડળ પ્રગટ શ્રીહરિના ભકતજનો માનેતા ભકતજનોને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં નવા વર્ષના તા.૨૮-૮-૮૩ આસો વદ અષ્ટમી શનિવારે જન્મજયન્તીના ઘણાં ઘણાં આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

નવા વર્ષે વધારે લાભવાન આરોગ્ય સાજા નરવા સંપત્તવાળા હો, ભકિતમાં વધો ભગવાન તમારી સંભાળ રાખો, દેશમાં બધા સુખી છે, ત્યાં પણ સુખી હો સારાવાના હો વધારે ઉન્નતિ હો સારો લાભ હો, બધાને આશીર્વાદો સાથે જય શ્રીસ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. શ્રીહરિ તમારી રક્ષા કરો. નવું વર્ષ વધારે સપંત્તિવાળું હો.

નાના રતિલાલ, હરિલાલ પ્રેમજી, જયન્તીલાલ, અમરશી માધાપરવાળા તથા નવા ભકતો મળે તેમને નવા વર્ષના જય સ્વામિનારાયણ કહેશો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, બાલમુકુંદ ભુવન-૨, જૂનાગઢ.

પત્ર નં.-૧૮૭ **તા.૮-૧૦-૮૩**

સેવકો અમૃતલાલ ખીમજી વાઢેર, અમરશી કેશવજી મનાણી જીરાગઢ, પ્રાગજી રણછોડ મનાણી, નારણ હંસરાજ રાઠોડ, કાન્તિલાલ કે ચોટલીયા, નરસિંહ ભગત, કેશવજી અમરશીભાઈ, મોહનલાલ રતનશી સાપરીયા, વેલજી રવજી ચૌહાણ, ભગવાનજી હીરજી ચૌહાણ વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળના હરિભકતોને આશીર્વાદો તથા જય સ્વામિનારાયણ વાંચવા.

નવા વર્ષ - આસો વદ ૮, શનિવાર તા.૨૯-૧૦-૮૩ ના વધારે ભગવાન સંભારજો.

સુખી હો. બાળ બચ્ચાઓ દેશમાં બધા સુખી છે, વધારે સુખી હો, થાય. મોહનલાલ નથુ ચાંદેગરા વિગેરેને જય સ્વામિનારાયણ કહેજો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. સુખી રહો. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૮૮ **તા.૧૦-૧૦-૧૯૮૩**

સેવકો- દેવજી કાનજી રાઠોડ, રામજી જેઠા, છગનલાલ, તુલસીભાઈ, ખીમજી ભકત, ભગવાનજી ભકત, શાંતિલાલ ભકત, ગોવિંદજી મહારાજ,લાલજી ભકત, કાનજી ભકત, વિસરામ ભકત, રમેશ ભકત, મનસુખ ભકત, પ્રવિણ ભકત, કાન્તિલાલ ભકત, બાબુલાલ ભકત તથા બીજા પણ શ્રીહરિશરણાગતિમંડળ આબુધાબીવાળા દુબઈવાળા તમામ સુખી હો. સાજા નરવા રહો. ભજન ભકિત કરો.

જન્મજયંતિ તા.૨૯-૧૦-૮૩ શનિવાર આસો વદ અષ્ટમી છે. તમારી ટપાલ મળી છે. તિર્થના કાનજી ભકતને ત્યાં ઉત્સવ ધામધૂમ કરવા ધારેલ છે, તે સારી રીતે હો. ચાવડા તથા દેશમાં દિવાળી કાર્ડ મોકલીશું, પરદેશમાં અરબસ્તાનમાં ત્રીશેક ટપાલ જૂદી જૂદી નવા વર્ષ તરીકે લખી છે. ટપુલાલ કાનજીને ટપાલ મળી હશે. રામજી જેઠા, શાન્તિલાલ બગીચા, નારાયણજી મહારાજ વિગેરેને ટપાલો કવરો મળી ગયા હશે. ગુલાબ પાંખડી બધે સ્થળે મોકલાય છે. તા.૨-૧૦-૭૯ તમામ ટપાલો રવાના કરી છે.

તમોને પ્રગટ ભગવાન રક્ષા કરનારા છે. ધામમાં ભેગા રાખવા છે. આંહી ભજો કમાઓ લ્હેર કરો, ભેદભાવ ન રાખવો તમારા ભગવાન એક છે. શકિત પ્રમાણે સેવવા, વિશ્વંભર તો ભરપૂર છે. ફુલવાડી આકાશ સાથે વાતો કરે તેવી ઉત્સાહિત છે. અમારી તબીયત સારી છે. શરદીની તબીયત હતી તે જોખમી ન હતી. પ્રસાદિ ફૂલ પાંખડી ખાજો.

જન્મજયન્તી જોરદાર ઉજવવી, કમાણી વિશ્વંભરે આપી છે, વિશ્વંભર શ્વેતાયનને ગાવા પૂજવા જમાડવા પોતાના દિલરૂપી પ્રેમમાં પધરાવવા. ફિનીશમાં નહિં આવે. સગપણ માટે સારૂ ઠેકાણું તમારા કુટુંબને જણાતું હોય તો તે પ્રમાણે કરજો. માથાનો દુઃખાવો મટી જશે. ચાવડા પત્ર ગયો છે. રક્ષા ગઈ છે, બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૮૯ **તા. ૨૧-૧૦-૮૩**

સેવકો-ધીરજલાલ લાલજી મનાણી તથા મધુ ધનજી બાબરીયા તથા વીરજી ડાયા ચોટલીયા તથા ભગવાનજી હીરજી, લખમણ ડાયા તથા નરોત્તમ ગોવિંદ, મુળજી કાચા તથા ઓધવજી ટપુ મનાણી (કૃષ્ણકુમાર ઓધવજી) ભગવાનજી હીરજી ચૌહણ, નાનજી લક્ષ્મણ તથા દામજી ભીમજી રાઠોડ તથા રમણીક જેરામ મકવાણા આદિ આદિ શ્રીહરિશરણાગતિ મંડળને સુખ લાભ આરોગ્ય વિગેરે આશીર્વાદ. ભજન ભકિત કરો. જન્મજયંતિ ૮૦મી ૨૯-૧૦-૮૩ ના રોજ ધામધૂમ હો, સુખી હો, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

હિંમતથી રહેવું, પળે તેટલું પાળવું, કમાણી વડે કુટુંબ માવતર રાજી કરવા, ભગવાન ભજવા, પ્રગટ ભગવાન સંભારવા, જન્મજયંતિએ જ્યાં ભેગા થાઓ ત્યાં બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૯૦ **તા.૨૨-૧૧-૮૩**

પ્રસન્નતાપાત્ર સેવકો - શાંતિલાલ કેશવજી બગીચા, રમેશ રામજી મકવાણા, પ્રવિણ મોહન કાચા, રતિલાલ મોહન કાચા, મનસુખ હંસરાજ રાઠોડ-ચાવડા, રમેશ મકન મનાણી-અમદાવાદ, (૨૦૫૧ રૂપિયા આરતીના-૫૭૭૭ નો ડ્રાફ ગઈ કાલે મળી ગયો છે બહું જ રાજી છીએ.

ખુબ નાણાંવાળા થાઓ, ખુબ કમાઓ, સારી સેવાઓ કરો, અક્ષરધામમાં સેવામાં સાથે રાખીશું. બધા ભકતોના પરદેશીપત્રો દેશીપત્રો હજારેક આવ્યા છે, મળી ગયા છે, વિશ્વંભર આશીર્વાદો આપે છે, સુખી હો, ધનાઢય હો, દિવ્ય દર્શન ભગવાનને સંભારતા દિનરાત રહેવું, આવશે દેખાશે, નજર તો રાખે જ છે. ફૂલવાડી ગલગલીયાં કરે છે, કામ ચાલે છે. ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

આબુધાબી શાંતિલાલ, રામજી, શ્વેતાયન, ભગવાનજી, જયંતિલાલ, રામજી, મનસુખ, પ્રવિણ, રતિલાલ, ઠેવજી, છગન, ખીમજી, હરિલાલ, લાલજી, રમેશ, કાંતિલાલ, જયસુખ શ્રીઆદિ શ્રીહરિશરણાગતિ મંડળ ઉપર ઘણી દયા છે, ખુબજ કમાઓ, સાજા નરવા રહો.

જન્મજયંતિ બહુ જ ઉજવાણી, બધે સ્થળે નજર રાખી છે, બધેથી સેવાઓ આવી છે. પૂના, કાંદિવલી, સુરત, તીર્થ, જામવંથલી, ધોરાજી, ચાવડા, રાજકોટ, મસ્કત, બેહરીન, સફાત, કુવૈત, આબુધાબી, દુબઈ, આઈલેન્ડ વિગેરેએ સેવાઓ મોકલી છે. બધાને આશીર્વાદો આપ્યા છે.

અમો સાજા નરવા છીએ, ઘરે ઘરે બધા કુટુંબો સુખી છે, દેશમાંથી પરદેશમાંથી દર્શન આવે છે, નવા વર્ષના આશીર્વાદો મેળવે છે, સુખી છે, વધારે સુખી થાવ જય સ્વામિનારાયણ વાંચવા, પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, સંભારીને સેવજો, આનંદમાં રહો, **સેવા કરેલી સંભારવી,** મળે તેને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૯૧ **તા.૨૮-૧૨-૮૩**

સેવકો આઇસલેન્ડ - જયંતિલાલ હંસરાજ વશરામ ચાવડાવાળા, ભગવાનજી ભગત, માવજી ભગત તથા વિનેશ ભગત, કિશોર ભગત, હસમુખ ભગત **સર્વે શ્રીહરિશરણાગતિ મંડળના સેવકોને પ્રગટ ભગવાન સુખી રાખો, વધારે વધારે સુખી થાતા જાઓ, પ્રગટ ભગવાન રક્ષા કરતા રહો.**

એક પહોંચ્યાનો પત્ર મળ્યો, બીજો ૧૦૦૦ ના ડ્રાફ સાથે પત્ર મળ્યો, દિનેશ બાબરીયા વિગેરેનો પત્ર આવ્યો છે, પગાર વધો આનંદ કરો, **ભગવાનનું સુખ સંભારવું, ભકિત કરવી, કુટુંબ શરણાગતિ લેશે, ભકિત થાશે, કયારેક દર્શન થાશે, સંભારતા ઉંઘ લેવી ભગવાન આવે,** આશીર્વાદથી પદમણી પણ મળશે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

શ્રીહરિશરણાગતિ મંડળને જય સ્વામિનારાયણ કહેશો. **ભકિત કરવી, સુખી હો.** જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૧૯૨ **તા. ૨૪-૧-૮૪**

સેવકો શ્રીહરિશરણાગતિબ મંડળ ફૂગેવાડી.

વિજુબેન ભગવાનજી-૫૦, કુંવરજી મેપા-૨૫, દયાળજી લાલજી-૨૫, મોહન કરશન-૫૦, મનસુખલાલ માવજી-૫૦, મોહન રતનશી-૫૦, ચંદુલાલ રણછોડ-૫૦, જગજીવન રવજી ચોટલીયા-૫૦, અમૃતલાલ લાધા મકવાણા-૨૦, વેલજી રવજી,લાભુ- ૨૦, પુષ્પા હેમરાજ વાઘેલા-૨૫. **મહારાજશ્રીને અંગત સેવાના ૪૧૫ સેવામાં હેમંત ભગત સાથે મળ્યા છે, રાજી રાજી છીએ. તમોએ સેવા કરી બધા સુખી થાઓ, આનંદમાં રહો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. ભજન ભકિત કરજો.** સાંજે મંદિર બધાને જય સ્વામિનારાયણ કહેશો. આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચજો.

સેવક દયાળજીને માલમ થાય જે બધાને ગુલાબ પાંખડી પ્રસાદી આપજો.

મોહનલાલ રતનશીના મનિઓર્ડર ૨૨૫ માં શાસ્ત્રીજી મહારાજ હતું, ભંડારને મેડે ન હતું, તે છ સાત જણાએ વાંચીને કોઠારે મોકલી દીધું હતું, અધુરૂં શીરનામું ન લખવું, એજ. બધાને ભગવાન સુખી રાખો.

દયાદેવીને કહેજો- તૂલસીદાસને લઈને હમણાં દર્શન દેવા નહિં આવીએ તે બધૂં ભુલી જાશે, મુકતપણે પૂરી સ્થિતિમાં હશે તે વખતે લઈને આવશું, તમો શોક મેલી દેજો, ભજન કરજો. એજ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૯૩ **તા. ૧૦-૨-૮૪**

સેવકો - રમેશ હંસરાજભાઈ તથા કાન્તીલાલ રવજી ચૌહાણ બન્ને ભકતો તથા શ્રીહરિશરણાગતિ મંડળ તમામ સુખી હો, **શ્રીહરિને ભજો, પ્રગટ ભગવાનને સંભારો સેવો, સારાવાના હોતા રહો, મુંઝાવું નહિં કમાવાનો સમય છે માટે કમાઓ, સુખદુઃખ સહન કરવા, માવતર ગુરૂ ભગવાનને સંભારવા, પળે તેટલું પાળવું,** શ્રીહરિશરણાગતિ મંડળને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ કહેવા. **રાજી છીએ ધ્યાન રાખીએ છીએ.**

૨૦૦૦ નો ડ્રાફ આજે મળી ગયો છે બહુ જ રાજી થયા, ભલે મોકલાવ્યો. **સારી કંપની સારી કમાણી સાજા નરવા એ બધી પ્રગટ ભગવાનની દયા કૃપા છે મહેરબાની છે.** બધાને જય સ્વામિનારાયણ કહેવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. શ્રીજી રક્ષા રાખજો. સાજા નરવા રહો. પહેલાનો કાગળ મળી ગયો છે.

પ્રગટ ભગવાનને ભેગા રાખવા જેથી સુખી રહેવાય.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૯૪ **તા. ૧૦-૨-૮૪**

સેવકો- રમેશ હંસરાજભાઈ તથા કાંતિલાલ રવજી ચૌહાણ બન્ને ભકતો તથા શ્રીહરિશરણાગતિ મંડળ તમામ સુખી હો, **શ્રીહરિને ભજો, પ્રગટ ભગવાનને સંભારો સેવો સારાવાના હોતા રહો, મુંઝાવું**

નહિં, કમાવાનો સમય છે માટે કમાઓ, સુખદુઃખ સહન કરવા, માવતર ગુરૂ ભગવાનને સંભારવા, પળે તેટલું પાળવું, શ્રીહરિશરણાગતિ મંડળને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ કહેવા. રાજી છીએ ધ્યાન રાખીએ છીએ.

૨૦૦૦ નો ડ્રાફ આજે મળી ગયો છે, બહું જ રાજી થયા, ભલે મોકલાવ્યા. **સારી કંપની સારી કમાણી સાજા નરવા એ બધી પ્રગટ ભગવાનની દયા કૃપા છે મહેરબાની છે.** બધાને જય સ્વામિનારાયણ કહેવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, શ્રીજી રક્ષા રાખજો. સાજા નરવા રહો, પહેલાનો કાગળ મળી ગયો છે.

કામકાજમાં પ્રગટ ભગવાનને ભેગા રાખવા જેથી સુખી રહેવાય.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૯૫ **તા.૨૧-૨-૮૪**

અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય.

સેવક જયંતીલાલ હંસરાજ વશરામ રાઠોડ તથા ભગવાનજી, પ્રાગજી, આંબા, ખીમજી, દિનેશ, હસમુખ સર્વે શ્રીહરિશરણાગતિ મંડળની ચઢતી કળા હો.

વ્હાલા પ્રભુની કૃપા વડે ઉચે દરજે પહોંચ્યાં છો, સારી કંપની સારી કમાણી શ્રેષ્ઠ ભગવાનનો લાભ થયો છે, સેવવા, દર્શન કરવા, સંભારવા, ભજવા, વિશ્વંભરની દયા વડે નાઈટમાં પણ કામકાજ મળો કમાઓ અખંડ સુખે સુખીયા રહો, માખણની પેઠે આનંદને લેતા રહો.

૧-૪-૮૪ નો પરચો લખાશે, ખૂબ આવરદા ભોગવો, ભકતોને એવી જ રીતે તેડી જઈએ છીએ, ધામમાં આનંદ આપીએ છીએ, જન્મ સફળ સેવા વડે થાય છે.

દયાદેવી તથા દયાળજીને ફરીથી કાગળ લખીને ખાતા નંબર તથા શિરનામું મંગાવજો, મદદ કરવી. તમારી કુટુંબની રક્ષા કરીએ છીએ. **૫૦૦ કોપી છપાવવાથી શ્રીહરિશરણાગતિ મંડળને ઘણો લાભ ભજન કીર્તન કરવાનો થાશે, સારાવાનાં હો, બધા સુખી રહો,** ગુલાબ પાંખડી ખાજો, બધાને નવા જૂના આઈસલેન્ડને જય સ્વામિનારાયણ કહેજો, ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો.

પતિવ્રતાને પતિભકિત જેવી પ્રાણપતિમાં ભકિત કરવા મોક્ષ મેળવવા સેવા ભકિત ભગવાને મુખ્ય ઉપદેશી છે, તન મન ધન વડે સેવવા, આત્મનિવેદીપાણે સેવવા. આશીર્વાદ સહિત જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૧૯૬ **તા.૨૬-૨-૧૯૮૪**

સેવક દેવજી કાનજી રાઠોડ તથા બીજા સેવકો, **શ્રીહરિશરણાગતિમંડળને પ્રગટ ભગવાન સુખી રાખો, કથાવાર્તા કરતા રહો,** તૂલસી ભગત ઉપર (દયાદેવી) ઉપર આભુધાબી તથા દુબઈ ભકત તરફથી મદદ મોકલી છે. તમોને કામ મળશે,આશીર્વાદ, જય સ્વામિનારાયણ વાંચવા.

ફાર્મ પાસ થાય આજ્ઞા છે. સંકલ્પો પુરા થાઓ, સેવાઓ કરી શકશો. પ્રસાદિ ગુલાબ પાંદડી ખાજો, કુટુંબની રક્ષા કરતા રહેશુ. દિવ્ય ભાવના રાખવી જ, ભગવાન અને સન્તો દિવ્ય છે મોક્ષદાતા છે રક્ષા કરનારા છે, તેમના આશીર્વાદો ફળે છે.

કોઈ કામ અટકે ત્યાં માનતા કરવી એટલે કામ ન અટકે, તમારે ઘરે દર્શન થાતા રહેશે, ઈન્ડિયા નહિં આવવું પડે, માનતા કરવી, પત્ર જલદી લખ્યો છે. દેશમાં આવેલા રામજી જેઠા વિગેરે દર્શન કરી ગયા છે.

હરિલાલ ભગત, છગનલાલ ભગત, રમેશ ભગત, મનસુખ ભગત, પ્રવિણ, જયસુખ, ભગવાનજી તથા શ્રીહરિશરણાગતિ તમામ ભકતોને જયસ્વામિનારાયણ કહેશો. બધા સુખી હો. આશીર્વાદ સાથે સમંડળના જયસ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૧૯૭ **તા.૨૮-૨-૧૯૮૪**

સેવક મોહનલાલ રતનશીભાઈ તથા વેલજી ભગત તથા નારણભાઈ તથા ટપુલાલભાઈ અમરશીભાઈ, રતિલાલભાઈ છગનલાલ વિગેરેને જયસ્વામિનારાયણ કહેજો. તમારા પત્રો મળ્યા છે. પ્રસાદી ગુલાબ પાંદડી ખાજો.

મોહનભાઈ તમારા છોકરાવનો કાગળ હતો, બધા સુખી છે. **દેશમાં આવો ત્યારે દર્શને નીકળવું. બધાને કમાણી ભગવાને આપી છે, સુખ આપ્યા છે. વાપરો, કુટુમ્બને પોષો, સેવાથી ભગવાનને ઓગાળી દેવા, વિશ્વંભરની અનેક લીલાઓ સંભારવી. કર્તા થકા અકર્તા માયિક થકા અમાયિક લેપ થકા નિર્લેપ નિત્યમૂર્તિને સંભારવા.**

ત્યાં શ્રીહરિશરણાગતિ મંડળને જયસ્વામિનારાયણ કહેવા. આશીર્વાદો સાથે જયસ્વામિનારાણ. સુખી રહો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૯૮ **તા.૧-૩-૮૪**

સ્વામિ સેવક ભકતજન રામજી જેઠાભાઈ તથા કુટુમ્બ પુત્ર પરિવાર બાળબચ્ચાં પ્રગટ ભગવાનના આશીર્વાદ સન્તમંડળના આશીર્વાદ વડે સુખી હો.

ચિ.પ્રભાકુમારી-અમૃતલાલના વિવાહ સારા ધામધૂમે હો, નિર્વિઘ્ન હો, યશકારક હો, દમ્પતીજીવન સુખી સારા પરીવારવાળુ હો - આશીર્વાદ. જયસ્વામિનારાયણ વાંચવા.

કંકોત્રી તથા લખેલ પત્ર મળ્યો, ત્યાં દિવ્યપાગે ધ્યાન રાખશું, રક્ષા કરતા રહેશુ.પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. એજ.

સમંડળ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જય સ્વામિનારાયણ વાંચવા.સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૧૯૯ **તા.૨-૩-૮૪**

સેવક અમૃતલાલ ખીમજી તથા કુટુંબ સુખી હો, તમોને સુખ શાંતિ વર્તો, **આનન્દથી વિવાહ થાઓ, પ્રગટ ભગવાન રક્ષા કરો, દર્શન દેતા રહેશે નજર રાખશે,** બધા સુખી હો.

પ્રભા-અમૃતલાલના વિવાહ સારા ધામધૂમે હો, દમ્પતી જીવન સુખી હો, આશીર્વાદ જય સ્વામિનારાયણ વાંચજો.

સમંડળ - શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, જૂનાગઢ.

પત્ર નં.-૨૦૦ **તા.૬-૬-૧૯૮૪**

સેવક - દેવજી કાનજી, ભગવાનજી રાજા, પ્રાગજી ડાયા, આંબાલાલ ડાયા, માવજી લખમણ, જયન્તિલાલ હંસરાજ, કિશોર કેશવજી ભગત, દિનેશ ધનજી ભગત, પરશોતમ મોહન ભગત, પરશોતમ ભગત, જીરાગઢ, ફાટસર, હસમુખ કુંકાવાવ, શ્રીહરિશરણાગતિ મંડળ સુખી હો. તમારા બધાના લેટર્સ મળ્યા છે. ચાવડા કાન્તાના લગ્ન ભગવાનની કૃપાથી સારા નીપજ્યાં છે.

કુલવાડી સેવો છો તે સારૂ કરો છો, કુલવાડી ખુબ જ રાજી છે, પહેલા માળમાં લાલ લાંબી પાટયો ઢાંકવાનું કામ અઠવાડીયાથી ચાલૂ છે, ભારે મજાનું કામ થાય છે. ભગવાન રાજી છે. ગુલાબ પાંખડી મોકલી છે, આંખે અડાડજો, ખાજો. બીજુ બધુ સ્વારથનું છે, પરમારથ કરવો. મંડળ જોરમાં રહો.

અમારા મકાનમાં હરિલાલ વેલજીએ ૨૧૦૦૦ એકવીસ હજાર મોકલવા લખેલ છે. રાજી, બધા સુખી રહો. બધાને આશીર્વાદ. ઘરબાર સાંચવો. ભકિત કરો. એજ.

ઢાસાઈલેન્ડ શરણાગતિમંડળ નવાજૂના નાના મોટા બધાને જયસ્વામિનારાયણ. સેવક ભગવાનજી રાજાનો પત્ર વંથળી થઈને આવ્યો, **તમોને ધન્ય છે કુલવાડીને સેવો છો. બધી રકમ જાણવા પુરતી લખી છે. બહુ જ રાજી છીએ. ધામમાં તમારે માટે અલૌકિક બંગલા બને છે, અમો તેમા ખુબજ ફરવા આવશું.** બધાને જયસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૦૧ **તા.૭-૬-૧૯૮૪**

લાભુબેન વેલજી રવજી ચૌહાણ, કુટુમ્બ સુખ રહો. તમારે ત્યાં વિનોદ કેશવજી જૂનાગઢવાળાને આશરો આપજો. મોહનલાલ રતનશી પરદેશ જવાના છે. વિનોદ લોજીંગ તથા મકાન ભાડુ થાશે તે કડીયા કામની મજુરી આવશે ત્યારે ભરી દેશે. નહિં પહોંચાય તો અમો આંહીથી મનીઓડરથી ભરાવી દેશું, સાંચવજો, મુંઝાવા દેશો નહીં. તેને મજુરી કડીયા કામના પૈસા હજુ આવ્યા નથી.

મોહનલાલ રતનશી ભગતને માલમ થાય જે - વિનોદને લાભુબેન વેલજી રવજીને સોંપી દેજો. કામે જાય છે. મજુર કડીયા પિલાસ્તર જે આવડે તે કામે મોકલવો. લોજીંગ મકાનભાડુ પૈસા કામના આવશે ત્યારે ભરી દેશે. નહીં પોંચે તો આંહીથી મનીઓડર મોકલાવી દેશું.

તમારા ખુશી ખબર લખજો. સં.વિગેરે કુટુંબ સુખી હશો. સંતોકબેનને સાચવવાનો વધારે બોજો આપવો નથી. વિનોદ કેશવજી તમો લાભુબેન વેલજી રવજીને ત્યાં રહેજો. લોજીંગ મકાનભાડું ભરવું, પૈસા આવે ત્યારે ભરી દેજો, નહિં તો આંહીથી મનીઓડર મોકલાવી દેશું. તમારા પિતાજી દરરોજ સવારે દર્શને આવે છે, બધા આનંદમાં છે. મજુરી કડીયાકામ પિલાસ્તર, લાદી, ચણતર વિગેરે જે આવડે આપે તે કરજો.

વિનોદને માલમ થાય જે - લાભુબેનને રૂા. ૨૦૦ નું મનીઓર્ડર રવિવાર પર રવાના કરશું. આ કાગળ મોહન ભગત - વિનોદ બધા વાંચજો. ઠીક પડે તેમ વિનોદને સાંચવી લેજો. વિનોદ મુંઝાવુ નહી તને માવતરની પેઠે સાંચવે છે, કામે જજો, શીખજો, ભજન કરવું, ત્યાં રાખે તેમ રહેવું. લાભુબેન, વેલજી ભગત, તેના પુત્ર રાજી રહે તેમ રહેજો. મોહન ભગત પરદેશ જવાના છે, બીજા પણ જશે. એજ.

શ્રીહરિશરણાગતિ મંડળ બધાને જયશ્રીસ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૦૨ **તા.૨૦-૭-૧૯૮૪**

સેવકો છગનભગત દામજી માસ્તર, હિરજી પેથા, કરશનભગત, શ્રીહરિશરણાગતિમંડળ તથા ગુરૂપૂર્ણિમાએ ગુરૂપુજા કરનારા તમામ શ્રીહરિશરણાગતિમંડળને ઘણાં સારા રૂડા આશીર્વાદ સાથે જય સ્વામિનારાયણ વાંચવા-કહેવા.

સાજા નરવા રહો, ભકિત કરો. પ્રત્યક્ષ ભગવાનને રાજી કરો છો તેના અનંતગણા પૂણ્ય છે, કુલવાડીને સેવો છો તેના મહાભાગ્ય છે, અક્ષરધામમાં દિવ્યમહોલમાં રહેવાશે.

લીસ્ટ પ્રમાણે રૂા. ૧૦૦૧ છગનભગતના અને રૂા. ૩૬૭ ધીરજલાલ સાથે મોકલ્યા ગુરૂપૂજનના તે મળ્યા છે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. બધાને રાજીપાના જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

પત્ર નં.-૨૦૩ **તા.૧૭-૧૧-૮૪**

વ્હાલા સેવકો- મોહનલાલ રતનશી પૂજારી, વેલજી રવજી વિ. શ્રીહરિશરણાગતિ મંડળ સુખી રહો. પ્રસાદીમાં ગુલાબ પાંખડી ખાઓ, ભક્તિ કરો. અમો સાજા નરવા છીએ. તમો સાજા નરવા રહો. કમાઓ, ભક્તિ કરો. મોહન કરશન, કુંવરજી મેપા, દયાળજીભાઈ, ભગવાનભાઈ, પરસોતમભાઈ વિગેરે સુખી છે.

સેવક તૂલસી મનજી મકવાણા એકસીડન્ટમાં ધામમાં ગયા, બહુ જ દુઃખ શોક ચાલૂ જ છે, ભકતોના પત્રો આવ્યા છે. બધા સુખી રહો, તૂલસીદાસના પત્ની દયાદેવી, ભાવેશ, ધર્મેશ દુઃખી થઈ ગયા છે. તેમને મદદ આશ્વાસન માટે કાંઈક મોકલજો. ધામમાં તૂલસીદાસ સાથે છે. બહેરીન, દુબઈ વિગેરે શ્રીહરિશરણાગતિમંડળ દયાદેવીને મદદ કરો.

ભંડારા હેમંત ભગત ગયા છે. એકાદ મહિનો રોકાશે, સત્સંગનો ઓપ ચડાવશે. અમો તમારા જીવમાં છીએ. દર્શન તો કાયમ દેખાઈએ છીએ અધુરૂં નથી. બન્નેને બધા સેવકોને જયસ્વામિનારાયણ. આશીર્વાદ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૦૪ **તા.૧૫-૫-૮૫**

સેવક ઘનશ્યામભાઈ, જયંતીભાઈ, હંસરાજભાઈ નવા વર્ષના આશીર્વાદ કુટુંબ સુખી રહો. સારાવાના થાશે. દર્શને આવશે, વાત પણ કરશે, ભલામણ કરશું, સારાવાનાં હો.

મનસુખલાલ-ભાનુમતિ, જયંતીલાલ-દયાકુમારી (કુંવરજીનીપુત્રી) બધાને સારાવાનાં થયા છે.

લીમડાની અંતરછાલ પલાળીને સવારે કડવું પાણી બે ઘૂંટડા પીવાથી પેટનો દુઃખવો મટી જાશે. સારાવાના હો. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

જૂનાગઢ.

પત્ર નં.-૨૦૫ **તા.૧૭-૫-૮૫**

સેવક રમેશ, કુટુંબ સુખી રહો.

પત્ર મળ્યો, પોપટલાલભાઈ કુંકાવાવ આવ્યા અમે સાંભળ્યું છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, બન્ને પત્રો મળ્યા છે, **સ્વપ્નમાં દર્શન થયા તેમ થયા કરશે, ભકતની ભકિત ફળે, સંભારતાં ઉધ લેવી.** પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

મંદિરે કયારેક કયારેક દર્શને જાવું, કામ કરવાનું બળ રહેશે. સાજા નરવા રહેશો. આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ.

કાગળના જવાબની બહુ વાટ ન જોવી. દેશમાં ઘરે બધા સુખી છે, ભગવાન રક્ષા કરતા રહેશે, ત્યાં હરિભકતો જાણીતા હોય તેમને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૨૦૬ **તા.૨૦-૫-૮૫**

સેવકો રતિલાલ હં., અમરશી હં., રતિલાલ લાલજી, હરિલાલ વેલજી, નારણ મોહનભાઈ તથા છગનલાલ મૂળજી તથા કાન્તિલાલ પરસોત્તમ, ભરતકુમાર અમરશી તથા બાબુલાલ, જમનાદાસભાઈ વિગેરે **ભકતોને શ્રીહરિ સુખી રાખો, ભજન ભકિત કરો, ગુણગાન કથાવાર્તા કરો, દેશમાં બધા સુખી છે, પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, અપાર કૃપા છે, સુખી છો, ભગવાનના સુખ આગળ ત્રિલોકીનાં સુખ ઉકરડાં જેવા છે.**

કંપની ત્યાં રોકે ત્યાંસુધી રોકાજો, કમાઓ વાપરો માવતરને રાજી કરો, બધા સારાવાના હો, બધા કરતાં તમારૂં ઘર નાણાં દાણાં ભકિતમાં ચઢીયાતું છે, પરિવાર સુખી છે, અક્ષરધામનો દિવ્ય આનંદ અનુભવો છો, ધન્ય છે તમારા જન્મને માબાપને કુટુંબને બાળ બચ્ચાઓને ધન્ય છે, સુખી રહો, ભગવાન રક્ષા કરે છે, આશીર્વાદ.

કાંઈ જોઈતું નથી, હેત મોંઘુ નાણું છે, તે દેવું, સેવાઓ તો ઘણી થઈ થાશે, આત્મા, દીલ, સાક્ષી, પરમાત્મા, હેત એ પાંચની મૂર્તિ હૃદયાકાશમાં બ્રહ્મમાં બેઠી છે, તેમાં વરતવું.

બધા નીજ મકાનની સેવાઓ કરી ગયા, મકાન પુરૂં થયું છે, ચોમાસા પહેલા વાસ્તુ લેવા ઈચ્છા છે, **કાલાઘેલા બાળકોને વરસતા હૃદયે આશીર્વાદ. જય સ્વામિનારાયણ.**

અમરશી સુખી રહો, **અંતર શત્રુ નહિં નડે ભગવાનનમાં હોમવાં, દિવ્યપાણું વધારે રાખવું, મૂકતપાણે વરતવું, બધૂંય ભગવાનનું છે ભગવાને આપેલું છે, બધા પત્રો વાંચીને આજે આ આશીર્વાદો લખ્યા છે, સુખી રહો, વિશ્વંભરને કાંઈ જોઈતું નથી, છતાં બધૂં જોઈએ છીએ, ભકતોને જોઈએ તે ભગવાનને જોઈએ, ભકતોનું ભગવાનનું એક જ છે માટે સત્સંગ વધારવો, દિવ્યભાવ વધ્યો જ છે, તન મન ધન ભાવના વિશેષ ગુણો સદ્‌ગુણો વડે ભગવાન રાજી છે, દાસભકિત ઉત્તમ છે કરતાં રહેવી.** આશીર્વાદ. બધાને જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૦૭ તા.૬-૮-૮૫

।। આમંત્રાણ ।।

સેવક રમણિક જેરામભાઈ તથા વીરજી ડાયા, રમેશ મોહનલાલ નરોત્તમ ગોવિંદ, ભગવાનજી હીરજી, નાનજી લક્ષ્મણ, દામજી ભીખજી વિગેરે શ્રીહરિના ભક્તજનો સુખી રહો.

અધિક માસમાં વધારે ભજન કરો કમાઓ વાપરો, કુટુંબ માવતરને રાજી રાખો. ભગવાનને સેવો. ભજન કરો. બધાને આશીર્વાદ. જયસ્વામિનારાયણ વાંચવા. પ્રસાદી ગુલાબ પાંખડી ખાઓ.

દેશમાં વરસાદ સારા છે. **જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં આપણા નવા મકાનનું વાસ્તુ પુજન હવન ભોજન વિગેરે બીજા શ્રાવદ સુદ ૧ બુધવાર તા.૨૮-૫-૮૫ ના દિવસે રાખેલ છે. તે ઉપર જરૂર પધારવું.** દેશમાં પત્રો મોકલાય છે. વરસાદ સારા છે. બધા સુખી છો.

સમંડળ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.
સ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે, બાલમુકુંદ ભુવન-૨, જૂનાગઢ (સૌરાષ્ટ્ર) ભારત.

પત્ર નં.-૨૦૮ તા.૧૭-૮-૮૫

ભગવાન પ્રગટ શ્રીહરિને નમઃ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમઃ

ચાવડામાં સેવક ટપુલાલ કાનજીભાઈ તથા ચિ.પુત્ર રામલાલ ટપુલાલભાઈ તથા વેલીબેન, દમયંતિબેન તથા કુટુંબ પરિવાર બધાને ભગવાન પુરૂષોત્તમ અનાદિશ્રીહરિકૃષ્ણ મહારાજ શ્રીકૃષ્ણનારાયણ સુખી રાખો. ભગવાન તમારી નજર રાખે છે. ખાતે પીતે સૂતે બેઠતે પ્રગટ ભગવાન શ્રીહરિને સંભારવા, સેવવા, દર્શન કરવા, જમાડવા, દૂધ જળ પાવા, આરતી કરવી, ધુન્ય ભજન કરવાં.

આ માનવજન્મ ઘણો અમૂલ્ય મળ્યો છો. ભગવાન ઓળખાણા સત્સંગ થયો તેનો અલૌકિક લાભ છે. કુટુંબ ભકત તે કુટુંબ, સ્નેહથી રહેવું, ભકત અને ભકિતનો મહિમા સમઝવો, માનવ દેહમાં ભગવાન મળ્યા તેથી ધામમાં જ બેઠા છીએ. એકાન્તિકી ભકિત કરવી. ભગવાન દીનદયાળુ છે તે ખબર રાખે છે, નજર રાખે છે, મુકતના ભાવે વરતવું, માનવ ભાવના દોષ દબાવી દેવા અને પરદેશમાં ભકતો છે તે પણ ઘરબાર પુત્ર પત્ની પરિવાર માટે અને ભગવાન માટે દુઃખ વેઠીને કમાય છે. તેનો પણ મહિમા સમઝવો.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો, ભકિત કરજો, સંપથી રહેજો, પરસ્પર સેવા કરવી, ચાકરી કરવી અને ભગવાનને સંભારીને કુટુંબમાં હળીમળીને વરતજો બહુજ સુખી થશો. સાસુ સસરા પતિ પત્ની બાળકો બધામાં પ્રગટ ભગવાન રહ્યા છે તેનો મહિમા સમઝવો અને આશીર્વાદ રાજીપો લેવો. બધાને જયસ્વામિનારાયણ. ધીરજ રાખવી, બ્રહ્મમુકતરૂપે વરતવું દેહ ભેળુ ભળી જાવું નહિં. ગાય ભેંસ દોવા દેશે. સુખી રહો.

શાસ્ત્રીજી કૃ.વ.આચાર્ય. સ્વા.ના.મંદિર, ભંડારને મેડ, જૂનાગઢ.



પત્ર નં.-૨૦૯ **તા. ૫-૧૧-૮૫**

નવા વર્ષના બધાને આશીર્વાદ જય સ્વામિનારાયણ.

સેવકો રતિલાલ હં., અમરશી હં., રતિલાલ લાલજી, છગનલાલ મૂળજી, હરિલાલ વેલજી, નારણ મોહન, કાંતિલાલ પરસોતમ,ભરતકુમાર અમરશી વિગેરે **શ્રીહરિશરણાગતિ મંડળને ૬-૧૧-૮૫ બુધવાર આશ્વિન વદ ૮ અષ્ટમી નવા વર્ષે ભગવાન સુખી રાખે.**

જામવંથળીમાં ધામધૂમ ઘણું સારૂં થશે, વીડીયો કેસેટ ઉતારશે, મંગાવજો, ભગવાનજી રાજા, જયંતીલાલ હંસરાજ વશરામ, ટપુલાલ કાનજી તા.૪-૧૧-૮૫ ના મુંબઈથી જૂનાગઢ દર્શન કરી જામવંથળી ગયા છે, વીડીયો કેસેટ રાજકોટથી બે આદમી સાથે ભાડે લઈ ગયા છે.

વાસ્તુ, શરદપૂનમ સારાં ગયાં છે, હજારો માણસ જમ્યા છે, સમૈયા સારા થયા છે, જન્માષ્ટમી પણ જામવંથળી સારો સમૈયો થશે. તમો ભકિત કરજો, ગુલાબ પાંખડી ખાજો.

વૈદિયા પ્રફુલભાઈ તેના પિતાજી તથા પત્નીજી ત્રણેય ડોકટરો આંહી દર્શન ફોટાઓ ચાહ પાણી વડે ખુશી થયા છે, તમો મૂળ જેતપુરના વતની એટલે અમોને ઘણો આનંદ થયો, અમોએ તેમને કાંઈપણ સેવા કહી નથી. તમોએ સેવાની ઈચ્છા બતાવી પણ અમોએ ભજન કરવા કહ્યું હતું.

ભગવાનજી રાજા આઈસલેન્ડથી પ્લેનમાં ચોથી તારીખે મુંબઈ થી રાજકોટ જૂનાગઢ થઈ જામવંથળી પહોંચી ગયા છે સાથે જયંતીલાલ હં. વ. પણ છે. બધાને આશીર્વાદ. જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, બાલમુકુંદ ભુવન-૨, જૂનાગઢ.

પત્ર નં.-૨૧૦ **તા.૧૦-૧૨-૮૫**

સેવકો રામજી જેઠા તથા શાંતિલાલ કે. બગીચા તથા શ્વેતાયનજી મહારાજ તથા નાનજી ભગત, ભીમજીભાઈ, ભગવાનજીભાઈ, જયંતીભાઈ, હેમરાજભાઈ, કરમશીભાઈ, મોહનભાઈ, વૃજલાલભાઈ, મનસુખભાઈ, ગોરધનભાઈ, અમરશીભાઈ, નારણભાઈ, વજુભાઈ તથા દુબઈ શ્રીહરિશરણાગતિ મંડળને સારા આશીર્વાદો છે. જય શ્રીસ્વામિનારાયણ.

શુક્રવારે કથા વાર્તા કરતા રહેજો, ટપુલાલ કાનજી ચાવડાવાળાએ- ૧૦૦૦ નાનજી લક્ષ્મણના તથા ૧૦૦૦ શાંતિલાલ કે. બગીચાના, સેવા અમોને પહોંચાડી છે. રાજી છીએ, દર્શન થયા કરશે.

જીરાગઢના નારાયણ ભગતની ટપાલ મળી ગઈ છે, સાજા નરવા રહો, આશીર્વાદ છે. કાગળ મળ્યો કીર્તન વાંચ્યું બધાનો આનંદ આવે છે, ગુરૂમહારાજ ભગવાન સુખી થાય છે. દીરામ ગાયબ થયા પણ હવે નહિં થાય. એજ. ગુલાબ પાંખડી ખાજો કમાઓ વાપરો ભજો કુટુંબને રાજી રાખો.

ભગવાન અને ભગવાનના ભકતોને પ્રેમ ભકિત વડે દેશકાળ બધા સારા જ છે, પરિવાર આનંદમાં રહો, સેવાઓ ઘણી કરો છો અને કરતાં રહેજો, બધું ભગવાનનું છે, પ્રસાદી વાપરો ખાઓ અને ભજન કરો, મોક્ષમાં ભગવાનના ચરણોમાં રહેવાશે. એજ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, બાલમુકુંદ ભુવન-૨, જૂનાગઢ.

પત્ર નં.-૨૧૧ **તા.૧૫-૧-૮૬**

સેવક ભગવાનજીભાઈ સુખી રહો. હવે ભોમીયા થયા, કામકામ રાખજો, લાભ રહેશે, ભકિત ભૂલવી નહિં, સ્વાર્થ સાથે પરાર્થ કરતા રહેજો.

ભગવાનજીને ભગવાન મદદ કરશે, સારો લાભ આપશે, હિમ્મતથી કામ કરવું પણ ખોટમાં ઉતરાય એવું ઉધડું વધારે બોજારૂપ ન લેવું, લાભ થાય તેમ ગણતરીએ કામ લેવું. આશીર્વાદ. જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, બાલમુકુંદ ભુવન-૨, જૂનાગઢ.

નોંધ :-

અહિંથી જે પત્રો અધૂરા, તારીખ વગરના છે છતાં ઘણાં જ દિવ્ય ઉપદેશવાળા, માર્ગદર્શનિવાળા તેમજ પ્રેરક વિધાનોવાળા હોવાથી તેનો અહિં સમાવેશ કરવામાં આવ્યો છે.

જે ભકતો પાસે આ અપૂર્ણ પત્રોની પૂર્ણ માહિતી હોય તે સંપાદકને જૂનાગઢધામે મોકલશો તો ત્રીજી આવૃતિમાં તે મુજબ ફેરફાર કરી પ્રકાશિત કરવામાં આવશે.

પત્ર નં.-૨૧૨

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદ સાથે તોંતેર ભકતજનોને જયસ્વામિનારાયણ. જયન્તિ, મૂળજી રાજા, છગનલાલ પ્રેમજી શિક્ષક વિગેરેને શ્રીહરિ સુખી રાખો. બધાને જયશ્રીસ્વામિનારાયણ. લખેલી હકીકત જાણી. ખાનગી રાખજો.

છગનલાલને માલમ થાય જે- ત્યાંની પોષ્ટમાં કાગળો તુટે છે. જે પકડવા માટે લખમણબાપાના જમાઇ મગનલાલને વાત કરી, તેમણે કહ્યું કે, ''જામનગર પોસ્ટ ઓફિસમાં બી.જે. વસાવડા - સુપરીન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસ ના જૂનાગઢ હતા તેની ત્યાં બદલી જામનગર થયેલી છે.'' તેમને વાત કરી ત્યારે તેમણે કહ્યું કે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જૂનાગઢના એડ્રેસવાળા પોસ્ટ પાંચ-છ કવરો ખાલી જામવંથલીથી કોઇ આપી જાય તો અમો પોસ્ટમાં ટ્રાઇ કરીને જામવંથલીવાળાને પકડી પાડીએ. તો તમો તેવાં છ કવરો લઇને ખાલી જૂદાજૂદા અક્ષરોથી અમારૂ શિરનામું કરીને જામનગર પોસ્ટ ઓફિસમાં તે હાથો-હાથ આપી આવે અને જૂનાગઢથી મગનલાલભાઇ ટાંકે મોકલાવ્યા છે એમ તેમને ભલામણ કરે તો કદાચ ત્યાનો કવરતોડ માણસ હાથમાં પકડી પાડીએ. તો તમો તેટલું કામ કરશો અથવા ખાસ કામ કરે તેવા દ્વારા કરાવશો. કવરતોડને ચેતવણી ન મળે તેમ કરજો.

આ પત્રનો સાર લખી લેવો અને પત્ર ફાડી નાખવો. એજ. સુખી રહો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૧૩

।। શ્રીહરિ ।।

જૂનાગઢ સૌરાષ્ટ્ર, શ્રીસ્વામિનારાયણ મંદિર, ભંડારને મેડે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં જ આશીર્વાદો સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.

સેવક છગનલાલ પ્રેમજી તથા તમારૂ કુટુંબ વિગેરેને શ્રીજી મહારાજ સુખી રાખો. તમારા વિવાહનો પત્ર મળ્યો. વિવાહ સુખે સારી રીતે થાઓ. **અમો મૂર્તિરૂપે ત્યા હાજર છીએ માટે અમારે બોલતા-ચાલતા આવવાની જરૂર નહિં, તમો જે મહિમા સમજો છો તે ઘણો છે તેમાં તાણ ન હોય. અમારી ઘણી દયા છે. અમારૂ મંડળ પોરબંદર વૈશાખમાં જાશે. અમો એક ગામ મૂર્તિની આરતી ઉતારવા તે વખતે જાશું. જેથી અમો મૂર્તિરૂપે ત્યાં છીએ એમ માનજો. નજર રાખશું. દયા ઘણી છે.**

વૈશાખ સુદ ત્રીજ ઘણી ઉત્તમ ગણાય માટે તેમાં લગ્ન રાખજો. વૈશાખમાં અમારી પાસે આવવાની જરૂર નહી. **ગુરૂ પિતા માવતરનું કહ્યું માનવું અને રાજી રહેવું.** અજમાના સારા ભાવ વધે ત્યારે વેચવાં. અમો ત્યાં આવવા તૈયારીમાં નહી રહીએ. તમારા માતુશ્રીને સારૂ થઈ જાશે. **ખોટા વિચારો થાય ત્યારે ભજન કરવું તેથી મટી જાય.** એજ.

એક કાગળ સ્વયંપ્રકાશદાસજી ઉપર તમારે પરબારો ત્યાં આવવાનો લખવો. એટલે તેના પણ આશીર્વાદો તમને મળે. હાલમાં આંહી છે પછી પોરબંદર જાશે. બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

•❀•❀•❀•

પત્ર નં.-૨૧૪

જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ઘણાં આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ વાંચજો કહેજો.

તમોને છુટક કામમાં લાભ રહે છે તેથી વધારે લાભ રહે તેમ જણાય તો જરૂર દુકાન ફરીથી રાખજો કારણ કે વેપાર ન થાય અને કામ પણ ન થાય તે બે ગેરલાભ થાય. વેપાર થાય અને કામ પણ થાય તો દુકાનમાં જમાવટ ઘણી થાય માટે દુકાન રાખજો પણ ઉપરનો નફો વિચારીને રાખજો અમારી આજ્ઞા છે.

મોટા મોહમાં દુઃખ ઉભા થાય ન કરવું સુખ ઉભા થાય તે કરવું, અમારો આશીર્વાદ ફળશે વિચારીને કરજો. એજ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૨૧૪

શ્રીહરયે નમઃ

શ્રીહરિશરણાગતિ મંડળ સુખી રહો, જય પામો અને કમાઓ ભજન કરો.

સુરતથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદો સાથ જય સ્વામિનારાયણ વાંચશો.

ભાઈ અમરશીરાજાએ દરરોજ ૧૦ માળા ભગવાનને સંભારીને ફેરવવી અને સત્સંગના નિયમ તમે જેમ પાળો છો તેમ પાળવા તો સારાવાના થાય- સુખી થાય.

હરિલાલ, શાંતિલાલ, અમરશીભાઈ ત્રણેય જર્મન જવા ઇચ્છા હોય તો જજો. ઘણું જ સારૂં થશે. ઘણું કમાશો.

પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિને પૂજવા ભજવા સેવવા. ૧ થી ૨૯ સુધી નંબરવાળા તમામને આશીર્વાદ સાથે જયશ્રીસ્વામિનારાયણ પણ કહેવા. અમો હુતાશિની જૂનાગઢ કરીશું. એજ. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.

પત્ર નં.-૨૧૫

સેવક મોહનલાલ રતનશી તથા તમારૂ કુટુંબ બધાને શ્રીજી મહારાજ સુખી રાખો.

રતિલાલ ચાવડા ગઈકાલે પહોંચી ગયા છે, પરસાદ મળેલ છે, રાજી છીએ, સેવાઓ મળી છે. **તમોએ લખ્યું જે - ઈન્દ્રિયો અન્તઃકરણથી રક્ષા કરજો. તો નિયમ વ્રત પાળવા, અડવું નહિં છેટે રહેવું, એકાન્તમાં ન રહેવું એવી રીતે વર્તો તો રક્ષા થાય, તે રીતે વર્તવું અને સન્તના આશીર્વાદથી ઘાટ સંપલ્પ ન થાય, ભકિત કરવી, ભજન કરવું, ધર્મ પાળવો, શીલવ્રત રાખવું.**

શ્રીજી મહારાજે લખ્યું છે જે, પાતર્યુના ગળામાં હાથ નાખીને બેસે અને ભગવાનનો વાંક કાંઢે જે મારૂ મન કેમ ઠેકાણ રાખ્યુ નહી - માટે સાવચેત રહે તો ઈન્દ્રિયો જીતાય મોકળા મેલે તો ન જીતાય. એજ. બધાને જયસ્વામિનારાયણ.

હરિલાલ પાસ થાશો. **ભકત ભકિત કરે સુખ મળે, ધ્યાન માનસ પુજા કરે સુખ મળે.** એજ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૧૬

સેવક ભગવાનજી રાજા હ.ન.ક. વિગેરેને ભગવાન સુખી રાખો.

ભકિત કરવી, ભગવાનને છડી ધરાવવી તમો સુખી રહેશો. ભકતે ભગવાનમાં મન પરોવવું તેથી ભગવાનના દર્શન હૃદયમાં થયા કરે. એજ.

ક.હ.ન. વિગેરે સુખી રહો. અમારા કાગળમાં કોઈનું નામ પણ ન લખવું અને ભકતપતિ ભગવાન લખવું.

કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ વાંચવા.
સ્વા. મંદિર, જૂનાગઢ-સૌરાષ્ટ્ર.



પત્ર નં.-૨૧૭

સેવક વીરજી ડાયા ચોટલીયા કુટુંબ સુખી હો, સાઉદીયા શાંતિલાલ કમાય સુખી હોય આશીર્વાદ. રમાના માંગા આવશે, જલ્દી સંબંધ થાશે, સારાવાનાં થાશે.

અંદરઅંદર મેળ ન હોય, ખર્ચ કોણ ઉપાડે તેથી આમંત્રણ આપેલ નહિં હોય, અમોને કાંઇ ખબર નથી તેમ સમાચાર પણ નથી, મુંબઈ ઘણાં વર્ષોથી ગયા નથી જેથી કોણ કેમ છે કાંઇ જાણવામાં નથી, **અમો વિરોધમાં કયાય ભળતાં નથી,** જેથી પુછપરછ પણ કરેલ નથી. બધા સુખી હો, **સત્સંગ કરો. દ્રોહ ન થાય તે ઉત્તમ.**

- કૃ.વ.આ.
જૂનાગઢ.



પત્ર નં.-૨૧૮

સેવક હરિકૃષ્ણ-વિશ્વંભર જગત્પતિ ભગવાનના આશીર્વાદ.

ભકતપતિ ભગવાનની તબીયત સારી છે. ભગવાનને સંભારીને ઘરેલા પ્રસાદી જળ વડે ન્હાવું સીરહ મટી જાશે. દર્શન થાશે, ભકિત ભજન કરતા રહેવા. ભગવાનનું ધ્યાન ભજન કરવું. સાકરનું જળ પીવું તે પીવાથી સીરસ મટી જાશે, આશીર્વાદથી મટી જાશે.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.



પત્ર નં.-૨૧૯

અક્ષરધામમાં બેઠા છો, આ ભગવાનને સેવો છો, જ્ઞાનરસ ભકિતરસ સેવા લાભ મેળવો છો, દિલમાં પ્રભુને રાખો છો તેથી ચઢતી કળાઓ છે.

કમાવાના સારા વખત છે માટે લાખ લાખ પતિ થાઓ, બધો સત્સંગ તમારા વડે ઉજળો વરતશે, મોટા કામો થયા અને થશે, થતા જાશે, સમુહે સંપથી હળીમળીને મોટા કામ કરવા કે જે વિશ્વમાં પ્રખ્યાતિને પામે.

ભગવાન કરશે તે થાશે, ભગવાનને બધું આવડે છે.

કાગળ પત્રની બહુ વાટ ન જોવી, વિચાર કરીને લખવા પડે છે. એજ. પ્રસાદી તાજી ગુલાબ પાંખડીઓ ખાજો.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૨૦

જ્યાં મહાપ્રાસાદ જબરો પ્રગટનો મહેલ ઉભો થઈ રહ્યો છે, પ્રગટના શિખરબધ્ધ મંદિરમાં શ્રીહરિ બિરાજશે, તેના સેવા કરનારાઓએ અરબસ્તાનની લક્ષ્મી પાવન કરી દીધી છે, તે બધી લક્ષ્મીઓ પ્રગટ ભગવાનને રાજી કરનારી છે, રાજી એવા ભગવાન તે લક્ષ્મી હજારો ગણી સેવકોને આપશે, અક્ષરધામના સુખ આપશે, સમૃધ્ધિ દિવ્યમુકત કોટીયું દિવ્ય સામગ્રીઓ આપશે, સુગંધમય શિતળ અમૃતની તૃપ્તિઓ આપશે, તેને ત્યાં ઘણો વધારો છે, તે બધું સેવકોને આપશે.

શ્રીહરિશરણાગતિ મંડળનું અનંત અવિનાશિ વિશાળ અનંતમુકતો વસેલું સમૃધ્ધિ રસકસ ભરેલું શ્વેત શીતળ પીયૂષ દેનારૂં અક્ષરધામ રહેવાનું સ્થળ છે, સેવવા માટે પ્રગટશ્રીહરિ પ્રત્યેક મુકત સાથે રહેશે, રહે છે, રહેતા આવે છે, મુકતો મરજી પ્રમાણે સેવે છે, ભગવાન ઇચ્છા મુજબ સેવા લ્યે છે, કાંઇ અધુરૂં નથી, સંસારી જીવોને અધુરૂં રહે, શરણ સેવકોને અધુરૂં ન રહે, ભગવાન સુખની નદીઓ વહાવીને ભકતોના મનોરથ પૂરા કરે છે, ભકતો ઉત્તમોત્તમ આનંદમાં ભગવાન સાથે સ્નાન વિહાર મોજ લેતા હોય છે, આ સમજાણ અનિર્દેશની છે, તે ભૂલવી જ નહિં, ભગવાનના ખોળામાં ચરણમાં રમવું છે જમવું છે સુખ સાગર વાપરવા છે, એજ.

- કૃ.વ.આ.

પત્ર નં.-૨૨૧

હરિભાઈ ખોડાભાઈ ધાનાણી,તમોએ ઘણું લખ્યું. આશીર્વાદ, બધા સારાવાના થાશે.

ભગવાન સાથે છે જેથી બધું અનુકૂલ સમજવું, ભકિત વધારે કરવી, ચિંતા તજે તો તજાય, વધારે તો વધતી જાય, સુખને નાશ કરે માટે ભકતો સાથે મળીને ભકિતનો આનંદ વધારવો. મહેનત કરો ધાર્યા પ્રમાણે મળશે, ફાયદો થાશે. જે કામ આવડે છે તે નીતિથી કરજો, તેમાં ભગવાન સુખી રાખશે. મુંઝવણ ટાળવા હોય તો સુરતમાં શ્રીહરિશરણાગતિ મંડળના હરિભકતોને ગોતવા મળવું અને કામકાજ કરવું. એજ. નીતિ ભજન વડે કામકામ વધે. અમારા આશીર્વાદ વડે વધારે સુખી હો. આશીર્વાદ જય સ્વામિનારાયણ વાંચવા.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૨૨૨

સેવક કિશોરકુમાર પરસોતમ ગોહેલ, ગોવિંદજી મહારાજ તથા શ્રીહરિશરણાગતિ તમારા મિત્ર ગુરૂભાઈઓ દુબઈ આબુધાબી બધાને સારા આશીર્વાદ નવા વર્ષમાં સારી કમાણી હો, જય સ્વામિનારાયણ.

પરચો મળ્યો, ભગવાન ઓળખાણા, ગુરૂભાઈઓ મુકતોનો સમાગમ મળ્યો, કમાણી મળી, આઠ મહિના ત્યાં ગયા, કુટુંબની સેવા કરજો, ભગવાનને સંતને રાજી કરજો, પરદેશ રૂપિયો અને જીંદગી ધડા વિનાના જ છે, તેમજ સમજાણું સેવાયું ભજાણું તેજ કામનું છે.

ગોવિંદજી મહારાજ, કાનજી મહારાજ, શાંતિલાલ કે. બગીચા, રામજી જેઠા, વિસરામ હાલાઈ વિગેરેથી ઉપદેશ લેવો.

તમારો પત્ર વાંચીને આ કાગળ લખ્યો છે, હવે સમજ્યા ત્યાંથી સવાર. એજ.

શુક્રવારે બધાને સભામાં જય સ્વામિનારાયણ કહેવા. રજીસ્ટર્ડ કવર તથા ડ્રાફમાં લખવાનું આચાર્ય મહારાજથી શીખી લેવું. બધાને જય સ્વામિનારાયણ કહેવા.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૨૩

સેવક નારાણ મનજી કુટુમ્બ સુખી હો.

ખંભો દુઃખતો મટી જાશે. સંપીને કામ કરો, નોકરી નભે. ૫૦ હારડાના મળ્યા, રાજી. પગના તળીએ ચંદન ચોપડજો બળતરા મટી જાશે. રાફડાની માટી પલાળીને બાંધજો બળતરા મટી જાશે. છાશના પોતા બાંધજો બળતરા મટી જાશે.

નારાણને સારી બુધ્ધી હો. સગાઈ કરવી. સવારે ભજન કરવું. ન થડકાય, તાડપત્રી બાંધવી છાયો કરાવજો, બેંકમાં અરજી કર્યા કરવી પૈસા મળશે. હાથપગ ખરજવા મટી જાશે, લીમ્બડાનું તેલ ચોપડવું. આશીર્વાદ તથા જયસ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૨૨૪

સેવક અમૃતલાલ ખીમજી વાઢેર. કુટુમ્બ સુખી હો. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

ગુરૂપૂજા, વાસ્તુ, શરદપુનમ જામવંથળી ફૂલવાડી જન્મજયંન્તી બધા ઉત્સવો આ વર્ષે ઘણા પૂર જોશથી ઉજવાયા છે. હરિભકતો સંતો મળીને મોટા મોટા ઉત્સવો થયા છે, વીડીયો રેકર્ડ બધાના ઉતર્યા છે.

બધા આનંદમાં રહો, આશીર્વાદ જય સ્વામિનારાયણ.

૧૧૧૧નો ચેક મળ્યો છે, વટાવવા બેંકમાં આપ્યો છે - રાજી. ત્યાં બધાને જય સ્વામિનારાયણ કહેવા. **વેદિયા ડોકટર બેહરીનવાળા કાલે દર્શન જૂનાગઢ કરી ગયા, વીડીયો રેકર્ડ ઉતારી ગયા છે.** એજ.

- કૃ.વ.આ.
સ્વા.ના. મંદિર,
બાળમુકુંદ ભવન-૨, જૂનાગઢ.

પત્ર નં.-૨૨૫

સેવક રાઠોડ દેવજી કાનજીભાઈ સુખી હો. ભગતને સારૂં છે, સાજા છે, **એક આત્મા આનંદમાં રહો. અમારે કાંઈ જોઈતું નથી, આજ્ઞા કરવી નથી. ભગવાનના ભગતને સુખીપાણું જ છે. સેવકો સાથે ધુન, ભજન, કથા સત્સંગ કરવો.** બધાને આશીર્વાદ.

ફુલવાડી સેવવી. સેવકજને તો જાજી સેવા કરવી નહિં તો કાંઈ ન કરવી, વિશ્વંભરને કાંઈ ન જોઈએ. ભગવાનની ભકિત કરવી, ધ્યાન ભજનમાં મૂર્તિના દર્શન હૃદયમાં કરવા. સુખી હો, આશીર્વાદ. જય સ્વામિનારાયણ. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૨૨૬

સેવક વિનોદરાય કુટુંબ સુખી છે, બધા આનંદમાં છે, કામ ખૂબ કરજો, બધા કામ શીખજો, કાગળ મળ્યો છે, કામધંધા ચાલે ત્યાં સુધી કામ કરજો.

જમવામાં શાક વિગેરે બધા સાથે પંકિતમાં ખાવું પીવું ભૂખ્યું ન રહેવું. વિદેશનો સમય આવી જશે, આશીર્વાદ વાંચવા. **આહિં ભોજન પાણી વિગેરેમાં ટેવાયેલાને પરદેશમાં વાંધો ન આવે દુઃખી ન થવાય.** ફૂલ પાંખડી પ્રસાદી ખાજો.

સાથે મીસ્ત્રીને કામકાજે રાજી રાખજો, જય શ્રીહરિ કહેજો.

- કૃ.વ.આ.

પત્ર નં.-૨૨૭

સેવક કિશોર, નવા વર્ષમાં શરણાગતિ મંડળ તમામને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ.

દમ મટે, શ્વાસ મટે, રોગ મટે, આદુ રસ ચા-દૂધ સાથે લેવો, શ્વાસ તુરંત મટી જાશે.

ત્યાં રોકાઓ સાજા થાઓ કામ કરો કમાઓ વાપરો સેવો ભકિત કરો મુંઝાશો નહિં દમ મટી જાશે. **ચાહમાં આદૂરસ નાખવો અથવા આદૂની કટકી કયારેક કયારેક ચાવતી રહેવી. છાતિ ઉપર બામ ચોળવો દરદ જલ્દી મટી જાશે, સહેજ ગરમ જળ પીવા મળે તો ઘૂંટડો બે ઘૂંટડા પીવું, કફ શરદ લાળ શ્વાસ બધું મટી જાશે, ખાટું ન ખાતા.** એજ. આશીર્વાદ

- કૃ.વ.આ.

પત્ર નં.-૨૨૮

આત્મનિવેદીપણું દૃઢ રાખજો, ભકત પ્રેમથી અને ભગવાન હેતથી પરોવાયેલા ભેળા જ છે એમ ચિન્તવવું, મૂર્તિમાં જોવા, સુખી હો, સાજા નરવા રહો, ઉત્સવ આનંદ કરો, ભજો, બ્રહ્મરૂપે પરબ્રહ્મને ભજો, દેહને દિવ્ય માનીને તે સાથે વહેવાર લેવો, બંધન થવા દેવું નહિં, આશીર્વાદ. જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાજો, **જયન્તીલાલ રાઘવજીને ઘેર જયન્તી ધામધૂમે ઉજવી, સવાલાખનો પરચો સાંભળે તેને આશ્ચર્ય થાય છે,** તીર્થની જમીન માટે યોગ્યતા પ્રમાણે વાટાઘાટ ચાલૂ છે, સારાવાના થાશે, ફાળાની નોંધ નામ રકમ વિગેરે લખાણ મળી ગયું છે, વેલજી રવજી હજુ દેશમાં નથી આવ્યા, બે મહીને આવશે, એમ લખે છે, સાઉદીયા થોડુ વધારે રોકાશે.

રામજી જેઠા ત્યાં આવી પહોચ્યાં છે, નાનજી લખમણ ૧૩,૧૪માં ત્યાં આવી જાશે, ભગવાનજી રાજા વિગેરે ૧૨ જણા પાંચ દશ દિવસોમાં દુબઈ પહોંચી જાશે, ભારે જોગ થાશે, ભજન કરજો.

સંવત ૨૦૩૪ માં જે બાર મહિનાના ઉત્સવ થાય, મેવા વાઘા શણગાર વિગેરે માટે રકમો લખાણી હતી, તે ધીરે ધીરે બધા તરફથી મળી ગઈ છે, તેની પહોંચો કોઠારે કઢાવી લીધી છે, લેખો કોતરવા આપી દીધા છે, દ્વિશતાબ્દિ આવતા ચૈત્ર સુધીમાં બારેમાસોના ઉત્સવોનો મોટો લેખ કોતરાઈ જાશે, ૩૭૫૦ રૂા.ની દયાળજી લાલજી મનાણીની પહોંચ આ પત્રમાં મોકલાવી છે, તે સંભાળી રાખી લેજો, ગુલાબ પાંખડીઓ ખાજો, બધાને જય સ્વામિનારાયણ કહેજો.

ભગત વેલજી રવજી દેશમાં આવ્યા પછી તીર્થ વધારે જમીનની લેતી દેતી ઠીક થાશે, ધીરે ધીરે આ વર્ષમાં જમીન માટેના રૂપિયા પણ ભેળા થઈ જાશે અને આગળ કામ સારૂં થાશે, બધાને જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૨૯

શ્રીહરિઃ શરણં મમ

જન્માષ્ટમી - શનિવાર, તા.૧૬-૧૦-૭૬ નવું વર્ષ ઉજવવું. ધામધુમ કરવી. ભજન કિર્તન ભકિત કરવા, આરતી સ્તુતિ ભોજન પુજન કરવા, નવા વર્ષમાં સુખી રહો. ખાવા પીવામાં કસર ન કરવી. શરીરે સાજા રહો. નિરોગી રહો. દેશકાળ પ્રમાણે વરતજો. ધર્મ પાલન થાય તેવું કરવું. કમાવું. ખાવું. ભજન કરવું. દાન સેવા કરો છો. માવતરને સેવવા મદદ કરતા રહેવી. ભગવાનને રાજી કરવા, કરતા રહો છો. માળા ફેરવવી ઉત્સવ કરવા, આનન્દ કરવો. ભગવાન પરદેશમાં રક્ષા કરશે, કરતા રહેશે. મુંઝવણ ન કરવી, એકબીજાને મદદગારે થાવું, સાજે માંદે ટેકો દેવો. શ્રીહરિશરણાગતિમંડળ સેવકોને શ્રીહરિ સુખી રાખો.

સેવક દયાળજી લાલજીભાઈ, ધીરજલાલભાઈ, પરશોતમ મનજીભાઈ, જયન્તિલાલ મનજીભાઈ, સવજીભાઈ ડાયાભાઈ, દેવરાજભાઈ ડાયાભાઈ, દેવજી કાનજી રાઠોડ, મોહનલાલભાઈ, નાથાલાલ ડાયાભાઈ, પ્રાગજી ડાયાભાઈ, પ્રેમજી પોપટભાઈ, જીવણલાલભાઈ, અમરશીભાઈ, જગદીશભાઈ, વજુભાઈ, વેલજી મનસુખભાઈ, હરિલાલ ડાયાભાઈ, રતિલાલ મોહનલાલભાઈ ગોવિંદભાઈ, કુંવરજીભાઈ, નરસિંહભાઈ મનજીભાઈ, રામજીભાઈ તુલસીભાઈ, વીરજીભાઈ ડાયાભાઈ, દામજીભાઈ બાબુભાઈ, નાનજીભાઈ ભાણજીભાઈ, લવજીભાઈ નટવરલાલભાઈ, દયાળજી ગંગદાસભાઈ, શામજી હિરજીભાઈ, મોહનલાલ રતનશીભાઈ, અમરશીભાઈ, હરજીવનભાઈ આદિક સર્વ સેવકોને શ્રીજી મહારાજ ભગવાન સુખી રાખો. તમારી ખુશી ખબર લખતા રહેજો. **નવા વર્ષે બધાને નાણાં સોનાના પાકવા માંડો. સાજા નરવા રહો. આનન્દ ઉત્સવ કરો. ભકિત કરવી, પછી જેવો યોગ.** બધાને સંભારી આશીર્વાદ કહેવા, જેણે જેણે વર્ષમાં કાગળો ન લખ્યા હોય તેણે તેણે શિરનામા સાથે જરૂર લખવા. એટલે તે પ્રમાણે આશીર્વાદો આશો કાર્તિકમાં પણ લખાય. **ફાળો સાંભળી બહુજ રાજી થવાય છે. તમો સાજા નરવા છો. તેથી વધારે રાજી થવાય, છોકરાઓને રભડાં ધીંગાપુષ્ટ રમતાં જોઈને માવતર રાજી થાય.** એજ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં આશીર્વાદ સાથે જયશ્રીસ્વામિનારાયણ જૂનાગઢ સ્વામીમંદિર.

- કૃ.વ.આ.
જૂનાગઢ.

પત્ર નં.-૨૩૦

સેવકો અમૃતલાલ ખીમજી, દેવશીભાઈ તથા કેશવજીભાઈ તથા વેલજીભાઈ બધાને આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ સાજા નરવા રહો, ભક્તિ કરો કમાઓ વાપરો.

તમારા જેવી સેવા તમોને યોગ્ય લાગે તે કરતા રહો.

શરીરમાં ખંજવાળ મટી જાશે લીમડા શોપ સાબુ વાપરવો, આશીર્વાદ.

પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. કેમ્પના મંદિરમાં જવું ભક્તિ કરવી, ભજન કરવું, શુક્રવારે ભક્તો મળતા હોય તો આશીર્વાદો સાથે જય સ્વામિનારાયણ કહેવા. એજ.

કૃ.વ.આ.સ્વા.ના. મંદિર, બાલમુકુંદ ભવન-૨, જૂનાગઢ.



પત્ર નં.-૨૩૧

પ્રિય વ્હાલા સેવકો સેવા કરો છો રાજી છીએ, દાસાઈલેન્ડમાં રહો, કમાઓ, ભક્તિ કરજો. તમારા બધાના પત્ર પ્રમાણે લેખમાં નામ ઉમેર્યો છે.

સેવકો - દેવજી કાનજી રાઠોડ, તમારો પત્ર મળ્યો, જયન્તીલાલ સાથે ડ્રાફ શરણાગતિ મંડળની ટપાલ વંથળી મળી, ૧૧૫૧ દરેકના રૂપિયા મળી ગયા છે, લેખમાં પણ છેલ્લો કાગળ ભગવાનજી રાજાનો પત્ર લખમણ જેઠાનો પત્ર પણ મળ્યો છે. અમારી તબીયત સારી છે.

જામવંથળી એક માળ ઢંકાઈ ગયો છે, બીજા માળ કરવાનું મુહૂર્ત શ્રાવણ વદ પાંચમનું સવારે ગુરૂવારે પહેલે ચોઘડીયે સારૂં છે, શ્રીહરિશરણાગતિ મંડળને વાત કરજો, જે હાજર નહિં હોય તેના પત્ર પ્રમાણે હિરજી પેથા યજમાનોના દીકરાઓને સાથે સાટકે બેસારીને મુહૂર્તને વધાવી લેશે, પુજા કરાવી લેશે, મહાશંકરભાઈ જામનગરથી પધારશે, પરદેશમાં જે શ્રીહરિશરણાગતિ મંડળે મંદિરનો સંકલ્પ કરેલ હશે તે નકકી રહેશે, તેમ કહેજો, હિરજી પેથાભાઈને ભલામણ કરેલ છે.

જૂનાગઢ નિજ ભવનના બીજા માળના થાંભલા ઉભા થઈ ગયા છે, કામ ચાલુ છે.

આંબાલાલ ડાયાભાઈ ટાંક તમારો પત્ર મળ્યો લેખમાં છેલ્લા અઠવાડીયામાં જે ફેરફાર સાથે સુધારો વધારો કરીને કોતરવામાં સામેલ કર્યા છે. **બધા ફુલવાડી સેવો છો એક માળ પુરો થયો છે, બીજો માળ શ્રાવણ વદ પાંચમે મુહૂર્ત થાશે. બધા શરીરે સાજા રહો, ભુલ ચુક ક્ષમા.**

ભગવાનભાઈને ત્યાં કથાવાર્તા કહો છો, શરણાગતિ મંડળ લ્હેરમાં રહે છે, દ્વારકાથી સુરેન્દ્રનગર ભાવનગર વેરાવળ પોરબંદર બધા સૌરાષ્ટ્રમાં ચાર દિવસોથી વરસાદ ઘણાં સારા છે, સૌરાષ્ટ્રમાં વર્ષ સારૂં થયું છે, જૂનાગઢમાં વરસાદને પાણીએ મકાન પાકે છે.

સેવક ભીમજી ભાણજી કોસંબાવાળા તમારો પત્ર મળ્યો, ભૂલચૂક માફ.

સેવક રવજી મુળજી ૧૧૫૧ મળ્યા, લેખમાં નામ કોતરાય છે, કવર મળ્યું, **માતુશ્રીના મોક્ષાર્થે અમે ૧૦૦૧ તમારી મહાપુજાના નામ સાથે લખાવ્યું છે, અમરોલી આશીર્વાદ લખ્યા છે, તમો ફૂલવાડીને સેવો છો, નાનજી લખમાણ પાગ ફૂલવાડીને સેવે છે, ઘાણું સારૂં કરો છો, સુખી રહો. શ્રીહરિશરણાગતિ મંડળ બધા સુખી રહો, ભગવાન પ્રગટપણે રક્ષા કરે છે.**

ભગવાનજી રાજાભાઈ તમારો લેટર ૧૯-૭-૮૪ નો મળ્યો. તમો ૧૧-૮-૮૪ પ્લેનમાં શિખર શિલા રોપાણ માટે આવો છો, ઘણા આનંદની વાત છે, આવો પહોચી જાઓ- કદાચ મોડું થાશે તો હરિકૃષ્ણના હાથે પૂજન કરાવવા હિરજી પેથાભાઈને બેસાડવા જાણાવેલ છે, શ્રાવણ વદી ગુરૂવાર તા.૧૬-૮-૮૪ સવારે છે. તમારા વતી હરિકૃષ્ણ પુજા કરશે, તમો આવશો ત્યારે ફરીથી પુજન કરાશે, મુહૂર્ત સાચવી લેવાશે.

૧૧ કે ૧૨ તારીખે તમો જામવંથળી હશો, ઘણી ખુશીની વાત છે, બધા સારાવાના થાશે, લેખમાં નામો તમારી ૧૯-૭-૮૪ ના કાગળ પ્રમાણે ફેરફાર નોંધ કરીને કોતરવા આપેલ છે. જયંતિલાલે કેસ તેર હજાર તથા વધારે આપ્યા છે, મુકેશકુમાર પરસોત્તમ તૂલસી ટાંક નામ ઉમેર્યું છે.

સેવક ઉજીબેન તમારો પત્ર મળ્યો, પત્રમાં લખ્યા મુજબ લેખમાં ફેરફાર ઉમેર્યો છે, રૂપિયા બધાના મળી ગયા છે. ૨૮૦૨૮ અઠાવીશ હજાર અઠાવીશ મેમ્બરોના થયા છે. હવે બંધ રાખવા ભકતોને કહેજો, **તમોએ ફૂલવાડીને સારી સેવી છે.**

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૩૨

સેવકો આ તમોએ જૂનાગઢ અમારા ઉપર પ્રત્યેકે પરબારા કાગળ લખવા. ફાળો કરવો નહિં, કામકાજ ભાંગી જાય.

પ્રગટ ભગવાનનો એક ઘનશ્યામમૂર્તિનો બધો ખર્ચ બારેય મહિનાનો ઉપાડે તેવું હાલમાં શ્રીહરિશરણાગતિ મંડળ જોરદાર છે, ભગવાને કમાણી આપી છે, રાજીપો આપ્યો છે, તન મન ધન ભાવ શ્રધ્ધા વિગેરે પેઠે વડે આવો એક લાખનો (સવા લાખનો) (દોઢ લાખનો) ધકાડો આવતી દિવાળી સુધીમાં કરવો છે, લેખ કોતરાવવો છે.

લેખની નોંધ - આઈટમો જાણાવેલ છે. રકમ, નામ, ચીજો કોતરાવવી છે. તમો સમર્થ હોય તેણે એક જાણે, બે જાણે, ત્રાણ જાણે મળી મળી પાંચ હજારને ઉપલી રકમો તૈયાર કરવી, પાંસઠ હજાર તૈયાર છે, બાકી ચોવીસ કે પચાસ કે સાંઠ હજાર, જેટલી થાય તેટલી તે સેવા કરાવવી છે, તેમાં પત્ની પતિ બાળકો ગામ નામો પેટા કરમો કોતરાશે. તે પ્રમાણે અમારી પ્રસન્નતા માટે કાયમ ભગવાનની જીવનભરની સેવાઓ માટે શ્રીહરિશરણાગતિ મંડળનો આ દાખલો પ્રસિધ્ધિમાં મેલવો છે.

પ્રગટ ભગવાનન ભકતો પાણ પ્રગટ માટે કુરબાની આપનારા વધારે વધારે જાહેરમાં મેલવા છે. તો ઉપર પ્રમાણે બબ્બે ત્રાણ ત્રાણ જાણા સંપીને મેળવાળાઓ પાંચ પંચી રકમો કરજો, એક જાણના પાંચ હશે તે પહેલા કોતરાશે, પછી સમુહ કોતરણી રહેશે. તમારે આ દિવાળી સુધીમાં કરવાનું છે અને રકમો અમોને પહોંચાડવાની છે. ડ્રાફ મોકલો. ટેપ રોકર્ડમાં ઉતારીને બધા શ્રીહરિશરણાગતિ મંડળવાળાએ તૈયારી કરવી.

બધું અમારૂં વિશ્વંભરનું છે, વિશ્વંભરે આપ્યું છે. કેટલાક કાંઈ કરી શકતા નથી તેમાણે આમાં સામેલ થાવું, નામો તો બસો જેટલા છે. પાણ ઘરમાં દાળદર, દિલમાં દાળદર, શ્રધ્ધામાં દાળદર, ગુરૂને માનવામાં દાળદર, સ્વાર્થમાં ઉદારતા એવા માણસ કરી શું શકે ? માટે આ કાગળની નકલ ટેપ રેકર્ડ કરીને જુમાને દિવસે સેવકોમાં મોકલજો અને અમોને સુચના આપતા રહેજો, તેમજ પોતાના ઘરને માવતરને બચ્ચાઓને ગૃહિણીને લખે તેમ લખજો. બીજા ઈર્ષાખોરને આ બાબત જાણ કે આગ્રહ ન કરવો, કામકાજ ભાંગી જાય.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૩૩

ભગવાનની જે.

સેવક દયાળજીભાઈ, છગનલાલ વાપરો. લા.શા.દ.જ.સં. સં.મં.વિ. તમો શરણાગતિ મંડળ સુખી રહો, આશીર્વાદ જય સ્વામિનારાયણ.

તમોએ ખૂબ જ ચોકખો કાગળ લખ્યો વાંચીને રાજી થાઉ છું. તમારૂં કામ ઘણું સ્વચ્છ છે. તમો પણ તન-મન-ધન વડે સ્વચ્છ સેવક છો. તમો દયાળજી અને તમોને અમારી દયા કૃપા પ્રસન્નતા મળી હવે શું બાકી છે ? ચારે પુરૂષાર્થ તમોને મળી ગયા, અમારા ચરણમાં સેવામાં રાખશું. ભકિત કરતા રહેજો, શરણાગતોને ભકિત કરાવતા રહેજો. સ્વચ્છજ્ઞાન નિર્મળભાવ એકાત્માપણું તન્મયપણું અને તાદાત્મ્ય આત્મનિવેદી ભકિત આપનારૂં છે. ભગવાન પોતામાં રાખવા અને શરણાગતોને ભગવાનની પ્રસન્નતા વરસાવવી વાતેચીતે દ્રઢતા કરાવવી એજ.ચિત્રાવો છો જે મૂરતિ તેનું મુખ ઉજળુ, ગાલ, ભાલ, નેત્રો, પડખાં, પાંપણો, પડલ, આંખ ખુણાઓના પડખાં વિગેરે દાઢીએ બધૂંય રમુજ પ્રસન્નતા ભરેલ અને ધોળું ઉજળું દેખાય એમ ચિતરાવજો. છાયા મુખના ગોળામાં ન જોઈએ.બધુ મુખ કૃપાળુ અને સારૂં ચિતરાવજો. બહુ જ સારૂં કરો છો, ભલે કારીગરને વધારે દેવા પડે રૂપિયા તો વયા જાય પણ ભગવાન રખાય, આ વાત સમઝે તો દાદા ખાચર ગણાય, એજ.

- કૃ.વ.આ.

સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

પત્ર નં.-૨૩૩

શ્રીહરયે નમઃ

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીહરિશરણાગતિ મંડળની ચઢતી કળા હો, સુખી હો, સાજા નરવા રહો, પરદેશમાં મુંઝવણ ન હો, કમાવો ભજન ભકિત વધારે કરો, દેશકાળ પ્રમાણે રહો, શ્રીહરિને સંભારો, સેવા સત્સંગ કરતા રહો, ભગવાનમાં વધારે હેત રાખો, કુટુંબી સંબંધીઓનું પોષણ કરો, મોક્ષ માટે અનુસંધાન રાખો, શરણાગતિમાં મજબુત રહો, મળે તેટલી કથાવાર્તા કરો, સમય પ્રમાણે સમૈયા ઉત્સવ કરો, સંત સમાન જીવન સુધારો અને મળ્યા ભગવાન મેલવા નહિં, ધામમાં જાવું છે તેનો કેફ રાખવો, ઉપાસના કરતાં રહો, બીજા જીવને સત્સંગનો લાભ આપતા



રહો, દેહ મન ઈન્દ્રિયોથી દબાવું નહિં ઉપરવટ વરતવું અને અફસોસ કરવો નહિં, ભગવાનનું બળ રાખવું સારાવાના થાશે.

આ પત્ર બધા માટે લખેલ છે. જ્યારે જે દિવસે ભેગા થાવ ત્યારે જય સ્વામિનારાયણ સાથે આશીર્વાદો કહેવા, તમો નાણાવાળા અને દ્રઢ સત્સંગવાળા થાઓ વર્તો - તે જોઈને અમો વધારે રાજી થઈશું. ક્રમમાં નાના મોટાનો ધોખો કરશોમાં, ચોપડામાંથી સંભારી સંભારીને લખ્યા છે, વ્હેલા પહેલા નાના મોટાનો મેળ રાખ્યા વિના બધા માટે પત્ર લખ્યો છે. તમારા ખુશી ખબર લખતા રહેવા.

દુબઈ :-

૧. રતિલાલ હંસરાજ રાઠોડ
૨. કેશવજી હરિભાઈ ચોટલીયા
૩. પ્રાગજી ડાયા ચૌહાણ
૪. નથુ ડાયા ચૌહાણ
૫. નાનજી ડાયા ચૌહાણ
૬. મોહન ભગત સાપરીયા બાલંભાવાળા
૭. વ્રજલાલ રણછોડ
૮. માવજી નાનજી
૯. વાલજી રતિલાલ
૧૦. પ્રાગજી ગોવિંદ
૧૧. રામજી ભગત જીરાગઢ
૧૨. તુલસી ડાયા ટાંક
૧૩. ભગવાનજી ડાયા ચોટલીયા રામપરવાળા
૧૪. વેલજી મનજી આબુધાબી
૧૫. પ્રાગજી મોહન કાચા ધુળકોટ
૧૬. અર્જૂન નાથા મનાણી ફાટસર
૧૭. મંગુભાઈ બીલીમોરા
૧૮. નારણભાઈ કુરજીભાઈ
૧૯. રતિલાલ લાલજી જાવિયા
૨૦. જયંતિલાલ રાઘવ પોરીયા
૨૧. પ્રાગજી રણછોડ દેવજી ટાંક
૨૨. ભગવાનજી ટપુ પોરીયા
૨૩. નરસિંહ મનજી રાંપરીયા



૨૪. હરિલાલ મનજી રાંપરીયા
૨૫. કેશવજી મનજી રાંપરીયા
૨૬. નાનજી મનજી રાંપરીયા
૨૭. જેરામ મનજી રાંપરીયા
૨૮. દામજી મનજી રાંપરીયા
૨૯. વીરજી ડાયા ચોટલીયા
૩૦. પ્રભુલાલ નરસી છેલાભાઈ ગોહેલ
૩૧. વશરામ લક્ષ્મણ જેઠા અજા મકવાણા
૩૨. પરસોતમ રવજીભાઈ ધૂળકોટવાળા
૩૩. દેવજી કાનજીભાઈ રાઠોડ
૩૪. દેવરાજ ડાયાભાઈ
૩૫. અમરશી હંસરાજ રાઠોડ
૩૬. સવજી ડાયાભાઈ કાચા
૩૭. જયંતીલાલ મનજી ચૌહાણ
૩૮. શામજી હીરજી ચૌહાણ સરજાહ
૩૯. દામજી ગંગદાસભાઈ રાઠોડ
૪૦. નરસીંહ ડુંગરશી પરમાર
૪૧. રામજી તૂલસી ટાંક
૪૨. હરિલાલ મેપાભાઈ ચૌહાણ
૪૩. હરિલાલ ડાયાભાઈ ચૌહાણ
૪૪. દયાળજી લાલજી મનાણી
૪૫. ધીરજલાલ લાલજી મનાણી
૪૬. રતિલાલ મોહન ચૌહાણ
૪૭. હરજીવન મૂળજીભાઈ
૪૮. પરસોતમ મનજી મનાણી આબૂઘાબી
૪૯. દેવશી રામજી ભગત કિશાનપુર કચ્છ
૫૦. જયંતિલાલ દેવશજીભાઈ માધાપુર કચ્છ
૫૧. દેવરાજ ડાયા મકવાણા
૫૨. પરસોતમ તૂલસી ટાંક
૫૩. પ્રેમજી પોપટભાઈ
૫૪. જીવણલાલ
૫૫. વજુભાઈ
૫૬. વેલજી મનસુખભાઈ

૫૭. શાંતિલાલ મોહનલાલ પરમાર
૫૮. કુંવરજી વેલજી મનાણી
૫૯. ગોવિંદભાઈ
૬૦. બાબુભાઈ ધનજીભાઈ
૬૧. ભાણજીભાઈ મનજીભાઈ
૬૨. લવજીભાઈ
૬૩. નરસીંહ ટપુ ચાવડા
૬૪. જાદવજીભાઈ
૬૫. ભગવાનજી નારાયણભાઈ મનાણી
૬૬. વાલજી કેશવજી ચોટલીયા ભેંસદડ
૬૭. નાનજી લખમણ મકવાણા
૬૮. માવજી લખમણ મકવાણા
૬૯. શાંતિલાલ દેવજી મેઘપર
૭૦. ઓધવજી ટપુ મનાણી
૭૧. નારાયણ મૂળજી મનાણી
૭૨. દેવશી ડાયા મકવાણા
૭૩. તૂલસી જેઠા અજા
૭૪. ચમનલાલ મોહનલાલ
૭૫. શામજી હીરજી પેથા

વિગેરે વિગેરે **જૂનાં નવાં જે જે જ્યાં જ્યાં રહેતા વસતા હો મળતા હો એકબીજાને જય સ્વામિનારાયણ કહેવા, ખુશી ખબર લખવા, ઉત્સવ કરતાં રહેજો, ઉદાસીનતા ન લાવવી, ભજન કરવું, પરદેશમાં જાય તે પરદેશનું જોઈને નાસ્તિક જેવા થઈ જાય છે, પણ પરદેશીઓ ઈશ્વરને કેટલા સંભારે છે, ફકીરો સાંઈ માળા જપે છે, પરમેશ્વરના બહાને વિશ્વાસુ છે, તેમનો ગુણ ગ્રહણ કરી પોતાનો સત્સંગ દ્રઢ કરવો. કેટલાક તો હાવલા મારતાં હોય છે, ઝપટમાં ન આવવું ખબરદાર રહેવું, બધાને જય સ્વામિનારાયણ. પારકા પોતાના જેમ ગણે તેને બધાંને આશીર્વાદ સાથે જય સ્વામિનારાયણ. કમાણી લેખે લાગે તેમ કરવું છતાંય લૂંટાય જાય છે તેમ ન થવા દેવું, સુખી રહો.**

કૃ.વ.આ.ના જય સ્વામિનારાયણ.

- કૃ.વ.આ.
સ્વા.ના.મંદિર, ભંડારને મેડે, જૂનાગઢ.

ઉપાસનાઓમાં ''પ્રગટ ઉપાસના સૌથી મોટી''



પ્રગટને ઓળખવા અને સેવા ભક્તિ કરી મોક્ષ મેળવવો



બધુય પ્રગટ ભગવાનનું છે તે પ્રગટ ભગવાન માટે વાપરવું.

પ્રગટ ભગવાન પોતાના ભક્તના આત્માને અંત સમયે અવશ્ય પરમધામમાં લઈ જવા તેડવા આવે છે.

પ્રગટ ભગવાનનો શ્રીહરિ શરણાગતિ મંડળને દિવ્ય ઉપદેશ

પ્રગટ ભગવાનને રાજી કરે તેના જેવું મોટુ મોક્ષસાધન એકેય નથી.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ગુજરાતી - અંગ્રેજી - સંસ્કૃત - હિન્દી ભાષાના હસ્તાક્ષરના દર્શન.









પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની દિવ્ય કર્મભૂમી
● મહાતીર્થધામ જૂનાગઢનો મહિમા ●

(૧) પ્રગટ ભગવાને કુંકાવાવ અને જેતપુર પછી સંસ્કૃત વિદ્યાભ્યાસની શરૂઆત તેમજ પ્રથમ કથા પણ કરી છે...જૂનાગઢમાં

(૨) પ્રગટ ભગવાને અનેક ઐશ્વર્ય ચમત્કાર પરચા બતાવી પોતાની દિવ્ય મૂર્તિની અનેક પ્રકારે સેવા આપી પોતાનું સર્વોપરિ પ્રગટ ભગવાનપણું સાબિત કરી બતાવ્યું છે...જૂનાગઢમાં

(૩) પ્રગટ ભગવાનને અનેક મુમુક્ષ ભક્તોને પોતાનો દિક્ષામંત્ર આપી શ્રીહરિ શરણાગતિ મંડળની સ્થાપના કરી છે...જૂનાગઢમાં

(૪) પ્રગટ ભગવાને સૌથી વધારે કલ્યાણકારી દિવ્યશાસ્ત્રોની રચના કરી છે...જૂનાગઢમાં

(૫) પ્રગટ ભગવાનની મૂર્તિના સૌથી વધારે ફોટોગ્રાફ તેમજ વિડિયો લેવાયા છે...જૂનાગઢમાં

(૬) પ્રગટ ભગવાને પોતાનાં સર્વે ભક્તોને સૌથી વધારે આશીર્વાદ અને ઉપદેશના-પત્રો લખ્યાં છે...જૂનાગઢમાં

(૭) પ્રગટ ભગવાનની સૌથી વધારે પરાવાણીની કેસેટો રેકોર્ડીંગ થઈ છે...જૂનાગઢમાં

(૮) પ્રગટ ભગવાને અનેક જીવાત્માઓનાં કલ્યાણાર્થે ''ન ભૂતો ન ભવિષ્યતિ'', તેવાં મહામહોત્સવો પણ કર્યા છે...જૂનાગઢમાં

(૯) પ્રગટ ભગવાને સૌથી વધારે પોતાનું દિવ્ય જીવન વ્યતિત કર્યું છે... જૂનાગઢમાં

(૧૦) પ્રગટ ભગવાનની સ્વઉપયોગની સૌથી વધારે મોક્ષદાયી દિવ્ય પ્રસાદીની વસ્તુઓ તેમજ દિવ્ય ગાદિસ્થાન અને સ્મૃતિ મંદિર પણ છે....જૂનાગઢમાં

(૧૧) પ્રગટ ભગવાન સ્વયંના દિવ્યપંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર જૂનાગઢમાં થયો હોવાથી સાક્ષાત્ પ્રગટ દિવ્યરૂપે રહ્યાં છે...જૂનાગઢમાં

...

કોઈ વસ્તુને સ્વયં પ્રગટ ભગવાને માત્ર સ્પર્શ કર્યો હોય છતાં પણ એ વસ્તુને આપણે મોક્ષ આપનારી દિવ્ય અમૂલ્ય વસ્તુ ગણીને તેની પ્રેમભાવથી પૂજા કરતા હોઈએ છીએ તો પછી જે ભૂમિપર સ્વયં પ્રગટ ભગવાને પોતાનાં દિવ્ય જીવનના અનેક વર્ષો પસાર કર્યા હોય તો તે ભૂમિ દિવ્ય પરમધામ તૂલ્ય જ ગણી શકાય.

પૌરાણીક શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ છે કે, ''જે ભૂમિ પર કોઈ સંત મહાપુરૂષ કે ભગવાનના દિવ્ય પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હોય, તો ત્યાં તેમનું તમામ ઐશ્વર્ય તપ શક્તિ તે ભૂમિમાં દિવ્યરૂપે પ્રગટ સમાયેલી હોયજ છે. જેથી એ પવિત્ર ભૂમિ ભક્તિની સિદ્ધી આપનારી, સંકલ્પોને પૂર્ણ કરનારી તેમજ આત્યંતિક મુક્તિ આપનારી દિવ્યધામ તુલ્ય ગણાય છે.

માટે જ પ્રગટ ભગવાને સ્વયં દિવ્ય કલ્યાણકારી મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાણ સંહિતના પ્રથમભાગનાં કૃતયુગ સંતાનનાં અધ્યાન નં. ૫૩ શ્લોક નં. ૬૦ માં પણ પોતાની કર્મભૂમિ તેમજ સ્વધામગમનની જે જૂનાગઢની ભૂમિ 'ભવિષ્યમાં દિવ્ય મહાનધામ બનશે.' તેની સ્વહસ્તે વર્ષો પહેલા આ પ્રમાણે ભવિષ્યવાણી કરી છે કે,

अनादिनिधनं तन्मे स्थानं दिव्यं भविष्यति ।
कृष्णमुक्तिप्रदः सोऽयं द्वीपो दिव्यो भविष्यति ।।

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનનાં સ્વધામગમનનું જે દિવ્ય સ્થાન થશે. તે મુક્તિ અપાવનારૂં પરમ દિવ્યધામ બનશે.

આ રીતે મહાતીર્થધામ જૂનાગઢનું પૂર્ણ વર્ણન ન થઈ શકે તેટલો અપાર મહિમા છે.

આજ પ્રમાણે જે દિવ્યભૂમિ પર પ્રગટ ભગવાનનું પ્રાગટ્ય થયું તે મહાતિર્થ કુંકાવાવધામ તેમજ જે દિવ્યભૂમિ પર પ્રગટ ભગવાને અનેક લીલાચરિત્રો કર્યા એ મહાતિર્થ જામવંથલીધામનો પણ પૂર્ણ વર્ણન ન થઈ શકે તેટલો અપાર મહિમા છે.

સ્વયં પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના દિવ્ય યોગમાં આવવાથી પ્રાગટ્યભુમિ કુંકાવાવધામ - લીલાભૂમિ જામવંથલીધામ તેમજ કર્મભૂમિ જૂનાગઢધામ / ગંગા-યમુના-સરસ્વતિ સમાન આ ત્રણેય પ્રગટના તિર્થધામમાં સમગ્ર વિશ્વનાં તમામ તિર્થો દિવ્યરૂપે વાસ કરીને રહ્યાજ છે, માટે જ સર્વ ભક્તોએ વર્ષમાં એકવાર તો જરૂર આ ત્રણેય તિર્થધામનાં દર્શને જઈ ત્યાં પ્રગટ ભગવાનની યથાશક્તિ સેવા-ભક્તિ કરી વિશેષ રાજીપો પ્રાપ્ત કરવો. જેથી આ લોક તેમજ પરલોકમાં મહાસુખિયા થવાય.

- લી. શ્રી કૃષ્ણપ્રકાશસ્વામી

-:: શ્રી પ્રગટ ભગવાન રચિત શ્રીજીરક્ષા મહામંત્ર ::-



● જય નાદ ●

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનની જય.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય.

શ્રી શ્વેતાયનવ્યાસ હરિની જય.

શ્રી કંભરાગોપાલ બાળની જય.

શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજની જય.

શ્રીહરિ શરણાગતિ મંડળની જય.

શ્રી વિઘ્નવિનાયક દેવની જય.

શ્રી કષ્ટભંજન દેવની જય.

. . . . .

ઉપાસનાઓમાં "પ્રગટ ઉપાસના સૌથી મોટી"



પ્રગટને ઓળખવા અને સેવા ભક્તિ કરી મોક્ષ મેળવવો

તા. 31-8-78

સેવક રતિલાલ કુટુંબ સુખરૂપ

કુટુંબ રતિલાલ મંદિરનાં નવા ઓરડા

તરફથી ભાગવતિમંડપ સુખરૂપ રહે, મારાથી

નમસ્કાર વંચાણ લેશો, રામકુટીર વિગેરે

સ્થળે ચુનારો કામ કરનારાઓ લાવવા

તરફ, પ્રસાદી મારે ~~૧૫૦૦~~ ૨૦૦૦ મળવી, પ્રસાદી

બીજાને સન્માન રાખવું, સેવાકર્તા તરફ

દિવાળી પહેલાં આવવાનું રાખવું, કામની

પડી ન મૂકવી, રહ્યાકોડ માન મારું

માગ જેવા જેવા મહાત્માઓ માગવાનાં

આવે તેટલું, સેવાકર્તા રાજુ કરવા માટે

મેળવવું, માગંતાને ચિન્હરૂપી રાખે મેળવવું

સમાચાર પરથી આવે સાંભળવા, તબિયતની

રાખવા પવિત્ર ગોમતા સમજાવે મેલવા

રાખવાને સમજાવું નથી, મારે દાગવાં

પૃથ્વીમાં માગવાં સેવાકરે રાખવાનું,

નમસ્કાર દિન પ્રાણવલ્લભ માગવામાં રસરસ

રહેવું સદ્ગતિ સેવાભક્તિ વિકસાવ રાખવા

વિમળાબહેનને ભાઈકાકાને વંદન

દંડવત્ પ્રણામ, ગુણસુંદરી આશા.

બધુય પ્રગટ ભગવાનનું છે તે પ્રગટ ભગવાન માટે વાપરવું.

વા.સુ.૧૦

પ્રગટ ભગવાન પોતાના ભક્તના આત્માને અંત સમયે અવશ્ય પરમધામમાં લઈ જવા તેડવા આવે છે.






પ્રગટ ભગવાનનો શ્રીહરિ શરણાગતિ મંડળને દિવ્ય ઉપદેશ

પ્રગટપ્રતાપને કોઈપણ જેવું નથી.

તા. ૮.૧૧.૨૦૨૨ દૂ-વા. અમદાવાદ; ગુજરાત

સૌપ્રથમ ચૂનિલાલ મનસુખલાલ નવા. અક્ષર શરણાગતિ મંડળ વધારે સુધારણા, નવરાત્રિપારણે કરવું, કુટુંબનો મોટા વિચાર મુજબ નવરાત્રિ કુટુંબાલાપ થાય, વધારે પડતા પાપમોચન છે, પાપ નવરાત્રિ ઉપર, સમજણથી સત્સંગ સમજણ કરવા સંભળાવવું, ગુજરી જીવનશૈલીના અપકોસ ન કરવા, ગાયો વિધર્મો કુસંસ્કારો સંસ્કાર ને સુધરે થાય, નવા વિધર્મો સત્સંગ સમજણ કરવામાંડે ના સુધરે થાય, કુટુંબના મોટાને વડસાહેબ કરવા દોર્યા છે, માણસ રોજ મોટાને ધોવે છે, જૂના ઉકરડાને ઉકરડી ફાડે છે, જૂના વિચારોને ત્યજ નથી, જૂના રીતરિવાજોને સમજ નથી જૂના કાયદાને સજા નથી જૂની સૂંઢને કાયદેસરો નથી જૂના દેવીધર્મને માનવધર્મને માનાધર્મને વિરોધ મને કુસંસ્કારિતા સારા સંસ્કારી હાની ગણે નથી, કુટુંબીના પગને ઉપર ધોવે છે, કુસંગને સત્સંગી નથી, લટકતાં ધર્મેલ મૂર્તિ ને શરણાગતિ નથી ઘરે, જુવાનીનાં અનાચારને ધૂળધાણી નથી, સમ અનુ ઘરણાં નથી, સાચા જ્ઞાનીઓ અજાણ્યા નથી, નવરાત્રિ પછી ત્યારે સંસ્કાર ના નથી, એક નવરાત્રિમાં બધું સંસ્કાર ને નવરાત્રિ, ઉંધ ઉપાધિ પછી સવારે સારું થે એમ કહેવાય, નરસું તો ગાયે દિવસે ખબર પડે એમ કહેવાય, બધા દુનિયા. ના માનવને જીવનમાં ઝેરી નવરાત્રિ નથી, ફાંદ્યું જરાય ઘર નવરાત્રિ લાભ લાવનું ઘર ને ભોગ જન્મતા નથી, પછી ક્યારે ક્યારે ચુદ્ધિ થાય છે, અશુદ્ધિ નથી, અંત આવે ત્યારે અભાવ નિંદા કુવૃત્તિ દોષ કાળા મેલ નજર રાગ મોહ ચરણે નથી, નવા રાગ પાપમોચને ટેપ કરવાને મોક્ષ સુધારવા માટે ફૂલ ઉપયોગી વિધાશે, પાપ ભોગમાં પડી ગયા તે નારી ધોઈને શુદ્ધ થાય, મોક્ષ ન રહેવાય, ગરીબ એમ નક્કિ વિચારવા નવરાત્રિ સેવા વિશ્વરૂપે કુટુંબાલા સાધવા જેવું, કુટુંબ એ પિંગળામાં ગંગાસ્વરૂપે ગુંજા સરકે કુટુંબાલા સાધવા, બધા નવરાત્રિને સોંપવા, કુરબે નવરાત્રિ ચલા નરી જાય, અને કુનિયાના ડાઘા ડખોપરાં ને ડાપ. રાના કુળ જાય, નવમંદિર નવરાત્રિનું છે, નવરાત્રિને નવર ને અપરાધો છે નવર તને સોંપવે નવરાત્રિને સોંપે નવરાત્રિ કુરે જપ તપ ધ્યાન નવરાત્રિ નિર્મળ થાય નવરાત્રિ સેવાવડે ધાર્મિક થવાય, આ વાતને કુરબે એક, બીજે ઘરે ઉપેક્ષા ન થવી નોધ્યું કુટુંબ ઉપેક્ષા નહીં, સંસારમાં મરે એક બીજે સંસાર ઘરમાં પડે માટે નવરાત્રિનો કુટુંબરાય વધે નવરાત્રિ સરખું આવરદાયીગતિ મંડળને માટે આવું દેખાવે જેવું

દૂ-વા. અમદાવાદ

પ્રગટ ભગવાનને રાજી કરે તેના જેવું મોટુ મોક્ષસાધન એકેય નથી.





પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના
ગુજરાતી - અંગ્રેજી - સંસ્કૃત - હિન્દી ભાષાના હસ્તાક્ષરના દર્શન.







सुधासिन्धोर्हि कृत्स्नस्य प्रामाण्यं सर्वथाऽस्ति यत्।
मोक्षात्मपुरुषार्थार्थं सर्वस्वं यत्र दर्शितम् ॥१॥ स्वानन्दोऽपि-
तो यस्मात् सुधासिन्धुः कृपालुना। परकृपणा जीवानां मो-
क्षार्थं दिव्यमूर्तिना ॥२॥ स्वेन श्रीरूपिणा दिव्यमानस्थिता
जीवादिमोक्षार्थकृपावित्वात्, दिव्यमुक्तादिभिः सह निर्बाधा-
र्थप्रकाशकत्वात्,



પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની દિવ્ય કર્મભૂમી

• મહાતીર્થધામ જૂનાગઢનો મહિમા •

(૧) પ્રગટ ભગવાને કુંકાવાવ અને જેતપુર પછી સંસ્કૃત વિદ્યાભ્યાસની શરૂઆત તેમજ પ્રથમ કથા પણ કરી છે...જૂનાગઢમાં

(૨) પ્રગટ ભગવાને અનેક ઐશ્વર્ય ચમત્કાર પરચા બતાવી પોતાની દિવ્ય મૂર્તિની અનેક પ્રકારે સેવા આપી પોતાનું સર્વોપરિ પ્રગટ ભગવાનપણું સાબિત કરી બતાવ્યું છે...જૂનાગઢમાં

(૩) પ્રગટ ભગવાનને અનેક મુમુક્ષ ભક્તોને પોતાનો દિક્ષામંત્ર આપી શ્રીહરિ શરણાગતિ મંડળની સ્થાપના કરી છે...જૂનાગઢમાં

(૪) પ્રગટ ભગવાને સૌથી વધારે કલ્યાણકારી દિવ્યશાસ્ત્રોની રચના કરી છે...જૂનાગઢમાં

(૫) પ્રગટ ભગવાનની મૂર્તિના સૌથી વધારે ફોટોગ્રાફ તેમજ વિડિયો લેવાયા છે...જૂનાગઢમાં

(૬) પ્રગટ ભગવાને પોતાનાં સર્વે ભક્તોને સૌથી વધારે આશીર્વાદ અને ઉપદેશના-પત્રો લખ્યાં છે...જૂનાગઢમાં

(૭) પ્રગટ ભગવાનની સૌથી વધારે પરાવાણીની કેસેટો રેકોર્ડીંગ થઈ છે...જૂનાગઢમાં

(૮) પ્રગટ ભગવાને અનેક જીવાત્માઓનાં કલ્યાણાર્થે "ન ભૂતો ન ભવિષ્યતિ", તેવાં મહામહોત્સવો પણ કર્યા છે...જૂનાગઢમાં

(૯) પ્રગટ ભગવાને સૌથી વધારે પોતાનું દિવ્ય જીવન વ્યતિત કર્યું છે... જૂનાગઢમાં

(૧૦) પ્રગટ ભગવાનની સ્વઉપયોગની સૌથી વધારે મોક્ષદાયી દિવ્ય પ્રસાદીની વસ્તુઓ તેમજ દિવ્ય ગાદિસ્થાન અને સ્મૃતિ મંદિર પણ છે....જૂનાગઢમાં

(૧૧) પ્રગટ ભગવાન સ્વયંના દિવ્યપંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર જૂનાગઢમાં થયો હોવાથી સાક્ષાત્ પ્રગટ દિવ્યરૂપે રહ્યાં છે...જૂનાગઢમાં

...

કોઈ વસ્તુને સ્વયં પ્રગટ ભગવાને માત્ર સ્પર્શ કર્યો હોય છતાં પણ એ વસ્તુને આપણે મોક્ષ આપનારી દિવ્ય અમૂલ્ય વસ્તુ ગણીને તેની પ્રેમભાવથી પૂજા કરતા હોઈએ છીએ તો પછી જે ભૂમિપર સ્વયં પ્રગટ ભગવાને પોતાનાં દિવ્ય જીવનના અનેક વર્ષો પસાર કર્યા હોય તો તે ભૂમિ દિવ્ય પરમધામ તૂલ્ય જ ગણી શકાય.

પૌરાણીક શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ છે કે, "જે ભૂમિ પર કોઈ સંત મહાપુરૂષ કે ભગવાનના દિવ્ય પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હોય, તો ત્યાં તેમનું તમામ ઐશ્વર્ય તપ શક્તિ તે ભૂમિમાં દિવ્યરૂપે પ્રગટ સમાયેલી હોયજ છે. જેથી એ પવિત્ર ભૂમિ ભક્તિની સિદ્ધી આપનારી, સંકલ્પોને પૂર્ણ કરનારી તેમજ આત્યંતિક મુક્તિ આપનારી દિવ્યધામ તુલ્ય ગણાય છે.

માટે જ પ્રગટ ભગવાને સ્વયં દિવ્ય કલ્યાણકારી મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાણ સંહિતના પ્રથમભાગનાં કૃતયુગ સંતાનનાં અધ્યાન નં. ૫૩ શ્લોક નં. ૬૦ માં પણ પોતાની કર્મભૂમિ તેમજ સ્વધામગમનની જે જૂનાગઢની ભૂમિ 'ભવિષ્યમાં દિવ્ય મહાનધામ બનશે.' તેની સ્વહસ્તે વર્ષો પહેલા આ પ્રમાણે ભવિષ્યવાણી કરી છે કે,

अनादिनिधनं तन्मे स्थानं दिव्यं भविष्यति ।
कृष्णमुक्तिप्रदः सोऽयं द्वीपो दिव्यो भविष्यति ॥

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનનાં સ્વધામગમનનું જે દિવ્ય સ્થાન થશે. તે મુક્તિ અપાવનારૂં પરમ દિવ્યધામ બનશે.

આ રીતે મહાતીર્થધામ જૂનાગઢનું પૂર્ણ વર્ણન ન થઈ શકે તેટલો અપાર મહિમા છે.

આજ પ્રમાણે જે દિવ્યભૂમિ પર પ્રગટ ભગવાનનું પ્રાગટ્ય થયું તે મહાતિર્થ કુંકાવાવધામ તેમજ જે દિવ્યભૂમિ પર પ્રગટ ભગવાને અનેક લીલાચરિત્રો કર્યા એ મહાતિર્થ જામવંથલીધામનો પણ પૂર્ણ વર્ણન ન થઈ શકે તેટલો અપાર મહિમા છે.

સ્વયં પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના દિવ્ય યોગમાં આવવાથી પ્રાગટ્યભુમિ કુંકાવાવધામ - લીલાભૂમિ જામવંથલીધામ તેમજ કર્મભૂમિ જૂનાગઢધામ / ગંગા-યમુના-સરસ્વતિ સમાન આ ત્રણેય પ્રગટના તિર્થધામમાં સમગ્ર વિશ્વનાં તમામ તિર્થો દિવ્યરૂપે વાસ કરીને રહ્યાજ છે, માટે જ સર્વ ભક્તોએ વર્ષમાં એકવાર તો જરૂર આ ત્રણેય તિર્થધામનાં દર્શને જઈ ત્યાં પ્રગટ ભગવાનની યથાશક્તિ સેવા-ભક્તિ કરી વિશેષ રાજીપો પ્રાપ્ત કરવો. જેથી આ લોક તેમજ પરલોકમાં મહાસુખિયા થવાય.

- લી. શ્રી કૃષ્ણપ્રકાશસ્વામી

-:: શ્રી પ્રગટ ભગવાન રચિત શ્રીજીરક્ષા મહામંત્ર ::-



● જય નાદ ●

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનની જય.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય.

શ્રી શ્વેતાયનવ્યાસ હરિની જય.

શ્રી કંભરાગોપાલ બાળની જય.

શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજની જય.

શ્રીહરિ શરણાગતિ મંડળની જય.

શ્રી વિઘ્નવિનાયક દેવની જય.

શ્રી કષ્ટભંજન દેવની જય.

. . . . .

પ્રગટના દિવ્ય ઉપદેશપત્રો (ભાગ-૧ તેમજ ભાગ-૨)ના યજમાન પ.ભ.શ્રી હસમુખભગત (મુળ ગામ :જામવાગથલી)ના દાદા અનાદિ મુકતરાજ શ્રી ડાયાબાપા ઝીણાબાપા મકવાણાના જામવંથળી ફૂલવાડી મંદિરની જમણી બાજુ ખૂણામાં રહેલ મકાનનો મહિમા.

પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વયં અનેક જીવાત્માઓના કલ્યાણાર્થે આ પૃથ્વી પર પધાર્યા તેમજ પોતાની સાથે પરમધામમાંથી અનેક મુકતોને પણ સાથે લાવ્યા.

મહારાજના અનેક મુકતોમાંના એક મુકત એટલે જામવંથળીના ડાયાબાપા મકવાણા જેમની સ્થિતી ખૂબજ ઉંચી હતી તેમજ મહારાજની ઓળખાણ થયા બાદ ક્યારેય પણ મહારાજની આજ્ઞા વિરૂધ્ધ કોઈપણ કાર્ય ન કરતાં અને હંમેશા મહારાજની આજ્ઞા પ્રમાણે જ રહેતા માટે જ ડાયાબાપા તેમજ તેમના બન્ને દીકરાઓ ગોવિંદભાઈ તેમજ પરસોતમભાઈ ઉપર પણ મહારાજને અતિ હેત હતું.

ડાયાબાપા પર રાજી થઈને મહારાજે એમને અનેક પરચાઓ આપ્યા છે. તેમાંથી હાલમાં એક અતિ મહત્વનો પરચો જે મહારાજના સર્વ હરિભકતોને જાણવો જરૂરી છે તે અહિં રજુ કરીએ છીએ.

મહારાજ જ્યારે જામવંથળી સ્વામિનારાયણ મંદિરમાં નિવાસ કરીને રહેતા હતાં ત્યારે ડાયાબાપાને મહારાજે ફૂલવાડી જમીનની હદ પર જમણીબાજુ જગ્યા બતાવી અને કહ્યું કે,આ જગ્યા પર ભગવાન સ્વામિનારાયણ અનેક સંતો સાથે વિચરણ કરતી વખતે પધાર્યા છે, માટે આ જગ્યા ખૂબજ પવિત્ર છે તેથી તમે અહિં થોડી જગ્યા લઈ અને મકાન બનાવો. જેથી આ પ્રસાદીના સ્થાનની સ્મૃતિ જળવાઈ રહે.

મહારાજની આજ્ઞા પ્રમાણે ડાયાબાપાએ ફૂલવાડીમાં એ જગ્યા લઈ તેનું ખાતમુહુર્ત પ્રભાશંકર માસ્તર નામક પવિત્ર ભૂદેવના હસ્તે કરાવીને ધીરેધીરે મકાનનું કાર્ય ચાલુ કર્યુ. (હાલમાં ફૂલવાડી મંદિરમાં જે ગોળ પથ્થર છે, જેનાથી ચુનાને પીસીને એ મકાનનું ચણતર કામ કરવામાં આવેલું.) સમય જતા મકાનનું કાર્ય પૂર્ણ થયું ત્યારે સ્વયં મહારાજ પોતાના શિષ્ય દેવસ્વામી સાથે ડાયાબાપાના એ નૂતન ઘરનું ઉદ્‌ઘાટન કર્યુ અને રીબીન કાપીને મકાનનું વાસ્તુ રાજકોટના શ્રીવજુભાઈ શાસ્ત્રી હસ્તક કરાવ્યું. મકાનનું વાસ્તુ મહારાજ હસ્તે પૂર્ણ થયાબાદ તરત જ અચાનક આકાશમાં એક વાદળુ આવ્યું અને તેમાથી ધીરેધીરે અમીવર્ષા થવા લાગી

એટલે ભક્તો ઘરના ફળીયામાં રહેલા ખાટલા અને ગોદડા લઈને ઘરમાં મુકવા લાગ્યા ત્યારે મહારાજે અટકાવીને કહ્યું કે, બધુ ત્યાજ રહેવા દો આ'તો આ પવિત્ર ભૂમિ ઉપર તમારા મકાનનું વાસ્તું સ્વયં અમારા હસ્તે થયું માટે દેવતાઓ પણ અમીવર્ષારૂપ આશીર્વાદ વરસાવી રહ્યા છે. હમણા જ થોડીવારમાં વાદળુ ચાલ્યું જાશે. આ અદ્‌ભુત પરચો થયો ત્યારબાદ મકાનમાં સભાપણ થઈ ભક્તો સાથે મહારાજે રાસ પણ લીધો. અંતે ડાયાબાપાના પરિવારના તમામ સભ્યોએ મહારાજનું પુજન કરી આરતી કરીને દક્ષિણા અર્પણ કરીને પ્રગટ ભગવાનને ખૂબજ રાજી કર્યા.

આ રીતે ડાયાબાપાની અતિશય હેત ભક્તિને વશ થઈ સ્વયં મહારાજે તે ઘરમાં એવા રૂડા આશીર્વાદ આપ્યા કે, ડાયાબાપા તમારૂ આ મકાન કંકાવટી નદીના કાંઠે મારી ફૂલવાડીની હદમાં છે તેમજ ભગવાન સ્વામિનારાયણ અને સ્વયં અમે પણ મૂર્તિમાન અનેકવાર તમારા મકાનની આ ભૂમિ પર પધાર્યા છીએ. અનેક પરચાઓ પણ અમે આપ્યા છે અને ફૂલવાડીમાં અમારૂં મકાન બનાવવામાં પણ તમારા મકાનના પાવડા તગારા ત્રિકમ આદિક ઓજારોનો ઉપયોગ પણ અમે સ્વયં કર્યો છે માટે અતિ રાજી થઈ આજે અમે તમને વચન આપીએ છીએ કે, તમારૂ આ મહાપ્રસાદીનું મકાન એ જેમ તમારૂં છે એમ અમારૂં પણ છે. માટે હંમેશા અમે દિવ્યરૂપે માણકી ઘોડી પર બેસી આ મકાનની રક્ષા કરીશું તેમજ જગતનો કોઈ પણ જીવ આ ઘરમાં દેહ છોડશે તેને અવશ્ય અમારા પરમધામમાં તેડી જઈને મહાસુખીયા કરીશું.

આવા મહાન કલ્યાણકારી આશીર્વાદ સ્વયં પ્રગટ ભગવાને ડાયાબાપાને આપ્યા જેથી તેમનો આખો પરિવાર ખૂબજ રાજી થયો.

જામવંથલીના ડાયાબાપા મકવાણાનો તેમજ તેમના મકાનનો પણ આવો અદ્‌ભૂત મહિમા છે માટે જ વર્તમાન સમયમાં આ પ્રસાદીના મકાનનો જીર્ણોધ્ધાર ડાયાબાપાના પૌત્ર પ.ભ.શ્રી હરસુખ ભગત મકવાણા દ્વારા કરવામાં આવ્યો છે. જેથી કોઈ જીવ ખૂબજ પીડાતો હોય તો આ મકાનમાં તેને લાવવામાં આવે અને ફૂલવાડી પરમધામ મંદિરમાં પ્રગટપણે બિરાજમાન પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની પૂર્ણ કૃપાદ્રષ્ટિ તેમજ તેમના વચન અને આશીર્વાદના પ્રતાપથી એ દુ:ખી જીવની મોક્ષગતિ-પરમધામગમન થાય.

લી. શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી - જૂનાગઢધામ

પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય